# રૂઢિપ્રયોગ કોશ.

લખનાર,

ભોગીલાલ ભીખાભાઈ ગાંધી,

હેડમાસ્તર તાલુકા સ્કૂલ—કડી.

૩૩
૪૦૩૦

છપાવી પ્રસિદ્ધ કરનાર,

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી.

શેઠ ભોળાભાઈ ... પુસ્તકાલય. અમદાવાદ.

અમદાવાદ

ધી યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લિમિટેડ.

સંવત ૧૯૫૪. સન ૧૮૯૮.

(ગ્રંથ સ્વામિત્વના સર્વ હક્ક સોસાઈટીને સ્વાધીન છે.)

કિંમત ૧॥ રૂપિયા.

Gandhi Heritage Portal

# પ્રસ્તાવના.

જગતની તમામ ખેડાયલી ભાષાઓમાં કહેવત, રૂઢિપ્રયોગ (Idioms), અને શબ્દાર્થભેદ (Synonyms), એ ત્રણુનો સારો સંગ્રહ હોય છે. એ જૂદા જૂદા વિષયપર અનેક પુસ્તકો ભાષાશાસ્ત્રીઓ તરફથી બહાર પડેલાં હોય છે. આપણી ગુજરાતી ભાષામાં કહેવત સંગ્રહ છપાઈ ગયો છે. શબ્દાર્થભેદ પણુ થોડા સમયપર બહાર પડયો છે. અને આ રૂઢિપ્રયોગનું પુસ્તક જનસમાજ આગળ ખડું થયું છે. કહેવત મહાન્ પુરૂષોનો અનુભવ સંક્ષેપમાં બતાવે છે, અને વાંચનારને સારી અસર કરી શકે છે. રૂઢિપ્રયોગ એ વ્યાકરણ અને શબ્દ કોશથી અલગ છે. કોઈ પણુ ભાષાનું જ્ઞાન વ્યાકરણ અને શબ્દ કોશથી થઈ શકે છે. પરંતુ જે તે બંનેથી પણુ નથી થઈ શકતું તે રૂઢિપ્રયોગથી થઈ શકે છે. રૂઢિપ્રયોગ એ ભાષાનો એવો ગુપ્ત ભંડાર છે કે જે તેને ખોળવાનો યત્ન કરે છે તેનેજ તે જડે છે. માત્ર અભ્યાસથીજ તે શીખી શકાય છે. દેશની રીતભાત, રિવાજ અને લોકોની વ્યાવહારિક પદ્ધતિ ઉપર લખાયલાં અનેક પુસ્તકો કરતાં રૂઢિપ્રયોગનું પુસ્તક લોકોની રહેણી કરણી અને નીતિ રીતિ વધારે સારી રીતે દર્શાવી શકે છે. વળી ભાષાનું રહસ્ય પણુ એથીજ જણાઈ આવે છે.

હવે 'રૂઢિપ્રયોગ' (Idioms) ઉપર થોડુંક વિવેચન કરીએ. આ કોશમાં 'રૂઢિપ્રયોગ' એ શબ્દ બહુ વિસ્તીર્ણ અર્થમાં વાપર્યો છે. બે અથવા બેથી વધારે શબ્દોના સમૂહનું એક અંગ થઈ કોશની મદદથી જે અર્થ થવા જોઇએ તે ન થતાં કોઈ જૂદોજ અને તે પણુ કોઈ સ્થાપિત (મુકરર) અર્થ થતો હોય તેને રૂઢિપ્રયોગ કહે છે. જેમ કે, **અગીઆરા ગણવા** એનો અર્થ અગીઆરાનો આંક ગણવાનો કે ભણવાનો નથી થતો, પરંતુ નાસી જવું એવો થાય છે. **ઘર ભાગવું** એમાં ઇંટ અને રોડાંનું બનાવેલું ઘર જમીનદોસ્ત થવાનું નથી, પરંતુ ઘરની કુટુંબની ખરાબી થવી એવો અર્થ સમાએલો છે. ઘણા લાક્ષણિક અર્થવાળા પ્રયોગોને અમે એમાંજ ગણ્યા છે, એટલુંજ નહિ પરંતુ જે અલંકૃત પ્રયોગો ઘણી મૂદતથી ભાષામાં રૂઢ થઈ ગયા છે તેને પણુ અમે રૂઢિપ્રયોગમાં લખી કોશમાં આપ્યા છે. કોઈ પણુ એક શબ્દમાં એવો ભાવ હોવા છતાં તે પ્રયોગ કહી શકાતો નથી. જેમ કે, **ઉકાળ્યું** એ શબ્દ કોઇએ કાંઈ સારૂં કામ ન કર્યું હોય ત્યારે વપરાય છે. આપણી ભાષામાં એવા બહુ શબ્દો છે. જેને કાંઈ ન આવડતું હોય અને મૂર્ખ હોય તેને ઢઠ્ઠો કહે છે. વળી કાઠલાંહાસ, શુક્રાચાર્ય, ભીમસેન, તાનસેન, વગેરે શબ્દો વિશેષ સંકેતમાં વપરાય છે, તથાપિ તે રૂઢિપ્રયોગમ. ગણી શકાતા નથી. એવા શબ્દોને અમે રૂઢ શબ્દો ગણી તે તરફ વધારે ધ્યાન આપ્યું નથી.

ગુજરાતી ભાષામાં જે રૂઢિપ્રયોગો થયા છે તે ઘણું કરીને કોઈ નામની સાથે કોઈ ક્રિયાપદ મળીને થયેલા છે. હાથ, પગ, પેટ, દાંત, જીભ, માથું, આંખ, કપાળ, નાક, કાન, ઈત્યાદિ શરીરના અવયવો કે જીવનેંદ્રિયો બતાવનારા શબ્દો સાથે જૂદાં જૂદાં ક્રિયાપદોથી જૂદા જૂદા પ્રયોગો નીકળેલા માલમ પડશે. આવા રૂઢિપ્રયોગનાં સાધારણુ મૂળ જોવા જઇએ તો તેમ થવાનાં કારણુ પણુ ઘણે અંશે આપણુને માલમ પડ્યા વિના

Gandhi Heritage Portal

રહેશે નહિ. એ ઘણું કરીને કોઈ સ્થાન ઉપરથી, લોકોની વૃત્તિ ઉપરથી, કોઈ વિશેષ નામ ઉપરથી કે કોઈ રિવાજ કે રીતભાત ઉપરથી નીકળેલાં હોય છે, અને તે સર્વેમાં થોડી કે ઘણી લાક્ષણિક અર્થોત્પત્તિ રહેલી હોય છે.

આ કોશમાં ઠેકાણે ઠેકાણે એવા પ્રયોગોનાં લક્ષણો બતાવી આપવાનો યત્ન કરેલો છે, અને તેની સાથે તે કેવી રીતે વપરાય છે તે જાણવા માટે અને અભ્યાસીઓને સરળ થવા માટે શિષ્ટ ગ્રંથોનાં દૃષ્ટાંત પણ ઠામ ઠામ આપ્યાં છે. જે પ્રયોગોનાં દૃષ્ટાંત ગ્રંથમાંથી મળી શક્યાં નથી તે જોડી કાઢીનેજ મૂકેલાં છે.

હજી સુધી 'રૂઢિપ્રયોગ' પર એકે સ્વતંત્ર પુસ્તક લખાયું નથી તેથી તથા જૂદા જૂદા ભાગના લોકો જૂદા જૂદા પ્રયોગ જૂદાં જૂદાં લક્ષણમાં લઈ જઈ જૂદા જૂદા ભાવમાં બોલે છે, અને તેથી તેના જૂદા જૂદા અર્થ થાય છે, માટે અમુક ભાવમાંજ અમુક પ્રયોગ વપરાય છે તે નક્કી કરવાનું કામ બહુ મુસ્કેલ છે. અને તેથી અર્થના સંબંધમાં બહુ મત-ભેદ પડવાનો સંભવ છે. તથાપિ જે પ્રયોગ ઘણે ભાગે જે અર્થમાં વપરાય છે તે અર્થ આપવાને બનતો પ્રયાસ કરવામાં આવ્યો છે.

ગુજરાતમાં જે પ્રયોગો વપરાય છે તેના ત્રણ ભાગ આપણે પાડી શકીશું. તાપીથી તે મહી સુધીના ભાગમાં વપરાતા, મહીથી તે સાબરમતી સુધીના ભાગમાં વપરાતા, અને ત્રીજા કાઠિયાવાડમાં કે ઉત્તર તરફના ભાગમાં વપરાતા. કેટલાક પ્રયોગો એવા છે કે જે કાઠિયાવાડમાં બોલાય છે તે બીજા ભાગમાં નથી બોલાતા, અને જે બીજા ભાગમાં બોલાય છે તે કાઠિયાવાડમાં બોલાતા નથી. એવા દરેક ભાગમાં વપરાતા જૂદા જૂદા મુખ્ય મુખ્ય પ્રયોગો એકઠા કરવામાં આવ્યા છે, અને એ પ્રયોગો શા ઉપરથી નીકળ્યા તેનાં કારણો–મૂળ–પણ યથાબુદ્ધિ લખવામાં આવ્યાં છે. જે પ્રયોગો અમુક ભાગમાંજ બોલાતા હોઈ સાધારણ રીતે છેક ઘર ખુણિયા કે બહુ પ્રચારમાં આવેલા નથી તે આ પુસ્તકમાં વિશેષે કરીને દાખલ કરેલા નથી. તેમ અસભ્ય પ્રયોગોને પણ જગો આપી નથી.

કેટલાક પ્રયોગો વક્રોક્તિમાં વપરાય છે. જેમ કે પુષ્પાંજલિ આપવી એટલે માર મારવો, ચાપુચણા આપવા, મેથીપાક આપવો, પૂજા કરવી વગેરે એજ અર્થમાં બોલાય છે.

જે પ્રયોગો કોઈ વિશેષ નામ ઉપરથી નીકળેલા છે તે બીજા પ્રયોગો કરતાં માન-સિક વૃત્તિને વધારે અસર કરે છે. કોઇના ઉપર અસહ્ય દુઃખ ઉપરા ઉપરી આવી પડ્યું હોય તો તેને વિષે બોલતાં કહેશે કે તેને તો સીતાનાં વીત્યાં. જે રાજ્ય સત્ય અને સદાચારથી ભરપુર હોઈ કોઈ જાતની અવ્યવસ્થા કે ગરબડ ન હોય અને જ્યાં ત્યાં શાંતિ શાંતિજ હોય એવા સુખપ્રદ રાજ્યને વિષે બોલતાં કહે છે કે એ તો રામરાજ્ય છે. જે ઔષધ રોગપર ખચીત અસર કરી શકે છે તે રામબાણ ઔષધ કહેવાય છે. સોજાથી કે રોગથી મોઢું ઘણું સુજી ગયું હોય તો કહેશે કે મોટું રાવણ જેવડું મોઢું થયું. તેમજ કહી કહીને મારી જીભ ઘાસી ગઈ, જોઈ જોઇને આંખો પાકી ગઈ, કામ કરી કરીને મરી ગયા, ખાતાં ખાતાં વાંઝણી વિયાઈ, બારણે બપોર ચઢયા, વગેરે કેટલાક પ્રયોગો અતિશયોક્તિવાળા છે. એવા પ્રયોગોને અમે અયુક્ત રૂઢ પ્રયોગ નામ આપ્યું છે.

Gandhi Heritage Portal

વળી એકજ અર્થના જૂદા જૂદા પ્રયોગો ભાષામાં બોલાય છે. જેમકે,–જે વસ્તુ ક્ષણિક છે તેને આપણે **પાણીના પરપોટાની** ઉપમા આપીએ છિયે. એને મળતા બીજા પ્રયોગો ભાષામાં પુષ્કળ મળી આવે છે. બપોરનો છાયો, વિજળીનો ચમકારો, ઘડીનું ઘડિયાળ, સાડાત્રણ ઘડીનું રાજ્ય, વગેરે. આવા પ્રયોગો જો કે અલંકૃત છે તોપણ તેઓ એટલા બધા રૂઢ થઈ ગયા છે કે તેમને આ પુસ્તકમાં જગો આપવામાં આવી છે.

જે પ્રયોગો સ્થાન બતાવનારા છે તે એ સ્થાનના અમુક લક્ષણ ઉપરથી નીકળેલા છે. જેમકે, ધુતાર પાટણ. અગાઉ પાટણ શહેર એટલું બધું વિસ્તીર્ણ હતું કે તેમાં ધુતારા અને ઠગ લોકો બહુ વસતા હતા. તે ઉપરથી જે માણસ પાકો ઠગ હોય તેને ધુતાર પાટણનો રહેવાશી કહે છે. વળી દિલ્લીનો ઠગ પણ કહેવાય છે. મારવાડમાં વારંવાર દુકાળ પડે છે અને તેથી ભૂખમરામાં કંગાલ થઈ ગયેલાં માણસો ગુજરાત તરફ પેટે હાથ બતાવતાં આવે છે, તેમને આપણે મારવાડની મઉ કહીએ છીએ; તે ઉપરથી હરકોઈ ગુજરાતના ભૂખથી પીડાતા કંગાલ માણસને પણ મરવાડની મઉ કહેવાનો પ્રથા ચાલે છે. મુંબાઈમાં અગાઉ પીવાનું પાણી એટલું બધું ખરાબ હતું કે માણસોની તંદુરસ્તી સાચવી શકાતી નહોતી અને તેથી તેમનાં શરીર છેક સૂકલકડી જેવાં થઈ જતાં. તે ઉપરથી તેવા હરકોઈ માણસને વિષે બોલતાં હજી સુધી મુંબાઈનું મડદું વાપરવામાં આવે છે. જે માણસ કાંઈ કામ કર્યા વિના ફોગટ ધક્કો ખાઇને આવ્યો હોય તેને વિષે બોલતાં વપરાય છે કે, આવ્યા ધોળકું કરીને.

કેટલાક પ્રયોગો એવા છે કે તેમાંનો અમુક ભાગ મુખ્ય હોઈ જૂદા જૂદા ભાગના લોકો જૂદી જૂદી રીતે વધારીને બોલે છે. જેમકે, **મોઢું ધોઈ આવ,** એટલે લાયક ગુણ લઇને આવ એ મુખ્ય પ્રયોગ છે. ત્યારે વડોદરાના લોક કહેશે કે સુરસાગરમાં મોઢું ધોઈ આવ, પાટણના લોક કહેશે કે ગુંગડીમાં મોઢું ધોયું છે? અને ધોળકાના રહેવાશીઓ કહેશે કે મલાવમાં મોઢું ધોઇને આવ, વગેરે. આ ઉપરથી જણાશે કે જે ગામમાં કે શહેરમાં જે મોટું તલાવ આવ્યું હોય તેનું નામ જોડી એમ બોલવામાં આવે છે. એવીજ રીતે કેટલાક બીજા પ્રયોગોનું પણ છે. જેમકે, કોઇને બદદુવા દેતાં મરી જા, અથવા દીસ્તો રહે એમ કહેવું હોય તો વડોદરામાં કહેશે કે કામનાથ જા, ઉમરેઠમાં કહેશે કે બોરૈમામાં જા, અમદાવાદમાં કહેશે કે જા દૂધેશ્વર, ઈત્યાદિ. આ ઉપરથી માલમ પડે છે કે જે ગામમાં કે શહેરમાં જે સ્મશાન ભૂમિ હોય તેનું નામ લઈ ત્યાંના રહેવાસીઓ બોલે છે. વળી જે તરફ જેનો ભય હોય તે તરફના લોક તેવું બોલે છે. જેમકે, કાઠિયાવાડમાં કોઇને ધમકી આપતાં કહેશે કે તને જત લે, તને ઘોડા લે, વગેરે.

મહીકાંઠાના કોળી લોકો મહીસાગરના સમ ખાય છે ત્યારે સુરત તરફના તાપીના સમ ખાય છે. ઈડર જીલ્લામાં કોઇને ત્યાં મળવા ગયા હોઇએ ત્યારે પાછા ફરતી વખતે ઘરધણિ કહેશે કે જાપતો રાખજો, પાટણવાડામાં કહેશે કે જાગતા સૂજો (પોઢજો). ચરોતર તરફ સાધારણ રીતે કહેશે કે આવજો, ત્યારે પાટણવાડા તરફ સંધ્યાકાળનું મળવું થતાં કહેશે કે વહેલા ઉઠજો. ચરોતર તરફ કોઇને વિદાય કરતાં કહેશે કે આવજો અથવા સંભાળીને જજો,

Gandhi Heritage Portal

ત્યારે ચુંવાળ તરફ કહેશે કે હુંશિયાર રહેજો. વળી એક એકને મળતાં અને છૂટા પડતાં બોલવાના શબ્દો (પ્રયોગો) પણ જૂદી જૂદી જાતમાં જૂદા જૂદા છે. શાસ્ત્ર–વિધિ સંબંધના પ્રયોગો પણ ભાષામાં ઘણા છે, પરંતુ આ કોશમાં તેમાંના મુખ્ય મુખ્ય પ્રયોગો આપેલા છે.

ગુજરાતી ભાષાના રૂઢ પ્રયોગો એવા છે કે જેમાંના ઘણાક એક એકમાં એટલા તો ગુંચવાઈ ગયા છે કે તેમના અર્થનું સ્પષ્ટીકરણ કરવું એ બહુ વિચારતું અને બહુ શોધનું કામ છે. કયો પ્રયોગ ક્યાં કેવી રીતે કયા અર્થમાં વપરાય છે તે શોધી કાઢવાનું કામ જેવું તેવું નથી. અલબત આ ગ્રંથ જેવો જોઇએ તેવો અને સંપૂર્ણ છે એમ મારૂં કહેવું નથી, પરંતુ તેને ઉપયોગી કરવાને યથાશક્તિ જેટલો યત્ન થયો છે તેટલો કર્યો છે.

છેલ્લે આ પુસ્તક તૈયાર કરવામાં કેટલેક પ્રસંગે જે મારા મિત્રોએ અંતઃકરણ પૂર્વક મદદ કરી છે તેમનો, જે ગ્રંથોના આધાર લીધેલા છે તે ગ્રંથના કર્ત્તાઓનો, તથા જે જે ઉદાર ગૃહસ્થોએ આ પુસ્તકને માટે મને નિરાશાને સમયે ધીરજ આપેલી છે તે સર્વેનો ઉપકાર માનુંછું.

લખનાર,

તા. ૨૫–૫–૯૮ } ભોગીલાલ ભીખાભાઈ ગાંધી.

Gandhi Heritage Portal

# રૂઢિપ્રયોગ કોશ.

## અ

**અક્કલ ઊંધી થઈ જવી,** બુદ્ધિ ફરવી; બુદ્ધિ ભ્રષ્ટ થવી; ખોટું ખોટું સૂઝવું; અવળી બુદ્ધિ થવી; ભાન ખસી જવું.

"દુર્ભાગ્યને લીધે તથા પડતા દહાડામાં માણસની અક્કલ ઊંધી થઈ જાય છે."

કરણઘેલો.

**અક્કલનો ઊંધો,** એ મૂર્ખ—જોઇએ તે કરતાં આડુંજ વેતરનાર માણસને માટે વપરાય છે.

**અક્કલ ગામ જવી,** ભાન ખસવું-જવું.

"તમારી સૌની અક્કલ તો ગામ ગઈ છે એવું રાંઢવું (દોરડું) બંધાય ક્યારે અને આપણું કામ થાય ક્યારે ?"

કૌતુકમાળા.

**અક્કલ ગીરો મૂકવી,** (ગીરો=ઘરેણે. અક્કલ ઘરેણે મૂકવી—પાસે ન રાખવી) જોઇએ તે વખતે બુદ્ધિનો ઉપયોગ ન કરવો; અક્કલ ખોવી; મૂર્ખ બનવું; જ્યારે કાંઈ મૂર્ખાઈનું કામ કરવામાં આવ્યું હોય ત્યારે તેના સંબંધમાં એ વપરાય છે.

"કેમ છે મિયાં સાહેબો, કાંઈ અક્કલ ગીરો મૂકી છે ? હજુ તે કાંઈ જીંદગીથી કાયર થયા છો ? નકામા મોત શા માટે માગી લો છો ?" કરણઘેલો.

**અક્કલ ઘેર જવી,** અક્કલ પાસે ન હોવી; મૂર્ખાઈ હોવી; બેવકૂફી હોવી.

**અક્કલ ચરવા જવી,** અક્કલ પાસે ન હોવી, મૂર્ખાઈ હોવી; મગજ ઠેકાણે ન હોવું; ભાન ખસી જવું;

"અંત સમે છાપ તિલક બનાવે,
ભૂલી ગયો જ્યારે ભાન;
એરણની ચોરી સોયનું દાન એમ,
કેમ આવે વૈમાન;
ગુરૂ જ્ઞાન નાવ્યુંરે,
બુદ્ધિ તારી ગઈ ચરવા."—અંત.

ધીરોભકત.

**અક્કલ ફૂટવી,** બુદ્ધિનો ભ્રંશ થવો; ચિત્ત ઠેકાણે ન હોવું; મૂર્ખ બનવું; અક્કલથી કામ થતું બંધ પડવું; સમજશકિત નાશ પામવી.

**અક્કલ બહેર મારી જવી,** અક્કલ દમ વગરની થઈ જવી; બુદ્ધિ મંદ પડવી; જોઇએ તે પ્રસંગે ને જોઇએ તેવી રીતે બુદ્ધિનો ઉપયોગ ન થવો.

"તેની અક્કલજ બહેર મારી ગઈ ને મારી પાસે આવ્યા પછી શું પ્રશ્ન કરવો એ તેને સૂઝયું જ નહિ." અરેબિયનનાઇટ્સ.

**અક્કલ મારી જવી,** (મારી જવી—ખરાબ થઈ જવી. તે ઉપરથી) મૂર્ખતા આવવી; અક્કલ ન ચાલવી; બુદ્ધિ ખરાબ થવી.

જ્યારે કોઈ માણસ ઘણીજ મૂર્ખાઈનું કામ કરે ત્યારે તેને વિષે બોલતાં આ પ્રયોગ ધિક્કારમાં—કંટાળામાં વપરાય છે.

"આજ કાલ તારી તો અક્કલ મારી ગઈ છે."

**અક્કલ વેચવી,** અક્કલ વાપરવી; બુદ્ધિનો ઉપયોગ કરવો.

૨. અઘટિત રીતે વાપરી પોતાની બુદ્ધિને ધોકો પહોંચાડવો.

૩. શિખામણ આપવી; બોધ દેવો.

૪. રસ્તો બતાવવો; રીત બતાવવી.

**અક્કલ વેચાતી લેવી,** ઘણા અનુભવથી શીખવું; શીખામણ લેવી; બોધ લેવો.

**અક્કલ વેચી ખાવી,** મૂર્ખ બનવું.

**અક્કલ વેરાઈ જવી,** અક્કલનો ઉપયોગ સમય પરત્વે ન થવો; અક્કલ વહેંચાઈ જવી—(દાણા વેરાઈ જવા ઉપરથી)

**અક્કલ સાથે રાખવી,** સાવધ રહેવું; સાવચેત રહેવું; ગફલત ન થાય તેને માટે અ-



Gandhi Heritage Portal

ગમચેતી રાખી વર્ત્તવું; હોશિયાર રહેવું; બુદ્ધિ ઠેકાણે રાખવી.

**અક્કલના કાંકરા,** અબુદ્ધિ; બુદ્ધિનો ભ્રંશ થવો તે. **અક્કલનાં ઠીંકરાં** પણ બોલાય છે.

**અક્કલની ખાડી,** ( નદીના જેટલા ભાગમાં ભરતી આવે તેટલા ભાગને ખાડી કહે છે; તે ઉપરથી અક્કલનો આગળ વધેલો ભાગ ) દોઢડહાપણ.

આ પ્રયોગ આગવું ડહાપણ ચલાવનારા દોઢડાહ્યા માણસને વિષે બોલતાં વપરાયછે.

**અક્કલને ને એને વઢવાડ થઈ છે,** ( લડાઈ થવાથી બે પક્ષ એક બીજાથી દૂરને દૂર રહે છે, અને બંનેનો મેળ કદી મળતોજ નથી તે ઉપરથી, તેનામાં અક્કલ નથી; મૂર્ખતા છે; બેવકૂફી છે; અક્કલ એને સલાહ આપતી નથી. **અક્કલને અને એને અઢાર ગાઉનું છેટું છે,** એમ પણ કેટલાક બોલે છે.

**અક્કલનો આગળો,** સારી અક્કલથી બહાર પડેલો; પ્રખ્યાત; નામાંકિત. પણ વાંકામાં મૂર્ખ–મોભાગ્ર બુદ્ધિના માણસને વિષે બોલતાં વપરાય છે.

**અક્કલનો આંધળો,** મૂર્ખ; અણસમજુ; બેવકૂફ.

આંખનો આંધળો દેખે નહિ, ને અક્કલનો આંધળો સમજે નહિ.

"અંધ અક્કલે શું થયો, જે થયો નેત્ર હીન,
ધનંજયના ત્રાસ આગે, સૌ જોધ થાતા દીન."

સુરેખાહરણ.

**અક્કલનો ઓથમીર,** મૂર્ખ; બેવકૂફ; વિવાહની વરશી કરે એવો;

"અક્કલનો ઓથમીર, મંગાવે મરચાં તો લાવે કોથમીર" એ કહેવત છે.

**અક્કલનો ખાં,** મૂર્ખ, બેવકૂફનો પાદશાહ; મૂર્ખનો સરદાર. ( વાંકામાં )

**અક્કલનો દુશ્મન,** મૂર્ખ; અણસમજુ; બેવકૂફ. અક્કલનો દુશ્મન તેજ કે જે સમજીને ખોટે રસ્તે ચાલે તે.

**અક્કલનો બારદાન,** ( જે પેટી–કોથળી–ઠામમાં માલ ભર્યો હોય તેને બારદાન કહે છે; એકલા બારદાનમાં માલ હોતો નથી, તે ઉપરથી) અક્કલ શૂન્ય; મૂર્ખ, અક્કલહીન; બેવકૂફ.

"કાકા તમે પણ અક્કલના બારદાન દેખાઓ છો! મને ફોગટમાં ગાળો શામાટે દો છો?"

કૌતુકમાળા.

**અક્કલનો સાગર,** ઘણોજ બુદ્ધિશાળી; વિસ્તીર્ણ બુદ્ધિવાળો; પરંતુ વાંકામાં મૂર્ખ માણસને માટે બહુધા બોલાય છે.

"અક્કલનો સાગર, મંગાવે લોટી તો ભરી લાવે ગાગર." એ કહેવત છે.

**અક્કલસેં ખુદા તો પિછાનના,** જરા તો અક્કલ લાવો–વાપરો.

**અખત્તર ડાહ્યું,** ( અખત્તર=અસ્વચ્છ+ડાહ્યું) દોઢડાહ્યું.

**અખાડા કરવા,** ( આંખ+આડાનું ટૂંકું રૂપ અખાડા ) દીઠું ન દીઠું કરવું અગર એક કાનેથી સાંભળી બીજે કાને કાઢી નાંખવું; ચૂપકીથી નજર ફેરવી દેવી.

"તેઓ ઘરમાં આશ્રય આપવાને બદલે મોં બતાવવાના પણ અખાડા કરી ગયા."

અરેબિયન નાઈટ્સ.

**અગડે બગડો માર્યો ને બગડે કાગડો માર્યો,** ફલાણાએ આમ કર્યું, ને ઢીંકણાએ તેમ કર્યું એવી નજીવી–માલ વગરની સ્ત્રીઓની વાતો.

"ખાઈ રહ્યા પછી બે ત્રણ કલાક શેઠાણીને ઊંઘવા જોઈએ; ઊંઘીને ઉઠે એટલે ઓટલે બેશી પડોશણો સાથે તડાકા મારે, અગડે બગડો માર્યો ને બગડે કાગડો માર્યો, એવી અભણ બાઈડીઓની વાતો હોય."

બે બહેનો.

Gandhi Heritage Portal

**અગિયારા ગણવા,** નાશી જવું; પોબારા ગણવા; સટકી જવું; પલાયન કરવું; વટાણા વાવી જવું; છ પાંચ કરી જવું;
ધાસ્તી કે અડચણમાંથી બચવા અથવા કંઈ માથાપરથી કાઢી નાંખવા એકદમ કોઇને જણૅધ્યું એમ કહ્યા સિવાય પોતે પોતાનો રસ્તો પકડવો.
" આ પ્રમાણે રમણનું ભમણ થઈ જતાં જ ભિલ્લ લોકોએ અગિયારા ગણવાનો આરંભ કર્યો એટલામાં બે ચાર વટેમાર્ગુ ત્યાં આગળ આવી ચઢ્યા. "
ગંધર્વસેન.

**અગ્નિકાષ્ટ ભક્ષણ કરવાં,** ચીતા ખડકી બળી મરવું; લાકડાં એકઠાં કરી સળગાવી તેમાં પ્રવેશ કરવો; **કાષ્ટ ભક્ષણ કરવાં** પણ બોલાય છે. પ્રાચીન કાળમાં સતી સ્ત્રીઓ પોતાના ધણીની પાછળ અગ્નિકાષ્ટ ભક્ષણ કરતી હતી.

**અંકુશમાં રાખવું,** યોગ્ય હદમાં રાખવું; વશ રાખવું; બહેકી જવા ન દેવું; **માથે અંકુશ રાખવો** પણ બોલાય છે.

**અંગ આપવું,** મદદ કરવી.

**અંગતળે ઘાલવું,** પોતાના ઉપયોગ કે ઉપભોગને માટે દબાવી પડવું.

**અંગ તોડવું,** પોતાનામાં જેટલું જોર હોય તેટલું વાપરવું.

**અંગપર આવવું,** ધસારો કરવો; હલ્લો કરવો.
૨. માથે પડવું; જોખમદારી ભોગવવી પડવી.

**અંગ ભરાઇ જવું,** અંગ અક્કડ થઇ જવું; અંગમાં કળતર થવું. ( અતિશય મહેનતથી, થાકથી કે બોજો ઉપાડવાથી.) **અંગનો ભરાવો થવો** એટલે લોહીઆળ થવું; શરીરનો બાંધો સારો થવો; હાડકાં વગેરે ન જણાતાં શરીર હૃષ્ટપુષ્ટ થવું.

**અંગ ભરાવું,** તાવ આવવો; તાવનાં ચિન્હ જણાવાં. **અંગ ભારે થવું** પણ બોલાય છે, એનો બીજો અર્થ એ કે માર ખાવાની નિશાની થવી.

**અંગ મરડવું,** આળસ ખાવું. ૨. **અંગ વાળવું.**

**અંગ વળવું,** કસરતથી અથવા ખોરાકથી શરીર ભરાવાવાળું તથા તેજસ્વી લોહીઆળ થવું.

**અંગ વાળવું,** કસરતથી શરીરનો બાંધો આણવો.
૨. પોતાનામાં જેટલું જોર હોય તેટલું વાપરવું. આ અર્થમાં **અંગવાળીને કામ કરવું** બોલાય છે.

**અંગનો ખુર્દો થવો,** ઘણી અશકિત પેદા થવી. ( અતિશય કામ કરવાથી )
"કામકરીને મારા અંગનો તો ખુર્દો થઈ ગયો."

**અંગનો મેલ જવો,** ખોવાઈ ગયું તો દીસતું રહ્યું, કાંઇ ફિકર નહિ એ અર્થમાં બોલાય છે.

**અંગદશિષ્ટાઈ કરવી,** ( અંગદે સીતાને લેવા રાવણની રાજસભામાં શિષ્ટાઈ કરી હતી તે ઉપરથી ) કામ કાઢી લેવા સારૂ ડાહી ડાહી વાતો કરી સમજાવવું.

**અંગારા ઉઠવા** ( કાળજામાં ), કાળજામાં ચરેડો પડવો; કાળજું બળવું; ચીચરવટો પેદા થવો.

**અંગારો ઉઠવો** ( કુળમાં ), કુળને કલંક લાગે–કુળની આબરૂના કાંકરા કરે એવા કુપુત્રને વિષે બોલતાં વપરાય છે.
" પુત્રની કુચાલ સાંભળી પિતાને અત્યંત ખેદ થયો, અને આવા પવિત્ર કુળમાં આવો અંગારો કયાંથી ઊઠ્યો એ વિચાર થયો. "
સરસ્વતીચંદ્ર.

એથી ઉલટું **દીવો ઉઠવો.**

**અંગીઠીનો અંગારો,** ( સોનીની સગડીને અંગીઠી કહેછે, તે માંહેનો અંગારો જો કે

Gandhi Heritage Portal

ઉપર રાખથી છવાઈ ગયેલો હોય છે તોપણ બહુ ધીકધીકતો ને જલદ હોય છે તે ઉપરથી) ગમે તેવી આપત્તિને સમયે પણ સતેજ થાય એવી બાળી મૂકવાની કે નાશ કરવાની પ્રૌઢ શકિત અથવા વેર વાળવાનો ઉગ્ર જોસ્સો.

"સામતોનેસજ કરી, રે'જે અતિ હુશિયાર;
છે સિસોદામાં હજી, અંગીઠી અંગાર."

પ્રતાપનાટક.

**અંગુઠાનો રાવણ કરવો,** (સીતા લંકામાંથી રામની સાથે અયોધ્યે આવ્યા પછી કેકયીએ રાવણના સ્વરૂપનું વર્ણન પૂછતાં સીતાએ ના કહી, અને છેવટે આગ્રહ કરતાં તેણે એટલુંજ કહ્યું કે મેં તેનું આખું સ્વરૂપ નહિ જોતાં માત્ર તેનો અંગુઠોજ દીઠો છે, તે ઉપરથી સીતાએ અંગુઠો કેકયીને ચીતરી આપ્યો, તે આધારે કેકયીએ આખું સ્વરૂપ ચીતરી રામનું ચિત્ત સીતા ઉપરથી ઉઠાડ્યું અને વિરોધ કરાવ્યો તે ઉપરથી) થોડો ભાગ જોયો કે સાંભળ્યો હોય તો આખાનું કહેવું; વધારી વધારીને કહેવું; અતિશયોકિત કરવી; હલકી-નજીવી બાબતને વધારી મોટી કરવી; રજનું ગજ કરવું.

**અંગુઠે કમાડ ઠેલવું,** બીજાને માલમ ન પડે એવી રીતે મદદ કરવી; બેમાલૂમ રીતે કામ કરવું.

**અંગુઠો બતાવવો,** (નાનો સંકેત) ના પાડવી; ના કહેવું. ૨. (ડામ દેવાની નિશાનીમાં) **ડામ દેવો** જુઓ.

**અચરે અચરે રામ;** પાળેલો પોપટ અચરે અચરે રામ બોલે છે પણ કાંઈ સમજતો નથી, તે ઉપરથી સમજ્યા વિના જે ગોખ્યાં કરે છે, એવા પોપટીઆ પંડિતને વિષે બોલતાં વપરાય છે.

**અછોઅછો વાનાં કરવાં,** આદર સત્કાર કરવો. ૨. લાડ કરવાં; લાડ લડાવવાં. (સં. અચ્છ=સ્વચ્છ ઉપરથી) **અછોઅછો કરવું** પણ બોલાય છે.

"પોતાનો જીવ જવા લગી વાત આવેલી તોપણ હર્મિયાએ મન દૃઢ રાખી લાઇસેન્ડર ઉપરથી પ્રીતિ ડગાવી નહોતી; અને લાઈસેન્ડર પણ ગુણ ગ્રાહક અને ટેકીલો હતો તેથી હર્મિયાને અછોઅછો વાનાં કરતો હતો.

શે. કથાસમાજ.

**અજગર જેવો પડયો છે,** ભારે દીલનો આળસુ લાંબો થઇને પડયો હોય તેને એમ કહેવામાં આવે છે. (અજગરથી દોડાતું નથી એટલે એક ઠેકાણે પડી રહી પાસે જે શિકાર આવે છે તેને મારેછે તે ઉપરથી) "અજગર વૃત્તિ રાખવી," એનો અર્થ એ કે અજગરની પેઠે ભિક્ષાને માટે ભટકવું નહિ, પણ પરમેશ્વર જે મોકલે તે ખાઈ પ્રસન્ન રહેવું.

**અજમો ફકાવવો,** ચૂંક મટાડવી; રોગ કાઢવો; પેટ દુખતું મટાડવું; રીસ કાઢવી; ધુંધવાતા પણું ટાળવું. (ચૂંક આવે છે ત્યારે અજમો ફકાવે છે તે ઉપરથી લાક્ષણિક.)

**અજવાળામાં આવવું,** બધા જાણી કે ઓળખી શકે એવી ઊંચી પાયરીએ આવવું; જાહેરમાં આવવું; પ્રસિદ્ધ થવું; પોતાના ગુણકર્મથી પ્રસિદ્ધિમાં આવવું; બહાર પડવું; મેદાન પડવું; એથી ઉલટું **અંધારામાં રહેવું.**

"આવા જુલમો ઘણા દિવસથી અજવાળામાં આવેલા છે તે છતાં શેફ્ટ્સબરી જેવા પરોપકારીઓ આજ લગી કયાં ઊંઘ્યાં કરતા હતા?"

દે. કા. ઉત્તેજન.

"સ્ત્રિઓની સ્વતંત્ર સ્થિતિપર અજવાળું આવવા દેતા નથી."

જમનાબાઈ.

**અજવાળામાં મૂકવું,** ઉઘાડું કરવું; પ્રસિદ્ધ કરવું; બધા દેખે કે જાણે એમ કરવું.

"આપણી મંડળીમાંથી છૂટા થયા પછી

Gandhi Heritage Portal

કદાચ તે આપણી ગુપ્ત વાત અજવાળામાં મૂકશે."

અરેબિયન નાઇટ્સ.

**અજવાળું કરવું,** ઢંકાયલા સારા ગુણ બહાર પાડવા; નામ કરવું; આબરૂ વધારવી.

૨ ફાયદો કરવો; અથવા કરી આપવો.

૩ સંદેહની સફાઈ કરવી; ભ્રાંતિ દૂર કરવી.

૪ અંતરમાં અજવાળું કરવું; અક્કલ આણવી; ભાન રાખવું.

"ધીરો થઈજા સામટો, ખાખા બહુ ખામોશ;
મનમાં અજવાળું કરી, ઓછો કર તુજ જોશ."

નર્મકવિતા.

૫. વાંકામાં કાંઈ સારૂં કામ કર્યું ન હોય ત્યારે વપરાય છે.

**અજવાળું જોવું** ( જગતનું ), જન્મ પામવો; હયાતીમાં આવવું.

૨. જાહેરમાં આવવું; બહાર પડવું, (માણસ અને વસ્તુ બંનેને લાગુ પડે છે.)

**અજાડીમાં પડવું,** ( અજાડી એટલે હાથીને પકડવા સારૂ ખોદેલો ખાડો. ) કોઈ જબરો માણસ દુઃખથી કે રોગથી ઘેરાણો હોય ત્યારે કહે છે કે, 'હાથી અજાડીમાં પડયો છે.'

**અંચળવો ઉતારવો,** આંખે જે ઝોક લાગ્યો હોય તે મટાડવા તેલમાં દોરડી બોળી સળગાવી મૂકવી.

**અંજળપાણી,** સર્જિત; નશીબ; દાણોપાણી; જ્યાં જે અન્ન પાણી મળવાનાં ત્યાં તે મળી આવવાં એ જે યોગ-સંબંધ તે; રજક. **અંજળ પાણી ઉઠવું, અંજળ ઉઠવું, અન્નોદક ઉઠવું,** વગેરે પ્રયોગ વપરાય છે.

**અટકળ પંચાં દોઢસો,** માત્ર ગપ; અડસટ્ટેરામ આશરે ઠોકવું તે. **ધકેલ પંચાં દોઢસો** પણ બોલાય છે.

**અટકળ પચ્ચીશી,** અટકળથીજ માત્ર કહેવામાં આવ્યું હોય તે; માત્ર કલ્પનાજ ( અટકળથી માત્ર દોઢસો કરી આપેલા હોય તે ઉપરથી. )

**અટકાનો ઘોડો,** નજીવી અને થોડી મહેનતે મળેલી કોઈ પણ દરકાર વિનાની વસ્તુને માટે વપરાય છે, ( અટકો=ત્રાંબાનાણું. )

**અટ્ટલ બળદેવ,** ખાવે પીવે કુસ્તી કરવે જબરો; હિંદુસ્તાની પહેલવાન, ( મથુરાંના ચોબા જેવો. )

**અટ્ટા બંધ કરવા,** બોલતું બંધ કરવું; આંજી નાંખવું; હરાવવું. (તકરારમાં) (અટ્ટા=દ્વાર-મુખ તે ઉપરથી. )

**અટ્ટા બંધ થવા,** જાણે ગળા લગી ખાધું હોય તેવું હોવું.

૨. હારી જવું. (તકરારમાં)

**અટીનો કરાર,** ( મહોરમમાં હાથની આસપાસ રંગિત આમળા વાળી દોરી વિંટાળવામાં આવે છે તેને અટી કહે છે તે ઉપરથી ) સખત બંધનવાળો કરાર.

**અઠોક પરબ્રહ્મ,** ( અઠોક-ન ઠોકાય-સુધરે એવું; તે ઉપરથી ) શીખવતાં ન શીખી શકે અથવા સુધારતાં પણ ન સુધરે એવો ઠોઠ; બુડથલ; પથ્થર.

**અઠે દ્વારકાં,** લાંબા વખત સુધીના ધામા નાંખતાં એમ બોલાય છે. (અઠે=અહીંજ)

**અડદ મગ ભરડી દેવા,** જેમ આવે તેમ વિચાર વગરનું બોલવું; બોલવાનું કે ન બોલવાનું બોલવું; આડું અવળું જેમ ફાવે તેમ બકી દેવું.

" જાય તો જોજે, કાંઈ અડદ મગ ભરડી દેતી નહિ, બીજું તો તારા ધ્યાનમાં આવે તેમ કરજે."

અરેબિયન નાઇટ્સ.

**અડદાળો કાઢવો,** (કામ કરાવી) શક્તિ ઉપરાંત કામ કરાવી કામ કરનારને છેકજ થકવી દેવું.

૨. સખ્ત માર મારી હાડકાં પાંસળાં નરમ કરી નાંખવાં.

**અડદીઆ છાંટયા છે,** ભૂરકી નાખ્યો છે; મંતરી લીધો છે.

Gandhi Heritage Portal

**અડધી રાતે કૂવામાં ઉતરે તેવું,** જે વખતે જે કામ કહીએ તે કરે એવું; અડી વેળાએ સહાય થાય એવું; ગમે તેવું જોખમનું અને ગમે તેવી મુસ્કેલીનું કામ ગમે તે વખતે કરવા તત્પર થતું; (અડધી રાતનો સમય ઘણો બારીક અને કૂવામાં ઉતરવું એ ઘણું જોખમ ભરેલું તે ઉપરથી)

**અડધું અંગ,** સ્ત્રી; પ્રિયા. ૨. સહાયકારી મિત્ર.

**અડધું અડધું થઈ જવું,** કોઈ પ્યારા માણસને દેખી હર્ષઘેલા થવું; અતિશય હરખાઈ જવું; પ્રેમઘેલા બનવું.

**અડધું થઈ જવું,** અંગ સૂકાઈ જવું, (ચિંતાથી, ભયથી કે અતિશય કામના બોજાથી) "આ અવિશ્વાસમાં અને અંતર્ભયમાં અમાત્ય અર્ધો થઈ ગયો."

સરસ્વતીચંદ્ર.

૨. અધમુઉં થવું. (મારથી) "માર ખાઈ ખાઇને હું તો અર્ધો થઈ ગયો."

૩. હારી થાકી બેસવું. (કામ કરીને)

**અડધે શુકને,** શુકનની દરકાર રાખ્યા વિના; કહેતાં વાર; કહ્યું કે તરતજ; વગર વિલંબે. "તેઓને પ્રોસ્પેરોએ વીરવિદ્યાના બળવડે છૂટા કર્યા તેથી એ બાપડા વીર ત્યાર પછી સદા પ્રોસ્પેરોને કામે અડધે શુકને આવી ઉભા રહેતા."

શે. કથાસમાજ.

**અડધો છે,** (વાંકામાં) અડધો ઘેલો છે.

**અડધો પાયો ઓછો,** કમ અક્કલ; સાડા-ત્રણ પાયા; ગાંડું; અદકપાંસળી; અક્કલ વિનાનું; ઢંગધડા વિનાનું.

"કચરાને ચૂલાશંકર બંનેમાં અડધો પાયો ઓછો છે."

સાસુવહુની લડાઈ.

**અડવા શેઠ,** (અડવું=ઘરેણાં ગાંઠાં સિવાયનું; ભવાઈમાં વાણિયાને અડવો કહે છે તે ઉપરથી) ઓલીયા વાણિયાને વિષે બોલતાં વપરાય છે.

**અડા દેવા,** ફલાણો તો કામમાં અડા પણ દેતો નથી એટલે કામને અડતો પણ નથી-બીલકુલ કામ કરતો નથી.

**અડિયલ ટટ્ટુ,** (અડિયલ=હઠીલું, અડ કરનાર એવા ટટ્ટુ ઉપરથી) કહ્યું ન માને અને ચાલતાં ચાલતાં ઘણી વાર અટકી પડે એવા હઠીલા માણસને માટે વપરાય છે.

**અડીવેળાની ઢાલ,** (ઢાલ=રક્ષક,) સહાય કરી શત્રુથી રક્ષણ કરે તેવું માણસ, નામ અથવા કામ.

**અડીનો વખત,** બારીક પ્રસંગ; અણીનો પ્રસંગ.

**અડુકદડુકીઓ,** બંને પક્ષથી ન્યારો રહી પોતાની મરજી માફક પક્ષમાંના કોઇને મદદ કરનાર. ૨. વધારાનો (ગેડી દડાની રમતમાં)

**અડોલ કાટલું,** જુઓ **અંદોળ કાટલું.**

**અઢાર બાબુ,** લુચ્ચાઓનું ટોળું.

**અઢાર વાંકાં હોવાં,** (ઊંટનાં અઢારે વાંકાં, એ કહેવત ઉપરથી) કોઈ માણસ ઢંગ ધડા વગરનું-ઠામ ઠેકાણા વિનાનું-ભલીવાર વિનાનું હોય તેને વિષે બોલતાં એમ વપરાય છે કે "એનામાં અઢાર વાંકાં છે."

**અઢાર વિશા,** ઘણુંજ; પ્રમાણ કરતાં વધારે. "તેને ઘેર અઢાર વિશા દારિદ્ર છે."

**અંદોળ કાટલું,** (અણ+તોલ+કાટલું, તોલ વગરનું કાટલું) મનમાનતું-સંતોષકારક કામ કરી ન શકે તેવું માણસ કે વસ્તુ.

**અણદોહ્યું રહેવું,** (અણ દોહ્યું-દોહ્યા વગરનું તે ઉપરથી) જરૂરનું કામ અટકી પડવું.

"કનકમાલિકા,-(નિશ્વાસ નાખી) ત્યારે સખિ, આપણે ત્યાં ગયા વગર શું અણદોહ્યું રહ્યું છે? એમનું સુખ એજ ભોગવે."

સત્યભામાખ્યાન.

**અણુવિંધ્યો આખલો,** મસ્તાની સાંઢ; અણઘડ; સંસારના ટપલા ખાઈ ઘડાયો ન હોય એવો એ ફિકરો. એ બે ફિકરાઈથી મસ્તાન

Gandhi Heritage Portal

થએલા માણસને વિષે બોલતાં વપરાય છે; ઘડાયલો કે કસાયલો નહિ એવો.

**અણીનો વખત,** અડીનો વખત; બારીક પ્રસંગ. ( સંભાળથી ચાલવા કે વર્ત્તવા જેવો)

**અથાણું કરવું,** નિરર્થક રાખી મૂકવું; ફોગટ સંઘરી રાખવું. (લાક્ષણિક)

" તમે ઓંકારવું કરો અથાણું,
મારી સાથે વંદ્રાવન ચાલો રે,
ભણે નરસઇયો મેલો કમંડળ,
કરમાં આગળ ચાલો. "

હારમાળા.

**અદક જીભો,** બટક બોલો; બહુબોલો.

**અદક–અધક પાંસળી,** ( અડધી પાંસળી ઓછી ) અટકચાળું; મૂર્ખ; જેમ ફાવે તેમ વગર વિચારે બોલ્યા કરે એવું. અદક પાંસળી જાત વિશેષે કરીને હજામની કહેવાય છે.

**અદબ કરવી–વાળવી,** પોતાની નમ્રતા–મર્યાદા દેખાડી મોટાંને માન આપવા બેઉ હાથને કોણીથી વાળી એક ઉપર એક એમ ચઢાવી રાખવા.

**અદસસ્તો કરવો,** અધમુઓ કરવો.

**અદા કરવી,** આંખ મારવી; ઈશારત કરવી; નેત્ર ફેંકવાં.

૨. ચાળા અથવા નખરાં કરવાં.

૩. અમલમાં આણવું; બજાવવું.

**અદ્યાભવાની કરે એવું,** (આદ્ય ભવાની ઉપરથી ) આદ્ય ભવાનીના ભક્ત હીજડા હોય છે તે એમ બોલે છે, તે ઉપરથી હીજડાની પંકિતમાં ખપે એવું; શૌર્ય–આવડ વિનાનુ.

**અધખોખરૂં કરવું,** અડધું થઈ જાય એટલો માર મારવો; ટીપવું; ઠોકવું. **અધખોખરૂં કરી નાંખવું,** એ વિશેષ માણસને લાગુ પડે છે.

**અધર ઉડાવવું,** કોઈ ન જાણે એમ ઠેકાણે કરી દેવું. (કામ)

૨. મશ્કરીમાં ફુલાવવું; ભમાવવું. (માણસને )

**અધર ને અધર રહ્યો છે,** ગર્વિષ્ટ–મગરૂર–નમ્યું ન આપે એવા માણસને વિષે બોલતાં વપરાય છે. "એ તો અધર ને અધર હીંડે છે" એમ પણ બોલાય છે.

૨. હરામ હાડકાંના–નીચા વળી કામ ન કરનાર માણસને વિષે બોલતાં પણ વપરાય છે.

" અહંકાર કરતા અધિક,
ફરતા ઉન્મત્ત મન;
અધર ને અધર ગયા,
રાવણાદિ કંઈ જન. "

એક પ્રાચીન કવિ.

**અધરને અધર રાખવું,** ઠરીઠામ બેસવા ન દેવું; ગભરાવી નાંખવું; બાવરૂં બનાવવું; નિરાંત વળવા ન દેવી. ૨. લાડ લડાવવાં; ઉમળકાભેર ઘણીજ સંભાળ રાખવી. " આ પોતાના બાળકને અધર ને અધર રાખે છે."

**અધર માથું ફરવું,** મગરૂરીમાં મહાલવું. "એનું તો અધર માથું ફરે છે."

**અધર લટકવું,** આધાર વિનાનું રહેવું; ધંધા રોજગાર વિનાનું રહેવું; અંતરિયાળ રહેવું; અદ્ધદ્ધ રહેવું; અધવચ ટીચાયાં કરવું.

૨. પડું પડું થાય એવી–ફના થાય એવી–આખર આવે એવી બારીક સ્થિતિમાં આવી પડવું. 'તે દિવસે દિવસે ઘણો નબળો થતો જાય છે અને તેની જીંદગી હવે અધર લટકયાં કરેછે.'

૩. સ્થિર ન રહેવું. ( જીવ અધર લટકવો. )

**અધવાર્યો ઉનાળાની ઘેલછા, ઘણીજ** ઘેલછા. ( વસંત ઋતુમાં જે પ્યાર–પ્રીતિની ઘેલછા થઈ હોય તે ગ્રીષ્મ ઋતુમાં વધી જાયછે તે ઉપરથી )

**અધુરા પૂરા કરવા,** ( દહાડા અધ્યાહાર છે) મંડવાડમાંથી બેઠો ન થાય એવા માણસને વિષે બોલતાં વપરાય છે.

Gandhi Heritage Portal

" કહું છું તો કર્મ ફૂટયા,
કરી લે અધુરા પૂરા,
આવ્યો ત્યારે બાંધી મુઠી,
જમડા લેશે લૂંટી."

બોધચિંતામણિ.

**અધુરે જવું,** કસુવાવડ થવી.

**અધોટીઉં કાઢવું,** (અધોટીઉં–અર્ધી કોઠી) શેરડી પીલીને તેના રસની અર્ધી કોઠી કાઢવી તેને અધોટીઉં કાઢવું કહે છે.

**અંત કાઢી નાંખવો,** દુઃખ દેવું; થકવવું; અશક્ત કરવું; પાછળ લાગવું; સંતાપવું.

**અંત લેવો,** આખરનું બાકી રહેલું જોર હોય તે પણ પાર કરવું; જીવ લેવો; પાછળ લાગ્યાં કરવું; સંતાપવું; દુખ દેયાં કરવું; કંટાળો આપ્યાં કરવો; આગ્રહ કરવો. **અંત લઇ નાખવો** પણ વપરાય છે.

**અંતઃકરણનો ડાઘ,** ભારે ધોકો. (મોટા દુઃખનો)

**અંતઃકરણના લાળા,** અંતરની ગુપ્ત ચિંતા; કાળજાની ગુપ્ત બળતરા; અતિશય થતો બળાપો.

**અંતરની આગ,** કાળજાની ગુપ્ત ચિંતા. (અધ્યાત્માદિક)

**અંતરમાં અગ્નિ લાગવો,** કાળજું બળવું; બળી ઉઠવું; ચીચરવટો પેદા થવો; ક્રોધાવિષ્ટ થવું.

" એવું સાંભળી પુરોહિતને,
અંતર અગ્નિ લાગ્યો;
સાંભળ્યો દાસીનો નંદન,
ભાલો રૂદેમાં વાગ્યો."

ચંદ્રહાસ.

**અંતરવાસો કરવો,** વિવાહાદિ શુભ કામમાં ગણપત્યાદિનું પૂજન કરતાં લાલ પાઘડી વગેરેનો છેડો કાઢી કોટે નાખવો.

**અંધાર પિછોડી ઓરાઢવી,** પોતાનો સ્વાર્થ પાર પાડવા સામાને છેતરવું; કામ કાઢી લેવા સામાને આડું અવળું સમજાવી છેતરવું; સામાની અક્કલ છેતરાય તેમ કરવું.

૨. તેનેજ દેખવું; તેનું (ઓરાઢનારનુંજ) કહ્યું માનવું. 'ફલાણે તો એને અંધાર પિછોડી ઓરાઢી છે.'

**અંધાર પિછોડો ઓઢવો,** કાંઈ ન સૂઝવું; સૂનકાર થવું.

૨. અદૃશ્ય થવું; કોઈ ન દેખે તેમ થવું. 'વિક્રમ રાજા અંધેર પિછોડો ઓઢી નગરચર્યા જોવા નીકળતા."

**અંધાર પિછોડો કરવો,** (અંધ+પિછોડો; પિછોડી ઓઢવાથી જેમ સામું કોઈ ઓળખી શકતું નથી, તેમ કોઈ તદબીરથી ખરી વાત જણાવા ન દેવી. તે ઉપરથી બહાનું કે સબબ કાઢી તહોમત ઉડાવી દેવું; ઉઘાડી પડેલી વાત ચર્ચાતી બંધ કરવાની યુક્તિ કરવી; દોષને કાઢી નાખવાની તજવીજ કરવી; ઢાંકપિછોડો કરવો.

**અંધારાં આવવાં,** ઘણી ભૂખ લાગવાથી કે માથે પિત્ત ચઢવા વિગેરેથી એકાએક આંખે કાંઈ ન દેખાવું; ચોતરફ અંધારૂં અંધારૂં જણાવું. આ પ્રયોગ બહુવચનમાંજ વપરાય છે; અને આવી રીતે આવેલાં અંધારાં થોડીજ વાર ટકે છે.

**અંધારાં ઉલેચવાં,** અંધકારને ઘરમાંથી પાત્ર ભરી ભરીને બહાર કાઢી નાંખવા જેવો વ્યર્થ પ્રયાસ કરવો; મિથ્યા બાથોડીઆં મારવાં.

"અંધારાં ઉલેચતો, તું ઠરી ન બેઠો ઠામ;
અમૂલ્ય અવસર જાય છે,
તું કયમ ન પામ્યો વિરામ. અવસર."

કવિ નરભેરામ.

બહુવચનમાંજ વપરાય છે,

**અંધારામાં કુટાવું,** કાંઈ જાણ્યા વિના મિથ્યા પ્રયાસ કરવો.

**અંધારામાં જવું,** અજ્ઞાનપણામાં કે ઊંઘમાં જવું; અજાણપણામાં જવું.

Gandhi Heritage Portal

**અંધારામાં રહેવું,** પ્રસિદ્ધ ન થાય–જાહેરમાં ન આવે–ન જણાય–ન દેખાય એવી સ્થિતિમાં રહેવું; ગુપ્ત રહેવું; ગુણિયલ–વિદ્વાન માણસ જાહેરમાં ન આવે તે "અંધારામાં રહ્યા" કહેવાય.

"આજ સુધી તો આપનો અને રાણાનો સંબંધ શઠરાયને અંધારામાં રહ્યા."

સરસ્વતીચંદ્ર.

૨ ગુણ પ્રકાશ થાય નહિ તેવી સ્થિતિમાં રહેવું. પોતાની હોંશિયારી બહાર ન પડે તેવી ઉત્તેજન વગરની સ્થિતિમાં રહેવું. એથી ઉલટું **અજવાળામાં આવવું. અંધારે પડવું** પણ બોલાય છે.

**અંધારામાં રાખવું,** ગુપ્ત રાખવું; છાની વાત બહાર ન પાડવી; અજાણ્યું રાખવું; ગુણ પ્રકાશ ન થાય એવી સ્થિતિમાં રહેવા દેવું.

**અંધારી ઓઢાડવી,** કંઈ સુઝવા ન દેવું; ભોળવી નાંખવું; આંધળા પાટા દેવા.

**અંધારી કોટડી,** કેદખાનું; કારાગૃહ એમાં ઘણું કરીને અંધારૂં હોય છે, તે ઉપરથી.

**અંધારી બાંધવી,** અંધારી બાંધવાથી આસપાસ શું થાય છે તેની જેમ ખબર પડતી નથી તેમ આંધળાભીંત બનવું; કાંઇ ન સુઝવું. ( માયાની અંધારી બાંધવી. )

**અંધારૂં વળી જવું,** ચાલતું કામ અટકી પડવું અથવા તેમાં બિગાડ થવો; ઘબાયનમઃ થઇ જવું; અંધેર ચાલવું; અવ્યવસ્થા થવી; પડી ભાગવું; બંધ પડવું.

"કેટલાકનું ધારવું એમ હતું કે એ સાસરે જાય તો અમાત્યના ઘરમાં અંધારૂં જ વળી જાય.)

સરસ્વતીચંદ્ર.

**અંધારે અજવાળે,** જાહેર રીતે કે છાનું; લાગ મળે ત્યાં ને તેવી રીતે; અંધારે અંધારે; ગુપ્તપણે.

**અંધારે પડવું,** ઢંકાઈ જવું; ગુપ્ત રહેવું. (વાત, વગેરે )

**અન્નપરબ્રહ્મ,** અન્ન એ જાતેજ ઉત્તમ બ્રહ્મ. સઘળું માન અને કીર્ત્તિ તે અન્નનેજ.

**अन्नब्रह्मरसोविष्णु,र्भोक्तादेवोमहेश्वरः**
**एवंज्ञात्वातुयोभुंक्ते,तस्यदोषोनविद्यते॥**

એવો મંત્ર ભણી બ્રાહ્મણો જમે છે. )

**અન્નપાણી ઝેર થઈ જવાં,** દીલગીરીના આવેશમાં ખાવું પીવું ઝેર જેવું અકારૂં લાગવું; ખોરાકની સઘળી લહેજત અને પોષક શકિત નાબુદ થવી. **અન્નનું પાણી થવુ** પણ વખતે બોલાય છે.

૨. તાવ વગેરે વ્યાધિમાં ખાવું પીવું ના રૂચવું.

**અન્નને ને દાંતને વેર,** અન્ન અને દાંતને સગાઈ–મેળાપ ન થાય એવી માણસની ગરીબ સ્થિતિ; અન્નના સાંસા; મહા મહેનતે ખાવાનું મળતું હોય તેવી હાલત.

**અન્નનો કીડો–પિંડ,** અન્ન ઉપર જેનું જીવન છે તે (વૃદ્ધ, બાળક કે ખાઉધરને માટે વપરાય છે. )

**અન્નનો માળવો,** ( માળવામાં અન્ન બારે માસ પાકે છે, તે ઉપરથી ) અન્નનો દાતાર.

"અરે એ નર જેવા અન્નનો માળવો, તેમ ગરીબનો બેલી અને પંડિતોનો પ્રાણ બીજો થવો દુર્લભ છે."

ભોજસુબોધરત્નમાળા.

**અન્યે કે પન્યે,** ( બીજાની પાસે કરાવવું અથવા પોતે કરી આપવું જ) ગમે તેમ કરીને પણ કરી આપવુંજ એવા અર્થમાં વપરાય છે. 'મારૂં કામ અન્યે કે પન્યે કરવું પડશે.'

**અપુશ કાઢી નાંખવી,** ( આપપણું કાઢી નાંખવું, ) થકવવુ; કાયર કરવું

**અબોખે પડવી,** કોઇ ચીજ ખાવાપર ઘણો અભાવ થાય છે ત્યારે તે ચીજ અબોખે પડી કહેવાય છે.

**અબોલા લેવા,** બોલવું ચાલવું બંધ કરવું. ( રીસમાં )

**અભરાઈપર મૂકવું,** ( ફરીથી ઉપયોગમાં



Gandhi Heritage Portal

ન લેવા જેવું હોય એવી વસ્તુ અથવા વિચારને બાજુએ મૂકવા. જ્યારે ચોપડીઓ ઉપયોગની ન હોય ત્યારે તે ઊંચે મૂકવામાં આવે છે અથવા ઘરનાં ન વપરાતાં વાસણો ઊંચે અભરાઈપર મૂકવામાં આવે છે તે ઉપરથી લાક્ષણિક) નિરાળું–દૂર રાખી મૂકવું; કોરે મૂકવું; સંતાડવું; છૂપાવવું: વેરાતું પડ્યું હોય ત્યાંથી લઈને ઘટને ઠેકાણે મૂકવું. ૨. ચોરવું. ૩. વિસારે મેલવું.

**અભોગ વાળવો,** છેડો આણવો; સમાપ્તિ કરવો; માંડી વાળવું. (કવિતામાં)

**અંબાતું પડવું.** ઘણી મુદત સુધી લંબાયાં કરવું (કોઈ આરંભેલું કામ.) **અંબાતું નાખવું** એટલે ઘણી મુદત સુધી લંબાવવું

**અમર ધાગા ઓઢવા,** જીવનમુકત થવું. ( પ્રાચીન કવિતામાં )

**અમલપાણી કરવાં,** કેફ કરવી.

**અમાસનો ચંદ્રમા,** ( વક્રોકિતમાં ) અમાસની રાત્રોના જેવી કાળા મોઢાવાળી કદરૂપી સ્ત્રીને વિષે બોલતાં વપરાય છે.

**અમૃતગુટિકા,** મનોરંજક કે નવિન ખબરનો ફકરો; સુંદર ગાન કે કથાનો ટુચકો; સ્વાદિષ્ટ ફાકો, ગુલાબી ડોલું, વગેરે.

**અરબા ઉડવા,** ગુસ્સાથી કોઇની સામે થવું. ( અરબા=આરબોની લડાઈ )

**અરબા પીને જવું-આવવું,** શકિત-હિંમત-સામર્થ્ય ટકાવી રાખવું. ( ગુસ્સા ભરેલી વાણીની સામે )

**અર્ઘ્ય આપવો,** નાશ કરવો; નુકશાન કરવું. ( લાક્ષણિક )

**અર્ઘ્ય લઈને ઊભા રહેવું,** નાશ કરવો કે કોઇને નુકશાન કરવા તૈયાર થવું-તત્પર રહેવું. ( લાક્ષણિક )

**અલખ નિરંજન,** હરકોઈ માયાના વિષયમાં વિરકત એવો જે કોઇ તે; માયાના લેપ વિનાનો.

**અલ્લા એક બદામ,** અલ્લાની પાસે એક બદામની પણ માગણી થતી હોય એવી હાલત; માલમિલ્કતમાં જોવા જઇએ તો કંઈ નહિ; છેક નિર્ધનતા કે કમજોરપણું બતાવે છે.

" તેના છાપરામાં અલ્લા એક બદામ મળે નહિ, ઢોરઢાંખર કે સીમમાં પા વીઘું ભોંય પણ મળે નહિ, તેથી તે બિચારાને રોજ મહેનત મજૂરી કરવી પડતી હતી. "

ગર્ધવસેન.

**અલ્લા કોટે વળગવી,** ( અલ્લા, બલા ઉપરથી ) સારૂં કરવા જતાં નઠારૂં થઈ જવું; પીડા થઈ પડવી; નડતર થવું; બલા વળગવી; ફાયદો કરતાં ઉલટો ગેરફાયદો થવો.

**અલ્લાઈ કારખાનું,** નિયમ, કે વ્યવસ્થા વગરનું–ધીમે ધીમે થયાં કરે એવું રસળતું કામ; અનિયમિત–અવ્યવસ્થિત કામ. ' તારૂં તો અલ્લાઈ કારખાનું છે, '

**અલ્લાની ગાવડી,** ( પરમેશ્વરની ગાય જેને આપણે કહીએ છીએ તે એટલી તો પોચી અને નરમ હોય છે કે જરા ચગદાય તો મરી જાય તે ઉપરથી) હરકોઈ ગરીબ, લાચાર કે હોશ વગરના માણસને વિષે બોલતાં વપરાય છે.

**અલ્લી દલ્લીના તડાકા,** આડા તેડા ને ટાઢા પહોરના શેખચલ્લી જેવા મિથ્યા ગપાટા.

"ઘરનું કામ પડતું મુકી કે પૂરૂં કરી પરવારીને પણ પરઘેર અલ્લીદલ્લીના તડાકા મારવા જવું નહિ. "

સુંદરિગુણમંદિર.

**અલાણી બાઈ ને ફલાણી બાઈ,** આ અને પેલી; "અલાણી બાઇને ફલાણી બાઇ કરતી ફરે છે" એમ ઘેરઘેર ફરતી અને ઘરની ધણીને બોલાવી ચરચા જોનારી સ્ત્રીના સંબંધમાં બોલાય છે.

**અલેક ગિરનારી,** ( લાક્ષણિક ) ખાખી બાવો; પાસે કાંઇજ ન હોય તેવું.

Gandhi Heritage Portal

**અલેલટપ્પુ ઠોકવું**, (અલેલ=નિયમ વિનાનું+ ટપ્પું=ગપ) અટકળથી કહેવું; આશરેથી–રામ આશરે બોલી દેવું.

**અવનીનું આકાશ અને આકાશની અવની કરે એવું;** મોટી ઉથલપાથલ કરી નાંખે એવું, મહા ખટપટીઉં; ઊંધાનું ચત્તું ને ચત્તાનું ઊંધું કરે એવું; ઘણુંજ ધાલમેલીઉં.

"ગોપબંધુ અવનીનું આકાશ ને આકાશની અવની કરી નાંખે એમાંનો છે."

સત્યભામાખ્યાન.

**અવસરપાણી**, મુઆનો દહાડો; દહાડો–પાણી.

**અવળચંડી રાંડ જેવું**, કહીએ કંઈ ત્યારે કરે કંઈ તેવું. અવળું–ઊંધું,–ઉલટું કરનારને વિષે બોલતાં વપરાય છે.

**અવળપંચક થવું**, (ધનિષ્ટાના ઉત્તરાર્ધથી તે અશ્વિનીના પૂર્વાર્દ્ધ લગીનાં જે પાંચ નક્ષત્ર તેમાં પરદેશ જવાનો તથા ઘાસ લાકડાં વહોરવાનો નિષેધ કહ્યો છે; વળી પંચક બેસતાં કંઈ અવળું–ખોટું થાય તો તેવુંને તેવું પાંચ વખત થાય છે એમ કહેવાય છે. જ્યોતિષ્યમાં.) સારૂં કરવા જતાં માઠું થવું. સવળું કરવા જતાં અવળું થઈ જવું.

"ના સ્વામીનાથ એમ ઉતાવળ કરશો નહિ, આપણી કાશુ જામ્યા વગર આવી જાતની તપાસથી વખતે અવળપંચક થઈ પડે માટે વખત આવે થઈ રહેશે."

ગર્ધવસેન.

**અવળા પાટા દેવા**, ઉપરા ઉપરી એક પછી એક એમ મુદ્દેસર વાત ઠસાવવાને બદલે અવળું–ખોટું સમજાવી ભમાવવું અથવા ભમાવી પોતાના મતનું કરવું

**અવળા પાસા પડવા**, કરેલી યુકિત નિષ્ફળ જવી–પાર ન પડવી; ધારેલો બેત વ્યર્થ જવો; સવળું કરવા જતાં ઉલટું થઈ પડવું (દૈવયોગે) દૈવે વાંકું ઉતરવું. તેથી ઉલટું **સવળા પાસા પડવા.**

"આજ વેળા એહની છે, જે કરે તે થાય, દિવસ વાંકો આપણો, મા પડ્યા અવળા દાવ."

સુરેખાહરણ.

"યશને સુખ મળ્યાં હોત તો આપણી છાતી કેવી ફુલાત! કે આપણે કોઇની સહાયતા સિવાય આપણે આપણી પોતાની બુદ્ધિથી કામ પાર પાડયું! તેમ આ અવળા પાસા પડ્યા તો તેનાં પણ ફળ ભોગવવાં."

નર્મગદ્ય.

**અવળા પૂજેલા**, પૂર્વ જન્મે પાપ કરેલાં; જોઇએ તેવી રીતે પૂર્વે પૂણ્યકર્મ નહિ કરેલાં.

**અવળી પાઘડી મૂકવી**, દેવાળું કાઢવું. ૨. બોલેલું ફેરવવું. ૩. પક્ષ–બાજુ બદલવી.

**અવળે પાને ચૂનો દેવડાવવો**, મરજી વિરૂદ્ધ કામ કરાવી કનડવું; સંતાપવું

**અવળે મોઢે પડવું**, પથારી વશ થવું; મંદવાડ ભોગવવો; ખાટલે પડવું.

**અશ્વિની કુમાર**, ઉત્તમ વૈદ્ય અથવા ખુબ સુરત માણસ.

૨. એક જાતનો મંત્ર. (દુર્વાસાએ કુંતીને આપેલો)

૩. તૈયાર કરેલા કોઇ મુકરર દવા,

**અસ્ત કરવું**, મારી નાખવું.

**અળગું ચઢવું**, દહાડો વટવો; બૈરાંએ મોડું અળગું બેસવું.

"જમનાને આ વખત અળગું ચઢયું છે માટે ખરચની તૈયારી રાખજે."

**અળગું બેસવું**, સ્ત્રીને રૂતુ આવવો.

**અળિયા તળે આવવું**, (અળિયા=દેવા) ઉપકારના બંધન તળે આવવું; ઓશિયાળા બનવું.

"શું કરવા આપણે કોઇના અળિયા તળે આવવું પડે?"

**અક્ષત ઉતારવા**, ભૂત વગેરે આડાંનો સંદેહ

Gandhi Heritage Portal

આવતાથો શું છે તે ગુરુજીની પાસેથી જાણી લેવા સારૂ સપડાયલાં મનુષ્યના માથા ઉપર અનાજના દાણા સાત વાર ફેરવવા ને પછી પોટલો બાંવો, સુતું હોય ત્યાં માથા તળે મૂકવી.

**અક્ષત છાંટવા,** દેવે બ્રાહ્મણને, અથવા બ્રાહ્મણે યજમાનને આશીર્વાદ ભણી ચોખા નાખવા.

**અક્ષર ઉતારવા,** મહેણું ટાળવું; માથેથી ભાર ઉતારવો.

**અક્ષર વાળવા,** અક્ષર ઘુંટીને મરોડમાં આણવા; લખી આપેલા ખરડા પર વારે વારે લખ્યાં કરવું. **હાથ વાળવા** પણ બોલાય છે.

# આ.

**આંક પાડવો,** મૂલ્ય નક્કી કરવું; કિંમત કહેવી-ઠરાવવી.

**આંકડો અધ્ધરને અધ્ધર રહ્યોછે,** બહુ ગર્વછે; ટેકછે; ફૂદી રહ્યોછે.

**આંકડો ઊંચો ને ઊંચો રાખવો,** અતિ ગર્વ ધરવો; પોતાના તોરમાં રહેવું; ગર્વિષ્ટ થવું.

"ત્યારે શું પ્રતાપ, બાદશાહથી આંકડો ઊંચો રાખશે?"

પ્રતાપનાટક.

**આંકડો કરવો,** લેણદેણ સંબંધી હિસાબ ગણવો.

**આંકડો નમવો,** ટેક-ગર્વ ઓછો થવો; નરમ પડવું; ગર્વ-મચ્છર ઉતરવો; અક્કડાઈ ફક્કડાઇ ઓછી થવી.

"જો તમારો આંકડો નીચો ના નમાવું તો મારૂં નામ માનસિંઘ મા જાણશો."

પ્રતાપનાટક

**આંકડો નરમ થવો,** ગર્વ ઉતરવો; નરમ પડવું; ટેક ઓછો થવો.

"સંસારમાં અનેક તરેહના વા વાવાથી તેનો આંકડો કંઇક નરમ થયો હતો."

બે બહેનો

**આંકડો મૂકવો,** ગર્વ છોડી દેવો; ટેક મૂકવો; નાદ કમી કરવો.

"રાંકડો જાણી કહે તુંને માંકડો, આંકડો મેલશો તો જ જીવો."

અંગદવિષ્ટિ.

**આંખ આડા કાન કરવા,** જોયું કે સાંભળ્યું નથી એમ કરવું-ગણી કાઢવું; પક્કાઈમાં વાત ઉડાવી દેવી; દીઠું ન દીઠું કે સાંભળ્યું ન સાંભળ્યું કરી નાખવું; ન ગણકારવું; ઉડાવી દેવું; બેદરકાર રહેવું.

"હૈયાતોડ કરતાં હાથ તોડ સારી; બળ્યું એનું મોં, એમ બડબડને ફડફડ કર્યાં કરે; સુંદરતો બિચારી આંખ આડા કાન કરે, જાણે બહેરી હોય ને."

સાસુવહુની લડાઇ.

**આંખ આવવી,** ગરમી વગેરેથી આંખ લાલ થઈ સુજી આવવી.

**આંખ ઉઘડવી,** જાગ્રત થવું; ભાન આવવું; સમજ આવવી; અક્કલ સૂઝવી; શુદ્ધિપર આવવું.

**આંખ ઉઘાડીને જોવું** એટલે બુદ્ધિ પુરઃસર વિચાર કરવો.

"મેં હાથ જોડીને ઈરાનના રાજપુત્રને ઘણો ઉપદેશ આપ્યો પરંતુ તેની આંખો ઉઘડતી નથી. તે શંખ શીરોમણિ શુદ્ધિપર આવતો નથી."

અરેબિયન નાઈટ્સ.

Gandhi Heritage Portal

**આંખ ઉઠવી,** આંખ દુખવા આવવી.

**આંખ ઊંચી કરવી,** આંખ ઉઘાડીને સામું જોવું. ( માંદા માણસે ) ૨. સામે થવા હિંમત ધરવી.

"તારી સામે આંખો ઊંચી કરે એવો હું કોઈ દેખતો નથી એ બધું ખરૂં, પણ નવ લાખની ગાદીના ધણીને આવી છોકરવાદી છાજે નહિ."

ગુ. જુની વાર્તા.

**આંખ એકઠી થવી,** બે જણની સામસામી મીટ મંડાવી; નજર એક થવી.

**આંખ કરવી,** ઈશકબાજીથી જોવું.

**આંખ કાઢવી-ફેરવવી,** ધમકાવવું; ડોળા કાઢવા; બીવડાવવું.

"નોતરીયો નિર્માલ્ય દિસે, આવ્યો લગનને દહાડે; અધર ડસે ને કર ઘસે, વિપ્ર ઉપર આંખ કાઢે."

નળાખ્યાન.

"ઘેર ગઇ ગોપિયું સર્વ, નિદ્રા કો કરતી નથી; સ્વામી મારે, આંખલડી કાઢે, ડરાવી ડરતી નથી."

નરસિંહ મહેતા.

**આંખ ખસેડવી,** કામ ઉપરથી ચિત્ત કાઢી નાખવું.

**આંખ ચગાવવી,** કટાક્ષ ફેંકવાં; ઈશારત કરવી.

**આંખ ચઢી આવવી,** આંખ દુખવા આવવી.

**આંખ ચઢી જવી,** ( ક્રોધમાં )

૨. ( ગર્વમાં )

"રાજા કોપ્યો હો, આંખ ચઢી ગઈ; વાતને જાણી હો, વાત ધાડી થઇ."

હારમાળા.

"ભાઈ આંખો તમારી ચઢી જતી, ત્યારે ડરતો મોટા દેવરે-સામા થતાં."

કવિ બાપુ.

**આંખ ચળી જવી,** ફાટી નજરે જોવું.

**આંખ ચોરવી,** સટકી જવું; લુચ્ચાઇથી નજર ફેરવી દેવી; નજરે પડયા સિવાય અથવા નજર ચૂકવી જવું રહેવું.

૨. છેતરવું ( સામો માણસ ન જાણે એમ ) નજર ચૂકવી ભૂલથાપ ખવડાવવી.

**આંખ ચોરાવી,** છેતરાવું; ભૂલાવો આવો; ગફલત થવી; થાપ ખાઈ જવી; નજર ચૂકથી ગોથું ખાઈ જવું.

**આંખ ચોળીને રહેવું,** કાંઇ નુકસાન થતાં પોતાનાથી કાંઈ ન નીપજે એવી શોકભરી સ્થિતિમાં રહેવું; પસ્તાવો કરવો; પસ્તાઈને હારી થાકી બેસવું; રડી રહેવું; પોતાનું કાંઇ ન ચાલવાથી નિરાશ થઈ જવું-રહેવું.

"આર્ય પુત્રની અપ્રસન્નતા પ્રાપ્ત કરવી અને આખરે આંખ ચોળીને રહેવું. અરે પ્રભુ, ગોપ બંધુને તે તેં શાનો ઘડયો છે? ( એમ કહી નિશ્વાસ નાંખેછે )"

સત્યભામાખ્યાન.

**આંખ ટાઢી થવી,** સંતોષ થવો; નિરાંત વળવી.

"કવિના મુખરૂપ ચંદ્રથી, આંખો ટાઢી થાય." ચંદ્રાલોક.

"સગાં તે સોનાનું ઢીમ, આંખ થાયછે ટાઢી હીમ." ચંદ્રહાસ.

**આંખ ઠરવી,** સંતોષ થવો; **આંખ ઠરીને હીમ થવી.** પણ બોલાયછે.

"નાનણિયાં વરકન્યાને જોવાથી આંખો ઠરીને હીમ થાયછે."

પંડિતા જમનાબાઇ.

**આંખ ઠરી જવી,** એટલે આંખ સ્થિર થઈ જવી-મરીજવું.

**આંખ તરવી,** તાવથી આંખ ચળકવી.

**આંખ તળે આવવું,** નજરે ચઢવું.

૨. પસંદ પડવું; નજરમાં આવવું;

"જેનું મન જેશું મળ્યું તેને સુખ તેથી મળે. તે વિના તેથી સારૂં રે, નાવે તેની આંખ તળે." રૂપિરાજ.

Gandhi Heritage Portal

**આંખ દબાઇ જવી,** મરી જવું; મરણ પામવું; અચકીજવું.

**આંખ દેખાડવી,** ધમકી બતાવવી.

**આંખ નીકળી પડવી,** કોઈનું સારૂં દેખી ન ખમાવું; અદેખાઈ આવવી–થવી.

"સહિયર સમાણી મારી ચમન કરે ને નીકળી પડે મારી આંખોરે, માડી જુવાની આ જીરવાય નહિ?"

સરસ્વતીચંદ્ર.

**આંખ પાકી જવી,** કોઇ વસ્તુ બારીકાઇથી વારંવાર જોવાથી આંખને શ્રમ પહોંચવો–થાકી જવું. ( અત્યુકિત )

**આંખ ફરકવી,** પુરૂષની જમણી અને સ્ત્રીની ડાબી આંખ ફરકે તે શુભ, અને તેથી ઉલટું પુરૂષની ડાબી અને સ્ત્રીની જમણી આંખ ફરકે તે અશુભ ગણાયછે. કહ્યું છે કે–

**पुंसांदक्षिणनेत्रस्य,स्फुरणमिष्टमुच्यते**
**नारीणांविपरीतंच, विपरीतंतयो:पुन:**

(આંખનાં પોપચાંએ રહી રહીને ધ્રૂજવું.)

**આંખ ફરી જવી,** ક્રોધાયમાન થવું; ગુસ્સે થવું.

**આંખ ફાટવી,** ગુસ્સો ચઢી આવવો; વેરલેવામાં અથવા સામા થવામાં હાડ જવાનું ડોળ જણાવું.

૨. મસ્તીમાં આવવું.

"આંખો તમારી ભાઈ ફાટતી, જોઇ ડરતા સહુ લોકરે, સામા થતા.–"

કવિબાપુ.

**આંખ ફુટવી,** આંધળા થવું; ન દેખાવું.

૨. આંધળા જેવું થવું;; જોઈ જોઇને થાકી જવું; આંખને શ્રમ પહોંચવો.

૩. બુદ્ધિ પુર:સર વિચાર ન સૂઝવો; ઊંધું કરવું; અવિચારી બનવું; બુદ્ધિ જવી; ભાન ટળવું; મૂર્ખ બનવું; અક્કલ ગુમ થવી.

૪. ધ્યાન જતું રહેવું; લક્ષ ન હોવું.

"વૃંદાવન શોધ્યુંરે, શ્યામા સહુ મળીરે, આંખડિયે આવે ભરિ ભરિ નીર. શોધતાં થાકી રે, ફુટી જોઇ જોઈ આંખડી રે તોય ન મળ્યા વા'લો બળના વીર."

નૃસિંહ મહેતા.

"અંગદ કહે ઉત્તર શે નથી આપતા, ( શકે ) સર્વની આંખ કે કાન ફુટયા."

શામળભટ્ટ

**આંખનું ફુટેલું** એટલે અવિચારી; મૂર્ખ.

**આંખ ફેંકવી,** ઇશારત કરવી; કટાક્ષ ફેંકવાં–મારવાં.

**આંખ ફેરવવી,** ગુસ્સે થવું; કરડી નજર કરવી.

"તે આગળ ધાયો અને આંખ ફેરવીને ફર્ડિનેન્ડને દમ ભીંડવ્યો, અને હુંખરાવ્યો કે તું ગુપ્ત દૂત થઇને મારી પાસેથી આ એટલું રાજ ખુંચી લેવાના ખેતમાં આવ્યો છું."

શે. કથાસમાજ

**આંખ ફેરવીને જોવું** એટલે ચારે પાસ નજર કરીને જોવું. ૨ કરડી નજરથી જોવું.

**આંખ ફેરવી જવી** એટલે ઉપર ઉપરથી જોઇ જવું.

**આંખ ફોડવી,** આંખને શ્રમ આપવો. (કોઈ અગત્યની બાબત વાંચવામાંકે જોવામાં)

"શું છે, શું છે, શું? આવેલા નવીનચંદ્રની વ્હાલી થનારી તે તું નહિ કે? વાંચ આ, અને ફોડ આંખો. કાગળના કટકા ધ્રુજતી કુમુદ ઉપર ફેંકયા."

સરસ્વતીચંદ્ર

**આંખ બતાવવી,** ધમકી આપવી–બતાવવી.

**આંખ ભરવી,** આંસુ આણવાં; રડવું.

**આંખ ભરાઈ જવી,** સંતોષની સાથે મન આકર્ષાવું; તલ્લીન થવું; આંખ ઠરી જવી.

"તેના સર્વ અવયવોનો ઘાટ પ્રમાણસર

Gandhi Heritage Portal

પણ મોટા હતા એટલે જોનારની આંખ એકદમ ભરાઈ જતી. ”

સરસ્વતીચંદ્ર.

**આંખ ભારે થવી,** ( નિદ્રાના દબાણથી અથવા નિદ્રાએ મૂકેલા ભારથી ) સુવાની વૃત્તિ થવી. ૨. અદેખાઈ થવી. ૩. આંખ દુ:ખવાનાં ચિન્હ જણાવાં.

**આંખ મળવી,** ઊંઘવું અથવા ઊંઘની લહેરમાં આવવું. **આંખે આંખ મળવી** એટલે એક નજર થવી.

“ ગોવિંદ રાયને આમતેમ આળોટતાં કાંઇ ચેન પડતું નહિ અને ભોગ જોગે આંખ મળી જાય તો નઠારાં સ્વપ્નથી નિદ્રા વિઘ્નિત થતી હતી. ”

ગુ. જૂની વાર્તા.

“ કયાં રમિયારે વાલમ રાતલડી, લડથડતા હીંડો છેલછબીલા મળી મળી ભમેરે આંખલડી. કયાં. ”

નર્મકવિતા.

**આંખ માંડવી,** ધ્યાન રાખેલી નજરે જોવું.

**આંખ મારવી,** ઇશારત કરવી; કટાક્ષ ફેંકવાં; ઈશકબાજીથી જોવું.

**આંખ મીંચવી,** ઊંઘવાની તૈયારીમાં હોવું અથવા ઊંઘવું.

૨. મરીજવું.

“મીંચાતી મારી આંખ મરણથી, તોય રહે એ કીકી જેમ મીંચી આંખમાંરે–દયાના. ”

સરસ્વતીચંદ્ર.

**આંખ મીંચીને,** આગળપાછળનો વિચાર કર્યા વિના; કશાની દરકાર રાખ્યા વિના; વગર સમજે.

“ સુંદરને હરિનંદે આખો મીંચી જંગલીપણે બહુજ મારી હતી, તે તેમના જાણુવામાં ન હોતું.”

સાસુવહુની લઢાઇ.

“ કેટલાએક તો ઘેટાના ટોળામાં જેમ એક ઘેટું બીજાની પાછળ જાયછે તેમ દેખાદેખી કરેછે ને બીજા કરે તેમ આંખ મીંચીને વગર વિચારે કર્યા જાયછે. ”

નર્મગદ્ય.

“ માળાનો મર્મ નવ જાણે, આંખો મીંચીને મણકા તાણે. ”

કવિ બાપુ.

૨. ઉતાવળે; જલદીથી.

૩. ધ્યાન ધરીને; નિશ્ચય કરીને.

**આંખ મીંચીને અંધારૂં કરવું,** આંધળિયાં કરવાં; આગળ પાછળનો વિચાર કરવાથી જે કામ ન થતું હોય તે વિચાર કર્યા વિના એકદમ કરી નાંખવું;

**આંખ રાખવી** ( ઉપર ), દેખરેખ રાખવી; નજર રાખવી.

**આંખ સારીછે,** અમીદૃષ્ટિ છે; દયા છે; રહેમ નજરછે. ‘આ ડોસાની આંખ સારી છે’

**આંખ હોવી,** મહેરબાની હોવી; દેખરેખ હોવી; નજર હોવી.

“ દેવતાઓ લઢાઇનું પરિણામ જોવાને તત્પર થઇ રહેલાછે; તેઓની આંખ આપણા ઉપર છે, માટે રે શૂરા રજપૂતો, તમારા ક્ષત્રિનામનું સાર્થક કરો. ”

કરણઘેલો.

૩. ઘણુંજ પ્યારૂં હોવું. ( આંખ જેવું )

“ એતો મારી આંખ છે.”

**આંખચાંલ્લો કરવો,** રૂડે અવસરે સ્ત્રીઓને કપાળે ને ગાલે, ઝાડ, પશુ, પક્ષી, વગેરેનાં ચિત્રો, ગુંદરને બળેલાં સોપારીથી કાઢીને તે ઉપર હલકી કટોરી ચોઢવી.

**આંખની કીકી,** કાળજાની કોર; ઘણુંજ પ્યારૂં; આંખની કીકી જેવું વહાલું;

**આંખનું કાચુંછે,** થોડું દેખાયછે; આંખે ઝાંખ મારેછે; આંખનું તેજ કમી થયુંછે.

“ મરવાની અગાઉ સાત આઠ વર્ષ ક-

Gandhi Heritage Portal

વિને આંખવું કાચું થયું હતું ને એ વર્ષ તો તે છેક જ અંધ હતો; "

નર્મગદ્ય.

૨. આંધળું છે.

**આંખનો પાટો,** આંખના પાટાજેવું અ-ણગમતું; અળખામણું એવું જે કંઇ તે.

**આંખમાં અમી છે,** માયાળુ છે.

**આંખમાં આંગળીઓ ઘાલવી,** ભોળવીને છેતરવું-ઠગવું. ( સામો માણસ દેખે-જાણે એમ )

**આંખમાં આંજવું,** છેતરવું; ફસાવવું; ભોળવી નાંખવું; સામાની અક્કલ છેતરાય એ-એમ કરવું.

૨. શરમીંદુ પાડવું; ઝાંખું કરવું; પાણી ભરાવવું; ઢાંકી નાંખવું. (પોતાના કરતાં રૂપ ગુણમાં કમી હોવાથી)

**આંખમાં આવવું,** કંઈક અદેખાઈ સાથે બીજાનું કંઈ લેવાની દાનત થવી; ઈર્ષ્યા થવી; કોઈનું સારૂં દેખી ન ખમાવું.

**આંખમાં કમળો હોવો,** અદેખાઈ હોવી; ઈર્ષ્યા હોવી; અદેખાઈમાં સામાનું સહન ન થતાં તેનું ખરાબ કરવાનો ભાવ હોવો; કોઈનું કાંઈ સારૂં જોયું-સાંભળ્યું ન ખમાય તેવી લાગણી થઈ આવવી. જ્યારે કોઈ માણસને ચાંદા-છિદ્ર-વાંક શોધ્યાં કરવાનો સ્વભાવ પડી ગયો હોય ત્યારે તેને વિષે બોલતાં એમ વપરાય છે કે તેની આંખમાં કમળો છે.

**આંખમાં કરગર આવવી,** ઇર્ષ્યા થવી. અદેખાઈ થવી; સામાનું સારૂં જોઈ દીલમાં ખટક્યાં કરવું; આંખમાં ખુંચવું.

**આંખમાં કુવા પડવા,** નબળાઈથી કે કોઈ એવાજ બીજા કારણથી આંખો ઊંડી પેસી જવી. (અત્યુક્તિ)

**આંખમાં ખુન્નસ આવવી,** ઝેર આવવું; ગુસ્સે થવું; ક્રોધ ચઢવો; વેર લેવાને ટાંપી રહેવું; રોષે ચઢવું; વેર લેવાના જોસ્સાપર આવી જવું.

" મૂળાના ચોરને મેચકાના માર પડે એ રીતે એક કેરીની વિસાત સારૂ કાળીએ કેર વરતાવેલો જોઈ પંથીઓની આંખમાં ખુન્નસ આવી. "

ગર્ધવસેન.

" પ્યાર અને પૈસો એ બે શું ના કરે;
સ્વર્ગ દેખાડે ઘડીમાં નર્ક લેય જો;
ધર્મ કરેને ઘડીમાં ખુન આંખે ભરે;
ભરૂસો એનો સમજી ન કરવો લેશ જો. આ૦

નર્મકવિતા.

**આંખમાં ખુંચવું,આંખમાં આવવું** જુઓ.

**આંખમાં ઝેર આવવું-ભરાવું,** અદેખાઈની સાથે બીજાનું કંઈ લેવાની દાનત થવી; ઈર્ષ્યા થવી.

**આંખમાં ઝેર વરસવું,** ( ક્રોધ ભરેલી આંખની ઉત્પ્રેક્ષા )

**આંખમાં તતડિયા પડવા,** આંખમાં તતડિયા પડવાથી આંખો બળે છે તેમ અદેખાઈથી બીજાનું સારૂં જોઈ બળવું; સામાનું સુખ જોઈ તેવું સુખ પોતાને નથી એમ ધારી મનમાં બળી ઉઠવું. ૨ માઠું લાગવું.

**આંખમાં ધૂળ નાંખવી,** (ધૂળ ઉરાડી આંખમાં નાખવાથી સામો માણસ પોતાની આસપાસ શું બને છે તે જોઈ કે જાણી શકતો નથી, તેમજ તેનું જોર છેક કમી થઈ જાયછે તે ઉપરથી ) પ્રપંચ કરી ઠગવું; ભૂલથાપ આપવી; સામો માણસ છેતરાય એમ કરવું.

" ઠાકોર પડ્યા તે વખત તેણે પોતાને ઓધાન છે એવી ખોટીવાત ચલાવી અને પેટે તાંસળું બાંધી દરબારીઓની આંખમાં ધૂળ નાંખી "

ગર્ધવસેન.

" રૂક્ષ્મણિ-મને એમ લાગેછે કે આપણુ

Gandhi Heritage Portal

સર્વેની આંખમાં ધૂળ નાંખી. એ એનું ધાર્યું કરશે; જો સખિ, એમ થાયતો સામા થવામાં શો માલ રહ્યો ?"

સત્યભામાખ્યાન.

**આંખમાં પાણી આવવું,** રડવું; આંસું આણવાં. ૨. (ધૂમાડો, ગરમી વગેરેથી).

૩. અંતઃકરણમાં દયાની લાગણી થઈ આવવી; ગળગળું થવું; હૈયું પીગળી જવું.

**આંખમાં પિયા આવવા,** અદેખાઈ આવવી; ઈર્ષ્યાને કારણે કોઈનું સુખ દેખી અંતરમાં બળવું; કોઈનું સારૂં ન જોઈ શકવું. (આંખ દુખે છે ત્યારે પિયા આવે છે તે ઉપરથી લાક્ષણિક.)

**આંખમાં ભમરીયો રમવી,** આંખની કીકી ચકોર પણે આમતેમ ફરવી (રૂપક)

**આંખમાં મરચાં લાગવાં,** જુઓ **આંખમાં તડતડિયા પડવા.**

**આંખમાં મીઠું આંજવું**—નાખવું—ભરવું, આંખમાં મીઠું નાંખ્યું હોય તેવી દશાએ પહોંચાડવું; રીબાવવું; કનડવું; બૂમો પડાવવી; સામો માણસ જાણે પણ તેનું કાંઈ ન ચાલે એવી રીતે દુઃખ દેવાની તજવીજ કરવી.

૨. (સામાનું કાળજું બળે એવું આચરણ કરવું. તે ઉપરથી લાક્ષણિક) શરમીન્દુ પાડવું; ઝાંખું કરવું; ઢાંકી નાંખવું; પાણી ભરવું; હરાવવું; થકવવું; ઉતારી પાડવું;

૩. છેતરવું; ઠગવું; ભોળવી નાંખવું; કહેલું ખરૂં માને તેમ કરવું અથવા છાની વાત કહી દે તેમ કરવું; ખોટું સમજાવીને ફાંદામાં આણવું; ભૂલથાપ આપી ફસાવવું.

**આંખમાં મીઠું પડવું,** બળવું. (અદેખાઇથી)

"આ પ્રમાણે થતી ધામ ધૂમથી ગોવિંદરામના ઘરમાં આવી ભરાતી ભૂષણલક્ષ્મી જોઈ નાગરની આંખમાં મીઠું પડ્યું."

ગુ૦ જુની વાર્તા.

**આંખમાં રાઈ ભરાવી,** આંખમાં રાઈ લાગવાથી જેવું દુઃખ થાય છે તેવું સામાનું સુખ જોઈ દુઃખ થવું; અદેખાઇથી પોતાના મનમાં બળવું; કોઇનું જોયેલું સુખ સહન ન થઈ શકવું.

"રાઈ ભરાઈ આંખે, પરસ્પરે ત્યાં ટકે ન મિત્રાઈ; ચોમાસે મરી જાયે, વસંતરૂતુનાં ફૂલો જુઇ જાઈ"

નર્મકવિતા.

**આંખમાં લહેર આવવી,** ઊંઘવાની તૈયારી પર આવવું; ઊંઘની અસર થવી; મંદ મંદ વાયુથી અથવા નિશાના જોરથી આંખ જરા જરા મીંચાવા માંડવી.

આંખમાં લોહી વરસવું, ક્રોધથી આંખો લોહીના જેવી રાતી કરવી—(ઉત્પ્રેક્ષા—ક્રોધનો અભિનય.)

**આંખમાં શનિશ્ચર હોવો,** (શનૈશ્ચર પોતાની વક્ર દૃષ્ટિથી જેને જુએ છે તેનું ખોટું થાયછે એમ જયોતિષ્યમાં છે. એ ગ્રહને ખલ પુરૂષની સાથે સરખાવવામાં આવે છે. प्रचंडा शनैश्चरस्येव खलस्य दृष्टिः તે ઉપરથી) વક્રદૃષ્ટિ હોવી—કરડી નજર હોવી; અદેખાઇ હોવી; જેનું તેનું ખોટું કરવાની વૃત્તિ હોવી.

**આંખમાંથી કાળાં કાઢી જવાં,** (કાળાં—કાળી કીકી.) સામે મોઢે કોઇનું હરણ કરી જવું; સામો માણસ દેખે પણ સમજી ન શકે એવી રીતે છેતરી જવું—ઠગી જવું..

**આંખમાંથી ભાલા કાઢવા,** કરડી નજરે જોવું; કાતરિયાં કાઢવાં; નયનબાણ ફેંકવાં; વક્રદૃષ્ટિ કરવી. (એ અલંકૃત પ્રયોગ કાવ્યમાં વિશેષ વપરાય છે)

"આંખમાંથી કાઢે ભાલા દોહ્યલા,
કાઢે મુખથી કડવાં કડવાં વેણ જો."

નર્મકવિતા.

**આંખે અંધારી બાંધવી,** (બળદ ઘોડા વગેરે અંધારી બાંધેછે તે ઉપરથી.) માયાના



Gandhi Heritage Portal

કે સ્વાર્થના લેપમાં કાંઇ સુઝે નહિ એવી દશાને પ્રાપ્ત થવું; ભાન જવું; શુદ્ધિ જવી એવકુફ બનવું; ખરા ખોટાનો વિચાર ન સૂઝવો. ( માયાની કે સ્વાર્થની )

૨. ભમાવવું; આડું અવળું સમજાવી ફસાવવું.

૩. છેતરવું; ઠગવું.

**આંખે આંખ મળવી,** ઊંઘવું. **આંખની સાથે આંખ મેળવવી** પણ બોલાયછે. આ અથવા **આંખમળવી** વિશેષ વપરાય છે.

૨. નજર એક થવી

**આંખે આવવું,** અદેખાઇ આવવી; આંખમાં નડવું; ઈર્ષ્યાને લીધે કોઈનું કંઈ સારૂં દેખી ન ખમાવું. **આંખમાં આવવું** પણ બોલાયછે.

**આંખે ઉડીને બાઝે એવું;** મન હરીલે એવું; મનહરણ; મનોરંજક; સુંદર; ખુબસુરત; નાજુક–કુમળું.

"ઉડીને આંખે બાઝે એવા રંગની કસબી કોરની સાડી વિદ્યાગૌરીએ ઓઢી હતી." એ બહેનો.

"પોતાનો ઇનસાફ ભાગીઆઓને પસંદ પડયો એ જોઇ, એ અજ્ઞાનભટ જેમ ખુશી થયો તેમ ઉડીને આંખે બાઝે એવાં તાજાં પીળાં ધર્મક જેવાં બસેં પુતળીઆંની ઢગલી જોઇ તે આનંદમાં આવી ગયો." ગર્ધવસેન.

**આંખે ચઢવું,** અદેખાઇ થાય એવી રીતે કોઈ બીજાને દેખાવું.

**આંખે તળાવ–પાણીઆરાં** બાંધવાં, વારંવાર આંખમાંથી આંસુ આવવાં કે આણવાં.

**આંખે પાટા બાંધવા,** કાંઈ ન સૂઝે એવી દશાને પ્રાપ્ત થવું; અક્કલ–શુદ્ધિજવી.

૨. ભમાવવું; પેચમાં આણવું; ભોળવી નાખવું.

**આંખેથી પાટા છોડવા,** ગયેલી શુદ્ધિ પાછી આણવી; બુદ્ધિ પુરઃસર વિચાર કરવો; અજ્ઞાન, માયા કે સ્વાર્થનો લેપ ન રાખતાં બુદ્ધિ વાપરી વિચારવું.

**આંખો અવળી થવી,** મૂળ અર્થ બેશુદ્ધ થવું તે ઉપરથી છેકજ અશક્ત થઈ જવું; મરણ તોલ થવું. ( અત્યુક્તિ ).

'આ કામ કરતાં કરતાં તો તારી આંખો અવળી થશે.'

**આંખો ઊંચી કરાવવી,** અધીરાઈ ઉત્પન્ન કરાવવી.

૨. (ક્રોધમાં)

૩. દુઃખ દેવું; અતિશય સંતાપવું.

**આંખો ઊંચી ચઢી જવી,** ( ક્રોધમાં કે ગર્વમાં.)

**આંખો ઊંચી જતી રહેવી,** ગર્વ થવો; મગરૂરી ધરવી.

**આંખો ઓચીએ જવી** પણ બોલાયછે

**આંખો ઓચીએ આવવી,** છેકજ અશક્ત થઈ જવું; મરણતોલ થવું.

**આંખો ઓચીએ જવી,** કોઇની તરફ નરમ નજરે ન જોતાં પોતાના તોરમાં–મગરૂરીમાં રહેવું; **આંખો ફરી જવી.**

૨. વિસ્મિત થવું; અજાયબી પામવી.

૩. મરણતોલ દશાને પ્રાપ્ત થવું,

**આંગણું ઉઠવું,** નેસંતાન જવું; વંશની સમાપ્તિ–નિર્વંશ થવો; ઉછેદીયું થવું; ઉખડી જવું.

૨. ખરાબ ખસ્ત થઈ જવું.

**આંગણું ઘસી નાંખવું,** આંગણું ઘસાઈ જાય એટલી વખત ઘરમાં આવ જા કરવી.

"હજારો વરસ થયાં આવનારા જાત્રાળુ લોકોએ મારૂં આંગણું ઘસી નાખ્યું હતું." કરણઘેલો.

**આંગળાં કરડવાં,** પસ્તાવો દર્શાવવો. ( ભૂલ થાવાથી )

"ઘણા પુરષોએ મારો અભ્યાસ જોઈ આંગળાં કરડયાં છે." નવી પ્રજા.

Gandhi Heritage Portal

**આંગળી આપવી,** ઉશ્કેરવું; ઉત્તેજન આપવું; પ્રેરણા કરી જગાડવું—ઉભું કરવું; સાંસણી કરવી.

**આંગળી ઊંચી કરવી,** પરમેશ્વર સિવાય બીજા કોઇનો આધાર નથી એમ આંગળી ઊંચી કરી જણાવવું; તે ઉપરથી ) દેવાળું કાઢ્યું છે અથવા કાઢવું છે–પાસે કાંઈ નથી એમ બતાવવું.

**આંગળી કરવી,** ( સામે ) ભૂંડું કર્મ કરનાર અથવા ફલાણું આ છે એમ કોઇને કહી દેખાડવું; ફજેતી કરવી;

૨. ચાળા પાડવા; અડક્યાં કરવું; અટકચાળું કરી ચીઢવવું.

" ચંદા—વાંઝીયાનો તે અવતાર છે ! વાંઝણી કહી સૌ આંગળી કરે છે તે મારાથી નથી ખમાતું."

સાસુવહુની લડાઈ.

૩. ઉશ્કેરવું.

**આંગળી ખુંપવી,** પોલું દેખી ફાવી જવું; બહારના ભભકાનું હોઈ અંદરથી ખાલી–કાચું હોવાથી પ્રવેશ થઈ શકવો.

" પ્રિયા, ચતુરભાઇના બંદોબસ્તમાં કોઈની આંગળી ખુંપે એમ નથી."

સરસ્વતીચંદ્ર.

**આંગળી થવી ( સામે ), ફજેતી થવી,** "તેની સામે આંગળી થાય છે."

**આંગળીના વેઢાપર,** એક પછી એક એમ ગણી શકાય એવું; મોઢે; સ્મરણ શક્તિને યોગે અમુક બાબત જરૂરને પ્રસંગે મનમાં ગોઠવાઈ જાય એવું; તૈયાર.

" ફિલસુફીના સર્વ સિદ્ધાંત સારી પેઠે જાણું છું; સઘળી પવિત્ર વાર્તાઓ આંગળીના વેઢાપર છે, તેમ ફક્કડ કવિરાજ પણ છું."

અરેબિયન નાઈટ્સ.

**આંગળીને ટેરવે,** આંગળીનાં ટેરવાંથી તરત ગણતરી થઈ શકે એવી ગણીગાંઠી બાબતને વિષે બોલતાં વપરાય છે,

**આંગળીને ટેરવે નચાવવું,** જેમ નજરમાં આવે તેમ કોઇની પાસે કામ કરાવી થકવવું; વશ કરી પોતાના કબ્જામાં રાખવું; પોતાની મરજી મુજબ વર્ત્તાવવું; આધીન કરી નાંખવું; કોઈનાપર પુરતી સત્તા ભોગવવી.

" જો બુદ્ધિધન રાજબાની વૃત્તિમાં સામેલ થયો હોત તો ભૂપસિંહને આંગળીના ટેરવાપર તે રમાડી શકત."

સરસ્વતીચંદ્ર.

**આંગળીપર નચાવવું** પણ બોલાય છે.

**આંગળીપર રાખવું,** વશ કરી પોતાના કબ્જામાં રાખવું; પોતાની મરજી મુજબ વર્ત્તાવવું; મરજીમાં આવે તેવું કામ કરાવી કોઇને થકવવું; ધાકમાં રાખવું.

૨. ઉમળકાથી પાસેનું પાસે રાખવું; નજર તળેથી વેગળું ન કરવું; લાડમાં રાખવું; રમાડવું; અછો અછો કરવું; ( સ્નેહમાં ) 'હું તેને આંગળીપર-ને આંગળીપર રાખું છું.'

**આંટીમાં લેવું,** સપાડાવવું; દાવ પેચમાં આણવું.

**આંતરડાં ગળે આવવાં,** (ઘણી મહેનત પડવાથી કે ઘણુંજ દુઃખ સહન કરવાથી)આંતરડાં ખસવાં–પાંસળામાં દુઃખ થવું. (અત્યુક્તિ)

**આંતરડાં ઊંચાં આવવાં** પણ બોલાય છે.

**આંતરડાં રંગવાં,** નસો ફાટે એટલો બધો માર મારવો.

૨. દુઃખ દેવું; ઘણુંજ સંતાપવું.

**આંતરડાની માયા,** નાજુક પ્યાર; અંતઃકરણનો પ્રેમ.

**આંધળા પાટા બાંધવા,** ( આંખે પાટા બાંધી આંધળું કરવું તે ઉપરથી લાક્ષણિક અર્થે ) કાંઈ સૂઝવા ન દેવું; સામાના મનમાં ખરી વાત ન આવે એમ કરવું; સામાને ખરા ખોટાનું ભાન ન રહે તેવું આચારણ કરવું;

Gandhi Heritage Portal

અક્કલ છેતરાય એમ કરવું; ભોળવી નાંખવું; ભમાવવું.

" રાજગુરૂઓએ તેને શાંત પાડવાને ઉપદેશ કર્યો પણ તેના ઉત્તરમાં તે બોલ્યો કે માયાનાં પડળ મારી આંખે હતાં તે ગયાં છે હવે હું અંધ નથી; રે સ્વાર્થીઓ, આંધળા પાટા બાંધી મને ભમાવો માં."

વનરાજચાવડો

**આંધળાની આંખ,** આંધળાને આંખ જેવી પ્રિય છે તેવું ઘણું વહાલું અને જરૂરનું.

**આંધળાને સૂઝે એવું,** સ્પષ્ટ; ચોખ્ખું; ખાંચખુંચ વિનાનું. મુખ્યત્વે અક્ષરને વિષે બોલતાં વપરાય છે.

**આંધળી ગાય,** આંધળી ગાયના જેવું ગરીબ, નિરપરાધી અને અસીલ ( માણસ. )

**આંધળીઆં કરવાં,** સારા માઠાનો વિચાર ન કરતાં એકદમ કૂદી પડવું.

**આંધળું ભીંત,** બેભાન; ભીંત જેવું સ્તબ્ધ; દિઙ્મૂઢ; હાલે ચાલે નહિ એવી રીતે વિચારમાં ગુમ થયેલું.

"એ પ્યારે મને આંધળો ભીંત કરી નાંખ્યો હતો." અરેબિયનનાઈટ્સ.

"આંધળાં ભીંત કરી નાંખ્યાં આહીરડે, હાંરે સખિ ઝાઝું કહેતાં વન જઈએ. ગોવાળિએ ઘેલાં કીધાંરે."

બોધચિંતામણિ.

**આંધળું વાજું,** બધા જ આડું વેતરનાર હોઈ કામને ખરાબે ચઢાવનાર કે કથળી નાંખનાર ઈસમોની ટોળી.

**આંધળો ધંધો,** જેમાંથી બીજી તરફનું કાંઈ મળતર ન હોય તે.

**આંબા ગોડી નાંખવા,** આંબા ગોડવા—ખોદી નાંખવા જેવું કાંઈ નુકશાન કરવું કે ખરાબી કરવી. "આંબા ગોડી નાંખજે જા" એટલે કે તારાથી જે થાય તે કરી લેજે.

**આંબો લેવો,** ફરતા ભમરડાની દોરી વતે તેને ઊંચો ઉછાળીને ઝીલી લેવો.

**આકડા વાવવા,** લડાઈનું મૂળ રોપવું. "તેણે તો બધે આકડા વાવ્યા" છે એટલે તેને કોઈની સાથે બનતું નથી.

**આકડાના તૂરની માફક ઉડી જવું,** જોતજોતામાં ખરાબખસ્ત થવું; પાયમાલ થઈ જવું; ખરાબેહાલ થવું.

૨. ગુમ થવું, મરી જવું.

" તેં તો જાણ્યું જે રમુજો કરશું રૂડીરે,
એક દિન આકડાનાં તુરતો જશે ઉડીરે,
તેં તો જાણ્યો છે શરીર ઠાઠ સાચનોરે."

બોધચિંતામણિ.

" વાત વિવેકની તે તું શઠ શું લહે, જંગલી જાટ કુડાં કર્મ કૂટે; આકડાના તૂરની પેઠે ઉડી જશો, જે દિવસ માહરાં બાણ છૂટે." અંગદવિષ્ટિ.

**આકરો રૂપિઓ,** નઠારી વસ્તુના વધારે ભેગ વાળો ( રૂપિયો. )

**આકાશ ચઢી આવવું ( દુઃખનું ),** માથે દુઃખ ઝઝુમવું; દુઃખે ઘેરાઈ જવું. રસ્તો ન સૂઝે એવું સામટું દુઃખ આવવું.

**આકાશ પાતાળ એક કરવું,** મોટી ઉથલપાથલ કરવી; ચક્કર ફેરવી નાંખવું; ગજબ કરી નાંખવો.

૨. મહાપ્રયાસ કરવો; અતિશય પ્રયત્ન કરી અસાધ્ય કામ સાધ્ય કરવું; અસંભવિત કાર્યની સિદ્ધિ કરવી.

**આકાશ પાતાળ એક થઈ જવું,** પ્રલય થવો. મોટો ગજબ થઈ જવો. ઘણી મુશ્કેલી પડવી; અતિશય સાંકડમાં આવી પડવું; અજબ સાથે ગજબ થવો.

" જે દ્વાર ઉઘાડવા જતાં આકાશને પાતાળ એક થઈ ગયાં હતાં તે દ્વાર પળવારમાં પગવડે હડસેલી ઉઘાડ્યું, અને પોતે અંદર આવી ઉભો."

૨. ઘણાજ ગર્વિષ્ટ અને મગરૂર માણસને વિષે બોલતાં વપરાય છે. "એને તો આકાશ પાતાળ એક છે."

Gandhi Heritage Portal

**આકાશ પાતાળ ફરી વળવું,** આફત આવી પડવી; દુઃખે ઘેરાઈ જવું.

**આકાશ હેઠું આવવું,** ગમે તેવું ન થવા જેવું કામ હોય તોપણ સિદ્ધ થવું; અશક્ય વાત કે બનાવની સિદ્ધિ થવી; અજબ સાથે ગજબ થઈ જવો.

"મોહિની, તમે ધારો તો આકાશ હેઠું આવે! મારા જેવા લુંડાઓ તમારી સેવામાં સદા તત્પર છે."

ગુ. જુની વાર્તા

**આકાશના તારા ઉતારવા-ઉખાડવા,** મહા ઉત્પાત કરવો; અજબ સાથે ગજબ કરવો; ઉલ્કાપાત કરવો.

**આકાશનાં પક્ષી ઝાલવાં,** અસંભવિત કામ કરી અજાયબી ઉપજાવવી; મહાભારત કામ પાર પાડવું.

"જેશું તેની વૃત્તિ માફક ચાલીએ જો,
એ રીતે તો પક્ષી ગગન તણાં ઝાલીએજો;
હાજી હાજી સરખી મોહિની એકે નહિજો,
અમૃત શર્કરા તે રસના મહીં છે સહીજો.
મારગ." કવિ દયારામ

**આકાશની શાથે વાતો કરેછે,** વૃક્ષ, મકાન વગેરેની અતિશય ઊંચાઈ દર્શાવવામાં અતિશયોક્તિ તરીકે વપરાય છે.

"ઈડર ગઢ ઉપર રાજાઓનો બંધાવેલો અને આકાશમાં વાતો કરતો હોય તેવો એક રાજમહેલ હતો." ગુ૦ જુની વાર્તા

**આકાશને અડે છે** એમ પણ બોલાયછે.

**આકાશમાં ઉડવું,** અલોપ થઈ જવું; ગુમ થઈ જવું; જતું રહેવું, અદશ્ય થવું.

૨. વ્યર્થ જવું; ફળ પ્રાપ્તિ ન થવી; નિરર્થક જવું;

૩. ફુલાવું; વખાણથી મગરૂર થવું.

**આકાશમાં ચઢાવવું,** વખાણ કરી ઊંચે ચઢાવવું-ફુલાવવું

**આકાશમાં ચઢયો-જઈ પહોંચ્યો,** જ્યારે કોઈ માણસ વાતોના તાનમાં નિમગ્ન થઈ મનોરાજ્યમાં મહાલતો હોય ત્યારે તેને વિષે બોલતાં એમ વપરાયછે. ૨. ફુલાવું; મગરૂર થવું.

**આકાશમાં ચંદરવો બાંધવો,** મોટું પરાક્રમ કરી ઠેર ઠેર કીર્તિ ગજાવી મૂકવી; બેહદ પરાક્રમ કરી વાહવાહ ફેલાવવી; દેશેદેશ નામ કરવું.

**આખર સરવાળે,** પરિણામે.

**આખરસ્સાલ,** છેલ્લો અવસર; મરણ નજદિક હોય એવો સમય.

**આખલા ઉધામી,** આખલાના જેવી મસ્તી-તોફાન.

**આખા ગામનો ઉતાર,** ગામનું ખરાબમાં ખરાબ માણસ; ગ્રામકંટક; આખા ગામમાં ઘણુંજ અળવીતરૂં અને દુષ્ટમાં દુષ્ટ માણસ.

"તમારી દીકરીની નણંદ પણ વઢકારી ને આખા ગામનો ઉતારછે. એમ મારે કહેવું પડેછે; પણ હોય, સંસાર છે તે એમજ ચાલે." બે બહેનો.

"નણંદ બોલી, અંબા માશી, એ તો હતો નહિ પણ પેલી તમારી અંબાગત્રરી આખા દેશનો ઉતાર છે તેણે બેસાડ્યાં હશે." સાસુવહુની લડાઈ.

**આખાં હાડકાં,** કામથી કંટાળે એવા કે મહેનત કરવામાં કાયર માણસને વિષે બોલતાં વપરાય છે. **હાડકાનું આખું** એમ પણ બોલાય છે.

**આખી અણીએ,** સહીસલામત; જરાપણ આંચ લાગ્યા સિવાય; લેશ માત્ર નુકશાન ખમ્યા સિવાય; અણિશુદ્ધ; એક વાળ પણ વાંકો થયા વિના.

"ભાઈ જેશા, તમે આજે જે કર્યું તેવું કોણ કરશે ? દુશ્મનના દલમાંથી આખી અણિયે તમે જ અહીં લાવો."

પ્રતાપનાટક.

Gandhi Heritage Portal

**આખોને આખો કરડી ખાઈશ,** એમ જબરી ધમકી આપતાં બોલાય છે;

**આગ ઉઠવી,** પાણી ફરવું; વ્યર્થ જવું; ફના થવું; એળે જવું. ( પૈસામાં, જીવતરમાં ) કંટાળો, ધિક્કાર કે તિરસ્કારમાં બોલાય છે.

**આગ મૂકવી,** મડદાને દહનક્રિયા કરવી.

**આગ ફાકવી,** ક્રોધાગ્નિ પ્રસરવો. ( નખથી તે શીખા સુધી )

**આગ લગાડવી,** કજીઓ કરવો.

**આગ લાગવી,** ( ધાન્ય વસ્ત્રને ત્યાં ), ઘણું મોઘું થવું. **આગ લાગો** એટલે બળી જાઓ, એમ બેદરકારીમાં કંટાળામાં બોલાય છે.

**આગ વરસવી,** ( અંતરમાં ) અસહ્ય દુઃખ થવું; બળતરા થવી.

"છોકરો કપૂત ઉઠયો તેથી જાણે મારા કાળજામાં આગ વરસી રહે છે."

૨. આંખમાં ઝેર વરસવું; કોઇનું સારૂં દેખી બળવું;

૩. ક્રોધ વ્યાપવો; ખુન્નસ ભરાવી.

૪. ઉનાળામાં બપોરનો સખત તાપ પડે છે ત્યારે એમ બોલાય છે, કે 'બારણે તો આગ વરસી રહી છે.'

**આગવું ડહાપણ ડોળવું,** પતરાજ ખોર થવું; સમજ વિના માથું ઘાલવું; દોઢડાહ્યા થવું.

**આગળ થયાં,** મૂકીને મરી ગયાં.

**આઘા ખસવું,** જરા લાંબો વિચાર કરવો; દીર્ઘ દૃષ્ટિ પહોંચાડવી; વધારે ઊંડા ઉતરીને વિચારવું-જોવું; તર્ક પહોંચાડવો.

"સાચો નથી જૂઠો નથી, જેમ બેલને બેલનો કંધ; એતો વાત એવીરે, જાણે જનજે આઘો ખસે." ભાખો.—

કવિ બાપુ.

**આઘું ઓઢવું,** લાજ કાઢવી ( સ્ત્રીએ. )

૨. સ્ત્રીની પંક્તિમાં આવવું.

**આઘું કરવું,** વાસવું; દેવું. (બારણું )

૨. દૂર કરવું; તજવું; વર્જવું; છોડીદેવું; ખસતું કરવું;

૩. અળખામણું કરવું; ડાચું કરવું.

**આઘું જઈને પાછું પડવું,** પોતાની જ ભૂલથી ખમવું; પોતાના દોષથી પાછળથી પસ્તાવું.

**આઘુંપાછું કરવું,** દૂર કરવું; સંતાડવું; છુપાવવું.

**આઘુંપાછું જોવું,** ચતુર્દિશાનો વિચાર કરવો; ભવિષ્યનો વિચાર બાંધવો; તર્ક પહોંચાડવો; પરિણામ આંકવું;

"સ્ત્રીઓ પ્રેમના આવેશમાં મૂર્ખાઈનાં કામ કરવામાં આઘુંપાછું જોતી નથી."

શે. કથાસમાજ

"કેટલાક શ્રીમંત હોયછે, તે પુષ્કળ એશ આરામમાં પડી અને દુર્વ્યસનમાં ગરકાવ થઇ આઘુંપાછું કાંઈ ગણ જોયા વગર પૈસાની રેલ છેલ કરી મૂકેછે."

અરેબિયન નાઇટ્સ.

**આઘુંપાછું થવું,** દૂર થઇ જવું; સંતાવું; ( ડરથી કે કંટાળાથી )

**આછો પાતળો,** લાંબા મળતર વિનાનો. ( ધંધો )

**આજકાલ કરતાં,** થોડે થોડે દહાડા જતાં.

"આજ કાલ કરતાં તેને પચીસ વર્ષ થયાં."

**આજકાલ કરવી,** વાયદા કરવા.

**આજકાલનું,** થોડી મુદતનું; થોડા વખતનું; તાજું.

"તારા જેવા આજ કાલના છોકરા સાથે જાણી જોઇને મરવા કોણ આવવાનું છે?"

કરણઘેલો.

**આજની ઘડીને કાલનો દહાડો,** કદી નહિ. (વાયદા કરવામાંજ વપરાય છે ).

**આટાલૂણમાં ખપવું,** નિરર્થક જવું; નિરૂપયોગી થવું; વ્યર્થ જવું; બર ન આવવું.

Gandhi Heritage Portal

(રસોઇમાં જેમ આટા લૂણનું લેખું કે ગણના થતી નથી તેમ અમુક કાર્ય કે મહેનતની ગણના ન થવી.)

"રાગ વિનાનો આરડે, નિર્ધનીઓ ફુલાય, નબળો સબળાને ગુણ કરે તે આટાલૂણમાં જાય."

કહેવતસંગ્રહ

**આટો ઉડવો,** સંહાર થયો હોય તેવી દશાને પ્રાપ્ત થવું; ઘાણ નીકળી જવો; અડદાળો નીકળવો; મહેનત કરી કરીને થાકી જવું; હાડકાં પાંસળાં નરમ થઇ જવાં; હેરાન થવું.

"મોચી કહે અમે કોપ્યા તો ઉડશે એના આટા; ખરે બપોરે જવું પડે તો પગે બાંધશે પાટારે, વસ્તીના."

વેનચરિત્ર.

**આટોકૂટો કરવો,** છુંદી નાખવું; સંહાર કરવો.

૨. ઠેકાણે કરવું; પૂરૂં કરવું.

**આટો ને આવરદા એક થવો,** (આટાની પેઠે આવરદાની નાશ રૂપ સ્થિતિ થવી, તે ઉપરથી) સંહાર થવો; હાડકાં પાંસળાં નરમ થવાં; છેકજ થાકી જવું. (અતિશય મહેનતથી કે માર ખાધાથી)

**આટો નીકળી જવો,** ઘાણ નીકળ્યો હોય–સંહાર થવો હોય તેવી દશા થવી; છુંદાઇ જવું; દુર્દશા થવી.

૨. નરમ ઘેંશ થઇ જવું; છેકજ થાકી જવું. (ઘણી મહેનત, ઘણો માર કે ઘણું નુકશાન ખમવાથી)

"તરીલાં તાણી તાણીને આટો નીકળી જશે એ ભયથી ગરીબ લોક ધનવાનથી વેગળા રહેવા ઇચ્છે છે."

બે બહેનો

"હતૂભાગી નિજ શેઠ સમીપે ખૂબ તરીલાં તાણે, કામ કરી આટો નીકળે પણ જગદિશ્વર નહિ જાણે; આખર એ તો એ વારે, જેવી સરિતાની શીલા.–હૃદયે."

ધીરોભક્ત.

**આઠ આની,** (૮ આના=ાા અડધો રૂપિયો તે ઉપરથી) અડધું; પચાસ ટકા; ½ ભાગ.

**સોળે સોળ આની** એટલે પૂરેપૂરૂં–સઘળું.

**આઠે અંગે,** સર્વાંગે; સંપૂર્ણ; સાંગોપાંગ. (છાતી, માથું, નજર, વાણી, મન, પગ, હાથ, અને ઘુંટણ, એ આ આઠ અંગ ગણાય છે તે ઉપરથી)

"ચારૂમતિ–પ્રિય પતિ? વારૂ, જો સત્યભામાનું કૃષ્ણદેવ વેરે કરીએ તો કેમ? એમની મરજી તો આઠે અંગે છે, જો તમે તે દહાડે એને કપટ કરી ના લાવ્યા હોત તો આટલે તો ક્યારનાં પણ લગ્ન થઈ ગયાં હોત."

સત્યભામાખ્યાન.

"આપે જુક્તિ બતાવી તે અમારે આઠે અંગે કબૂલ છે"

પ્રતાપનાટક.

**આઠે ગાંઠે,** સંપૂર્ણ રીતે.

'આઠે ગાંઠે વિચાર કરવો.'

**આઠે પહોર ને બત્રીસે ઘડી,** સતત; નિરંતર; હમેશાં; રાત દિવસ.

"પામર નર નારીશું પ્રીતિ,
નીતિ નહિ હરિના નામમાં;
પહોર આઠે ને બત્રીસ ઘડી,
કલ્પનાના કામમાં."

ભોજો ભક્ત.

**આઠે સિદ્ધિ ને નવે નિધિ,** સંપૂર્ણ સુખ.

'એને ત્યાં આઠે સિદ્ધિ ને નવે નિધિ છે.'

**આડનું દોઢ કરવું,** કંઈનું કંઈ કરવું; કરવાનું કંઈ ને તેથી ઉલટું કરવું; અવળનું સવળ કરવું; અયોગ્ય રીતે વર્તવું; ગમે તેમ કરી બગાડી નાંખવું.

Gandhi Heritage Portal

"બેઉ એ જોવા ન રહી, આડતું દોઢ કર્યું."

મુદ્રારાક્ષસ.

૨. વધારી વધારીને કહેવું; અતિશયોક્તિથી લંબાવીને કહેવું; ચોળી ચોળીને ચીકણું કરવું.

**આડા પડવું,** વચમાં હરકત–અડચણ નાંખવી.

૨. સૂઈ રહેવું.

**આડી ખીલી,** વચ્ચે અડચણ કર્તા એવું જે કંઈ તે; નડતર.

**આડી જીભ કરવી,** આડું બોલીને વચમાં હરકત નાંખવી.

**આડી વાટની ધૂળ,** ( સરિયામ રસ્તાની નહિ, પણ આડી વાટની કે જે જડે જ નહિ; તે ઉપરથી. ) કંઈજ નહિ; ફાંફાં.

**આડું અવળું લેવું,** ઉધડું લેવું; ખુબ ઠોક દેવા; ઠપકો દેવો. "એને મેં આડો અવળો લીધો."

**આડું ઉતરવું,** વચમાં હરકત નાંખવી.

**આડું તેડું વેતરવું,** ઉલટું–ઊંધું કરી બગાડી નાંખવું; ગમે તેમ કરવું; ખરૂંખોટું–ગરબડીઉં કરી મેલવું; **ઊંધું વેતરવું** પણ બોલાય છે.

**આડું પડવું,** રીસ ચઢવી; વાંકું પડવું; માઠું લાગવું. ( અણગમતી વાતથી કે ઉલટું સમજવાથી. )

**આડું ફાટવું,** એકાએક આડે રસ્તે જવું. (વચમાંથી.)

**આડે આવવું,** વચમાં પડવું; ચાલતી વાત જરા અટકાવી બીજી કાઢવી.

૨. સંકટ સમયે સહાય થવું; મદદે આવવું; વહારે ચડવું. ( પુણ્ય આડે આવવું.)

૩. કનડવું; નડવું; હરકત કરવી. (આ મને રોજ આડે આવ્યાં કરે છે. )

"અમાસ, દૈવ આડે આવ્યું ને એ ન મૂઓ."

મુદ્રારાક્ષસ.

"મોઢે ચઢાવેલો અને એકલશૂરો જાણીને રાજા તેને સ્વચ્છંદીપણે વર્તવા દેવામાં ઘણી વખત આડે આવતો હતો."

અરેબિયનનાઈટ્સ.

**આડે દહાડે,** નિર્મેલા કે સુપર્વના દિવસ સિવાયનો બીજો કોઈ દહાડો.

"આડે દહાડે જોર ન ફાવ્યું,
આજ હોળીનું ટાણું;
ઘણા દિવસની ગુહ્ય રીસ તે,
આજ ઉકેલો જાણું.—
લાલજી આંખોમાં ઉડે ગુલાલ."

કવિ દયારામ.

**આડે હાથે,** ખોટે રસ્તે; અપ્રમાણિકપણે; બદદાનતથી; છૂપી રીતે.

"ઘેલાભાઈને સાહેબે દીધેલી શીખામણ યાદ હતી. તેમ તેની દાનત પણ મૂળથી પાક હતી; તેથી તેને આડે હાથે પૈસા ઉસરડવા પસંદ નહોતા."

બે બહેનો.

**આડો અવળો હાથ પડવો,** ચોરવું; ચોરીથી મેળવવું.

૨. ગમે તેમ કોઈનાં ઊંધાં ચત્તાં કરી સારી પેઠે ચોતરફથી કમાવું.

"આડો અવળો હાથ પડ્યા વગર પૈસાદાર ન થવાય."

**આડો આંક વાળવો,** ( આડો આંક કરી હદ દર્શાવાય છે તે ઉપરથી લાક્ષણિક. ) અવધિ કરવી; હદ વાળવી; તોબા કરવી.

"ભભૂત ચોળીને શિવજી,
વાળ્યો આડો આંકરે;
એવાં એવાં લક્ષણે,
પાણી ન પાઉં ટાંક રે.

નરસિંહ મેહેતા.

**આડો હાથ કરવો–ઘાલવો,** વચ્ચે અંતરાય કરવો; અડચણ કરવી–નાંખવી.

**આણા સુખડી આપવી,** ( આણા રૂપી સુખડી ) રજા આપવી.

Gandhi Heritage Portal

"ત્રિલોચના સાં તાતનેરે,
માત જણાવી વાત;
આપો આણા સુખડી,
હરખિત તે તો થાત.–જીવનજી"

શીલવતીનો રાસ.

**આણું કરવું,** છોકરીને સાસરે મોકલવી.

" એક વચન કરતાં **આણાં વાળવાં,** એમ બહુવચનમાં વિશેષ બોલાય છે.

**આદરણી ચઢાવવી,** વેવિશાળ થયા પછી વરને ઘેરથી કન્યાને લૂગડાં, ઘરેણાં વગેરે કરવાં.

**આદાપાક આપવો,** માર મારવો. (વાંકામાં)

**આદુ કાઢી નાખવું,** ગરમ જોસ્સો કમી કરવો; નાદ ઘટાડવો; નરમળું પાડવું; થકવવું; શાંત પાડી દેવું.

**આદુ ખાઇને મંડવું,** આદુ બહુ ગરમ હોય છે તે ઉપરથી લાક્ષણિક અર્થે આતુરતાથી ચાનક રાખી જોસ ભેર કામ કર્યા કરવું; મંડયાં રહેવું; ખંતે પડવું;

૨. જોસ્સામાં આવીને કોઈની ભૂલ ખોળ્યાં કરવી; ખણખોજ કરવી; ખંતથી કોઇના દોષ કાઢયા કરવા;

૩. ચાનક રાખવી.

**આફલાતુનની દીકરી સ્તો જાણે,** (મહાન તત્વવેત્તા પ્લેટો પોતાના અનુપમ શાણપણને લીધે ઈશ્વિરી આફલાતુન કહેવાતો હતો તે ઉપરથી) મોટાઈ અથવા ગર્વવાળી આગ્રહી દીકરી, સ્ત્રી વગેરેને વિષે બોલતાં વપરાય છે.

**આબરૂના તો ગાડે ગાડાં જાય છે,** નામીચા લુચ્ચાને વિષે બોલતાં એમ વપરાય છે. (વાંકામાં).

**આબરૂના કાંકરા,** આબરૂની ધૂળધાણી; માન પ્રતિષ્ઠાની હાની; ફજેતી; બેઆબરૂ.

**આબરૂપર હાથ નાંખવો,** કોઈની આબરૂ લૂટવાનો યત્ન કરવો; બેઆબરૂ થાય એમ કરવું; આબરૂ કલંકિત કરવી; કોઈની આબરૂ લેવા તજવીજ કરવી.

" અમીર લોકોનાં વતન જવા લાગ્યાં; અને તેમની આબરૂ પર હાથ નાંખવા માંડયો, એટલે તેઓ બહારવટું લઈ બેઠા."

ગર્ધવસેન.

**આભ જમીન એક થવી,** ઉત્પાત થવો; મોટો અનર્થ થવો; મોટો પ્રલય થવો.

"જીવરાજ–નહિ, નહિ ! પાઘડી બાઘડી ઉતારશો નહિ. આભને જમીન એક થાય, તોપણ અમારે તમારે ઘેર આવવું નથી."

મિથ્યાભિમાન નાટક.

૨. ગજબ થઈ જવો; મહા મુશ્કેલી આવી પડવી. 'આ કામ કરતાં કરતાં તો મારે આભ જમીન એક થઈ.'

**આભ જમીનનો ફેર,** (આભને જમીન વચ્ચે જેટલું અંતર છે તેટલું અંતર; તે ઉપરથી) ઘણોજ તફાવત.

**આભ જેવડું,** મોટું. (દિવસ–કામ વગેરે.)

**આભ તૂટી પડવો,** એકાએક દુઃખનું વાદળ માથે આવી પડવું; અતિશય સંકટમાં ઘેરાઈ જવું; ગજબ થવો.

"ખાતી પીતી ખાંતે ખેલતી,
કશી ન સમજું વાતજી;
ઓચિંતો આભ તૂટી પડયો,
અતિશય થયો ઉત્પાતજી."

વેનચરિત્ર.

**આભ પડવો** એકલું પણ વપરાય છે.

"શૂરવીર તે હિંમત ધરીને,
આભ પડે નવ હારેજી."

નર્મકવિતા.

**આભ ફાટવું,** (મૂશળધાર વરસાદ જ્યારે એકદમ તૂટી પડે છે, ત્યારે આભ ફાટયું એમ કહેવાય છે, તે ઉપરથી દુઃખના સંબંધમાં) અકસ્માત્ પુષ્કળ દુઃખ આવી પડવું; દુઃખનું વાદળ તૂટી પડવું; અપાર સંકટ આવી



Gandhi Heritage Portal

પડવું; જેમ આભ ફાટ્યું હોય તેને ઠીંગડું દેવાય નહિ, તેમ એવાં સામટાં દુઃખ ઉપરાઉપરી અચાનક આવી પડવાં કે રસ્તો સુઝે નહિ; દુઃખનો વરસાદ વરસવો.

૨. અમુક જગોએથી ઘણાં માણસોનું સાથે લાગુ આવવું થવું; પુષ્કળ લોકોનું ભરાવું– એકઠું થવું.

"રાજાએ યુધિષ્ટિરનાં માણસો પાળવા માંડયા છે, તેનો પાર કેમ આવશે! .ક્યાં યુધિષ્ટિર અને ક્યાં વિરાટ! એનાથી સૌને કેમ પળાશે! આજ તો આભ ફાટ્યું છે ને શું? રે! આ એ તો સભામાં ધસ્યા આવે છે!"

દ્રૌપદીદર્શન.

**આભના તારા ઉખાડવા,** આકાશના તારા હાથમાં લેવા જેવું જે કાર્ય છેકજ અશક્ય છે તેને પ્રાપ્ત કરવાનું ઐશ્વર્ય દર્શાવવું; ગજબ કરી નાંખવો.

"દાંત પીસી મુખે ગાળો ભાખે,
શાસ્ત્ર સામી નજર પણ નાંખે;
જાણે પૃથ્વીનું પડ ઊંધું પાડું,
કાંતો આભના તારા ઉખાડું."

વેનચરિત્ર.

**આભના તારા ઉતારવા** પણ એજ અર્થમાં વપરાય છે. જેમકે—

"મેં તેને ઘણા પ્રકારે વિનવીને સમજાવ્યું કે બેટા! તું શું આભના તારા ઉતારવા સમર્થ છે, કે આપણા પ્રભુ પુજ્ય સુલતાન પ્રત્યે આટલો બધો અવિનય કરી તેની કન્યાની પ્રાપ્તિ માટે આકાંક્ષા રાખે છે"?

અરેબિયન નાઈટ્સ.

**આભના તારા ખરવા,** ઉલ્કાપાત થવો.

**આભના તારા દેખવા,** સ્વર્ગનું સુખ જાણે નજીક આવ્યું હોય એવો ગર્વ રાખવો; ઊંચા પ્રકારનું સુખ નિહાળવું. (ગર્વિષ્ટપણામાં.)

"જ્યારથી એ નવી સ્ત્રી પરણી લાવ્યો છે ત્યારથી એ તો આભના તારા દેખી રહ્યો છે."

* * * * * * * * * *

"આદમીને કોઈ પણ બાબતની–કોઈ તરફથી ધાસ્તી હોતી નથી, ત્યારે તે આભના તારા દેખે છે."

રસિક લલિતા.

**આભના તારા દેખાડવા,** અતિશય સંકટ કે દુઃખ પાડી મરણતોલ કરવું; સ્વર્ગનો રસ્તો લેવડાવવો.

**આભની સાથે બાથ ભીડવી,** આભની સાથે બાથ ભીડવા જેવો મિથ્યા પ્રયાસ કરવો; શક્તિ ઉપરાંત હામ ભીડવી. ૨. કદિ ફલિભૂત ન થાય એવી મોટી મોટી આશાઓ બાંધવી; પાર ન પડે એવા મનસુબા કરવા.

"કો તણો મોકલ્યો ત્યાંલગી આવીઓ,
આભ બાથો ભરે બાંય બાથે."

અંગદવિષ્ટિ.

"કરે ન નિજ શક્તિનો ક્યાસ,
બાથ ભીડે જઇને આકાશ;
કે'ણ કરે હિતનું ન કબૂલ,
એતો ફુલાભાઈની ફુલ."

કાવ્યકૌસ્તુભ.

**આભમાં તારા દેખાડવા,** આભમાં તારા દેખાડવાની માફક મોટી મોટી પણ પાર ન પડે એવી વ્યર્થ આશાઓ આપવી; આશા પાર પડશે એવો મિથ્યા ભરોંસો-વિશ્વાસ દેખાડવો.

**આભલામાં,** મરી જઈજ ત્યારે.

**આભાલાડુ,** અતિશય ફાયદો. "આમાં તેં શા આભાલાડુ દીઠા છે?"

**આમનો સુરજ આમ ઉગવો,** જ્યારે કોઈ માણસ પોતાનો હમેશનો નિયમ તોડી તેથી ઉલટું–સારૂં વા નરવું, પણ ઘણું ક-

Gandhi Heritage Portal

રીતે માઠાને બદલે સારૂં કાર્ય કરે, ત્યારે સામે માણસ પૂર્વનો સૂર્ય પશ્ચિમમાં ઉગ્યો, એમ અજાયબી સાથે કહેવામાં આ પ્રયોગ વાપરે છે; અણધાર્યો અશક્ય ફેરફાર થવો. ( આચરણ–વર્તનમાં )

'ભાઈ આજ તો આમનો સૂરજ આમ ઉગ્યોને કંઈ!'

૨. કુદરતી ક્રમનો ભંગ થવો.

"આમના સુરજ આમ ઉગે તોપણ જાંગલું કે તરકડું નરમાશથી બોલે નહિ."

ભટનું ભોપાળું.

**આમલી પીપળી રમાડવી,** આડું અવળું સમજાવીને પોતાના મતનું કરવું; રપેટીમાં લેવું; ભમાવવું; ભંભેરવું; ગુંચવણમાં નાંખવું. ( આમલી પીપળી એક જાતની રમત છે તે ઉપરથી. )

**આમલીના પાનમાં સૂઈ જા,** આમલીના પાનમાં સૂઈ જવાય નહિ તે છતાં બેદરકારીનો જવાબ આપતાં એ પ્રમાણે દીસતો રહે, કાળું કર, ધર્યો રહે, એવા અર્થમાં વપરાયછે.

**આમલીનો બંધ,** આમલીના જેવું ઘણું સખત–ન તૂટે એવું–નિષ્ફળ ન જાય એવું બંધન. 'એને હાથે આમલીના બંધ છે,' એટલે તેના હાથથી પૈસો છૂટતો નથી.

**આમળા જેવડું,** મીઠું, રદ; બાતલ; ધબાયનમઃ.

"ક્ષત્રી પુત્રો મરતાં બીધ્યા એટલે સ્વદેશરક્ષણનું આમળા જેવડું મીઠું પડયું જાણવું."

વીરાધીરાની વાર્તા

**આમળું કાઢવું,** થકવવું; કાયર કરવું; (કામ કરાવીને )

૨. ખૂબ માર મારવો; (નસો ફાટી જાય એવો. )

**આમળો ચઢવો,** ઉશ્કેરાવું; સાંસણી થવી; ઉત્તેજન મળવું; દ્વેષ રાખવો.

**આયતા પર રાયતું,** ( અયત્નતઃ ) ભેગાં કરેલાં નાણાંમાંથી કે સંગ્રહમાંથી ખર્ચ કરવો.

**આરતી ઉતારવી,** હાથે ઝાલીને વીંઝવું;મારવું ( વાંકામાં )

૨. નિરૂદ્યમી રહેવું; કાંઇ કામ ધંધો ન હોવો;

**આરતી જેવું,** ચોખ્ખે ચોખ્ખું; ડાઘાડુઘી કે ગંદવાડ વિનાનું. (ઘર, ઓરડી, હિસાબ, અક્ષર, કામ વગેરે. )

**આરિયાં કરવાં,** હોડી, વહાણ વગેરેના સઢ ઉતારી નાંખવા.

**આરિયા તુરિયા જેવું,** આરિયા તુરિયા જેવુ નમાલું; નજીવું; લેખામાં નહિ તેવું; ગણતરી વિનાનું; તુચ્છ.

**આરે આવેલું વહાણ ડૂબવું,** નજીક આવેલું સુખ ગુમ થવું; કર્યું કારવ્યું છેવટના ભાગમાં નિષ્ફળ જવું; છેવટ સુધી પામેલું ફળ બરબાદ જવું.

**આલોચના લેવી,** આલોચન શબ્દનો અર્થ સારી રીતે પ્રકાશવું એવો થાય છે. દરરોજ સવારે, સાંજે, પંદર દહાડે, ચાર મહિને, વર્ષે અથવા જ્યારે સારા ગુરૂ ( જૈન સાધુ ) નો યોગ આવે ત્યારે પોતે કરેલાં સર્વે પાપોની પશ્ચાતાપ પૂર્વક માફી માગવી તેને આલોચના (આલોયણ) લેવી કહે છે.

**આવરદા બહુ લાંબોછે,** જ્યારે કોઇને સંભારતાં જ તે આવીને ઊભો રહે અથવા નજરે પડે, ત્યારે તેને વિષે બોલતાં એમ વપરાયછે.

"સખિ, આ આવે; આવરદા તો બહુ લાંબો છે."

તપત્સાખ્યાત.

**આવ્યા તેવા ગયા,** ધારેલા કાર્યની સિદ્ધિ ન થઈ હોય તેવી સ્થિતિમાં પાછા ગયા; નકામો ફોગટ ફેરો ખાધો.

૨. આવ્યાને જરા વાર રહી જતા રહ્યા.

**આવી બનવું,** છેડો આવવો; મોત આવવું;

Gandhi Heritage Portal

નાશ થવો; અંત આવવો; બાર વાગી જવા; આફત આવી પડવી.

**આવી મળવું,** ઘડાઇને તૈયાર થવું. (ઘાટ)
૨. યોગ્ય ઉમરે આવી પહોંચવું.
"છોકરાં આવી મળશે, તો વેપાર રોજગારમાં મદદ કરશે, ને તેથી ગુમાસ્તા ઓછા રાખવા પડશે"
૩. ટાંકણા ઉપર અડી વેળાએ આવી પહોંચવું; એકાએક એકઠું થવું.

**આસ્માન એક તસુ બાકી,** સ્વર્ગનું સુખ ઘણુંજ નજદીક આવી રહ્યું હોય, એમ માનનારા ગર્વિષ્ટ માણસને વિષે બોલતાં વપરાય છે.
"હાથમાં રામણદીવો લઇને હરકોર જ્યારે વરઘોડામાં જવા નીકળી, ત્યારે તેને આસમાન એક તસુ બાકી રહ્યું હતું; તે વખત જગતમાં મારા સરખું સુખી ને ભાગ્યશાળી નહિ હશે, એમ તેને લાગતું હતું."
એ બહેનો.

**આસ્માન જમીન એક થવી,** જુઓ **આભ જમીન એક થવી.**

**આસ્માન જમીનનો ફેર,** ઘણોજ ફેર-(એક એકના સ્વભાવ, ગુણ-કદ-અંતર-કિંમત, વગેરેમાં.) "લક્ષ્મીની પ્રીતિથી કરેલા સંરક્ષણમાં, અને માતૃપ્રેમથી થએલા સંરક્ષણમાં આસ્માન જમીનનો ફેર પડે, તેમાં નવાઈ શી?
હ. દ.

**આસ્માન પર ચઢવું,** ગર્વિષ્ટ બનવું; ફુલાઈ જવું. (પોતાનાં વખાણ થવાથી) **સાતમા આસ્માન પર ચઢવું** પણ બોલાય છે.

**આસમાન બે કદમ**-તસુ દૂર, જુઓ **આસમાન એક તસુ બાકી.**

**આહુતી આપવી,** (અગ્નિમાં હોમવું, તે ઉપરથી લાક્ષણિક અર્થે) નુકસાન કે જોખમના ભયમાં નાખવું; હોમવું; મોટા અધરા કામમાં આફતમાં નાખવું. ઝંપલાવવું.
"રાજપુત્ર શુરવીર અને હિંમતવાન હતો. વળી પરમાર્થમાં પ્રાણની આહુતી આપવે પણ તે પાછો હઠે તેમ નહોતો."
અરેબિયન નાઇટ્સ.

**આહુતી લઇને ઊભા રહેવું,** નુકસાન કરવાની તજવીજમાં રહેવું; કોઇનું ખરાબ કરવાને માટે લાગ ખોળવો; નાશ કરવામાં તત્પર રહેવું.

**આળસુનો ઢગલો,** ઘણોજ આળસુ.

**આળુ ઓઢવું,** (પૂર્વે બે ગામડાના સિમાડાની તકરારમાં એક જણને આળુ ચામડું ઓરાડી સિમાડે લઈ જતા, ને તે જ્યાં સુધી જાય ત્યાં સુધી તેના ગામનો સિમાડો ગણાતો તે ઉપરથી લાક્ષણિક અર્થે) બદલામી લેવી; ખોટું કર્મ કર્યાનું માથે લેવું.

## ઇ

**ઇજતના કાંકરા,** આબરૂની ધૂળધાણી; ફજેતી; બે આબરૂ.

**ઇડરીઓ ગઢ જીતવો,** ઈડરનો ગઢ જીતવા જેવું મોટું પરાક્રમ કરવું; જોર મારવું; ઐશ્વર્ય દર્શાવી મોટું લ્હાણુ કમાવું. નિરાશ થવા જેવા માથે લીધેલા કોઈભારે કાર્યમાં સિદ્ધિ થયેલી બતલાવવી હોય ત્યારે એ વપરાય છે.
"અમે ઈડરીઓ ગઢ જીત્યાંરે, આનંદભલા;
વીતનાર વીતક તે વીત્યાંરે, આનંદભલા."
વેનચરિત્ર.

**ઇતિશ્રી થવું,** સમાપ્ત થવું; પુરૂં થવું; આખર આવવી; છેડો આવવો;

**ઇમામદાંડગો,** ધર્મને બહાને પાપ કરનારો.

**ઇશકી ટટ્ટુ,** ઇશકબાજ.

Gandhi Heritage Portal

# ઈ.

**ઈંડાળ ઉભરાવી,** કાંઈ લાભ મેળવવાની આશાએ ઘણા લોકનું ભેગું થવું.

**ઈંડું ચઢાવવું,** દેવાલય ઉપર શિખર ઘણું ખરું અંડાકૃતિનું કરવામાં આવે છે તે ઉપરથી શિખર ચઢાવવું. એનો લાક્ષણિક અર્થ એકે મોટું પરાક્રમ કરવું; મહાભારત કામ કરી નામના કરવી.

"એવે દામોદર મંદિરમાં આવ્યા, જઈ મહેતાજી વધાવે રે; નાગરી ન્યાતમાં ઈંડું ચઢાવ્યું, હાર લટકતા લાવે રે."

હાર માળા.

**ઈંદ્રિ વારણાનું ફળ,** ફુટડું પણ દુર્ગુણી માણસ; બહાર દેખીતું સારૂં પણ અંદરથી નકામું–નમાલું.

**ઈંદ્રાસન માત્ર એક હાથ આઘું છે,** ઈંદ્રાસનનું સુખ જાણે ઘણું નજદીક આવ્યું હોય એટલો ગર્વ છે.

**ઈન મીન ને સાડેતીન,** (મોટું કામ કરવામાં ઘણાંજ ઓછાં માણસ હોય ત્યારે એમ બોલાય છે; **ઈ**=મારી સ્ત્રી, **ન**=અને, **મી**=હું, **ન**=અને એક છોકરો તથા એક છોકરી અડધી ) ત્રણ ચારથી વધારે નહિ તેટલાં માણસ.

૨. ઘણાંજ થોડાં; જુજ; જોઇએ તે કરતાં ઓછાં.

**ઈશ્વર ઉપર ચિઠ્ઠી,** પરમેશ્વરનો જ આધાર. ઈશ્વર સિવાય બીજા કોઇનો આધાર નથી એમ દર્શાવે છે.

"આ તો અંધારામાં વિલાપ કરીને, અને તરફડીને મરવાની વેળા આવી; સર્વ શક્તિમાન ઈશ્વર ઉપર હવે ચિઠ્ઠી છે, બીજો ઉપાય નથી. તેને જેમ રૂડું દીસશે તેમ કરશે."

પ્રેમરાય અને ચારૂમતી.

**ઈશ્વર કરેને,** ઇશ્વરી સત્તાથી; ઈશ્વરની મરજી થયેથી.

**ઈશ્વર માથે રાખીને,** ઈશ્વરનો ડર રાખીને; માથે ઈશ્વર છે એમ માનીને; ખરાખોટાનો પૂછનાર ઇશ્વર છે એમ સમજીને.

૨. ઇશ્વરને વચમાં રાખીને. ( પ્રતિજ્ઞા પૂર્વક.)

"ફ્લોરિઝલે ઇશ્વર માથે રાખી પર્ડિટાને વરવાનું વચન આપ્યું."

શે. કથાસમાજ.

**ઈશ્વરના ઘરની ચિઠ્ઠી,** ઇશ્વરનો હુકમ ( પરોક્ષ. ) દૈવયોગે જે બની આવવું તે.

**ઈશ્વરના ઘરની દોરી,** આયુષ્યની દોરી જે ઈશ્વરના હાથમાં છે તે.

"સોરણ ને સંતાપથી આપણા ટાંટીઆ ભાગતા જાયછે, કામ કાજ સુઝે નહિ ને ચેન પણ પડે નહિ. કદી ઈશ્વરના ઘરની દોરી લાંબી હોય પણ હબકી જવાથી વખતે માણસનું મોત થાય."

બે બહેનો.

**ઈશ્વરના ઘરનું,** ઈશ્વરી; કુદરતી. 'ઈશ્વરના ઘરનો નિયમ.'

**ઈશ્વરના ઘરનું તેડું આવવું,** યમદૂત આવવા; મોત આવવું.

**ઈશ્વરના ઘરનો ચોર,** ઈશ્વરનો અપરાધી; પાપી.

**ઈશ્વરના હાથમાં દોરી છે,** (આ જગત જાણે એક નાટકશાળા છે, તેમાં પરમેશ્વર સઘળાં પ્રાણીઓની દોરી પોતાના હાથમાં રાખીને તેમને રમાડે છે, અને પછી તે પોતાની ઇચ્છા પ્રમાણે વખતે તે દોરીને નમતી મુકેછે અને વખતે તાણી રાખે છે; એટલે એનો અર્થ એવો કે ચઢતી હાલતમાં લાવી તેને મનમાનતી રીતે વર્તવા દેછે

Gandhi Heritage Portal

અને વખતે તેને પડતી હાલતમાં આણીને તેને પાછો કસોટી પર લે છે; તે ઉપરથી ) ઈશ્વરસત્તાની વાતછે.

**ઈશ્વરની હજુરમાં જવું,** ઈશ્વર જે પવિત્ર ન્યાયાધીશ તેની હજુરમાં જવાબ આપવા જવું. મરીજવું; કાળ આવવો; રામશરણ થવું.

**ઈશ્વરનું નામ,** ઇશ્વરના નામ સિવાય બીજું કાંઇ નહિ; બીલકુલ નહિ.

"ઘરમાં ધાતુપાત્ર તો ઈશ્વરનું નામ અને ખેતીવાડીનાં સાધારણ હથિયારો પણ ભાગી તૂટી હાલતમાં આવી પડેલાં હતાં."

હૈ. કા. ઉત્તેજન.

**ઈશ્વરને ખોળે બેસવું,** ( લાક્ષણિક ) ઈશ્વરને આશરે કે તેની છાયા તળે રહેવું; ઇશ્વરનું માનીતું અથવા ઇશ્વરે પ્રેમથી પોતાનું છે એમ માનેલું થવું.

**ઈશ્વરને ઘેર જઈને આવવું,** મરતાં બચવું; નવે અવતાર આવવું; મરણ પથારીમાંથી ઉઠવું.

૨. આગળથી ભવિષ્ય જાણવું.

**ઈશ્વરે સામું જોયું,** ઈશ્વરની કૃપાદષ્ટિ થઈ. કાલાવાલા કે વિનંતી સ્વીકારવામાં આવી. ( ઈશ્વર તરફથી )

# ઉ.

**ઉકરડાની જાત,** સ્ત્રી.

'ઉકરડાની જાતને વધતાં વાર શી?'

**ઉકરડી નોતરવી,** લગ્નમાં બૈરાં ગાતાં ગાતાં ઉકરડા આગળ પાણી છાંટી પાપડ, પૂરી, સોપારી તથા પૈસો મૂકે છે, તે મહિયારી ઊંચકી લેછે ને સૌ એ વેળા પેલીને હાડે હાડે કરે છે તેને 'ઉકરડી નોતરવી' કહેછે.

**ઉકળતું તેલ રેડાવું** ( છાતીમાં ), ચરેડો પડવો; પ્રેમ, શોક, ભય, વગેરેના જોસ્સાથી પેટમાં ચીચરવટો પેદા થવો; પેટમાં ઉનું ઉનું થઇ આવવું.

**ઉકાળી બાપની તોલડી,** મતલબ કે કાંઇ ફાયદો ન કર્યો; કાંઇ ધોળ્યું નહિ. કાંઈ સારૂં કાર્ય ન કર્યું હોય ત્યારે એમ બોલાયછે.

**ઉખડી જવું,** ખરાબેહાલ થવું; પાયમાલ થવું; દુર્દશા થવી.

"તે બિચારો ઉખડી ગયો."

૨. (ઘર) નસંતાન થવું; નિર્વંશ થવો. 'તે બિચારાનું ઉખડી ગયું.'

"વાસાના બાળકને ઉછેરી મોટું થવાની આશા ઝાઝી પડતી નથી. તેથી પિયેરનું ઉખડી ગયા જેવું સમજી ધનલક્ષ્મી આક્રંદ કરે ને શોક પાળે."

બે બહેનો.

૩. જડમૂળથી નાશ થવો; નિકંદન થવું.

૪. વહી જવું; વંઠીજવું; બગડી જવું; છાકી જવું. **ઉખેડી નાખવું** એટલે પાયમાલ કરવું; દુર્દશામાં આણવું; ધુળધાણી કરી નાખવું; ખરાબખસ્ત કરી નાખવું.

**ઉખલમાં માથું હોવું,** ભય- સંકટમાં હોવું.

**ઉખળમાળો કાઢવો,** ( सं-उत् खल=કળીચૂનો ) હૈયાની બળતરા સંભારી સંભારીને બહાર કાઢવી.

**ઉગતા સૂરજને પૂજવો,** ( લાક્ષણિક અર્થે ) બળ અને સત્તા જેનાં દિનપ્રતિદિન સૂર્યની પેઠે વધ્યાં જતાં હોય તેવા માણસની છાયા–આશ્રય તળે રહેવાના સ્વાર્થથી તે-

Gandhi Heritage Portal

તે માન આપવું; નબળી દશામાં આવી ગએલાને તજી દઇ ચઢતા દહાડાના બીજા નવા માણસોની પ્રીતિ સંપાદન કરવા કોશીશ કરવી.

**ઉગતું જ ડામવું,** મૂળમાંથી જ બાળી મૂકવું–બરબાદ કરવું; વૃદ્ધિ કે સિદ્ધિ થવા પામે તે પહેલાંજ નાશ કરવો.

"મારાં સુખ તો સ્વપ્નામાં જ વહી ગયાં. મારી ઉમેદ તો ઉગતી જ ડમાઇ ગઈ."

કરણઘેલો.

**ઉગી નીકળવું,** સારે રસ્તે વપરાયાથી લાભ થવો; ફળવું. "મારી મહેનત આ કામમાં ઉગી નીકળી."

**ઉગ્યા આથમ્યાની ખબર,** શુદ્ધિ; સાન. (અચેતન સ્થિતિમાં.)

૨. આપો આપ ખબર પડે એવી જાહેર થઈ ગએલી બાબત વિષે જ્યારે કોઈ અજાણ રહે ત્યારે તેને વિષે બોલતાં પણ એમ વપરાય છે. જેમકે, "તેને ઉગ્યા આથમ્યાની ખબરજ ક્યાં છે?"

૩. સુખદુઃખની ખબર; દુનિયાદારીની ખબર.

**ઉગેછે તેવો આથમેછે,** અતિશય ગરીબાઈ દર્શાવતાં વપરાય છે.

"કરોછો મંત્ર ભણીને સેવ, નૈવેદ વિના પૂજોછો દેવ; પૂજ્ય પર્વણી કો નવ જમે, જેવો ઉગે તેવો આથમે."

સુદામાચરિત્ર.

૨. સવારથી તે સાંજ સુધી જે માણસની વૃત્તિ એકજ વિષય તરફ રોકાએલી હોય તેને વિષે પણ બોલતાં વપરાય છે.

"લોભી માણસને લગીર, થીરતા થિર નવ થાય; ઉગે એવો આથમે, લોભે લક્ષણ જાય."

૩. (મતલબકે–) ચઢતી પડતી ચાલીજાય છે; માણસને માથે સુખ દુઃખ આવ્યાંજ કરેછે; એકની એક સ્થિતિ હમેશાં રહેતી નથી. 'ભાઇ કોઇનો એ ઉગે છે તેવો આથમે છે કાંઇ?'

**ઉઘાડાં ઢાંકયાં આપવાં,** છાનું કે ઉઘાડું કાંઇ આપવું તે; (પીરસ્યું વગેરે.)

૨. મનની તમામ વાત કહી દેવી. (છાની જે હોય તે.)

"સત્યભામા, (ઝાલેલો હાથ તરછોડી નાંખી) જેને ઉઘાડાં ઢાંકયાં આપતા હો તેનો જઈ હાથ ઝાલો. જો, મોટા હાથ ઝાલનારા દીઠા ન હોય તો?"

સત્યભામાખ્યાન.

**ઉઘાડું થવું,** ઘરેણાં–વસ્ત્ર વિનાનું થવું અથવા તેટલી નુકસાનીમાં આવી પડવું.

"હાય હાય! હું હવે સર્વ પ્રકારે ઉઘાડો થઇ ગયો, મારા મિત્રો હવે મને શું કહેશે? તે બાપડાનો ઊંચા પ્રકારનો સર્વ સામાન ચોરાઈ ગયો; આ આટલા સામાનની કિંમત ભવિષ્યમાં પણ હું તેમને શી રીતે ભરી આપીશ?"

અરેબિયનનાઈટ્સ.

**ઉઘાડું બોલવું,** ન સંભળાય એવું ભૂંડું-ફાટયું ફાટયું બોલવું; બિભત્સ બોલવું.

"લગ્નને પ્રસંગે જુવાન સ્ત્રીઓ વેવણ તરફથી કુદીને ઘણું ઘણું ઉઘાડું બોલેછે."

નર્મગદ્ય.

ઉઘાડ. **કહેવું** એટલે શરમ રાખ્યા સિવાય બધાના સાંભળતાં ખુલ્લે ખુલ્લું કહેવું.

**ઉઘાડું માથું કરીને બેસવું,** (વિશેષે કરીને કોઇ તિરાહિતને ત્યાં ખાવા બેસવાના અર્થમાં.)

"કોઇને ત્યાં ઉઘાડું માથું કરીને બેસતાં શરમ આવેછે?"

**ઉઘાડે છોગે,** છચોક; જાહેર રીતે; બધા દેખે એમ; ખુલ્લી રીતે; બધાના દેખતાં.

"એ નાતમાં જમવા જતી ત્યારે બીજે

Gandhi Heritage Portal

મીષે અથવા ઉઘાડે છોગે લોક એની વાત કરતા."

સરસ્વતીચંદ્ર.

**ઉઘાડો હાથ,** ખુલ્લી રીતની સામેલગીરી; બધા જાણે-જુએ એવી રીતે સામેલ થવું તે. "આ કામમાં એનો ઉઘાડો હાથ છે."

**ઉચાળા ભરવા,** વપરાતા ઘરનો સરસામાન ઉપાડી લઈ જવો; ઘરવાખરો લઈને પલાયન કરવું; આખોભાંગો ગમે તેવો હોય પણ વપરાતો સઘળો સામાન લઈ ચાલતા થવું; ગામ છોડી જવા સારૂ ઘરનો સામાન ગાડામાં ભરવાની તૈયારી કરવી.

"ખુંબાણવર્ત્યું સ્વર્ગ માંહે, અમર ભરે ઉચાળા;
પુત્રપત્નીનો કર ગ્રહીને, દેવ નાસે પાળા."

વામનકથા.

**ઉછળીને ગુડા ભાગવા,** (ગુડા=પગ) હાથે કરીને નુકસાન વહોરી લેવું; પોતે પોતાની ભૂલથી ખમવું; એકાદું સાહસ કરી પાછળથી પસ્તાવું.

"ઉછળતા દરિયાની છોળો વચ્ચે તરતા વેળુના બેટ ઉપર વસવું એવી આપણી હાલત છે; માટે કશી વાત ઉછળી ગુડા ભાગવાની કરશો નહિ."

પ્રતાપનાટક.

**ઉછળી ભાગવું** એકલું પણ વપરાય છે. જેમકે—

"લાકડું વહેજ ફાટે, રાજાજી! આવાં કામ તે કામની રીતેજ થાય, એકદમ ઉછળી ભાગવામાં મારી ને તમારી હાંસી થાય અને આપણા રાજ્યને બટ્ટો લાગે."

ગુ૦ જુની વાર્તા.

**ઉજળા પગનું,** સારાં પગલાંનું, પરંતુ વાંકામાં નઠારાં પગલાંનું.

"આ રાંડ ઉજળાં પગલાંની આવી તે મારો લાલમનિયાર ભાઈ ફાટી પડચો!"

**ઉજળું કરવું,** શોભાવવું; દીપાવવું; આબરૂ વધારવી; તારવું; નામ-ખ્યાતિથી શોભા વધારવી. (કુળ, વગેરે.)

૨. ફાયદો કરવો અથવા કરી આપવો. "તેમાં તે તેં મારૂં શું ઉજળું કર્યું, જે વારે ઘડીએ ડબકાણું બતાવે છે?"

૩. વાંકા અર્થમાં કાંઈ સારૂં કામ ન કર્યું હોય ત્યારે વપરાય છે.

**ઉજળું વાળવું,** ફાયદો કાઢવો.

**ઉજળે લૂગડે આવવું,** કાંઇ કલંક કે હાની થયા સિવાય આવવું; આબરૂ જાળવીને આવવું.

**ઉજળો દહાડો,** શુભ અવસર; રૂડો દહાડો; સુખનો-આનંદનો દહાડો.

"ઉજળો દિન દેખી સૌ જાણે,
ન્યાલ થયો આ ટાણે;
કાલ દિવસ કેવો દેખાશે,
એ તો ઈશ્વર જાણે રે. ગમ."

વેનચરિત્ર.

**ઉજળો બગ,** બગલાની પેઠે બહારથી દેખીતો પણ અંદરખાને કપટી એવા પુરૂષને વિષે બોલતાં વપરાય છે.

**ઉઠી ચાલવું,** મરણ પામવું.

**ઉઠી જવું,** (દિલ, મન.) દિલ ન ચોટવું; ચિત્ત ન લાગવું; મન ખટું થઈ જવું; નાઉમેદી થવી.

૨. વહી જવું; બગડી જવુ, "મોટી મોટી મીજબાનીઓ કરીને ઊઠી જવું છે કે શું?" "અક્કલ ઉઠી ગઈ."

૩. મરી જવું.

"મન તુહી તુહી બોલે રે,
સ્વપ્નાવત્ તન તારૂં;
ઓચિંતા ઉઠી જાવું રે,
જ્યમ દેવતાને દારૂ."

ધીરોભક્ત.

"કોઈ તો કહેવાતા કેવા,
આભના આધાર જેવા;
ઉઠી ગયા એવા એવા રે,
ઓ જીવ જોને."

વેનચરિત્ર.

Gandhi Heritage Portal

૪. મોંઘું થવું. ( બાજરીને ઘેર ઉડી ગયું છે. )

**ઉઠી બેસવું,** કમાઇને તરત ખોવું; ચઢીને તરત પડવું.

૨. અમુક કામને આરંભ કરી નિરાશાની સાથે વચમાંથી છોડી દેવું.

**ઉઠીને બેઠાં થવું,** મંદવાડમાંથી સારા થવું; રોગ મટવો; મંદવાડમાં જે અશક્તિ પેદા થઈ હોય તે જઈ શકિત આવવા માંડવી.

"વૈદ વારૂની દવાની ટિક્કી ઈશ્વરકૃપાએ લાગશે, અને તમે ઉઠીને બેઠા થશો એવી મને આશા છે."

બે બહેનો.

**ઉડતા કાગ પાડે એવું,** તોફાની; અટકચાળું; ઉદમાતીઉં; દાવપેચવાળું. **વડનાં વાંદરાં ઉતારે એવું** પણ બોલાય છે."

**ઉડતાં પક્ષી ઝાલવાં,** કળી ન શકાય એવાં કામ કરવાં; અસંભવિત કાર્યની સિદ્ધિ કરવી; ઉડતાં પક્ષી ઝાલવા જેવું ગમે તેવું મુસ્કેલ કામ પાર પાડવું.

**ઉડતી અલ્લા,** ઉલટી પીડા.

"ત્રાહ્ય ત્રાહ્ય સૌ કરે તથાપિ,
કોણ સાંભળે દાદ;
ઉડતી અલ્લા થાય અરે રે,
કરે કદી ફરિયાદ."

પાણીપત.

**ઉડાઉછ્પ્પુ,** વાત અગર નજર ફેરવી નાંખનાર.

**ઉડાણ-ળ ટપ્પુ,** અદ્દઢ; ચળિત; ભટકતું.

**ઉડી જવું,** ઉચી જવું; દૂધ દેતું બંધ થવું; ગાય, ભેંસ, વગેરે એ દૂધ ન આપવું.

"દહાડે દહાડે બકરી ઉડી ગઈ."

સાતમી ચોપડી.

૨. બંધનમાંથી છટકી જવું. "એ તો બધાની પાઘડી લઇને ઉડી જાય એવો છે."

૩. ફીકું પડવું. (રંગ-ચેહેરો.)

૪. વપરાઈ જવું. (પગાર)

૫. જતું રહેવું. (ઉંઘ, વાત.)

૬. નાપાસ થવું. (પરીક્ષાના કોઇવિષયમાં)

૭. મરી જવું.

"અચાનક ઉડી જાશે તારૂં તન.

ધીરોભક્ત.

**ઉડીને આંખે બાઝે એવું,** મન હરી લે એવું; મનોરંજક; સુંદર; જોઇને આંખ ઠરી જાય એવું; મન વેધક; મન આકર્ષી લે એવું. "ઉડીને આંખે બાઝે એવા અક્ષરચિત્ર."

"પોતાનો ઈનિસાફ ભાઢિયાને પસંદ પડયો, એ જોઈ અજ્ઞાનભટ જેમ ખુશી થયો, તેમ ઉડીને આંખે બાઝે એવાં તાજાં ને પીળાં ધર્મક જેવાં બસેં પુતળીઆંની ઢગલી જોઇને આનંદમાં આવી ગયો.

ગર્ધવસેન.

"ઉડીને આંખે બાઝે એવા રંગની કસબી કોરની સાડી વિદ્યાગૌરીએ ઓઢી હતી."

બે બહેનો.

**ઉડેલ તબીઅતનું,** ઠામ ઠેકાણા વિનાનું; વાયેલ; અસ્થિર મનનું; અદ્દઢ; વાદંડી.

**ઉતરતાં પાણી,** ઘડપણ ( ઘડપણમાં પાણીતેજ ઉતરતું જાય છે, તે ઉપરથી.) **વળતાં પાણી** પણ બોલાય છે.

૨. શાંતિ; ઘટતો જતો જોસ.

**ઉતરતી કળા,** પડતી દશા; નબળા દહાડા. ( ચંદ્રની કળા એક પક્ષમાં ચઢે છે અને બીજા પક્ષમાં ઉતરે છે-ધીમે ધીમે ક્ષીણ થાય છે તે ઉપરથી ) એથી ઉલટું **ચઢતી કળા, ચઢતીકમાન, ચઢતો પાસો,** વગેરે.

**ઉતરી પડવું,** ( ગુસ્સામાં ) હદ મુકીને બોલવું; તપી જવું; ઓછે પાટલે બેસવું; જોસમાં આવી જવું.

**ઉતાણખાટ,** ( સામો ઉભો કરેલો ખાટલો તે ઉપરથી. ) ગર્વિષ્ટ માણસને વિષે બોલતાં વપરાય છે.



Gandhi Heritage Portal

**ઉતારી પાડવું,** કોઇનું બોલ્યું તોડી પાડવું; કોઇને વિષે ખરાબ બોલી તેના માનમાં ઘટાડો કરવો; માનભંગ કરવું; શરમિંદુ કરવું; નીચું દેખાડવવું; હલકું પાડવું.

**ઉધડું લેવું,** સપડાવવું; એકદમ વાણી–લખાણ કે હાથથી બીજાના પર રીસમાં ઉતરી પડવું; કંઈપણ સાંભળ્યા સિવાય ધમકાવવું; ઠોક દેવો.

"લાડકોરનું હૈયું ભરાઈ આવવાથી તે કાંઈ બોલી શકી નહિ; પણ આડોશી પાડોશીએ ધનલક્ષ્મીને ઉધડી લીધી."

એ બહેનો.

**ઉધાન ચક્કર,** ( **उत्**=ઉંચે+**धा**=ધારણ કરવું+**चक्कर** ) ભરતીનું પાણી ચડે છે તેને ઉધાન કહે છે; એટલે ચગડોળે ચઢેલું પાણી તે ઉપરથી સાડાત્રણ પાયાનું; ઢંગધડા વગરનું; ઉડેલ તબિયતનું; વાયેલ.

**ઉધાન પાયા,** ચસ્કેલ; ઓછી અક્કલનું; સાડી ત્રણ પાંસળીનું; અદક પાંસળી; અક્કલ વિનાનું; વલવલ્લનું; અદઢ; વિચિત્ર; ( ઉધાન એ ત્રણનો સંકેત છે તે ઉપરથી ત્રણ-સાડાત્રણ **પાયા** પણ બોલાય છે. )

**ઉની આંચ,** ઉનો વા; જોખમ; નુકશાન; ભય; અપયશ; ડાઘ; ગોદો.

"તમારો મંદવાડ લંબાણનો જણાય છે પણ દોરી સાબીત હશે, તો ઉની આંચ પણ આવનાર નથી."

એ બહેનો.

"જીરે આજના વધામણામાં જે કોઈ આવેરે,
તેને એક દહાડો ન આવે ઉની આંચ,
સોનાનો સુરજ ઉગીઓરે."

રવિરાજ.

"રાણાનું કુટુંબ અમારા દેવ જેવું અમે ગણીએ છીએ; તેમને ઉનો વા ન વાય એમ અમે લઇ જઇશું."

પ્રતાપનાટક.

**ઉની વરાળ કાઢવી,** હૈયાની દાઝ–દિલનો જોસ્સો ગરમ થયાથી બહાર કાઢવો.

"કાઢું અંતરની હો વરાળ કોની પાસેરે."

સરસ્વતીચંદ્ર.

**ઉનો વા,** જુઓ **ઉની આંચ,**

**ઉપર આભ ને નીચે ધરતી,** વચ્ચે કાંઇ આધાર વિનાની–અંતરિયાળ લટકતી–નિરાધાર–નિરાશ્રિત સ્થિતિ.

'મારે તો ઉપર આભ ને નીચે ધરતીછે.'

**ઉપર ઉપરથી જોવું,** નજર ફેરવી જવી; ઉપરચોટીઉં જોઇ જવું; એથી ઉલટું ઊંડા ઉતરીને જોવું—બારીકાઇથી જોવું.

**ઉપર કરવું** (બોલ્યું ), ચઢતું ગણવું; માન્ય કરવું; નીચું પડવા ન દેવું; નિરર્થક જવા ન દેવું.

"તું વૈષ્ણવનું ઉપર કરીશ,
સંસાર સાગર તું તેણે તરીશ."

હારમાળા.

**ઉપર ટપકે,** કોઇપણ કામમાં ઊંડા ઉતર્યા વિના ઉપરથી જેટલું દેખાય તેટલા ઉપરથી.

'ઉપર ટપકે હિસાબ કર્યો.'

૨. રોજમેળમાં જમાં ઉધાર કર્યા વગર.

'ઉપર ટપકે આપલે કરવી.'

**ઉપર થઇને કરવું,** કોઇની સંમતિ સિવાય કરવું.

૨. જેણે કરવું જોઇએ તેની પાસે ન કરાવતાં–તેની દરકાર ન કરતાં પોતે કરવું.

**ઉપર નીચે થવું,** આતુર થવું; અધીરાં બનવું; અમુક ઇચ્છા કે વસ્તુને માટે ઉતાવળા થવું; તૈયાર થઈ રહેવું.

"ગામની ગરીબ સ્ત્રી પોતાના પ્રિય પ્રધાનની ગુણિયલ પત્નીની ખાતર કરવા ઉપર નીચે થઈ રહી હતી."

સરસ્વતીચંદ્ર.

Gandhi Heritage Portal

**ઉપર પગ મૂકવો,** અનાદર કરવો; અવગણના કરવી; ન લેખવવું; ઉલ્લંઘન કરવું; (બેદરકારીમાં) નમાનવું; ન કબૂલ કરવું; આડે રસ્તે જવું.

"એવું કેવું અગત્યનું કામ છે જે હજુર શ્રીના હુકમ ઉપર પગ મૂકે?"

મુદ્રારાક્ષસ.

૨. પેટ ઉપર પગ મૂકવો.

૩. છાતીપર પગ મૂકવો.

૪. ભોંયપર પગ મૂકવો.

**ઉપર રહીને,** જાતે દેખરેખ રાખીને; પાસે ઉભા રહીને.

"તે આવી પોતાને હાથે ઉપર રહી પીરસાવશે, અને અમારી સાથે ભાણું માંડશે તો જ મુખમાં ગ્રાસ મૂકીશુ."

પ્રતાપનાટક.

**ઉપર હાથ રાખવો,** ચઢીઆતાપણું કે ઉપરી પણું ભોગવવું; સત્તા ચલાવવી.

"તેના પર તો ઉપર હાથ રાખી તેને એવો દૂરનો દૂર રાખ્યો હતો કે અઘટિત એક પણ વેણ તે બોલી શક્યો નહોતો."

અરેબિયન નાઇટ્સ.

૨. પોતાનું ધારેલું અથવા બોલેલું ખરૂં પાડવાનો ટેક રાખવો.

'દરેક બાબતમાં તું તો તારો ને તારોજ ઉપર હાથ રાખે છે.'

૩. સંભાળવું; સાચવવું.

"એ ડોસો બાળકની ઉપર ને ઉપર ને ઉપર હાથ રાખે છે, એટલે ઉની આંચ શેની આવે?"

**ઉપરનું ઉપર રાખવું** (બોલ્યું.), બોલેલું ખરૂં પાડવું; નીચું પડવા ન દેવું; વ્યર્થ જાય તેમ ન કરવું; માન ભંગ થવા ન દેવું.

"તે તમારૂં બોલ્યું ઉપરનું ઉપર રાખતો."

૨. લાડમાં ઉછાવી ફુલાવીને રાખવું. (માએ બાળકને)

**ઉબડસંક્રાંત વળી જવી,** ખરાબ થઈ જવું; ધુળધાણી થવું; બગડી જવું.

**ઉમરડા–ઉમાડા જેવું મોઢું,** રીસમાં ચઢેલું મોઢું.

"ઉમાડા જેવું મોં ન રાખતાં હસમુખો ચેહેરો રાખવો, જ્યાં જેવો ઘટે ત્યાં તેવો ઉમળકો ને દયા ભાવ દેખાડવો, એ સૌમાં વિદ્યાગૌરી એકકો હતી."

બે બહેનો.

**ઉમરા ઠેકવા,** જેને તેને ત્યાં વગર અર્થનું જવું; લોકોને ઘેર ફોગટ ધક્કા ખાવા (નવરાની નિશાનીમાં.)

"ઉમરા ઠેકી એક બીજાના, અતિ કંટાળા આલે; બેઠો બેઠો પાય હલાવે, નવરો નખોદ ઘાલે."

કાવ્યકૌસ્તુભ.

**ઉમરો ઉખડી જવો,** ન સંતાન જવું; ઉછેદિયું થવું; નિર્વંશ થવો; ઘર ભાગવું; વંશનો ઉચ્છેદ થવો.

૨. સર્વસ્વ જવું; ઘરે બેસવું; ધનમાલ વગેરેનો મોટો નાશ થવો.

**ઉમરો ઉઠવો,** જુઓ **ઉમરો ઉખડી જવો.**

**ઉમરો ખોદી નાંખવો,** ઉઘરાણીને માટે દરરોજ બારણે બેસવું–વારંવાર ફેરા ખાવા.

**ઉમરો ઘસી–વાટી નાંખવો,** કોઇને ઘેર વારંવાર આવવું જવું. (ઉમરો ઘસાઇ જાય એટલી વખત.–અત્યુક્તિ)

**ઉમરો તજવો,** કોઇને ઘેર જવું આવવું બંધ કરવું. (રીસમાં કે દ્વેષમાં.)

**ઉરાંગ ઉટાંગ,** ઉપજાવી કાઢેલું; ઉટંગ ઠોકેલું.

"એ વાત નરાતાળ ખોટી છે, પાયા વગરની છે ને મિ. દાદાભાઈની ઉન્નતિથી બળી મરતા તેઓના શત્રુઓનું ઉરાંગ ઉટાંગ ટોલ્લું છે."

ગૂજરાતી.–૯૯

**ઉલટી અલ્લા,** પીડા નડતર.

"યોજના એવી ધારી છે કે વગર પ્ર-

Gandhi Heritage Portal

યત્ને ચિતોડ છોડી દુશ્મન નવ ગજના નમસ્કાર કરી ચાલ્યા જશે, રે ! તેને તો ઉલટી અક્ષા થશે."

પ્રતાપનાટક.

**ઉહ્લાળે પડવું,** પછવાડેથી કાંઈ મુશ્કેલી કે અડચણ પડવાને લીધે બંધ રહેવું; અટકી પડવું. (કામ)

**ઉહ્લી જવું,** ટળી જવું; નાશ પામવું; બેશી જવું. (ભારથી નીચે આવવું તે ઉપરથી લાક્ષણિક.)

"વેલ વૃક્ષ લતા રહી ઝુલીરે, જમુનાજીમાં;
મારે જોવાનું સુખ ગયું ઉહ્લીરે, પ્રીતમ પાખે."

દયારામ.

**ઉશીકાં ઉથામવાં,** (મરતાની ચાકરી થાય એ એક લહાવો છે એમ લોકો માને છે, તે ઉપરથી) માંદા માણસની બરોબર ચાકરી કરવી. 'તે બિચારીથી પુરાં ઉશીકાંએ ઉથામાયાં નહિ.' એમ જ્યારે જુવાન સ્ત્રીનો ધણી ગુજરી જાય છે ત્યારે તેને વિષે દયાની લાગણીમાં બોલાય છે.

# ઊ.

**ઊંઘ ઉડવી,** શુદ્ધિ ગઈ હોય તે પાછી ઠેકાણે આવવી; અક્કલ આવવી; ભાન આવવું; સાવધ થવું; જાગૃત થવું; સમજ આવવી;

**ઊંઘમાં ઉંઘવું,** અજાણપણું રાખવું; છેકજ અણવાકિફગીરી રાખવી; પોતાની હારમાં શું થાય છે, તેનું ભાન ન રાખવું.

**ઊંઘમાં જવું,** ઊંઘમાં અથવા અજાણપણામાં જવું.

**ઊંઘમાંથી ઉઠવું,** જાગૃત થવું; શુદ્ધિ આવવી; અક્કલ સુઝવી—આવવી; ભાન આવવું.

"અરે સર્વે ઉઠી ઊંઘથી,
ભણજો જેમ ભણાયે;
ભણી કાયદા લઈ કાયદે,
લ્યો હક જેમ લેવાયે."

પાણીપત.

**ઊંધી જવું,** પરવારવું; પતી રહેવું; બંધ પડવું.

"પ્રાચીન મહિલાઓ મોટા વિદ્વાન આચાર્યોને પરાસ્ત કરતી પણ હાલ તે સઘળું ઊંધી ગયું છે."

પંડિતા જમનાબાઈ.

"અક્કલ ઊંઘી ગઈ છે એની તો."

૨. દીસ્તુ રહેવું 'ઊંધી જા, ન આવું તો.'

**ઊંધી ગયું,** દીસ્તુ રહ્યું. બે દરકારીમાં જવાબ દેતાં વપરાય છે.

"ગોવિંદરાયે એને છોકરા બરોબર ગણી ઉછેર્યો તેનો બદલો વાળવો તો ઉંધી ગયો, પણ ઉલટો એ તમને ડસવાને તૈયાર થયો."

ગુ. જુની વાર્તા.

**ઊંચા નીચા પાસા નાખવા,** આડું અવળું સમજાવી ભમાવવું અથવા ભમાવી પોતાના મતનું કરવું; આડા અવળા પાટા દેવા; છક્કો પંજો અથવા દાવપેચ રમવો.

"અમો મળતાને પ્રાણજ આપું,
પુરૂં મનની આશ;
તારો મોહ લગાડું નળને,
નાખી ઊંચા નીચા પાશ."

નળાખ્યાન.

**ઊંચી આંખ કરવી,** ઘણાજ માંદા અને અશક્ત માણસને વિષે એમ બોલાયછે કે 'ઊંચી આંખ પણ કરતો નથી.' મતલબ કે

Gandhi Heritage Portal

આંખ ફેરવીને સામું જોઇ શકાતું નથી એટલો બધો મંદવાડ છે.

૨. સામે થવા હિંમત ધરવી.

**ઊંચી આંખો કરાવવી,** આપેલી આશા અધિરાઇ ઉપજે એવી રીતે લંબાવવી; વહાલાંએ વાટ જોવડાવવી; અધીરાઈની સાથે કાંઈ લાભ લેવા જીવ ટાંપી રહે એમ કરવું.

**ઊંચી મૂછ રાખવી,** ગર્વ ધરવો; ટેક રાખવો; નાક રાખવો ( મરદામી બતાવવાની ખાતર. )

"તે પોતે પવિત્ર કુળનો ફાંકો રાખી આપણાથી વાંકો હીંડે છે, ને ઊંચી મૂછો રાખી આપણું અપમાન કરે છે, એ ખરેખર આપઘાત કરી મરવા સરખું છે."

પ્રતાપનાટક.

**ઊંચું આવવું,** સ્વભાવ-માન-ઇચ્છા-કર્મ-પદ્વિ-સ્થિતિ-મૂલ્ય વગેરેમાં સાધારણ બીજા કરતાં વિશેષ ચઢીઆતું થવું; મોટું થવું; કલ્યાણ થવું; જીંદગીની ઊંચી સ્થિતિએ પહોંચવું.

"સો સો જણની આગળ કાલાવાલા કરી દક્ષણા માગી લાવોછો, તોપણ કાંઇ ઊંચું તો આવ્યું નહિ."

મિથ્યાભિમાન નાટક.

"સઘળી અનીતિઓ એ થકી,
બહુ કરૂં તારો અપરાધ;
ઊંચું આવે કેમ માહારૂં,
અરે ફોગટ પાડું સાદ-પ્રભુ." નર્મ કવિતા.

**ઊંચું ચઢવું,** ઊંચી પાયરીએ ચઢવું.

૨. ફુલાવું; મગરૂર થવું; ( વખાણથી ) **આકાશમાં ચઢવું** પણ બોલાય છે.

**ઉંચું ચઢાવવું** એટલે ઊંચી સ્થિતિ-પદ્વિએ આણી મૂકવું અથવા કોઇનાં વખાણ કરી ફુલાવવું.

"નીચ માણસને ઊંચા ચઢાવવા એ મોટાંને છેહ્યા કરતાં વધારે છે."

સરસ્વતીચંદ્ર.

**ઊંચું જોવા પામતો નથી,** ( ઘણું શરમાઇ જવાથી કે જરાપણ વિસામો ન લેવાય એવા અતિશય કામની મારામારીમાં. )

"**ભાઇતો હવે ઊંચું એ જોતા નથી,**" એ ગર્વિષ્ટપણામાં.

**ઊંચું થવું,** ( દિલ, મન. ) નાખુશ થવું; એ-દિલ થવું; દિલ ન લાગવું; ધ્યાન જતું રહેવું; નાઉમેદી થવી.

**ઊંચું નીચું કરવું,** વેરાતું ઠેકાણે કરવું; વેરણખેરણ પડયું હોય તે ઠેકાણે કરી સાફ-સુફ કરવું.

**ઊંચું નીચું થવું,** તાલાવેલી થવી, આતુર થવું; જીવ તલપાપડ થવો; અધીરા થવું; તૈયાર થઈ રહેવું.

"બીજે દહાડે જ્યારે હું દરબારગઢમાં ગયો ત્યારે તેમની પાસે તે વાત કાઢવાને હું ઉંચો નીચો થઈ રહ્યો."

અરેબિયનનાઇટ્સ.

'મિત્ર કોઇ પાસે નહીં,
કહાવે કોની સાથે કહાન;
નીચા ઊંચા થઇને બેસે,
સાંભરે રાધાનું ગાન."

કવિ દ્વારકાંદાસ.

**ઊંચું બેસવું;** કામ કરવાથી દૂર રહેવું.

૨. ( સ્ત્રીને ) રૂતુ આવવો.

**ઊંચું મન,** અપ્રીતિ; કંટાળો. 'ઊંચે મને કાંઇ કામ થાય નહિ.'

"નૃપથી અમે ન રીઝીએ,
અમથી ન રીઝે રાય;
ઊચાં મન જેનાં થયાં,
અરિ તે અંતે થાય."

પ્રેમરાય ને ચારૂમતિ.

૨. ઉદાર મન.

"ઊંચે લોહીએ મરવું એજ
સંતોષ ઊંચા જનનો;
જૂઠા જગતમાં દુર્લભ એ મોક્ષ,
નર્મદ ઊંચા મનનો."

નર્મકવિતા.

Gandhi Heritage Portal

**ઊંચું માથું કરવું,** પદ્વિ–કર્મ–સુખમાં બીજા કરતાં ચઢીઆતાપણું દર્શાવવું; નીચી–નઠારી હાલતમાંથી ઊંચી–સારી હાલતમાં આવવું.
૨. કામની અતિશય મારામારીમાંથી ફ-રાગત થવું.
"તે બિચારો ઊંચું માથું કરવા પામતો જ નથી."

**ઊંચું મૂકવું—મેલવું,** ( ઉપયોગમાં ન લેવા જેવી હોય એવી વસ્તુ અથવા વિચાર બાજુએ મૂકવા. જે ચોપડીઓ તરત ઉપયોગની ન હોય, તે ઊંચે મૂકવામાં આવે છે અને ઘરમાં ન વપરાતાં વાસણો ઊંચે અભરાઈ પર મૂકવામાં આવે છે તે ઉપરથી લાક્ષણિક અર્થે ) નિરાળું–દૂર રાખી મૂકવું; કોરે મૂકવું; સંતાડવું; છૂપાવવું; રખડતુ પડ્યું હોય તે ઠેકાણે મૂકવું.
૨. ( ચોરેલું. )
૩. વિસારે મેલવું. "તેણે ભણવું ઊંચું મૂક્યું."
"તેણે અડધોઅડધ પોતાની મિલકત ઊંચી મૂકી છે, એટલે ફિકર નથી."
"મૂર્ખ જેટલા દુરાગ્રહી હોય છે તેટલા ડાહ્યા હોતા નથી કેમકે મૂર્ખ તો લાજ શરમ ઊંચી મૂકે છે. એટલે પછી તેઓને બીજી કશી બીક રહેતી નથી."
નળદમયંતીનાટક.

**ઊંચું ને ઊંચું માથું રાખવું,** મગરૂરીમાં મહાલવું; મગરૂર બનવું; પતરાજખોર થવું.

**ઊંચે આભ ને નીચે ધરતી,** જ્યારે કોઇને કશો આધાર કે આશ્રય હોતો નથી ત્યારે તે નિરાશામાં કે દુઃખમાં કહે છે કે મારે તો હવે ઊંચે આભ ને નીચે ધરતી છે.

**ઊંચે—ઊંચો જા,** મરી જા એવા અર્થમાં તિરસ્કારમાં વપરાય છે. "ઊંચો જા ન આવું તો."

**ઊંચે ચઢાવવું,** વખાણ કરી ખૂબ ફૂલાવવું; ભમાવવું.
"છેહ ન દીજે લાડ લડાવીરે,
નવ નાખીએ ઊંચે ચઢાવીરે.
નમો. નમો
ઓખાહરણ.

**ઊંચને ઊંચે શ્વાસે,** ઊંચે જીવે; નિરાંત વગરની–ગભરાટવાળી સ્થિતિમાં.

**ઊંચો જીવ,** કોઈ એકાદા વિષય–કામ તરફ દિલ ન લાગતું હોય.–ધ્યાન જતું રહ્યું હોય ત્યારે જીવ ઊંચો થયો છે એમ બોલાય છે; અપ્રીતિ; કંટાળો.

**ઊંચો નીચો હાથ પડવો,** ચોરીથી મેળવવું; ઊંધાં ચત્તાં કરી સારીપેઠે કમાવું.
"ઊંચો નીચો હાથ પડ્યા વિના ધનવાન ન થવાય. કપટ અને વિશ્વાસઘાત વિના જગતમાં ક્યારે ચાલેછે?"
બ્રહ્મરાક્ષસ

**ઊંચો ને ઊંચો રહ્યો છે,** હરામ હાડકાં છે. કામ કરવામાં કંટાળો ખાય એવા માણસને વિષે બોલતાં વપરાય છે.
૨. મગરૂરીમાં રહેવું; ગર્વમાં છાકી જવું; મોટાઈ રાખવી.

**ઊંટનું પગલું તો જાણતો નથી,** ઊંટના પગલા જેવી સેહેલી બાબત જે જાણતો–ઓળખતો ન હોય, તેવા બીનમાહિતગાર માણસને વિષે બોલતાં વપરાય છે.

**ઊંડા ઉતરીને જોવું,** ચોતરફ નજર પહોંચાડી બારીકાઈથી જોવું–વિચારવું–તપાસવું. એકાદાવિષયની અંદર પેસીને વિચાર કરવો.

**ઊંડા પાણીમાં ઉતરવું–પેસવું,** કોઈ સાહસ કામ માથે લેવું; નુકસાન થઈ બેસે એવી બાબતમાં વચ્ચે પડવું; જોખમવહોરવું.
"ઊંડા પાણીમાં ઉતરવાની તમારે સાધુ પુરૂષને કાંઈ મતલબ?"
તપત્યાખ્યાન.

Gandhi Heritage Portal

**ઊંડાં મૂળ,** જેનું કપટ કે મર્મ જલદીથી સમજવામાં ન આવે તેવાને માટે વપરાય છે. 'એનાં મૂળ તો બહુ ઊંડાં છે."

**ઊંદર બિલાડીનું હોવું,** ઊંદર બિલાડીના જેવું વેર–શત્રુતા–અણબનાવ હોવો.

**ઊંદર બિલાડીનો મેળ** પણ એજ અર્થમાં બોલાય છે.

" ધનલક્ષ્મી અને કુંવરબાઇને ઊંદર બિલાડીનું છે. એ બેતે ઊભા રહે પણ બનતું નથી."

**ઊંદરિયું કરવું,** દાંતે કરડીને કોઈ વસ્તુ કાપવી.

**ઊંધાં પગલાંનું,** ભાગ્યહીન; ખરાબ પગલાંનું. એથી ઉલટું **ઉજળાં પગલાંનું**, ઘણા એમ માને છે કે ઘરમાં જો કોઇ ભાગ્યશાળીનું આવવું થાય તો તેના સુભાગ્યને યોગે બહુ ફાયદો અથવા સુખની વૃદ્ધિ થાયછે અને કોઈ કમનશીબની સાથે પાનું પડવાથી ઉલટી હાની થાયછે. જેનાથી ફાયદો થાય તે **ઉજળાં પગલાંનું**, અને જેનાથી હાનિ થાય તે **ઊંધાં પગલાંનું** કહેવાય છે.

**ઊંધા પાટા બાંધવા,** આડું અવળું સમજાવીને ભમાવવું; ઉલટું ઉલટું બતાવીને ભોળવી નાંખવું; સમજફેર કરી ઊંધે રસ્તે દોરવું.

"ભાઈ, ધૃતનો ઘાટતો અમે જ ઘડી બતાવ્યો તો ને? સ્મરવર્દ્ધકને ઊંધા પાટા બાંધનાર અમેજ. જો અમને ભૂલી ગયા તો હતા તેવા થયા એમ જાણવું."

પાંચાલી પ્રસન્નાખ્યાન.

૨. આગળ પાછળનું કાંઈ ન સૂઝે એમ કરવું. ઝંપલાવું; શુદ્ધિ–ભાન–સમજ ન રાખવી. આંધળિયાં કરવાં.

" તે ઊંધા પાટા બાંધીને કુવામાં પડયો."

**ઊંધાં વાજાં વાગવાં,** ખેલ બગડવો; જોઈએ તે કરતાં ઉલટુંજ થવું; ખરાબી થવી. ( દૈવયોગે )

**ઊંધી પાઘડી મૂકવી,** દેવાળું કાઢવું. ( નાદારી બતાવતાં ઊંધી પાઘડી મૂકવામાં આવેછે તે ઉપરથી )

**ઊંધી પુતળીનું,** ( પુતળી–કીકી. ) ચુંચળી, નાચી ને તીરછી આંખ કરીને જોનાર ( પુરૂષ અથવા સ્ત્રી; ) જેની આંખની કીકી ઊંધી હોય તે. ( માણસ. )

હાથીને માટે કહેવાય છે કે તેની આંખની પુતળી ઊંધી છે.

**ઊંધું કરી નાખવું,** ખાટલે પાડવું; પથારી વશ થાય એમ કરવું; માંદું પાડવું; ઊંધે મોઢે પડે એમ કરવું.

( મુખ્યત્વે કરીને મૂઠ, ચોટ વગેરેથી ઇજા કરવાના સંબંધમાં વપરાય છે. )

૨. રીબાવવું; પીડવું; કનડવું. ( અતિશય કામ કરાવીને. )

**ઊંધું મારવું,** ઉલટું કરી ખરાબ કરવું–નુકસાન કરવું; ધારવા કરતાં અવળું કરી બગાડી નાખવું.

" ચોપદારે ઇર્વાચંદની વાત કાઢી ને દીવાની કામના અધિકારીઓ સ્વચ્છંદપણે લોકનાં કામ કેવાં ઊંધાં મારે છે, તે દરેક કોરટે ઉથલાવેલા હુકમનામા ઉપરથી બતાવી આપ્યું."

ગર્ધવસેન.

**ઊંધું વળી જવું,** છેકજ થાકી જવું; ઉઠવાની પણ શક્તિ ન હોય એવી સ્થિતિએ પહોંચવું;

"કામ કરીને પાછા ઊંધા વળી ગયા તો!"

૨. બગડી જવું; ખરાબ થઈ જવું; પાયમાલ થવું; ધુળધાણી થવું.

"ગુજરાતનું રાજ્ય ઊંધું વળી જાય ને રાજા પદભ્રષ્ટ થાય કે લઢાઇમાં માર્યો જાય, એટલીજ તેની ખુશી હતી."

કરણઘેલો.

**ઊંધું વાળવું,** ફેરવી નાંખવું; બગાડી દેવું; ડાટ વાળવો; ઉલટું કરી ખરાબ કરવું.

Gandhi Heritage Portal

૨. ઊંધું વાશીદું વાળવું. ( ઉઠમણાને દિવસે )

**ઊંધું વેતરવું,** કરવું જોઈએ કંઈ ત્યારે કંઈ બીજુંજ કરવું; ઉલટું કરવું; અવળચંડી રાંડના જેવું કરવું; અવળું કરી બગાડી નાખવું.

**ઊંધે મોઢે પડવું,** મંદવાડ સેવવો; તાવથી પથારીવશ થવું; માંદા પડવું.

**ઊનું લોહી,** નવો જોસ્સો; પ્રસંગ પરત્વે મનની ઉછળતી જે તાજી હાલત તે.

"હાંરે તમે નીચા ઠરો છો જગમાં,
કાં ન વધારો ઊનું લોહી રગમાં;
દેશીઓ ઘુમો, ઘુમો રે ઘુમો ઘુમો."

નર્મકવિતા.

**ઊભાં હાડકાનું,** ખોટાં—હરામ હાડકાંનું; કામ કરવે કંટાળો આણે એવું; નીચાં વળી કામ ન કરનાર; મેહેનતથી કંટાળનાર; કામથી કાયર.

**ઊભા ઊભા આવી જવું,** તાકીદથી—ઝડપથી આવીને પાછા ઝટ જતા રહેવું. ( વચ્ચે કંઇ બેઠા સિવાય. )

**ઊભા રહેવાની જગ્યા નથી,** દુઃખ સાંભળનાર કોઇ નથી; કોઈ દિલાસો કે વિસામો આપે એવું નથી.

**ઊભી આબરૂએ,** ભારમાંને ભારમાં; ભારે ભાર રાખીને, મોભો જાળવીને.

'ઉભી આબરૂએ ચાલ્યા જાઓ.'

**ઊભી પૂછડીએ નાસવું,** ભયનું માર્યું જેટલી ઉતાવળથી નસાય તેટલું નાસવું; આઘુંપાછું જોયા વગર નિર્ભય જગા તરફ નાસવું. ( ઢોર નાસે છે ત્યારે પૂછડી ઊભી કરેછે તે ઉપરથી. )

"બાયલા સિરાજઉદ્દૌલાનો પગ રણભૂમિમાં ટકયો નહિ ને ભયભીત થઇ ઊભી પૂછડીએ જીવ લઈને નાઠો."

ભરતખંડનો ઈતિહાસ.

"ત્યાં એક મોટો ભડકો થયો, અને તે તેના શરીર ઉપર વિંટળાઇ જશે એમ લાગ્યાથી ઊભી પૂછડીએ નાઠો."

કરણઘેલો.

**ઊભું ઊભું નચાવવું,** મરજીમાં આવે તેમ કામ કરાવી થકવવું; રમકડું કરી મેલવું; વશ કરી પોતાના કહ્યામાં રાખવું.

"પેલી જયકુંવર તો પોતાના ધણીને ઊભો ઊભો નચાવે છે."

સાસુવહુની લઢાઈ.

"મૂરખ મંત્રી કાઢી મેલો,
જૂના ખાઇ બદેલા;
જેને તમને નચાવીઆતા,
ઊભા ઊભા કરી ઘેલા."

પાણિપત.

**ઊભું થઈ રહેવું,** આતુર થવું; અધીરાં બનવું; તૈયાર થઈ રહેવું.

'તે બંને પગે લાભ લેવા ઊભો થઈરહ્યો.'

૨. આભું બની જવું; ચકિત થવું; સ્તબ્ધ થઇ જવું; વિસ્મિત થવું; દિગ્મૂઢ બનવું.

**ઊભુંને ઊભું બાળી મૂકવું,** સર્વાંગે બળાપો વ્યાપે એમ કરવું; પગથી તે શિખા સુધી ઝાળ ઉપજે એવા બોલ બોલવા અથવા મ્હેણાં દેવાં.) એકદમ કાળજામાં ચરેડો પાડવો.

"રાણાનો અક્કેકો બોલ કારભારીને અંતરમાંથી ઊભોને ઊભો બાળી મુકવા લાગ્યો, અક્કેકો અક્ષર તેને પળે પળે દેવતાને વિષ દંશ જેવા ચાટકા દેવા લાગ્યો".

ગંધર્વસેન.

**ઊભે ધણીએ,** ધણી છતાં, ધણીના જીવતાં.

"પેલી સ્ત્રી ઊભે ધણીએ નાતરે ગઈ."

**ઊભે પગે,** ઘણીજ આતુરતાથી કે ઘણા આગ્રહથી.

**ઊભે પગે જઈને આવવું,** જઈને તરત પાછા આવવું. (વચ્ચે કાંઈ બેઠા સિવાય.)

Gandhi Heritage Portal

**ઊભે પગે થઇ રહેવું,** આતુર બનવું; અધીરૂં થવું.

**ઊભે ભાલે,** ત્રાસ ભેર; ભાલો સામો ઉગામ્યો હોય, એવી ભયભીત સ્થિતિમાં; ગભરાટમાં; ઉચાટમાં; "ઊભે ભાલે કાંઈ કામ થાય ?"

**ઊભો મૂળો,** મૂળાની પેઠે અક્કડને અક્કડ રહેનાર; આળસુ; હરામ હાડકાંનું; હાડકાંનું ભાગલું; કામ કરવે કંટાળો આણે એવું; અક્કડને ફક્કડ થઇને ફરે પણ મહેનત કરવામાં કાયર હોય એવા માણસને વિષે બોલતાં વપરાય છે.

**ઊભો રસ્તો,** સીધો ધોરી રસ્તો.

**ઊભે રસ્તે જવું ને આવવું** એટલે કોઇની સાથે લપ્પનછપ્પન ન રાખતાં ધોરી રસ્તે જવું તથા જઇને પાછા આવવું. (વચ્ચે કાંઈ ધાલમેલ ન કરવી.)

**ઊભો રસ્તો દેખાડવો** એટલે જાઓ એમ કહેવું અથવા જાય એમ તજવીજ કરવી.

# એ.

**એક અસ્ત્રે મૂડવું,** સારા માઠા બધાને માટે એકજ રસ્તો-રીત રાખવી. (માણસને તથા પાડાને મૂડવાનો એકજ અસ્ત્રો હજામે રાખવો તે ઉપરથી.)

"જીવાડતાને જીવ આપીએ, અને મારતાને મારીએ જ. તમે મિત્ર અને એ શત્રુ; બેને એક અસ્ત્રે ન મૂડાય. ખાજું અને ભાજી, એ ટકે શેર થાય તે તો અંધેરીનગરીમાં જ."

સરસ્વતીચંદ્ર.

"જાન, માલ અને કાયદાનું જ્યાં સંરક્ષણ આવી રીતનું મળે, ત્યાં વેપાર રોજગારની વૃદ્ધિ ન થાય અને "ટકે શેર ભાજી, ટકે શેર ખાજાં" એ પ્રમાણે સૌ એક અસ્ત્રે મૂડાય એમાં શક શો ?"

ગર્ધવસેન.

"સૌ કવિને સરખા ગણે, જન જે મૂરખ જાત; એક જ અસ્ત્રે સર્વને, મૂડે મેઘોરાત."

બુદ્ધિપ્રકાશ.

**એક આંખ,** એક તરફી નજર. પક્ષપાતી માણસના સંબંધમાં વપરાય છે. બે બાજુ ન તપાસતાં એક જ તરફની નજર રાખવી તે.

"તેની અદાલતમાં ઈનસાફને એક આંખ હતી; તે મુસલમાન લોકોને જ જોતી હતી. જે ઈનસાફ થતો હતો તે મુસલમાન લોકના પક્ષમાં જ થતો હતો."

કરણઘેલો.

"કૃષ્ણદેવ-પ્રિયે, હું તો ઉભય ચક્ષુએ સમાન જોનાર જેવા હોય, તેમાંનો એક છું; તમે અત્યારે અહીં આવીને ઊભાં રહ્યાં હોત તો પણ હું તમારે મંદિરે આવવાનો હતો. રૂક્ષ્મણી-આર્ય પુત્રને એક આંખે જોનાર તે કેમ કહેવાય ?"

સત્યભામાખ્યાન.

૨. સામસામી મીટ મંડાવી; નજર એક થવી.

"એની ને મારી એક આંખ થઇ હતી પણ કાંઇ વાત થઈ નહિ."

**એક આંખમાં હસાવવાં અને એક આંખમાં રડાવવાં** (બાળકને), ભય અને



Gandhi Heritage Portal

પ્રીતિ ઉભય રાખવાં; મતલબ કે બાળકને જરૂરને પ્રસંગે રડાવવાં પણ પડે છે, અને કેટલીક વખત હસાવવાં પણ પડે છે.

"બાયડી અને છોકરાંને તો એક આંખમાં હસાવવાં, અને એક આંખમાં રડાવવાં જોઇએ."

ગર્ધવસેન.

**એક ઇંદ્રિતું જ્ઞાન,** એકજ દિશા-હેતુનો વિચાર.

"જેમ રજપૂતો થયા ગરીબડા,
તેમ મરાઠા થયા ઘણા;
સઘળ બીજું કંઇ કરી ન જાણે,
એક ઇંદ્રિના જ્ઞાન તણા."

પાણિપત.

**એક એકના મોંમાં થુંકે એવા,** એક એકથી ચઢિઆતા; એક એકના ગાંજ્યા-છેતરાયા ન જાય એવા; બંને સરખા ઉતરે એવા. (મમતમાં, મદમાં, સરસાઈમાં.)

**એક કાનથી બીજે કાનજવું,** ફેલાવું; જાહેર થવું; બહાર પડવું. (ગુપ્ત વાત-.)

"તું જાણતો નથી કે નાગી ભોંયરામાં નાચે તો તે વાત પણ છાની ન રહે, તો તારો આ લવલવાટ કેમ રહેશે? એક કાનથી બીજે કાને જતાં શો વિલંબ થશે?"

અરેબિયન નાઈટ્સ.

**એક કાને થઈ રહેવું,** કાન માંડીને સાંભળવું; સ્વસ્થ ચિત્તે સાંભળવા તત્પર થવું.

"નેશનલ કોંગ્રેસમાં બ્રૅડલોનું ભાષણ સાંભળવા સઘળા પ્રેક્ષક જનો એક કાને થઈ રહ્યા હતા."

ગૂજરાતી.

**એક કાને સાંભળી બીજે કાને કાઢી નાખવું,** (સાંભળ્યું કે તરતજ જાણે સાંભળ્યું નથી એમ કરવું.) સાંભળ્યું ન સાંભળ્યું કરવું; સાંભળીને અંતરમાં ન ઉતારવું; સાંભળ્યું હોય તે તરફ બેદરકાર રહેવું; અખાડા કરવા.

"ખરે માર્ગે ચાલવાની તક ખોઈ હશે, ને સુકૃત કરવાની સુચના એક કાને સાંભળી બીજે કાને કાઢી નાખી હશે, તેને માટે વિશ્વના પવિત્ર ન્યાયાધીશને જવાબ આપવો પડશે."

સાતમી ચોપડી.

**એક ગાંઠ,** એકો; સંપ. 'તે બેની એક ગાંઠ છે.'

**એક ગાડે જોડાય એવા,** સરખી પાંતીના; મળતા આવતા; સરખાજ. (સ્વભાવ-ડોળ વગેરેમાં).

**એક ચંદાવો ચઢે એવું,** ચઢીઆતું; એક અંશ વધતું. (મમત-મદ-સરસાઈમાં).

**એક છે,** (ઐક્ય છે.) મળતા છે; સ્નેહ-પ્રેમથી બે ટળી એક છે એમ જણાય છે.

**એક જીવ થવું,** મન મળવું; ભિન્ન ભાવ-વહેરો આંતરો ન ગણવો; મન મળ્યાં હોય તેવું થવું; એક દિલ થવું.

"રાધાગવરીનો અને મણિલાલની પત્નીનો એક જીવ થઈ રહ્યો હતો."

સદ્ગુણી વહુ.

૨. બરાબર ધ્યાન આપવું; ચિત્ત પરોવવું.

**એક ટસે ને એક ટસે,** એકી નજરે; આંખ મીંચ્યા સિવાય.

"મિરેન્ડાએ પોતાના પિતા વગર બીજું મનુષ્ય જન્મારામાં દીઠું નહોતું; તેથી તે રાજકુંવરને એક ટસે ને એક ટસે જોઈ રહી."

શે. કથાસમાજ.

૨. એક શ્વાસેને શ્વાસે; વિરામ લીધા સિવાય. "એક ટસે ને એક ટસે ગાય છે."

**એક તંભે ઊભા રહેવું,** (તંભે-સ્થંભે.) સંપસંપીને એક જથામાં રહેવું.

Gandhi Heritage Portal

"તેઓ તેમના મનમાં જાણતા હતા, કે જ્યાં સુધી આપણી અંગ્રેજી પ્રજામાંના માણુસો હિંદુસ્તાનમાં એક તંએ ઊભા છે, ત્યાં સુધી તેઓ આપણુને એમ ને એમ બેપરવાઈથી મરવા દેનાર નથી."

જાતમહેનત.

**એક તરફની ઢોલકી વગાડવી,** ઢોલકી એકજ તરફ વગાડવાથી એકજ તરેહનો અવાજ આવ્યાં કરે છે, તે ઉપરથી એકની એક વાત કહ્યાં કરવી; બીજી બાજુ પડતી મૂકી એકજ પક્ષનાં ગીત ગાયાં કરવાં.

**એક થઈ જવું,** મળી જવું; સંપ થવો; એક મતનું થવું; ઐક્ય બંધાવું; દોસ્તીમાં જોડાવું.

**એક દિલ થવું,** બે અથવા તેથી વધારે માણસોના જૂદા જૂદા વિચાર એકજ થઈ રહેવા.

૨. સ્નેહ–પ્રેમથી બે ટળી એક જણાવું.

**એક દિલે–મને,** લક્ષપૂર્વક; કાળજી રાખીને ધ્યાન દઇને;

"અલ્પ બુદ્ધિ માટે મેં કીધી,
પ્રતિજ્ઞા પૂર્વે જેહ;
એક મને થઈ તે સાંભળજે,
સત્યારથ કહું તેહ."

ભાલણસપ્તશતી.

**એક નાવમાંનું,** સરખી સ્થિતિનું; સરખા વિચારનું.

**એક પગે થઈ રહેવું,** (એક પગ મૂકી બીજો ધારેલે ઠેકાણે મૂકવા તત્પર થવું, તે ઉપરથી) આતુર થઈ રહેવું; અધીરૂં થવું; તૈયાર થઈ રહેવું; ઉતાવળું થવું.

"સ્ત્રીઓ પોતાના વરની સ્થિતિનો વિચાર ન કરતાં પુત્રના લગ્ન સમયે સારાં સારાં જમણવાર કરવાનો લ્હાવો લેવા એક પગે થઈ રહે છે, એ તેમની કેળવણીની મોટી ખામી છે."

કવિ નર્મદ.

"રૂક્ષ્મણિ—કનકમાલિકા મને મદદ તો કરત પણ આ તો ગોપબંધુ ઉપર બે દાણા વધવાને એક પગે થઈ રહીછે."

સત્યભામાખ્યાન.

"ઝટપટ તેણે નીકળવાની તૈયારી કરાવી. પરાક્રમ કરવાને તે એક પગે થઈ રહ્યો હતો."

વનરાજ ચાવડો.

"રાજપુત્રના કહેવા પ્રમાણે તે એક પગે (આતુરતાની સાથે) તેના સ્વાર સાથે જવાને તૈયાર થઈ."

* * * *

"તમે કહેશો તે પ્રમાણે વર્ત્તવાને હું એક પગલે તૈયાર છું."

અરેબિયન નાઈટ્સ.

**એકપર બે કરતાં,** શરૂઆતનું ભણતર ભણતાં. **એકડાપરબગડો કાઢતાં** પણ બોલાય છે;

"ફૉવલ નિશાળમાં તો એકપર બે કરતાં પણ શીખ્યો નહિ, અને એ મૂર્ખનો સરદાર અને ભટકતો ભૂત છે, એમ સૌના મનમાં આવ્યું."

જાતમહેનત.

**એક પાણુ ઓછી છે,** પોણુઆઠ–બાયલો છે; ઢંગધડા વિનાનો છે.

**એક ભવમાં બે ભવ થવા,** ધર્મભ્રષ્ટ થવું.

૨. જાત વણસવી. (ઊંચ જાતની સ્ત્રીએ નીચ જાતના પુરૂષ સાથે વ્યભિચાર કરવાથી–પાપકર્મ કરવાથી)

"તેઓના સરદાર આપણું રૂપ જોઈ આપણાપર મોહ પામે, આપણુને પરણે, અને આપણા એક ભવમાં બે ભવ થાય–આપણો ધર્મ આપણુને ત્યાગ કરવો પડે."

કરણઘેલો.

"પરમેશ્વરે બ્રાહ્મણુમાં અને તેમાં સૌથી

Gandhi Heritage Portal

ઊંચી નાગરી ન્યાતમાં મને જન્મ આપ્યો તે સઘળું મિથ્યા, મારા એક ભવમાં બે ભવ થયા.” સાસુ વહુની લડાઇ.

“સ્ત્રી જાતમાં લપટાવાથી તું તારા પોતાના વ્રતથી ભ્રષ્ટ થઈશ, તો આ સંસારમાં તારા એક ભવમાં બે ભવ થશે માટે સંભાળજે.”

ગુ૦ જુની વાર્તા.

**એક માળાના મણકા,** સરખા સ્વભાવ–કદ–રૂપ–જાત–ગુણ–વિદ્યાના માણસ. (એક માળાના સઘળા મણકા બરોબર હોય છે, તે ઉપરથી.) પ્રાણી કે પદાર્થને માટે જ વપરાય છે.

**એક મૂઠીએ,** એકી વખત; સામટું જ; સાથે લાગું. (રૂપીઆ આપવા કે લેવા, ફડચો આણવો વગેરે.)

**એક મૂઠીનું,** એકજ સત્તા કે હુકમને તાબે થાય એવું (માણસ.)

**એક લાકડીએ હાંકવું,** બધાને એક સરખી રીતે ગણવું–ગણી વર્તવું; સરખી નજરે જોઈ સત્તા બેસાડવી; એક તંત્રે ચલાવવું.

**એક વેંત સ્વર્ગ બાકી,** સ્વર્ગનું સુખ નજદીક આવ્યું છે, એમ માનનાર ગર્વિષ્ટ માણસને વિષે બોલતાં વપરાય છે.

“કદી ગણાયા ગુણિ ગ્રાજ્યુએટ,
છેટે રહ્યું સ્વર્ગ પછીથી વેંત;
મૂકે ગણી પેટીં વિષે સુસારો,
શકે કરી શું શઠ તે સુધારો?”

કવિ બુલાખીરામ.

**એક શ્વાસે ને એક શ્વાસે,** શ્વાસ મૂક્યા સિવાય; થાક ખાધા વિના; દમ પર દમ; ધીરજ ખમ્યા વિના.

“બેઠાં બેઠાં ઘણી વખત થઈ, અને જ્યારે દેવ બે વાટે આવ્યા નહિ, ત્યારે હું ઊઠી તજવીજ કરવા ગઈ તો મને જણાયું કે ગોપબંધુ સહ દેવ અહીં આવ્યા છે, તે જોવા એક શ્વાસે અહીં આવીછું.”

સત્યભામાખ્યાન.

**એકસો આઠ પેઢી તારવી,** બાપદાદાની કીર્તિ અજવાળવી–વધારવી.

“એ ગુરૂજી! આપે આજે મારી એકસો આઠ પેઢી તારી; હું કઈ રીતે ઓશીંગળ થાઉં? રે! આપના ગુણ કેવી રીતે ગાઉં?”

પ્રતાપનાટક.

**એક હાથપર,** એક તરફ. **બીજા હાથપર**–બીજી તરફ.

**એકના એક થઈ જવું,** મળી જવું; પ્રથમ લઢાઈ થયા પછી સમાધાન થવું; દુશ્મનાઈ તૂટી સંપ થવો–ઐક્ય થવું.

“એક વજીર છે, ત્યારે બીજો વજીરનો પુત્ર છે. લઢી મરવા દો; તમારા પિતાનું શું જાય છે? કોઈ દહાડો એ તો એકના એક થઈ જશે, માટે તમારે અપજશિયા બનવાની શી જરૂર છે?”

અરેબિયન નાઈટ્સ.

**એકના એકાશી,** (એકને બદલે એકાશી) ઘણાજ. આશીર્વાદ દેતાં એ વપરાય છે. ‘તારે ઘેર એકના એકાશી થજો.’

**એકના તેર કરવા,** વધારીને કહેવું; અતિશયોક્તિ કરવી; રજનું ગજ કરવું. (સામા ધણીને અસર થાય એમ.)

“પરમાનંદે હજુ માત્ર ઘરમાં પગ મૂક્યો નહિ, ત્યાં તો કાગાવેડા કરી, એકના તેર કરીને ડોશીએ કાન ફુંક્યા. પછી શું જુઓ છો?”

સદ્‌ગુણી વહુ.

**એકનું એક,** ફેરફાર વિનાનું.

**એકનું બે ન થવું,** પોતાનો મત–મમત ન મૂકવો; લીધેલી હઠ ન છોડવી; મનમાં આવ્યું તે કરવુંજ કરવું, એવી મનની ને હઠીલી વૃત્તિ તે ન છોડવી.

Gandhi Heritage Portal

"કેટલાક ત્રાહિત લોક આવીને કહેવા લાગ્યા, ભાઈ! એમ તે થતું હશે! ઊંધી પાલી ભરવાનો કોઈ ઠેકાણે રીવાજ નથી; પણ ભાટીઓ એકનો બે થયો નહિ, એટલે સર્વ સરકારમાં ફરિયાદ કરવા ચાલ્યા."

ગર્ધવસેન.

**એકડા વગરનું મીડું,** ગણતરી વિનાનું; લેખામાં નહિ એવું; નકામું. ફલાણો માણસ તો એકડા વિનાનું મીડું છે, એટલે તેનામાં જે શક્તિ–સંબંધને યોગે પોતે યોગ્ય સ્થિતિમાં રહી શકે તે નથી–સત્તા નથી.

૨. પાયા–આધાર વિનાનું; કારણરૂપ–પુષ્ટિરૂપ સહાયતા વિનાનું.

'એકડા વિનાનાં સો મીડાં નકામાં' એ કહેવત છે.

**એકડે એકથી,** શરૂઆતથી; મંડાણથી; પેહેલે આંકડેથી; આરંભથી.

"આ કામ હવે મારે એકડે એકથી કરવાનું રહ્યું."

**એકડો કરવો,** સહી કરવી; મતું કરવું; કબૂલાત આપવી; નક્કી કર્યાની નિશાની આપવી.

"કણબીઓ પાટીદારોને કન્યાઓ દેવામાં ઘસાઈ જતા, અને પોતાના છોકરા વાંઢા રહેતા, તેથી તેમણે સંપ કરી પાટીદારોને કન્યા નહિ આપતાં પોતે પોતાનામાંજ દેવાના એકડા કર્યા છે."

ગર્ધવસેન.

"વૉટ્સને ખોટા લેખપર એકડો કરવાની ના પાડી કેમકે બૈબલપર હાથ મૂકીને તે પ્રમાણે વર્તવાના સોગન ખાધા હતા."

ભ. ઇતિહાસ.

**એકડો કાઢી નાંખવો,** મમત–હઠ મૂકવી.

૨. નામ જવા દેવું.

**એકડો છોડવો** પણ બોલાય છે.

**એકડો કાપવો,** સમૂહમાંથી દૂર કરવું.

૨. મીડું વાળવું; રદ કરવું.

"બ્રાહ્મણોએ આખો ધાણ બગાડી નાંખ્યો છે. આ ભત્રનો એકડો કાપી નાંખી પરલોકનું મહાત્મ્ય વધાર્યું છે."

નવી પ્રજા.

**એકત્રીસપાણ,** રાંડવો; બાયલો; નમાલો.

**એકલશૃંગી હોવું,** એકલશૃંગી ઋષિની પેઠે એકજ તરફ ધ્યાન હોવું; સંસારની અનેક તરેહની જંજાળોથી વિરક્ત રહેવું.

**એકલે હાથે,** બીજા કોઇની મદદ સિવાય; પંડે; કોઈની સહાયતા લીધા વગર; જેમાં કોઈ બીજાનો હાથ ન હોય તેવી સ્થિતિમાં.

**એકી જવું,**–(સંકેતવાચક.) પિશાબ કરવા જવું; લઘુશંકા કરવા જવું. **બેકી જવું** એટલે ઝાડે ફરવા જવું; દીર્ઘશંકા કરવા જવું. (નિશાળમાં બાળકો મેહેતાજી પાસેથી એક આંગળી બતાવી પિશાબ કરવાની રજા માગે છે.)

**એકે કોર કાચી ન રહેવી,** સુખ દુઃખ જે આવવાનું હોય, તે સઘળું આવી ચૂકવું; બધી તરફના વાયરા વાઈ ચૂકવા.

**એકે કોર કાચી ન રાખવી,** મણા ન રાખવી; બધી બાજુઓ ઉથલાવવી. (દુઃખ દેવામાં, અથવા પ્રયત્ન કરવામાં.)

**એકે પથરો ઉથામ્યા વગરનો નથી રહ્યો,** કોઈ કામ અથવા હેતુ પાર પાડવા જેટલો પ્રયત્ન થઈ શક્યો તેટલો કર્યો–જેટલું બની શક્યું તેટલું ચોતરફથી કર્યું. એકે યુક્તિ અજમાવવાની બાકી રહી નથી.

**એદીનું પાથરણું,** ઘણી વાર સુધી ખસાય નહિ એવી હાલત. (એદી માણસને પાથરણામાંથી ઉઠવું પડે તે માથાવાઢ જેવું લાગેછે તે ઉપરથી.)

Gandhi Heritage Portal

# ઓ.

**ઓઇયાં કરવાં,** ( ખાધા પછી ઓઇઆં આવેછે, તે ઉપરથી લાક્ષણિક અર્થે ) ખાઈ જવું; અડાવી જવું.

૨. વગર હકે લઈ જવું; ઉડાવી દેવું; ઉચાપત કરવું.

"તે પારકો માલ વગર હકે ઓઇયાં કરી ગયો."

"વિચારી જુઓની! પ્રજા પાસેથી ધાન્યનો જે દશાંશ આવે છે તે વિશેષે કરીને તમે જ ઓઇયાં કરી જાઓ છો."

નળદમયંતી.

**ઓકયા ધાન્ય જેવું,** અણગમતું; અળખામણું; જોતાંજ કંટાળો આવે એવું.

**ઓકી કાઢવું,** (પેટમાંથી બહાર કાઢવું તે ઉપરથી લાક્ષણિક અર્થે ) ગુપ્ત વાત બહાર પાડવી; પેટમાં રાખવા જેવું જે ગુહ્ય હોય તે ઉઘાડું પાડવું.

**ઓઘડનાથ જેવો,** જ્યાં નાખ્યો હોય ત્યાં શૂન્યમૂન્ય પડી રહે એવો. ( ઓઘડ—ગોરખનાથની પેઠે. )

**ઓઘો બાળવો,** છાની વાત ઉઘાડી કરવી-ફોડી દેવી; કોઈનો ધારેલો ગુપ્ત બેત જાહેર કરવો; ઉલટું કરી બગાડી નાખવું.

"હેલીનાને ભરૂસો હતો કે ડેમીટ્રિયસ હાર્મિયાનો પત્તો કાઢવા સારૂ વનમાં ગયા વગર રેહેનારો નથી; તેથી એ મિષે તેની સાથે જઇ તેનું મુખ નિરખવાનો જોગ બનશે, એવા વિચારથી તેણે પોતાની બેનપણીની વાતનો ઓઘો બાળ્યો. બાકી બીજો કંઇ દહ્લો તેને ઓછો જ લેવો હતો."

શે૦ કથાસમાજ.

**ઓચ્છવ થવો,** આવી બનવું; આફત આવી પડવી. ( વાંકામાં )

"તું ધીરે ધીરે બોલ; જો કોઈ તારૂ વચન સાંભળશે, તો આપણા બેઉનો ઓચ્છવ થશે."

સાવિત્રીચરિત્ર નાટક.

**ઓછ મૂકવી,** મણા રાખવી; કચાશ રાખવી; પાછી પાની કરવી; બાકી રાખવું.

"મારી શક્તિ અનુસાર સર્વ પ્રકારે હું શ્રમ કરવામાં ઓછ મૂકનાર નથી."

જાત મહેનત.

**ઓછી પાંસળી,** જરાક ઘેલછાવાળું; અદકપાંસળી.

**ઓછું આણવું,** પોતાને વિષે હલકો વિચાર આણી દિલગીર—શરમીંદુ થવું; માઠું આણવું; સામાનું સુખ જોઈ પોતાને નથી, એવો વિચાર આણી મનમાં હીજરાવું-ગળગળું થવું. **ઓછું આવવું** પણ એવા જ ભાવમાં વપરાય છે.

"ઓછું ન આણોરે મારા તાતજી રે,
રાખો નાથજી શું નેહ."

હારમાળા.

"વળતા બોલ્યા સારંગપાણ,
રાય રખે મન ઓછું આણ."

સુરેખાહરણ.

"હોય સુખ ઘણું પિયેર વિષે,
તોયે ઓછું આવે;
ભાઈ ભોજાઈ મેણાં દિયે,
નઠારી કહાવે. નાથ વિના."

ઓખાહરણ.

"અલિ! જવા દે એનું નામ? ચાલ, સખી કને જઈએ; નીકર એના મનને ઓછું આવશે."

તપત્યાખ્યાન.

**ઓછું થયું,** કાશ ગઈ; કંટક ટળ્યું; દીરતું

Gandhi Heritage Portal

રહ્યું. (તિરસ્કારમાં વપરાય છે.) "ઓછો થયો ગયો તો."

**ઓછું પાત્ર,** હલકું; કોડીનું; પાજી; જેના પેટમાં વાત ન ટકે–રહે એવું; ગુપ્ત વાત ઉઘાડી કરે તેવું.

૨. બડાઈ ખોર, અભિમાની, ગર્વિષ્ઠ; ઠાલી મગરૂરી કરે તેવું; પોતાને વિષે બડાઇ હાંકનાર.

૩. હલકા કૂળનું; નીચ તુકમનું; હીણા લોહીનું.

"ઓછું પાત્ર ને અદકું ભણ્યો;
વઢકણી વહુએ દીકરો જણ્યો."

અખોભક્ત.

**ઓછે પાટલે બેસવું,** ઉતરી પડવું; હદ મૂકી બોલવું; તપી જવું; જાતપર જવું;

જ્યારે કોઈ માણસ પોતાને ઓછું આવવાથી રીસમાં આધું જઇ બોલે છે, ત્યારે સામો ધણી કહે છે કે 'સહેજ સહેજમાં ઓછે પાટલે શું બેસે છે?'

**ઓટલે બેસવું,** ઉઘરાણી–માગતાને પેટે તગાદો કરવો; બારણે બેસવું; ચાંપીને ઉઘરાણી કરવી.

૨. (રડવાને માટે ઓટલે બેસવાનો રીવાજ છે તે ઉપરથી.) કંઇજ ધન માલ ન હોય, ખોઇ નાંખ્યું હોય, એવી હાલતમાં આવવું.

'મારી છોકરીને ઓટલે બેસાડીરે' એમ સાસુ રડે છે.

૩. ગુણકાની રાખેલી છોડીએ પોતાને ધંધે લાગવું.

**ઓટલો ઉઠવો,** હદ ઉપરાંત તુકસાન થવું; પાયમાલ થવું; ખરાબખસ્ત થવું;

૨. ન સંતાન જવું; વંશની સમાપ્તિ આવવી.

**ઓટલો ઘસી નાખવો,** 'ઉમરો ઘસી નાખવો' જુઓ.

**ઓટલો બેસવો,** ઘણું તુકશાન થવું; કંઈજ ધનમાલ ન હોય–ખોઈ નાખ્યું હોય–ઉડાવી દીધું હોય–એવી હાલતમાં આવવું; પડી ભાગવું; દેવલી બેસવી.

૨. નસંતાન જવું; ઘરમાં રહેનાર પાછળ કોઈ ન હોવું.

**ઓટલો ભાગવો,** ઘર ભાગવું; ઘર વણસવું; ઘરની ખરાબી થવી. (ઘરમાં કુસંપ થવાથી કે ઘર જેનાથી ચાલતું હોય, તેવા માણસના મરણથી.)

"જ્યાં મળે ચોટલા; ત્યાં ભાગે ઓટલા; નિકર છંડાવે રોટલા, એવા એ ચોટલા" એ કહેવત છે.

**ઓટલો વળવો,** એક એકના ગુપ્ત–છાના દોષ કાઢી અંતે લઢી ઉઠવું.

"ચાર મળે ચોટલા, ત્યાં વળે ઓટલા."

કહેવતસંગ્રહ.

૨. (ઓટલો બેસવો એ અર્થમાં.) ઘણુંજ તુકસાન થવું, પડી ભાગવું; છેક દુર્દશામાં આવી જવું.

"તેં તો જાણ્યો છે અમર
ચૂડો ને ઓટલો રે;
એક દિન વેરાગણ થઈશ,
વળશે ઓટલોરે.

બોધચિંતામણિ.

૩. મીડું વળવું; આવી રહેવું; પતી રહેવું; છો ફરવી. 'સુખ હેવાને નામે તો ઓટલો વળ્યો છે.'

**ઓટલો વાળવો,** ઘણું તુકસાન કરવું; હદથી જાદે કરવું; આડોઆંક વાળવો; છો ફેરવવી; મીડું વાળવું.

"ગામડાની નિશાળના મહેતાજીઓએ શિક્ષણપદ્ધતિનો તથા વિદ્યાનો ઓટલો વાળ્યો છે"

જમનાબાઈ.

**ઓઠ ઉઘડવા,** બોલવાની શક્તિ આવવી,

Gandhi Heritage Portal

**ઓઠ કરડવા,** પસ્તાવો પામવો.
**ઓઠ પીસવા,** ગુસ્સાનો અભિનય કરવો.
**ઓડનું ચોડ કરવું-વેતરવું,** ( અવળનું ચવળ એ ઉપરથી. ) અવળું-ઊંધું-ઉલટું જ કરવું; કંઇનું કંઈ કરવું; કરવાનું કંઈ ને કરવું કંઈ બીજું જ.

"આવેશમાં થએલા સાહસને માટે પાછળથી પસ્તાવું પડે છે; કેમકે કોઇ વાર 'ઓડનું ચોડ' તેથી થઈ જાય છે, અને ઘણીવાર ધારેલી નેમ પાર પડતી નથી."

ગર્ધવસેન.

"તારી આંખોમાં ઊંઘ ભરાણી છે; તે ક્યાંક ઓડનું ચોડ વેતરીશ. જા, સૂઈ જા, હું ધાને ચેવું છું."

ગુ. જૂની વાર્તા.

**ઓઢણું ઓઢવું,** સ્ત્રીની પંક્તિમાં આવવું; લાજ કાઢવી.

૨. નામોશી-નાદારી બતાવવી.

**ઓઢને પાથરે એટલું,** લાંબું પહોળું; ઘણુંજ; ઘાડું; વિસ્તીર્ણ; ફેલાયલું. ( દુઃખ, અડચણ, કલંક વગેરે. )

'આપણે ઘેર શું છે? એને ઘેર ઓઢે ને પાથરે એટલું છે.'

**ઓથારે ચાંપવો,** ચત્તાં સુવાથી છાતી બંધ થઇ જવી, અને તેથી એકદમ ન ઉઠાવું.

**ઓપટી આવવી,** (આપત્તિ ઉપરથી.) તંગી-જરૂર એ તેના મૂળ અર્થ ઉપરથી લાક્ષણિક અર્થે, રાજ આવવું; રતુ આવવો. (સ્ત્રીને)

**ઓરડા સામું જોવું,** ઘરમાં દ્રવ્ય સંપતિ કેટલી છે તે જોવું; દ્રવ્ય સંબંધી હાલત વિચારવી.

"શેઠીઆઓ, દ્રવ્યનું સાર્થક કરો. ઓરડા સામું જોઈ મરવાથી કલ્યાણ નથી. દેશી લોકોના વૃંદમાં યશ રૂપી ધાણી ઉછાળવી એથી શું અધિક શોભીતું છે?"

નર્મગદ્ય.

**ઓરડાને પૂછવું,** દ્રવ્ય વાપરવામાં ગજું જોવું; કાંઈ ખર્ચ કરતા પહેલાં ઘરની સ્થિતિનો વિચાર કરવો.

**ઓરડે અજવાળું,** ઘર પૈસેટકે ભરપૂર; પૈસા સંબંધી નિરાંત.

"ગુજરાત મધ્યેનાં મોટાં શેહેરોના શ્રીમંતને ઓરડે અજવાળાં છે; પણ તેઓ પોતાના પૈસાનો ખરેખરો ઉપયોગ કરી જાણતા નથી."

નર્મગદ્ય.

**ઓરડે બેસવું,** ( વિધવા સ્ત્રીએ ) ખૂણો પાળવો-સેવવો.

"સસરા ગુજરી જવાથી સાસુ ઓરડે બેઠાં; અને આખા ઘરનું કામ ઉપાડી લેવાનો ભાર ઉછરતી વહુને માથે પડયો."

સરસ્વતીચંદ્ર.

**ઓરડો કરવો,** સ્ત્રી પુરૂષ ઉમરે આવવાથી તેમને જૂદાં સુવાડવાં.

**ઓરડો તપાસવો,** પૈસા ખરચવાના સંબંધમાં પોતાની શક્તિ જોવી; દ્રવ્ય-પૈસો છે કે નહિ, અને છે તો કેટલો છે તે ખરચ કરતાં અગાઉ જોવું-વિચારવું.

**ઓરડો વસાવો,** ( ઓરડે તાળાં દેવાવાં. ) ન સંતાન જવું; ઉછેદીઉં થવું; સત્યાનાશ જવું; ઘરમાં વસનાર-સંસાર ચલાવનાર કોઈ ન રહેવું.

'તારે ઘેર ઓરડા વસાય' એમ બદદુવા દેવામાં આવે છે.

**ઓરતો રહી જવો,** મનની ઇચ્છાઓ મનમાં રહી જવી; લ્હાવો ન લેવાવો; ઇચ્છેલી વસ્તુનો ઉપભોગ ન કરી શકાવો.

"એ બાબતનો મને તો ઓરતો રહી ગયો છે."

**ઓરસિયા જેવું કપાળ,** ટીલા-ચાંલ્લા વગરનું સાફ.

Gandhi Heritage Portal

**ઓરિયો વીતવો,** ગમતી વસ્તુનો ઉપભોગ કરી સુખ ભોગવવું; લ્હાવો લેવો; ઈચ્છેલાં સુખ–કોડ–આનંદનો ભોગવટો કરવો.

" હસતાં મારે ઘાતો ભાઈ,
એ હોય પ્રિયાની પ્રીત્યો;
મેં મારે મન એમ જાણ્યું જે,
આજ ઓરિયો વીત્યો. "

વેનચરિત્ર.

" વહુનો ઓરિયો વીતે ખરો;
કંઈક મોસાળું ઘેરથી કરો. "

મામેરૂં.

**ઓલ્યો દહાડો,** પાંચમો દહાડો. આજ, કાલ, પરમ દહાડો, પેલો દહાડો, અને ઓલ્યો દહાડો. (કાઠિયાવાડમાં)

**ઓસડ કરવું,** રીસ–બળિયેલપણું–ધુંધવાતાપણું ટાળવું; શિક્ષા કરવી; અમુક ખોડ ભુલાવવાની તજવીજ કરવી; સુધારવું. **ઓસડ વાટવું** પણ વપરાય છે.

"બુદ્ધિ ધનનો કાંટો કાઢી નાંખવો અને તેમ કરવામાં ભૂપસિંહ પ્રતિકૂળતા બતાવે તો તેનું પણ ઓસડ કરવું. "

સરસ્વતીચંદ્ર.

૨. રોગ ઉપર દવા ઉપયોગમાં લેવી.

૩. ઓસડ તૈયાર કરવું.

**ઓસલો કૂટવો,** ( **સં. उरस्**=છાતી ) કોઈ જીવતાને નામે કૂટવું; નઠારૂં ઈચ્છવું; બદદુવા દેવી; જોરથી છાતી કૂટવી.

"મેર તારો ઓસલો કૂટે. હત્ મારા પીટયા, પીટ તારા ભાઇને. તારો ઓસલો કૂટું. કૂટ તારા બાપનો ઓસલો. "

સ્ત્રી સંભાષણ.

**ઓસલો ઘડવો,** ( ઓસલો–રોટલો તે ઉપરથી.) મારીને નરમ કરી નાંખવું; સંહાર કરવો; ડાટ વાળવો.

**ઓળે ઉતરવું,** નિષિદ્ધ વસ્તુની છાયામાં જવું-તેનો સ્પર્શ કરવો. " હું તો અસત્યને ઓળે પણ ઉતરતો નથી. " એટલે અસત્યની છાયામાં પણ ઉભો રહેતો નથી–સ્પર્શ પણ કરતો નથી.

**ઓળો પડવો,** અપવિત્ર વસ્તુની છાયા પડેથી ખરાબી થવી; ઓળો–છાયો પડવાથી નુકસાન થવું–બગડવું. " અથાણાને અભડાયલીનો ઓળો પડયો. "

**ઓળો બાળ્યો,** ( ગુજરાતના ભિક્ષુક બ્રાહ્મણોની પારસી ) ઉઘાડું કર્યું.

## ક.

**કક્કેથી માંડીને,** શરૂઆતથી.

" એ મુદ્દતમાં છેક કક્કેથી માંડીને આપઅક્કલ અને જાતમહેનતથી જ એ હુન્નર એને શીખવો પડયો હતો. "

જાતમહેનત.

**કક્કો કૂટી મારવો,** કાળા અક્ષર કૂટી મારવા; અભણ હોવું; વાંચતાં લખતાં ન આવડવું; નિરક્ષર હોવું.

" કેટલાંક સુધારા વાળાનાં બૈરાં તો કક્કાને નામે કૂટી મારે છે. "

નવી પ્રજા.

**કક્કો ખરો કરવો,** પોતાના ખરા ખોટા મતને હઠથી વળગી રહેવું; પોતાનું કહેલું ખોટું હોય, તોપણ ખરૂં કહેવરાવવા ટક્કર લેવી. (મમત્વમાં.)

' એનો પોતાનો કક્કો ખરો કરવાની વાતછે. '

**કક્કો ભણવો** પણ વપરાય છે.

" આવી પારમાર્થિક અર્થસંગતિ શ્રી શંકરાચાર્યાદિને ઇષ્ટ છે, છતાં આધુનિક સંપ્રદાયવાળા આ શ્લોકને પણ ચુંથી નાખી પોતાનો કક્કો ખરો કરવા મથે છે. "

પ્રિયંવદા.

**કક્કો ન હોવો,** અભણ હોવું.

" કન્યામાં કક્કો ન હોવાને લીધે તેમનાં

૭

Gandhi Heritage Portal

માબાપો પોતાની મરજી મુજબ વરને પસંદ કરે છે.

પંડિતા જમનાબાઈ.

**કંકુના કરવા,** ( વિવાહ–વેવીશાળ–રૂડું ટાણું વગેરે શુભકાર્યમાં કંકુનો ઉપયોગ થાય છે; તે ઉપરથી લાક્ષણિક અર્થે ) કોઇ પણ શુભ કામને આરંભે સારા શુકન કરવા.
"જાઓ મિત્રો જઈ પહોંચો, અમેય સમય થયે કંકુના કરવા આવીશું."

તપત્યાખ્યાન.

૨. જશના કરવા; ફતેહ કરવી.

**કંકુનાં પગલાં,** શુભ પગલાં. ( પગલે પગલે શુકન થાય એવા સદ્‌ભાગી માણસને વિષે બોલતાં વપરાય છે. )

"રજપૂત રાજાઓના વખતમાં જેમાં સતી રજપૂતાણીઓનાં કંકુનાં પગલાં પડતાં; તેમાંજ આજ દુરાચારિણી અને વાર સ્ત્રીઓનાં નિષિદ્ધ પગલાં પડતાં હતાં."

ગુ૦ જૂની વાર્તા.

**કંકુને પગલે,** ભારમાં; ઉભી આબરૂએ; આદર–માન સહિત; શુભ શુકનથી.

"કંઈ સાનથી માન ભાન ભૂલી એક તાનથી જ્ઞાનવાન થઈ પધારશે કંકુને પગલે; ને પછી ન ત્યાં તેનું નામ ને નહિ કામ. ગયો તો મુઓ, આપણે શું?"

ગુજરાતી.

"કુમકુમને પગલે,
પધારો હરિ કુમકુમને પગલે;
મસમસતા મોહન ઘેર આવો,
લડસડતે ડગલે–પધારો."

નૃસિંહ મહેતો.

**કંકુનો ચાંલ્લો,** ( હિંદુઓ શુભ કાર્યમાં કંકુના શુકન કરે છે તે ઉપરથી લાક્ષણિક અર્થે ) ફતેહ; યશ; વખાણ; ભાગ્યશાળીપણું; સુખપ્રાપ્તિ; દૈવકૃપા. એથી ઉલટું, **મેશનો ચાંલ્લો.** 'સૌને કંકુના ( ચાંલ્લા ) વહાલા છે,' એમ પણ કહેવાય છે.

**કચરાની ટોપલીમાં નાખવું,** કચરાની ટોપલીમાં નાખવા જેવું ગણી તિરસ્કારથી ફેંકી દેવું.

**કચરી ઘાલવું,** ઘણા સખત દબાણ તળે રાખવું.

"સુગુણસુંદરી બાર વર્ષથી કેદખાનું સેવે છે. તે બિચારીને એક ખૂણે એવી કચરી ઘાલી છે કે તે ઊંચી ડોક કરવાને પણ શકિતમાન નથી."

ગંધર્વસેન.

**કચરી મારવું,** ફરીને ઉઠવા ન પામે–ઊંચી સ્થિતિએ ન આવે એવી હાલતે પહોંચાડવું; છેક દુર્દશામાં આણી મૂકવું.

**કચ્ચા બાર,** ( પાસાનો દાવ ૧૨ આંકનો ) કોઈ બાબતમાં હારે તેના કચ્ચાબાર પડ્યા અને જીતે તેના પોબાર પડ્યા કહેવાય છે.

**કજીયા દલાલ,** કજીઓ કરાવનાર મધ્યસ્થ માણસ; વચ્ચે રહી લઢાઈ કરાવનાર કોઈ બીજુંજ; લઢાઈ સળગાવી વેગળો ખસી જનાર; ઉશ્કેરી લઢાઈ કરાવનાર.

**કજીયાનું કાલબૂટ,** કજીયાનો પાયો–મૂળ; કજીયાનું મૂળ રોપાયું હોય તે.

**કજીઓ વેચાતો લેવો,** પારકી લઢાઈ જાણી જોઇને માથે ખેંચી લેવી-વહોરી લેવી; કંઈ પણ સંબંધ વિના કજીયામાં ભાગ લેવો.

**કંચનની નદીઓ વહેવી,** નદીના પ્રવાહની પેઠે પુષ્કળ દ્રવ્ય તણાઈ આવવું; ઘણા પૈસાની આવક હોવી–થવી.

**કઠણ રેખા,** કમનશીબ.

**કડક બંગાળી,** લુગડાં, સત્તાથી અથવા બોલવાથી ઘણો ધીતાળ લાગતો, પણ પાસે કંઈ ન હોય તે; પૈસે ટકે ખાલી પણ બહારથી ભપકો દેખાડે તે. **ખાખો બંગાળી** પણ વપરાય છે.

૨. ઘણો કંજુસ.

"લોકો ખાય પીએ, સારાં સારાં વસ્ત્રાભૂષણ સજે, ને પોતે તો કડક બંગાલી;

Gandhi Heritage Portal

તેથી સદા પેટનો બળ્યો ગામ બાળવા નીકળે."

અરેબિયનનાઈટ્સ.

**કડવી આંખે**–નજરે જોવું, ગેરમહેરબાનીથી જોવું; કંટાળો આણી જોવું; નાપસંદ કરવું.

"એ અનાથ વિધવાનું આ ઘરમાં ગુણસુંદરી વિના કોઈ નહોતું; સર્વ સ્ત્રી મંડળ એના ભણી કડવી નજરે જોતું."

સરસ્વતીચંદ્ર.

**કડવી જીભ**, કડવાં વેણ બોલનારી જીભ.

**કડવું ઝેર જેવું**, ઝેર જેવું અળખામણું; અકારૂં; કંટાળો ઉપજાવનારૂં; પસંદ ન પડે તેવું; ઘણુંજ અપ્રિય.

"કોઈ સમજુ માણસ આગળ અણસમજુ શીખામણ દેવા આવે, તો તેને કડવી ઝેર જેવી લાગે."

ગર્ધવસેન.

**કંઠ બંધ થવો**, (શ્વાસ રૂંધાવો, એ મૂળ અર્થ ઉપરથી લાક્ષાણિક અર્થે) તકરારમાં હારવું; નિરૂત્તર થવું; મોં બંધ થઈ જવું; ઉત્તર-જવાબ ન દેવાય તેવું થવું.

**કંઠી બાંધવી**, (ગુરૂ ઉપદેશ કરતી વખતે શિષ્યની કોટે તુલસી, સુખડ, વગેરેની માળા બાંધે છે, તે ઉપરથી લાક્ષણિક અર્થે) પોતાના ગુણદ્વેષ બીજાને આપવા; ભણાવી મૂકવું; ઉપદેશ કરવો; બોધ આપવો; ચેતાવવું.

**કંઠે કરવું**, મોઢે–પાઠે કરવું; ગોખીને તૈયાર કરવું; મુખપાઠ કરવો.

**કંઠે કાંટા પડવા**, (તરસથી) કંઠ સુકાઈ જવો.

"કંઠે તો કાંટા પડ્યા,
મુખે પડીઓ શોષ;
મરણ સમે મારૂં કો નહીં,
રસનાએ પુણ્ય શ્લોક.
ભૂલી ભમે છે—"

નળાખ્યાન.

**કંઠે પ્રાણ આવવો**, (મરવાની તૈયારીમાં હોવું તે ઉપરથી લાક્ષણિક અર્થે) અંત આવવો; આવી બનવું; આખર આવવી. અવધ આવી રહેવી.

'કંઠે પ્રાણ આવે છે ત્યારે કામ કરવા બેસે છે.'

૨. કંઠે પ્રાણ આવવા જેવી દશા થવી; છેકજ ગભરાઈ જવું; જીવ જાળવવો બહુ મુસ્કેલ થઈ પડે એવી બારીક સ્થિતિમાં આવી પડવું; આફત આવી પડવી.

"આઘું પાછું કે ઊંચું નીચું જોવાની હિંમત નથી, પ્રાણ કંઠે આવ્યો છે! હમણાં ખાધો, હમણાં ખાધો!"

બ્રહ્મરાક્ષસ.

"દુર્યોધનનું પરાક્રમ બહુ જાણ;
ભીમના આવ્યા કંઠે પ્રાણ."

કવિ ભાઉ.

૩. ઘણીજ મુશીબત પડવી.

'આ કામ કરતાં તો કંઠે પ્રાણ આવ્યા છે.'

૪. કોઈ વસ્તુ અથવા વિષયમાં સામેલ થવા નાખુશ થવું.

'કામ કરવાનું કહેતાં તેને કંઠે પ્રાણ આવે છે.'

**કતલની રાત**, (તાબુતના વરઘોડાના દિવસની આગલી રાત–તે રાત્રે અલીના છોકરા હુસેન અને હસન એ બે ભાઈ કતલ થઈ ગયા હતા, તે ઉપરથી.) જે રાત્રે કામની મારામારી ચાલવાની હોય અથવા તો ઘણા જોસથી કામ કરવા જેવું હોય તે રાત્રિને વિષે બોલતાં વપરાય છે.

**કનકવો અપાવવો–સુકાવવો**, કનકવો ચગાવનાર હાથમાં દોરી ઝાલી રાખે, ત્યારપછી બીજો માણસ તે લઈને થોડેક દૂર જઈ ચગાવનાર તરફ મોં રાખી કાપના બે છેડા આગળથી કનકવો ઝાલી તેને જરાક ઊંચો

Gandhi Heritage Portal

કરી, ચગાવનાર તે ખેંચવાને તૈયાર થાય એટલે હવામાં છોડી દેવો.

**કન્નાં લેવાં,** એક ચગતા કનકવાની સાથે કન્નાં આગળથી પેચ કરવા.

**કપડમટ્ટી કરવી,** કોઈ ઔષધાદિ ચીજને ભઠ્ઠીમાં પકવવા સારૂ તેને કોઈ ઠીકરાના વાસણમાં ભરી તેનું મોં ઢાંકણીથી ઢાંકી, ઉપર લૂગડું વીંટી, માટી ચોપડે તે 'કપડ મટ્ટી કરી' કહેવાય છે.

**કપાળ કૂટવું,** માથાફોડ કરવી; નકામી મહેનત કરવી; માથું દુખતા સુધી મહેનત કરવી.

૨. નુકસાન થવાથી દિલગીર થવું; પસ્તાવો પામવો; કપાળ કૂટવા જેવી દશા થવી.

૨. અત્યંત નિરાશાને લીધે હાથથી માથામાં મારવું.

**કપાળ કૂટ** કે **કરમકૂટ કરવી** પણ બોલાય છે.

**કપાળ ધોઈ જોવું,** નશીબના સારા નરતા લેખ ઉકેલવા અથવા અનુભવવા; નશીબ અજમાવી જોવું. (વિધાતા દેવી કપાળે નશીબના લેખ લખી જાયછે એમ કહેવાય છે.)

**કપાળ ફુટવું,** ઘણું નુકસાન થવું; દુઃખ આવી પડવું; ભાગ્યહીન થવું; બેનશીબ થવું.

૨. ઈચ્છેલું ન મળવું; લાંબા વખતની આશા ધૂળ મળવી.

૩. કપાળમાં વાગવાથી માંહેથી લોહી વહેવું.

**કપાળમાં ચાંલ્લો કરવો,** નકામું આપી દેવું.

**કપાળમાં ચોઢવું** પણ તિરસ્કારમાં બોલાય છે. 'તારા કપાળમાં ચાંલ્લો ન કરે' મતલબ કે તને કાંઈજ આપવાનું નથી.

**કપાળમાં ડામ,** આપવાનું કંઈજ નથી એવો અર્થ રાખે છે. (તિરસ્કારમાં.) 'તને શું આપે, કપાળમાં ડામ.'

**કપાળે કાજળ,** અપયશ; કંલક; મેશનો ચાંલ્લો; કાળીટીલી; નઠારૂં કામ કીધાથી થએલી બેઆબરૂ; ખોટું આળ.

"મિથ્યાભિમાની નર જેહને મળ્યો,
તે માનનીનો અવતાર તો બળ્યો;
કરે કઢાપો બહુ સર્વ કાળમાં,
તેને સદા કાજળ છે કપાળમાં."

મિથ્યાભિમાની નાટક,

એથી ઉલટું **કપાળે કંકુ** એટલે યશ; માન; પ્રતિષ્ઠા; સુખપ્રાપ્તિ.

**કપાળે ચોંટવું,** નશીબે લખાવું; પાલવે પડવું; આશ્રયે-શરણે રહેવું; માથે ભાગવું. 'એ રાંડ મારે કપાળે ચોંટી છે તે કંઈ ટળવાની છે?'

૨. કંટાળા ભરેલું એવું જે કંઈ તે કર્યા વિના અથવા ભોગવ્યા વિના છૂટકો ન થવો; માથે પડવું.

**કપાળે ડુંડું-બાજરીઉં વધવું,** ડુંડું વધ્યું હોય એમ હજામતના વાળ વધવા; માથે ઘણી હજામત વધવી.

**કપાળે રેલા ઉતરવા,** રેલા ઉતરતા સુધી મેહેનત કરવી; ઘણો પ્રયાસ કરવો.

'કપાળે રેલા ઉતરેછે ત્યારે પૈસો દેખીએ છીએ.'

**કપાળે લખેલું,** નશીબદેવીએ નિર્માણ કરેલું. (જન્મ્યા પછી છઠ્ઠે દિવસે છોકરાંનું ભવિષ્ય વિધાતા લખી જાય છે એમ કહેવાય છે તે ઉપરથી)

**કપાળે હાથ દેવો,** (શોકમાં) કપાળે હાથ દેવા જેવી દશા થવી; આશાભંગ થવું; પસ્તાવો પામવો; શોક દેખાડવો; નિરાશ થવું.

"ધાઈ વસ્ત્રનો નાખ્યો પાશ.
કળિજુગ લઈ ચાલ્યો આકાશ;
એક વસ્ત્ર પંખી ગયો લઈ,
નળ બેઠો કપાળે કર દઈ."

નળાખ્યાન.

Gandhi Heritage Portal

**કપુરનું વૈતરૂં,** સુખમાં કામ કરવું પડે તે; આનંદ ઉપજે એવી મહેનત.

**કપુરે કોગળા કરવા,** કપૂર જેવા સૌગંધિક પદાર્થનો ઉપભોગ કરવો તે ઉપરથી, લાક્ષણિક અર્થે મોજમઝા–સુખ–વૈભવ માણવો; સુખ અનુભવવું.

'એને ત્યાં શું દુઃખછે! તારી છોડીને તેને ત્યાં નાખીશ, તો કપૂરે કોગળા કરશે.'

**કપોળું કાઢવું,** કપાળ ઉપરના વાળ અસ્ત્રાવતી કાઢી નાખવા ( આખા માથાના નહિ.) એ કપોળું નાનાં છોકરાં કઢાવે છે અને મોટા માણસો એ પ્રમાણે વાળ ચીપીઆવતી ખેંચી કઢાવે છે તેને **ખુંટી તાણી** કહેછે.

**કબલા ચોથ,** માંહોમાંહે નકામી ગરમડ કરીમૂકવી તે. ( મુખ્યત્વે સ્ત્રીઓમાં )

**કબાડું કરવું,** કંઈનું કંઈ કરવું; નહિ ધારી શકાય એવા કામમાં ગુંથાવું; ગેરલાભનું કામ કરવું.

**કમર કસવી–બાંધવી,** હિંમત ભીડવી; કોઇ મોટા કામને માટે હિંમતભેર તૈયાર થવું.

**કમર તોડવી,** ઘણી સખત મહેનત કરવી.

'જેમાં તેમાં કમર તોડીને કામ કરનાર તો એજ છે.'

**કમરપર કાંકરો મૂકી કામ કરવું,** આડાં અવળા ચસકાય નહિ એવી સખત મેહેનતથી કોઈ કામમાં મંડયા રહેવું.

**કમર બેસવી–ભાગવી,** નાઉમેદ થવું; આશાભંગ થવું; જોસ્સો નરમ પડવો.

**કમર ભાગવી,** નિરાશ કરી નાખવું; ઉત્સાહ ભંગ કરવો.

**કમાડ ભાગવાં,** ઉઘરાણીને માટે બારણે બેસવું; ચાંપીને ઉઘરાણી કરવી; તગાદો કરવો.

**કમોદ આપવી,** માર મારવો; બંબ બજાવવો; ઠોક દેવા. ( વાંકામાં. )

**કમોદ ઝીલાવવી** પણ બોલાય છે.

**કર્મ બાંધવાં,** પાપ કરવાં; પાપનાં પોટલાં બાંધવાં; પાપકર્મ એકઠાં કરવાં.

"ધર્મ ગુરૂ થઇ કર્મ બાંધે તે શેના રે હોય દયાળુ,
બુદ્ધિ કહે છે સેવો ન લોકો, ધર્મ ઠગો કરે કાળું રે, નીકળ્યું લાલજીનું ભોપાળું."

નર્મ કવિતા.

**કર્મના કાળા,** નશીબના ભૂંડા લેખ.

"શી રીતે એ સઘળું પાળું હું,
બારે વરસે બાળાજી;
આ ભવ બગડયો પરભવ બગડયો,
અરે કરમના કાળાજી."

વેનચરિત્ર.

**કર્મના ભોગ,** દૈવયોગ; માઠી દશા કે દુઃખ જેથી ભોગવવું પડે તે.

**કરડવા ધાવું,** ચીઢીયાં કરવાં; બીવડાવવું; ડરાવવું. **ખાવાધાવું** પણ બોલાય છે.

**કરવત મૂકાવવું,** ઊંચે માથે ટટાર બંધાઈને ગુહ્ય આગળથી કરવત મૂકાવી લાકડાની પેઠે વહેરાઈ જવું. એમ કર્યાથી આવતે જન્મ મનમાન્યું સુખ મળે છે, એવી એક ધર્મઘેલાઈ અસલ ચાલતી હતી. આ કરવત લોકો કાશીમાં જઈ મૂકાવતા હતા, તેથી તે **કાશીનું કરવત** પણ કહેવાય છે.

**કલમ કરવું,** ( ઝાડની કલમ કરવામાં આવે છે તે ઉપરથી; ) કાપી નાખવું; ખંડિત કરવું.

"જાઓ આ માણસને કોટવાળ પાસે લેઈ જાઓ, અને તેણે જે હાથે લસણ ખાધું હોય તે હાથને કલમ કરવાનો મારો હુકમ કહી સંભળાવો."

અરેબિયન નાઇટ્સ.

**કલમ કાપવી,** હકકાપી– કાઢી નાંખવો; ચાકરીથી બરતરફ કરવું; નોકરીથી રદ કરવું; ફરીથી કોઇ દાખલ ન કરે એવી રીતે

Gandhi Heritage Portal

નોકરીમાંથી કાઢી મૂકવું; રજા આપવી. ( લાક્ષણિક )

**કલાઈ કરાવવી,** માથું મુંડાવવું; હજામત કરાવવી.

**કલેડું ઊંધું વાળવું ( માથે ),** માથે હજામત કે ચહેરો વધ્યો હોય ત્યારે તે વિષે બોલતાં વપરાય છે.

**કલ્લો દેવો,** પ્રસુતાને પેટે હાથ દઇ રાખવો. ( ઓર ઊંચી ન ચઢે માટે. )

**કસુંબો કાઢવો,** સલાહ કરવી; મેળાપ કરવો; તૂટેલી દોસ્તી પાછી સાંધવી.

૨. મસલત કરવી.

( ગરાશીયા, રજપૂત વગેરે લોકોમાં સલાહ કરતી વખતે અથવા મેળાપને પ્રસંગે કસુંબો કાઢવાનો રીવાજ છે.) **કસુંબો** પીવો પણ એજ અર્થમાં વપરાય છે.

**કસોટીએ ચઢાવવું,** કસવું; તાવી જોવું; પરીક્ષા કરી લેવી; અનુભવ કરી જોવો; ઈરાદો અથવા ઈચ્છા જોઇ ખાત્રી કરી લેવી. ( સોનાની પરીક્ષા કસોટીએ ચઢાવવાથી થાય છે તે ઉપરથી. )

**કહી આપવું,** તત્કાળ અસર કરવી. ( રામબાણ દવાએ )

**કહુડાં થવાં,** ભૂખ્યાં રહેવું.

**કહ્યું ન કરવું, અક્કલ કહ્યું કરતી નથી** એટલે અક્કલ ચાલતી નથી.

ब. એકાએક અજાયબ જેવું લાગે છે; અચરતી પેદા થાય છે.

**( ૨ ) આંખ કહ્યું કરતી નથી,**

(अ) સારૂં દેખીને ખમાતું નથી;

(ब) જોઇ જોઇને મન આકર્ષાય છે કે આંખ થાકી જાય છે.

(क) નજર નથી ઠરતી.

**( ૩ ) કાળજું કહ્યું કરતું નથી,** કાળજામાં ઘણીજ અસર થાય છે—લાગણી થઈ આવે છે; કાળજું વશ રહેતું નથી.

'તેવું દુઃખ જોઈ મારૂં કાળજું કહ્યું કરતું નથી.'

ब મન કબૂલ કરતું નથી; અંતરમાં ઉતરતું નથી;

'ભાઇ તમે કહો છો તે ખરૂં પણ મારૂં કાળજું કહ્યું નથી કરતું?'

**( ૪ ) છાતી કહ્યું કરતી નથી;** ધીરજ રહેતી નથી.

**( ૫ ) જીવ કહ્યું કરતો નથી,** જીવ ખુશી થતો નથી; તૃપ્તિ થતી નથી.

**( ૬ ) પગ કહ્યું કરતા નથી,** બહુ થાક લાગ્યો છે. ( ચાલી ચાલીને. ) વધારે ચાલવાની શક્તિ નથી; આગળ ચલાય એમ નથી.

**( ૭ ) મગજ કહ્યું કરતું નથી,** મગજ ભમે છે; મગજ તપી જાય છે—ક્રોધે ભરાય છે; મિજાજ જાય છે. (ब.) અક્કલ ચાલતી નથી.

**( ૮ ) મન કહ્યું કરતું નથી,** મન કબૂલ કરતું નથી; મન માનતું નથી; મનમાં ઉતરતું નથી; સંતોષ થતો નથી.

'તમે કહો છો પણ ત્યાં જવાને મારૂં મન કહ્યું નથી કરતું.'

(ब.) મન વશ નથી રહેતું; વાર્યું વરતું નથી; મન કબજામાં રહેતું નથી.

(क) વિસ્મય પમાય છે; અચંબો ઉપ-

**કહેવત આવવી,** કલંક આવવું; આળ આવવું.

"તે પોતાની વર્તણુંક એવી તો અદબની રીતે રાખે કે કંઇ પણ તેણીને કહેવત આવી નહોતી."

નવીપ્રજા.

**કળજુગ આવવો—ભરાવો,** કળિયુગનાં લક્ષણ આવવાં; ક્રોધ, કલહ, કપટબુદ્ધિ વગેરે દુર્ગુણ ભરાવા; દોષ આવવા.

'આટલા દહાડા નહોતો પણ હવે તેનામાં

Gandhi Heritage Portal

કળજુગ આવવા માંડયો છે.' **કળી આવવો** પણ બોલાય છે

**કળજુગનું માણસ,** કળિના જેવું પાપી-અધર્મી માણસ; જન્મથી તે મરણ પર્યંત કલિના જેવાં કર્મ આચરનારો.

**કળજુગનો પોરો,** ઘણા દુર્ગુણી માણસોમાંજ જેનો વાસ છે તે; અસંત અધર્મી અને પાપી માણસ.

( કળિયુગનાં ખોટાં લક્ષણો રૂપ ખરાબ પાણીમાં તરનારો-ઊંચું માથું કરી અધર્મ કરનારો, તે ઉપરથી )

**કળશિયે જવું,** ઝાડે ફરવા જવું.

**કળશિયો થવો,** ઝાડો થવો.

**કળી ખિલવી,** જુવાની પર આવવું; જુવાનીનાં ચિન્હ જણાવાં.

૨. અંતઃકરણની સ્થિતિ બદલાવી; શોભવું; રૂપે સુંદર દેખાવું; દીપવું.

૩. ખુશ થવું; મુખ પ્રફુલિત થવું; સુરખી આવવી.

**કાંઈ કાંઈ થઇ જવું,** એવું કાંઈ અસરકારક દુઃખ થવું કે જે સમજ્યા છતાં જણાવી ન શકાય.

"વાંકુ માં જોશો વરણાગીઆ,
જોતાં કાળજામાં કંઇ કંઇ થાય છે જીરે.
વાંકુ માં જોશો."
કવિ દયારામ.

**કાંઇનું કાંઈ થઈ જવું** એટલે ધારવા કરતાં ઉલટું થઈ જવું.

**કાંઈને કાવશ,** ( કાવશ=ખાલી જગો તે ઉપરથી ) કંઈ કશું પણ નહિ.

**કાંકરા કરવા,** ધૂળધાણી કરવી; ખરાબી કરવી. ( આમરૂ, મનખા, વિગરેના. )

**કાંકરીચાળો કરવો,** મસ્કરી અથવા ગુસ્સામાં એક બીજા પર કાંકરા મારવા.

**કાંકરો કાઢી નાંખવો,** કાંકરાની પેઠે નડતી અડચણ દૂર કરવી; હરકત કરનારી વસ્તુ ટાળવી.

૨. સંદેહ કે મનની લાગણી દૂર કરવી; ખટકો ટાળવો; ભ્રાંતિ ટાળવી.

"મેં જે ધારણા ધારી છે તેનો સંકેત સારો જ છે માટે હવે આપણે મેવાડ સામી નજર માંડવી નથી એમ ગણીને તે તરફનો કાંકરો કાઢી નાંખવો."
પ્રતાપનાટક.

**કાંચળી પહેરવી,** ( લાક્ષણિક ) સ્ત્રીના રૂપમાં આવવું; અબળાની પંક્તિમાં આવવું; નામર્દ થવું; બાયલા બનવું; જે પુરૂષને શરમ ન રાખવાની જગોએ શરમ આવતી હોય તેને વિષે બોલતાં વપરાય છે.

"એકાએક હઠે શું અધિપતિ,
પહેરી બેઠા શું કાંચળી."
કવિ શામળ.

"કોઈ મરદ આજ કીનાવાળો નથી—
બધા મરદો કાંચળી પહેરી બેઠા છે"
નવીપ્રજા.

**કાંટો કાઢવો,** નડતર-પીડા ટાળવી; અડચણ કરતું એવું જે કાંઈ તે દૂર કરવું; સોબતમાંથી દુષ્ટને અળગો કરવો.

૨. મનની લાગણી દૂર કરવી; ભ્રમ ટાળવો.

**કાંડાં કલમ કરવાં,** કાંડાં કાપવાં.

**કાંડાં કાપી લેવાં,** સહી કરાવી લેવી; કબૂલત કરાવી લેવી; સહી કરાવી બાંધી લેવું.

**કાંડાં કાપી આપવાં,** સહી કરી બંધાવું; ઠરાવ લખી આપવો.

**હાથ કાપી આપવા,** પણ બોલાય છે.

**કાંડિયાં કરવાં,** જમવા બેસતાં નહાવાની આળસે કાંડાં સુધી હાથ પગ ધોવા. ( બ્રાહ્મણોમાં—કાઠિયાવાડ. )

**કાંડું પકડવું,** કાંડું પકડી કબૂલ કરાવવું.

**કાંત્યું પીંજ્યું કપાસ થવું,** કર્યું કારવ્યું ધુળ મળી જવું; કરેલી મહેનત ધૂળધાણી થવી; મહેનત નિષ્ફળ જવાથી એ ને

Gandhi Heritage Portal

એ મહેનત કાયમ રહેવી; થએલી મહેનત પર પાણી ફરી વળવું.

"નાગરિકા–અરે! કાંત્યું પીંજ્યું કપાસ થયું કે શું? હું શ્રીદામાને અહીં બેસવાનું કહી ગઈ હતી તે મને વધારે વાર લાગી તેથી ચાલ્યો ગયો કે કેમ!"

સત્યભામાખ્યાન.

"આજ સુધી તે પોતાનો છે એવું માનનાર અમાત્યને નક્કી લાગ્યું કે રાજ્યાની બાબત રાણાના મનમાં ભરાશે તો નીકળવી કઠણ થશે, અને પોતાની સર્વ યુક્તિઓ કાંતી પીંજી કપાસ થશે."

સરસ્વતીચંદ્ર.

"કાંત્યું ને પીંજ્યું હો, કપાસ થઇ નીવડીઉં;
પાણી કો પી ગયું હો, જોનારાને ના જડીઉં."

માંધાતાખ્યાન.

**કાંત્યાં કોકડાં કપાસ થવાં** પણ બોલાયછે
"હવે સુખતો સર્વે સાંસાંરે."
થયાં કપાસ કોકડાં કાંસાંરે."

માંધાતાખ્યાન.

**કાંદો કાઢવો,** ફાયદો મેળવવો; ફળ પ્રાપ્ત કરવું; લાભ લેવો; સાર કાઢવો. (કંદ ઉપરથી)

"કનકમાલિકા—નારે ના, એના તે શા ભાર છે? મારી વાતમાંથી કાંદા કાઢી જાય! હું મગનું નામ મરી કહું એવી નથી."

સત્યભામાખ્યાન.

"કાંદો કાપીને કંદ ખોળે તે કહો કાંદો શો કાઢે રે."

વિજયવાણી.

**કાંશીજોડાં વગાડવાં,** (ગોંસાઈ લોકો એ વગાડે છે તે ઉપરથી લાક્ષણિક અર્થે) ભીખ માગી ખાવું અથવા ભીખ માગતા થવું.

**કાકડા નાખવા,** દાન ઠરાવવામાં હાથ ચત્તા ઊંધા નાખવા. (રમતમાં)

**કાકડા મળી જવા,** ગળાની બારી આગળના માંસના લોચા ગરમીથી કે તરસથી એકઠા થઈ જવા.

**કાકા મામા કરવા,** ખુશામત કે વખાણ કરવાં; જૂઠી તારીફ કરવી. (સગપણનો દાવો કરવો તે ઉપરથી)

૨. કાલાવાલા કરવા; આજીજી કરવી.

**કાખલીઓ કૂટવી,** (અનાર્ય લોકો ખુશ થાયછે, ત્યારે કાખલીઓ કૂટે છે તે ઉપરથી) બેહદ હરખમાં આવી જવું.

"નરભેરામ પાછળ ઉભો કાખલીઓ કૂટવા મંડી ગયો અને બુદ્ધિધનના કાનમાં કહે હાશ! ઠીક સ્વતંત્રતા લેવાય છે."

સરસ્વતીચંદ્ર.

**કુલા કૂટવા** પણ એજ અર્થમાં વપરાય છે.

**કાખલીમાં દૂધ આવવું,** હર્ષ થવો; આનંદમાં આવી જવું; હરખ ઉભરાઈ જવો.

**કાગનું પીંછ થવું,** (આ પ્રયોગ ઈસપનીતિની જોડી કાઢેલી વાત ઉપરથી નીકળ્યો જણાય છે.) કાગડાના પીંછાનું જેમ થયું હતુ તેમ થવું; વાત વધીને મોટી થવી; હલકી વાત ભારે થવી.

"કોઈક રાણી કહે કારસું,
ખોટી એ છે વાત;
કાગનું પીંછ થયું હશે,
જુઠી કિંકરની જાત."

માંધાતાખ્યાન.

**કાગનો વાઘ કરવો,** નજીવી વાતને મોટી કરી થાપવી; હોય તેના કરતાં અતિશય વધારીને કહેવું; બકવાટ–બડબડાટ કરી રજનું ગજ કરવું.

"કનકામાલિકા–ઓહો! એમાં તે શું બાઈ, આવડું બધું લઈ બેઠાં છો! તમને પણ કાગનો વાઘ કરતાં આવડે દેખું! એના તે શા ભાર છે?"

સત્યભામાખ્યાન.

Gandhi Heritage Portal

**કાગડા ઉડવા** ( ઘરપર ), નસંતાન જવું; ઉચ્છેદિયું થવું; સત્યાનાશ જવું. બદદુવા દેવામાં બહુધા વપરાય છે; જેમકે,–' તારે ઘેર કાગડા ઉડે. '

૨. ખંડેર થઈ જવું;

' એ ઘેર તો હાલ કાગડા ઉડે છે. '

" જે ઘેર નોબત વાજતી,
રૂડા છત્રીસ રાગ;
ખંડેર થઈ તે ખાલી પડ્યાં,
કાળા ઉડે છે કાગ–ભૂલ્યો. "

કબીરભક્ત.

**કાગડા ઉડી જજે,** ગુજરાતના તમામ ભાગમાં અને વિશેષે કરીને કાઠિયાવાડમાં એવો રીવાજ જોવામાં આવે છે કે કોઈ સ્ત્રીના પુત્ર, કે પતિ, અથવા સ્નેહીને પરદેશ ગયે ઘણા દિવસ થયા હોય અને પત્ર પણ ન હોય તથા આવવાની તક થઈ ચૂકી હોય તેવા અવસરપર પોતાના ફળિયામાં કે ઘર ઉપર કાગડો આવીને બેઠેલો હોય તો તેને કહે કે " અમારો ફલાણો આવતો હોય તો કાગડા ઉડી જજે. " આ વખત કાગડો ઊડી જાય તો પરદેશ ગયેલ માણસ તરત આવશે એમ ધારે છે અને ન ઉડે તો વિલંબ છે એમ માને છે. આ વહેમ વખતે કાકતાલીયન્યાયની પેઠે ફળે છે.

**કાગડા કકળવા,** સત્યાનાશ જવું; ન સંતાન જવું અથવા છેકજ ખરાબી થશે એવા શુકન થવા.

( કાગડા શકુનશાસ્ત્રવેત્તા છે એમ કહેવાય છે, તે ઉપરથી. )

" શેરીમાં રોયા શ્વાન,
કાગણુ કળકળવા લાગી;
જાગ્યો ઘુવડ ગંભીર,
ભયભીત થઈ રૈયત ભાગી. "

અંગદવિષ્ટિ.

**કાગદી જુવાન,** ( કાગદી–તકલદી ) બહુ મહેનત ન થાય એવો નાજુક જુવાન માણસ; તકલદી બાંધાવાળો.

**કાગળની કોથળી જેવું,** ( શરીર ) કાગળની કોથળીની પેઠે શરીરને જરા જોસ લાગેથી નુકસાન પહોંચે એવું; અશક્ત–નબળું; ઘણુંજ નાજુક–કોમળ–તકલદી.

**કાચનો કુપ્પો,** કાચના વાસણની પેઠે ન સચવાય તો જોતજોતામાં નાશ પામે એવું–તરત ફના–નાશ થાય એવું–અવિશ્વસનીય–જરા ગફલત થતાં મોટું નુકસાન પહોંચે એવું–જરાક જોર લાગેથી ભાગી જાય એવું–( શરીર. )

" જવાનીના જોરમાં માતો,
હીંડે છે રંગમાં રાતો;
કાયા તારી કાચનો કુપ્પો,
હીંડે ત્યારે દેશનો સુબો. "

કવિ દયારામ.

" પરપોટો જેમ પાણીનો,
કાચ કળશવત્ કાય;
વાર ન લાગે વણુસતાં,
જે જાયું તે જાય. "

કાવ્યકૌસ્તુભ.

**કાચબાની આંખ,** કાચબાની પેઠે કંઈપણ નજર બહાર જાય નહિ એવી ચંચળ આંખ; ઈર્ષ્યાથી જોનાર આંખ. ( લાક્ષણિક. )

**કાચલાં કૂટવાં,** નાળિયેરનાં કાચલાં કૂટવા જેવો મિથ્યા પ્રયાસ કરવો; નકામી મહેનત કરવી; ફોગટ યત્ન કરવો; મહેનતનો બદલો ન મળે એવી માથાકૂટ કરવી.

**કાચા કાનનું,** ભોળું; છેતરાઈ જાય એવું; સમજ અક્કલ–વિનાનું.

**કાચા સુતરે–તાંતણે બંધાવું,** (પહેલાં જ્યારે કોઈ રાજા વિજય પામતો ત્યારે, પરાજિતરાજાને કાચા સુતરે બંધાઈ શરણે આવવાની ફરજ પડતી હતી તે ઉપરથી ). આધીન બનવું; કોઈની ઈચ્છા પ્રમાણે વર્તવું; વશ થઈ જવું; નરમ પડવું; તાબે થઈ જવું.



Gandhi Heritage Portal

( પાકે દોરડે બંધાવાતું તે જોર જુલમથી અને કાચે સુતરે બંધાવાતું તે મોહપાશ, ચમત્કાર કે પ્રીતિથી. )

" મેં તો તમને અરપ્યું અંગ,
રીઝયો જોઈ તમારો રંગ;
તમો મને વેચો તો વેચાઉં,
કાચે તાંતણે બાંધ્યો જાઉં. "

દાણલીલા.

**કાચી બુદ્ધી,** માયા, છેતરાઈ જાય એવું; તરત ભોળવાય એવું; ભોળું; મૂર્ખ; ગાફેલ; સમજ વિનાતું; પાકું નહિ એવું; ઓલિયું. એથી ઉલટું **પહોંચેલી બુદ્ધી.** 'તમે એને કાચી બુદ્ધી જાણો છો કે? એતો સો લઇને સાઠ ન આપે એમાંનો છે.'

**કાચું કઢાવવું,** ભોપાળું નીકળે એમ કરવું; ભડ વેરવી.

**કાચું ખાવું,** ( લાક્ષણિક ) પેટમાં દુખવું; ભીડ ભોગવવી. ' એના વગર તે શું કાચું ખાય છે?' એટલે તેના વગર શું તેને નથી ચાલતું ?

**કાચું સોનું,** ઘણીજ ફળદ્રુપ જમીનને વિષે બોલતાં વપરાય છે.

"આખા હિંદુસ્તાનમાં ગુજરાત જેવો ફળવાન તથા દ્રવ્યવાન પ્રાંત કોઈ નથી. તેમાં હિંદુસ્તાનનું કાચું સોનું પાકે છે."

કરણઘેલો.

**કાચે ઘડે પાણી ભરવું,** કાચા ઘડામાં પાણી ભરવા જેવો મિથ્યા પ્રયાસ કરવો; મહેનત વ્યર્થ જાય એવું કામ કરવું—આદરવું; મહત્વ—મેળ વિનાની વાત કરવી કે જે માનવામાંજ ન આવે.

**કાચે તાંતણે તણાય એવું,** ગમે તે દિશાએ દોરવ્યું દોરવાય એવું; આપબુદ્ધિ ન વાપરતાં સામાની બુદ્ધિ પ્રમાણે વર્ત્તે એવું; એકમાર્ગી; ભોળું.

**કાછડી છૂટી જવી,** ( ડર—ગભરાટ વિગેરેથી ) હિંમત હારી જવી; ડરી જવું; હોશ ઉડી જવા.

**કાછડી ઝાલીને દોડવું,** બ્હાવરૂં બનવું; લેમેલ થવી; કાંઈ કામ બગડી જવાની ધાઈ-તાકીદ થવી.

**કાછડીનો છૂટો,** લફંગો; વ્યભિચારી; એશરમો; છીનાળવો.

૨. હિંમત હારી ગયેલો; કાયર. (પુરૂષ)

**કાજળની કોટડી,** ( કાજળવાળી કોટડીમાં પેસવાથી કાળપ લાગે છે તે ઉપરથી ) કોઈક વખત કલંક બેસે એવું—બહુજ સંભાળથી રહેવા જેવું સ્થાન; કુસંગીનો સંગ.

કવિ બિહારીલાલે કહ્યું છે કે—

**काजल की कोटडीमें, केसोहि जतन करे,**
**काजल की एक रेख लागे हि लागे;**
**देखो एक बागनमें, फुलनकी बासनमें,**
**कामनी के संग, काम जागे हि जागे;**
**कहेते बिहारीलाल, वैसो हमारो ख्याल,**
**कुसंगको संग, फंद लागे हि लागे.**

**કાજીની કૂતરી જેવું,** કોઈ ગામમાં એક કાજી હતો તેનું તે ગામમાં ઘણું માન હતું; તેણે એક કૂતરી પાળી હતી તે મરી ગઈ ત્યારે તેને દાટવાને હજારો માણસની ઠઠ ભરાઈ હતી; પણ જ્યારે કાજી પોતે મરી ગયો ત્યારે કોઈ ચકલું પણ તેને દાટવાને માટે આવ્યું નહિ. તે ઉપરથી એ આંખોની શરમના અર્થમાં આ પ્રયોગ વપરાય છે.

**કાટ કાઢવો,** હરકત—નડતર દૂર કરવું; કંટક ટાળવું.

૨. (અર્થ ૧ ઉપરથી) મારી નાંખવું. કાસળ કાઢવું; કાટલું કરવું.

" જયસિંહનો કાટ કાઢયા વગર કે તેનો હક રદ કરાવ્યા વગર પોતાના પુત્રને રાજપદ્ધિ મળી શકે નહિ એમ કૌભાંડમતિ સારી પેઠે જાણતી હતી. "

ગર્ધવસેન.

Gandhi Heritage Portal

"આપણા નરપતિએ કાંઈ
શ્રમ કરવો શા માટ;
માંધાતાને મારો આપણ,
પછે કાઢો સેનાનો કાટ."
માંધાતાખ્યાન.

૩. પતાવવું; માંડી વાળવું; સમાધાન કરવું; નિકાલ કરવો; ચુકાદો કરવો; બરોબર કરી મૂકવું. 'એ હિસાબનો કાટ કાઢોને ભાઈ!'

**કાટલાં કુટવાં,** કાટલાં કુટવા જેવો વ્યર્થ પ્રયાસ કરવો.

**કાટલાં કુવામાં નાંખવાં,** પાછળની-ગઈ ગુજરી વાત વિસારે મેલવી; મનમાંથી ખટખટ દૂર કરવી.

**કાટલાં સાંખવાં,** જોખ મેળવી જોવાં.

૨. વ્યભિચાર કરવો.

**કાટલું કરવું,** ( કાટલું ટીપી ટીપીને બરોબર તોલમાં આણેલું હોય છે તે ઉપરથી) ઘડી ઘડીને પાંશરૂં કરવું; ટીપી નાંખવું; નુકસાન કરવું; ગેરફાયદો કરવો; ઓછું કરવું; કાપવું (ગુપ્ત રીતે.) **કાટલું કરી નાખવું** એટલે મારી નાંખવું. (જીવથી)

"બુદ્ધિધનભાઈ, મારે તો હવે એ એનું કાટલું કરવું; મારી આંખમાં ખૂન ભરાયું છે."
સરસ્વતીચંદ્ર.

**કાઢી જવું,** મડદાને ઠાઠડીમાં ઘાલી બાળવા લઈ જવું. **કાઢી નાંખવું** એટલે રદ કરવું અથવા રદ કરી ફેંકી દેવું.

૨. (પૈસા) વ્યર્થ ખર્ચ કરવો.

૩. નાપસંદ કરવું. 'પરીક્ષકે ગણિતના વિષયમાં કાઢી નાખ્યો.'

**કાઢી મુકવું** એટલે હાંકી કાઢવું.

૨. રજા આપવી.

૩. શરીરપરથી ઉતારવું. (લુગડું)

૪. અસલ જગોએથી કાઢી તરત જડે અને ઉપયોગમાં આવે એવી રીતે અને એવી જગોએ બરાબર મૂકવું.

**કાતર મૂકવી,** કોઈ વસ્તુ ઉપર કાતર મૂકવાથી તે વસ્તુની જેવી ખરાબી થાય છે તેવી ખરાબી કે બીગાડ કરવો; ધુળધાણી કરી નાખવું; નુકસાન કરવું; જાન કરવું; હાની કરવી; રદ કરવું.

૨. દગો કરવો; વિશ્વાસઘાત કરવો.

**કાતરિયું ખાવું,** ક્રોધની નજરે જોવું.

**કાદવ ફેંકવો,** અપયશ મળે-કલંક લાગે એવું કોઈની પ્રત્યે અયોગ્ય આચરણ કરવું.

**કાન આમળવા**-ચીમેટવા, ઠપકો દેવો; શિક્ષા કરવી-ઠોક દેવો; સુધારવું; કોઈએ વાંક કર્યો હોય તો તે વિષે તેને કડવા બોલ સંભળાવવા-ધમકી દેવી.

**કાન આવવા,** સાંભળવાની શક્તિ આવવી.

**કાન આવવું,** કાને આવવું; એકાએક સાંભવામાં આવવું.

**કાન ઉઘડવા,** વાત મનમાં આવવી; ચેતવું; જાગૃતિ-અક્કલ આવવી; સમજી જવું; જાણવું.

"સુણિ લલિતા ઉઘડ્યા કાન,
યૂક્તિ સૂઝી છે;
પેઠી ઘરમાં કરતી ઝણકાર,
વાત રૂડી રૂચી છે."
( કવિ દ્વારકાંદાસ. )

**કાન ઉઘાડવા,** ચેતવવું, જાણીતું કરવું; સમજાવવું.

**કાન ઊભા કરવા,** સાવધ થવું; જાગ્રત થવું.

૨. ઊંઘ ઉરાડવી; સાવધ કરવું.

(ઘોડો, કુતરો વગેરે ઊંઘ ઉરાડતાં કાન ઊંચા કરે છે તે ઉપરથી)

**કાન કરડવા,** ગુપચુપ કાનમાં-કાને કાન મેળવી વાત કરવી; મસલત કરવી; છુપી વાત કરવી. ( કોઈ ત્રીજો ન જાણે એમ. )

"જુઓ કાન ઘણા કરડાય,
પરસ્પર પાસે;

Gandhi Heritage Portal

જુઓ હાથ ઘણા ચંપાય,
પરસ્પર હાંસે."

નર્મકવિતા.

**કાન કાપવા,** વધારે સરસ-ચઢિયાતું થવું. (મમત-સરસાઇમાં)

૨. ઠગવું; નુકસાન કરી છેતરી જવું; આડું અવળું ગટરપટર સમજાવી કોઈનું કંઈ હરી લેવું.

**કાન ખોતરવા,** ખુશામત કરવી; મતલબને સારૂ હદથી જાદે તારીફ કરી સંભળાવવી.

**કાન ખોલવા,** ચેતવવું; સમજાવવું.

**કાન ઘણા હોવા,** બહુ ભોળા હોવું; જૂદા જૂદા માણસોના સમજાવવાથી જૂદા જૂદા વિચારનું થવું; આપબુદ્ધિ ન વાપરતાં ઘણાં માણસોના ભંભેરવાથી ભંભેરાવું.

"સાન નહિ ને કાન ઘણા તો,
માન ઘટે સૌ સટમાં;
ધ્યાન નહિ ને ભાન ઘણાં તો;
જાત પડે ખટપટમાં."

નર્મગદ્ય.

**કાન ઘરેણે મુકવા,** બહેરાં નહિ પણ જાણી જોઇને બહેરાં થવું; બેદરકારીથી અથવા ગફલતથી ન સાંભળવું.

"અલિ વિજળી, ઓ વિજળી, અલિ કાન ઘરેણે મૂક્યા છે કે શું?"

ભામિનીભૂષણ.

**કાન ઝલાવવા,** ભૂલ દેખાડવી-કબૂલ કરાવવી; કસુર પોતાના તરફથી થઈ છે એમ કહેવડાવવું.

૨. પસ્તાવો કરાવવો; એકાદું નઠારૂં કામ કર્યાથી પછવાડેથી જીવને બળાપો કરાવવો.

'એ તો ભલભલાના કાન ઝલાવે એવો છે.'

**કાન ઠંડા થવા,** (બહુ સાંભળીને) કાન બહેરા ઢુંઢ થઈ જવા.

૨. એકની એક વાત વારંવાર સાંભળવાથી તેની કાંઈ અસર ન થવી.

**કાન દેવા,** ધ્યાન દેઈ સાંભળવું.

**કાન નીચે કાઢી નાખવું,** ન લેખવવું; જે સાંભળ્યું હોય તે તરફ બેદરકાર રહેવું; ઉડાવવું; ધ્યાનમાં ન લેવું; ન ગણકારવું.

માને છે કે નહિ હે મૂઢ;
કાન તળે કાઢેછે ગતિ ગૂઢ;

માંધાતાખ્યાન.

**કાન પકડાવવા, કાન ઝલાવવા** જુઓ.

**કાનપટ્ટી પકડાવવી,** કાન પકડાવવા; ભૂલ દેખાડી કબૂલ કરાવવી.

"આ કામમાં વિદ્યાગૌરી કુશળ થઈહતી એટલુંજ નહિ પણ તે રોજમેળ, ખાતાવહી, અને વ્યાજ ગણવાની બાબતમાં પુરૂષને પણ કાનપટીઓ પકડાવે એવી પાવરધી થઇ હતી."

બે બહેનો.

**કાનપર હાથ મૂકવો,** નાકબૂલ કરવું. ૨. કોઇનું કહેણ ન સાંભળવું અથવા તે સાંભળવા તરફ બેદરકાર રહેવું.

**કાન ફુંકવા,** (ગુરૂ મંત્ર આપતી વખતે કાન ફુંકે છે તે ઉપરથી) મંત્ર આપવો; ઉપદેશ કરવો; સમજાવવું.

"કોઇ સદ્‌ગુરૂ તમને મળ્યો.
તેણે કાન શું ફુંક્યો;
વેરાગી ત્યાગી થયા,
સંસાર શું મૂક્યો."

સુદામાચરિત્ર.

૨. ભોળવવું; ભંભેરવું; ભમાવવું; ભમાવી પોતાના તરફનું કરવું.

"જેને માલમ મળે નહિ મોક્ષની રે,
ફુંકે ચલમને કાન ફુંકનાર,
એ તો જમના ઘરાક સંતો જાણજો રે."

૩. ચેતવવું. બોધચિંતામણિ.

**કાન ફુટી જવા,** બહેરા અથવા બહેરા જેવું થવું. (ઘણા ઘોંઘાટથી)

Gandhi Heritage Portal

**કાન ફોડી નાખવા,** બહેરૂં અથવા બહેરા જેવું કરવું. ( ઘણા ઘોંઘાટથી ) **કાનના ઢોલ ફોડી નાખવા** પણ બોલાયછે.

**કાન બહેર મારી ગયા છે,**(રોગથી કે, તાપના ભડાકા વગેરેથી )

**કાન ભરવા-ભંભેરવા,** વાતો સંભળાવી પોતાના તરફનું કરવું; કંઈનુ કંઇ કહીને જૂઠું સમજાવવું; આડુંતેડું ગટરપટર કહીને છેતરવું; ઠગવું.

"હરિનંદ ઉપર મારો દાબ જબરો હતો. તે એવી યુક્તિથી એના કાન એની વહુની નિંદાથી ભરે કે તેના મનમાં વેર ઉત્પન્ન થાય."

સાસુવહુની લડાઇ.

"તારા જેવી કાન ભંભેરનારીઓએ કાંઇક કર્યું હશે તે ક્યાં સુધી નભવાનું છે?"

તપત્યાખ્યાન.

**કાન માંડવા, કાન દેવા** જુઓ.

**કાન વીંધી નાખવા,** કાનમાં જબરી અસર કરવી.

"આ શું સંભળાય છે ? આ દુઃખજનક-વિલાપ જે મારા કાનને વીંધી નાખે છે તે ક્યાંથી આવે છે?"

અરેબિયનનાઈટ્સ.

**કાન સુના થવા,** કાન બહેરા થવા; કાન બહેર મારી જવા; કંઈજ સંભળાતું ન હોય તેવી હાલત થવી.

"શ્રવણ સુના થયા શામળા શ્રીહરિ, લક્ષ્મિના નાથ શું નિદ્રા આવી."

હારમાળા.

**કાનના કીડા ખરવા,** રોમાંચ ખડાં થવાં; કમકમાટી ઉત્પન્ન થવી. ( ઘણાજ અસભ્ય શબ્દોથી )

"રોજ બાઇઓ ને ભાઇઓ ગાળમગાળા આવે, ને કાનમાંથી કીડા ખરે એવાં ભજનિયાં તેઓ એક બીજાને સંભળાવે."

ગર્ધવસેન.

"ઇજારદારો પાટીદારોની મા દીકરીઓને ચોરે બોલાવે, કાનમાંથી કીડા ખરે એવી ગાળો ભાંડે; અને લોકોના દેખતાં તેમની આબરૂ પણ લેવરાવે."

ગુ. જુની વાર્તા.

**કાનની બૂટ પકડવી,** શિક્ષા-બોધ લેવો.'એવાતની તો મેં કાનની બૂટ પકડી છે.'

૨. ભૂલ કબૂલ કરવી કે પ્રથમ ન માનતાં છેવટ હારી થાકવું.

"સવારમાં ઊઠ્યો ત્યારે તે કાંઇક ટાઢો પડ્યો અને કાનની બૂટ પકડીને પાછો તે દુકાનમાં આવી જોડા શીવવા લાગ્યો."

જાતમહેનત.

**કાનનુ કાચું,** ભોળું; છેતરાઇ જાય એવું; સમજાવ્યું ઝટ સમજી જાય એવુ; પોતાની બુદ્ધિ ન વાપરતાં બીજાના કહ્યા પ્રમાણે વર્ત્તે એવું; ભંભેરીએ તો ભંભેરાય એવું; કોઈના પર ભરોંસો રાખે એવું; કોઇનું સમજાવેલું ખરૂં છે એમ માનનાર; સાંભળતાં જ તરત ભોળવાઇ જાય તેવું; સમજ-વકુફ-વિનાતું.

"ભોળોભીમ કાનનો કાચો, માથાનો ફરેલ, અને રણનો શરો હતો."

નર્મગદ્ય.

"જ્યારે સઘળા નાખુશ રહે ને રાજા કાનનો કાચો ત્યારે ગમે તેટલી ઊંચી પદ્દિનો શો ભરોંસો?"

કરણઘેલો.

"એટલામાં નાનો પુત્ર પરમાનંદ ઘેર આવ્યો; તે સ્વભાવે કાચાકાનનો, ટીખળી અને તિતાલીઓ હતો."

સદ્‌ગુણીવહુ.

૨. થોડું બહેરૂં; અડધુંપડધું સાંભળે તેવું. **કાનનું હલકું** પણ અર્થ ૧ માં વપરાય છે.

**કાનમાં આંગળીઓ ઘાલવી,** ન સાંભળવું અથવા સાંભળવા તરફ બેદરકાર કહેવું; (સાંભળવા જેવું ન હોવાથી) કોઇનું કહેલું કાનપર ન લેવું.

Gandhi Heritage Portal

"એક દહાડો તમારા છોકરાનું તોફાન નજરોનજર જોઇને મેં તથા એમણે કાનમાં આંગળીઓ ઘાલી."

એ બેહેનો.

**કાનમાં ઉકળતું તેલ રેડવું,** કમકમાટી ઉપજાવવી; કંપાવવું; ધ્રુજાવવું. ( કંઇ કઠણ બોલ કે મ્હેણાં કહી સંભળાવીને )

"ક્ષત્રી બચ્ચો હોત તો આ કાનમાં ઉકળતું તેલ રેડવા જેવાં વેણ સાંભળી ગોળી વાગતાં ગુફામાંથી ગર્જના કરતો કેશરી મેદાનમાં આવે તેમ તું આવ્યો હોત."

પ્રતાપનાટક.

**કાનમાં કહેવું,** ગુપચુપ કહેવું; કોઇ બીજો ન સાંભળે તેમ ચુપકીથી કહેવું.

"આ પ્રમાણે તને આવીને તારા કાનમાં તેઓ કહેશે, પણ એવા તકલદી અને દુર્ગુણી વિચાર ઉપર તું લક્ષ આપતો ના."

૨. તત્કાળ અસર કરવી; તરત ગુણ આપવો-બતાવવો.(રામબાણઔષધે.)

'આ દવા તું બે દહાડા ખાઈ જોઈશ તો તને કાનમાં કહેશે.'

**કાનમાં કીડા ખદબદવા,** રોમાંચ ખડાં થવાં; કમકમાટી ઉપજવી;ધ્રુજારો વછુટવો; કાંપવું. (બિભત્સ કે અપવિત્ર શબ્દો સાંભળવાથી.)

"પુનર્વિવાહ શબ્દ સાંભળીને જેઓના કાનમાં કીડા ખદબદતા તેઓ જ આજ કહે છે કે બાળરાંડો માંડેલી થાય તો સારૂ."

નર્મગદ્ય.

**કાનમાં ડૂચા મારવા,** ન સાંભળવું.

**કાનમાં પૂમડાં ઘાલવાં,** ન સાંભળવું અથવા સાંભળવા તરફ બેદરકાર રહેવું.

**કાનમાં પેશીને,** કાનેકાન મેળવીને; ગુપચુપ; કોઈ બીજો ન જાણે એમ.

'કાનમાં પેશીને શી વાત કરે છે?'

**કાનમાં ફુંક મારવી,** ( ગુરૂ મંત્ર આપતી વખતે કાનમાં ફુંક મારે છે તે ઉપરથી-લાક્ષણિક અર્થે ) છુપી મસલત કરવી; સમજાવી પોતાના મતનું કરવું; ભમાવવું.

૨. બોધ આપવો; ઉપદેશ કરવો; શીખામણ દેવી.

૩. ચેતવણી આપવી.

**કાનમાં ભરાવું,** જુઓ **કાનમાં પેસવું.**

**કાનમાં મંત્ર મૂકવો,** (લાક્ષણિક) ઉપદેશ કરવો; બોધ આપવો; ચેતવવું.

૨. સમજાવી પોતાના તરફનું કરવું; ભોળવવું; કહેલું ખરૂં માને તેમ કરવું.

"શામળિયા છો સ્વતંત્ર,
કંઈ લાગ્યો બીજો તંત્ર;
કે કોઇએ મૂકયો કાનમાં મંત્ર,
કે બાંધ્યો શોકલડીએ જંત્ર."

કવિ દારકાંદાસ.

**કાનમાં વિષ રેડવું,** કોઇને વિષે ખોટું બોલી સામાના મનમાં માઠી અસર કરવી; કાન ભંભેરવા; જૂઠું જૂઠું સમજાવવું; ભોળવી નાખવું.

"ખાકનનાં ઉમદાં કામો તેનાથી જાઈ શકાતાં નહિ; તે રાજાના કાનમાં તેને વિષે વિષ રેડી બાપડાનું અનિષ્ટ જોવાને તે સદા તત્પર રહેતો હતો."

અરેબિયનનાઈટ્સ.

**કાને ડાટા દેવા,** ( ડાટા દીધા હોય તેમ ) ન સાંભળવું; સાંભળવા તરફ બેદરકાર રહેવું; ન સંભળાય તેમ કરવું.

**કાને નાંખવું,** સંભળાવવું; ખબર આપવી-અપાવવી; કહીને જાણીતું કરવું; કહેવું; કહી છૂટવું; જાહેર કરવું; જણાવવું.

"એ ઉપરથી તેઓએ ઠરાવ કીધો કે એ સઘળી વાત કરણને જઇને કહેવી ને તેને કાને નાખી કામ કરવું."

**કાને હાથ દેવા,** ન સાંભળવું અથવા સાંભળવાની દરકાર ન રાખવી.

૨. હું કાંઈ જાણતો નથી એમ દર્શાવવું. ( કાનપર હાથ દઇને. )

Gandhi Heritage Portal

**કાનેથી કાઢી નાખવું,** સાંભળ્યું ન સાંભળ્યું કરવું; સાંભળેલું ઉડાવી દેવું અથવા તે તરફ લક્ષ ન આપવું; અજાણ્યા થવું.

**કાનોકાન,** રૂબરૂ-બીજા માણસની મારફત વગર; પંડે; જાતે; પોતે.

૨. એક કાનેથી બીજે કાને-ત્રીજે કાને (એમ વાત ફેલાવવાના સંબંધમાં.)

**કાનછેરિયાં ખરવાં,** રૂવે રૂવાં ઊભાં થવાં; રોમાંચ ખડાં થવાં. (ભૂંડા શબ્દો સહન ન થઈ શકવાથી) **કાનછેરિયાં અમળાવાં** પણ બોલાય છે.

**કામ કરી આપવું,** ફાયદો કરી આપવો.

**કામ કાઢી લેવું,** પોતાનો સ્વાર્થ સાધી લેવો (તજવીજ-યુક્તિથી.) " અંધેર રાજ્યની ભર અદાલતમાં પક્ષકારો પોતાનાં કામ કાઢી લેવાની ખાતર ન્યાયાધીશની ગાદી ઉપર પૈસાની થેલીઓ પાથરે છે."

ગર્ધવસેન.

"વેપારીઓમાં સંપત હોય તો પરદેશના લોકો એક બીજાને આડું અવળું સમજાવીને પોતાનાં કામ કાઢી લે, માટે માત્ર સ્વાર્થ ઉપર જ આધાર રાખીને પરદેશીઓને હાથ નાણું જવા દેવું નહિ."

નર્મગદ્ય.

**કામ થવું,** પાર થવું; ઠેકાણે થવું; મરણ પામવું. "ગંભીરસંગજી બાપજી કામ થયા."

**કામમાં કામ કાઢી લેવું,** એક કામ કરતાં બીજું કામ કરી લેવું; એ કામ સાથે-માં-યમળતાં કરી લેવાં; 'એક પંથ દો કાજ' એવી રીત રાખવી.

**કાયા દેખાડવી,** શરીરના ગુપ્ત ભાગ દેખાડવા. (દરદીએ વૈદ્યને, સ્ત્રીએ પુરૂષને, કે વિધવાએ બીજાની સાથે લગ્ન થયા પછી તેણે-વગેરેએ.)

**કાલ ઉઠીને,** થોડા વખતમાં; આગળ જતાં; ભવિષ્યમાં;

**કાલાં કપાઈ જવાં,** કાલાંમાંથી બહાર દેખાતો કપાસ કોઈ કાપી જાય અને જેવું નુકસાન થાય તેવું નુકસાન થવું; મોટો બીગાડ થવો; અનર્થ થવો.

૨. કાલાં કપાવાથી જેવી અસર થાય તેવી અસર થવી; હોશ ઉડી જવા; હિંમત હારી જવી. (લાક્ષણિક.)

**કાશ કાઢવી,** કંટક ટાળવું; નડતર દૂર કરવું; પીડા ટાળવી.

**કાશળ-કાસલ કાઢવું,** (સં. कश्मल=મેલ-પાપ ઉપરથી) પીડા ટાળવી; અડચણ-હરકત કરનારૂં એવું જે કાંઈ તે દૂર કરવું (મારીને અથવા બીજી કોઈ યુક્તિથી.) નારી અને નાન્યતર બંને જાતિમાં વપરાય છે.

" કનકાવતીને ઘેર દાનાજી પડ્યો હતો. તેને આ સમાચાર મળતાં ક્રોધાયમાન થઈ બોલ્યો, એ ચોર ફાટ્યો, પણ ઠીક છે. હવે હું એમની કાસલ કાઢીશ; હું એમને જીવતા જવા નહિ દઉં."

વનરાજ ચાવડો.

" જેઓ લાંચ લાલચથી ડગે નહિ અને સામા થઈ આડા આવે એમ જાણવામાં આવે કે બાઈ તથા તેના સાગરિતો તેમનું હરેક રીતે કાસલ કાઢે."

ગર્ધવસેન.

**કાશીએ સંઘ જવો,** ધારેલા અર્થની સિદ્ધિ થવી; ફતેહમંદીથી પાર ઉતરવું.

**કાશીનું કરવત,** કરવત મુકાવવું જુઓ.

**કાષ્ટ ભક્ષણ કરવાં,** અગ્નિકાષ્ટ ભક્ષણ કરવાં જુઓ.

**કાળ ખૂટવો,** આવી બનવું; બાર વાગી જવા; આફત આવી પડવી.

**કાળચક્ર ફરવું,** (માથે) દશાંતર-સ્થિત્યંતર થવું.

૨. મોત ભમવું; આવી બનવું; આખર આવવી; આફત આવી પડવી.

**કાળના કોદરા કાઢવા,** (અગણોતરા કે કોઇ

Gandhi Heritage Portal

કાળના જૂના તે ઉપરથી ) બહુ જૂની લાંબા વખત ઉપરની વાતો ઉથલાવવી; જૂની પુરાણી બાબતો કહી બતાવવી (નિંદાના રૂપમાં.)

**કાળના કોદરા ખાઇને આવ્યો છે,** બહુ જુનો અને બહુ અનુભવી બન્યોછે; બહુ જીવીને બહુ પાકો થયો છે.

**કાળમાંથી આવવું,** (લાક્ષણિક) ખાવાની અતિશય લલુતા વાળા–ભૂખાળવા માણસને વિષે બોલતાં એમ વપરાય છે કે 'એ તો કાળમાંથી આવ્યો છે.

**કાળજા વિનાનો,** બે દરકાર; સાહસિક; છાતી વાળો.

**કાળજાની કોર,** કાળજાની કોર જેટલું વહાલું; ઘણુંજ વહાલું; પ્રાણ સરખું જરૂરનું ને વહાલું.

"મારો દીકરો તો કાળજાની કોર છે, એને હું પરદેશ શી રીતે મોકલું ?"

સુબોધપ્રકાશ.

**હૈયાનો હાર, આંખની કીકી, મોંનું પાન, મૂછનો વાળ,** વગેરે એજ મતલબના પ્રયોગો છે.

**કાળજાનું ખસેલું,** અદકપાંસળી; ઘેલું; ઉઠેલ તબિયતનું; અસ્થિર મગજનું; વાયેલ; વાદંડી; દાધારંગ્યું; અદઢ.

**કાળજાનું નચું,** સાવધાન; સાવધ; ખબડદાર; હોશિયારીથી વર્તનાર; ચોપાસ નજર રાખી શકે એવું; ચોક્કસ કાળજાનું; ગાફેલ ન હોય એવું.

૨. વિસરી ન જાય એવું.

**કાળજાનો ડંખ,** કારી ઘા; કાળજામાં થએલી જબરી અસર.

૨. હાડવૈર; કીન્નો; કટ્ટી દુસ્મનાઈ.

"તને પ્રેમથી આલિંગન આપવા સારૂ ગમત કરી એવું બતાવશે, પરંતુ એના કાળજાનો ડંખ તાજો ને તાજો રહેશે."

અરેબિયન નાઇટ્સ.

**કાળજામાં કટારી છે,** પેટમાં કાતી છે–કીનો છે–વેર છે. બહાર દેખીતો નહિ પણ અંદરખાનેથી વેર લેવાનો–નુકસાન કરવાનો જોસ્સો છે.

"શણગારી તરવાર ઉપર સારી,
અંતર રહે કટારીરે;
તેમ સુંદર સ્ત્રી મોહન વચની,
કાળજા માંહિ કટારીરે."

કવિ દયારામ.

**કાળજામાં કોતરી રાખવું,** યાદ રાખવું, વિસ્મરણ ન થાય એમ ખુબ ધ્યાનમાં રાખવું; ન ભૂલી જવાય એમ કરવું; કાળજામાંથી ન ખસે એવું સુદઢ કરવું;

"એક વાત તમોને કહી રાખુંછું તે વાત તમારે કાળજે કોતરી રાખવી જોઇએ."

અરેબિયન નાઇટ્સ.

**કાળજામાં લખી રાખવું,** યાદ રાખવું; ન વિસરાય એમ કરવું; મનમાં ઠસાવવું; જરૂર પડે કે તરત સાંભરી આવે એમ કરવું.

**કાળજામાં લોઢાની મેખ છે,** અતિશય કાળજી–દીલગીરી છે; હમેશ ખુંચ્યાં કરે એવી ગુપ્ત અથવા મહત્વની ચિંતા છે.

**કાળજું કપાઈ જવું,** કાળજું કપાતું–ચીરાતું હોય તેવું દુઃખ થવું; પ્રાણ જવા જેવું થવું.

"તમારી આ દુઃખદાયક સ્થિતિથી મને અતિશય ચિંતા થાય છે ને એ વૃત્તાંતથી મારૂં કાળજું કપાઈ જાય છે."

અરેબિયન નાઇટ્સ.

**કાળજાના કડકા કરવા** પણ બોલાય છે.

"વિવાહ દિન વરઘોડો દેખું,
ચિંતાના લાગે ચટકા;
લોકોને હર્ષભર્યા દેખું,
કાળજું થાયે કટકા."

વેનચરિત્ર.

**કાળજું કાચું છે,** ઝટ અસર થાય તેવું છે; બીકણ છે; ધિરજ–હિંમત મૂકી દે તેવું છે; પોચું છે; છાતી કુમળી છે.

Gandhi Heritage Portal

**કાળજું કુતરે કરડયું છે,** શુદ્ધિ-ભાન રહેતું નથી; ખબરદારી નથી-રહેતી નથી.

યાદ રહેતું નથી; વારંવાર ભૂલી જવાય છે. "પણ તમને સાંભરે શું કરવા જે! તમારૂં કાળજું તો કુતરે કરડેલું છે."

વિદ્યાવિલાસ.

**કાળજું કોતરવું,** સંતાપવું; કનડવું; રિબાવ્યાં કરવું.

**કાળજું ખંડાઈ જવું,** કાળજું ખંડાતું હોય તેવું દુઃખ થવું-કાળજામાં વેદના થવી; ઘણું હેરાન થવું; પ્રાણ જવા જેવું થવું (અદેખાઇથી, ચિંતાથી કે કાળજામાં વેદના થવાથી.)

"વૃદ્ધ પુરૂષોની નવીઓ રૂપાળીના સુખની અદેખાઈ કરવા લાગી; પોતાને દુઃખ અને તેને સુખ થશે, તેથી કેટલીક સ્ત્રીઓનાં કાળજાં ખંડાઈ જવા લાગ્યાં."

ગુ૦ જુની વાર્તા.

**કાળજું ખસવું,** કાળજું ઠેકાણે ન હોવું; મન ભ્રમિત થવું; ઘેલું-ઉડેલ તબિયતનું-દાધારંગ્યું-અદઢ થવું.

**કાળજું ખાઈજવું,** કાયર કરવું; સંતાપવું; દુઃખ દેવું.

**કાળજું છોલવું,** સંતાપવું; કાયર કરવું.

**કાળજું ટાઢું હોવું,** નિરાંત હોવી; સંતોષ હોવો; તૃપ્તિ હોવી.

**કાળજું ઠરવું**-ઠંડું થવું, સંતોષ થવો; ઈચ્છા પૂરી પડવાથી ધરાવું; તૃપ્ત થવું; નિરાંત વળવી; સુખી થવું. "તારા જેવો ડાહ્યો પુત્ર ઈશ્વરે મને આપ્યો છે તેથી હું તેનો ઓશિંગણ થયો છું હવે મારૂં કાળજું ઠર્યું મને નિરાંતે મોત આવશે, ને મારૂં કલ્યાણ થશે."

વનરાજચાવડો.

**કાળજું ઠેકાણે હોવું,** શુદ્ધિ-ભાન હોવું; જાગૃતિ-ખબરદારી-હોંશિયારી હોવી; ચારે પાસ નજર રાખવાની શક્તિ હોવી; વિવેકમાં-મર્યાદામાં હોવું.

"ઈશ્વર સિવાય બીજું કોઈ મહાન્ અને શક્તિમાન્ નથી, અગર જો મારૂં કાળજું તો ઠેકાણે છે પણ મને સઘળા દીવાનો ગણી કાઢશે."

અરેબિયનનાઈટ્સ.

**કાળજું તપી આવવું,** ગુસ્સે થવું; ક્રોધથી તપ્ત થવું; રોશે ભરાવું; અતિ ઉગ્ર લાગણી થવાથી કાળજામાંથી લોહીનો ઉછાળો આવવો; ગરમ થઈ જવું.

**કાળજું ધડકવું,** હિંમત હારવી; ભયભીત થવું; પોતિયાં વછૂટી જવાં; ગભરામણ થવી.

**કાળજું પકડી રાખવું,** હિંમત ન છોડવી; ધીરજ ન છોડવી; કાળજું વશ રાખવું; કાળજું ધડકવા ન દેવું; ગભરામણ ન થાય એમ કરવું.

**કાળજું પાકું (છે),** ન છેતરાય એવું; ગાંજ્યું ન જાય એવું; અનુભવી; વાકિફગાર; ખંધાઈ સમજી જાય એવું.

૨. વિસરી ન જાય એવું; સ્મરણમાં રાખનારૂં.

૭. ઝટ અસર ન થાય એવું.

**કાળજું ફટકી જવું,** ડાગળી ખસવી; ઘેલા થવું; ચળી જવું; બુદ્ધિ ભ્રષ્ટ થવી; બ્હાવરૂં થઈ રહેવું.

"જ્યારથી મેં તને દીઠો છે ત્યારથી મારૂં કાળજું ફટકી ગયું છે; મેં ઘણી સ્ત્રીઓ જોઈ છે, પણ તારા જેવી રૂપસુંદરી તો હું તનેજ જોઉં છું."

મનોરમા.

**કાળજું ફાટી જવું,** ભય ચિંતા વગેરેથી છેક ચોંકી ઉઠી અકળાવું.

૨. આશ્ચર્યકારક દેખાવ જોઈ હબકી જવું; બેહદ વિસ્મિત થવું; મર્યાદા બહાર જવું; અવિવેકી થવું.



Gandhi Heritage Portal

" જુવાનીઆનાં કાળજાં ફાટી જાય તેવી તતડભતડ ચોળી અને તેનાપર કા. મીની આંખોનાં તેજ હરી લે એવા હીરાનો હાર જુવાન પઠ્ઠા જેવી સ્ત્રીએ ધારણ કર્યો. "

ગુ. જુની વાર્ત્તા.

**કાળજું ફુટવું,** અક્કલ જવી; ખબડદારી જતી રહેવી; શુદ્ધિ-ભાન ન હોવું.

૨. યાદ ન રહેવું; વારંવાર ભૂલી જવું.

" તેનો ઉપરનો દેખાવ રૂઠ અને સભ્ય છતાં ભાઇસાહેબ અંદરથી ફુટેલા કાળજાના જણાય છે. "

અરેબિયનનાઇટ્સ.

**કાળજું ફોલીને ખાઈ જવું,** સંતાપવું; દુઃખ દેવું; રીબાવ્યાં કરવું.

( ઉપરથી ન દેખાય એમ અથવા કોઈ ન જાણે તેવી રીતે. )

" નરમ સ્વભાવના આદમીને લોકો કાળજું ફોલી ખાનારા તથા ટાઢા ડાંડ કહે છે અને ફાવતી તકે તેમને વળી સાલસ સ્વભાવના સારા માણસમાં ખપાવે છે. "

દુનિયાંદર્પણ.

**કાળજું બળી જવું,** દિલગીર થઈ દુઃખ થવું; જોસ્સાથી અકળાવું; ગભરાવું; ચરેડો પડવો; કાળજામાં ચીચરવટો પેદા થવો; બહારથી ન દેખાય પણ અંદરની કોઈ ગુપ્ત ચિંતાથી અંતર બળવું.

૨. અદેખાઈ થવી; ઈર્ષ્યા થવી; સામાના સુખ જેવું પોતાને તેવું સુખ નહિ હોવાથી આશંકો આવવો; ચિંતા થવી (ઇર્ષ્યાની નજરે. )

૩. શુદ્ધિ-ભાન જવું.

" રાંડોને કશી વાતની ખબર તો રાખવી નહિ; પહેલી આ ગોરની કાંઈ સોઈ કરવી કે નહિ ! રાંડોનાં કાળજાંજ બળી ગયાં છે. "

વિદ્યાવિલાસ.

**કાળજું બોતેર હાથ છે,** કાળજું ઠેકાણે છે-ચોક્કસ છે; શુદ્ધિ છે; જાગૃતિ છે; હોશિયારી-ખબડદારી છે; ચારે પાસ નજર રાખવાની શક્તિ છે.

**કાળજું ભરાઈ આવવું,** ડુમો જામવો; રડાય-બોલાય નહિ તેવી રીતે આચકાની સાથે અસર થઈ આવવી.

**કાળજું રીઢું થવું,** ( વાસણ જેમ વપરાઇને રીઢું થાય છે તેમ ઘણી જાતના અનુભવ થવાથી-ઘણા ખત્તા ખાવાથી-ઘણી ઘણી અડચણો ભોગવીને કઠણ થવું; ખમી ખમીને પાંશરૂં થવું; કંઈજ અસર ન થાય તેવું પાકું થવું.

**કાળજું સવામણને સાતશેરનું છે,** કાળજું વજ્ર જેવું-અસર ન થાય તેવું કઠણ છે.

૨. ઘણું હિંમતવાન છે.

૨. ચોક્કસ છે; ગફલત કરે એવું નથી.

**કાળજે કોરાઈ રહેવું,** યાદ રહેવું; ભૂલી ન જવાય એવું થવું; કાળજામાંથી ન ખસે એવું દૃઢ થવું.

" અરજ કરનારે જે બે ચાર તીખાં વેણ રાજાને કહ્યાં હતાં તે તેને કાળજે કોરાઈ રહ્યાં હતાં. "

વિજ્ઞાનવિલાસ.

**કાળજે ટાઢક કરવી,** સંતોષ ઉપજાવવો; નિરાંત કરવી.

**કાળજે હાથ ધરવો-રાખવો,** નિરાંત રાખવી; ધીરજ રાખવી; સાંસતા રહેવું; નિશ્ચિંત રહેવું.

૨. ધીરજ આપવી.

**કાળમીંઢ પથ્થર,** કાળમીંઢ પથ્થર બહુ કઠણ હોય છે. તે ઉપરથી લાક્ષણિક અર્થે નિષ્ઠુર અંતઃકરણના-કંઈ અસર ન થાય એવા નિર્દય અથવા જડ માણસને વિષે બોલતાં વપરાય છે.

**કાળાં ધોળાં કરવાં** કોઇને રંજાડવું ને કોઇને

Gandhi Heritage Portal

ન્યાલ કરવું; ઉંધાંચત્તાં કરવાં; સારાં નરતાં (કર્મ) કરવાં.

"લોકો લાખો રૂપિયા મેળવે છે તે કાળાં ધોળાં કીધા વગર મેળવતા નથી."

સં–મા.

**કાળા અક્ષર કુટી મારવા,** લખતાં ન આવડવું; કેવળ મૂર્ખ હોવું; અક્ષરશૂન્ય હોવું; લખીને વાંચતાં ન આવડવું. **કક્કો કુટી મારવો** પણ બોલાય છે.

"કારભારીઓ કાળા અક્ષરને કુટી મારે એવા વિદ્વાન હોવાથી તેઓ રાજકારભાર કેવી રીતે ચલાવતા હશે, તેનો વિચાર વાંચનારે જ કરી લેવો."

ગર્ધવસેન.

**કાળા તલ ચોરવા,** ( એ હિંદુ ધર્મશાસ્ત્રમાં મોટો અપરાધ ગણાય છે. કોઈ બ્રાહ્મણ કોઈ તલના ખેતરમાં થઇને જતાં અજાણતાં તેના કપડામાં તલસરા આવેલા તેને લીધે બીજે જન્મે તે ખેતરવાળો જ્યારે ઘાંચી થયો, ત્યારે તે બ્રાહ્મણ તેને ત્યાં બળદ રૂપે રહ્યો અને તેની ઘાણીએ જોડાયો. એક વખત તલ ઘરની બહાર પડેલા ને ઘાંચી બહાર ગયેલો તે વખતે તેની પાડોશણને તે લેવાનું મન થયું, તે ઉપરથી તે સૂપડું લઈ ભરવા માટે આવી, તે જોઈ તે બળદને વાચા થઈ અને બોલ્યો કે પેલે જન્મ મેં માત્ર બે ત્રણ તલના દાણા ચોરેલા તે બદલ મારે આટલી મજુરી કરવી પડે છે, તો તને આટલા બધાની ચોરી માટે શી શિક્ષા થશે તેનો જ વિચાર કર. )

**કાળા અડદિયા ચોરવા** પણ બોલાય છે.

"કાં તો કાપ્યા હશે પિંપળા,
બાળ્યાં હશે તુળશીનાં વન જી.
કાં તો કાળા તલ ચોરીયા,
દુભ્યાં હશે તપસીનાં તન જી."

વેનચરિત્ર.

"મેં તે કયા જન્મના કાળા તલ ચોર્યા હતા કે તમે મને દુઃખ દેવાને જ સરજ્યા ?"

સત્યભામાખ્યાન.

**કાળા માથાનું માનવી,** માણસજાત; મનુષ્યપ્રજા.

"કાળા માથાનું માનવી શું ન કરી શકે ?"

"કબૂલ કરૂં છું કે આ અડચણ ખરી છે, ને તેના દેખાવથી તું ભૂલાવો ખાય અને તેના મગજમાં શું શું ભરેલું છે તે જાણવું કાળા માથાના માનવીની શક્તિ ઉ-રાંતનું કામ છે."

અરેબિયનનાઈટ્સ.

"આ કાળા માથાનો માનવી;
એને નિર્દયતા હોય ઘણી."

નળાખ્યાન.

**કાળી ઘોડીપર ચઢવું,** ( કાળી ઘોડી અફીણને કહે છે. તે ઉપરથી ) અફીણની પુર નિશા–ખુમારીમાં આવવું.

**કાળી ટીલી,** કલંક; બદનામી; બટ્ટો; ઘણું હીણું કામ કર્યાનો ઠપકો; લોકમાં નઠારૂં કહેવાવું તે; અપજશ.

"મારા કુટુંબનું તથા મારૂં પોતાનું રક્ષણ કરવું એ મારો મુખ્યધર્મ છે, એમ ન કરૂં તો મારા ઉપર દોષ, અરે, મને કાળી ટીલી ચોંટશે."

અરેબિયનનાઈટ્સ.

**કાળી નાગણ,** ઘણીજ ખારીલી ને ડંખીલી સ્રીને વિષે બોલતાં વપરાય છે. પુરૂષને માટે **કાળો નાગ**–સાપ વપરાય છે.

"છઉં ઝેરી હું કાળો સાપ,
માટે સમજીને કરજે માફ."

નર્મકવિતા.

"અરે દુષ્ટ કૌભાંડમતિ! અરે કાળી નાગણ! તું શું કરવા બેઠી છું! તારાં કૌભાંડ કાંઈ કળી શકે એમ નથી."

ગર્ધવસેન.

Gandhi Heritage Portal

**કાળીઓ વછનાગ,** મહા ઝેરીલા અને ડંખીલા માણસને વિષે બોલતાં વપરાય છે.

**કાળું કર,** ખસ; ચલ; નિકળ; જતો રહે; દીસ્તો રહે; ભાગી જા; સુઝતું કર. (તિરસ્કારમાં.)

" આવતાં તું પાસ મારી,
કેમ લજવાતો નથી;
જા જા મારી પાસથી,
તું કાળું કર લ્યાં થકી."

કવિ નર્મદ.

**કાળું કરવું,** કલંકિત કરવું.

**કાળું કુતરૂં એ ભાવ નથી પૂછતું,** કુતરા જેવું કોઈ હલકું પ્રાણી પણ ગણના કે દરકાર કરતું નથી. "એવું તો કોઈ કાળું કુતરૂંએ ભાવ પૂછતું નથી. એને તો શાનો મોટો ભા કરીને તમે થાપ્યો છે.?"

**કાળું ગોરૂં,** (આ દુનિયાંની બે બાજુઓ છે. તેમાંનું એક પાસું ખળપ્રપંચ, કાવતરાં, વિશ્વાસઘાત, હરામખોરી, અસત્યતા, ક્રુરતા વગેરે દુરાચરણના કાજળ–મેશે કરીને કાળું છે અને બીજું પાસું કે જે આગલા કાળા પાસાને મુકાબલે ઘણુંજ વિષમ રીતે ન્હાનું અને તે પણ જેમ ગ્રહણને વિષે ચંદ્રના બિંબનો મોટો ભાગ ખગ્રાસ થઈને કંકણાકાર માલુમ પડે છે તેમ માત્ર એક ઝાંખી રેખા જેટલું જ માલૂમ પડતું ધર્મ, નીતિ, પરમાર્થ–પ્રેમ–દયા–સત્યતા વગેરે સદાચરણના સહેજ આભાસથી ઉજળું–ગોરૂં છે તે જવલ્લેજ–કોઈકોઈ પ્રસંગે ઉંડી તથા શોધક દૃષ્ટિએ જોતાં બેમાલૂમ રીતે જણાય છે. કાળા પાસામાં રહેવાથી કાળો રંગ અને ઉજળા પાસામાં રહેવાથી ઉજળો પાશ લાગે છે. તે ઉપરથી) સદાચરણી વા દુરાચરણી; સારૂં વા માઠું.

" નાગરિકા–સખિ, આપણાથી એવું થાય? આપણે કોણ માબાપના છોરૂં કહેવાઈએ! કોઈ કાળું ગોરૂં કહે તો વિખ ખાઈ મરવું પડે."

સત્યભામાખ્યાન.

" અમને આશા તમતણી છે,
અમે તમારાં છોરૂં;
લાજ લાગે વૃદ્ધને, કોઈ કહેશે
કાળું ગોરૂં."

ઓખાહરણ.

(વિશેષે નઠારા ભાવમાંજ વપરાય છે.)

**કાળું પહેરવું,** (સ્ત્રીઓએ શોકમાં), શોકની નિશાનીમાં કાળો પોશાક પહેરવો.

**કાળે પાણીએ કાઢવું,** સમુદ્રપાર કરવું; દેશનિકાલ કરવું. (ગુન્હેગારને)

" જેમને કાળેપાણીએ એટલે દરિયાપાર મોકલ્યા તેમને આન્દામાન બેટમાં પૂર્યા."

ભરતખંડનો ઇતિહાસ.

**કાળે પાણીએ ચઢવું,** ગુન્હેગારે દેશપાર થવું; દરિયો ઓળંગી બીજે દેશ જઈ જીવતા સુધી ત્યાંજ રહેવું.

**કાળો ચાંદલો,** બટ્ટો–કલંક; બદનામી; અપજશ; કાળી ટીલી;

" પરાધીનપણાનો કાળો ચાંદલો કપાળે,
છે હજાર વર્ષ થયાં ચોંટયો તે કુણ ટાળે."

બાળલગ્નબત્રીશી.

**કાળો ચોર,** કાળાં કર્મ કરનાર; કુકર્મી; દુષ્ટ; છૂપી રીતે અઘોર કર્મ કરવાવાળો.

" કાળા ચોરના કાઢી લાવીને પણ હું તેનાં નાણાં આપવા શક્તિ ધરાવું છું."

**કાળો ડાઘ,** કલંક; અપયશ; લાંછન; બો; માન–પ્રતિષ્ઠાની હાનિ; નઠારૂં કામ કીધાથી થતી બેઆબરૂ (ફીટે નહિ એવી.)

" શૃંગાર ને વ્યભિચાર કરી દયારામે લોકોની નીતિમાં બગાડ કર્યો છે અને પોતાના નામને કાળો ડાઘ લગાડયો છે."

નર્મગદ્ય.

**કિંગલાણે ચઢવું,** હરખમાં આવી જવું.

Gandhi Heritage Portal

**કિનારે આવેલું વહાણ ડુબવું,** નજીક આવેલું સુખ ગુમ થઈ જવું.

**કિયે મોઢે ?** શી આબરૂથી ? શું મોઢું લઇને? કયા સદ્ગુણથી? શી શોભાથી ?

"સુલતાનની ભેટ લેવી હું જાણું છું કે મુસ્કેલ નથી પણ ત્યાં જઈ કિયે મોઢે માગણી કરૂં ?"

અરેબિયનનાઈટ્સ.

**કીડીઆરૂં ઉભરાવું,** કીડીઓની ઈંડાળ ગોળ, ખાંડ કે મધના વાસથી ઉભરાય છે અથવા ચોમાસા આગમચ જેઠ અષાઢની ગરમીથી ઉભરાય છે તે ઉપરથી ગળ્યું ગળ્યું ખાવાની-કાંઈ ફાયદો મેળવવાની આશાથી અથવા તેવા કોઈ ખાસ પ્રસંગપર લોકોનું ભરાવું-એકઠું થવું.

**કીડીઓ ઉભરાવી** પણ કહેવાય છે.

"ભાંડ ભવૈયા વગેરે જાચક માણસની ગામમાં કીડીઓ ઉભરાઈ રહી છે."

પાંચાલીપ્રસન્નાખ્યાન.

**કીડીઓ ચઢવી** (પગે), અશક્તિ આવવી; ઉઠીને કામ કરવે કંટાળો ખાતો હોય એવા માણસને વિષે બોલતાં વપરાય છે.

**કીડીનો વાઘ,** નજીવી વસ્તુને મોટી કરી થાપવી તે; નાની અથવા નજીવી વાતને ઘણી અગત્યની અને મોટી કરી બેસાડવી તે. **કાગનો વાઘ** અને **કીડીનો કુંજર** પણ બોલાય છે.

**કુકવો કરવો,** મરી ગએલાને નામે રડવું.

૨. અવસરે ખરચ ન કરવો; દહાડાને અવસરે રડી ઉઠવું.

'તે તો બાપને નામે કુકવો કરશે.'

**કુખ ફાટવી,** છોકરાં થવાં; સંતાન થવાં; સંતતિ થવી. "મારા નિસાસા લાગ્યા તે રાંડની કુખ જ ફાટી નહિ."

સ્ત્રી સંભાષણ.

**કુખો નીચોવવી,** વિત્ત ઓછું કરવું. (મહેનત મજુરીનું દુઃખ વેઠીને.)

'કુખો નીચોવીને પૈસો ભેગો કર્યો છે, ભાઈ ?'

"કુવો તો કુખો નીચોવીને પાણી આપે છે માટે સમુદ્રના કરતાં તેને ધન્ય છે !"

કુમારપાળપ્રબંધ.

**કુટી કાઢવું,** પરાકાષ્ઠા એ પ્રાપ્ત કરવું.

"તે બધામાંથી રોજના રોટલા જેટલું પણ કુટી કાઢીશું."

કરણઘેલો.

**કુંડાળાં કરવાં—વાળવાં,** ગરબડગોટા કરવો; લોચા વાળવા; હિસાબમાં ગોટા વાળવો; ગોળાપિંડાળો કરવો.

"સાહેબને અષ્ટંપષ્ટં સમજાવ્યો, હિસાબમાં કુંડાળાં વાળ્યાં અને બીજા પાંચ વરસ સુધી ગરાસ દરબારના હાથમાં રહે એવો ફેંસલો થયો."

સરસ્વતીચંદ્ર.

**કુતરાં બિલાડાં જેવું,** ઊભે રહે ન બને એવું. (કૂતરાં બિલાડાંની પેઠે).

**કુતરાં બિલાડાંનો અવતાર,** કુતરાં બિલાડાંની પેઠે જેની ઉપજીવિકાનો આધાર બીજાની મરજી ઉપર છે અથવા જેને હમેશાં ફિકરમાં રહી રખડતાં રખડતાં જે મળ્યું તે પર જ ગુજરાન ચલાવવાનો આધાર છે તેવા માણસને વિષે બોલતાં વપરાયછે. રઝવાયો અવતાર.

૨. કુતરાંના જેવો ઘરમાં અપ્રીતિવાળો સંસાર.

"જો ભોગજોગે એક બે છોકરાં પેટપડ્યાં તો પછી કુતરાંનો અવતાર જોઈ લ્યો."

ભામિનીભૂષણ.

**કુતરાં ભસાવવાં,** લઢાવી મારવું અથવા લઢાઇનું મૂળ રોપવું.

'તે જ્યાં હોય ત્યાં કુતરાં ભસાવતો ફરે છે ?'

૨ માથું મારવું; જૂદા જૂદા વિષય તરફ મન ઘાલવું.

Gandhi Heritage Portal

'એય ઠેર ઠેર કુતરાં ભસાવે છે તો !'

**કુતરાની ઊંઘ,** ઊંઘમાંથી જરા ખખડાટ થતાં ઝટ જાગી ઉઠે એવા ચંચળ માણસને વિષે બોલતાં વપરાય છે કે 'એની તો કુતરાની ઊંઘ છે.

**કુતરાની પૂછડી,** કુતરાની પૂછડીના જેવું વાંકું ને વાંકું; ગમે તેટલું સમજાવ્યા છતાં પણ ન સમજે એવા એક મતિયાને હઠીલા માણસને વિષે બોલતાં વપરાય છે; પોતાનો દુષ્ટ સ્વભાવ ન છોડે તે.

૨. જ્ઞાન વિનાની ફોગટ પંડિતાઈને વિષે બોલતાં પણ કેટલીક વાર વપરાય છે.

**કુતરાને નાખવું,** ફોગટ ગુમાવવું; જે રસ્તે વાપરવું જોઇએ તે રસ્તે ન વાપરવું.

'વરસ કુતરાને નાખ્યાં.'

'**ખાધેલું કુતરાને નાખ્યું**' એટલે ખાધું પીધું દીપી ન નીકળ્યું; ખાધા પીધાથી જે શક્તિ આપવી જોઇએ તે ન આવી.

**કુતરાને મોતે મરવું,** કુતરાનું મોત બહુ માઠું ગણાય છે તે ઉપરથી).

અવગતિયું થવું; જીવ ગતે ન જવો; કોઈ સંભાળ લેનાર ન હોય એવી સ્થિતિમાં અધવચ ભ્રમણામાં પરાણે જીવ જવો,

"બચ્ચા કાયદો કપરોછે, કપરો છે, કુતરાને મોતે માર્યા જશો."

ભટનું ભોપાળું.

**કુતરૂં કાન કરે છે,** કુતરૂં કાન ફફડાવે છે—અપશુકન થાય છે.

**કુત્તી દેવી,** દોરી કે માંજો જલદીથી તૂટી જાય તેમ કરવાને દાંત અગર નખ વડે તેમાં જરાક ખાડો પાડવો; દત્તી દેવી.

( કનકવાને )

**કુદકો મારવો,** વગર વિચારે સાહસ કરવું; શક્તિ ઉપરાંત ફાળ ભરવી.

**કુદરતનું દેવું આપવું**—વાળવું, મરણ પામવું; મરી જવું.

**કુંદનમાં જડવા જેવું,** (લાક્ષણિક અર્થે.) **આ પ્રયોગ** બહુધા વાંકામાં વપરાય છે. વિદ્યા–ધન–યશથી શોભે એવું.

**કુંદી કરવી,** (કુંદી–સં. कन्द्=મારવું. ) (ધોબી લોકો ધોએલાં લૂગડાંમાં કરચલી કે ધૂળ ન રહે અને સફાઈ આવે તેને સારૂ લાકડાનો ઘોકો ઠોકે છે તેને કુંદી કહે છે તે ઉપરથી લાક્ષણિક અર્થે ) લાકડીથી મારવું; ખુબ માર મારવો; ધમધમાવવું કે ધમકાવવું. (વાંકાપણું કે આડાઇ ટાળવાને માટે.)

"તેણે તે ઘોડેસ્વારના સરદારની વળી વધારે કુંદી કરવા માંડી"

અરેબિયનનાઈટ્સ.

**કુંદીપાક આપવો,** માર મારવો; લાકડી કે દંડીકાવતે મારવું. ( વાંકામાં )

"હું જેવો બેઠો થયો તેવામાં બીજો આદમી મારી ગાંસડી લઈ નાઠો; હું તેની પાછળ દોડયો અને કેટલેક છેટે તે બેઉએ એકઠા મળીને મને કુંદીપાક આપવા માંડયો."

વનરાજ ચાવડો.

**કુંભ મૂકવો,** નવા ઘરમાં વાસ કરતી વખતે મુહૂર્તમાં આગળથી એક જગ્યાએ સાથીઓ પૂરી તે ઉપર ઘડોનાળિયેર મૂકવાં.

૨. માતાના કુંભનું સ્થાપન કરવું.

**કુંભકરણની** ઊંઘ, ( કુંભકરણને વિષે એમ કહેવાય છે કે તેની ઊંઘ એટલી બધી જબરી હતી કે તેને ઉઠાડવાને માટે વાજીંત્રો વગડાવતા, તેના શરીરપર હાથી દોડાવતા અને રાક્ષસો પાસે નસકોરાં દબાવતા ત્યારે તે ઊંઘમાંથી જાગતો એ ઉપરથી ) રાક્ષસી ઊંઘ; ઘોર નિદ્રા.

**કુંભારનું કર,** ( કુંભારનો ધંધો કર ) એમ બીનઆવડતવાળા માણસને વિષે બોલતાં તિરસ્કારમાં વપરાય છે.

**કુલડીમાં ગોળ ભાગી ખાવો,** ઘરને ખૂણે પતાવવું; જે ફાયદો લેવાનો હોય તે માંહોમાંહે સમજીને લઈ લેવો. ( કોઈ ત્રાહિત

Gandhi Heritage Portal

માણસને ભાંજગડમાં નાખ્યા સિવાય )

**કુલે કોદરા ભરડવા,** મહા મહા દુઃખ ભોગવવું ( અતિશય મહેનતથી. )

**કુલે પાનીઓ વગાડવી,** ગજા ઉપરાંત વર્તવું. લાંબા ઠેકડા ભરવા; શક્તિ ઉપરાંત ફાળ ભરવી; કુદી રહેવું;

"ભૂખણુ–અલ્યા અંબુ ? તારા બાપની પેડે તું પણ શું કુલે પાનીઓ વગાડી રહ્યો છે કે ?"

**કુલો ગોઠવો,** આદરેલા ધંધાપર નિરાંત–સંતોષ વળવો; ચેન પડવું; ગમવું; મન માનવું; પસંદ પડવું વારંવાર જેને ઉઠાંતસ કરવાનું મન થઇ આવેછે તેને વિષે બોલાય છે કે 'એનો કુલો તો કંઇએ ગોઠતો નથી.'

**કુલ્લામાં હાથ મેલાવવો,** લાલચમાં નાખવું. કામ કાઢી લેવા સારૂ મોટી આશાઓ આપવી–ફાયદો બતાવવો.

( ઘીના કુલ્લામાં હાથ મેલાવી ઘીની લાલચ આપવી તે ઉપરથી. )

**કુવામાં નાખવું,** ( નુકસાનના ખાડામાં ઉતારવું; કુવામાં નાખવા જેવી દુર્દશાએ પહોંચાડવું.

"દાઝતું હોય તો દયાહીણુ માબાપો કજોડાં બાંધીને દીકરીઓને કુવામાં નાખે?"

કુંવારીકન્યા.

**કુવામાં ઉતારવું** એનો વિશેષ અર્થ એ કે આડું અવળું ( યુક્તિ પ્રયુક્તિથી સમજાવી –ભોળવી નુકશાનના ખાડામાં નાખવું; ફસાવવું.

**કુવામાંનો દેડકો,** કુવાના દેડકાને જેમ સમુદ્રમયાદાની ખબર હોતી નથી તેમ જેને કાંઈ બહારની અગત્યની બાબત માલમ નથી તેને વિષે બોલતાં વપરાય છે; જગતમાં જાણે શીખવા સમજવાનું બાકી રહ્યું નથી એમ જે માને છે તે.

**કુવો કરવો–પૂરવો,** દુઃખનું માર્યું કુવામાં પડી આપઘાત કરવો.

**કુવો હવાડો કરવો,** આત્મહત્યા કરવા કુવામાં કે હવાડામાં જઈ પડવું.

"ઈશ્વરે ઓશીયાળી કરી, માટે મારે સૌના તાબામાં રહેવું ને સૌનું સાંખવું; આપણાથી આવું વેઠાવાતું નથી, માટે કૂવો હવાડો કરવાની જરૂર પડશે. મને રાંડને મોત શેં નથી આવતું !"

એ બહેનો.

**કુવો તળાવ** પણ બોલાય છે.

"કાઢું અંતરની હો વરાળ
કોની પાસે રે,
કરૂં હું કુવો કે તળાવ,
મન મૂઝાયેરે,
જઈ કહે જો મા ને બાપ દીકરી તમારીરે"

સરસ્વતીચંદ્ર.

**કુશકા કાઢવા,** દુઃખ દઇ દઇને અશક્ત–માલ વિનાનું કરી મેલવું; થકવી દઈ તાબે કરવું; વિત્ત કાઢી નાખવું. ( માર મારી કે અતિશય કામ કરાવીને )

**કુશકા ખાંડવા,** કુશકા ખાંડવા જેવો મિથ્યા પ્રયાસ કરવો; ખાલી માથાફોડ કરવી.

**કુશાગ્રબુદ્ધિ,** (કુશ=ડાભ; ડાભનો અગ્ર ભાગ બહુ તીક્ષ્ણ હોય છે તે ઉપરથી ) તીક્ષ્ણ–સૂક્ષ્મ બુદ્ધિ. એથી ઉલટું **મોભાગ્રબુદ્ધિ.**

"ચાર્લ્સ ફોકસ સાહેબ કરતાં અધિક બુદ્ધિમાન અને હાથમાં લીધેલું કામ પારપાડવામાં કુશાગ્રબુદ્ધિવાળા માણસો મળવા કઠણ છે."

સં૦ મા.

**કુહાડીનો હાથો,** એકજ કુળના કે વંશના–કોઇને હણનાર; ઘર કાણું કરનાર, ( કુહાડીના હાથાની ઉત્પત્તિ લાકડામાંથી થયેલી છે અને તે પછી કુહાડીની સાથે રહી પોતાના વર્ગનાજ કોઈ ઝાડને કાપે છે–એની

Gandhi Heritage Portal

સહાયતા વિના કુહાડી એકલી ઝાડ કાપી શકતી નથી તે ઉપરથી.)

**કુળનો અંગારો,** બાપદાદાની મેળવેલી આબરૂને કલંક લગાડનાર–વણસાડનાર (કુપુત્ર.)

"શાંતિ ખસીને વસશે હૈયે, કલહ કલેશ અપાર; ગાંધારીનો વડો પુત્ર તે, કુળમાં છે અંગાર."

દ્રોપદી દર્શન.

"ધિક્ ધિક્ તારા હસ્તી ઘોડા, ધિક્ તારો ભંડાર; ફટ પાપી તારૂં મુખ ન જોઉં, ઉપજ્યો કુળઅંગાર."

હારમાળા.

"બેઠો તે શત્રુને શું ભજે, તું તો ઉપજ્યો કુળઅંગાર."

કવિ કાલિદાસ.

**કુળમાં દીવો,** કુળદીપક; કુળને અજવાળનાર, કીર્તિને ફેલાવનાર; ગુણ–વિદ્યાથી કુળને પ્રસિદ્ધિમાં આણનારા સુપુત્રને વિષે બોલતાં વપરાય છે.

**કૂંચી ફેરવવી,** યુક્તિસર સમજાવી પોતાના તરફનું કરવું; એવી કોઈ યુક્તિ કરવી કે બધો બેત ફરી જાય; યુક્તિ–તજવીજથી ચક્કર ફેરવી દેવું.

**કૂંચી મળવી,** નાડ મળવી.

**કૂંચી હાથ લાગવી,** ભેદ સમજવો; મર્મ પામવો; કૂંચી–નાડ મળવી; અંતઃકરણની છાની વાત જાણવી.

૨. તાળો મળવો.

**કૂંચી હાથ હોવી,** બીજાના મનનું વલણ પોતાના કબજામાં હોવું.

"હે મહારાજ, આટલું કામ તો કરાવી આપો; સિદ્ધરાજ મહારાજની કૂંચી તમારે હાથ છે."

વીરમતીનાટક.

**કૂચા કાઢવા,** શક્તિ ઉપરાંત અતિશે કામ કરાવી થકવી દેવું; નરમ કરી નાખવું; કાયર કરવું; અશક્ત કરવું.

૨. હલકું કરવું (માર મારીને); મારીને હાડકાં પાંસળાં નરમ કરવાં.

૩. ધાણ કાઢવો; સંહાર કરવો.

**કૂચો કરવો,** (ચાવીચાવીને) અતિશય નિંદા કરવી; ભુંડું બોલવું. (કોઇને વિષે. ખોટુંખોટું બોલી હલકું પાડવું.

૨. સઘળું સારી પેઠે સમજી અભ્યાસ કરી લેવો; પાકું કરવું. 'ચોપડીનો કૂચો કર્યો.'

૩. એકની એક વાત બકયાં કરવી. 'જીભનો કૂચો કર્યો છે.'

'કૂચો કરતો પરવારે ત્યારે કેની?'

**કૂચો વાળવો,** (બોલવામાં) લોચા વાળવા; સમજ ન પડે એમ વચમાં વચમાં અટકી પડવું; ચાવી ચાવીને બોલવું.

૨. (જીભનો) સ્પષ્ટ ઉચ્ચારને માટે જીભને ટેવવી; વારેવારે બોલીને જીભને સહવાસ કરાવવો.

**કૂટ પાંચશેરી,** માથાફોડ કર. એમ સમજાવ્યું ન સમજે ત્યારે હારી થાકી કહેવામાં આવે છે.

**કૂટો કરવો–વાળવો,** સંહાર કરવો.

**કેટલી વીસે સો થાયછે,** સંસારમાં કેમ અનુભવ થાય છે–કેમ વીતે છે

"તમારા ભાઈએ હાથેલીમાં નચાવેલી તેથી સંસાર માથે પડયો અને આથડીયાં ખાવાં પડયાં; હું ત્યારે નહોતી જાણતી જે આટલી વીસે સો થાયછે."

નવીપ્રજા.

"કેટલી વીસે સો થાયછે તે હું તને હમણાં બતાવી આપુંછું."

**કેડ ઝાલવી,** આશ્રય લેવો; આધાર ધરવો. (કાંઈ કામ થવા અગર સંકટમાંથી ઉગરવા.)

**કેડના કકડા થઈ જવા,** કેડમાં દુઃખ થવું; કેડ ફાટવી.

**કેડના મંકોડા મરડાઈ જવા,** કેડો બેવડ

Gandhi Heritage Portal

વળી જવી. ( કામ કરી થાકી જવાથી.)

" નીચાં નમીને કામ કરતાં તો કેડના મંકોડા મરડાઇ જાયછે. "

પાંચાલીપ્રસન્નાખ્યાન.

**કેડનું ભાગલું**, કમર લુલી થઈ ગઈ હોય–ટટાર ન હોય તેવું.

૨. સુસ્ત, આળસુ, નીચા વળી જેનાથી સંતોષકારક કામ ન થાય તેવું; હરામ હાડકાંનું.

**કેડપોતીઉં કરવું**, કેડ સુધી નાહી લેવું. **કેડીઉં કરવું** પણ બોલાયછે.

**કેડમાં લાકડું ઘાલવું**, લાકડું ઘાલ્યું હોય તેમ નીચું ન વળી શકાવું.

' મારી કેડોમાં તો લાકડું ઘાલ્યું છે' એમ એકની એક સ્થિતિમાં લાંબા વખત સુધી રહેવાથી એકદમ કેડથી ઊભું ન થઈ શકાય ત્યારે બોલાય છે.

**કેડે પડવું**, આગ્રહ કરી માગવું; ખંતે પડવું; કાયર કરવું; સંતાપવું; ખણખોજ કરવી; પછવાડે લાગવું; ચાનક રાખી મંડયાં રહેવું.

" માડી નંદનો કુંવર મારી કેડે પડયો-રે–માડી૦ મિષેમિષે આવે મારે અંગે અડયોરે–માડી૦

કવિ દયારામ.

**કેડો લેવો** પણ વપરાય છે.

**કેદારો કરવો**, ( કેદારો એક જાતનો રાગછે. તે તાણતાં બહુ મુસ્કેલી પડેછે; નરસિંહ મેહેતાએ કેદારો રાગ ઘરાણે મૂકયો હતો અને તે છોડવતાં તેને બહુ મુસ્કેલી પડી હતી એમ કહેવાય છે; તે ઉપરથી અથવા ભજનમંડળીમાં પણ છેલ્લો કેદારો ગવાયછે અને પછી થાળ ધરાયછે તે ઉપરથી) મોટું જોર મારવું–પરાક્રમ કરી બતાવવું; નામ કરવું.

૨. કાંઈ સારૂં–મોટું કામ ન કર્યું હોય ત્યારે વાંકામાં વપરાય છે.

**કેરાં બોરાં**, કેરાં બોરાંના જેવું હલકું; માલ-વિસાત–શૌર્ય વિનાનું; લેખામાં નહિ એવું.

**કેરી હિંદોળે ચઢી છે**, કેરી ઉનાળાની રૂતુમાં થાય છે અને ઉનાળામાં વસંત રૂતુમાં થએલી ઘેલછા વધે છે અને તે ઉપરથી કેરી જેમ હિંદોળે ચઢે છે તેમ હિંદોળે ચઢેલા–મગજના ભમેલા–ઘેલા–ભ્રમિત માણસને વિષે બોલતાં વપરાય છે. ઉનાળાની રૂતુમાં જ બોલાય છે એમ એથી સ્પષ્ટ સમજાય છે.

**કેશ કાપી લેવા**, છેતરી જવું.

૨. નુકસાન કરવું; ઓછું કરવું.

" એ તે શા મારા કેશ કાપી લેનારો હતો ? "

**કેશરીપાક જમાડવો**, માર મારવો; કુંદીપાક આપવો ( વાંકામાં. )

**કેસરિયાં કરવાં**, મરણિયાં થઈ યુદ્ધમાં જતી વેળા છેલ્લો કસુંબો પી લેવો. ( રજપુત લોકોમાં )

**કૈલાસ પધારવું**, ગુજરી જવું; ગત થવું; **કૈલાસવાસી** થવું પણ બોલાય છે.

**કોકડું ગુંચાવું**, કોકડું ગુંચાયું હોય ત્યારે તે ઉકેલવાની જેમ મુસ્કેલી પડે છે–ઉકેલવાની સૂઝ પડતી નથી તેવી જ રીતે કામ ગોટાળામાં પડવું; નિકાલ ન થાય ને ખોટી થઈ રહેવું પડે એવો ગુંચવેડો થવો; રસ્તો ન નીકળે–કામમાં સૂઝ ન પડે તેવી હાલતમાં કે સાંકડમાં આવી પડવું; ગોટાળો થવો.

" અરે ગુરૂજી ! અફસોસ, અફસોસ, સઘળું કોકડું ગુંચાયું છે, તે ભદ્રભટાદિ સુભટો વ્હાણું વાયું એ નહોતું તેવામાં અંધારામાં જ પલાયન કરી ગયા છે. "

મુદ્રારાક્ષસ.

**કોગળો કરવો**, કુકવો કરવો; કોઇને નામે રડવા જવું.

( મરણ પ્રસંગે રડયા પછી પાણીના કોગળાથી દીલાસો આપવાનો સંપ્રદાય છે તે ઉપરથી. )



Gandhi Heritage Portal

**કોચરાંની સાલ,** ( કોચરો+સાલ, **કુચર**= ધીમે ધીમે જવું ) એકાદું ચોક્કસ નહિ પણ ગમે તે જુના કાળનું કોઈ વરસ. કોચરાની સાલનું એટલે ઘણું જુનું—જુનું પુરાણું.

**કોટ કરવી,** બૈરાંએ એક બીજીની કોટે વળગી રડવું. **કોટે વળગવું** પણ બોલાય છે.

**કોટ કરવો,** ( પાનાંની રમતમાં. )

**કોટનું માદળિયું,** કોટનું માદળિયું જેમ છાતી પર ને છાતી પરજ રહે છે તેવું છાતીપર પ્રેમભેર રહેનારૂં. ઘણું જ વહાલું; ઘણીજ અમત્વનું અને પ્યારૂં.

**કોટડીમાં પૂરવું,** કેદ કરવું; બંધીવાન કરવું; કેદમાં નાખવું.

દામ અને કાકુ બંનેને લઈ સિપાઇઓએ પોતાના નાયકને સ્વાધીન કર્યા, અને નાયકે કાકુને કોટડીમાં પૂર્યો. ”

વનરાજ ચાવડો.

**કોટે કોડીઉં બાંધીને ફર,** ( મતલબ કે ) ભીખ માગી ખા.

**કોટે ઘાલવું,** પોતાને માથે આવેલું નુકસાન કે આળ બીજાને માથે જાય તેમ કરવું.

૨. પોતે કરવાનું કામ બીજાને સોંપવું ( જવાબદારીમાં. ) આ અર્થમાં **ગળે ઘાલવુ** પણ બોલાય છે.

૩. કોટે પહેરવું. ( ઘરેણું વગેરે. )

**કોટે બાંધવું,** વળગાડવું. ( વ્યસન, પાપ લફરૂં વગેરે દુઃખરૂપ એવું જે કંઈ તે. )

૨. પાલણપોષણ કે દેખરેખ કરવાને અર્થે કોઇનો હવાલો લેવો.

**કોઠું આપવું,** મોઢું બતાવવું—દેખાડવું; દરકાર રાખવી; પરવા–ગરજ રાખવી. ( કોઠું= મોઢું. )

૨. રજા આપવી; કાઢી મૂકવું; વિદાય કરવું; બરતરફ કરવું; નાલાયક કરી નોકરી–ચાકરીમાંથી દૂર કરવું. ( વાંકામાં )

૩. નકામું આપી દેવું. ‘ તને શું આપે કોઠું. ’

**કોઠો ધીકવો**—લાગવો, કાળજું અતિશય બળવું; અંતરની ગુપ્ત ચિંતાથી બળાપો થવો.

**કોઠાલાગી,** એટલે કોઠો જેનો લાગેલો છે એવી સ્ત્રી. ( પુરૂષમાં એ પ્રયોગ ભાગ્યે જ વપરાતો સાંભળવામાં આવે છે. )

**કોડિયા જેવું કપાળ,** ફુટલું નશીબ; કમનશીબ.

**કોઠી ખોદી કાઢવી,** એક વખત સંપ કર્યા પછી ફરીથી કજીઓ ઊભો કરવો. ( નીચ વર્ણમાં )

**કોઠી દાટવી,** ( હિંદુની નીચ જાતમાં લડાઈ ટંટો થયા પછી જ્યારે સંપ કરી કજીઓ પતાવવો હોય છે ત્યારે બંને પક્ષના લોકો ભેગા થઇને કુહાડીને લડાઇનું લક્ષણસુચક હથિયાર ગણી દાટે છે તે ઉપરથી ) કજીઓ માંડી વાળવો—પતાવવો; એક થઈ જવું; સંપ કરવો. ઘણું ખરૂં નીચ વર્ણમાંજ આ પ્રયોગ બોલાય છે.

**કોણી વિંઝવી,** આગેવાની કરી–આગળ પડી જોસભેર કામ કરવું.

“ જેઓ પારકે ઘેર કોણીઓ વીંઝતા હોય તેઓ પોતાને ઘેર જ્યારે અવસર આવે ત્યારે ખસી જાય એ શરમ ભરેલું કહેવાય. ”

પુસ્તકમાળા.

**કોથળી રૂપીઆ,** હજાર રૂપિયાનો સંકેત.

**કોથળે ઘાલવું,** બંધ રાખવું; ગુપ્ત રાખવું; ઠેકાણે કરી દેવું.

કોરે–બાજુએ મૂકવું.

“ તે વાત કોથળે ઘાલો. ”

**કોથળો કરવો,** કોથળામાં માલ નાખી

Gandhi Heritage Portal

ગામના મહોલ્લામાં કે આસપાસનાં ગામડાંમાં વેચી વેપાર કરવો ( અમુક પ્રકારની દુકાન સ્થાપીને નહિ. )

૨. કોથળામાં ઘાલવું; કેદ કરવું.

"શહેરમેં બરકમદારકું અનેક ઓટલા, ગુનેગારકું કરે કોથળા" એ કહેવત છે.

**કોપરાપાક આપવો,** માર મારવો ( વાંકામાં. )

**કોરૂં ભીનું કરવું,** નાના બાળકને ભીનામાંથી કોરામાં સુવાડી કોરામાંથી ભીનામાં પોતે સુઇ રહેવું. ( મા એ. )

**કોરે લૂગડે આવવું,** કલંક રહિત કે હાની ભોગવ્યા વિના આવવું.

'કરસનદાસ પણ કોરે લૂગડે ઘેર આવી શક્યા નહિ.'

સ્વદેશવત્સળ.

**કોરો મોરો કકડધજ,** ધન–માલ વિનાનો; દાંડ; ભભકા ભારી ને ખીસા ખાલી–પાસે કાંઈ હોય નહિ એવી સ્થિતિનો જે કોઈ તે.

૨. વેગળો; લાગતું વળગતું ન હોય એવો; સંબંધ વિનાનો; અલગ.

**કોહ્યા ધાન્ય જેવું,** અળખામણું; અપ્રિય; કંટાળા ભરેલું; કંટાળો ઉત્પન્ન કરે તેવું; અકારૂં; રદ કરવા જેવું; નમાલું.

"જુવાન જોઈ જોગી કહે મુખે,
તારૂં હમણાં નહિ કામ,
કોહ્યા ધાન્ય જેવો તું દિસે છે,
જા ભજ જઈ બેઠો રામ,
કાન નહિ આવેરે-
અમે ન જાયે ભાળ્યો"

ધીરોભક્ત.

**કોહી બાંહ્ય કાપી નાખવી,** જે મનથી ઉતરી ગયું હોય તે દૂર કરવું–વિસારે મૂકવું.

**કોળીઓ કરી જવો,**( લાક્ષણિક ) ઉચાપત કરવું; પચાવી પડવું; વગર હકે લઈ લેવું; ઓઇઆં કરી જવું.

"બીડું લઈ ભડ એમ બોલીઓ, પાંડવ પાંચનો કરૂં કોળીઓ."

કવિભાઉ.

**કૈવચની શય્યા,** કૈવચની શય્યામાં સુવાથી મનની જેવી અસ્વસ્થતા રહે તેવી અસ્વસ્થતા ઉપજાવનારૂં એવું જે કંઈ તે. શાંતિ અને સુખ ટાળનારૂં એવું જે ભય ભરેલું સ્થાન તેને વિષે બોલતાં વપરાય છે.

## ખ.

**ખયનો ખાટલો,** ( ખય–ક્ષય. ક્ષય રોગ એવો ભયંકર છે કે તે લાંબી મુદત સુધી મંદવાડ ભોગવવા છતાં પણ ભાગ્યેજ મટે છે તે ઉપરથી ) પૂરૂં થતાં ઘણો કાળ લાગે ને ઘણી માથાકૂટ કરવી પડે એવું કામ; મહેનત કરીએ ને કંટાળો ઉપજે એવું લાંબા વખત સુધી પહોંચનારૂં જબરૂં કામ.

**ખંખેરી નાંખવું,** ઉઘરું લેવું; ખુબ ધમકાવવું; જબરા ઠોક દેવા.

૨. માર મારીને હલકું કરવું. (લાક્ષણિક)

**ખટ્ટુ થઈ જવું,** ( દિલ–મન–જીવ ) ના ઉમેદ થવું; દિલગીર થવું; નિરાશ થવું; આશાભંગ થવું; ઉતરી જવું.

**ખડખડજોગ,** કંકાસ; કજીઓ; લડાઇ.

**ખડખડીઉં આપવું,** ( ખડખડતું એવું જે શ્રીફળ–નાળિએર તે આપવું તે ઉપરથી લાક્ષણિક અર્થે ) રજા આપવી; બરતરફ કરવું; શ્રીફળ આપવું; દૂર કરવું; નોકરીમાંથી રદ કરવું; કાઢી મેલવું. ( વાંકામાં વિદાય કરતી વખતે નાળિયેર આપવાનો રીવાજ છે તે ઉપરથી )

Gandhi Heritage Portal

"એ બંનેનાં કાર્ય હું એકલો કરીશ પણ એમને તો અત્યારે જ ખડખડતું આપો."

તપત્યાખ્યાન.

**ખડખડતું નાળિયેર આપવું** પણ બોલાય છે.

**ખડાખાસટ્ઠું**—ખાટકું, અણબનાવ.

(**षडाष्टके मरणं ध्रुवं.** જ્યોતિષમાં વર અથવા કન્યા એમની પરસ્પરની રાશી થકી પરસ્પરની રાશી છઠ્ઠે અને આઠે હોય તો તેને ખડાખાસટ્ઠું કહે છે;—

षष्टे स्त्री पुंसयोर्वैरं
मृत्युः स्यादष्टमे ध्रुवं
द्विद्वादशे च दारिद्र्यं
नवमे पंचमे कलिः ॥

શીઘ્રબોધ.

**ખડિયાખડખડ,** (ખડિયો+ખડખડ) સમૂળગો નાશ; તળિયા ઝાટક.

૨. ભાગી તૂટી ગયેલી હાલત. (ઘર, કિલ્લા વગેરેની).

૩. મોટી આફત; નુકસાન.

આ પ્રયોગ વિશેષણ રૂપે વપરાય છે.

**ખડીયા ભરવા,** (ખડિયા ભરીને ગામ જવા ઉપરથી લાક્ષણિક અર્થે) ઉપર ઉપરનો લઈ જવાય એવો સામાન લેઈ ઉપડી જવું; ઉઠાંતરી કરવી; જતા રહેવું; ઉચાળા ભરવા.

**ખડીયા પોટલાં બાંધવાં** પણ બોલાય છે.

**ખત ફાટવું,** ગુજરાતી લોકો દીકરીનો અવતાર પથરા જેવો ગણે છે; કારણ કે તેઓ તેને નકામી અને બોજારૂપ ગણે છે. આવી ખાસીયતથી બિનતજવીજે ઉછરેલી બિચારી છોકરી જો બાળપણમાં કદાચ પરણ્યા પહેલાં ગુજરી જાય તો તેનાં સગાંવહાલાંઓ તેના માબાપનો જે કાંઈ જેવો તેવો શોક જણાતો હોય તે શમાવવા 'અરે! એ તો પાંચસે હજારનું ખત ફાટ્યું; છોકરીમાં ઝાઝું રોવું શું?' એમ કહે છે. મતલબ કે તેને પરણાવવામાં જે ખર્ચ હતો તે બચ્યો. ! !

**ખતરવટ થઇને લાગવું,** પછવાડે લાગવું; કેડો લેવો. (આગ્રહથી)

૨. ચાનક રાખવી; કાળજી રાખવી; આગ્રહપૂર્વક પાછળ મંડવું.

૩. ભૂલ ખોળ્યાં કરવી; ખણખોજ કરવી.

"પેલી કુમુદડી રાંડ મારી પાછળ ખતરવટ થઇને લાગી છે."

સરસ્વતીચંદ્ર.

**ખતરો મટાડવો,** (શંકા મટાડવી તે ઉપરથી) ઝાડે ફરવા જવું.

**ખંતે પડવું,** પછવાડે લાગવું; કાયર કરવું; સંતાપવું; પાછળ પડી કનડવું.

૨. ચાનક રાખવી; આગ્રહપૂર્વક મંડવુ. (કોઈ કામની પાછળ).

૩. ભૂલ ખોળ્યાં કરવી; ખણખોજ કરવી; ખંતથી કોઈના દોષ કાઢ્યાં કરવા; નિંદા કરવી.

**ખપ્પરમાં લેવું,** ખાઈ જવું; કરડી ખાવું; ચૂસી લેવું.

૨. મારી નાખવા, નુકસાન કરવાના હેતુથી પોતાના કબજામાં લેવું; નુકસાન કરવાની ખાતર પોતાની દોટમાં લેવું.

'મેં હવે લીધો છે એને ખપ્પરમાં.'

**ખપી જવું,** નાશ પામવું; મરી જવું; ભોગ થઈ પડવું. **દેવીના ખપ્પરમાં આવવું** એટલે દેવીના ભોગ થઈ પડવું.

"એક ફરશિએ ફરશુરામે,
શૂર ક્ષત્રિ ચકચૂર કર્યા;
રહ્યો ન યોદ્ધો એક જીવતો,
ખપ્પરમાં સૌ ખપી ગયા."

પાણિપત.

**ખબર લેવી,** માર મારવા–નુકસાન કરવાની

Gandhi Heritage Portal

તજવીજમાં રહેવું. આ અર્થમાં **ખબર લઈ નાખવી** પણ બોલાય છે. "રે દુષ્ટો, છોડી દો મને, નહિ તો એક એકની ખબર લઈ નાખીશ."

બ્રહ્મરાક્ષસ.

"તને લાડ લડાવ્યો, લાળ્યો પાળ્યો, તેનો ઉપકાર તેં આવીજ રીતે વાળ્યો ને! કશી ચિંતા નહિ. તારી તથા પેલા દુષ્ટ ડોકરા અબ્દુલ્લાની હું હવે સારી રીતે ખબર લઉં છું."

અરેબિયનનાઈટ્સ.

૨. સંભાળ રાખવી; ચોકશી રાખવી.

૩. કોઇને વિષે પૂછવું; સમાચાર જાણવા. (**ખબર આપવી-કાઢવી-રાખવી-કરવી** વગેરે પ્રયોગ થાય છે.)

**ખભાપર માથું હોવું,** માથે જોખમ-ભાર ટકાવી રાખવાની શક્તિ હોવી.

"આવા ભય અને ગભરાટના વખતમાં ઘણાં માણસો ભોગ થઈ પડ્યા હોત પણ આગેવાનના ખભાપર માથું હતું તેથી ઘણો બચાવ થયો."

"ખભાપર માથું હોય તો આવી જા સામો."

**ખભે હાથ મૂકવા,** સોગન ખાવા.

**ખભો ચઢાવવો,** ના કહેવી. (સંકેતમાં)

**ખંભાતી તાળાં દેવાવાં,** નિર્વંશ જવો; વંશમાં કોઈ પાછળ ન રહેવું. (ખંભાતી તાળાં બહુ મોટાં, મજબૂત અને ઝટ ઉઘડે નહિ એવાં હોયછે તે ઉપરથી.)

**ખમતખામણું કરવું;** ક્ષમા માગવી. (જૈન લોકમાં)

**ખમતી આસામી,** કોઈ જાતનો બોજો અથવા નુકસાન આવી પડે તો ખમી શકે એવો માણસ; સદ્ધર આસામી.

**ખમાસણું કરવું,** શ્રાવકોમાં વહુ, સાસુને બેસતા વરસને દહાડે ખમાવીને-ક્ષમા માગીને કેટલાક રૂપિયા આપે છે તેને ખમાસણું કર્યું કહે છે.

**ખરખરે જવું,** રડવા જવું; શોક કરવા જવું. (મરી ગયેલાંનો) **ખરખરો કરવા જવું** પણ બોલાય છે.

**ખરચખાવાં,** નાતવરા બહુ કરવા.

**ખરચપાણી કરવાં,** મરી ગયાંની પાછળ તેનો દહાડો કરવો; દહાડોપાણી કરવાં.

"છોકરા છે તે ડોસાને અજવાળશે ને પાછળ સારૂં ખરચપાણી કરશે."

સ્ત્રી સંભાષણ.

**ખરચી ખાવું,** નાણું વાપરી ખાવું-દેવું.

૨. વટાવીને ખાવું.

**ખરચીપાણી કરવાં,** ઉડાવી દેવું; ધણીને ન આપવું અથવા તેને ખબર ન પડે તેમ ખાઇ જવું; વાપરી નાખવું; ખરચીને પૈસા કે ધનમાલનું પાણી કરવું.

**ખરચીપાણી ખુટવાં,** પૈસા ટકા ઘટીજવા; ઉડાવવાનું સાહિત્ય પાસે ન રહેવું; ખરચ કરવાની કાંઇ સવડ ન હોવી.

**ખરચું જવું,** ઝાડે ફરવા જવું; દિશાએ જવું; કળશીએ જવું; લોટે જવું.

**ખરતા તારા દેખાડવા** (ધોળે દહાડે), ખરતા તારાના જેવી દશા કરવી; મરણતોલ કરવું; ઠાર કરવું.

"જો તે દુષ્ટ સ્ત્રીએ તારો ઘાટ ઘડવાનું મનમાં આણ્યું તો તરત હું તેણીને ધોળે દહાડે ખરતા તારા દેખડાવ્યા વિના રહીશ નહિ."

અરેબિયનનાઈટ્સ.

**ખરા કરવા,** મંદવાડમાંથી બેઠા થવું, (માણસે;) સાજા થઇ અસલની સારી સ્થિતિએ આવવું;

"બિમાર ખરા કરવાનો નથી એવું જાણ્યા પછી ઘણુંકરીને તેને ઓસડ મળતું નથી."

માસિક સારસંગ્રહ.

Gandhi Heritage Portal

૨. સલામત રહેવું.

"સઢો કયાં કયાં ઉડી ગયા દૂર, ફડફડ થઈ ચીંથરાં; છૂટયો ભારી ભૂંડો વંટોળ, કરે જન કયમ ખરા."

નર્મકવિતા.

**ખરૂં કરવું** એટલે મોઢે–પાડે–તૈયાર કરવું.

**ખરા પરસેવાનું,** ખરી મહેનતથી પેદા કરેલું; મુશ્કેલીએ પ્રાપ્ત કરેલું.

"ખરા પરસેવાનો પૈસો ખરચવા જીવ ચાલતો નથી પણ નજીવી મહેનતે મેળવેલો લાભ વાપરતાં કૃપણ માણસનું પણ મોટું મન થાય છે."

કુંવારી કન્યા.

**ખરા બપોર,** પૂર્ણ આબાદી; ચઢતીનો સમય. **મધ્યાન્હના સૂર્ય** પણ બોલાય છે.

"ભાઈ એના તો હાલમાં ખરા બપોર ચાલે છે."

**ખરાબ કરવું,** બગાડવું; અનીતિમાન કરવું; નઠારૂં કરવું; વહી જવા દેવું.

૨. નુકસાન કરવું; દુઃખ દેવું.

૩. પાયમાલ કરવું; નાશ કરવો; પડતી હાલમાં આણી મૂકવું.

૪. (પૈસા) ખોટે રસ્તે વાપરવા–ખર્ચ કરવો.

**ખરાબીનો ખાટલો,** ઘણીજ ખરાબી.

**ખરાબે પડવું,** (વહાણ ખરાબે અથડાઇ હતું ન હતું થાયછે તે ઉપરથી લાક્ષણિક અર્થે) મિથ્યા જવું; બરબાદ જવું; ખરાબે પડયું હોય એમ ભાગી તૂટી હાલત પર આવી જવું.

"જો જો, તું આટલી ડાહી છું તે ધૂળમાં જાય નહિ; આટલો પરિશ્રમ કરી વિદ્યા આણી છે તે નિરર્થક થાય નહિ, અને તારી પવિત્ર સંસ્કૃત વિદ્યા, ખરાબે પડી ગણાય નહિ."

સરસ્વતીચંદ્ર.

**ખરૂં લોઢું,** (ખરૂં લોઢું–ગજવેલ જ્યારે સરાણે ચઢેછે ત્યારે તેમાંથી અગ્નિ ઝરે છે પણ બોળું લોઢું સરાણે ચઢતાં તેમાંથી એક તણખો પણ ઝરતો નથી, તેમ રણમાં ઝાઝું પરાક્રમ દર્શાવી શકે અને દુશ્મનનું અપમાન સહન ન કરી શકે એવા વીર પુરૂષને વિષે બોલતાં એ વપરાય છે.

૨. ખરા લોઢાના જેવું ગરમ મિજાજનું; સત્ય નિષ્ઠા વાળું; તીખા સ્વભાવનું; પોલાદના જેવું તીખું; જેનાથી અપમાન નિંદા સહન ન થાય તે.

**ખસતું કરવું,** દૂર કરવું; કાઢી મેલવું; રજા આપવી; જાય એમ કરવું; જતું કરવું.

૨. ડાચું કરવું; અળખામણું કરવું.

**ખાંજરે નાખી મૂકવું,** એક ખૂણે દરકાર વિનાતું રાખી મૂકવું; જ્યાં હાથ વારેઘડીએ ન જાય તેવે ઠેકાણે બેદરકારીથી મૂકવું. 'તેણે તે કામ ખાંજરે નાખી મૂકયું છે.'

"સત્યભામા–(સજળ નેત્ર) જાઓછો કયાં? આ જીવ લેઈ જવું હોય તો કરારે જાઓ; જો આમ કરવું હતું તો મને શા કાજે ખાંજરે નાખી?"

સત્યભામાખ્યાન.

**ખાંજરે પડવું,** ખૂણે પડી રહેવું; ગુપ્ત રહેવું; દરકાર વિનાની સ્થિતિમાં રહેવું; કોઈની બેદરકારીને લીધે અજવાળામાં ન આવવું.

"હવે તો આ શૈલ પડી ખાંજરે."

દિલ્હિપર હલ્લો.

**ખાંડ ખા,** 'જા, જા ખાંડ ખા' એટલે તું કહે છે તેમ નથી અગર મને દરકાર નથી.

**ખાંડ ભરવી** (મોંમાં), મીઠું મીઠું બોલવું; ગોળે વીંટાળીને વાત કરવી.

**ખાંડનું નાળિયેર,** જેમાંથી કોઈ પણ ભાગ કાઢી નાખવા જેવો ન હોય તેવી વસ્તુ–વાત;

**ખાંધ આવવી,** પાડા, બળદ વગેરે ગાડાએ

Gandhi Heritage Portal

જોડયાથી તેની ખાંધપરની ચામડી ઘસાઈ ઘસાઇને પાકી જવી.

**ખાંધ દેવી,** મડદાને લઈ જવાના સંબંધમાં વપરાય છે.

**ખા લાડવો,** (લાક્ષણિક) લે ફાયદો; કાઢ કાંદો.

"અમે દયા આણી તેનું આ ફળ. રાંડ દયા ડાકણી છે. મેં રાંડને કહ્યું હતું કે એવા તો હજારો આવશે; લે, ખા હવે લાડવો."

અર્ધગસેન.

**ખાઈ પીને મંડવું,** ખંતથી મંડયા રહેવું; મચ્યા રહેવું.

૨. ચાનક કે કાળજી રાખવી.

૩. ભૂલ ખોળ્યાં કરવી; ખંતથી કોઈના દોષ કાઢયાં કરવા;

"શાહજાદા પ્રિન્સ ઓફ વેલ્સને છબી પાડવાનો હુન્નર શીખવાનો શોખ થયો છે, તેથી તે કામ પછવાડે ખાઈ પીને મંડયોછે."

ગુજરાતી.

"એકવાર પુનર્વિવાહનો ચાલ ચલાવવાને આતુર થઈ જઈ તે અર્થે ઉદ્યોગ કરતા હતા અને એક વાર આપણે વલ્લભમતને તોડી પાડવાને ખાઈ પીને મંડ્યા હતા."

નર્મગદ્ય.

**ખાઈ જવું,** ન લેખવવું; દરકાર ના રાખવી.

૨. દીઠું ન દીઠું કે સાંભળ્યું ન સાંભળ્યું કરવું.

૩. સહન ન કરવું.

૪. હક વગર છુપી રીતે કોઇની પાસેથી લેવું; લાંચ લેવી.

સોંપેલા માલ કે નાણાંની ચોરી કરવી; ઉચાપત કરવું.

૫. અધવચ કેટલુંક મૂકી દઇ, ક્રિયા શરૂ કરવી (બોલવાની.) 'એ વાંચવામાં કેટલાક શબ્દો ખાઈ ગયો.'

૬. કમાઇ જવું.

**ખાઈ પી લેવું**–ઉતરવું, ભોગવવું; ઉપભોગ કરવો; સંસારની મોજ મઝા માણી લેવી. સુખવિલાસ અનુભવી લેવાં; ઘરડા થવું.

"ગોવિંદરાયના મનમાં તર્ક ઉઠતા કે પ્રધાનવટું તો જશે નહિ! જશે તોયે શું? હવે ખાઇ પી ઉતર્યા છિયે."

જુ. જુની વાર્તા.

**ખાઈ બગાડવું,** ખાઇને ખોદવું; નિમકહરામ થવું; જેનું ખાધું હોય તેનુંજ નુકસાન કરવું.

૨. ન પચવાથી ઝાડો થવો.

૩. ખાધાથી જે શકિત આવવી જોઇએ તે ન આવવી.

**ખાઈને ખોરૂં કરવું,** લુણહરામ થવું.

"ખાઇને ખોરૂં કીધું એમ મનુષ્યે કદી ના કહેવડાવવું."

માસિક સારસંગ્રહ.

**ખાઇને ખોદવું,** જેનું અન્ન ખાધું હોય તેનેજ અપકાર કરવો; લુણહરામ થવું; કૃતઘ્ન થવું; નગણું થવું; ઉપકારના બદલામાં અપકાર કરવો.

કુરૂક્ષેત્ર થઇ કુરૂસાથનો, ઘાણ કઢાવ્યો તેં હાથે, દોષ ધરે તું પર કો માણસ ખાઇ ખોદિયું એ માટે."

પાણિપત.

**ખાઈને ઝખ મારવી,** ખાધા પછી તરત કંટાળા ભરેલું જે કામ કરવું પડે તે. (વાસણ અજવાળવાં; એઠવાડો કાઢવો વગેરે.)

૨. ઉપભોગ કરી પસ્તાવું.

**ખાખરની ખીસોડી,** ખાખરના ઝાડમાં રહેનારી ખીસોડી માત્ર તેજ ઝાડને ઓળખ્યાં કરે છે તેમ જે માણસે બીજા પ્રકારનું સુખ જોયું કે અનુભવ્યું ન હોય અને એક જ જાતનો અનુભવ લયાં કરતું હોય તેને વિષે બોલતાં વપરાય છે; ખાખરની ખીસોડીની પેઠે એકજ જાતનો અનુભવ લયાં કરનાર.

"ખાખરની ખીસોડી અંગદ, સ્વાદ શું જાણે સાકરનો."

અંગદવિષ્ટિ.

Gandhi Heritage Portal

**ખાખી બંગાળી,** પાસે ફુટી બદામ ન હોય ને લાલાજી થઈ ફરે તે; ફાંકડા થઈ ફરનાર. ફક્કડ; ઘરમાં જોઈએ તો હાલ્લાં કુસ્તી કરે ને બહાર લાલજી મનિયાર થઈ ફરે તે; ઢાંડ; પાસે કાંઇ હોય નહિ અને ખાલી ભપકો મારે તે; માલમતા ઉડાવી દીધી હોયતેવું.

**ખાખી બાવો,** પાસે કંઇજ ન હોય એવો પુરૂષ; માલમતા ઉડાવી દીધી હોય તેવું.

૩. ચીઢાઇ જાય એવો તમોગુણી પુરૂષ. (ખાખીની પેઠે)

**ખાટલી જવી,** ખાટલી જવા જેવી દશા થવી; મરીજવું. 'હતતારીખાટલી જાય' એટલે તું મરી જાય એમ બદદુવા દેવામાં બોલાય છે;

**ખાટલે પડવું,** ખાટલો ભોગવવો; મંદવાડ આવવાથી પથારીવશ થવું.

"ઘા વાગે ને ખાટલે પડીએ ત્યારે કોણ શીરો ખવડાવનાર છે?"

વનરાજ ચાવડો.

"તે ઘરડી અશક્ત થઈ ખાટલે પડે ત્યારે રાંડેલી છોકરી તેની ચાકરી કરવામાં લાખ રૂપીઆની થઇ પડે છે."

કરણઘેલો.

**ખાટલો આવવો,** ( સુવાવડનો.)

**ખાટલો ઉપરો થવો,** (ઘરમાં) ઘરમાંથી મંદવાડ જવો-ખસવો. 'દૈવ જાણે એ માસથી શુ થયું છે કે મારા ઘરમાંથી ખાટલો ઉપરો થતો જ નથી.'

**ખાટલો ભોગવવો,** મંદવાડ સેવવો; આજારથી પથારી સેવવી; પથારીવશ થવું.

"કદી અવસ્થાને લીધે ખાટલો સેવવાનો વખત આવ્યો હોત ને સાંજ પડે એ આના ન લાવતો હોત તો તું મારી શી બરદાશ કરત?"

કુંવારી કન્યા.

**ખાટલો હોવો,** (મંદવાડ કે સુવાવડનો.)

'મારે ત્યાં ખાટલોછે' એમ કહેવાય છે.

**ખાટું ખારૂં ચાખવું,** સુખ દુઃખનો અનુભવ લેવો; સંસારમાં રહીને ચઢતી પડતી અનુભવવી; તડકોછાંયો જોવો.

**ખાટું થઈ જવું,** (દિલ) નિરાશ થવું; નાઉમેદ થવું; કચવાવું; દિલગીર થવું; આશાભંગ થવું.

**ખાટું મોળું થઈ જવું,** બગડી જવું; ખરાબ થવું; નુકસાન થવું; ઉપયોગમાં ન આવે એવું થવું. (કંઈ વસ્તુ ઉતરી જાય છે ત્યારે ખાધાના કામમાંથી રદ થાય છે તે ઉપરથી.)

"આવીએ છીએ! શું ખાટું મોળું થઈ જાય છે તે; અમારૂં કહેવું તો કાનેય કોણ ધરે છે?"

પાંચાળીપ્રસન્નાખ્યાન.

૨. તપી જવું; ચઢી જવું; ઉતરી પડવું.

"આટલા બધા ખાટા મોળા કોના ઉપર થાઓ છો?"

સત્યભામાખ્યાન.

**ખાડામાં ઉતારવું-નાખવું,** ખાડામાં નાખ્યું હોય એવી દુર્દશા કરવી--નુકસાન કરવું.

"જ્યાં ત્યાં સમજતા છોકરા કહે છે કે અમને નાનપણમાં પરણાવીને માબાપે ખાડામાં નાખ્યા છે."

"આવી રીતે પઠાણને દશ પંદર હજારના ખાડામાં ઉતાર્યો જોઈ, વાણિયાએ તે સંબંધી વાતચીત બંધ કરી."

કૌતુકમાળા.

**ખાડો પડવો,** (ત્રિજોરીમાં) તળિયું દેખાવું.

૨. તૂટ-તંગી પડવી.

"તેમની રૈયતની કંગાલિયતને લીધે તેમની આવકમાં ઊંડા ખાડા પડ્યા છે."

દે. કા. ઉત્તેજન.

**ખાણું ખરાબ થવું,** ખાવે પીવે હેરાન થવું; પેટનું પુરૂં કરવાના સાંસા પડવા.

૨. રોજી તૂટવી; જે ધંધો-રોજગાર

Gandhi Heritage Portal

કે કામ ઉપર ગુજરાન ચાલતું હોય તે અટકવું; આજીવિકા બંધ થવી.

**ખાધેલું કુતરાને નાખ્યું,** જુઓ કુતરાને નાખવું.

**ખાપરો કોઢીઓ,** ઘડીમાં લઢે અને ઘડીમાં એક થાય એવા જે બે તેમાંનો એક જણ.

૨. સરખે સરખા હરિફોમાંનો એકેક.

૩. એક બીજાની સાંસણીથી નઠારૂં કામ કરનારામાંનો જે એકેક તે.

**ખાયણિયામાં ઘાલીને ખાંડવું,** બહાર ન દેખાય–કોઈ ન જાણે એમ ખૂબ સંતાપવું; કબજામાં લઇને અતિશય દુઃખ દેવું; કનડવું.

**ખાયણિયામાં માથું મૂકીને સુવું,** સાવચેત ન રહીએ તો ખંડાઈ જવાય એવી ભયંકર–જોખમ ભરેલી સ્થિતિમાં રહેવું.

"ખાયણિયામાં માથું મૂકી સુવાની નજર પહોંચતી હોય તોજ આ ઠગ જેવા રાજમાં રહેજો."

પ્રતાપનાટક.

**ખારિયાં થવાં,** ભૂખે મરવું; ભૂખ્યાં રહેવું. 'આજ તો મારે ખારિયાં થયાં.' આ પ્રયોગ બહુ વચનમાંજ વપરાય છે.

**ખાલી હાથે જવું,** મરી જવું; પુણ્યનો સંચય કીધા વિના જેવા જન્મ્યા હતા તેવા મરી જવું.

"સંચરતા હાથી ઘોડા,
હજારો જેની સાથે;
તે હીંડ્યા ખાલી હાથે રે;
જાગીને જોને."

બોધચિંતામણિ.

૨. પૈસો લીધા વગર કે પાસે રાખ્યા સિવાય જવું.

"આટલે વર્ષે આમ ખાલી હાથે ગયા કરતાં તો ન જવું એજ ઠીક છે;–વિઘારામ શું પોતાની પૂંજીનો અર્ધો ભાગ મને આપનાર છે?"

મુદ્રારાક્ષસ.

**ખાવા ધાવું,** બિહામણું લાગવું; ભયંકર–ડરામણું લાગવું; ભય ઉપજાવવો.

૨. ચીઢીઆં કરવાં; ખીવડાવવું; ઘુરકવું; ગુસ્સે થવું.

"એ કિશોરી શીખામણ આપનારને ખાવા ધાતી. અને ભમર ચઢાવી હોઠ વડે પોકાર કરી, મ્હોં મરડી કહેતી કે વારૂ, વારૂ, જોયા એ લોક!"

સરસ્વતીચંદ્ર.

"અરે આ ઉજડખંખ વાડી કેવી ખાવા ધાય છે!"

મુદ્રારાક્ષસ.

"નદિ દરિયો મેદાનને,
છે ગંભીર આકાશ;
દશ દિશ ખાવા ધાય છે,
શોકબીકનો વાસ.

કવિ નર્મદ.

"તે કૃત્ય તેને રાત દહાડો ખાવા ધાતું હશે અને તેથીજ તેણીનો અંત આવ્યો તેમાં કશો સંશય નહિ."

અરેબિયનનાઈટ્સ.

**ખાવા પીવાનો દહાડો,** આનંદનો–સુખ ભોગવવાનો દિવસ.

૨. આબાદીનો દિવસ.

**ખાવા લેવા ( રૂપીઆ, )** શિરસ્તા કરતાં વધારે લેવા. ( કન્યા પરણાવવા. )

**ખાસડાંખાઉ,** ખાસડાં ખાય એવો નીચ માણસ.

**ખાસડાં ખાવાં,** ખત્તા ખાવા; પસ્તાવો પામવો ( નુકસાન થયેથી; ) ઠોકરો ખાવી.

"આબાદીમાં જેણે સભ્યતા રાખેલી તેની અવદશામાં એ શોભા રહે છે, ને જે મગરૂરી કરે છે તે ખાસડાં ખાય છે."

વનરાજ ચાવડો.

"ઈશ્વરની ઇચ્છા આગળથી,
છળથી કેમ છુટાશે,



Gandhi Heritage Portal

ઘર ભુડયાનું સુણી ઘર આવે,
ખૂબ ખાસડાં ખાશેરે "
વેનચરિત્ર.

**ખાસડાંબાજી ખેલવી,** મશ્કરીમાં અથવા ગુસ્સામાં એક બીજાપર ખાસડાં મારવાં.
૨. હોળીમાં એક બીજાપર ખાસડાં ફેંકવાં.

**ખાસડાં મારવાં,** ઠોક દેવા; ઠપકો દઈ શરમીંદુ કરવું; ડામ દેવા; કઠણ વચન કહેવાં; ધમકાવવું; ધમધમાવવું.

**ખાસડારાત,** હું કંઈ જાણતો નથી તેમ જાણવાની દરકાર નથી એ અર્થમાં બેદરકારીનો જવાબ દેતાં વપરાય છે.
"અહીં કયા ખાસડા રાતને કહી બતાવે છે. પડોને તું ને તારો છોકરો બેય કૂવામાં !"

**ખાસડાને તોલ,** ( ખાસડાના તોલનું-બરોબરીનું ) હલકું; વિસાત વિનાનું; પાજી; નીચ; દમ કે માલ વિનાનું.
" નથી તમારા બાપનું રાજરે,
મારી મામાને કર્યું કાજરે;
તમે ઉપાનને સમાનરે,
બોલ્યો દુર્યોધન રાજનરે."
લક્ષ્મણાહરણ.

**ખાસડે દાળ વહેંચવી,** ખાસડાં વડે લડવું.

**ખાસડે મારી,** દીસતું રહ્યું, ધર્યું રહ્યું; એ અર્થમાં બેદરકારીનો જવાબ આપતાં બોલવામાં આવે છે.
'મરી ગઇ તો ખાસડે મારી, પણ ડાકણ એ ઝોડને વળગાડતી ગઇ."
મણિ અને મોહન.
'**ખાસડાને તળીએ મારી**' પણ વપરાય છે.

**ખાસાનું બીડું,** મહારાજને માટે ખાસ બનાવેલું ચોખ્ખું બીડું ( મંદિરમાં. ]

**ખાસું દીવા જેવું,** ચોખ્ખું ચટ; તરત સમજાય એવું; પરંતું વાંકામાં સાફ, કશું મળે નહિ-હાથ ન લાગે એવું.

**ખાળે જવું,** પિશાબ કરવા જવું, સ્ત્રીઓ આ પ્રયોગ વાપરે છે.—( લાક્ષણિક )

**ખાળે બેસવું,** પિશાબ કરવા,—ઝાડે ફરવા બેસવું. ( માંદા માણસે. )

**ખીંટીએ પોતીઉં,** કંઈ જોખમ, ઉચ્ચાટ વગરની જે સ્થિતિ તે; નિરાંત; મનની અણખત-ગભરાટ-અકળામણ કે ચિંતા વિનાની જે હાલત તે.

**ખીંટીએ મૂકવું,** ઊંચું મેલવું; દૂર રાખવું; વિસારે મૂકવું; ઠેકાણે કરવું.

**ખીચડો કરી નાખવો,** ભેળસેળ કરી નાખવું ( લાક્ષણિક. )

**ખીલાને જોરે કૂદવું,** જેમ ઢોર ખીલાને જોરે કૂદે છે તેમ કોઈ મોટા-સત્તાવાળા-પક્ષવાળા માણસને આધારે બકરકૂંદીઓ કરવી-મહાલવું.

**ખીલી ખટકો,** અડચણ; નડતર; આડ; વિઘ્ન; હરકત.
"દીકરી, બાવરી શા માટે બને છે ! હજી સુધી ખીલી ખટકો થયો નથી. મેં એવો ઘાટ ઉતાર્યો છે કે કોઇનો વાળ પણ વાંકો થાય નહિ."
શે. કથાસમાજ.
૨. કૂડકપટ.
૩. વહેમ.

**ખીલી ઠોકવી,** વચમાં અડચણ નાખી ચાલતું કામ અટકાવવું; વિઘ્ન આણી મૂકવું;
૨. મુકામ નાખવો; પાયો નાખવો.

**ખીલો મજબૂત છે,** આધાર સબળ છે; વગ મોટી છે; આશ્રયદાતા જબરો છે.

**ખીસામાં ઘાલવું,** ન લેખવવું; ન ગણકારવું; હિસાબમાં ન લેવું; ન ગણવું; ખીસામાં ઘાલવા જેવું તુચ્છ ગણવું.
" આ સદાશિવ જાતે આવે ક્ની તો એને તો ખીસામાં ઘાલું અને તેને મારા ઘરમાં રાજબાની સાથે રાખું."
સરસ્વતીચંદ્ર.

Gandhi Heritage Portal

**ખીસું ભરવું,** પારકું નાણું વગર હકે પોતાના ઉપયોગમાં લેવું; અપ્રમાણિકપણે કોઈની પાસેથી લાલચ બતાવી નાણાં કઢાવવાં; લાંચ લેવી.

૨. સ્વાર્થની ખાતર કોઇને વગર હકનાં નાણાં આપવાં.

**ખીસાં તર કરવાં** એટલે પૈસે ટકે તાજા થવું.

**ખુંટો ઘાલવો,** પગ પેસાડવો; દાખલ થવું; જતું આવતું થવું.

૨. પાયો નાખવો.

**ખુંટો જબરો છે,** આધાર સબળ છે.

**ખુંટો ઠોકવો,** એક ને એક ઠેકાણે લાંબા વખત સુધી ઠરી રહેવું-થોભવું.

૨. નિશ્ચય કરવો; તોડ આપવો; નિકાલ પર આવવું.

૩ પાયો નાખવો; શરૂઆત કરવી.

**ખુંટો ઢીલો થવો,** મગરૂરી ઓછી થવી; અશક્ત થવું ( આધાર નબળો થવાથી. )

**ખુલ્લે ચોકે,** ઉઘાડે છોગે; જાહેર રીતે.

**ખૂણામાં નાખવું,** ગુણ પ્રકાશ ન થાય એવી જગોએ આણી મૂકવું.

**ખૂણે પડી રહેવું,** અંધારામાં રહેવું; ગુણપ્રકાશ ન થાય એવી સ્થિતિમાં રહેવું.

**ખૂણે હોવું,** શોકમાં ઘરમાં ઘલાઈ રહેવું. ( વિધવાએ )

**ખૂણો પાળવો,** રાંડેલી સ્ત્રીએ ઘરમાં ઘલાઈ રહેવાના રિવાજને અનુસરવું.

**ખેનનો ખાટલો,** મોટી અડચણ; મુશ્કેલી.

**ખેરસલ્લા કરવા,** ઉડાવી દેવું; ખોઈ નાખવું; વાપરી નાખવું. ( ખેરસલ્લા એટલે સુખ શાંતિ ભોગવવી તે ઉપરથી )

**ખેસ કાપી લેવા,** જુઓ કેશ કાપી લેવા.

**ખેસ ખંખેરવા,** કાંઈ જોખમ કે જવાબદારીમાંથી છૂટા થવું.

**ખેસે વળગવું,** પાલવે પડવું; આશ્રયે રહેવું.

૨. ન છૂટે એવું કોઈ લફરૂં વળગવું.

"એના નિશ્ચય થકી નર તરિયાં કંઈ
થઈ ગયા સંતમહંત,
એણે ન ઉરમાં જેહ આણ્યા તે,
ભૂમિમાં હજી ભમંત, લક્ષ ચોરાશીરે,
ખાંતે વળગી ખેસે, "—કોઈનું.

ધીરોભક્ત.

૨. પાછળ લાગવું; કેડો લેવો; આગ્રહથી માગવું; કાયર કરવું.

**ખેડ વાળવી,** ખેતરમાં અનાજને પાણી પાવું.

**ખેડીઆ ગવાર** એ જાતના ગવાર પાણીમાં ઝટ ઓગળતા નથી તે ઉપરથી સમજાવ્યો પણ ન સમજે એવા મૂર્ખ,-જડસાને વિષે બોલતાં વપરાય છે.

**ખોખરૂં કરવું,** માર મારી હલકું કરવું.

**ખોખરૂં નાળિયેર,** ખોખરા નાળિયેરના જેવું ફાયદા વિનાનું-ઉપયોગ વિનાનું જે કામ તે. ( કામ-વસ્તુ-વિચાર. )

**ખોટાં હાડકાંનું,** આળસુ; મહેનત કરવે કંટાળો ખાય એવું; કામમાં મદદ ન કરે એવું.

**આખાં હાડકાંનું** પણ બોલાય છે.

**ખોટા થવા,** ( પૈસા, ) ડુલવા.

**ખોટું કાટલું,** ખરા ન કરે-મંદવાડમાંથી બેઠો ન થાય એવા માણસને વિષે બોલતાં વપરાય છે **ખોટો રૂપિયો** પણ બોલાયછે.

**ખોટું નીકળવું,** બેવફા થવું; બેવચની નીવડવું; બેઈમાન થવું; કૃતઘ્ની—અપકારી થવું.

'આખરે એ માશુક ખોટી નીકળી.'

**ખોટો રૂપિયો,** મંદવાડમાંથી બેઠું ન થાય-ખરા ન કરે તેવું માણસ. ખરો રૂપિયો જેમ બજારમાં ચાલતો-નભતો નથી તેમ સંસારમાં નકામો થઈ પડનાર-આખરસાલપર આવી ગયેલા માણસની આશા મૂકતાં એ બોલવામાં આવેછે.

Gandhi Heritage Portal

**ખોડો કાઢી નાખવો,** જડમૂળથી ઉખેડી નાખવું; નાશ કરવું; ખોડારૂપ નડતું એવું જે કંઈ તેનો નાશ કરવો.

"ખોડો જયમ ક્ષત્રિનો કાઢી, શ્રાદ્ધ સાધ્યું તું પણિપતે,
મારી કાઢવા તેમ મુસલ્લા, બ્રહ્મ લગાવ્યા એવિ લતે.

પાણિપત.

"પાડે પાડા લઢે ને ઝાડોનો ખોડો કાઢે એ કહેવત છે."

૨. ધમકાવવું; ધુમાડા કાઢી નાખવા.
૩. સંહાર કરવો.
(માણસ કે ઢોરનો.)

'મુંબાઈની મરકીએ હજારો માણસોનો ખોડો કાઢી નાખ્યો.'

**ખોડો નીકળી જવો,** નાશ થવો; સંહાર થવો;

"ઘાસ ચારાની તંગીથી ઢોરમાં ભૂખમરો ને મરકી ચાલી તેથી તેમનો ખોડો નીકળી ગયો."

(એ બેહેનો)

**ખોપરીમાં પવન ભરાવો,** મિજાજ વધી જવો; શિરજોરી કરવી; તબિયત આકરી થવી; ગર્વિષ્ટ થવું; ફાટી જવું; છાકી જવું.

**ખોળિયામાં જીવ આવવો,** એકાએક ગભરાઈ જવાથી અથવા ફાળ પડવાથી જીવ ઉડી ગયો હોય તે પાછો હેઠે બેસે અથવા નિવૃત્તિ થાય ત્યારે ખોળિયામાં જીવ આવ્યો એમ કહેવાય છે તે ઉપરથી નિવૃત્તિ થવી; જીવમાં જીવ આવવો; નિરાંત વળવી; જીવ હેઠે બેસવો; ચેન વળવું.

"જીવ વોણાં ખોળિયાં તે, ખીજી ખીજી ઘેર ગઈ; રાહી રાધા ચંદ્રભાગા ત્યાંની ત્યાં બેશી રહી.

દાણલીલા—નરસિંહ મહેતા.

"તેના મુખના એ શબ્દો સાંભળતાં વાર મારા ખોળિયામાં જીવ આવ્યો; મારી સઘળી ચિંતાનો વિનાશ થયો, એટલુંજ નહિ પણ તેના પરના મારા પ્રેમમાં વૃદ્ધિ થઇ."

અરેબિયન નાઈટ્સ.

તેથી ઉલટું **ખોળિયામાંથી જીવ ઉડી જવો,** એટલે ગભરામણ થવી; ગભરાટ ઉપજવો; ઉચ્ચાટ થવો.

"વધામણિયો વધામણી કહેછે તેમ બોલને હુકમની રીતે બોલવાથી મારો તો ખોળિયામાંથી જીવ પણ ઉડી ગયો.

કેશરીચરિત્ર.

**ખોળે બેસાડવું,** કન્યાને તેનાં સાસુસસરાના ખોળામાં બેસાડવી. (વિવાહ, ચાંલ્લો, નાળિયેર આપતી વખતની એ એક રીત છે.)

**ખોળે માથું મૂકવું,** સંકટમાંથી બચાવવાને કોઈ સમર્થની સહાય કે ઓથમાં જઇ રહેવું; તન સોંપી દેવું; આશ્રય ધરવો; શરણે જવું; તાબે થવું.

"સેવક કચેરીએ કચેરીએ ધક્કા ખાઇને થાકયો અને સરકારને ખોળે માથું મૂકવાની ઘણીએ તજવીજ કરી પણ તે વ્યર્થ ગઈ."

(ગર્ધવસેન.)

જેને ખોળે માથું હોય,
તે તેને ઝટ કાપે,
જેને વચને છાતી સોંપી,
તેનુંજ વચન ઉથાપે,—
દુનિયાં જૂઠાંની જૂઠાંની,
એ અનુભવ વાત પ્રમાણી"

નર્મકવિતા.

**ખોળે લેવું,** દત્તક કરી લેવું.

**ખોળે સોંપવું,** ભરોંસાપર આપવું; આધાર—આશ્રય સમજી હવાલે કરવું; કોઈની સંભાળ નીચે આપવું; ભલામણ કરવી; ભાળવવા આપવું.

"મંદીરના ગુરૂજીરે મંદિરના ગુરૂજી,
મંદીરના ગુરૂજી, સુદેવજીરે,
તમારે ખોળે સોંપું, બે તંન.
મોસાળ પધારો."—

નળાખ્યાન.

Gandhi Heritage Portal

**ખોળે હોવું** એટલે આશ્રય કે આધાર તળે હોવું.

"સુંદરી, એ ઠીક નહિ, આ બાળકે હજી દુનિયા શ્રવણેય સાંભળી નથી. એ તમારે ખોળે છે."

મુદ્રારાક્ષસ.

**ખોળો પાથરવો** નમવું; આજીજી કરવી; કાલાવાલા કરવા;

કરગરવું; કોઈ વાતને સારૂ છેક ગરીબાઈથી બોલવું; રડવા સરખું મોઢું કરી માગીલેવું; દીનતાથી પ્રાર્થના કરવી.

"મોટા મોટા શ્રીમંતની સુંદરીઓ પણ ગુર્જર નરેન્દ્ર આગળ ખોળા પાથરે તો ઓડણની શી ગુંજાશ?

યશોમાખેલન.

"હું પ્રભુ પાસે ખોળા પાથરી માગું છું કે ગમે તો છાજમાં વસવાનો દી લાવજે પણ રાજમાં જઈ લાજ ખોવાનો દી ના લાવીશ."

પ્રતાપનાટક.

**ખોળો ભરવો,** અધરણીરાતને દૈવ આગળ બેસાડી સાસુએ ચોખા, નાળિયેર, રૂપાનાણું, એ સૌ પ્રથમ પોતાના ખોળામાં લઈ પછી તે વહુના ખોળામાં આપવું.

"આજ મારા ભાઇની વહુને ખોળો ભરવાનો છે; અમારી ગરીબ સ્થિતિ હોવાથી આજના શુભ દિવસે તે બાપડીને સારી સાડી કે સારી ચોળી પણ પહેરવાની નથી."

મણિ અને મોહન.

# ગ

**ગગનનાં પક્ષી ઝાલવાં,** જુઓ આકાશનાં પક્ષી ઝાલવાં.

**ગંગલી ઘાંચણ,** એ નામની ઘાંચણના જેવી ઘણીજ મેલી અને ફુવડ સ્ત્રીને વિષે બોલતાં વપરાય છે.

**ગંગા ગોળી,** (મશ્કરીમાં) પાણી પીવાની જે ગોળીમાંથી ઘણા જણે તેની તે લોટી બોળીને પાણી પીધું હોય તે; પવિત્ર ગોળી.

**ગંગાજળ જેવું,** પવિત્ર. (સર્વ પાણીમાં ગંગાજળ પવિત્ર ગણાય છે તે ઉપરથી)

"એવાં વચન સુણીને રે,
વધાં વળતાં વહુજી;
ગંગાજળ સરખાં રે,
હો સાંભળો સાસુજી.

કવિ દયારામ.

૨. પ્રમાણમાં પાણી બહુ હોય એવી (દાળ.)

**ગંગા ન્હાયા,** પાપ-નુકસાન-દુઃખમાંથી છુટયા એવા અર્થમાં વપરાય છે. (ગંગામાં ન્હાયા જેટલું પુણ્ય થયું તે ઉપરથી.)

गंगा गंगेति यो ब्रुयात्
योजनानाम् शतैरपि
मुच्यते सर्व पापेभ्यो
विष्णुलोकं सगच्छति ॥

नद्योजलावगाहेन पावयन्तीतराजनान्
दर्शनात्स्पर्शनात्पानात्तथा
गंगेतिकीर्तनात्
पुनाति पुण्यान् पुरुषान् शतशोथसहस्त्रशः
गंगातस्मात् पिवेत्तस्या जलंसंसारतारकं॥

"દીકરો સારો થાય ને કંઈ રસ્તે પડે અને આ જોડું સુખી થાય એટલે ગંગા ન્હાયા."

સરસ્વતીચંદ્ર.

"નાગરિકા,-(નિઃશ્વાસ નાખી,) તારૂં માનવાથી આ દશા થઈ અને મારૂં માનવાથી એ બાપડીને કેદ પડવું પડ્યું, હવે

Gandhi Heritage Portal

તો પરમ દ્હાડે એનો હાથેવાળો મળી જાય એટલે ગંગા ન્હાયા."

સત્યભામાખ્યાન.

"પ્રભુ બ્હેનને કૃપા કરે ને એનાં સૌ દુઃખ આપણને આવે તો જાણે ગંગા ન્હાયા."

તપત્યાખ્યાન.

**ગંગા ભાગીરથી,** વિધવાને એ રીતે પત્રમાં લખવાનો રિવાજ છે.

**ગંગા સ્વરૂપ,** (ગંગાના જેવી પવિત્ર) પોતાની વહુ સિવાયની વડીલ સ્ત્રીઓના પત્રમાં એ પ્રમાણે લખવાની રૂઢિ છે.

**ગંગાનો પ્રવાહ,** ગંગાના પ્રવાહ જેવી એક ધારા; અસ્ખલિત જે બોલવાની છટા તે; વાગ્ધારા; (મહાદેવની જટા તે મુખ, પવિત્ર ગંગાજી તે ઉત્તમ વિષય અને તેનો પ્રવાહ તે અસ્ખલિત વાચા.)

૨. પવિત્ર. 'નાત તો ગંગાનો પ્રવાહ છે.

**ગચ્છન્તિ કરી જવું,** ( **સં. ગમ્ ( ગચ્છ્** ઉપરથી ) નાશી જવું; છટકી જવું; અગીઆરા ગણવા; છ પાંચ કરી જવું. **ગચ્છી જવું** પણ બોલાય છે.

"એક વર્ષ પૂરૂં થયું એટલામાં તો તિજોરીનું તળિયું દેખાયું અને મારા મેજપર મારી સાથે બેશી જમનારા મિત્રો પણ ગચ્છન્તિ કરી ગયા." અરેબિયનનાઈટ્સ.

**ગજ ગજ કુદવું,** (હર્ષમાં) મસ્તીમાં આવવું; પતરાજખોર થવું; તોરમાં રહેવું.

"અલકકિશોરીનો આનંદ માયો નહિ અને તેનું ચાલત તો તે ગજ ગજ કુદત."

સરસ્વતીચંદ્ર.

**ગજલ ગોષ્ટિ;** વાતચિત; ગપ્પાં; ટાઢા પહોરના ગપાટા.

**ગજ વાગવા,** અજમાવેલું જોર ફાયદાકારક નીવડવું; જોર ફાવવું; યોગ્ય ઠેકાણે યોગ્ય રીતે શક્તિ કામે લાગવી.

**ગજવાં ભરવાં,** (પૈસાથી) લાંચ આપવી; પૈસા આપવા; મોં પૂરવું.

"એવે વખતે તેનું ગજવું ભરવાને જે આનાકાની કરે તેની ખરેખરી કમબખ્તી જાણવી."

કરણઘેલો.

૨. લાંચ લઈ ગજવાં તર કરવાં; બદદાનતથી પુષ્કળ પૈસા એકઠા કરવા; ખીસાં ભરવાં.

"આવ્યો આવ્યો રે સુરતી લાલ,
મુંબાઈ ઠગવાને;
લાવ્યો લાવ્યો રે સુરતી ચાલ,
ગજવું ભરવાને."

નર્મકવિતા.

**ગજવાનો વર,** પહેરામણીનો વર; ગજવું ભરાય એટલી પહેરામણી મળે એવો કુલિન વર.

**ગજવામાં ઘાલવું,** ન ગણવું; તુચ્છ ગણી કાઢવું; દરકાર ન કરવી; માન ન આપવું; ન માનવું; ન લેખવવું.

'ઉવૉટના વારામાં ઉવૉટને ગજવામાં ઘાલીને ફરે એવા વિદ્વાન નર ઘણા હતા.'

જાતમહેનત.

**ગંજીમાંનો સાપ,** ગુપ્ત શત્રુ; જોવામાં કે જાણવામાં ન આવે એવો દુશ્મન; ઉપર ઉપરથી મીઠુંબોલનાર પણ અંદરખાનેથી વેર રાખનાર; મોઢેથી મિત્ર પણ અંદરથી દુશ્મન.

**ગટ કરી જવું,** (લાક્ષણિક) પૈસા–માલ વગેરે લઈ નાશી જવું; પચાવી પડવું; ઉચાપત કરવું; હરામનું ખાઈ જવું; ઓહયાં કરી જવું; કોઇનું કાંઈ વગર હકે પોતાના ઉપયોગમાં લેવું.

**ગડગડિયું આપવું,** (ગડગડિયું–ગડગડતું એવું જે શ્રીફળ–નાળિયેર તે. એ ઉપરથી લાક્ષણિક અર્થે ) રજા આપવી; બરતરફ કરવું; પાણીચું આપવું.

Gandhi Heritage Portal

**ગોત્રાનું ગડગડિયું આપવું** પણ બોલાય છે.

**ગડાકુ બનવું,** તન્મય થઈ જવું; ગરક થઈ જવું.

**ગઢ ઉકેલવો**-ઉથલાવવો, ગઢ ઉકેલવા જેવું કોઈ મહાભારત-બહાદુરી ભરેલું કામ કરવું; પરાક્રમ કરવું; મોટો ફેરફાર કરી નાખવો; ઉથલપાથલ કરી નાખવી.

"એકલી બેઠી ગઢ ઉકેલે એવી સુગણસુંદરીને તમે અબળા ગણી કે કામુવગરની લેખાને નિર્બળા માનતા હો તો તેમાં તમારી ચૂક છે."

ગર્ધવસેન.

**ગણપતિ પધારવા,** (ગણપતિના જેવું મોટું પેટ થવું, તે ઉપરથી મજાકમાં) ગર્ભ રહેવો; દુંદાળું પેટ થવું.

૨. શુભ કામનો આરંભ થવો.

"જમના મૈયા કરસન રાધા,
અંબા મોટી રામજી;
સેવે ન ગણપતિ પધાર્યા,
પેટબળી આકે જામ.
સાચું કહું છું જી.

નર્મકવિતા.

**ગણેશ માંડવા,** એક સમે વિષ્ણુ અને ગણપતિ લડતા હતા. એટલામાં શિવે વચમાં પડી ગણપતિનું ડોકું કાપી નાખ્યું. એ વાત પાર્વતીએ જાણી એટલે શિવને શાપ દેવા માંડ્યો. પછી શિવે એક દાંતના હાથીનું ડોકું કાપી લાવી ગણપતિના ધડને ચોંટાડી જીવતા કર્યા. મારા પુત્રને વરવો કર્યો તેથી હવે એને કોઈ બોલાવશે નહિ એમ કહી પાર્વતીએ શોક કર્યો ત્યારે શિવે કહ્યું કે, સર્વ દેવમાં એ પહેલો પૂજાશે ને સર્વ શુભ કામમાં તેનું આરાધન થશે. એથી હરકોઈ શુભ પ્રસંગે પ્રથમ એમની સ્થાપના કરવામાં આવે છે. તે ઉપરથી શરૂઆત કરવી; આરંભ કરવો; પહેલ કરવી; મૂળ રોપવું.
**ગણેશ બેસવા** એટલે સારા માઠા કોઈ કામનો આરંભ થવો.

**ગદમદિયાં થવાં,** પુષ્કળ નાણાનું ઉછળવું; ઘણા પૈસા એકઠા થવા. 'તેની પાસે તો આજ કાલ ખૂબ ગદમદિયાં થયાં છે.' (બહુવચનમાં જ બોલાય છે.)

**ગતે ઘાલવું,** શ્રાદ્ધ કરીને સદ્ગતિએ પહોંચાડવું.

૨. કામે લગાડવું; ઠેકાણે પાડવું; ઉપયોગમાં લેવું.

"જ્યારે કુંવરની આંખ મીંચાય ત્યારે બીજાને ખડો કરી મરનારને એવી રીતે ગતે ઘાલવામાં આવે કે તેની કોઇને સમજ પડે નહિ"

ગર્ધવસેન.

**ગતેગતું થવું,** જેટલું વાપર્યું-ગયું હોય તેટલું પાછું આવવું; ખોટ પૂરી પડવી.

"આ વેપારમાં મારે મારૂં ગતેગતું થાય એટલે બસ.'

**ગદ્ધાપચીશી,** સોળથી પચીસ વર્ષની ઉમર સુધીના માણસનો વખત તોફાન અને ઉદ્ધતાઇમાં નકામો જાય છે તે ઉપરથી જુવાનીઆઓની મસ્તી કે તોફાનને વિષે ધિક્કારમાં બોલતાં વપરાય છે.

**ગદ્ધામલ્હાર,** ખરાબ રાગને વિષે તિરસ્કારમાં બોલતાં વપરાય છે.

**ગધેડા બનવું,** મૂર્ખમાં ખપવું; બેવકુફ બનવું.

**ગધેડા વૈતરૂં કરવું,** ગધેડાની પેઠે ભાર માત્ર વહ્યાં કરવો; મહેનતનો પૂરતો બદલો ન મળે એવી મહેનત કરી થાકી જવું.

"તેઓનાં મન રાજી રાખવાને તેઓ સવારથી સાંજ સુધી ગદ્ધાવૈતરૂં કરે છે, તેઓની મરજી સંભાળે છે અને તેઓની સાથે હેતથી રહે છે."

કરણઘેલો.

**ગધેડાનાં પૂછડાં આમળે એવું,** બિન આવડતવાળું, મૂર્ખ.

Gandhi Heritage Portal

**ગધેડાનું પૂછડું પકડી રાખવું,** ગધેડાનું પૂછડું પકડયું હોય તે લાતો મારે, લોહી નીકળે પણ છોડવું નહિ તે ઉપરથી ગમે-તેવું નુકસાન થાય પણ લીધેલી હઠ છોડવી નહિ એવા અર્થમાં વપરાય છે.

**ગધેડાનો પાછલો પગ,** દોઢડાહ્યું; મૂર્ખ; એ વકૂફ. સમજ વિના ડહાપણ ડોળનારને વિષે બોલતાં વપરાય છે.

**ગધેડે ગવાવું,** ગધેડું પણ લાભ લઈ શકે એટલી ઓછી કીંમતે વેચાવું; છત ઘણી હોવાથી સસ્તો ભાવ થવો.

"આ સાલ કેરીઓ ગધેડે ગવાય છે"

૨. (લાક્ષણિક.) ફજેત થવું; રેવડી ઉ-ડવી; એઆબરૂ થવી.

**ગધેડે ચઢવું,** (અસલના વખતમાં કોઈ ગુ-નેગારની ફજેતી કરવી હોય તો તેને મોઢે કોયલાને દીવેલ ચોપડી ગધેડાપર બેસાડી ગામમાં ફેરવવામાં આવતો હતો, તે ઉપ-રથી લાક્ષણિક અર્થે ફજેત થવું; રેવડી ઉ-ડવી; એઆબરૂ થવી; વગોવાવું.

"ભાઇસાહેબ, હવે બરોબર ગધેડે ચઢ્યા, અત્યાર સુધી એમના માથામાં જે મગરૂરી ભરાઈ હતી તે બધી એક સામટી નીકળી ગઈ."

ગુજરાતી.

**ગપાષ્ટક ગોળો,** (અષ્ટકનો રિવાજ પહેલાં ઘણો હતો; જેમ નર્મદાષ્ટક-ગંગાષ્ટક-વગેરે તેવી રીતે આ વળી ગપાષ્ટક-ગપનું અષ્ટક. તે ઉપરથી) ગપનો ગોળો; જુઠો તડાકો જે એક કાનેથી બીજે કાને, વળી ત્રીજે એમ સપાટાબંધ ચાલ્યો આવતો હોય તે.

'ગપ્પાષ્ટકગોળો ને ભેંશનો ડોળો' એ કહેવત છે.

**ગપ્પેગપ ચુંઆળસો,** ખરા ખોટાનો ત-પાસ થયા સિવાય ફેલાયલી-ચાલેલી ગપ; અલેલટપ્પુ ઠોકવું તે; રામઆશરે કંઈ કહી દેવું તે.

**ગપોલિયું કરવું,** ગુપચુપ-ધીમે ધીમે દાખલ થઈ જવું.

**ગબડી મારવી,** નાશી જવું; સટી જવું; દોડી જવું. (કોઈ કામમાંથી કે જોખમ-માંથી છટકી જવા સારૂ)

**ગમ ખાવી,** સાંખી રહેવું, ખામોશ ખાવી-રાખવી; ગળી જવું; વિચારશક્તિથી ખ-મવું; ધીરજ રાખવી; સબુરી રાખવી-ધરવી.

"આ વખત ઘણાં ઘણાં વિઘ્નો આવે છે, પણ ગમ ખાઇ જવાની ટેવ રાખ્યાથી અથવા સંપમાં રહેવાનું પસંદ કીધાથી અને તેવીજ કોશીશ કીધાથી તે વિઘ્નો પોતાની મેળે ગમે ત્યાં સંતાઈ જાય છે."

નર્મગદ્ય.

"લલિતા ખાએ સમ,
રાધા જૂઠી છે;
ખાધી રાધા રાણીએ ગમ;
રાધા જૂઠી છે."

કવિ દ્વારકાંદાસ.

**ગમતું ઘડાવવું,** કોઈ કહે કે મને ગમતું નથી તો તેના ઉત્તરમાં મશ્કરીમાં એમ ક-હેવામાં આવે છે કે 'ગમતું ન હોય તો ગમતું ઘડાવો. અથવા ગમતું ઘડાવવા સો-નીને ત્યાં નાખ્યું છે.' મતલબ કે ગમે તે રીતે ગમવું જોઇએ. (અહીં ગમતું એ એક ઘરેણું કલ્પ્યું છે.)

**ગર્ગાચાર્યનું મુહૂર્ત,** (સૂર્યોદય પહેલાં પાંચ ઘડીથી ત્રીજી ઘડી સુધીનો વખત; આ વખત મુસાફરીમાં નીકળવાને શુભ છે એમ ગર્ગાચાર્યે કહ્યું છે તે ઉપરથી) ફેર ન પડે એવું મુહૂર્ત; કોઈ ચોક્કસ મુહૂર્ત-વખત-સ-મય. ગર્ગાચાર્ય મિથિલાપુરીમાં જન્મ્યા હતા, ને ગંડકી ઉપર તપશ્ચર્યા કરતા. એ જાદવના ગોર હતા. એમણે કૃષ્ણ બળરામનાં નામ પાડ્યાં હતાં ને ઉપવિતસંસ્કાર પણ કરાવ્યો હતો.

Gandhi Heritage Portal

**ગરદન કાંટાપર નથી,** ઘણાજ મગરૂર અને ધિક્કારને પાત્ર એવા માણસને વિષે બોલતાં વપરાય છે,

**ગરદન નમવી,** આબરૂ જવી; મુડી નીચી થઈ જવી.

૨. ખોટ આવવી; ભાગવું. નુકસાન પહોંચવું.

૩. પડતી દશા આવવી; નબળું થવું.

૪. દેવાળું કાઢવું.

૫. ( મરી જતાં. )

**ગરદન નાખી દેવી,** ( મરી જતાં ) પાછી ટટાર ન થાય તેમ ખભા ઉપર મૂકી દેવી.

**ગરદન મારવું,** જીવ લેવો; મારી નાખવું; ઢોચકું ઉરાડી દેવું; ટોકું ઉરાડવું.

૨. ઘણુજ નુકસાન કરવું; જીવતું મારવું; પાયમાલ કરવું; ખરાબખસ્ત કરવું. **'તને ગરદન મારે'** એમ સોંપેલું કામ કરવાની ના પાડનાર છોકરાને લાડમાં કહેવામાં આવે છે.

**ગરબડગોટા વાળવા,** ગરબડ કરી ભેળશેળ કરી નાખવું; ઊંધું ચત્તું કરી મેલવું; બગાડી નાખવું; ઘાલમેલ કરી કામનો ઉકેલ ન થાય એવી ગુંચવણ કરી મૂકવી.

૨. બોલવામાં આચકા ખાવા; સાંભળનાર ન સમજે તેવું બોલવું.

૩. ઉલટું ઉલટું કરવું; ખોટું કરી મેલવું. હિસાબમાં લોચા વાળવા.

**ગરાસ જવો,** ગરાસ જવા જેવું નુકસાન થવું.

"આ રાંડના શીકારીઓ કોણ જાણે કયાંથીએ આવી લાગ્યા; એમના બાપનો માંહેથી શો ગરાસ જતો હતો કે તેઓ વગર હકના વચ્ચે પડયા ?"

ગર્દભસેન.

**ગલ આપવો,** મનનો મર્મ-પાર આપવો; મનનો સંકેત જણાવવો. ( નિખાલસપણે )

૨. લાંચ આપવી; લાંચમાં કંઈ આપવું કે બતાવવું; લાલચ દેખાડવી.

**ગળતી ગોદડીએ,** વીલે મોઢે; લીલે તોરણે; કામ-અર્થની સિદ્ધિ થયા સિવાય; આવ્યા તેમના તેમ;

"માનસિંઘને ગળતીગોદડી એ રાણાનો પરોણાચાર પહોંચ્યો ગણી ભૂખ્યાને તરસ્યા ભરે ભાણે ઉઠી હાલ્યા આવવાનું થયું."

પ્રતાપનાટક.

**ગળાલગી,** ( ધરાઇ જવાના તેના મૂળ અર્થ ઉપરથી લાક્ષણિક અર્થે ) ઘણું; પુષ્કળ; ( દુઃખ વગેરે ).

૨. પૂરેપૂરૂં; મનમાન્યું; સંપૂર્ણ.

"તારા કર્તુકની ખાત્રી મને ગળા સુધી થઇ છે."

"મને તારો ગળા લગી ભરોંસોછે."

**ગળામાં જીભ ઘાલવી,** બોલતાં બંધ રહેવું; બોલતું અટકવું; બહુ બોલ બોલ કરી કંટાળો આપતા હોય ત્યારે તેને કહેશે કે 'ગળામાં જીભ ઘાલ હવે.'

**ગળામાં જોતરૂં ઘાલવું,** કોઇને કોઇ નવા કામમાં કે જંજાળમાં પહેલવહેલું નાખવું; પીડા વળગાડવી; પોતાના કામમાં નડે એવું બીજું કોઇ કામ કરાવવું.

**ગળામાં ટાંટીઆ,** ગળે ટાંટીઆ ભરાયા હોય એવી સાંકડમાં આવી પડવું તે; ઘણીજ મુશીબત; જીવ જોખમાય એવી સ્થિતિમાં આવી પડવું તે; માથે જોખમ.

"ગઢવી, તમે તો ઉલટા મારે ગળેજ ટાંટીયા ભરવ્યા ને હું તમને કહું છું ત્યારે ઉલટા તમે મનેજ લઇ પડોછો."

મુદ્રારાક્ષસ.

**ગળીઓ બળદ,** (ગાડીએ જોડી ચલાવતાં બેશી જાય એવા હઠીલા બળદને ગળીઓ બળદ કહેછે તે ઉપરથી.) બરાબર કામ ન કરી શકે અથવા કરતાં કરતાં અટકી જાય એવા



Gandhi Heritage Portal

મંદ માણસને વિષે બોલતાં વપરાયછે.

"આણી પાસ અમાત્યનો ઉત્સાહી પ્રયત્ન પાણીદાર ઘોડા પેઠે વેગપર દોડતો હતો ત્યારે કારભારી ગળીઆ બળદ જેવો થઈને એક ખુરશી ઉપર બેઠો હતો."

સરસ્વતીચંદ્ર.

**ગળી ખાવી—નાખવી,** અફીણ વગેરેના સટ્ટામાં તેજી મંદી ઉપર અમુક રકમ લેવાની અમુક રીતની સરત મારવી; સટ્ટામાં તેજીમંદી ઉપર સરત કરવી.

**ગળી જવું,** ખામોશ ખાવી; ગમ ખાઇ જવી; સાંખી રહેવું; સહન કરવું.

**ગળું કાપવું,** (લાક્ષણિક) વિશ્વાસઘાત કરવો; અવળું-ગટરપટર સમજાવી કોઇનું કંઈ હરી લેવું; ભરોંસા ઉપર જે રહ્યું હોય તેને દગો દેવો. **ગળું કરવું** પણ બોલાય છે.

"ગરીબનાં ગળાં કરતાં મનજીને કોઇ પ્રકારે દયા નહોતી. રાંડી રાંડોની થાપણો ઓળવતાં પરમેશ્વરનો ડર આવતો ન હોતો."

કુંવારી કન્યા.

"જેમાં લાભ હોય તેમાં આખો દિવસ ગાળતો અને લોકોનાં ગળાં કાપીને પાપનાં પોટલાં બાંધતો."

મા. સારસંગ્રહ.

**ગળું રહેંસવું** પણ એજ અર્થમાં વપરાયછે.

"ગળાં રહેંસીને ઘણું ફરેછે, જીવ ખરચે જોવાય; પાપનો લઇને પોટલો, હાંરે અંતે એકિલાં જાય.

બોધચિંતામણિ.

"જે પોતાની પ્રાણ પ્રિય પત્ની તેજ તેનું ગળું રહેંસવા ઊભી થાય ત્યારે શું સમજવું." શિવ! શિવ! શિવ!

ગર્ધવસેન.

"દેવ અને નીતિની વાતો, લૌકિક સારૂં ભાખે; શત્રુ મિત્ર છે સમાન કહીને, ગળાંજ કાપી નાંખે—જીવ."

નર્મકવિતા.

**ગળું પડવું,** ઘણું રડવાથી, ઊંચેથી પડવાથી અથવા ગરમીથી બાળકના ગળામાંનો કાકડો લુલો થઇ આડો ખશી જવો. તેથી બચ્ચાંથી રડાતું નથી.

**ગળું બેશી જવું,** જાડું ખોખરા અવાજ વાળું થવું.

**ગળે આવવું,** ધર્મ—ફરજ—ચિન્તા—હરકત પોતાને ભોગવવી પડવી.

**ગળે ઉતરવું,** હૃદય,-મનમાં વાત ઠસવી; સમજવું.

"શામળિયો શાંત પડયો. ગોવિંદરાયે તેને જે જે કહ્યું તે તેને ગળે ઉતર્યું અને બોલ્યો કે પ્રધાનજી, જે થઇ તે ખરી."

ગુ. જુની વાર્તા.

**ગળેગળું મળી જવું,** ગળું સુકાઇ જવું (તરસને લીધે.)

"ટાઢપર તાવ કકડીને આવ્યો, માથું તેમ દુઃખે, પગ તેમ ચુંથાય, પાણીની તરસ કહે મારૂં કામ, ગળેગળું મળી જાય, એમ કહેતી જાય, અને આંખમાંથી આંસુ પાડતી જાય."

સાસુવહુની લડાઇ.

**ગળે ઘાલવું,** કોઇ બીજાને સોંપવું; જવાબદારી કોઇ બીજાને માથે નાખવી.

૨. હાથે કરીને ગળામાં શસ્ત્ર મારવું.

૩. માથે વહોરી લેવું.

**ગળે—ગળાપર છરી મૂકવી,** (મારી નાખવું અથવા પ્રાણનાશની ધમકી આપવી એ તેના મૂળ અર્થ ઉપરથી) ઘણુંજ નુકસાન કરવું; પાયમાલ કરવું.

૨. વિશ્વાસઘાત કરવો; ભરોંસો તોડવો.

૩. ધમકી બતાવવી.

**ગળે જોતરૂં વળગાડવું,** કોઈને કોઈ નવીજ જંજાળમાં રોકવું; કોઈ નવાસવા કામમાં દાખલ કરવું.

Gandhi Heritage Portal

**ગળે ઝલાવું,** ગળે ઝલાયા જેવી બારીકસ્થિતિમાં આવી પડવું; આફત કે સાંકડમાં આવી પડવું

"તારા ભાઈ ગળે ઝલાયા હશે તો પણ તેમને તેં સવાકો ધીર્યો નથી અને તેથી તે તારા પર હેત રાખતા નથી."

સ્વદેશવત્સલ.

**ગળે દોરી આવવી,** પ્રાણ રૂંધાય અને અકળામણ થાય એવી સાંકડમાં આવી જવું; કંઠે પ્રાણ આવવા; જીવપર આવવું. જીવ જોખમાય એવી સ્થિતિમાં આવી પડવું. એથી ઉલટું **ગળેથી દોરી કાઢી નાખવી** એટલે માથેથી જોખમ ઉતારી નાખવું. '**ગળે પવિત્રાં આવવાં**' પણ બોલાય છે. )

૨. જુઓ **ગળે આવવું.**

૨. મુશીબત પડવી; ઘણુંજ બ્હાવરૂં બની જવું; ઘણુંજ ગભરાઈ જવું.

**ગળે નાખવું,** માથે ઢોળી પાડવું; જવાબદારી અથવા જોખમ કોઇને શીર નાખવું.

**ગળે પડવું,** આળ ચઢાવવું; તહોમત મૂકવું; દોષ દેવો; ગુન્હામાં આણવું.

૨. કબૂલ કરવાની ફરજ પાડવી; કોઈ કામ કરાવી લેવાને કાલાવાલાથી બળાત્કાર કરવો; સામા માણસને કરવાની જરૂર પડે તેવા અતિશે કાલાવાલા કરવા.

૩. બથાવી પડવું; વગર હકે જબરદસ્તીથી માગવું; પારકું તે પોતાનું છે એમ કરી દાવો કરવો.

૪. ( વ્યસન. ) 'અફીણ ગળે પડયું છે.'

"અફીણને અબળા છે સરખી,
ગળે પડ્યાં નવ છૂટે રે."

કવિ દયારામ.

**ગળે પાણી ન પડવા દેવું,** અતિશય સંતાપવું; નિરાંતવાળી બેસવા ન દેવું; ઘણી ઘણી રીતે દુઃખ દેવું.

**ગળે ફાંસી આવવી,** જીવના જોખમમાં આવી પડવું; ફસાવું; સપડાવું

**ગળે બાંધવું,** જોરજુલમ-બળાત્કાર કરવો; માથે નાખવું.

૨. પાલણપોષણ કે દેખરેખ કરવા અર્થે કોઈને હવાલો લેવો.

૩. કબૂલત આપવી.

૪. આરોપ મૂકવો.

૫. વ્યસન રાખવું.

**ગળે હાથ મૂકવો,** સોગન ખાવા; સમ ખાવા;

"તમે જૂઠા ગળે હાથ વાઓ;
તમે મુજને મારી ઘેર જાઓ."

પ્રાચીનકાવ્ય.

**ગળે હાથ નાખવો** એ પ્રેમના આવેશમાં.

**ગાંઠ કરવી,** પૈસો એકઠો કરીને ગાંઠે બાંધવો.

"છો રાંડ અથડાતી; ગાંઠ કરીને બેઠી છે તે મને ઝેર ખાવાનેય,કામમાં નથી લાગતી."

સરસ્વતીચંદ્ર.

**ગાંઠ પડવી,** વેર બંધાવું; અંટસ પડવો; હૈયામાં આંટી રાખવી; અદાવત-કીનો-વેર રાખવું.

૨. મૈત્રી બંધાવી; ઐક્ય થવું.

"શશિઉરમાં લપટાઈ, આ શાંતિ ધરે પ્રકાશ, જુઓ જુઓ પ્રિયગાંઠ, એ બેની કેવી પડી આ, એવી ગાંઠ મુજ શું રચોની?"

સરસ્વતીચંદ્ર.

**ગાંઠ બાંધવી**-વાળવી, સ્મરણમાં રાખવું. ( ઘણા લોકો અમુક બાબત યાદ રહે એટલા માટે કસે ગાંઠ બાંધે છે તે ઉપરથી )

૨. અંટસ-કીનો રાખવો.

૩. નિશ્ચય કરવો; નક્કી કરવું; ખાત્રી કરવી ( મનસાથે. )

"ઘરમાંથી ભેળા થઇને સૌ બોલ્યા એવું માળી; પુષ્પ પત્ર દ્વિજને નહિ દઇએ અમે ગાંઠ એ વાળી રે." વસ્તી.

વેનચરિત્ર.

Gandhi Heritage Portal

" બાઈમાણુસ સાથે એકાંતમાં હવે ન રહેવું એવી મનમાં ગાંઠ વાળી."

સરસ્વતીચંદ્ર.

**ગાંઠ મારવી,** ઉપર કે નીચેનાં કન્નાં આગળ કનકવો વધારે લોટે અગર વધારે લોટતો હોય તો તે કમી લોટે એટલા માટે ગાંઠ બાંધવી.

**ગાંઠગડક્કો,** કુડકપટ; વાંધોવચકો; બાધ; સંશય; વહેમ; ખટકો.

**ગાંઠનું ગોપીચંદન,** ગાંઠનો–પોતાનોજ ખર્ચ; ગેરફાયદો; (–કરવું–ખોવું–ઘસવું એમ કહેવાય છે)

" જે વિદ્વાનોને લખવાનો એક શોખજ પડી ગયો છે–લખવાનું વ્યસનજ લાગ્યું છે તે ફક્ત ગાંઠનું ગોપીચંદન કરીને પણ એ કામ બજાવે છે."

પ્રિયંવદા.

"કવિ થવા કો ન કરે મન તેનાં એ કારણ, ગાંઠનું ગોપીચંદન ઘસવાનો ખેલ છે."

વિજયવાણી.

**ગાંઠે કરવું,** સંગ્રહ કરવો ( પૈસાનો. )

'એણે ઠીક પૈસો ગાંઠે કર્યો છે!'

**ગાંઠે બાંધવું,** પોતાનું કરી લઈ પાસે રાખવું–કબજામાં રાખવું.

" વહુને પિયર તરફથી જે મળે તે સાસુને નહિ આપતાં પોતાની ગાંઠે બાંધે છે."

**ગાંડું ઘેલું થવું,** કુરબાન થવું; ઘેલા થવું; ચકિત થઈજવું; વિસ્મય પામવું. ( હર્ષમાં અથવા પ્રેમના આવેશમાં. )

" તે પુત્રીનાં માબાપ એને જોઈ ગાંડાં ઘેલાં બની ગયાં હતાં."

નવીપ્રજા.

**ગાગર જેવડું પેટ,** મોટું પેટ ( કદમાં. ) **સાગર જેવડું પેટ** એ ઉદારતામાં.

**ગાજર તાણવું,** ગાજરના જેવા આકારનું કપાળે ટીલું કરવું ( મશ્કરીમાં. )

" ગળે મોટા રુદ્રાક્ષના મણુકાની માળા પહેરેલી હતી ને કપાળે ગાજર તાણ્યું હતું,"

તારાબાઈ.

**ગાડરિયો પ્રવાહ,** ગાડરની પેઠે એકે કર્યું તેમ બીજાએ કરવું, એવી જે રીત –થાય તે; વિચાર કર્યા વિના એકની પાછળ બીજાએ ઘસડાવું તે. **ગાડરિયો સંઘ** પણ કહેવાય છે. એક કવિએ કહ્યું છે કે,

**गतानुगतिको लोको**
**न लोकः पारमार्थिकः**
**तातस्य कूपोऽयमिति**
**क्षारा मूढः पिबत्यपः ॥**

**ગાડાના પૈડાજેવો ( રૂપિયો, )** ગોળ મટોળ અને ઘણોજ જરૂરનો; ઘણી જગાએ કામ આવે તેવો.

**ગાડાના હુડા જેવડું નાક,** ઘણુંજ મોટું નાક; પ્રમાણમાં જેવડું જોઈએ તેથી વધારે મોટું.

**ગાડું ગબડાવવું,** કામ બંધ ન પડવા દેતાં આગળ ચલાવવું. (ધીમેધીમે થતું હોય તે.)

**ગાડું ચાલવા દો,** કામ આગળ થવાદો; ધીમેધીમે આગલ વધો; થોભો–અટકો નહિ.

**ગાડે ગાડાં આબરૂ,** બેઆબરૂ (વાકામાં.) નામીચા લુચ્ચાને વિષે બોલતાં એ વપરાયછે.

**આબરૂ ઉભરાઈ જાયછે–વેરાઈ જાયછે** એમ પણ બોલાયછે.

**ગાડે ચઢીને ગ્રહણ જોવું,** તારી માએ ગાડે ચઢીને ગ્રહણ જોયું હતું કે શું? એમ ગ્રહણઘેલા છોકરાને વિષે બોલતાં વપરાયછે.

**ગાડે ચઢીને મોત આવવું,** ઓચિંતું આવી બનવું.

" પછી પંડિતોએ વિચાર કર્યો કે હવે ગાડે ચઢીને મોત આવ્યું."

ભોજસુબોધરત્નમાળા.

**ગાડે જોડાવું–જોતરાવું,** બળદ ગાડે જોતરાયા હોય એવી સ્થિતિમાં આવવું; પીડામાં પડવું; કોઇને કોઈ નવા કામમાં કે જં-

Gandhi Heritage Portal

જાગમાં પહેલવહેલું નાખ્યું હોય એવી સ્થિતિમાં આવી પડવું; દુઃખ દેવું–હરકત કરવું–કંટાળો આણવું જે કામ તેમાં નવું સવું ગુંથાવું.

૨. સંગતિદોષ આવવા; કોઈનું જોઈને તેના જેવું કરવું; દેખાદેખી કરવું ( નઠારી બાબતમાં. )

'તું એ તેની સાથે પાછો ગાડે જોડાયો?"

**ગાદિએ બેસવું,** રાજાની આણ ફરવી; અમલ ચાલુ થવો.

**ગાબડી મારી જવું,** એકાએક ગેરહાજર થઈ રહેવું અથવા બ્હાનું કાઢી જતું રહેવું; મોઢું દેખાડી જઉં છું એમ કહ્યા સિવાય પોબારા ગણવા. ( કોઈ કામમાંથી કે જવાબદારીમાંથી છટકી જવા સારૂ )

**ગાબડું પૂરાવું,** ખોટ–નુકસાન–ખાડા પૂરાવા. ( કરજ વગેરેના )

' તેનું ગાબડું પૂરાવું બહુ મુસ્કેલ છે. )

**ગાભા કાઢી નાખવા,** માર મારીને કે અતિશય કામ કરાવીને ઘાણ–ભેંચા કાઢી નાખવા; હાંડકાં પાંસળાં નરમ કરી નાખવાં; આટો કાઢી નાખવો.

**ગામ ગાંડું કરવું,** રૂપ–ગુણ–ખુબીથી વશ કરી નાખી મોહ પમાડવો–મોહ પમાડી સમાજને ગાંડા જેવો કરી મૂકવો.

" નંદ નંદન અલબેલડોરે, એનાં વહાલાં લાગે છે વેણ, સાંભળ સહી મારી."

" ઘેલું કીધું ગામ ગોકળીઉંરે, એનાં કામણગારાં નેણ; સાંભળ સહી મારી."

કવિ દયારામ.

" ગામ સર્વને રે તેં ઘેલું કર્યું, અ.બ્યો આઅમારે હાથ."

હારમાળા.

**ગામ માથે કરવું,** કંઈ ખોવાયું હોય તેને માટે આખા ગામમાં શોધી વળવું.

**ગામ હલાવીનાખવું,** જાગૃત કરવું; ઠેલાવવું; ઉશ્કેરવું; જગાડવું; હોકારા પાડી ચંચળ–જાગૃત–ધામધુમવાળું–ગાજતું કરવુ.

**ગામનું પાપ,** ગામના લોકને દુઃખ દેતું માણસ; ગ્રામકંટક.

**ગામનો ઉતાર,** ગામનો ખરાબમાં ખરાબ માણસ;ગ્રામકંટક; ગામના સઘળા લોક પૈકી દુઃખ દેતો–જુલમગાર માણસ; ગામને કનડનારો.

**ગામેગામનાં પાણી પીવાં,** ઘણી મુસાફરી કરી હોશિયાર બનવું; બહુ બહુ જાતનો–ઠેર ઠેરનો અનુભવ મેળવી પાકા થવું.

**ગાયકવાડી ચાલવી,** અવ્યવસ્થા–અંધેર ચાલવું. ( પ્રથમ ગાયકવાડી રાજ્યમાં બહુ અંધેર ચાલતું હતું તે ઉપરથી )

**ગાય વીઆવી,** બે કે તે કરતાં વધારે છોકરાં ( નાનાં ) સાથે જમવા બેઠાં હોય તો **'કોની ગાય વહેલી વીઆય છે'** એમ વડિલ તરફથી તેઓ ઝટ ખાઈ લે અથવા કાંઈક વધારે ખાવાની લહેજતમાં પડે એટલા માટે પોતાની તરફ ધ્યાન ખેંચતાં કહેવામાં આવે છે.

**ગાયના ભાઇ જેવું,** મૂર્ખ; બુડથલ; સમજાવ્યું કંઈ ન સમજે એવું.

**ગાયનું ભેંસ તળે અને ભેંસનું ગાય તળે,** વ્યવસ્થા વિનાનું; અગડં બગડં; જ્યાં જોઇએ ત્યાં નહિ અને ન જોઇએ ત્યાં ખરૂં; અવ્યવસ્થિત; ગરબડ સરબડ; ઊંધું છતું–સથરપથર કરી મૂકેલું એવું જે કંઈ તેને વિષે બોલતાં વપરાય છે.

**ગાલપર ગાલ ચઢવા,** ગાલ પુષ્ટ થવા; બેવડા થયા હોય એમ જણાવું.

**ગાલમાં હસવું,** મંદ મંદ હસવું; મોઢું મલકાવવું; બહારથી ગંભીર ચહેરો રાખી મનમાં હસવું; દાંત ન જણાઈ આવે એવી રીતે હસવું.

**ગાલવું કાઢવું,** જે કરવું જોઇએ તે બ્હાનું કાઢી ન કરવું.

Gandhi Heritage Portal

**ગાળિયું કાઢી નાખવું,** કામ કરતાં વચમાંથી જતા રહેવું; યુક્તિ કરી બંધનમાંથી છટકી જવું-મુક્ત થઈ જવું; માથે નાખેલા કામમાંથી ખસી જવું; જે કરવું જોઇયે તે બ્હાનું કાઢી ન કરવું.

"ખાવાપીવામાં તેને કોઈ તરેહની હરકત પડવા દેતી નહિ; કોઈ વાર અળસાઇને ગાળિયું કાઢી નાખવા ધારતી હોય તો મોંએ ચઢાવેલી ક્ષનલક્ષ્મી તેનું ટટ્ટુ ચાલવા પણ ન દે."

એ બ્હેનો.

**ગાળી ગાળીને,** (કામ કરવું), વિચારીને વિચારીને; સમજી સમજીને. **સાત ગળણે ગાળીને** પણ બોલાય છે.

**ગાળે ગાળે ધોવું,** ઉપરા ઉપરી ગાળો ભાંડી હલકું પાડવું.

**ગિલ્લા ગણાવા,** નિંદા થવી. **ગિલ્લા ઉડાવવા-કરવા-ગણવા** એમ પ્રયોગ થાય છે.

'તેના બહુ ગિલ્લા ગણાય છે.'

**ગીત ગા ગા કરવું,** ઉપકાર વગેરે કર્યું હોય તે વારંવાર કહી બતાવવું; વખાણ કર્યાં કરવાં. **ગાયું ગાવું** પણ બોલાય છે.

"તારૂં ગાયું ગાય રે બાઈ ગોરાંદે."

દેશી ગીત.

**ગુણા ભરી જવા,** (ગુણ=દાણા ભરી ગધેડા ઉપર લાદવાની કોથળી, તે ઉપરથી) સરસામાન લઈ જતું રહેવું; નાશી જવું; પોબારા ગણવા; ઘર વાખરો ઉપાડી જવો. **ખડીયા ભરવા** પણ બોલાય છે.

'અધિકારીની બદલીની સાથેજ જડભરત આશ્રિતોને ગુણા ભરવા પડે છે.'

ગર્ધવસેન.

**ગુંદરીઉં ચોટવું,** લફરૂં વળગવું; છુટકો ન થાય એવી પીડા વળગવી.

"નથી માતાપિતા સહુ ખોટું છે. એ તો તને માયાનું ગુંદરીઉં ચોંટયું છે."

કવિ બાપુ.

**ગુંદીપાક આપવો,** (વાંકામાં) મુઠીએ મુઠીએ મારી નરમ કરવું; નરમ ઘેંસ કરવું.

"માર્ગમાં જે માણસ મળતું ગયું તેને ગુંદીપાક ખવરાવીને સંતાડેલો ખજાનો ખોળી આપવાની ફરજ પાડવા માંડી."

કુંવારી કન્યા.

**ગુપ્ત ગંગા,** જેના મનનો મર્મ ન જણાય એવી સ્ત્રી. (શિવની જટામાં સંતાઈ રહેલી તે ઉપરથી)

**ગુમડે ઘસી ચોપડવાનો?** મતલબ કે શા અર્થનો? જે માણસ કોઈ જરૂરને પ્રસંગે કામમાં ન આવતું હોય તેને વિષે બોલતાં વપરાય છે.

"ગુણસુંદરી ભૂખે મરે તો સાહસરાય એને ઝેર ખાવા કોડી સરખી આપવાનો હતો? અને દુઃખબાનું પલ્લું અત્યારે ગુમડે ઘસી ચોપડવાના કામનું? નહિ, એમ હું નહિ થવા દઉં."

સરસ્વતીચંદ્ર.

**ગુરૂ આદેશ,** કાનફટા વગેરે નાથ લોકો એક બીજાને મળતાં એમ બોલે છે.

**ગુરૂ મંત્ર મૂકવો,** ચેતવવું; ભણાવવું; ઈસારો કરવો; ઉશ્કેરવું.

**ગુરૂ મળવા,** પોતાનાથી ચઢિયાતા ગુણવાળો અથવા પોતાનેજ બોધ આપનારો બીજો કોઈ અધિક શક્તિવાળો મળવો.

"તું પણ મારો ગુરૂ મળ્યો, અલ્યા મારૂંજ ખુન?"

સરસ્વતીચંદ્ર.

**ગુલાબી ઊંઘ,** (ગુલાબના ફુલમાં માર્દવત્વ અને આહ્લાદકત્વના ગુણ છે તે ઉપરથી) ઘણી મીઠી ઊંઘ.

"સવારના પહોરની ગુલાબી ઊંઘ ખોવરાવી અર્થ વગરનું રોજ હડેલહોમ કરાવો છો એમાં શો માલ છે?"

ગર્ધવસેન.

**ગોકુળપુરી,** છૈયાંછોકરાં, ચાકર નક્કર, ઢો-

Gandhi Heritage Portal

રહાંખર જ્યાં પુષ્કળ હોય એવું ઘર કે ગામ.

'ઘરમાં ગોકુળપુરી જેવું લાગે છે.'

**ગોકુળિયો રોગ,** કામથી–વિરહથી થતો રોગ-પીડા.

"આ બૈરી, અરે, નાની છોકરીના મોં ઉપર કાંઈ રોગ તો જણાતો નથી; એને તો ગોકુળીઓ રોગ થયો છે."

ભટનું ભોપાળું.

**ગોખી નાખવું,** ( ઘુષ્=ખૂમ પાડવી તે ઉ-રથી ) અધમૂઉં કરી નાખવું. ધમકી આ-પતાં પણ વપરાય છે. 'બહુ બોલ્યો તો ગોખી નાખીશ.'

**ગોચલાં ગણવાં,** મનમાંને મનમાં કોઈ અ-મુક બાબતને માટે તર્ક વિતર્ક કે શંકા ઉ-ઠાવ્યાં કરવી; દૃઢ નિશ્ચય પર આવી વા-તનો ખુલાસો ન કરવો.

"એ કેન્ટોનિયો પૈસા વાસ્તે ઘણો આ-તુર હતો તેથી શાઈ લોક મનમાં ગોચલાં ગણે છે ને કંઈ ઉત્તર આપતો નથી."

શે. કથાસમાજ.

**ગોટપીટ કરવું,** અંગ્રેજી ભાંગું તૂટું બોલવું.

**ગોટીઘાલ્યો,** ( ગળે ગોટી–નાની સરખી ગાંઠ નીકળે છે ત્યારે બરાબર ખવાતું નથી તે ઉપરથી ) એ પ્રયોગ બાળકોને લાડમાં ધમકાવતાં વપરાય છે.

**ગોટો ઘાલવો,** ઉકેલ–ખુલાસો ન માલમ પડે તેમ અસ્તોવ્યસ્ત કરી નાખવું; ગુચવણ-ભૂલ કરવી;

૨. રૂપિયા વગેરે લઈ છાનુંમાનું નાસી જવું.

૩. દેવતા મૂકવો.

૪. વચ્ચે ફાંસ મારવી; અડચણ આ-ણી મૂકવી; સલાહસંપ ચાલતો હોય ત્યાં કુસંપ કરાવવો.

**ગોટો વાળવો,** ઊંધું ચત્તું કરી નાખવું; ઉ-થલપાથલ કરી ગોટાળો–ગરબડ કરી મૂ-કવી. ( કામમાં )

"ઉપરીઓ ફરીયાદ કરનારને ગમે તેમ સમજાવી કાઢી મૂકે અથવા કામ ચલાવ-વાની જરૂર પડે તો તેમના કામનો ગોટો વાળી ઉડાવી દે."

ગર્ધવસેન.

૨. બોલવામાં લથડવું; અટકી પડવું; અચકવું. 'તેણે હવે ગોટા વાળવા માંડ્યા.

૩. રૂપિયા વગેરે લઈ છાનુંમાનું નાશી જવું.

૪. ગુંચવણ–ભૂલ કરવી.

**ગોણી વાળવી,** સુવાસણને જમાડવી.

**ગોથ ખાવી**–મારવી, કનકવાનું ઊંધે માથે નીચું વળી જવું–સુઈ જવું.

**ગોથું ખાવું,** છેતરાવું; ભૂલ કરવી; ભૂલાવા-માં પડવું; ગફલત કરવી.

"કનકમાલિકાને સુવર્ણસરોજિકામાં શોધ કરવા મોકલી તે ત્યાંની ત્યાંજ રહી, ગોપબંધુએ એને પણ ગોથું ખવરાવ્યું છે કે શું? જો એમ ન હોય તો આટલી બધી વાર કેમ લાગે?"

સત્યભામાખ્યાન.

'તેણે તે કામમાં જબરૂં ગોથું ખાધું.'

"જેનું કામ તે તેણે થાય,
બીજા કરે તે ગોથું ખાય."

પ્રાચીન કાવ્ય.

**ગોથું મારીને સુઈ જા** એટલે ઊંધે માથે પડી રહે.

**ગોધરાની ડાકણ,** ( ગોધરા તરફ ડાકણો બહુ હોય છે તે ઉપરથી ) ગોધરાની ડા-કણ જેવી દેખાતી હરકોઈ સ્ત્રીને વિષે બો-લતાં વપરાય છે. ( ખેડા કે પંચમહાલ જીલ્લા તરફ )

**ગોધે આવવું,** ગાયે સવાણે આવવું.

Gandhi Heritage Portal

**ગોપીચંદન કરવું,** વસ્તુને ભાગી તોડી તેનું નામ ન રહે તેમ કરવું; સંહાર કરવો.

૨. નુકસાન કરવું; બિગાડ કરવો.

**ગોફણિયા લાડુ,** ગોફણમાંના ગોળા જેવા નાના થોડા ઘીના ગબડતા લાડુ.

**ગોરધન પર્વત,** અન્નનો મોટો જથો.

કાર્તિક શુદ ૧ ને દિવસે ગોવર્ધન પર્વતને નિમિત્તે અન્નના સમુદાયનો ગોવર્ધન કરી તે ગોવર્ધન સહિત **श्री कृष्ण प्रीत्यर्थं गोवर्धन पूजन गोपालपूजनात्मकं महोत्सवं करिष्ये ।** એવો સંકલ્પ કરી ગોવાળોની પૂજા કરવાની રૂઢિ છે, એ રૂઢિમાં પોતાની સંપત્તિ પ્રમાણે મહા નૈવેદ્ય ( અન્નનો પર્વત કરી ) દેવામાં આવે છે તે ઉપરથી ભાણામાં બહુ પીરસાયું હોય ત્યારે કહેશે કે આ શો ગોવર્ધન પર્વત પૂર્યો છે ?

**ગોરંભો ઘાલવો,** રસ્તો ન નીકળે; કામમાં સૂઝ ન પડે એવી સાંકડમાં આણી મૂકવું; ગુંચારો કરી મેલવો; નીકાલ ન થાય ને ખોટી થઈ રહેવું પડે એવી અડચણ લાવી મૂકવી.

૨. ધુમાવું; ધુંધવાતું મોઢું રાખવું.

૩. વરસાદ ચઢી આવવો.

**ગોલખમાં નાખવું**–મૂકવું, ઠેકાણે કરી દેવું; ગલ્લામાં મેલવું; પોતાનું કરીને પોતાના કબજામાં રાખવું.

**ગોવાનું ગડગડિયું,** ( ગડગડિયું–ગડગડ થતા અવાજવાળું શ્રીફળ કોઇને વિદાય કરતી વખતે આપવાની રૂઢિ છે. ગોવામાં શ્રીફળની છત વિશેષ છે તે ઉપરથી ગોવાનું ગડગડિયું અને તેના લાક્ષણિક અર્થે ) રજા; બરતરફી; શ્રીફળ; વિદાયગિરી.

"દાવાનળ વખતે જેમ લીલું સુકું સર્વ બળીને ખાખ થઈ જાય છે તેમ અધિકારીની બદલી થતાં નાલાયક આશ્રિતોની સાથે ભોગજોગે સારો નોકર રહી ગયો હોય તેને પણ ગોવાનું ગડગડિયું મળે છે."

ગંધર્વસેન.

**ગોળ ખાધા સાથે કામ,** બીજી લપ્પનછપ્પનમાં ન પડતાં ફાયદો મેળવ્યા સાથે કે અર્થની સિદ્ધિ સાથે કામ.

"આપણે ગોળ ખાધા સાથે કામ રાખવું; તેની હાએ હા ભણીને હળવે હળવે બધું કામ કાઢી લેવું."

સરસ્વતીચંદ્ર.

"વયસ્ય, આ અવસર ગમે ત્યાં બેસી ગોળ ખાઈ લીધા જેવો છે."

તપત્યાખ્યાન.

**ગોળગોળ,** મતલબ ન સમજાય તેવું; ગરબડિયું; અડધુંપડધું; અહિંનું તહિંનું. **ગોળગોળ કરી નાખવું** એટલે મીઠું બોલી સામાનું મન પીગળાવી દેવું; ગોળ જેવું નરમ કરી દેવું; મન પલાળવું; પોતાના મતમાં લાવવું.

"વાક્ચાતુર્યથી સરદારખાએ સુબાને ગોળગોળ કરી નાખ્યો, અને વાતમાં ને વાતમાં કહ્યું કે સુબાસાહેબ, શોખીન થઈ કેમ ભૂલો છો ?"

ગુ. જુની વાર્તા.

**ગોળધાણા વહેંચવા,** વધામણીમાં અથવા સારા કામના આરંભમાં ખુશબખ્તી દાખલ ગોળધાણા વહેંચવાની રીત છે તે ઉપરથી ખુશબખ્તી થવી; ગળ્યાં મોઢાં થવાં; વિજય–ફતેહ થવી; આનંદ દર્શાવવો.

**ગોળ ભમરડા જેવું,** ન સમજાય તેવું.

૨. ભમરડાના આકારનું; મોટું બોડું; રદ; બાતલ.

**ગોળવાળી જીભ,** મીઠી–મધુર શબ્દો બોલનારી જીભ. 'એની જીભમાં ગોળ છે' એમ પણ બોલાયછે.

Gandhi Heritage Portal

**ગોળના પાણીએ ન્હાયા,** છેતરાઈ ગયા; ભૂલ થાપ ખાધી; ભૂલાવામાં પડયા.

'આવ્યા એવા જાઓ ને ગોળના પાણી એ ન્હાઓ' એ કહેવત છે.

**ગોળનું ગાડું,** ખુશાલી ઉપજે ને મોઢાં ગળ્યાં થાય એવો કોઈ મોટો લાભ.

"રામ નામની ધુન લગાવે, અલમસ્ત જોગી અનેક, ત્યારે યાદ પરશુરામ કરાવે વિસરાવી વાણીને વિવેક, ગોળનું ગાડું દાખેરે, કર્મકુટ કેતી કહું."

ધીરો ભકત.

"એ ન્યાયાધીશની પાસે એકાદ મુકર્દમો, ટંટો કે ફરિયાદ આવી કે જાણે ગોળનું ગાડું મળ્યું."

કૌતુકમાળા.

**ગોળમટોળ,** મીડું; અને તે પરથી લાક્ષણિક અર્થે શૂન્ય; રદ; બાતલ.

**ગોળાને તળિયે તાવ આવ્યો,** તાવ આવ્યો ન હોય અને શરીર ગોળાના તળિયા જેવું ઠંડું હોય તેમ છતાં કોઇ કહેશે કે મને તાવ આવ્યો છે તો તેને કહેવામાં આવેછે કે શું તને ગોળાને તળિયે તાવ આવ્યો છે? ( મશ્કરીમાં )

**ગોળી બેસવી,** ધોકકો પહોંચવો; માણસ અથવા પૈસા સંબંધી મોટું નુકસાન થવું; માણસ અથવા પૈસે ટકે ભાગી જવું.

એ બિચારા ને ઘેર ગોળી બેઠી."

"આ તો કંસારના મેમાન છે તેથી પાંચસાત રૂપિઆને ઘેર ગોળી આવે એવુંછે."

કૌતુકમાળા.

**ગોળી વાગવી,** ગોળી વાગી હોય તેવી દશા થવી; ધોકકો લાગવો; માર્યું જવું.

૨. એકાએક અડચણ આવી પડવાને લીધે કંઇ કામ ન થઈ શકવું.

**ગોળીએ પડવું,** કોઈ ધોક્કા—નુકસાનને લીધે માર્યું જવું.

"બુદ્ધિ રણમાં પડી ગોળિયે, શૌર્ય થયું દીસે ઘાયેલ; માથું રે' ધડપર ચોટયું પણ, પડે પાઘડું ડફ હેઠળ."

પાણિપત.

**ગોળીનું પાણી સુકાવું,** માણસે ભાગી જવું; માણસ કે પૈસા તરફનું મોટું નુકસાન થવું.

'કંકાસથી ગોળીનું પાણી પણ સુકાય.'

**ગોળે વીંટાળીને કહેવું,** સામા માણસને સારૂં લાગે એમ મધુર શબ્દોથી બોલવું; ઉપર ઉપરથી મધુર શબ્દો વાપરી પોતાને જે કહેવું હોય તે બંધ બેસતું કહેવું.

**ગોળો ગબડાવવો,** વચમાં હરકત કરવી; અડચણ નાખવી ( કાંઈ બોલીને અથવા કોઈ ન જાણે એમ યુક્તિથી—પ્રપંચથી. )

ભવિષ્ય ભાવનાના રંગપર ચઢી મિથ્યા મનોરાજ્યના ગેબી ગોળા તે ગબડાવવા લાગ્યો."

અરેબિયન નાઇટ્સ.

"માજીએ બેઠાં બેઠાં ઘડપણમાં કેવા ગોળા ગબડાવેછે તે કંઇ જાણ્યું કે? બીજી પત્ની ની તપાસ કરાવેછે."

તપત્યાખ્યાન.

**ગોળોને ગોફણ સાથે ગઈ,** અલા બલા બધી સામટી ટળી ગઇ,—જતી રહી; તમામ નડતર દૂર થયું.

**ગોળોપિંડાળો,** ગોટાળો; ગરબડ ગોટો; ઊંધું ચત્તું—સથર પથરકરી મૂકેલું તે.

"આ ઠેકાણે ફારશી શબ્દ કેમ લખ્યો ને આ ઠેકાણે સંસ્કૃત કેમ લખ્યો એવી આભડછેટથી અમે ડરતા નથી પણ અમુક વિચાર પદ્ધતિમાં ગોળોપિંડાળો વળતો હોય તેથી અમે બહુ ભય પામીએ છિયે.

પ્રિયંવદા.

**ગોળો વાળવો,** ઊંધું ચત્તું કરી મેલવું; ન સમજાય એવું સથરવથર કરી નાખવું;



Gandhi Heritage Portal

અગડંબગડં–ભલિવાર વિનાનું કરી બગાડી નાખવું.

**ગૌડ બંગાળી,** ( ગૌડ અને બંગાળા એ દેશના લોકો જાદુઈ કળાને માટે પ્રખ્યાતછે. તે ઉપરથી ) જાદુગર–જાદુ મંત્ર જાણનારો.

૨. સાધારણ બુદ્ધિના લોકથી ન સમજાય અને અચંબો લાગે એવી કૃતિઓ જાણનારો; કારણ–યુક્તિ ન માલમ પડે એવો અજાયબ ખેલ કરનારો.

**ગૌમુખો વાઘ,** જેનું મોઢું ગાયના જેવું ગરીબ પણ કાળજું વાઘના જેવું ક્રૂર હોય તે; અંદરથી વાઘ જેવો નિર્દય પણ બહારથી ગાય જેવો દેખાતો હોય તેવો પુરૂષ અથવા સ્ત્રી.

**ગ્રહ કઠણ થવા,** દિવસ વાંકા થવા; નસીબદૈવ પ્રતિકૂળ થવું.

**ગ્રહ ગામ જવા,** દહાડા વાંકા હોવા; નસીબ પ્રતિકૂળ હોવું; સારા ગ્રહ ઠેકાણે ન હોવા; સિકંદર પાધરો ન હોવો.

૨. અક્કલ–બુદ્ધિ જવી.

"ખરૂં પૂછો તો મારા દહાડાજ વાંકા બેઠા છે અને મારા સઘળા ગ્રહોએ ગામ જવા માંડયું છે અને મારી દુર્દશા થવાનો સમય પાસેં આવતો જાય છે."

કરણ ઘેલો.

"મારા ગ્રહ ગામ ગયા નથી કે એક વાર વઢવા આવી, સોળ સહસ્ત્ર સાલ હોરાવ્યાં અને બીજી વાર લઢવા આવી કંઇનું કંઇ કરાવું?"

સત્યભામાખ્યાન.

"ભૂભાસ્કર કહછે, જો, હવે કંઈ મારા ગ્રહ ગામ નથી ગયા કે હું વિચાર કર્યા વિના તારી સાથે બોલું?"

ભામિનીભૂષણ.

**ગ્રહ ઘરેણે મૂકવા,** નશીબ પ્રતિકૂળ હોવું.

૨. અક્કલ ગુમાવવી; બુદ્ધિ ખોવી.

"મારા ગ્રહ ઘરેણે નથી મૂકયા તો, કે હું તમારૂં માનું–કદાપિ તમારૂં કહેવું ખરૂં હોય તોપણ."

તપત્યાખ્યાન.

**ગ્રહ વાંકા હોવા,** સિતારો પાધરો ન હોવો; દહાડા નબળા હોવા; નશીબ અનુકૂળ ન હોવું.

"મધુરીમેના મુખે, હરિ ગુણો સુણતા પાધરા થાય ગ્રહ હોય વાંકા."

નર્મ કવિતા.

**ગ્રહણ કાઢવું,** ( ઘરમાંથી ), ઘર લીંપવું,વાળવું, ઝાડવું, ભીંતોને છાપરાં સાફ કરવાં, વળી નવેણુ ધોળવો,દીવીઓ ચાડાં વગેરે સાફકરવાં, કલેઢાં, કોડીઆં વગેરે કાઢી નાખવાં, તમામ વપરાતાં કપડાં ધોવાં વગેરે; ઘર ધોળી કરીને સાફ કરવું.

# ઘ.

**ઘડો ભરવા જવું,** મરી જવું.

( અગાઉ લોકો માળવામાં ઘઉં ભરવા જતા હતા, તે ભાગ્યેજ પાછા ઘર તરફ આવી શકતા હતા; કારણ કે તે વખતે ફાંસિયા અને ઠગ લોકોનો ભય બહુ હતો. તે ઉપરથી )

**ઘટસ્ફોટ કરવો,** ફરીથી નજ કરવો એવા નિશ્ચયથી સંબંધ છેલ્લો તોડી નાખવો; છેડા છુટકા કરવા; (મડદાને બાળીને ચીતા છાંટયા પછી છેલ્લી વારે તે ઠેકાણે મોઢું ફેરવી તોડી ફોડી નાખે છે, તે ઉપરથી લાક્ષણિક અર્થે, અથવા ઘટસ્ફોટ સંબંધી ધર્મસિંધુમાં આ પ્રમાણે લખેલું છે–

**यस्य घटस्फोटः कृतस्तेनसह**
**संभाषण स्पर्शादि संसर्गोन**
**केनापि कार्यः ।**
**करणे पतित तुल्यता.**

અર્થ.–જેનો ઘટસ્ફોટ કીધો તેની સાથે બોલવું, સ્પર્શ ઈત્યાદિ સંબંધ કોણે પણ કરવો નહિ, કરે તો તે પતિત સરખો થાય

Gandhi Heritage Portal

છે તે ઉપરથી)

"સુલતાનની પુત્રી સાથે પોતાના પુત્રનાં લગ્ન થાય તે ઉમેદ તો વજીરની પાર પડી પણ તેણે જોયું કે પોતાના પુત્રે પાકો ઠરાવ કીધો છે કે હવે ઘટસ્ફોટ કરવો ત્યારે તેવો નિશ્ચય જોઈ તે ઘણો ગભરાયો."

અરેબિયનનાઈટ્સ.

૨. નિશ્ચય-નિકાલ જાહેર કરવો; તોડ કરવો; છેવટ આણવું.

૩. ઠેકાણે કરવું; મારી નાખવું.

**ઘટસ્ફોટ થવો,** (પ્રેતને લઈ જતી વખતે પાણીનો ઘડો ફોડી નાખવાની રૂઢિ છે તે ઉપરથી) મોત ફરી વળવું; ઘટસ્ફોટ થયો હોય તેવી દશા થવી; મોટી દુર્દશામાં આવી પડવું.

૨. ઠેકાણે થવું.

"મારો ઘટસ્ફોટ ત્યાં જ જાણે થઈ ગયો એટલે કે મારા સંરક્ષણનો પણ કાંઈ ઉપાય રહ્યો નહિ."

અરેબિયનનાઈટ્સ.

૩. જાહેર થવું.

**ઘડાના કળશિયા કરવા,** નકામી ભાંગ ફોડ કરી નુકસાન વેઠવું; ખોટનો ધંધો કરવો.

**ઘડાઈ ઘડાઇ ને ઠેકાણે આવવું,** ઠોકર ખાઈ ખાઇને સુધરવું; અનુભવી બનવું; પુખ્ત થવું; પાંશરૂં થવું.

'ભાઈ ઘડાઈ ઘડાઇને હવે ઠેકાણે આવ્યા છે!'

**ઘડી નાખવું,** મારી મારી પાંશરૂં કરવું; માર મારવો. (ધાતુને ઘડી ઘડીને પાંશરી કરે છે તેમ) ઘડાઈ જવું એટલે માર ખાવો.

**ઘડીઓ ગણવી,** ઘણીજ આતુરતાથી વાટ જોયાં કરવી;

૨. મરવાની તૈયારી પર આવવું.

"મહમુદે પણ જાણિ વાત કે, કદાવિ ઘોડો ચઢયો રણે; આવિ ઉભો જ્યાં હતું તિરૈરી, ભૂખિ પાણિપત ઘડી ગણે.

પાણીપત.

**ઘડીઓ ગણાવી,** (શાસ્ત્રમાં એમ મનાય છે કે માણસનું મુકરર આયુષ્ય હોય છે, ત્યાં સુધી તે જીવેછે. તે ઉપરથી બાકી રહેલી ઘડીઓ પૂરી થતાં તેનો જીવ જવાનો એવા નિશ્ચયથી મરણપથારી પાસે સંબંધી વર્ગ બેશી રહેછે તે ઉપરથી) મરવાની તૈયારી થવી; અંતસમય નજદીક આવવો.

"એક ગયો મશાણમાં, બીજાનું ઓસડ થાયરે. ત્રીજાની ઘડીઓ ગણાયછે, ચોથાની ઠાઠડી બંધાયરે, સરજનહાર.

કવિ બાપુ.

**ઘડીના છઠ્ઠા ભાગમાં,** સહજ વારમાં; જો જોતામાં; થોડીવારમાં.

"આ પ્રવાસની વાત સાંભળવામાં લેસડિમોનાનું ચિત્ત એટલું બધું પરોવાતું કે જો કોઈ વેળા ઘરમાં કોઈ કામે બોલાવે તો તે વહેલી વહેલી ઘડીના છઠ્ઠા ભાગમાં પરવારી ને ઝટ પાછી આવતી."

શે. કથાસમાજ

"મોટા મોટા મુનિઓનાં વ્રત તો અપ્સરાઓ એ ઘડીના છઠ્ઠા ભાગમાં ભંગ કરાવ્યાં છે."

નવી પ્રજા.

**ઘડો ગાગર થવી,** સારો નરતો નિકાલ-ફેંસલો થવો; આખરનું પરિણામ આવવું. (કોઈ અનિશ્ચિત વાતને માટે વપરાયછે.)

'ચાક ઉપર પેંડો'-ઘડો ઉતરશે કે ગાગર એ શામળ ભટ્ટની બનાવેલી વાત ઉપરથી આ પ્રયોગ નીકળ્યો છે.

**ઘડોઘાટ,** નિકાલ; ફેંસલો. ઘડોઘાટ કરવો એટલે મારી નાખવું; ઠેકાણે કરી દેવું; નિકાલ આણવો; ખરાબ દશાને પ્રાપ્ત કરવું; મોટા નુકસાનમાં આણી મૂકવું; ઘડો ફૂટી જવા જેવી માઠી દશા થવી. (જુઓ ઘટસ્ફોટ કરવો.)

Gandhi Heritage Portal

"રણજીતને રૂપાળી સાથે સંબંધ હતો, એ દુષ્ટરાયને માલમ પડવાથી એનો ઘડો ઘાટ કરવાનો વિચાર થયો."

સરસ્વતી ચંદ્ર

**ઘડો ફુટવો,** ( જુઓ ઘટસ્ફોટ થવો.)

૨. છુપું રહેલું જે કંઈ તે ઉઘાડું પડવું; જાહેર થવું. 'પાપનો ઘડો ફુટયો.'

૩. ( આયુષ્યનો ) મરી જવું અથવા મરી જવાજેવી હાલતમાં આવવું; મોટું નુકસાન થવું; તંગીમાં આવી પડવું; પાયમાલ થવું; નહિ જેવું થઈ જવું; ખરાબખસ્ત થવું; દુર્દશામાં આવી પડવું; ખરાબેહાલ થવું; ખંડિત થવું; પડી ભાગવું; ધબાય નમઃ થઈ જવું.

"ડંકો વાગ્યો આજ ખુબ સુધારા તણો જો
ઘડો ફુટી ગયો ટપ વલ્લભ મતનો જો;"

નર્મ કવિતા.

**ઘડો ભરાવો,** ઠેઠ સુધી પહોંચવું; શિખરે પહોંચવું; બદલો અથવા શિક્ષા જે મળવાનું હોય તે મળવાની તૈયારી પર આવવું. "તેના પાપનો ઘડો હવે ભરાયો છે."

૨. ( આયુષ્યનો ) મરી જવાની તૈયારી પર આવવું.

**ઘડોલાડવો થવો,** ( પ્રેતશ્રાદ્ધ કર્યા પછી ઘડા ઉપર લાડવો મૂકીને બ્રાહ્મણને આપવામાં આવે છે તે ઉપરથી ) મોત થવું; મૃત્યુ પામવું.

૨. ખરાબ થવું; મોટી નુકસાનીમાં આવી પડવું; ઘડો લાડવો થયો હોય એવી દશા થવી. ( લાક્ષણિક )

૩. પાર પડવું—થવું; એક નિશ્ચય પર આવવું.

"આ આખરના પ્રયત્ને હું તેના હાથમાં સજડ સપડાઇ અને સુભાગ્યે કરીને આ પ્રસંગે તમે ત્યાં હાજર હતા તેથીજ હું બચી, નહિતર મારો ઘડો લાડવો થવામાં બિલકુલ બાકી નહોતી."

અરેબિયનનાઈટ્સ.

"જો આપણો ઘડો લાડવો થઈ ગયો તો કોઈ નથી રીસાવનાર કે મનાવનાર, માટે ચાલો જઈ જુની આંખે નવા તમાસા જોઈએ."

તપત્યાખ્યાન.

**ઘંટ વાગવો,** ખાલી થઈ જવું; ખપી જવું; વપરાઈ જવું. **શંખ વાગવો** પણ બોલાય છે. 'ઘરમાં ઘંટ વાગે છે.'

**ઘંટડી વગાડો,** મતલબ કે ઘંટડી વગાડી ભીખી ખાઓ—ભીખ માગો. ગોંસાઈ લોકો વગાડી ભીખી ખાયછે તે ઉપરથી અમુક વસ્તુ ખુટી પડેછે ત્યારે એમ બોલાયછે.

**ઘંટીટકોરો કરવો,** ઘંટીના અવાજની પેઠે વારંવાર ટકોર ટકોર—ટોક ટોક કરવું.

**ઘંટીનું પડ ટાંગવું—( ડોકે ),** ઘંટીનું પડ ટાંગવા જેવું કોઈ વસમું લાગે એવું કામ વળગાડવું.

**ઘણ વખતે સાપ કાઢવો,** અણીને પ્રસંગે વચમાં અટકાવ નાખવો.

**ઘણાં વાનાં,** ઘણી રીતની સમજણ; બહુ બહુ રીતે સમજાવવું તે.

૨. ઘણો વખત રોકે એવું કામ શરૂ કરવું અને પછી તે ઉતાવળથી પૂરું કરવાની આશા રાખવી.

**ઘણાઘણી,** ઘણો સ્નેહ—વ્યવહાર.

**ઘણું કરવું,** ઘણાં ઘણાં વાનાં કરવાં; બહુ બહુ રીતે સમજાવવું.

**ઘણું હોવું,** ઘણો મંદવાડ હોવો.

'હાલમાં એને ઘણું છે માટે જોવા જાઓ."

**ઘનચક્કર,** (घन—વાદળ+चक्र) ઘનચક્ર—વાવાઝડમાં ચઢેલું—વાયે ચઢેલું તે ઉપરથી ઉધાનપાયા; વલવલતું; ચસ્કેલ; ઉડાઉ તબિયતનું; વાદંડી; કુઢંગી.

**ઘનપાઠી વેદીઓ,** ( વેદ ભણવાના એક પ્રકારને ઘનપાઠ કહે છે તે ઉપરથી ) સાર

Gandhi Heritage Portal

# ટ

**ટકા કરવા,** પૈસાને માટે વસ્તુ વેચવી; વેચીને પૈસા કરવા.

૨. પૈસા એકઠા કરવા; પુંજી કરવી; દ્રવ્યનો સંગ્રહ કરવો.

**ટકા ચઢાવવા,** વધારી વધારીને કહેવું; અતિશયોક્તિ કરવી, મીઠું મરચું ભભરાવીને બોલવું.

**ટકાના ત્રણશેર,** સસ્તામાં ગણી કાઢેલું તેવું; કંઈ લેખામાં નહિ તેવું. "લંડન એ સૌને ટકાના ત્રણશેર કરી મૂકે છે. શું નાના કે મોટા, રાજા કે રાણા, ગરીબ કે તવંગર સૌની કિંમત લંડનમાં સરખી છે. દેશના નાક, હીરા કે પથરા તે પણ લંડનમાં ટકાના ત્રણશેર ખપે છે."

ગુજરાતી (૨૫-૬-૯૩.)

"ટકાના ત્રણશેર ને ઉપર બે માગ્યા" એમ પણ બોલાય છે. વળી કેટલાક 'ટકે શેર' પણ વાપરે છે."

"આજકાલ મુંબાઈમાં પણ રાજાઓ ટકે શેર છે તો પછી ઈંગ્લાંડમાં તેઓનો ભાવ મોટો ને ઊંચો હોય ક્યાંથી?"

ગુજરાતી.

**ટકાની પિંજારી,** ગરીબ; નબળું; હલકું અને બીકણ; માલ વિનાનું. (માણસ)

**ટકાનું માણસ,** (ઓછી કીંમતનું.) ઓછું પાત્ર; વિવાહનું બારમું કરે એવો; લાંબી અક્કલ વિનાનું; હલકું; પાજી.

"ટકો પણ કિંમત તેની ન હોય."

કવિ દલપતરામ.

"ટકાની ડોશી ને ઢબુ મુંડામણી" એ કહેવત.

**ટકોરો મારે એવું,** આંટવે એવું; ગુણ-મમતામાં ચઢીઆતું-વધે એવું. બીજાની સાથે સરસાઈમાં ચઢીઆતું. ગુણ-સ્વભાવ-કર્મ વગેરેમાં વપરાય છે.

"છગનલાલ, ગીરધરલાલને ભણવાની બાબતમાં ટકોરો મારે એવો છે."

"દીવમાં ગેંડાની ને કચકડાની દાબડીઓ થાય છે તે વિલાયતી દાબડીઓને ટકોરો મારે એવી હોય છે."

દૈ. કા. ઉત્તેજન.

**ટટ્ટી ઉડવી-થવી,** અપમાન કે ધિક્કારને પાત્ર થવું.

**ટટ્ટુ ચાલવું,** (ધીમે ધીમે થતું કામ તે ટટ્ટુ.) કામ ચાલવું; કામ નભવું-થવું-પાર પડવું.

૨. ચલણ હોવું.

૩. ઉપાય-ઈલાજ ચાલવો.

"લાડકોર કોઈ વાર અળસાઇને ગાળિયું કાઢી નાખવા ધારતી હોય તો મોંએ ચઢાવેલી ને હઠીલી ધનલક્ષ્મી તેનું ટટ્ટુ ચાલવા પણ ન દે."

બે બહેનો.

"વેશ ધરી વિદ્વાનનો,
ભરી સભામાં જાય;
ટટ્ટુ નીભે ત્યાં સુધી,
પાખંડી પૂજાય.

કાવ્યકૌસ્તુભ.

**ટપલા ખાઈ ખાઈને ઘડાવું,** ઠપકા ખાઈ ખાઈ સુધરવું; ઠોકરો ખાઇને રીતમાં આવવું; દુઃખ વેઠી-અડચણો ખમી ઠેકાણે આવવું.

(કુંભાર માટીનાં વાસણને ટપલાથી ટીપી ઘાટમાં આણે છે તે ઉપરથી.)

**ટપલી મારવી,** (દીવાને.) દીવાને વડો કરવા સારૂ હાથની ઝપટ મારવી.

**ટપલો માથે રહી જવો,** તહોમત-બટ્ટો-દોષ-આળ-કેણી ચાલવી (લોકમાં.)

"મંછીવહુની અધરણીની નાતનો દોઢ વરસથી ટપલો માથે રહી ગયો છે તે તો ઉતારવો જોઇએ.!"

Gandhi Heritage Portal

"ટપલો મૂકવો–રહી જવો' એમ પ્રયોગ થાય છે.

**ટપવું ટપી જવું,** ફલંગ મારી કુદી જવું.

**ટપ્પો મારવો,** ગપ ચલાવવી–ફેલાવવી.

૨. યુક્તિસર બંધ બેસતા શબ્દો બોલવા.

**ટલ્લે ચઢાવવું,** વાયદા કરવા; આશા આપી ફોગટ ફેરા ખવડાવવા; રખડાવવું.

૨. ઊંચે ચઢાવવું; ઉશ્કેરવું; ફુલાવવું; ચઢાવવું.

**ટલ્લા ખવડાવવા,** પણ અર્થ ૧ માં બોલાય છે.

**ટાંકી લાગવી,** રોગપર દવાની અસર થવી.

૨. પત્તો ન લાગવો.

**ટાચકા ફોડવા,** દોષની ચરચા કરવી; નિંદા કરી હલકું પાડવું; તતડાવવું.

"જેના હોય તેના ટાચકા શું ફોડયા કરે છે?"

**ટાટલું કરવું,** એઠાં વાસણ માંજી સાફ કરવાં.

**ટાંટિયા કહ્યું કરતા નથી,** ચાલી ચાલીને પગ થાકી ગયા છે અથવા પગમાં ઘણી કળતર થાય છે.

**ટાંટિયા ગળે આવવા,** જુઓ **ગળે આવવું.**

"પુરાવાની સાંકળ તો તૈયાર કરી પણ એટલું કર્યા છતાં આખરે મારા ટાંટિયા મારાજ ગળામાં આવ્યા તો કરવું કેમ?"

મણિ અને મોહન.

**ટાંટિયા જોરમાં હોવા,** ઉમંગ–ઉત્સાહની સ્થિતિમાં હોવું; આશાભર્યું હોવું. "આજ કાલ તેના ટાંટિયા જોરમાં જણાય છે."

**ટાંટીયા ભાગવા–બેસવા,** એ તેથી ઉલટો પ્રયોગ છે.

**ટાંટિયા તૂટી પડવા,** થાકી જવું અથવા પગમાં ઘણી જ કળતર થવી.

**ટાંટિયા રહી જવા** પણ બોલાય છે. જેમ–"મારા તો ચાલી ચાલીને ટાંટિયાજ રહિ ગયા."

**ટાંટિયા તોડવા,** નકામા ધક્કા ખાવા–ફેરા ખાવા. (કંટાળામાં વિશેષ વપરાય છે.)

"બેસની અમસ્તો ભાઇ, ઠાલી ટાંટિયા તોડવા કોણે કહ્યા છે.?"

**ટાંટિયા પહોળા થઈ જવા,** ગભરાઈ જવું; ભયથી સથરવથર થઈ જવું; શીયાંવીયાં થઈ જવું. (પગની સ્થિરતા ન રહેવી તે ઉપરથી લાક્ષણિક.)

**ટાંટિયા બેસવા,** છેકજ નિરાશ થઈ જવું; હિંમત હારી જવી; આશાભંગ થવું; નાઉમેદ થઈ જવું.

**ટાંટિયા ભાગવા,** (કાંઈ અકસ્માત માઠો બનાવ આવશે એવા વહેમથી, ઘડપણથી, નબળાઈથી, સખત માંદગીથી, નિરૂત્સાહથી કે નિરાશ થઈ જવાથી.) અશક્ત થવું; પગમાં જે જોર હોય તે નબળું પડી જવું; પગે નબળાઈ આવવી.

"અમુક વર્ષે મરવાનું છે એમ કોઈ ભવિષ્ય કહે ને તે આપણા મનમાં ઠસી જાય તો તેની ચિંતા આજથી થાય અને તે વર્ષ નજીક આવતું જાય તેમ તેમ સોરણ ને સંતાપથી આપણા ટાંટિયા ભાગતા જાય."

બે બેહેનો.

"અરેરે, તે જતો રહ્યો હોય તો મારા ટાંટિયા ભાગી ગયા, હાય હાય? મારી કમ્મર લચી પડી, અરે હું શું કરૂં?

અ. ના. ભા. ૧ લો.

૨. નબળું કરવું; જે મૂળ જોર હોય તે કમી કરવું.

૩. આગળ વધવાની હિંમત જતી રહેવી; ના ઉમેદ થઈ જવું.

**ટાંટિયા મેળવવા,** મેળ મેળવવો.(હિસાબમાં)

**ટાંટિયા રંગવા,** જુઓ **ટાંટીઆ ભાગવા.**

**ટાંટિયો કાઢવો–**ટાળવો, દૂર કરવું; જતું કરવું; આવતું જતું બંધ થાય એવી તજવીજ કરવી; પગ ટાળવો; ચલણ બંધ કરવું; ઘરમાં આવતું અટકાવવું. (ધિક્કાર–

Gandhi Heritage Portal

કંટાળાને પાત્ર થયેલા માણસને વિષે બોલતાં વપરાય છે. )

**ટાંટિયો ટકવો,** એકને એક જગોએ કે ધંધામાં સ્થિરતા વાળી રહેવું; નિરાંત ભોગવવી; પગ ઠેરવીને નિરાંતે બેસવું; નિરાંત વાળી લાંબા વખત સુધી ચોભવું.

"ભાઈ, મારી રાંડના દુઃખની તે હું શી વાત કહું? તેનો ટાંટિયો ઘરમાં ટકતોજ નથી, રોજ ઓછામાં ઓછી તે ચાળીસ વખત બહાર રઝળવા જાય છે."

સુબોધપ્રકાશ.

**ટાંટિયો વાળવો,** થાક ઉતારવો–ખાવો; વિસામો લેવો.

**ટાંડર કરવી,** વાંધો ઉઠાવી કજીઓ કરવો. ૨. ધ્રુજવું.

**ટાઢ તડકો,** સુખદુઃખ. **તડકોછાંયડો** પણ બોલાય છે.

'એ બિચારાએ ટાઢતડકો સુદ્દલે જોયો નથી.'

**ટાઢ ફેરા મારે છે,** ટાઢ પાસે આવી શકતી ન થી;ટાઢ વાતી નથી.

"શિયાળામાં એક બનાતનું બદન પહેર્યું કે ટાઢ ફેરાજ મારે."

**ટાઢક કરવી,** એકાદો પદાર્થ ખાઇ–ચોપડી શરીરને ટાઢું લાગે તેમ કરવું; પદાર્થમાં રહેલા ગુણથી ગરમી શમાવવી.

**ટાઢ ચઢવી,** તાવમાં ટાઢ ચડે છે ત્યારે કામ થઈ શકતું નથી તે ઉપર કોઈ કામ કરવાની ના પાડતું હોય અથવા કંટાળતું હોય ત્યારે તેના સંબંધમાં બોલતાં વપરાય છે.

'ખાવાનું જોઇએ છીએ ને કામ કરતાં તો ટાઢ ચઢે છે.'

**ટાઢાં પાટિયાં કરવાં,** ખાઈ પી નિરાંત ધરવી.

**ટાઢા દેવા,** ( ટાઢા ડામ દેવા. ) ઉપરથી દેખીતું સારૂં પણ કાળજામાં તીર વાગે તેવું કોઈ પ્રત્યે બોલવું; ડાવકે મોઢે મહેણું મારી સામા માણસનો જીવ બાળવો. ( બહાર દેખીતો ફોલ્લો ન ઉઠે પણ કાળજું બળે એવા જે ગુપ્ત ડામ તે ટાઢા ડામ કહેવાય છે. )

**ટાઢા પથરા જેવો,** ( માણસના સંબંધમાં ) ધીમું; સુસ્ત; એકને એક ઠેકાણે પડી રહે એવો ચંચળતા વિનાનો પુરૂષ; પથરાની પેઠે એકને એક ઠેકાણે પડ્યો રહે, અને ઊંચકીએ–ધમકાવીએ ત્યારે બીજી જગોએ ખસે તેવો.

"સત્યભામા,–અહો, એના તો ઉત્તર અનેક છે, પણ જવું તો ખરૂં. ચાલ્ય, ચાલ્ય, તું વહેલી ચાલ્ય; અલિ, વાહરે ! કેટલી વાર ! ટાઢા પથરા જેવી દેખાય છે ને શું ?

સત્યભામાખ્યાન.

૨. **ટાઢું ધોરાયા જેવું,** ( રાંધેલું ) **ટાઢું શીતળ,** ( પાણી. )

**ટાઢા પહોરનું,** ( ઠંડા પહોરની ઠંડા પવનની લહરીમાં જેમ વૃક્ષપત્ર આનંદથી હાલે છે અને તે ઉપર બેસનારાં કોકિલાદિ પક્ષીઓ ગુલતાન રહે છે તેમ ટાઢા પહોરની વાતો કે ગપાટામાં પણ ભેગા થયેલા માણસો ગુલતાન થઈ વાયરે ચઢે છે તે ઉપરથી ) નવરાશની વખતનું; નકામા–ગમતની ખાતર બરોબરિયામાં બેઠા હોઇએ તેવી નિરાંતની વખતનું; ઠંડા કાળજાનું. 'ટાઢા પહોરના ગપાટા.'

**ટાઢાં પાટીઆં કરવાં,** ખાઇને નિરાંત વાળવી.

**ટાઢા પાણીએ ખસ જવી,** વગર યત્ને કંટક ટળવું; વગર પ્રયાસે પીડા નાશ પામવી.

**ટાઢા પાણીનું માટલું,** ચું કે ચાં કર્યા સિવાય સઘળું મૂગે મોઢે જોયાં કરનાર માણસને વિષે બોલતાં વપરાય છે.

૨. ઠંડા મિજાજનું; શાંત સ્વભાવનું પણ લાગ આવે તો ગોળો ગબડાવે–ઉંધું છતું કરે તેવું.



Gandhi Heritage Portal

**ટાઢા સમ,** સમ ખવડાવવાની અસલ જૂદી જૂદી રીતો હતી. કોઈ મૂર્તિ આગળથી ધરાવેલાં ફૂલ ઉપાડી લેવાં અથવા કોઈ દેવને પગે હાથ મૂકવા એ ટાઢા સમ કહેવાય છે ઘણા આકરા ટાઢા સમ ખવરાવવામાં આવે ત્યારે બ્રાહ્મણને ગળે હાથ મૂકાવે છે અથવા એ કરતાં પણ ઘણા સખ્ત ખવરાવવા હોય તો ગાયને ગળે છરી મૂકાવવામાં આવે છે. એમ કરાવવાનો હેતુ એટલોજ કે જૂઠા સમ ખાય તો બ્રાહ્મણ કે ગાયને માર્યા જેટલું પાપ લાગે.

વળી ઉના તપાવેલા લોઢાની, ઉના ઉકળતા પાણીની, કે ઉના તેલની કોઈ અમુક સરતથી સમ ખવડાવવામાં આવે તેને **ઉના સમ** કહે છે.

**ટાઢિયો તાવ આવવો,** આ પ્રકારના તાવવાં બગાસાં આવે છે, અંગ ભાગે છે અને કામપર ચિત્ત લાગતું નથી તે ઉપરથી જે માણસ કામ કરતાં કંટાળતો હોય અથવા નાખુશી બતાવતો હોય તેને વિષે બોલતાં વપરાય છે કે એને તો ટાઢીઓ તાવ આવ્યો છે અથવા કામ કરતાં તો ટાઢીઓ તાવ આવે છે.

**ટાઢું ગાર જેવું,** તેજી વિનાનું; નમાલું. ( માણસ. )

**ટાઢું થવું,** શાંતિ થવી; નિરાંત વળવી.

"પાંડવ હરિએ મૂક્યા નથી, કૌરવપતિ ક્યાં થાઓ દુર્મતિ,

"વન ગયા તો ટાઢું થયું, હજી તમારૂં કપટ ન ગયું."

સુરેખાહરણ.

**ટાઢું છમ કરવું,** ગટ કરી જઈ—પચાવી પડી ઠેકાણે કરવી ( વસ્તુ. )

કોઈનું નાણું ઉચાપત કરી તે વિષે કાંઈ જાણતા નથી એમ બતાવવું.

"ઘણાં વર્ષ સુધી વછિયાત રૂપિયા લેવા આવ્યો નહિ, એટલે તો મુલ્લાંજીએ રૂપિયા ટાઢા છમ કરવા નિશ્ચય કર્યો."

ગર્ધવસેન.

**ટાઢું પડવું,** શાંત થવું; ચઢેલો ગુસ્સો—તામસવૃત્તિનું શાંત્વન થવું; નરમ પડવું; જોર કમી થવું; શાંતિ થવી; બંધ પડવું; શમવું.

'વાત ટાઢી પડી—હુલ્લડ ટાઢું પડ્યું, ઈ."

તે મારા ઉપર જેટલો તપી ગયો હતો તેટલોજ આખરે પસ્તાઇને ટાઢો પડયો."

૨. ઝાંખું થવું.

"માલ ટાઢો પડે તેથી કેટલીક વાર તો ખોટ મૂકીને પણ તે વધેરી દેવો પડે."

દે. કા. ઉત્તેજન.

૩. બુઝાવું.

'દેવતા ટાઢો પડયો.'

**ટાઢું પાડવું,** શાંત કરવું; જોસ્સો ઠંડો પાડવો.

૨. બુઝવવું.

**ટાઢું પાડી પલાળવું,** તપી ગયેલો—ગરમ થયેલો મિજાજ શાંત પાડી પોતાના મતનું કરવું; ધીમેધીમે યુક્તિસર સમજાવવું; પરમોદવું.

"હું તેને ટાઢો પાડી પલાળવા તો ગયો પણ શેનો પલળે ? એકનો બે થયો નહિ."

**ટાઢું પાણી રેડવું,** ( મનની વૃત્તિ પર ) અસર કમી કરવી; શાંત પાડવું; જોર ધીમું પાડવું—નરમ પાડવું.

"આ રાત તેના ધણી સાથે આનંદમાં કાઢવાનો ઠરાવ કર્યો હતો પણ કરણના દિલગીર ચહેરાએ તેના ઉલ્લાસ ઉપર ટાઢું પાણી રેડયું;"

કરણઘેલો.

Gandhi Heritage Portal

**ટાઢું પેટ,** નિરાંત; સંતોષ; કાંઇપણ ઉચાટ ન હોય એવી સ્થિતિ; નિશ્ચિંત હાલત. **ટાઢાં પેટ, વસતાં પેટ, દીકરા જણજો ને ઘર ભરજો** ' એમ આશીર્વાદ દેતાં સ્ત્રીઓ વાપરે છે.

**ટાઢું લોહી,** (જ્યારે નિરાંત અથવા શાંતિ હોય છે ત્યારે લોહી ઠંડું હોય છે અને જ્યારે ચિંતા–ઉગ્રતા–તમોગુણ હોય છે ત્યારે લોહી ગરમ થાય છે તે ઉપરથી.) નિરાંત; કોઈપણ તરફની ચિંતા ન હોય તેવી સ્થિતિ શાંતિ; ઉચાટ વિનાની સ્થિતિ.

"ભાઈ તમારે ટાઢા લોહીના રોટલા ખાવાના છે એટલે મકરકુંદીઓ શા સારૂ ન સૂઝે?"

"શૂરવીર રજપૂતાણિયોએ પોતાનાં પેટથી પણ વહાલાં બાળકોને પતિની પાછળ જવા માટે ટાઢા લોહીમાં કતલ કર્યા."

ગૂ. જૂની વાર્તા.

**ટાઢું હીમ જેવું,** ઘણું ટાઢું.

૨. ઘણુંજ પ્રિય અને શાંતિ ઉપજાવનાર.

"હું જે વખત કાંઈ નમાલી ખાવાની જણસ કે પાઈ પૈસો ચોરી લાવતો તે વખત તેને ટાઢો હીમ જેવો લાગતો હતો ને શાબાશી આપતી હતી."

કૌતુકમાળા.

**ટાઢો ઢાળવો,** બહુ તાપથી તપી ગયા હોઇએ ત્યારે ઝાડ વગેરેને છાંયે બેસી વિરામ લેવો.

"બપોર થવા આવ્યા એટલે જરા ટાઢો વાળવાને એક કુવા આગળ ઝાડને છાંયે બેઠા."

શિવલક્ષ્મીની વાર્તા.

**ટાઢો માર મારવો,** મુઠીઓ અને લાતથી સખત માર મારવો.

**ટાળો દેવો,** વાયદા કર્યા કરવા; ઉડાવ્યાં કરવું.

"ગુરૂજીએ ટાળો દીધો,
નૃપથી કેમ વિખૂટો કીધો."

માંધાતાખ્યાન.

**ટીકો કરવો,** (કપાળમાં.) નકામું આપી દેવું.

**ટીલીઆ ભગત,** (ઠેર ઠેર ટીલાં કરનાર.) ટીલાં કરી ભક્તિનો ખોટો આડંબર કરનાર.

**ટીલું ચાટી જવું,** મખ્ખીચૂસના જેવું આચરણ કરવું.

૨. કોઇનું હરણ કરી લેવું; છેતરવું; ઠગવું.

**ટૂંકું કરવું,** અમુક ચાલતી વાત ટૂંકાવવી; જતી કરવી.

૨. આ અર્થમાં "આયુષ્ય" અધ્યાહાર રહ્યો છે. જેમકે–'માતાએ મને ગળથુથીમાં ઝેર કેમ ન પાયું? પોતાના મરતા પહેલાં મને ટૂંકી કેમ ન કરી?"

મણિ અને મોહન.

૩. પતાવવું; દરગુજર કરવું.

**ટૂંપી નાખવું,** ચુંટી ચુંટી છૂટું કરવું એ તેના મૂળ અર્થ ઉપરથી) નિંદા કરી હલકું પાડવું; મહેણાં દઈ શરમીંદુ કરવું; નીચું જોવડાવવું; ઠોક મારી મારી નબળું કરવું.

**ટૂંપો દેવો,** કોઇનો નફો ખુંચવી લેવો; કોઇને નફો ખાવા ન દેવો; કોઇને નફો લેતાં વચ્ચે અટકાવ કરવો.

**ટેકનો તારો,** મહા ટેકીલો માણસ.

"રે તું તો કોઈ ટેકનો તારો જણાય છે. નાક પર માંખ બેસે તો નાક કાપી નાખે એવો."

પ્રતાપનાટક.

**ટેકનું પૂતળું** પણ વપરાય છે.

**ટેકરાં ટીપવાં,** જાડા જાડા રોટલા ઘડવા. (તિરસ્કારમાં અથવા બેદરકારીમાં વપરાય છે.)

Gandhi Heritage Portal

**ટેકો આપવો,** મદદ આપવી; અનુમતિ આપવી.

**ટેકો કરવો,** મદદ કરવી.

૨. આશ્રય આપવો.

**ટેકો પડી ભાગવો,** ( ઘરનો ટેકો પડી ભાગવો એટલે ઘર નિભાવનારૂં—જેને આધારે ઘર ચાલતું હોય તે માણસ ગત થવું.)

જેના ઉપર આધાર હોય તે માણસ અથવા વસ્તુ જૂદી પડવી–છુટી પડવી–ગત થવી; જેના પર ઝઝુમાતું હોય તેથી રહિત થવું; નિરાધાર બનવું.

**ટોપી લઈ જવી,** છેતરવું.

**ટોપી ઘાલવી,** દેવાળું કાઢવું.

૨. જનસમૂહમાં હલકું પડવું; નિર્લજ થવું.

૩. ખાખી થવું.

૪. સંસારમાંથી નીકળી જવું.

**ટોટલે મૂકવું,** ન લેખવવું; ન ગણવું; દરકાર ન કરવી; ધ્યાન ન આપવું; બેદરકારીથી ઊંચે દૂર મૂકી દેવું; કોરે મૂકવું; ઊંચું મૂકવું; વિસારી દેવું; સંતાડવું; મૂકી છાંડવું.

" છેલ્લે તેણે ઓથેલોને એવી સલાહ બતાવી કે કયાશીઓ સાથે સમાધાન કરવાની વાત હમણાં જરા ટોલ્લે મૂકો એટલે તમને જણાશે કે ડેસડિમોના કેમ આતુરતાથી કયાશીઓની વતી તમને સમજાવે છે. "

શે. કથાસમાજ.

" મોટા મોટા કેટલાએક દ્રવ્યવાન શરમાશરમી અને મોટાઇમાં પારકાને સારૂ મોટી ટીપો ભરે છે ને પ્રત્યક્ષ જે દેશી ગરીબો તેઓને આપવાનું અને દેશ સુધારવાનું કામ ટોલ્લે મૂકી છાંડે છે. "

નર્મગદ્ય.

**ટોટલો મારવો,** વિલંબ કરવાને અર્થે જૂઠી જૂઠી આશા આપી કામ લંબાવવું; મુલતવી રાખવું. **ટોટલો દેવો** પણ બોલાય છે.

---

# ઠ

**ઠગ પાટણનો રહેવાશી,** ( મોટું બહોળું અને જ્યાં ઠગાઈ જવાય એવું જે પાટણ તે ઉપરથી. ) લુચ્ચું; ખંદું; શઠ; ધુતારૂં.

" સત્યભામા–(મર્મ સમજવા જેવે વેષે) હલા નાગરિકા ! આતો બંનેય ઠગ પાટણનાં રહેવાશી દેખું ! અરેરે ! વિધાતાય વાડમાં વરસ્યો લાગે છે !"

× × × × × ×

" કૃષ્ણદેવ—અહો વરાનને ! અમે ઠગ પાટણના નથી એટલે અસત્ય બોલનારે નથી."

સત્યભામાખ્યાન.

**ઠકે ગયું ગાડું,** ફરી પત્તો ના લાગે એવી વસ્તુના સંબંધમાં એ વપરાય છે;

' ઇતિહાસ ભૂગોળમાં પણ ઠકે ગયું ગાડું હતું. '

બાળકોનો આનંદ.

**ઠઠ્ઠાની ડાકણ,** વેશ્યા; લંપટ સ્ત્રી.

' લોકોની સ્ત્રીઓને અનીતિને રસ્તે દોરનાર રાંડ ઠઠ્ઠાની ડાકણ તું રૌરવ નર્કમાં પડયા વિના રહેનાર નથી. "

મણિ અને મોહન.

**ઠંઠેરી કાઢવું,** તિરસ્કારથી કાઢી મેલવું.

" ગંડુપુરીને બીતિ પેઠી કે એ લુચ્ચો દખણી રખેને ફાવી જાય ને મને ઠંઠેરી

Gandhi Heritage Portal

કઢાવી દીવાનગીરી મેળવી લે,"

ગર્ધવસેન.

**ઠંડક કરવી—દેવી,** ધીમું—ટાઢું પાડી યુક્તિથી સમજાવવું. ( ગરમ મિજાજવાળા માણસને.) મધુર શબ્દો બોલી ગરમ થયેલા મિજાજને શાંત કરવો.

૨. ટાઢક કરવી જુઓ.

**ઠંડા લોહીનું,** નિરાંતનું; ઉચાટ વગરનું; સુખચેનનું.

**ઠંડી મશ્કરી,** ઉપરથી સમજાય નહિ ને અંદરખાને મશ્કરી થતી હોય તેને માટે આ પ્રયોગ વપરાયછે. દાવકું મોં રાખી કરેલી મજાક.

**ઠંડીલ જવું,** ઝાડે જવું; દિશાએ જવું; ખરચું જવું. (શ્રાવકોમાં)

**ઠંડું પાણી રેડવું,** શાંત પાડવું; નાઉમેદ કરવું; નિરાશ કરવું; નિરાશ કરવું; અસર ઓછી કરવી.

'આ સ્વદેશાભિમાનીએ એક કંપની ઊભી કરવા માગણી કરી પણ ડાહ્યા માણસો એ તેની આ યુક્તિ ઉપર ઠંડું પાણી રેડયું."

**ઠંડે પેટે,** નિરાંતે; ટાઢા લોહીએ; સંતોષ રાખીને.

૨. મોઢું દાવકું રાખીને.

"ઠીક ઠંડે પેટે એમ મશ્કરી કરતાં શીખ્યો છે? બકરી આદુ ખાતાં શીખી ખરી?"

**ઠણ ઠણ પાક આપવો,** માર મારવો.

**ઠણ ઠણ પાળ,** સમજ કે દ્રવ્ય વિનાનો પુરૂષ 'ઠણ ઠણ પાળને મદન ગોપાળ' એ કહેવત છે.

**ઠમક દીવી,** સુંદર બાંધાની અને મનોહર ચાલની સ્ત્રી.

**ઠરી ઠામ બેસવું,** નિરાંત વાળીને બેસવું; અસલ ઠેકાણે બેસવું-ઠરવું. નિવૃત્ત સ્થિતિમાં રહેવું; આડી અવળી ઉપાધિ ટાળી એક વૃત્તિએ રહેવું; હારી થાકી નિરાંત વાળીને રહેવું.

"પચાસે જઈ પહોંચ્યોરે, ઠેકાણે ન બેઠો ઠરી."

દયારામ.

**ઠાગા મારવા,** મોઇમાં દંડા મારવા. (રમતમાં.)

**ઠાઠાં બેસવાં,** દુર્દશામાં આવી પડવું; પડતી હાલતમાં આવી જવું.

૨. નાઉમેદ થઈ જવું; આશાભંગ થવું; હિંમત હારી જવી. ( લીધેલા કામમાં નિષ્ફળ થવાથી.)

**ઠાઠાં ભાગવાં-રંગવાં,** પુષ્કળ માર મારવો.

૨. એકદમ ઊંચેથી પડી જવાથી ઠાઠાંમાં ઇજા થવી.

**ઠાઠાં રંગાઇ જવાં,** ઠાઠાંમાં સખ્ત ઇજા થાય એવી રીતે વાગવું-પછડાવું.

"જાય છે કે નહિ; અહિં ઉભો તો ઠાઠાં રંગાઇ જશે તારાં."

૨. અણધારી નુકસાનીમાં આવી પડવું.

**ઠાઠાં વેરી નાંખવો,** મારી મારીને શક્તિહીન કરવું.

"બહુ બોલ્યો તો ઠાઠાં વેરી નાખીશ," ઠાઠાં-કમ્મરનાં હાડકાં જૂદે જૂદાં કરી નાખીશ.

**ઠાઠિયું બેસી જવું,** પડી ભાગવું; દુર્દશામાં આવી પડવું; જે આધારે કામ નભ્યું જતું હોય તે આધાર પડી ભાગવો.

**ઠામ બેસવું,-પડવું,** ખોવાયલું જડવું-હાથ લાગવું.

"મારૂં શોકય પગલું ખોવાયું હતું તે હવે ઠામ બેઠું અથવા ઠેકાણે પડયું ખરૂં."

૨. રંડાયલી સ્ત્રીએ નાતરે જવું; (કોળી-કણબી વગેરે નીચ જાતિમાં.)

'ફલાણી ફલાણાને ત્યાં ઠામ બેઠી.'

૩. હારીથાકી નિરાંત વાળીને રહેવું.

Gandhi Heritage Portal

" પોતાનાથી ન ચાલ્યું એટલે હવે ઠરીને ઠામ બેઠો."

**ઠામ ઠીંકરાં ઉપાડવાં,** ઉચાળા ભરવા; ઘરવાખરો ઉપાડી લઇ જવો; ઘરનો વપરાતો તમામ સામાન લઈ ઉપડી જવું.

**ઠામ ઠેકાણા વિનાનું,** પાયા વિનાનું; ઢંગ વિનાનું; ઉડેલ તબિયતનું; જરાક ઘેલછા વાળું; વાયેલ; ભલિવાર વિનાનું.

૨. ગોટાળા ભરેલું; ગરબડાટવાળું; અવ્યવસ્થિત.

" આ કામ ઠામ ઠેકાણા વગરનું છે" એટલે એમાં કંઈ ચોખવટ–ભલિવાર નથી

" મુરખને કહેતાં શું બેસે નાણું. મિથ્યા લવરી કરે મન ગમતી, નહિ તેમાં ઠામને ઠેકાણું.–મૂ "

દયારામ.

૩. પાયા વિનાનું.

" ઠામ ઠેકાણા વિનાનું માણસ" તે ઠામ વિનાનું ઢોળવું કહેવાય.

**ઠાર–ઠેર કરવું,** હથિયારથી તરતજ જીવ જાય તેમ કરવું; ખુન કરવું; મારી નાખવું.

૨. ઘણી નુકસાનીમાં આણવું.

**ઠીક છે,** ખબર લઇશ–જોઈ લેઇશ એવા અર્થમાં વેર લેવાના સંબંધમાં વપરાયછે. 'ઠીકછે, યાદ રાખજે.'

૨. જોઈશ–વિચાર કરીશ. ' આ કામ કરજો; ઠીકછે. '

૩. સારૂં છે. ' કેમ છે? ઠીક છે. '

**ઠીંકરાં ફોડવાં ( ઠેર ઠેર ),** થોડા થોડા પણ અનુભવ લેવો; માથું મારવું; જૂદા જૂદા વિષય તરફ મન કરવું.

(જે માણસ પગ ઠેરવીને ધંધો ન કરે પણ અહીંથી તહીં ને તહીંથી અહીં એમ થોડા થોડા દિવસ રહે અને ઠેકાણે ન પડે ત્યારે એમ બોલાય છે.)

૨. નકામી લઢાઇ ઊભી કરવી–કરાવવી.

૩. વચ્ચે પડવું.

**ઠીંકરામાં ધૂળ પડવી,** ખાધા પીધા પર ધિક્કાર પડવો; બળ્યું એવું ખાધુંપીધું અને બળી એની અક્કલ; ખાધું પીધું ધૂડી પડવું વ્યર્થ જવું.

૨. ચાલતું ગુજરાત અટકી પડવું.

" એનાં ઠીંકરાંમાં ધૂળ પડી કે પોતાના એકના એક છોકરાને મહા મહા દુઃખ પાડે છે. "

'ઠીંકરામાં ધુળ નાખવી' એટલે ખાધું પીધું ખરાબ કરવું; ઘડપણમાં કલંક્તિ થવું; બદનામ કરવું; મેળવેલી કીર્તિને ઝાંખ લગાડવી; અથવા તેનો બીજો અર્થ ખાણું ખરાબ કરવું; ખાવે પીવે હેરાન કરવું; ચાલતું ગુજરાત અટકાવવું.

**ઠીકરૂં ફૂટવું,** ખાણું ખરાબ થવું; ખાધે પીધે હેરાન થવું.

૨. રોજી તૂટવી; જે વડે ગુજરાન ચાલતું હોય તે બંધ થવું.

**ઠીકરૂં ફોડવું;** કોઇની ઉપજીવિકાનો આધાર જાય એમ કરવું; કોઇના ચાલતા ગુજરાનમાં વિક્ષેપ કરવો

**ઠુંગાપાણી કરવાં,** નાસ્તો કરવો; થોડુંક ખાઈ લેવું. ( સવારમાં. ) ( અફીણી લોકો અફીણ ખાધા પછી જે મિઠાઇ વગેરે ખાયછે તેને ઠુંગાપાણી કહેછે તે ઉપરથી.)

**ઠુઠવો મૂકવો,** રડવું. ( પોક મૂકીને)

"આ નથી જોવાતું રે મારા નાથ? એમ કહી વળી ઠુઠવો મૂકયો."

સરસ્વતીચંદ્ર.

**ઠુંઠામાં ઠેલવું,** ( ઝાડનું ઠુંઠું જેમ ઝાડના લેખામાં નહિ તેમ. ) ન ગણકારવું; વિત્ત વગરનું–માલ વગરનું હોય એમ ગણી કાઢવું; કોઈના તરફ બેદરકારીથી જોવું.

**ઠુમકો આવવો–મારવો,** દોરી તાણવી–ખેંચવી–( કનકવાની. )

**ઠુસ કાઢવી,** થકવવું; કાયર કરવું. (માર મારી કે મહેનત કરાવી. )

Gandhi Heritage Portal

**ઠેકાણું કરવું,** ( વગે બેસાડવું–કરવું એ તેના મૂળ અર્થ ઉપરથી)

ધંધા રોજગારની જગો શોધવી.

૨. મારવા–નુકસાન કરવાનો ઘાટ ઘડવો.

**ઠેકાણું ક્યાં બળ્યું છે ?** બોલવામાં ઢંગ ધડો.–ધડ માથું ન હોય તેવા માણસને માટે વપરાય છે.

૨. ધ્યાન–દરકાર કે કામ કરવામાં જીવ ન હોય તેવાને માટે પણ વપરાય છે.

જેમ–"હું તો તૈયાર છું પણ તારૂં ઠેકાણું ક્યાં બળ્યું છે" એમ રીસમાં બોલાય છે.

**ઠેકાણે આવવું,** રાગમાં આવવું; રીતમાં આવવું; મર્યાદશીલ થવું; પાંશરૂં થવું. (માણસ)

"વનિતા વંઠી જેહ, ઠામ એતો નવ આવે."

શામળભટ્ટ.

૨. થોડું થોડું કબૂલ કરવું.

"તેનો વાંક કબૂલ કરાવવાને માટે આટલો બધો યત્ન કર્યો ત્યારે હમણાં ઠેકાણે આવ્યો." અથવા—

"પછી તે નિરાશ થઈ પોતાના સ્વાર્થ તરફ નજર રાખી આપોઆપ ઠેકાણે આવી જશે."

કરણઘેલો.

**ઠેકાણે કરવું,** જ્યાંનું ત્યાં મૂકવું. ( વેરાતું. )

૨. સંતાડવું–દાટવું. ( નાણું. )

૩. ઉડાવી દેવું. ( પૈસા. )

૪. ઠાર કરવું; મારી નાખવું.

"વિદ્યારામ ની પાસે મોહોરો હતી તે લેઈ લેવાને લક્ષ્મીરામે એને રસ્તામાં ઠેકાણે કર્યો."

બ્રહ્મરાક્ષસ.

"શું તે અભાગિયો જીવે છે? મેં તો ધાર્યું કે તે તેને ઠેકાણે કરી દીધો હશે."

અરેબિયન નાઈટ્સ.

**ઠેકાણે થવું,** પોત પોતાની જગોએ જતા રહેવું.

૨. ગુમ થઈ જવું; મરી જવું.

**ઠેકાણે પડવું,** મુકામે પહોંચવું.

"અરે આપણે તો ઠેકાણે પડ્યા પણ રાણીજી કોણ જાણે ક્યાંય રખડતા હશે. ?"

પ્રતાપનાટક.

૨. રોજગારે લાગવું; ધંધે વળગવું.

"જ્યારે તું ઠેકાણે પડી બે પૈસા લાવતો થઇશ ત્યારે મારી આંખ ઠરશે."

૩. વ્યવસ્થામાં આવવું; પાધરૂં થવું; રાગે પડવું.

૪. ખોવાયલી વસ્તુ જડવી–હાથ લાગવી.

**ઠેકાણે રહેવું,** ફાટી ન જવું; ઘેલા ન બનવું; વિવેકથી રહેવું; રીતસર–મર્યાદામાં રહેવુ.

"તારૂં મગજ ક્યાં ઠેકાણે રહે છે. ?"

**ઠેકાણે રાખવું,** ચોક્કસ રાખવું; સાવધ રાખવું; બેમર્યાદ ન થવું અથવા ન થવા દેવું. ( કાળજું, ચિત્ત; જીવ; મગજ. )

"નિશ્ચે વરશે તમને રામ, ચિત્ત રાખો તમારે ઠામ."

કવિ ગીરધર.

**ઠેકાણે લાવવું,** મર્યાદામાં આણવું; વહી જવા ન દેવું; રીતમાં આણવું.

**ઠેઠ પહોંચાડવું,** ધારેલે ઠેકાણે લઈજવું. નુકસાન કરવાના અર્થમાં વપરાય છે.

"યાદ રાખજે હું તને ઠેઠ પહોંચાડીશ."

**ઠેર ઠેર કુતરાં ભસાવવાં,** ઠેકાણે ઠેકાણે લઢાઈનાં મૂળ રોપવાં અથવા નારદવેડા કરી માંહોમાંહે લઢાઈ ઊભી કરી વેર વહોરવું; ઠેરઠેર લોકોની નિંદા વહોરવી.

૨. ઠેકાણે ઠેકાણેથી પણ થોડા થોડા અનુભવ લેવો. માથું મારવું; છપ્પન

Gandhi Heritage Portal

વખારીની પેઠે જ્યાં ત્યાં ઘુસી જવું; જૂદા જૂદા વિષયમાં મન ઘાલવું.

"નાની નાની રકમ માટે ઠેર ઠેર કુતરાં ભસાવવા જેવું આ કામ નથી. આતો એક મોટી રકમ છે. તેનો હાથ મારવા મૂકવું એ એક પસ્તાવાનું કામ છે."

કૌતુકમાલા.

**ઠેરના ઠેર,** જે સ્થિતિમાં હતા તેને તે સ્થિતિમાં; હતા તેમને તેમ.

**ઠેરી જવી,** કજીઓ કે બોલાચાલી થવો. **જામીગઈ, ઠેરી ગઈ, બની ગઈ,** એમ બોલાય છે.

**ઠેસવે ચઢાવવું,** ધક્કે ચઢાવવું; વાયદા કરવા.
૨. ન લેખવવું; ન ગણકારવું.
૩. ખત્તા—ખક્કડ ખવડાવવી.

**ઠોકર મારીને** અડચણની સામે થઈને થોડી મહેનતે અને સહેજ વારમાં.

"ઠોકર મારીને પૈસો પૈદા કરૂં એવો છું; તું મને કેવો ધારેછે?"

"ઠોકર મારીને કામ કરીએ ત્યારે બહાદુરી!"

**ઠોકર વાગવી,** અડચણ ખમવી; ખત્તા ખાવા.

"આ સંસારમાં **જેને** ઠેકાણે અને **જેને** પ્રસંગે જેટલી ઠોકરો વાગેલી છે તે બધી બતાવી દેવી એ કામ પ્રત્યેકે કરવું જોઇએ."

સં૦ મા૦

**ઠોકર ખાવી** પણ વપરાય છે.

'ઠોકર વાગે ત્યારે સમજણ' આવે એ કહેવત છે.

**ઠોકી બેસાડવું,** યુક્તિસર ગોઠવી દેવું; બંધ બેસતું આણી મકવું; યુક્તિથી ઠેકાણેઆણવું.

"તે જગોએ તેમણે કોઈ નીચ જાતના કુંવરને ઠોકી બેસાડ્યો છે"

ગર્ધવસેન.

**ઠોલિયાવાજું,** મશ્કરી ઠઠ્ઠા કરનાર ઢંગ વગરના માણસોની ટોળી.

---

## ડ

**ડગલું ઓળખવું,** વલણ જોવું; સ્વભાવ ઓળખવો.

**ડગલું ભરવું,** કંઈ કામ કરવા તત્પર થવું; (સમજીને ડગલું ભરવું.)

"જે કરતાં પરિણામે હાનિ,
તે કારજ ના કરવું જી;
આપણી પહોંચ પ્રમાણે સઘળે,
સમજી ડગલું ભરવું,
શિક્ષા શાણાને."

દયારામ.

"જોશીઓની રજા વિના તે ડગલું ન ભરતો."

**ડંકો કરવો-વગાડવો,** (જે પક્ષ-લડાઈમાં જીતે છે તે પક્ષ તરફથી વિજયનો ડંકો વગાડવામાં આવે છે અથવા જ્યારે નવો રાજા ગાદીએ બેસે છે ત્યારે તેના નામનો ડંકો વગાડવામાં આવે છે તે ઉપરથી લાક્ષણિક અર્થે)

છાપ બેસાડવી; વિખ્યાતિ—નામના મેળવવી; કીર્તિ ફેલાવવી.

"મરવાની અગાઉ ૧૫–૨૦ દહાડા કવિએ જોષી રણછોડને કહ્યું કે અલ્યા છોકરા, મેં તો આખા હિંદુસ્તાનમાં ડંકો કીધો છે, હવે મારે ફરી અવતાર લેવો નથી."

નર્મગદ્ય.

Gandhi Heritage Portal

**ડબો મારવો,** મોટા મોટા કોળીઆથી ઉતાવળે ખાઈ લેવું.

**ડમ્ફાણ હાંકવી,** ખોટી ગપ ચલાવવી—ફેલાવવી.

**ડશ્યે વિખ ના વળે એવું,** ઘણુંજ ખારીલું; ડસીલું. (સાપ જેવું.)

"જહાંપનાહ, એનો વહેમ ખસે એવો નથી, એ તો વખત જતાં ઉલટો વધ્યો છે; તે * * * ડશ્યે વિખ ના વળે એવો થયો છે."

પ્રતાપનાટક.

**ડહાપણ ડાહ્યો,** વગર કારણે જેમાં તેમાં સમજ વિના માથું ઘાલી ડહાપણ ડોળનારને વિષે બોલતાં વપરાય છે.

**ડહાપણ ડોળવું,** પતરાજી કરવી; સમજ વિના માથું ઘાલી આગવું ડહાપણ ચલાવવું; ફુલાશ—બડાઈ કરવી.

**ડાગળી ચસકવી—ખસવી,** ગાંડા બનવું; ઘેલા થવું; મગજ ભમી જવું; ફાટી જવું; બ્હાવરૂં બનવું; ચળી જવુ.

'ભટજીની ડાગળી ખસેલી જોઈ સિદ્ધરાજે કહ્યું કે મારી ચિઠ્ઠી તો નહિ ચાલે પણ હું જુક્તિ બતાવું તે કરે તમારી મનકામના પાર પડશે.'

સધરાજેસંધ.

**ડાટ વાળવો,** એકદમ ઊંધું વાળી નાખવું; ગમે તે કરી નાખી સત્યાનાશ વાળવું; મોટું નુકસાન કરી મૂકવું; સંહાર કરવો.

"ડાટ વાળ્યો રે ડોશીએ ડાટ વાળ્યો.
વડ સાસુ વેરણ થઈ મારી,
હરખ હૈયાનો ટાળ્યો રે."

ડોશીએ.
મામેરૂં.

"ડહાપણે તો ડાટ વાળ્યો.
ધર્મનો માર્ગ ટાળ્યો"

દયારામ.

**ડાટા કરવા—દેવા,** અપવાસ કરવાને આગલે દિવસે સારી પેઠે ખાઈ લેવું.

"નળ—ડાટા દેવાયો હોય તો, હવે પેલી વાત આગળ ચલાવ.

વિદૂષક—રહો, થાય છે, આટલો લાડૂ ખાઈ લેવા દો."

નળદમયંતી નાટક.

**ડાટી દેવું,** સંતાડવું; ડાબી રાખવું; કોઈના જાણવામાં ન આવે એમ કરવું. છૂપાવવું. (લાક્ષણિક.)

"હવે તે વાત અહીં ને અહીં દાટી દે ભાઈ, નહિ તો તારી વાત તેં જાણી."

**ડાબા જમણી કરવું,** વ્હાલું અળખામણું કરવું.

૨ આંખ આડા કાન કરવા.

**ડાંડે પડવું,** જવું રહેવું; રસ્તો પકડવો; નીકળી જવું; સટકી જવું.

**ડાબા પગનો અંગારો,** ડાબા પગની ધૂળથી મા છોકરાને કપાળે દ્રષ્ટિ બેઠી હોય તે દૂર કરવા નિશાની કરે છે તે.

**ડાબી આંખ ફરકવી,** જ્યારે ડાબી આંખ ફરકે છે ત્યારે પુરૂષો અપશુકન અને સ્ત્રીઓ શુભ શુકન માને છે.

**पुंसांदक्षिण नेत्रस्य स्फुरण मिष्ट मुच्यते
नारीणां विपरीतंच विपरीतं तयोः पुनः॥**

"શલ્યસુભટ રણમાં પડ્યો, દુર્યોધનને પડિ ફાળ; દેહ ધ્રૂજે ફરકે ડાબી આંખડી, હવે આવ્યો કાળ."

કવિ ભાઉ.

"સખિ! આજે મારી ડાબી આંખ ફરકે છે! થોડા સમયમાં પતિ આવ્યા જાણ." સત્યભામાખ્યાન.

**ડાબું મૂકવું,** અળખામણું—અણમાનીતું કરવું. (માનીતો છોકરો જમણા ખોળાપર બેસે અને અણમાનીતો ડાબાપર બેસે એવી જે પરંપરાની રીત કહેવાય છે તે ઉપરથી.)

"પરાપૂર્વથી પ્રભુના છે,
તેતો પ્રભુતણા ગુણ ગાય;



Gandhi Heritage Portal

દયો દુષ્ટને ડાઓ મૂકી,
ભજે શ્રી વ્રજરાય–માટે શ્રમ ”

દયારામ.

**ડાબું કરવું**, પણ બોલાય છે.

**ડાબું જમણું કરવું** એટલે વ્હાલું અળખામણું કરવું.

**ડામ દેવા**, મહેણાં મારી સામા માણસનો જીવ બાળવો ! કઠણ વચન કહી સામાનું અંતર બાળવું.

“ત્રણે ભુવનની અમને તૃષ્ણા, હજારવાર હરામ; વિષયી જનને વેણ હમારાં, દીધા જોણ ડામ. ન્યારો ભાઈ.”

બોધચિંતામણિ.

૨, નકામું આપી દેવું.

“આવાજ વક્કરે દીકરા ઝળતા નથી તો; એમ કરે કોઈ ડામ દેવાનું નથી.”

નવી પ્રજા.

૩. **જીભે ડામ દેવો** જુઓ.

૪. **ટાઢો ડામ દેવો** જુઓ.

૫. **કપાળમાં ઠામ** જુઓ.

**ડાહ્યો ડાહ્યો ડોબા જેવો**, મૂર્ખ.

**ડાળું પાંખડું ન જાણવું**, ( ઝાડનું ડાળું કયું અને પાંખડું કયું એ પણ જેની જાણ બહાર છે એવા માણસને માટે વપરાય છે.) આરંભ કયાંથી ને સમાપ્તિ ક્યાં તે કાંઈ ન જાણવું; કેવળ અજ્ઞાનપણાની સ્થિતિમાં હોવું.

“નિહાળવા આવે કોક, ત્યારે મંત્ર બોલે મોટા, પત્ર ડાંખળું ન જાણે મંત્ર લાગે પેખવા.”

મિત્રધર્માખ્યાન ( વલ્લભ )

**ડાળે વળગાડવું**, ( જે માણસ ડાળે વળગ્યું હોય તે પોતાની શક્તિ પ્રમાણે ઝાડપરનાં ફળાદિ ખાય તે ઉપર તેની આજીવિકા ચાલે તે ઉપરથી.) ધંધે લગાડી કમાઈ ખાય એમ કરવું. ધંધે રોજગારે લગાડવું; કમાઇને ગુજરાન ચલાવે તેને માટે કંઈ આધારઆપવો.

“ દાદાની ઈચ્છા હરેક રીતે નોકરી પત કરી ડાળે વળગાડવાની હતી એટલે તેનો ઉપાય ચાલે એમ નહોતું.”

બે બેહેનો.

**ડિંગ ઠોકવી–મારવી**, જુઠી ગપ ચલાવવી.

**ડિંગમારની ચોકી**, ( ડિંગમાર એટલે જૂઠી વાત ઉરાડનાર અને તે ઉપરથી જૂઠી–ખોટી સત્તા ભોગવનાર. ) સત્તા ન છતાં જૂલમ કરવો તે; ખોટી સત્તા.

**ડુંગરો નવડાવવો**, ભીલ લોકોનાં પગનાં તળિયાં જાડાં થઈ જાય અને જોડા પહેરવા પડે નહિ એટલા માટે ડુંગરા સળગાવવાની બાધા રાખે છે તેને ડુંગરો નવરાવ્યો કહે છે. ડુંગરો ટાઢો કરવો પણ બોલાય છે. વળી એ જાતમાં કેટલાક જ્યારે બાળક જન્મે છે ત્યારે તેની ખુશાલીમાં અથવા કુટુંબમાં કોઈ માંદુ પડે છે તેને આરામ થવાની માનતામાં પણ ડુંગર નવડાવવાની બાધા રાખે છે. ( નવડાવવો એટલે અગ્નિવડે સળગાવી મૂકવો. )

**ડુચા કાઢવા**, ઘણી મહેનત કરાવી થકવવું.

“ગોળા જેવડું પેટ થયું હોય તેઓ આખો દહાડો કામ કરાવી ડુચા કાઢેને તેની જોડે મહેણાં તૂણાંનો પાર નહિ.”

સાસુવહુની લઢાઈ.

૨. ધમધમાવવું; ધમકાવવું.

૩. (માર મારીને.) હલકું કરવું; અશક્ત કરવું.

બહુવચનમાંજ વપરાય છે.

**ઢુંડી પીટવી**, ઢુંડી પીટીને લોકોને જણાવવું; ઉઘાડું કરવું; જાહેર કરવું; પ્રસિદ્ધ કરવું.

“ ગેલશું, ખેલશું, રેલશું નગરમાં,
દેશ બાધામાં તે પીટું ઢુંડી;
તાહરે મન અલ્યા લંકપતિ છત્રપતિ,
માહરે મન લંકપતિ એક લુંડી.”

અંગદવિષ્ટિ.

Gandhi Heritage Portal

**ડુંડું વધવું ( માથે ),** હજામત વધવી; ( હસવામાં. ) માથે બાજરીના ડુંડા જેવી-બહુ હજામત વધી હોય ત્યારે એમ બોલાય છે. **બાજરિયું વધવું** પણ કહેવાય છે.

**ડુબકી ખાઈ જવી**–મારી જવી, (કોઈ પ્રાણી પાણીમાં ડુબકી મારે છે ત્યારે તે બહાર જણાતું નથી એટલે ઉપર દેખાતું બંધ થાય છે તે ઉપરથી. ) કામ કરતાં વચમાં જતા રહેવું; નજર ચૂકવી સટકી જવું. (કંટાળો પામવાથી કે માથેથી જોખમ ઉતારી નાખવાના હેતુથી. )

**ડુબકી મારી આવવી,** ( જેમ પાણીમાં કોઈ ડુબકી મારી થોડીવારમાં બહાર આવે છે તેમ. ) જરાવારમાં જઈ પાછું આવવું.

**ડેરા દેવા ( ઉપર ),** મુકામ કરવો;

૨. તદ્રુપ થઈ જવું.

" સંતો દિયારે અગમપર ડેરા. "

પ્રાચીન કવિતા.

**ડોક ઊંચી કરવી,** અંધારામાંથી અજવાળામાં આવવું–બહાર પડવું.

૨. ગરીબાઈમાંથી ઊંચી સ્થિતિએ આવવું.

૩. મંદવાડની પથારીમાંથી બેઠા થવું; સારી સ્થિતિએ પહોંચવું.

**ડોક ઊંચી ન કરવી,** હલકાપણાને લીધે અથવા શરમને લીધે દબાઇને–નમીને ચાલવું–વર્તવું.

૨. ઘણાજ કામમાં ગુંથાયાને લીધે આસપાસ શું થાય છે તે ઊંચું માથું કરી ન જોવું.

**ડોકી ભાગવી,** કોઈનું જોર તોડવું. ( બચત નાણાનું કે રકમનું. )

૨. પૂર્ણતા તોડવી.

જેમ–" પાંચસે રૂપિયાની ડોકી ભાગી ત્યારે લગન થયું, ચાર પૈસાને માટે રૂપિયાની ડોકી ભાગવી પડી. "

**ડોકું કાપવું,** વિશ્વાસઘાત કરવો.

" જેને પાળીપોષી આટલો મોટો કર્યો તે તું હવે મારૂં જ ડોકું કાપવા ઊભો થયો છું. ? "

**ડોકું ઘરવું,** અણીને પ્રસંગે–તકપર વચ્ચે પડી અડચણ નાખવી કે કામ અટકાવવું. (કોઈ માણસે. )

**ડોકું ધૂણાવવું,** હા અગર ના કહેવી ( ડોકું ધૂણાવી. )

**ડોડકાં છોલવાં,** ( બહુવચનમાંજ વપરાય છે.) બિનઆવડતવાળા માણસને માટે બોલવામાં આવે છે; ધંધો રોજગાર ન હોવો.

" શું કરે છે ધૂળ એ, બેઠો બેઠો ડોડકાં છોલે છે. "

**ડોબાં ચારવાં,** બિનઆવડતનું રહેવું.

**ડોશી મારવી,** લોટ બાફવો; પોટીસ જેવું ગોતાબાફણું કરવું; લાબશી કરવી. ( મશ્કરીમાં. )

**ડોશીનો રેંટીઓ,** ડોશીના રેંટીઆની પેઠે ખખડફખડ ચાલતું ધીમું કામ.

**ડોસલાં બેસવાં,** ( મરી ગયેલાની યાદદાસ્ત દાખલ પારસી મંડળમાં જે સંવત્સરી–વાર્ષિક ક્રિયા–કરે છે તેને ડોસલાં કહે છે. તે ઉપરથી લાક્ષણિક અર્થે. ) નુકસાનીમાં આવી પડવું; પડતી હાલતમાં આવવું.

૨. નાઉમેદ થઈ જવું; હિંમત હારી જવી.

**ડોળ કાઢવા,** ( તુવેર વગેરેને ભરડવાથી જે દાળ પડે છે તેમાં રહેલા જે આખા દાણા તેને ડોળ કહે છે તે ઉપરથી લાક્ષણિક ) અધખોખરૂં કરવું; અધમુઉં કરવું; થકવી દેવું; વિત્ત ઓછું કરવું ( કામ કરાવી કરાવીને ).

૨. ધમકી–ધાસ્તી આપવી.

**ડોળા ઉઘડવા,** ચાનક લાગવી; અક્કલ આવવી; શુદ્ધિ આવવી; આંખ ઉઘડવી; ભાન આવવું.

" ઠોકર ખાધી ને પછડાયો ત્યારે એના

Gandhi Heritage Portal

ડોળા ઉઘડયા; અત્યાર સુધી કોઇનું કહેવું એના મગજમાં ઉતરતું નહોતું. ”

**ડોળા ઊંચે-ઓચીએ જવા,** કોઈની તરફ નરમ નજરે ન જોતાં પોતાના તોરમાં રહેવું; મગરૂરીમાં રહેવું.

૨. ( આશ્ચર્ય પામતાં. )

“ મિસિસ બ્લાકલી કોઈ જાણીતી અને દરજ્જા વાળી સ્ત્રી હશે કેમકે તેણીનું નામ સાંભળતાં મિસિસ સગ્રીનના ડોળા ઊંચે ચઢી ગયા અને તે વખતથી તે મારા તરફ બહુ માનથી જોવા લાગી. ”જાત મહેનત.

**ડોળા ખેંચાવવા,** વાટ જોવડાવવી.

“ ભાદરવો એલ્લી મચાવ્યા વગર ડોળા ખેંચાવી ખેંચાવીને વીત્યો. ”

સોરઠી સોમનાથ.

**ડોળી આવવી,** કોઈની મરણ રૂપહાનિ કે દ્રવ્ય રૂપ હાનિ થવી; માઠા સમાચાર થવા—આવવા ( માંદા અથવા ઘાયલ માણસને ઉંચકી લઈ જવાની જે માંચી તેને ડોળી કહેછે તે ઉપરથી) ‘એને ઘેર ડોળી આવી.’

**ડોળીઓ વળવી,** ડોળીઓ વળવા જેવી દશા થવી; આવી બનવું; મરણ રૂપ કે દ્રવ્ય રૂપ હાની થવી. ‘ એને ઘેર ડોળીઓ વળી.’ ‘ તારે ઘેર ડોળીઓ વળે ’ એમ બદદુવા દેતાં પણ બોલેછે.

**ડોળો ચસકવો,** કોઈનું સારૂં દેખી તે લેઈ લેવાની દાનત થવી.

“ દ્રવ્યથી દેશના રાજાનું મન ચમકે છે, અને પરદેશના રાજાનો ડોળો ચસકે છે.”

સરસ્વતીચંદ્ર.

**ડોળો ફટકી જવો,** મરવાની તૈયારીમાં આવવું.

**ડોળો ફરવો,** છાકટું કે ઘેલું થવું.

**ડોળો ફુટવો,** આંધળા થવું.

૨. ધ્યાન જતું રહેવું; ભાન જવું; શુદ્ધિ જવી.

**ડોળો ફેરવવો,** ગુસ્સાભરી નજરે જોવું; કરડી દ્રષ્ટિથી જોવું.

## ઢ

**ઢગલો થઇ પડવું,** થાકીને લોથ થઇ જવું—પડવું; અશક્ત થઈ જવું.

**ઢગલો વળી જવો,** ઢગલો થઈને અચેતન પડવું; નંખાઈ જવું.

“ જેમ—બિચારો ઘેલાભાઈ આરોગમાં સપડાયો અને એક દસ્ત થતાંજ તે ઢગલો વળી ગયો. ”

બે બહેનો.

**ઢંકાયલી પીઠ,** દાબડ દુબડ નભી રહેલી કીર્તિ.

**ઢંકાયલો હીરો,** પાસા પાડયા વિનાનો. તે ઉપરથી સારા ગુણ હોવા છતાં બહાર નહિ પડેલો; લોકોની નજરે નહિ ચઢેલો; પ્રસિદ્ધિ નહિ પામેલો માણસ.

**ઢંગ ઢાળ-ધડા વગરનો,** (ધડા વગરનું ત્રાજવું ગમે તેમ નમે તે ઉપરથી જેના વિચાર ઘડીમાં ફરી જાય એવા અસ્થિર હોય અને જેના કામકાજમાં કે બોલવાચાલવામાં કાંઇ રીતભાત કે સુઘડતા-ભલિવાર ન હોય તેવાને માટે બોલવામાં આવે છે. ) ઠામ ઠેકાણા વિનાનું; ઉડેલ તબિયતનું; વાદંડી; પ્રમાણ વિનાનું. (માણસ. )

૨. પાયા વગરનું.

“ અરે ભાઈ આતે શું? તું આમ ઢંગધડા વગર બોલે છે શું ? આવું અવળ ચવળ કયાંથી બોલે છે ? અરે તને ભૂત—અલાતો વળગી નથી કે આમ બકે છે? ”

અરેબિયનનાઇટ્સ.

**ઢઢ્ઢા—ઢઢ્ઢા જેવો,** ઢ; અક્ષરશત્રુ; જડસો.

Gandhi Heritage Portal

**ઢંઢેરો પીટવો,** લોકમાં જાહેર કરવું; ખુલ્લું કરી દેવું.

"કેમ-તારે પેલી વાતનો ઢંઢેરો પીટવાનો વિચાર છે? તેમ હોય તો કહી દે."

**ઢળતો કાંટો,** ઢળતી-નમતી દોરી; સ્વતંત્રતા-છૂટ આપવાની સરત.

**ઢળી પડવું,** મરી જવું.

**ઢાંકપિછોડો કરવો,** (પિછોડી નાખી ઢાંકી દેવું તે ઉપરથી.) દોષને ઢાંકી નાખવા તજવીજ કરવી-બહાનું કાઢી દોષ ઉડાવી દેવો; છાવરવું; વાંક-ગુનો ઢાંકવો

"સ્ત્રીના દોષનો ઢાંકપિછોડો કરવાથી અનીતિમાં વધારો થાય છે."

૨. માફીની રાહે હશે એમ કરી ઉડાવી દેવું; માંડી-ભૂસી વાળવું; ઢાંકી નાખવું.

**ઢાંક્યાં ઉઘાડાં જોવાં,** સારાં નરતાં કર્મની ખણખોજ કરવી.

"રૂક્ષ્મણિ-દેવ, એવાં ખોતરણાં કાઢવાની અને કોઇનાં ઢાંક્યાં ઉઘડાં જોવાની મારે ક્યાં ડાબા હાથની બાધા છે કે તે હું જોવા બેસુ."

સત્યભામાખ્યાન.

**ઢાંક્યું ધીકવું,** અંતરની ગુપ્ત ચિંતાથી બળવું; એવી કોઈ ચિંતા અથવા લાગણી થવી કે જે કોઈને કહી ન શકાય; કોઇને ન જણાવતાં અંતરમાં ને અંતરમાં શોસાયાં કરવું; છાનું કાળજું બાળવું; મનમાં બળ્યાં કરવું.

"હું ઢાંકી ધીકું છું, રાત દિવસ મારા વહાલા, આપના વિયોગે નથી ચેન રે જી-"

દયારામ.

**ઢાલે તરવારે બન્યો,** (બહાર પડવું, ઉઘાડું પડવું, જાહેરમાં આવવું એ તેના મૂળઅર્થ ઉપરથી) વગોવાયો; લાજ આબરૂ મેલી; વક્કર ખોયો.

**ઢાળણી પડવી,** કાપણી કાપવાનો વખત થવો.

**ઢીલી દાળનો ખાનારો,** કમજોર; પોચું; નબળું; કમતાકાદવાળું.

"ઢીલિ દાળ ખાનારા હિંદુ તણું માંસ નહિ ગમ્યું હશે; માટે મુસલમાન ખોળિયા પણ તું તૃપ્ત ન થઇ કશે."

પાણીપત.

**ઢીલી દોરી,** રહેમ નજર; મરજી મુજબ કરવાની થોડી છૂટ.

"જ્યાં આપણી સત્તા પરિપૂર્ણ ન હોય ત્યાં ઢીલી દોરી મૂકવાની જરૂર પડે છે; પછી જ્યારે લાગ ફાવે ત્યારે ગમે તે કરીએ."

ગર્ધવસેન.

૨. ઢીલી છાતીનું; કમજોર; પોચું; નબળું.

**ઢીલું મૂકવું,** (લાક્ષણિક) કૃપાદ્રષ્ટિ રાખવી; રહેમનજર રાખવી; જરા છૂટ આપવી.

સોમનાથ.—હા, ખરેખર એમજ થયેલું; ફોજદારનો પણ ભાગ હશે."

રઘનાથ૦-તેથીજ ફોજદાર ઢીલું મૂકે છે તો."

મિથ્યાભિમાન નાટક.

**ઢેકો નમાવવો,** જે માણસથી નીચાં વળીમન દઈ મહેનત થતી નથી તેને વિષે એમ બોલાય છે કે—

"ભાઇનો ઢેકો તો નમતો નથી. લગાર ઢેકો નમાવીને કામ તો કરો."

જેમાં મહેનત પડે એવા કામના સંબંધમાં જ આમ બોલી શકાય છે.

**ઢેડ ગુજરાતી,** છેક અશુદ્ધ-સંકર-ભ્રષ્ટ એવી ભાષાને વિષે બોલતાં વપરાય છે.

"અમો ખળભળતાં તમે ખળભળાવો,
ગોકુળમાં કેમ રહી શકશો;
વૃંદાવનમાં રાધિકાની સંગે,
અમો વિના આનંદ કેમ કરશો,
દેવા અમચી વારકાં,

Gandhi Heritage Portal

એ દલ હોયલા અપુલ્યા;
ભકત કાં બિસરી ગેલા.”

હારમાળા.

આ કવિતા ઢેડ ગુજરાતી કહેવાય.

**ઢેડ ફજેતી,** ઢેડ જેવી નીચ વર્ણની પેઠે ઘડી ઘડી લઢીને ઘડી ઘડી એકઠા થવાથી લોકમાં જે વગોણું થવું તે; સહેજસાજમાં ગાળ ભાંડી લઢવું ને પછી ટેક છોડી મળી જવું; ફજેતીના સાધારણ અર્થમાં વપરાય છે.

“પાંચમો કહે, ગધાડે બેસાડી ઢેડ ફજેતી કરશે તો કેવું નીચું જોવાનું થશે !”

વનરાજચાવડો.

“એ તો મહારાજા ચંદ્રગુપ્તની આજ્ઞાથી રાજદ્રોહી ગોરજી જીવસિદ્ધિને ઢેડફજેતી સાથે હદપાર કરે છે.”

મુદ્રારાક્ષસ.

**ઢેડીઆ વાજું,** નીચ-હલકી જાતનું ટોળું એ તેના મૂળ અર્થ ઉપરથી લાક્ષણિક અર્થ એવો થાય છે કે નીચ લોકની પેઠે ગાળાગાળી-ધોલ છક્કડ ચલાવતા હોય તેવા લોકની ટોળી.

**ઢેપું કાઢી નાખવું,** ખૂબ ધમકાવવું; ધૂળ કાઢી નાખવી; ખુબ ઝાટકવું; ગભરાવવું; હલકું પાડવું; પત્તર રગડી નાખવી.

૨. માર મારી હલકું કરવું.

**ઢબરાં બાંધીને,** ખાઈખપુચીને; ખરા ખંત અને ઉત્સાહથી. ( ઢબરાં બાંધીને મંડયો છે. ) આ પ્રયોગ ગ્રામ્ય છે પણ વપરાય છે.

**ઢાકળીઉં વેલણ,** રોટલી બનાવવાનું લાકડાનું નાનું વેલણ.

**ઢાંગ ધતુરો કરવો,** ( ધતુરો-ધૂર્ત્ત ) ઢાંગ કરવા અને ધૂર્તવેડા કરવા; દંભ-કપટ આચરવું; ઠગવાને પ્રપંચ કરવો.

**ઢાચકું ઉશડવું,** માથું કાપી નાખવું—જૂદું પાડવું.

**ઢાલ વાગવું,** ખરાબ કાર્યથી પ્રખ્યાત થવું.

૨. (પૂર્વ ગૂજરાત તરફ અથવા જ્યાં અનાર્ય લોકોની વસ્તી હોય છે ત્યાં સો સો છાપરાનાં ગામ તે મોટાં ગામ ગણાય છે. અને ગામોનો ઘેરાવો મોટા શહેર જેટલો હોય છે. સો કે બસેં છાપરાનાં ગામ કોઈ કોઈ વાર તો પાંચ પાંચ ને છ છ માઈલ લાંબાં પહોળાં હોય છે તેથી જ્યારે હાજરી આપવી હોય ત્યારે કે ગામ મેળાવો હોય ત્યારે, કે આખું ગામ ભેગું કરવું હોય ત્યારે ગામના પટેલને ત્યાં એક ઢોલ રાખેલું હોય છે તે ઊંચા ટેકરા પર ચઢીને વગાડે છે તેનો અવાજ સાંભળીને ઘેર ઘેરથી માણસો દોડયા આવે છે. તે ઉપરથી) જાહેર થવું.

**ઢોલકી બજાવવી**—વગાડવી, ( નાચનારની પછવાડે ઊભા રહી વગાડવી તે ઉપરથી ) ખુશામતમાં વખાણ કરવાં; બંને તરફની ઢોલકી વગાડવી; એટલે બંને પક્ષમાં ભળી જવું; ઉભય પક્ષનું મન સચવાય એમ અહીંનું તહીં ને તહીંનું અહીં કહી દેવું; સાચાં જૂઠાં કરી લઢાવી મારવું.

**ઢોલે વાગતું જવું,** ( ઢોલ વાજાં વગેરે વાગવાથી જે માણસ ન જાણતું હોય તે પણ જાણે તે ઉપરથી )

જાહેર થતું ચાલવું, ફજેતી જાહેર થવી; ફજેતી ફાળકે ચઢવી—લૂટાવી; વરઘોડે ચઢવું.

“અફસોસ, આળસ તારૂં સત્યાનાશ. અરે આળસથી આદમીઓનું ઢોલે વાગતુ જાય છે ને.”

મા. સા. સં.

Gandhi Heritage Portal

**ઢોલ તાંસાં વાગવાં** પણ બોલાય છે.

**ઢાળીપાડવું—નાખવું,** તકરારમાં ઉતારી પાડવું.

૨. જોખમ કોઇને માથે નાખવું; જોખમ કે કોઈ એવીજ નુકસાનકારી વસ્તુ—બાબત બીજાને માથે જાય તેમ કરવું; પોતાને માથેથી કાઢી નાખી બીજાને ગળે ઘાલવું.

૩. હાર ખવડાવવી; નિષ્ફળ કરવું; નાસીપાસ કરવું.

૪. અપમાન કરવું; માનભંગ કરવું.

**ઢાળી મૂકવું,** ( વહેતું મૂકવું. ) ન ગણકારવું; ધ્યાનપર ન લેવું; દરકાર ન કરવી; દૂર ખસેડી દેવું.

"વારિ માટે ત્યજતા વ્હેમ, પત્નીવ્રત મૂક્યાં' ક્ષેમ; ધર્મ કર્મને મૂક્યા ઢાળી, વાળી વૈશ્ય કૃષિકારે ઝોળી.

રસ્યશૃંગાખ્યાન.

# ત

**તગારૂં વધવું,** ખાઈ ખાઇને પેટ વધવું. ( હસવામાં. )

"જમ્યા જમાયું જેટલું,
જદુરામ ભટ નેટ;
વધ્યું તગારૂં દેખીને,
હસતાં દુઃખે પેટ."

કવિ બુલાખીરામ.

**તગારૂં ભરવું,** આ શબ્દ ઇંચીને ભરેલા પેટને લગાડવામાં આવે છે. ( હસવામાં )

**તડકો છાંયડો વેઠવો,** સંસારનું સુખ દુઃખ ભોગવી રીઢું બનવું; પાકા થવું; ચઢતીપડતી વેઠી કસાવું; અનુભવી બનવું; સુખ દુઃખ અનુભવવું. ( તડકો એ સુખ અને છાંયો એ દુઃખ. )

"તડકાછાંયડો તો સર્વ માણુસને એક વાર આવે છે જ."

ભામિનીભૂષણ.

"લાખેણાં તો લાડ લડાવ્યાં,
દીઠા ન છાયા તડકા;
બાળ રંડાયે બળિબળિ થાતી,
ભીતરમાં લાગે ભડકા.
તમે એવું શીદ સાંખો,
અરેરે એ ચાલ નાશ કરી નાખો."

વેનચરિત્ર.

**તડાકને ભડાક,** જેમ જે આવ્યું તે તત્કાલ.

**તડાકા મારવા**—હાંકવા, નવરાશની નિશાનીમાં—ફુરસદની વેળાએ આડી તેડી વાતો કરવી.

**તડાકો ચાલવો,** લાભ—પ્રાપ્તિ સારી થવી.

**તડે મંકોડે,** ખૂબ તૈયારીમાં. ૨. તત્પર; અત્યાતુર.

"એતો લઢવાને તડેમંકોડે થઈ રહ્યો છે."

**તણાઈ જવું,** રોગથી લોહી માંસ સુકાઈ નબળું—કૃષ્ટ થતું જવું; તવાઈ જવું (શરીર. )

૨. કોઈ માનસિક વૃત્તિના પૂર જોસમાં ઘસડાવું. અભિમાન—મિજાજમાં તણાઈ જાય છે એટલે ઘણો અભિમાની કે મિજાજી છે.

૩. ઉડી જવું; જતું રહેવું; નિષ્ફળ થવું. 'હસવામાં તણાઇ જાય છે.'

૪. ઘણો ખર્ચ કરી દુર્દશામાં આવવું. ( લાક્ષણિક )

**તણાઈ મરવું,** બીજાના વાદે પોતે નુકસાનના ખાડામાં ઉતરવું.

"પૈસાદારની જાનમાં આખું ગામ આવવા તૈયાર થાય અને તેથી કન્યાના બાપને તણાઈ મરવું પડે."

બે બહેનો.

Gandhi Heritage Portal

**તતુડું ફૂંકવું,** તતુડું ફૂંકી ઢંઢેરો પીટવો; લોકમાં જાહેર કરવું.

૨. દેવાળું કાઢવું.

**તથાસ્વરૂપ,** થાય અથવા ન થાય એવું દર્શાવે છે. અનિશ્ચિત; ઢચુપચુ–નક્કી નહિ તે.

'મારે ગામ જવાનું તથાસ્વરૂપ છે.'

**તંત તાણવો—બાંધવો** વાદ કરવો. ( પ્રાચીન કવિતામાં. )

**તંતુ કામે લગાડવા,** આ કામ કરવામાં મેં મારા સઘળા તંતુઓ કામે લગાડયા એટલે તેમાં મેં મારાથી બને તેટલો પ્રયાસ કર્યો, મારાથી જેટલું થયું તેટલું કર્યું, કાંઇ મણા ન રાખી.

**તનખા મારવા,** રીસનાં વેણ ઉચ્ચારવાં; છણકા કરીને બોલવું. ( લાક્ષણિક )

" કહીએ છીએ તે કરતા નથી અને જ્યારે હોય ત્યારે તનખા માર્યા કરોછો ?"

**તન્નમ્ તન્ના,** ( ગાનતાનમાં ગુલતાન તે ઉપરથી લાક્ષણિક અર્થે ) મોજ શોખ; સુખ ચેન; રંગરાગ.

**તપ કરવું,** ( લાક્ષણિક. ) મૂગે મોઢે હાલ્યા ચાલ્યા સિવાયની સ્થિતિમાં રહેવું; સ્થિરતાથી ચૂપ રહેવું.

૨. કોઈ અમુક બાબતમાં ધ્યાન રાખ્યાં કરવું. કોઈ નિશ્ચય વિષયનુંજ ધ્યાન ધરવું; એકની એક વાત ચલાવ્યાં કરવી.

"તું તો એવું ને એવું તપ કર્યા કરે છે."

**તંબોળ છાંટવો,** લગ્નમાં વરવહુએ એક બીજાનાં પાનેતર ઉપર પાનની પીચકારી મારવી. ( નાગર વગેરે કેટલીક જ્ઞાતોમાં. )

**તંબોળ વહેંચવો,** લગ્ન, જનોઈ વગેરેમાં રન્નાદેવ ઉઠે છે તે દહાડે માતા ખુંદનારી સ્ત્રીઓને ખારેક, પતાસાં, પૈસા વગેરે આપવું. ( એ એક ચાલતી રીત છે. )

**તમાચો મારી મોં રાતું રાખવું,** જૂઠા ભપકાથી પૈસાદાર દેખાવું; બહાર લોકોમાં ઉઘાડું ન પડે તેમ બાપદાદાની લાજ દુઃખ વેઠીને પણ જાળવી રાખવી.

" નરભેરામે કાનમાં કરેલી વાતથી તેનું અંતઃકરણ નબળું પડ્યું હતું પણ પ્રસંગ સાચવવા તમાચો મારી ગાલ રાતો રાખવા પ્રયત્ન કરી જાણેલી વાત ઢાંકી રાણા સાથે દમભેર વાત કરી હતી. "

સરસ્વતીચંદ્ર.

" હવે પસ્તાવો પામતાં છતાં તમાચો મારી મોં લાલ રાખવા જાય છે તો તે મારાથી કાંઈ અજાણ્યું નથી. "

મણિ અને મોહન.

**તરણાં ચુંથવાં,** તરણાં ચુંથવાં જેવો વ્યર્થ પ્રયાસ કરવો; મુખ્ય મુદ્દાની વાત મૂકીને નજીવી વાતમાં માથું ઘાલી મહેનત કર્યા કરવી.

**તરણાને તોલે, તણખલાને તોલ** પણ વપરાય છે. તરણા જેવું હલકું; ભાર વક્કર ઘટી ગયો હોય તેવું; લેખામાં નહિ એવું; તણખલાની કિંમતનું; નમાલું; ગણતરી વિનાનું.

" તને ન ગણે તણખલા તોલે, એવાં વચન રૂખિરાજ બોલે

સત્યભામારૂષણું.

લોકો સર્વ ધણીઆતીનો પક્ષ કરીને બોલે જેને માથે ધણી નહિ તે નારી તરણા તોલે."

વેનચરિત્ર.

" નારદ સત્યભામામંદિર ગયા, માંડી સર્વ સમાચાર કહ્યા; તમને ન ગણે તણખલા તોલે, એવાં વચન રૂખિરાજ બોલે. "

સત્યભામાનું રૂપણું.

**તરણાનો મેરૂ કરવો,** રંકનો રાજા બનાવી દેવો; નીચનું ઊંચ કરી દેવું. ( તણખલાનો.

Gandhi Heritage Portal

મોટો મેરૂ પર્વત બનાવવો તે ઉપરથી લાક્ષણિક—મેરૂ પર્વત એ સપ્ત ખંડની મધ્યે છે. એની ઊંચાઈ ચોરાશી હજાર જોજન છે જેમાંના સોળ હજાર જોજન તો જમીનની સપાટી નીચે છે. મેરૂના શિખર ઉપર બ્રહ્માદિ દેવ, રૂષિ ને ગંધર્વો રહે છે. એ મેરૂ પર્વત સુવર્ણ ને મણિથી ભરેલો છે.)

"તરણાનો મેરૂ ઈશ્વર કરે, અહંકાર શા આણવા."

કવિ. સામળભટ્ટ.

"સેવક જન ઉગારી લીધો, તરણા તણો ત્યાં મેરૂ કીધો."

૨. (લાક્ષણિક.) અતિશયોક્તિ કરવી; વધારી વધારીને લાંબું કરવું; જુજ બાબતને મોટું રૂપ આપી કહેવું.

"પનઘટ ઉપર વાત થતાં બૈરાંએ તરણાનો મેરૂ બનાવી દીધો. અને એક કાનથી બીજે, બીજેથી ત્રીજે એમ બબે અક્ષર વધતી ને વધતી વાત આખા ઈડરમાં પ્રસરી રહી."

ગુ. જૂની વા.

**તરવારની ધારપર રહેવું,** તરવારની ધારપર રહેવું ઘણું જોખમ ભરેલું છે અને તેથી એવી વખતે ઘણી સંભાળ અને ખબરદારી રાખવાની જરૂર પડે છે તે ઉપરથી લાક્ષણિક અર્થે ઘણીજ સંભાળથી રહેવું; સખત અમલ નીચે રહેવું; ઘણા જોખમમાં રહેવું.

"આ પતિનો સ્વભાવ વેઠવો એ તરવારની ધારપર ચાલવા જેવું હતું."

સરસ્વતીચંદ્ર.

"છોકરાંની માને તો તરવારની ધારપર રહેવાનું."

ભામિનીભૂષણ.

"મારે તરવારની ધારપર ચાલવું પડતું; મારૂં આવરદા કાચા સુતરે લટકાયેલું હતું."

કરણઘેલો.

તરવારની ધાર જેવું એટલે તીવ્ર; પ્રવેશ ન થઈ શકે એવું;

**તરાપો ડુબવો,** આ સંસારસાગરમાં દેહરૂપ તરાપો ડુબી જઈ ધૂળધાણી થઈ જવો; આ ભવસાગર તરવાનું સાધન ગૂમ થઈ જવું; જેના આધારથી બધો વ્યવહાર ચાલતો હોય તે ટળી જવો; કોઈ જુવાન પુરૂષ મરી જાય અને તેની પછવાડે કોઈ ન હોય ત્યારે તેની સ્ત્રીને વિષે બોલતાં એમ વપરાય છે. કે તેનો તો તરાપો ડૂબી ગયો.

**તરી પાર ઉતરવું,** સંસારની મોજમઝા માણી લેવી; સંસારનો લ્હાવો લઈ ઘરડા થવું. (સંસારરૂપી સાગર.) સંસારનું જોખમ ખેડી છેલ્લી દશાએ પહોંચવું.

"વિવાહ સંબંધી શું કહેવાનું છે? મારાં તો બધાં છોકરાં સંધાઈ ગયાં છે, નાના ડીકાનો વિવાહ થઈ ચૂકયો છે, એટલે હવે હું તો તરી પાર ઉતરી છું."

બે બહેનો.

તરી ઉતરવું પણ બોલાય છે.

**તરી પાર કરવું,** તરીને અથવા હોડીમાં બેસીને પેલી પાર જવું.

૨. ગુન્હેગારને વહાણમાં બેસાડી બીજે દેશ મોકલી દેવો; દેશનિકાલ કરવું.

**તરીલાં તાણવાં,** (કોશ ખેંચવાને લગાડેલા બળદને ખાંધે ઘાલવામાં આવે છે તેને તરીલાં કહે છે. એ તરીલાંનો ભાર આખો દહાડો બળદ વહ્યાં કરે છે તે ઉપરથી લાક્ષણિક અર્થે) ઘર સંસારનો બોજો વહ્યાં કરવો.

"જીવની વાત કોઈ નવ જાણે, આપાપણું અનુમાન માણે, મરતાં સુધી તરીલાં તાણે ગરડ ગફ ગયા, પહોંચ્યાના પરમાણાં કોઇએ ન મોકલ્યાં."

ધીરોભક્ત.

**તલપાપડ થઈ રહેવું,** (પાપડ શેકાય છે ત્યારે જેમ ઝડપથી ઉડે છે ને ફુટે છે તેમ—તે-



Gandhi Heritage Portal

વા જોસ્સાવાળું થવું; અધીરાં બનવું; આતુર થઈ રહેવું; તાલાવેલી થવી; તલસવું.

"જીવ તલપાપડ થઇ રહ્યો છે."

"પોતાના મનનો ઉભરો ઝુબેદી ઉપર ન કઢાય પણ પેલીઘાની ઉપર કાઢવાને તે તલપાપડ થઇ રહ્યો."

અરેબિયનનાઈટ્સ.

"આખી રજની રડતાં વીતી,
કંથ વિના કેમ રહિયેરે,"
તલપાપડ થઈ રજની ગાળી,
એવું થયે નહિ સહિયેરે,

નૃસિંહ મહેતા.

"તેનું એવું આચરણ અવલ સાસુજીથી સહન થઈ શક્યું નહિ. તેનું અદેખું હૃદય અંદરનું અંદર બળીને તલપાપડ થઈ ગયું."

સદ્ગુણી વહુ.

**તળાવ જવું,** (ગામડાના લોક તળાવ ઉપર ઝાડે ફરવા બેસે છે તે ઉપરથી.) ઝાડે ફરવા જવું; દિશાએ જવું.

**તળિયા ઝાટક,** છેક તળેના ભાગ સુધી જાણે સાવરણી ફેરવી હોય એમ અથવા જડમૂળથી ઉખેડી નાખ્યું હોય એવો કોઈ વસ્તુનો નાશ-એવી દશા; મોટી આફત; નુકસાન; ભાગી-તૂટી ગયેલી હાલત. સમૂળો નાશ; ખડિયા ખડખ્ખડ. આ પ્રયોગ વિશેષણ તરીકે વપરાય છે.

"મંદ મંદ વાયુ આવીને સઘળી સૃષ્ટિને સુખ આપે છે તે તથા વંટોળીઓ અને તોફાની વા ઝાડ તથા ઘરને તળિયા ઝાટક કરે છે તે પરમેશ્વર છે એમ કહી સંભળાવે છે."

કરણઘેલો.

**તળિયારૂં ટાઢું હોવું**-થવું, (તળિયારૂં-પેટ-હસવામાં) ગાંઠે ગરથ થવો-હોવો; અંદરખાનેથી ભરપૂર હોવું; નિરાંત હોવી; થમણી બહુ હોવી.

૨. સંતોષ થવો; તૃપ્તિ થવી-હોવી.

"મળ્યાં સુખે ભોજનને સંતતિ, તરણિ રહ્યો નહિ તાપ; તળિયારૂં ટાઢું છે તારૂં, શા વળતી સંતાપ."

વેનચરિત્ર.

**તળિયું ઝાડવું,** (પુંજો વાળવો તે ઉપરથી) સાફ કરી નાખવું; સફા કરવું; ઉડાવી દેવું; તળિયા ઝાટક કરવું; ખુટાડી દેવું; ખાલી ખમ કરવું.

૨. ખુબ ધમકાવવું; ઠોક દઈ હલકું પાડવું.

**તળે ઉપર થઈ રહેવું,** (વિલંબ થવાથી કે બીજા કોઇ કારણથી) આતુર થવું. તાલાવેલી થવી; તલસી રહેવું; અધીરા થવું; એક પગે થઇ રહેવું; જોસ્સાવાળું થવું.

"આપ જે કાર્યને માટે એટલા તળે ઉપર થઈ રહ્યા છો તે મને આપ જણાવશો તો ઠીક પડશે."

અ. ના. ભા. ૧ લો.

**તાંતણે પ્રાણ વળગી રહેવો,** નાશ પામવાની-મરી જવાની તૈયારી પર આવી રહેવું;

૨. ખવાઈ જવું; ખરખરી જવું; જર્જરી જવું.

૩. જીવ ઉંચો રહેવો; ઘણુંજ આતુર રહેવું; અધીરા થવું; ઘણું ચહાવું.

**તાંબાનો રૂપિયો,** એ રૂપિયો વ્યવહારમાં જેમ સાચો ઠરતો નથી તેમ જે માણસનું જીવન આ સંસારમાં ઝાઝું ટકવાનું ન હોય એવા મરણપથારીએ પડેલા માણસને વિષે બોલતાં વપરાય છે. (ખોટા રૂપિયા જેવું નકામું.)

"હવે એટલું કહોને કે આખરે રૂપાનો રૂપૈયો છે કે તાંબાનો?"

Gandhi Heritage Portal

વૈદ્ય–ખરેખરૂં કહેતાં તો મારી જીભ કેમ ઉપડે ?"

મિથ્યાભિમાન નાટક.

**તાકયું તીર લાગવું,** (જે શિકારપર નિશાન તાકયું હોય તે શિકાર પડે ત્યારે શિકારીનું તાકયું તીર લાગ્યું એમ કહેવાય છે. તે ઉપરથી કોઇ કામ કે વિચારની સિદ્ધિ દર્શાવતાં એ વપરાય છે.

ધારેલો વિચાર પાર પડવો; ધાર્યું. કામ થવું; મહેનત બર આવવી.

" ચંદાગવરીએ ફકીરની કીર્તિ બહુ સાંભળી હતી; ઘણાને મોઢે એણે સાંભળ્યું હતું કે એનું તીર તાકયું લાગે છે. જેની કોઈને આશા નહિ તેવી એક સ્ત્રીને શ્રીમંત આણી આપ્યું."

સાસુવહુની લડાઈ.

**તાગડધિન્ના** (**तृकट्ट धिन्ना**–તરઘાંનું મ્હોરૂં. તે ઉપરથી લાક્ષણિક.) મોજ મઝા–ગાનતાનમાં મશગુલ રહેવું તે; રંગરાગ.

**તાગડે તેવડ રાખવી,** ( તાગડો એટલે તાંતણો. ) જોઈવિચારીને ખર્ચ કરવો.

**તાડનો ત્રીજો ભાગ,** ઘણા ઊંચા-ટંડેલ માણસને માટે એમ બોલાય છે.

**તાણી કાઢેલું,** ઘણુંજ પાતળું ( છોકરૂં–માણસ ) લાક્ષણિક.

**તાણીને લાંબું કરવું,** વાત ચુંથવી; ટુંકું કરી પતવી દેવાને બદલે વધારી વધારીને મોટું રૂપ કરવું.

**તાણી બેસાડવું,** આડુંઅવળું જેમ તેમ કરી જુકતેજુકતું આણવું; ઠેકાણાસર આણવું–લાવી મૂકવું; યુક્તિથી બંધ બેસતું આણવું.

**તાતે ઘાએ,** (ખીલો કે એવી જ કોઈ લોઢાની વસ્તુ ગરમ કર્યા પછી ઘા મારીએ તો તેને જેમ વાળીએ તેમ વળી શકે છે પણ ઠંડી પડયા પછી ઘા મારવાથી વળી શકતી નથી તે ઉપરથી.) ઉતાવળમાં; એકદમ; એક સપાટે; તરતજ.

" તાતે ઘાએ કાંઈ કામ બને. ?"

**તાન મારવી–લેવી,** ગળામાંથી સુર કાઢી બતાવવા.

" શું ગાન કરવાથી આપનું મન પ્રસન્ન થશે ? તો અહીં કયાં શીખવા જવું પડે એમ છે ! (મિત્ર, તાન મારૂં કે એમ ને એમ ગાઉં ?"

તપત્યાખ્યાન.

**તાન લાગવી,** કોઈ વિષયમાં મશગુલ રહેવું; કોઈ બાબતમાં નિમગ્ન રહેવું; ધ્યાન લાગ્યું રહેવું.

**તાનમાં આવવું,** લહેરમાં–મસ્તીમાં આવવું.

**તાનસેનને ટક્કર મારે તેવું,** તાનસેન જે ઉત્તમ ગવૈયો તેને પણ હઠાવે એવું; ગાવામાં ઘણોજ સરસ.

**તાપી કુવો કરવો,** ( સુરત તરફ. )

" તાપી નદીમાં કે કુવામાં પડી આપઘાત કરવો. **કુવો તળાવ કરવો** પણ વપરાય છે.

" દુ:ખની મારી કદાપિ તે જો તાપી કુવો કરશેરે; લોકોમાં હતભાગી તેતો આતમઘાતી ઠરશે–સુણો."

વેનચરિત્ર.

**તારૂં તે શેનું બાથું છે ?,** ( મતલબ કે લોઢાનું છે, પથ્થરનું છે કે વજ્રનું છે ? માણસનું હોય ત્યારે તો દુખ્યા વગર ન રહે એવો ભાવ સમાયેલો છે. )

બોલતાં ન થાકે એવા માણસને વિષે બોલતાં વપરાય છે.

**તારો અસ્ત થવો,** ( તારો–સીતારો) પડતી દશા આવવી; પડતી થવી; દહાડા વાંકા થવા.

" તું દરબારમાં હમણાં જ જા અને દુષ્ટરાયના સામે તું ફરિયાદ કર–તેનો તારો અ-

Gandhi Heritage Portal

સ્ત થવા બેઠોછે માટે તુ કહીશ તે માનશે"
સરસ્વતીચંદ્ર.

**તાળવે ગોળ ચોંટાડવો,** મીઠું મીઠું બોલી મોટી આશાઓ આપવી.

"માત્ર યુક્તિથી હલકા જનો કનેથી તાળવે ગોળ ચોંટાડી માહિતી મેળવી લેવી જોઇએ."
મણિ અને મોહન.

**તાળાં દેવાવાં,** ઉછેદિયું થવું; કોઈ પાછળ વાપરનાર ન હોવું; ન સંતાન જવું.

"પુત્ર વગર ઘરને તાળાં દેવાશે અને ઘરનો નિર્વંશ થશે એ વિચારથી તેને ભારે દિલગીરી થતી."
ગર્ધવસેન.

**તાળી પાડવી,** (હર્ષનાદ કરવો.)

૨. (લાક્ષણિક.) તાળી પાડી લોકોમાં ફજેતી કરવી.

"મોઢે કોયલા ને દિવેલ ચોપડી ગધેડે બેસાડશે તો કેવા નઠારા દેખાઈશું! લોકો હસશે ને તાળીઓ પાડશે ને ધિક્કારશે."
વનરાજ ચાવડો

"ગયા દ્વારિકાં સુદામા રૂષિ,
દેખી વેષ થયા બાળ ખુશી;
ફેંકે કાંકરા ને દાંત કાઢે,
વળિ પાછળ તાળિયો પાડે."
સુદામાખ્યાન.

"હસે લોક રૂપે લીહવાળી,
પૂઠે છોકરા પાડે તાળી."
સુદામાચરિત્ર.

**તાળું દેવાવું,** શરમથી અથવા ઠપકાની ધાસ્તીથી અથવા થયેલી ફજેતીથી મોઢું બંધ થવું.

"હવે તેને મોઢે તાળું દેવાયું છે."
'બૈરાંને મોઢે તાળું છે.' એટલે બૈરાંનું મોઢું શરમને લીધે ઉઘડતું નથી.

૨. સરકારની જપ્તી આવવી.

૩. **એને ઘેર તાળાં દેવાયાં** એટલે તેનું સત્યાનાશ—ન સંતાન ગયું, વંશની સમાપ્તિ થઈ.

"દુકાને દેવાશે તાળું,
આપણુ બેતું ફૂંકાશે દેવાળું."
નરસિંહજીની હુંડી.

"હવે પૂર્વના રંગ તે ક્યાંહ ભાળું.
યશસ્વી તણે દ્વાર દેવાયું તાળું."
નર્મકવિતા.

"નથી નથી સમ ખાવે,
રે હવે કોઈ વ્હાલું.
પ્રિય પતિ સુત ભવે,
ઘેર દેવાયું તાળું."
નર્મકવિતા.

"તારા નશીબે તાળું દેવાયું." એટલે તારૂં ભાગ્ય ફરી વળ્યું; પડતી બેઠી; આવી બન્યું.

**તિન પાંચ કરવી,** પતરાજી કરવી; શેખાઈ કરવી.

"રાંડ આવશે ને તિન પાંચ કરવા જશે તો આપણે ક્યાં કાચા છિયે! ફિકર શી છે.?"
વિદ્યાવિલાસ.

"હવે પછી તે વધારે તિન પાંચ કરશે ખરો? શું તેને મારો કશો પણ ભય ઉપજતો નહિ હોય?"
મણિ અને મોહન.

**તિસમારખાં,** (વિશેષ નામ ઉપરથી.) શુરાતનનો ઢોંગ કરનાર—બહાદુરી બતાવનાર તમોગુણી માણસ.

૨. બડાઈ હાંકનાર.

**તીખું મરી,** તીખાં મરીના જેવા ગરમ મિજાજ—સ્વભાવનું.

"અમારો અનિરૂદ્ધ તીખો મરી,
તે તો સ્વપ્નામાં ગયો વરી."
ઓખાહરણ.

Gandhi Heritage Portal

**તીતીઘોડો,** હરેક કામમાં ઉતાવળ કરનાર માણસ.

**તુમડાં ચાળવવાં**-અથડાવવાં, (તુમડાં=માથાંનાં તાલકાં) બે પક્ષને લડાવી મારવા; ખટપટ કરી લડાવી મારવું; લડાઈ ઊભી કરવી; ઝપ્પાઝપ્પી થાય એમ કરવું.

**તુમડાં ફોડવાં,** નુકસાન કરવું; વિત્ત વગરનું કરવું; નિરાધાર કરવું.

'મારા પિતાનાં તુમડાં તો તુંજ ફોડનાર છે!'

**તુમડી રહી જવી,**-(માથાની), તાલકું ઘસાઈ રીઢું-ખરૂં થવું.

(માથે ભાર ઊંચકી ઊંચકીને.)

"ભાઈ શાકપાનના ટોપલા માથે મૂકી ખરે બપોરે ગામડે જઈ જઈને તુમડી રહી ગઈ છે. મારા દુઃખમાં કંઈ મણા નહોતી. હવે ઈશ્વરે કાંઈક સામું જોયું છે."

**તુમડીમાં કાંકરા,** સમજણ ન પડે તેવું જે કાંઈ તે.

**તુમડું રંગી નાખવું,** માથામાં મારી લોહી કાઢવું.

૨. ઘણીજ નુકસાનીમાં આણી મેલવું.

**તુમડે તરવું,** (પોતાને.) આપબળથીજ સંસાર સાગરમાં આગળ ધપવું.

"જે માણસ પોતાના પંડ ઉપરજ એત્તેકાદ રાખે છે અને જેણે મન મારતાં જાણ્યું છે તે પોતાને તુમડે જ તરવાનો, આપ રળેલુંજે ખાશે અને તે ખરી રીતે ચાકરી કરીને ભાખરી મેળવશે."

જાતમહેનત.

**તેત્રીસનું જાગવું,** કાંઈ અવનવું થવું; કાંઈ અણધાર્યું (અડચણ-આપતવગેરે) આવી પડવું.

**તેરી મેરી કરવી,** હુંકારા ટુંકારા કરવા.

**તેલ કાઢવું,** પીલવું; કનડવું; ઘણીજ મહેનત કરાવી થકવવું; સત્વ કાઢવું; વિત્ત ઓછું કરવું; (જુલમી કામ કરાવી) અપુશ કાઢવી; નરમ કરી નાખવું; હંફાવવું. (લાક્ષણિક.)

"કામ કરાવી કરાવી મારૂં તેલ કાઢ્યું."

"ગુજરાતને વશ કરવાનું કામ ભૂવડને વિકટ માલમ પડયું; કેટલાક શૂરા ને બુદ્ધિમાન્ ગઢવીઓએ તેનું તેલ કાઢ્યું."

વનરાજ ચાવડો.

**તેલ ઘાલવું,** (માથે.) કોઈ સગાંના મરણનો શોક હોય છે ત્યારે બૈરાં માથે તેલ ઘાલવાનું બંધ રાખે છે તે ઉતારવાની નિશાનીમાં પાછું ઘાલવું શરૂ કરે છે તે ઉપરથી લાક્ષણિક અર્થે શોક ઉતારવો.

**તેલ નીકળવું,** (લાક્ષણિક.) તલની પેઠે ખૂબ પીલાવું; ડોળ નીકળી જવા; અતિશય કામ કરી થાકી જવું; રગડામણ થવી.

"હુકમ કરે બહુ તાબડતોબ,
રાખીને રાણીનો રોપ;
સેવક જનનું નીકળે તેલ,
કહેલું રહેલ કરવું મુશ્કેલ"

વિજયવાણી.

**તેલ પૂરવું;** બે કનકવાના જ્યારે પેચ થયા હોય છે ત્યારે ત્રીજાએ તેમાં પોતાનો કનકવો નાખી પેચ કરવા. લંગરિયામાં પણ **તેલ પૂરવું** કહેવાય છે.

**તેલ રેડાવું,** (કાળજામાં.) જાણે કાળજામાં તેલ રેડયું હોય એવી સ્થિતિ થવી; અકસ્માત્ અણચિંતવી ચિંતા-ફિકર થઈ ઉઠવી; કાળજામાં ચરેડો પડવો; ચીચરવટો પેદા થવો; કાળજું બળવું.

૨. (પેટમાં.) ધાસ્તી ઉપજવી; ધ્રાસકો પડવો; જોસ્સાથી અકળાવું; ધાસ્તીથી ચોંકી ઉઠવું.

૩. અદેખાઈ થવી; સામાનું સારૂં થવાથી દિલમાં હિજરાવું.

**તેલપળી કરવી,** જેમ તેમ કરીને ગુજરાન

Gandhi Heritage Portal

ચલાવવું; આછું પાતળું જે ખાવાનું મળે તેથી સંતોષ ધરવો.

"તેલપળી કરીને પેક ભરનારને ઘેર પુરૂં પાધરૂં પેટ પણ નહિ ભરાય ને મહેનન મજૂરી કરીને માથાનું તાલકું પણ ઘસાઈ જશે."

કુંવારી કન્યા.

**તેલમાં માખ બૂડવી,** તેલમાં બૂડેલી માખની પેઠે ગાત્ર શિથિલ થઈ જવાં. ઢીલું પડી જવું; નીચું જોઈ ભોંય ખોતરવી.

"હું હારી હવે રે,
ન બાકી કંઈ;
થાકી પડી માખી તેલે રે."

નર્મ કવિતા.

**તેલીઆ રાજા,** તેલમાં જોઇને ગુજરેલી વાત કહેનારો; તેલથી નહાનારો જાચક–માગણ.

**તેડીઓ ગવાર,** મૂર્ખ; જડસો; ઠેકાણે ન આવે એવો.

**તોપ છોડવી,** ગપ મૂકવી;

૨. વા છોડવો. (લાક્ષણિક.)

**તોપ મારવી,** ડફાંસ હાંકવી; ગપ ઠોકવી; ખરો ખોટો હાજર જવાબ દઈ દેવો.

"છોકરાના હાથમાં વિદ્યાની રેખા હોય પણ છોકરીઓના હાથમાં તે હોતી નથી એ તો જોશીબાવાએ એક નકામી ને ઉટંગ તોપજ મારી હતી."

એ બ્હેનો.

**તોબરો ચઢવો,** ઘોડાને તોબરો ચઢાવવામાં આવે છે ત્યારે તેનું મોં જેમ ફુલેલું જણાયછે તેમ જેનું મોઢું રીસમાં ફુલેલું જણાય તેને વિષે બોલતાં એ વપરાય છે; દાચરો ચઢવો; રીસમાં મોઢું ચઢવું; નાખુશ થવું; ગુસ્સે થવું. (ઇચ્છા ઉપરાંત કે જાણી જોઇને.)

"ધન વિના ધરેણાં તે શેનાં, નારીને તો જોઇએ છે ઘરેણાં. કહું ના તો ઝટ તોબરો ચઢે, માટે થશે થશે કહું મોઢે."

"રાધાવહુનો રંગ જોઈ અવલસાસુ કપાળની કરચલી વાળી ગાલ ફુલાવી તોબરો ચઢાવી ચમત્કારિક થઈ રહ્યાં હતાં."

સદ્‌ગુણી વહુ.

**તોબરા જેવું મોઢું** એટલે ચઢેલું–રીસાયેલું મોં.

"જીવણરામ એક દહાડો નિશાળેથી આવ્યો તેવોજ એક ખૂણે પોતાનું દફતર ફેંકી તોબરા જેવું મોં કરી બડબડતો બેઠો."

વાંચનમાળા.

**તોરણે આવવું,** છેક નજીકમાં આવી પહોંચવું; લગોલગ આવવું. (લાક્ષણિક) વર **તોરણે આવ્યો** એટલે ચોરી આગળ આવ્યો.

**તોલડી તનનન કરેછે,** (તનનન=આનંદ એ ઉપરથી વાંકામાં) ખાવાનું ખૂટ્યું હોય ત્યારે કે ગરીબાઈ દર્શાવતાં પણ વપરાય છે.

**તોલાં જોખવાં,** (પલ્લું જેમ ભારથી નીચું નમે છે તેમ નિદ્રાના ભારથી માથું નીચું થવું.) ઊંઘમાં ડોલાં ખાવાં.

**ત્રણ ટકાનું,** હલકું; લેખામાં નહિ એવું; પાજી; કંઈ હિસાબ વિનાનું. તેથી ઉલટું **લાખ ટકાનું** એટલે પ્રમાણિક ને ભલું. (ત્રણ–આ સંખ્યા એ પ્રાચીન કાળની ધર્મની ગૂઢ સંખ્યા મનાયછે. બ્રહ્મા, વિષ્ણુ અને શિવ એ ત્રણની ત્રિપુટી ગણાયછે; જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાતા; ધ્યાન, ધ્યેય અને ધ્યાતા; કર્તા, કર્મ અને ક્રિયાપદ, વગેરે અનેક જાતની ત્રિપુટી ગણાય છે; વન્હિ પણ ત્રણ પ્રકારના લખ્યા છે; વળી રજો, તમો અને સત્વ એ ત્રિગુણ કહેવાય છે; અહીં આગળ ત્રણનો અર્થ આવા પ્રકારનો નથી. પરંતુ

Gandhi Heritage Portal

તેનો અર્થ કેટલાક–થોડાક એવો થાયછે. તે ઉપરથી )

**ત્રણ પાયા,** ઠામઠેકાણા–ઢંગધડા વિનાનું; સમજણ રહિત. "શી ગાંડી વાત કરો છો મારા ભાઈ? આ તે ત્રણ પાયા તમે દેખાઓછો કે શું?

ભામિનીભૂષણ.

**ત્રણ બદામનું,** હલકું; તુચ્છ; કિંમત વિનાનું; ગણતરી વિનાનું.

"નોકરી તો છોડવી નહિ. નોકરી છોડયે તેઓ ત્રણ બદામના લોકોમાં ગણાય."

નવીપ્રજા.

**ત્રાજવું ભારે થવું,** ગર્વિષ્ટ થવું.

૨. માર ખાવાની નિશાની થવી અથવા એવા ગુણ ધારણ કરવા; માર મારી હલકું કરવાની જરૂર પડે એવા માણસને વિષે બોલતાં વપરાય છે.

**ત્રાજવું ઊંચું ચઢવું,** માન પ્રતિષ્ઠા આદિ વધવાં.

**ત્રાજવું નમવું,** સુખ–ચઢતીના દહાડા આવવા; પાયરી–સ્થિતિમાં ચઢતા થવું–વધવું; લાભ થવો. 'તેનું ત્રાજવું નમતું જાય છે.'

**ત્રિશંકુની અવસ્થા,** (અયોધ્યાના સૂર્યવંશી રાજા ત્રિશંકુએ સ્વર્ગે જવાની ઇચ્છાથી મહાયજ્ઞ કરવાને વસિષ્ઠને બોલાવ્યા. એણે ના કહી ત્યારે રાજાએ વિશ્વામિત્રને તેડાવ્યા. એણે સર્વ દેવને આમંત્રણ કર્યાં પણ કોઈ આવ્યું નહિ; એ ઉપરથી વિશ્વામિત્ર ક્રોધાયમાન થઈ પોતાના તપોબળથી ત્રિશંકુને સ્વર્ગમાં મોકલ્યો પણ ઇંદ્રાદિ દેવોએ તેને નીચે ઢાળી પડયો; એ વેળા વિશ્વામિત્રે પોતાની શકિતથી તેને નીચે આવતાં અધવચ્ચ અટકાવ્યો. એથી રાજા આકાશ અને પૃથ્વી વચ્ચે લટકતો રહ્યો તે ઉપરથી ) અધવચ–અંતરિયાળ લટકી રહેવું પડે એવી સંકુચિત દશા.

**ત્રીજું નેત્ર ઉઘડવું,** શિવજીના ત્રીજા નેત્રમાં વન્હિ છે, તે જ્યારે ઉઘડે છે ત્યારે પ્રલય થાય છે. એક સમે શિવપાર્વતીને ચોપાટ ખેલવા રકઝક થયેથી તે રિસાઇને ઉઠી ગયાં ને પછી બંનેએ ઉગ્ર તપ કરવાં માંડયું. એ તપથી પ્રલયાગ્નિ ઉત્પન્ન થયો ને દેવતા ગભરાયા. એઓએ શિવને કહ્યું કે તમે પાર્વતીને પાછાં બોલાવો. શિવ બોલ્યા હું તો નહિ બોલાવું. તેની ઇચ્છા હોય તો આવે; પછી ગંગાએ પાર્વતીને સમજાવ્યાં ને એ ભીલડીને વેશે આવ્યા. ઈંદ્રે કામને કહ્યું હતું કે પાર્વતી ભીલડી થઈ આવે કે તારે તારૂં બાણ શિવને મારવું, તેથી કામે તેમ કર્યું ને શિવ મોહિત થયા. પછી પાર્વતી પોતાને રૂપે પ્રગટ થયાં, પરંતુ શિવે કામના ઉપર ક્રોધે ભરાઈ તેને પોતાના ત્રીજા નયનની જવાળાથી બાળી નાખ્યો.

क्रोधं प्रभो संहर संहरेति,
यावद् गीरःखे मरुतां चरन्ति;
तावत् स वन्ही र्भवनेत्र जन्मा,
भस्मावशेषं मदनं चकार.

તેઉપરથી લાક્ષણિક અર્થે ખુબ ક્રોધાવિષ્ટથવું; અતિશય ક્રોધાયમાન થવું; કંઈક નવુંજૂનું થઈ જાય એવા ગુસ્સાના આવેશમાં આવી જવું; એકાએક ગુસ્સો ફાટી નીકળવો.

Gandhi Heritage Portal

# થ

**થડથી માંડીને,** પહેલેથી; આરંભથી; શરૂઆતથી. **થડથી તે પાંખડા સુધી** એટલે અથથી તે ઈતિ સુધી.

"તે હાથ જોડી રાજા આગળ ઉભો રહ્યો અને પોતાની સઘળી વાત થડથી માંડીને કહી."

**થતું નથી,** એમ સ્ત્રીને રતુ આવે છે ત્યારે બૈરાં બોલે છે.

(તેવી સ્ત્રીથી કામકાજ થતું નથી તે ઉપરથી.)

**થનથન કરી રહેવું–નાચી રહેવું,** (માથાપર) આ પ્રયોગ માણસના મિજાજના સંબંધમાં બોલાય છે. પોતાના મગજમાં આવ્યું હોય તેજ પ્રમાણે વર્તવાને હઠ કરી થકવવું; બહેકી જઈ–ફાટી જઈ દુ:ખ દેવું; કહ્યું ન માનવું; શિરજોરી કરવી.

**થપ્પડ ખાવી,** માર ખાવો; નુકસાન ખમવું.

**થાકયાના ગાઉ,** ચાલતાં ચાલતાં પગ થાકી જાય અને પછી જેટલા ગાઉ વધારે ચાલવાનું હોય તેટલા ગાઉ થાકયાના ગાઉ કહેવાય એ ઉપરથી એનો લાક્ષણિક અર્થ એવો થાય છે કે અમુક કામ પૂરૂં કરતાં પહેલાં વચમાં થાકી જવાથી આગળ ન વધાય એવી હાલત.

**થાથાથાબડી,** પોતાની સ્ત્રીને ફુલાવી ફુલાવીને બહેકાવી મૂકવી તે. અતિશય લાડમાં થાબડવું તે. 'થાથા થાબડીને વહુ આપડી' એમ કહેવાય છે.

**થાપ ખાઇ જવી,** ચૂક–ભૂલ કરવી; છેતરાઇ જવું; ભૂલાવામાં પડવું. (એકાએક) "તે એ કામમાં થાપ ખાઈ ગયો." **થપ્પડ ખાવી** પણ વપરાય છે. એથી ઉલટું **થાપ મારી જવી.**

૨. નુકસાનમાં આવી પડવું. [લાક્ષણિક.]

"એટલી ભારે માગણી કરીને રાજકન્યા ભૂલાવવા ધાર્યું તેમાં સુલતાને સજ્જડ થાપ ખાધી છે."

અરેબિયન નાઈટ્સ.

**થાપડ થાપડ ભાણાં કરવાં,** (પોતાની સ્ત્રીને.) લાડમાં થાબડવું. થાથાથાબડી કરવી; ફુલાવી ફુલાવી બ્હેકી જાય એમકરવું. વિશેષે સ્ત્રીના સંબંધમાં વપરાય છે.

"દિવસના કંકાસના ઉભરાઓ વરની આગળ રાત્રે સુવાના વખતમાં કાઢે છે; વર જો સમજુ હોય છે તો થાપડ થાપડ ભાણાં કરી હસાડી રમાડી સુવાડે છે."

નર્મગદ્ય.

**થાળી જેવડું કપાળ,** મોટું કપાળ મોટું ભાગ્ય સૂચવે છે. ]

"રાજકુંવરી સૌથી અળગી રહેતી હતી તો પણ પૂનેમના ચંદ્ર જેવું તેનું મોં તથા થાળી જેવડું તેનું કપાળ છાનું રહ્યું નહિ."

ગૂ. જુની વાર્તા.

**થાળી ફેરવવી,** થાળી વગાડી ઢંઢેરો પીટવો; લોકમાં જાહેર કરવું; ગુહ્ય વાત ઉઘાડી પાડવી. (લાક્ષણિક)

"રૈયતનો ગભરાટ ટાળવાને સુરપાળે જાહેરનામાં કરી થાળી ફેરવી કે કોઇએ ડર રાખવો નહિ."

વનરાજ ચાવડો.

૨. પૈસા ઉઘરાવવા.

**થાળે પડવું,** શાંત પડવું; (વહેતું પાણી થાળામાં પડતાં સ્થિર થાય છે તે ઉપરથી.)

"જેમ જેમ કામ થાળે પડતું ગયું અને જેમ જેમ પોતાની કમાણી વધતી ગઈ તેમ તેમ ડાહ્યાભાઇને પેઢીનું કામ કમી થતું ગયું."

બે બહેનો.

Gandhi Heritage Portal

**થુંક ઉરાડવું,** જેના બોલવાથી કાંઈ નીપજે નહિ અથવા તો નકામું બોલ્યાંજ કરે એવા માણસના સંબંધમાં આ વપરાય છે; થુંકની પેઠે બોલેલા બોલ વહી જવા દેવા; મિથ્યા બોલવું.–નકામા જાય તેવા હીણા બોલ બોલવા.

૨. ગાળ દેવી; અસભ્ય બોલવું.

"ભાઇ તમે નકામું થુંક શું કરવા ઉરાડો છો? તમારી તકરાર શી છે તે અમને કહો તો તોડ પાડી આપીએ."

"સુલતાન વજીર અથવા વજીરના છોકરા સામે ફોકટ થુંક ઉરાડી ઉભરો કાઢવાને બદલે તે ફક્ત એટલુંજ બોલ્યો કે.–"

અરે બિયન નાઈટ્સ.

"બધું થઇ ગયું; હવે થુંક ઉરાડશો તે મિથ્યા.

ભટનું ભોપાળું.

**થુંકેલું ગળવું,** થુંકેલું પાછું ગળવાની પેઠે આપેલું વચન અથવા બોલેલા બોલ પાછા મોંમાં ઘાલવા-મિથ્યા કરવા;–તે ઉપરથી બોલેલું વેણ ન પાળવું. ( ધિક્કારમાં બોલાય છે. )

**થુલું કાઢવું,** દુઃખ દઇને અશક્ત-માલવિનાનાનું કરી મેલવું; ખૂબ થકવી દેવું. ( કામ કરાવીને.)

૨. હલકું કરવું. ( માર મારીને. )

૩ હલકું પાડવું; માનભંગ કરવું. ( ધમકાવીને )

**થૂ તેના નામ–મોંપર,** ધિક્કાર છે એના મોંને. ( તેના નામ–મોંને થુંકવાની જગો જાણવી તે ઉપરથી. )

"અજબ છે કે આપણે ધરતીમાં ગરક થઈ જતા નથી? એ કાફર લોકોના દીન ( થુ તેઓના મોં ઉપર ) અને આપણા દીનનો મુકાબલો કરવો. ?"

કરણઘેલો.

**થોડી ઘડીનો પરોણો,** થોડોજ વખત જીવવાની આશા હોય એવા મરણપથારીએ પડેલા માણસને વિષે બોલતાં વપરાય છે.

"તેને લાગ્યું કે ઘેલાભાઈ હવે થોડી ઘડીનો પરોણો છે."

બે બહેનો.

**થોરીઆ રોપવા,** લઢાઇનાં મૂળ રોપવાં.

"તે તો ઠેર ઠેર થોરીઆ રોપે છે."

---

# દ

**દઇ વર્તાવવી,** (દુવાઈ ઉપરથી દઇ–આણ). હુકમ ચલાવવો.

"અભિમાની ઓરતો ઘરનું કામકાજ કરવાથી બેદરકાર રહી બોલે છે કે 'શું અમને કોઇએ વેચાતાં લીધાં છે કે શું, અમારાં બાપને કાંઈ દઈ વર્તાવે છે? પૈસા ગણાવ્યા હોય તો રાખે પાછા."

પંડિતા જમનાબાઈ.

**દમ કાઢી નાખવો,** સતાવવું; સંતાપવું; કંટાળો આપવો; ઘણોજ આગ્રહ કરી કનડવું, કાયર કરવું; જીવને ઘણોજ અકળાવવો; દુઃખ દેવું.

પ્રેમના આવેશમાં ભોગ આપવો તે ઉપરથી કુરબાન થવું; ઘણું ચહાવું; આતુર રહેવું. દમ શબ્દ ઉપરથી વ્યાકરણને લગતા ઘણા પ્રયોગ થયા છે, જેમકે,—

**દમ રાખવો** એટલે થાક ખાવો; વિસામો લેવો; ધીરજ રાખવી.

**દમ નીકળી જવો** એટલે જીવ જવો; થાકી જવું.

**દમ ખેંચવો** એટલે ધીરજ ધરવી; ચૂપકીથી સહન કરવું અથવા તમાકુ વગેરેનો.–

**દમ મારવો** એટલે થાક ખાવો; ધીરજ ધરવી–રાખવી.



Gandhi Heritage Portal

**દમ દેવો—આપવો** એટલે ધમકાવવું; ધાસ્તી આપવી.

**દમ છોડવો** એટલે આશા, વિશ્વાસ કે હિંમત છોડી દેવી. ૨. મરી જવું.

**દમ પકડવો** એટલે ધીરજ ધરવી.

**દમ રાખવો** એટલે તન–મન ધનના જોરનું અભિમાન રાખવું.

**દમ થવો** એટલે દમનો રોગ થવો.

**દમ તાણવો,** ચૂપ રહેવું અગર ચૂપકીથી સહન કરવું.

**દમ ધરવો,** થાક ખાવો; અટકવું.
૨. ધીરજ રાખવી.
૩. હિંમત ધરવી.

**દમ બાંધીને ચાલવું,** ઉતાવળે ચાલવું.
'તેણે દમ બાંધીને ચાલવા માંડયું.'

**દમ ભીડાવવો,** ધાક દેખાડવી; ધાસ્તી આપવી; ધમકાવવું.
"જેમના પહેરામાંથી ચોરી થઇ તે સ્વારોને દમ ભીડાવ્યો અને કેટલાકને પરહેજ કર્યા."

સધરાજેસંગ.

**દમ મારવો,** નિરાંત–ધીરજ ધરવી; થાક ખાવો.
૨. (તમાકુ વગેરેનો.)
"એણે ભુલ ખાઈ અથવા તો રાજભક્તિની ઘેલછામાં તણાઈ, ખરી તક આવતાં સુધી દમ મારવાને બદલે પોતાની ઉતાવળથી ઉલટું તે દુષ્ટના મનમાં પાકો વહેમ આણવાનું કર્યું."

**દમ રહેવો,** ગુણ–સત્વનું રહેવું.

**દમ લેવો,** શ્વાસ નીચો પડવો.
૨. ધીરજ રાખવી.

**દમ લઈ નાંખવો** એટલે સંતાપવું; કાયર કરવું.

**દર ઉઘડવું,** માર્ગ ઉઘડવો; દ્વાર ખુલ્લું થવું; ધંધો મળવો.

**દર પાડવું,** પ્રવેશ કરવો; રસ્તો કાઢવો–પાડવો.

**દરવાજા ઉઘાડા છે,** જેને જેણી તરફ જવું હોય તેને તેણી તરફ જવાની છૂટછે. જવાને કોઈ જાતનો અટકાવ–પ્રતિબંધ થાય એમ નથી, રસ્તા મોકળા છે–ગમે તે રસ્તે જાઓ. મતલબકે જવા દેવાની ના નથી. (ઘણું કરીને પ્રાચીન શહેરની આસપાસ કોટ બાંધેલા હોય છે તેના.–જેમાં થઇને લોકોની અવજા થાય છે, તે ઉપરથી.)

**દરિયા જેવડું પેટ,** ઉદાર; જે હોય તે સમાય એવું વિશાળ; સહન કરે એવું. સહનશીલતા વાળા માણસને માટે વિશેષે વપરાય છે. (દરિયામાં જેમ અનેક નદીઓનાં જૂદાં જૂદાં પાણી સમાઈ જાયછે તેમ.) મોટું પેટ પણ વપરાય છે. તેથી ઉલટું **ખાબોચિયા જેવું–સાંકડું પેટ.**

**દરિયામાં ડુબકી,** પતો ન લાગે એવી શોધ કે યત્ન.

**દરિયામાં ડુબવું,** મોટી નુકસાનીમાં આવી પડવું; પડતીમાં આવવું.
૨. પાપી થવું; કરમ બાંધવાં; સંસારની દુગ્ધામાં રિબાયાં કરવું.

**દરિયો ઓળંગવો,** દરિયો ઓળંગવા જેવું કોઈ મહાભારત કામ કરી કૃતાર્થ થવું; દરિયા જેવું મોટું કામ પૂરૂં કરી સુખ રૂપ કિનારે પહોંચવું.

એકાદું મોટું કામ પાર પાડી તે તરફની નિરાંત મેળવવી; માથે લીધેલું મહાભારત કામ પાર પાડવું–પૂરૂં કરવું. દરિયો ઓળંગવામાં ખડક, અને હિંસક પ્રાણીઓ આદિની અનેક અડચણો નડે છે તે અડચણોની સામે થઇ ઉતારૂ જ્યારે કિનારે પહોંચેછે ત્યારે તેના મનને નિરાંત વળેછે તેમ જે કામમાં અનેક અડચણો આવી પડતી હોય, તેમ છતાં તે કર્યા વિના છુટકો ન હોય તો તે અડચણો ખસેડીને પણ જ્યારે કોઈ ધારેલું કામ પાર પાડી

Gandhi Heritage Portal

ફતેહ મેળવેછે ત્યારે તેણે દરિયો ઓળંગ્યો એમ કહેવાયછે.

**દશા કરવી,** (દશાહ ઉપરથી.) મુઆ માણસનું દસમું કરવું.

**દશા બેઠી છે,** વાંકા દહાડા થયાછે; પડતી દશા આવી છે.

**દશીવીસી,** ચઢતી પડતી દશા; સુખ દુઃખ.

'દશી વીસી સૌની એવી.'

**દશૈયાં ચરવાં,** પરણ્યા પછી તરત થોડા દિવસ વરે વહુને ઘેર અને વહુએ વરને ઘેર જમવા જવું.

(ઘણું કરી દશ દિવસ સુધી જમવા જાય છે તે ઉપરથી.)

**દસ ઉઠણુ,** સ્ત્રીને છોકરૂં સાંપડ્યા પછી દસમે દિવસે જે અશુદ્ધિ કાઢવી તે.

**દસરાનો પાડો મારવો,** હિંમત વિનાનું કામ કરી ખોટું પરાક્રમ દેખાડવું.

(દસરાને દિવસે પાડાનો વધ થાયછે. ને એવી રીતે કે એક બે માસ અગાઉ તે પાડાને સારી રીતે ખવડાવી પીવડાવી માતેલો કરી રાખે છે. જ્યારે દસરાનો દિવસ આવેછે ત્યારે તેને ધામધુમમાં ઠેરવેલે ઠેકાણે લઈ જાય છે અને ત્યાં ચારે તરફથી કબજ કરાવી ભોગ લેનાર તે બિચારાનો તરવારથી ભોગ લેછે તે ઉપરથી.)

**દહાડા નાખવા,** દિવસ ગુજારવા; **દહાડા કાઢવા** પણ બોલાય છે. (શોકમાં-નિરાશામાં.)

"પાંડવે દહાડા નાખ્યા રોઈ, દુઃશાસને પાંચાળી વગોઈ."

(પ્રે. કૃ) સુધન્વાખ્યાન.

**દહાડા ભરાઇ જવા,** દહાડા આવી રહેવા; મોત આવવું.

"મણિશંકરે ક્રોધથી પગ પછાડીને કહ્યું, દુષ્ટો, તમારા દહાડા ભરાઈ ચૂકયાછે, તમારા રાઈ જેટલા તુકડે તુકડા કરવા માટેજ હું અત્યારે અહીં આવ્યો છું."

મણિ અને મોહન.

**દહાડા ભાગવા,** નકામા દહાડા ગુમાવવા.

**દહાડા રહેવા,** ગર્ભ રહેવો. **દહાડા છે** એટલે ગર્ભ છે.

**દહાડા લેવા,** દહાડા ગાળવા-(ઘણું કરીને નિરાશામાં બોલતાં એ વપરાય છે.)

**દહાડાની ચાલ,** ગ્રહયોગ.

**દહાડાવાળી** ગર્ભવંતી સ્ત્રી.

**દહાડે લાગવું,** ધંધે રોજગારે વળગવું.

**દહાડો આથમવો,** પડતી દશામાં આવવું.

**દહાડો ઉઘડવો,** સારી સ્થિતિમાં આવવું.

(દાહાડો ઉઘડે છે ત્યારે પ્રકાશ મારે છે-અજવાળું વધે છે તે ઉપરથી.)

**દહાડો ઉઠવો,** અસ્ત થવું; પડતી દશા આવવી; સારી સ્થિતિમાંથી નઠારી હાલતમાં આવવું.

"એનો દહાડો ઉઠ્યો જણાય છે જે આવી ને આવી ઊંધી સમજ રાખતો જાયછે."

**દહાડો જાગવો-ફળવો.** એ પ્રયોગ એથી ઉલટો છે.

**દાહાડો ખેંચવો,** નકોરડો ખેંચવો; કંઈ પણ ખાધું ન હોય એવો ખરેખરો અપવાસ કરવો.

'આજે અગિયારસનો દહાડો ખેંચી કાઢ.'

**દહાડો ચઢવો,** (સ્ત્રીને)

**દહાડોપાણી,** મરનારની પાછળ જે ક્રિયા ખરચ કરવો તે. **અવસર પાણી** પણ બોલાય છે.

"બાપનું દિવસપાણી તેણે કરકસરથી કર્યું; તેથી નાતમાં તેને માટે ચરચા ચાલી."

બે બેહેનો.

**દહાડો ફરવો,** નઠારી સ્થિતિમાંથી સારી સ્થિતિમાં આવવું; ભાગ્યોદય થવો; દશા ફરવી.

Gandhi Heritage Portal

"માટે કહે નર્મદ દેશીને, જોસ્સા ઊંચ વધારો; મથો શોધવા પ્રસંગ જેથી, ફર્યો પેખશો દા 'ડો."

કવિ નર્મદ.

**દહાડો વળવો—જાગવો,** ઉદય થવો; નઠારી સ્થિતિમાંથી સારી સ્થિતિમાં આવવું. ભાગ્યોદય થવો.

**દહાડો વટવો,** અળગું ચઢવું. (સ્ત્રીને.)

**દહાડો વળવો,** ભાગ્યોદય થવો; સારી સ્થિતિમાં આવવું.

૨. ફાયદો થવો. **દહાડો ઉઘડવો** પણ એજ અર્થમાં બોલાય છે.

**દહાડો વાંકો છે,** નશીબ પ્રતિકૂળ છે; સિતારો પાધરો નથી; સંભાળીને ચાલતાં પણ વાંકું થાય એવા ગ્રહયોગ છે; પડતી દશા છે.

"જ્યાં સુધી દહાડો વાંકો છે ત્યાં સુધી આપણું ધાર્યું કાંઈ થનાર નથી."

**દહાડો સિકંદર થવો,** સિકંદર એ શબ્દ મુસલમાની રાજ્યે આ દેશની ભાષાઓમાં નવો દાખલ કર્યોછે. ફલાણાનો દહાડો સિકંદરછે એમ લોક બોલે છે અને જાણે તે શબ્દના ઉપર મોહ તથા આશ્ચર્યથી મનમાં જોતા હોય તેવા દેખાય છે. સિકંદર એ ગ્રીક વિજયી રાજા હતો તે કોઈ લડાઈમાં પાછો હઠ્યો નથી–તે સઘળીજ લડાઈઓ જીત્યો છે તે ઉપરથી,–

પડતી હાલતમાંથી સારી હાલતમાં આવવું; ચઢતી થવી; અભ્યુદય થવો; સિતારો પાંશરો થવો; નશીબ અનુકૂળ થવું.

**દહીં મૂકીને ચાટજે,** નિરર્થક રાખી મૂકજે. કેટલીક જગોએ **મધ મૂકીને ચાટજે** એમ પણ બોલાય છે.

**દહીંનો ઘોડો,** 'એણુ ગેણુ.' એ નામની રમતમાં દાનવાળો છોકરો.

**દળણું દળવું,** દળણું દળવા જેવું મોટી માથાફોડનું અને કંટાળા ભરેલું કામ કરવું.

૨. (ક્રોધનું.) શક્તિ ઉપરાંત–ન સહન થઈ શકે એવું. કામ સોંપી છેકજ થકવી દેવું; આટો કાઢી નાખવો; કામ કરાવી કરાવીને હાડકાં પાંસળાં છેકજ નરમ કરી નાખવાં.

"તું તો મારૂંજ દળણુ દળવા બેઠો છે."

**દળેલું દળવું,** કરેલું માથાકૂટનું કામ પાછું ફરીથી કરવું; કંટાળાની સાથે ફરીથી પાછું તેને તેજ કરવું.

**દાંડો પકડવો,** આધાર ગ્રહણ કરવો (દુરાગ્રહમાં)

'એતો શાસ્ત્રનોજ દાંડો પકડી રહ્યો છે."

**દાખલો ખાવો,** પત્તો લાગવો.

**દાગળી ખસવી—ચસકવી,** ઘેલા થવું; બુદ્ધિશુદ્ધિ જવી; દીવાના થવું; વાપર જવું.

**દાઢ ગળી થવી,** ગળ્યું ગળ્યું ખાવાનું મન થવું.

"આવિ પડયા તેના મુખ આગળ જેતી દાઢ ગળી હતી."

પાણીપત.

**દાઢ પેધવી—સળકવી,** ખાવાનું વધારે વધારે મન થવું.

૨. લાલચ વધવી.

"હિંદુસ્તાનની દોલતથી મોહ પામી સિકંદરની દાઢ સળકી."

"વાઘજી બાપુ, ભાઇની યુક્તિ ફાવી. કુમુદસુંદરીથી એમની દાઢ સળકી રહી છે તે બાપા જાણતા નથી."

સરસ્વતીચંદ્ર.

**દાઢ સળકવી,** ખાવાનું મન થવું.

**દાઢમાં ઘાલવું–લેવું,** મારવા–નુકસાન કરવાની કે સપડાવવાની તજવીજમાં રહેવું; કીનો–વેર રાખવું. ભચરડી નાખવાની યુક્તિ શોધવી.

**દાઢ આવવી** એટલે દાઢને લગતી ચામડી સુજી આવવી.

**દાઢીમાં હાથ ઘાલવા,** અતિશય આજીજી

Gandhi Heritage Portal

કરવી; કાલાવાલા કરવા- ( અભિનય. )

**દાઢે લાગવું,** ખાવાનું વધારે વધારે મન થવું; લાલચ થવી.

**દાણા જોવા,** ( નજર ઉતારીને આડું ઓળખવા માટે. )

**દાણા વાળવા,** ટુચકો ઉતારી દાણા બાંધી રાખવા; ઘઉંના દાણા, મીઠાનો કાંકરો, માટીનું ઢેપું, અને કોયલો એટલાં વાનાં ભેગાં કરીને સાતવાર માથાપર ફેરવીને લુગડામાં બાંધી રાખવામાં આવે છે અને તે પછી જોશીને બતાવવામાં આવે છે, તેપરથી જોશી આડું વગેરે જુએ છે.

**દાણો પાડવો,** ( દાણો અથવા ચોખો નાખવો તે ઉપરથી. ) વિધવાને ફરી પરણાવવી. ( નાતરીયા નામતમાં વિશેષ બોલાય છે.)

**દાણોપાણી,** ખાવાપીવાનું; ગુજરાન; અંજળપાણી.

૨. સર્જીત; નશીબ.

"જ્યાં દાણોપાણી લખ્યું હશે ત્યાં જવાનું થશે."

**દાંત આવવા,** ( દાંત સિવાય બરાબર બોલાતું નથી તે ઉપરથી અથવા બાળકને દાંત આવ્યા પછી તે બોલતાં શીખે છે તે ઉપરથી. ) બોલવાનું શૌર્ય આવવું.

**દાંત ઉઠવા-બેસવા,** ( કરડવાથી. )

**દાંત કકડવા,** ( રોગથી. )

**દાંત કકડાવવા,** ગુસ્સાનો અભિનય કરવો.

૨. (ટાઢમાં કે ઊંઘમાં.)

**દાંત કરડવા,** હારી થાકવું; હાર ખાવાથી લીધેલું કામ પડયું મૂકવું.

૨. શરમની લાગણી થવી.

**દાંત કાઢવા-દેખાડવા,** સારી પેઠે દાંત બહાર દેખાય એવી રીતે ખડખડ હસવું.

" ઘરનાં વડીલો શું હળિમળિ ચાલે,
રાખે સખિશું હેત;
ઠાવકી રહીને વિનોદ કરે,
પણ દાંત ન કાઢે છેક.

નર્મ કવિતા.

**દાંત કાઢવા** એનો અર્થ ચીડીઆં કરવાં પણ થાય છે.

૨. કોઇનું કહેલું હસી કાઢવું-ન ગણકારવું-ઉડાવવું.

" જમેવાળા માગવા આવ્યા ત્યારે ભાર ભાગી ગયો એટલે લોક ચઢી આવ્યા ત્યારે દાંત દેખાડ્યા. "

વિજ્ઞાતવિલાસ.

**દાંત ચાવવાના જૂદા ને બતાવવાના જૂદા,** પેટમાં કપટ સૂચવે છે; બોલવું મીઠું મીઠું ને કરવું કાંઇક જૂદું જ; બહારથી બતાવવાનું જૂદું ને પોતે કરવાનું જૂદું.

( હાથીના દાંત જેમ ચાવવાના અને બહાર દેખાડવાના જૂદા જૂદા હોય છે તેમ.)

**દાંત ટીટીઆરો કરવો,** ખીજવાઇને લવારો કરવો; નકામું લવ્યાં કરવું; ક્રોધનો અભિનય કરવો.

**દાંત પડવા,** હાર અથવા શરમની લાગણી થવી; નરમ પડી જવું; નાઉમેદ થઈ જવું.

**દાંત પિસવા,** ( ગુસ્સામાં. )

"દાંત પિસીને બોલ્યો કે બચ્ચા આવ."

વનરાજ ચાવડો.

**દાંત ભાગી નાખીશ,** એમ ધમકી આપતાં બોલાય છે.

**દાંત હોવા (પેટમાં.)** વેર હોવું.

શૌર્ય--જોસ્સો હોવો ( ખાઈ જવાનો.) મારવા-સપડાવવા—બીવડાવવાનો જોસ્સો હોવો.

" દેવાળિયાના દિકરા તું સમજતો નહિ કે આમાં મિયાંનો માલ છે તે તને પચશે ? પણ આ તો પછવાડે આવડા આવડા દાંતવાળા બેઠા છીએ તે તારો જીવ લેશું ? માટે ઝટઇને રૂપિયા કાઢી આપ. "

કૌતુકમાળા.

Gandhi Heritage Portal

**દાંતમાં છેડો ઘાલવો,** આબરૂ સાચવવી–જાળવવી; મર્યાદામાં રહેવું. ( સ્ત્રીઓમાં જ વપરાય છે. )

"દાંતમાં છેડો ઘાલી દહાડા કાઢવામાં સન્નારીનું ભૂષણ છે."

**દાંતીઆં કરવાં,** ચીડાઈ જવું; બોલવાનું કૌવત ન હોય તે છતાં ગુસ્સામાં બળાત્કારે બોલવું–ચીડાવું.

**દાંતે ચઢવું,** ચરચાવું; વગોણું થવું.

**દાંતે તરણાં લેવડાવવાં,** ગરીબાઈ કબૂલ કરાવવી; ઘણું–ઘણું જ દુઃખ દેવું; સંતાપવું; નરમ પાડવું; હાર અથવા તાબેદારી કબૂલ કરાવવી; ત્રાસ આપી હલકું પાડવું.

( પહેલાં જ્યારે કોઈ રાજા વિજય પામતો ત્યારે પરાજય પામેલો રાજા દાંતે તરણું લઈ અને કાચા સુતરે બંધાઈ તેને શરણે જવાની ફરજ પડતી હતી તે ઉપરથી. )

"કાચે સુતરે હાથ બાંધી દાંતે તરણું લઈ આવવાનો હુકમ નહિ કરતાં સિદ્ધરાજે મદનવર્મને માન આપી પોતાની પાસે બેસાડી ધીરજ આપી."

સધરાજેસંઘ.

**દાંતે મેલ આવવો,** પૈસાદાર થવું.

**દાતણ કરવું,** દાતણથી દાંત ઘસી મોઢું ધોવું.

**દાતણની દીવી જેવો,** દાતણની દીવીને ફીટી જતાં અને તે ઉપર મૂકેલા દીવાને નાશ પામતાં જેમ વાર લાગતી નથી તેમ. જેને એકનો એક છોકરો હોય છે તેના સંબંધમાં એમ વપરાય છે કે તે બિચારીને તો દાતણની દીવી જેવો એકનો એક છોકરો છે. સંકેત એવો છે કે જેના ઉપર દીવો–વંશ જળવાઈ રહેવાનો આધાર છે તે મોંઘો અને લાડકવાયો છોકરો.

૨. સુકલકડી શરીરવાળા માણસને માટે પણ અતિશયોક્તિમાં વપરાય છે.

**દાતણપાણી કરવું,** સવારમાં ઉઠી ઝાડે ફરવા જવું, દાતણ કરવું વગેરે જે કામ પહેલું કરવાનું તે કરી લેવું.

**દાતરડું ને બંધિયા,** એની પાસે શું છે દાતરડું ને બંધિયા ? ( મતલબ કે કાંઈ જ નથી. ) બધું ખોઈ નાખ્યું કે વાપરી નાખ્યું છે.

( ઘાસ લેવાને દાતરડું ને બંધીઆ સાથે કોઈ ખેડૂત ખેતરમાં ગયો પણ ત્યાંથી ઘાસ ન મળ્યું કે કાપીને લાવતાં અધવચ ખોયું તેથી તેની પાસે રહ્યાં માત્ર દાતરડું ને બંધીઆં, તે ઉપરથી )

**દાન લેવાં,** વરકન્યાએ અથવા પરણેલાં સ્ત્રી પુરૂષે ગુરૂ સન્મુખ ભેટ મૂકી તેમની પાસેથી મંત્ર લેવો; દીક્ષા–બોધ ગ્રહણ કરવો

**દારૂગોળો સળગવો,** લઢાઈ–કજીઓ ચાલવો. ( ઘણા જ સાધારણ અર્થમાં. )

**દાવે સોગટી મારવી,** લાગ જોઇને કામ કરવું; આવ્યો પ્રસંગ ન ચૂકવો.

"એમ હશે તો પણ ચઢાઈનાં પુષ્કળ અનુકૂળ કારણ હોય ને પછી અપચિન્હ જોઈ દાવે સોગટી મારી હોય તો તો જરૂર ફતેહ જ મળે."

મુદ્રારાક્ષસ નાટક.

"હારજીત એ ધર્મ ક્ષત્રીનો,
વળી દાવે સોગટી મારૂં રે;
જો એણે મને હણ્યો નથી તો,
હું લગાડું એને સારૂં રે."

માંધાતાખ્યાન.

**દાળ પરણાવવી,** દાળ વધારવાને અંદર પાણી રેડવું.

**દાળમાં કંઈ કાળું છે,** છૂપું પાપ, કલંક કે ગુન્હો છે; છૂપો ભેદ–છૂપો મર્મ રહેલો છે.

Gandhi Heritage Portal

**દાળમાં નાખજે,** નિરર્થક રાખી મુકજે. 'દાળમાં નાખી વઘારી ખાજે' એમ પણ બોલાય છે.

**દિકરીએ દીવો રહેવો,** દિકરીના સંતાન વડે વંશ રહેવો; દિકરી વડે વંશ જળવાવો.

' એનો તો દિકરીએય દીવો રહેવાનો નથી.'

"બાપજી દિકરીએ દીવો સહુ બોલતું,
તોય તમે સાંખ્યું ઘણું દામરે–સામા થતા.
કવિ બાપુ.

**દિન જાગવું,** ધર્મને નામે મુસલમાનમાં બખેડો થવો; બંડ ઊઠવું. ( મુસલમાન લોકો જોસ્સામાં આવતાં દિન દિન પોકારે છે તે ઉપરથી.)

**દિન જાગવો,** ભાગ્યોદય થવો; માઠી દશામાંથી સારી દશાનાં આવવું.

**દિનમાન ઉઠવો,** કમનશીબ થવું; નમતો દહાડો થવો; દુર્ભાગ્ય થવું.

" મારૂંજ ભાગ્ય નબળું,
દિનમાન ઉઠયો;
મારા અરિષ્ટ અરથે,
મુજ દૈવ રૂઠયો."
વેણીસંહાર નાટક.

**એનો દિનમાન ઘેર નથી** એમ પણ બોલાય છે.

**દિલ આપવું,** મનના વિચાર જણાવવા. ( કોઈ સ્નેહી કે અંતરના માણસને.)

**દિલ ઉતારી નાખવું,** પ્રેમ–સ્નેહ ખેંચી લેવો.

**દિલ ઉઠી જવું,** મન–કાળજી ન રહેવી; નારાજ થવું; ભાવ જતો રહેવો; રૂચી કમી થવી.

૨. સ્નેહ તૂટવો.

**દિલ ઊંચું થવું,** નારાજ થવું; પ્રીતિ ઉઠી જવી; ખેદીલી પેદા થવી.

**દિલ ઘાલવું,** શરીર વધારવું; જાત વધારવી; શરીર પુષ્ટ કરવું.

૨. મન ઘાલવું; ચિત્ત પરોવવું.

**દિલ થવું,** મન થવું; મરજી–ઈચ્છા થવી.

**દિલ ભરાવું,** તાવનાં ચિન્હ જણાવાં; તાવ આવવો.

૨. ડૂમો–ડીઓ જામવો; ગળગળું થવું; ગળગળી જવું.

" દેજો પત્રથી દર્શન બાપને,
રડતાં રહો બ્હેન હવે નહિ ઢીલ;
ભરાયું મુજ દિલ,
મંગળ કરો બ્હેનને."
નર્મકવિતા.

**દિલ ભારે થવું,** તાવનાં ચિન્હ થવાં–જણાવાં; તાવ આવવો.

**દિલ લેવું,** શરીરે પુષ્ટ થવું. **લોહી લેવું** પણ બોલાય છે.

૨. મન લગાડવું; ચિત્ત પરોવવું.

" શેઠાણીને મનમાં સંદેહ પડયો કે બુઢ્ઢા હવે મારા કામકાજમાં કાંઈ દિલ લેતા નથી."

નવી પ્રજા.

**દિલ સાફ છે,** નિષ્કપટી છે; સ્પષ્ટ રીતે કહી દે એવો છે. (પ્રમાણિક છે.)

**દિલ્લીનો ઠગ,** નામીચો ઠગ–લુચ્ચો.

" આ પુરાણી કોઈ દિલ્લીનો ઠગ કે મુંબાઇનો ભામટો હોવો જોઇએ."

મણિ અને મોહન.

**દિલ્લીનો શાહુકાર,** લઇને પાછું ન આપે અથવા બોલીને ફરી જાય એવો મહા લુચ્ચાનો લુચ્ચો.

( દિલ્લી શહેરમાં ઠગ ઘણા હતા તે ઉપરથી વાંકામાં.)

**દિવસ ગણવા,** જે માણસ થોડા દિવસ જીવનારો હોય તેવા અતિશય માંદા માણસને વિષે બોલતાં વપરાય છે.

**દિવસ ઘેર નથી,** નશીબ અનુકૂળ નથી; ગ્રહ વાંકા છે.

" પોતાના સ્વામી નંદના વંશના અવ-

Gandhi Heritage Portal

યવી ભૂત ચંદ્રગુપ્તને મૂકી મલયકેતુ જેવા પરાયાને અધિક કરી માનો છો તેથી અચૂક તમારો દિવસ ઘેર નથી."

મુદ્રા રાક્ષસની ટીકા.

**દિવસપાણી,** જુઓ **અવસર પાણી.**

**દિવસ ફરવો,** નશીબ બદલાવું. (સારે માઠે ઉભય પ્રકારે વપરાય છે.)

"દિવસ ફર્યો એટલે મેળવેલું ગયું અને કરજ થયું."

સરસ્વતીચંદ્ર.

"દિવસ ફર્યો એટલે સર્વ વાત તેને અનુકુળ થઈ પડી."

રાજવાણી.

**દિવા જેવું,** ચોખ્ખું; ઝટ સમજાય એવું; ભૂલવિનાનું. કર્યું **દિવા જેવું** એટલે કાંઈસારૂં ન કર્યું એમ વાંકામાં બોલાય છે.

**દિવા પછવાડે અંધારૂં,** નામાંકિત માણસના મરણ પછી તેનાં કામ વગેરેની જે અવ્યવસ્થા-ખરાબી થઈ જાય તે અથવા તેનો વંશજ અંધારામાં પડી રહે-નઠારો નીકળે તે.

**દિવાની જ્યોત જેવું,** (નાક.) અણિયાળું. **તેલની ધાર જેવું** અને **પોપટની ચાંચ જેવું** પણ બોલાય છે.

**દિવાસળી ચાંપવી,** ઉશ્કેરી લડાઈ ઊભી કરવી. (બે પક્ષ વચ્ચે.)

૨. સળગતી દિવાસળી ચાંપી બાળી મૂકવું.

**દિવાળીનો દહાડો,** દિવાળીના જેવા ઉત્સવ-આનંદનો દહાડો.

**દિવો ઉઠવો,** કોઈ અમુકે ગુણવિદ્યાએ કરીને પ્રસિદ્ધિ પામવી.

"તે તો કુળમાં દીવો ઉઠ્યો છે."

**દિવો કરવો,** કાંઈ સારૂં કામ ન કર્યું હોય ત્યારે વાંકામાં વપરાય છે.

**દિવો ઘેર જવો,** ઓલાઈ જવો; ગુલ થવો.

"ખુટયું તેલ દિવો ઘેર ગયો,
પડી રહી વાટ તે."

નર્મકવિતા.

'હિંદુઓમાં દિવો એ પૂજ્ય ગણાય છે. 'દિવો ઓલવી નાખ' એમ કેટલાક કહેતા નથી પણ 'દિવો ઘેર કર' એમ કહે છે; 'સળગાવ' એમ કહેતા નથી પણ 'પ્રગટાવ' એમ કહે છે. **દિવો રાજ થવો, રાણો થવો** એમ બોલાય છે. વળી દિવાના સંબંધમાં બૈરાં આ પ્રમાણે બોલે છે.

'કુળ દિવા કલ્યાણ કરજે, મારૂં ઘર સોનૈયે ભરજે, પાડોશીનું પૈસે ભરજે, અદેખાનું ઈંટાળે ભરજે, આવતા ચોરને આંધળો કરજે, સાંજ પડે પાછો વહેલો આવજે, વગેરે વગેરે."

વળી-'જા દિવા તું દ્વારકા, તારી માને મારા જેશ્રીકૃષ્ણ કહેજે, ઘેર જઇને દૂધને ભાત ખાજે' વગેરે.

**દિવો મૂકવો,** હિંદુ લોકો મોટી નદીઓમાં વૃક્ષનાં પાંદડાંમાં ઘીના હજારો દિવા પાણીમાં તરતા મૂકવામાં પૂણ્ય સમજે છે. એથી તેઓ સમજે છે કે પાપ તરતું મૂક્યું અને હૃદયમાં સત્યધર્મનો પ્રકાશ થયો; અજ્ઞાનરૂપી અંધારૂં દૂર થયું ને જ્ઞાન રૂપી દિવો પ્રગટ્યો.

૨. ધર્મના તહેવારે અથવા અગીઆરસ અમાસે આર્યપત્નીઓ ને પુરૂષો વિવિધ પ્રકારનાં વસ્ત્રાલંકાર પહેરી નદીમાં નાળીએર પધરાવી પાંદડામાં ઘીના દિવા કરીને પરમેશ્વરની પ્રાર્થના કરે છે.

**દિવો રહેવો,** પાછળ વંશ રહેવો; પાછળ ઘરની-કુળની કીર્તિ અજવાળનાર સુપુત્રની હયાતી રહેવી.

"તારો દિકરીએ પણ દિવો રહેશે નહિ એમ બોલાય છે."

**દિવો રામ થવો**-રાણો થવો, દિવો ગુલ થવો.

Gandhi Heritage Portal

૨. ( પ્રાણનો. ) મૃત્યુ પામવું; જીવ જવો.
૩. ( ઘેર. ) અંધારું થવું; અસ્તોવ્યસ્ત થવું.
૪. નિર્વંશ થવો.

**દિવો વડો થવો,** ઓલાઈ જવો.

**દિશાએ જવું,** ઝાડે ફરવા જવું.

**દી ઉઠવો–રૂઠવો,** જુઓ દહાડો ઉઠવો.

"વારૂ બાપુજી ? જો એમ હોય તો કેના દી રૂઠયા છે કે આવું કરે ?

તપત્યાખ્યાન.

**દી વાળવો,** દી ઉજાળવો; કીર્તિ મળે એમ કરવું; સત્કર્મ કરવું કે જેથી કીર્તિ મળે.

**દીઠું પડવું,** આબરૂ જવી. કોઈ જરૂરના માણસની ગેરહાજરીને લીધે કામ અટકી પડવું અથવા તેની ખોટ પડવી.

"માણસની પડતી આવી અને આવે વખતે સેનાપતિ થનાર કોઈ ન મળે તો મારા ધણિનું દીઠું પડે, માટે મારેજ જવું."

ગુ. ની જૂની વાર્તા.

**દીસતો રહો,** ભલે નજરે પડતો દૂર રહે —ટળે–જતો રહે. એમ બેદરકારીમાં બોલાય છે.

**દુ:ખડાં લેવાં,** ઓવારણાં લેવાં; સામા માણસના માથા તરફ પોતાના હાથ લઈ જઈ તે હાથ પાછા પોતાના લમણા સાથે દાબી ટાચકા બોલાવી ઈચ્છવું, કે તારાં દુ:ખ ભાગો. આવી રીતે બાયડીઓમાં માન આપવાની રીત છે.

**દુ:ખનાં ઝાડ ઉગવાં,** ( માથે ) પુષ્કળ દુ:ખ આવી પડવું.

"માબાપે મને બાળપણામાં,
બહુ લડાવ્યાં લાડ,
આજ મહા દુ:ખનાં મુજ માથે,
ઝાઝાં ઉગ્યાં ઝાડ,

વેનચરિત્ર.

"કન્યાનો જન્મ થવાથી માબાપ દુ:ખ પામે છે તેનું કારણ એટલુંજ કે જેને પેટ દિકરી તેને માથે દુ:ખનું ઝાડ."

સાસુવહુની લઢાઈ.

**દુ:ખનાં વાદળ** પણ એજ અર્થમાં વપરાય છે. **દુ:ખનો ડુંગર** પણ બોલાય છે.

**દુ:ખનું વાદળ,** આકસ્મિક ચોતરફથી આવી પડેલું દુ:ખ.

(દુ:ખનું વાદળ ઘેરાવા માંડયું, પૃથ્વી રૂપ હૃદયમાં અંધકાર થઈ ગયો, વિપત્તિરૂપ વિજળી ચમકવા લાગી, હૃદયમંડળમાં સુખના તારા દેખાતા બંધ પડયા અને હમણાં દુ:ખનો વરસાદ પડશે એવાં ચિન્હ જણાયાં.—એક ગ્રંથકાર. )

**દુ:ખવટે જવું,** કાણે જવું; શોકમાં ભાગ લેવા જવું.

**દુ:ખે પાપે,** દુ:ખદાયક પ્રયત્ન કે ઘણી માથાફોડથી.

**દુઝતી ગાય,** જેની પાસેથી કાંઈ કાંઈ પણ હમેશાં મળ્યાં કરે છે તે; છૂટા હાથનું એવું જે કોઈ તે.

**દુંદાળો દેવ,** ગણપતિના જેવી મોટી ફાંદવાળો માણસ. ( વિશેષે કરીને બ્રાહ્મણ. )

**દુનિયાપાર કરવું,** દેશનિકાલ કરવું.
૨. મારી નાખવું.

**દુનિયાપારનું,** અલૌકિક; દુનિયાથી–સમાજથી વિચિત્ર; અકાલ્પનિક.

**દુનિયામાંથી જવું,** સમાજમાંથી નીકળી જવું; ઉચ્છૃંખલ થવું; અમર્યાદ થવું.
૨. પુરૂષત્વમાંથી જવું; લોકવ્યવહારથી બાતલ થવું.

"પીટયા કોઇ દહાડો દુનિયામાંથી નીકળી જવાનો છે; જો તારી મોકાણ, આ સીસા પડયા છે.

ભટનું ભોપાળું.

"આ કળિયુગમાં સાઠ વર્ષનું આયુષ્ય. માટે વર પચાસ વરસનો થાય ત્યારે દુ-



Gandhi Heritage Portal

નિયામાંથી ગયો સમજવો ને ત્યાર પછી એને પરણેલી હોય તેનો એ સંસાર વગર ગયે ગયો સમજવો. "

સરસ્વતીચંદ્ર.

**દુશ્મનની રાત,** દુશ્મન જેવી દુઃખકર રાત્રિ.

**દુસરી નીપજવી,** જોવા જેવું થવું; નવું જુનું થવું; ધારવા કરતાં કાંઈ ઉલટુંજ થવું.

**દૂધપીતું કરવું,** તરતના જન્મેલા બાળકને દૂધમાં બોળી અકળાવી મારી નાખવું.

**દૂધમાંએળિયો ભેળવવો,** દૂધમાં એળિયો ભેળવી ખરાબ કરી નાખવાની પેઠે સારામાં નરસું ભેળી બગાડી નાખવું; ખરાબ કરી નાખવું; ધૂળધાણી કરી નાખવું; કંઇનું કંઈ કરવું; બિગાડ કરવો.

૨. માઠા–અજુગતા બોલ બોલી કજીઓ–અણબનાવ થાય તેમ કરવું.

**દૂધમાં કાળું હોવું,** કલંક–કાળુંગોરૂં હોવું. ગુન્હો કરેથી લાજ–શરમ હોવી ( સારા કુલીનમાં. ) છૂપો મર્મ–ભેદ હોવો.

" ત્રણને કાજે તપ કરોછો ઇત્યાદિથી કેવી કલ્પના કરી શકાય છે? તેમ આર્ય પુત્રનું ધ્યાન પણ દૃઢ નથી; માટે જરૂર કાંઈ દૂધમાં કાળું છે."

તપત્યાખ્યાન.

**દૂધમાંથી પોરા કાઢવા,** ભૂલ ન હોય તેમાંથી ભૂલ કાઢવાનો યત્ન કરવો; ઘણીજ બારીકીથી તપાસ–તજવીજ કરવી. ગેરવાજબી રીતે બારીક તપાસવું.

( શુદ્ધ દૂધમાંથી પોરા ખોળવાની ખણખોજ કરવાની પેઠે. )

**દૂધિયા દાંત,** નાનપણના દૂધપીતા–દૂધથી ભરેલા દાંત. કાચી વયના બાળકોને વિષે બોલતાં વપરાય છે.

**દૂધિયું લોહી,** તાજું લોહી; નવો જોસ્સો.

**દૂધે ધોઇને આપવું,** શુદ્ધ ભાવથી ઊભી આબરૂએ આપવું ( દેવું. )

" ભાઈ તારા રૂપિયા હું દૂધે ધોઇને આપીશ; તેની તારે બિલકુલ કાળજી રાખવી નહિ. "

**દૂધે મેહુ વરસવા,** સર્વત્ર આનંદ ફેલાવો; ન્યાલ થવું.

**દેડકાંની પાંચશેરી,** ઉદમાતીઆ—તોફાની બાળકને વિષે બોલતાં વપરાય છે.

**દેન ધોઈ નથી,** ( ધેનુ દોહી નથી. ) જેની ધેનુ દહોવાય તેનું દૂધ પીએ તે ઉપરથી તેનામાંજ શક્તિ આવે એ અન્વયે )

મગદુર નથી—શક્તિ નથી એવો અર્થ દર્શાવે છે.

" કોની દેન ધોઈ છે કે મારી આગળ આવે? "

**દેવ કરવો,** ( પૂર્વ ગૂજરાતના ડુંગરી–અનાર્ય કોળી ભીલ લોકોમાં. ) એ લોક દારૂથી બેભાન થયા ન હોય ત્યાં સુધી તે પોતાના દેવના જુઠા સોગન ખાતા નથી. એ દેવ માટીનો, ઘોડાનો, લાકડાના થાંભલાનો કે પથરાના પુતળાનો પોતાના ગામમાં જંગલમાં બેસાડેલો હોય છે. બધા ગામના લોક દેવની બાધા હોય ત્યારે કે ગામઝાંપો કરવો હોય ત્યારે કે દસરા દિવાળી હોય ત્યારે એ દેવ આગળ જઈ મરઘડાં, બકરાં કે પાડાનો ભોગ આપે છે ને દારૂ પીએ છે, તેને તેઓ દેવ કર્યો કહે છે.

**દેવ કાશીએ જવા,** પુરૂષાતન રહિત થવું; દૈવત જવું; દેવતા ઉઠી જવા.

**દેવજી ઘસાડીઓ,** કદરૂપા અને વિચિત્ર માણસને વિષે બોલતાં કોઈ કોઇ વાર વપરાય છે.

**દેવનાં દર્શન,** જે માણસ ભાગ્યેજ મળી શકે છે અને મળતાં પણ થોડીજ વાર થોભે છે એવાને વિષે બોલતાં કહેવાય છે કે દેવનાં દર્શન થયાં. ( દેવનાં દર્શન જેમ દુર્લભ છે તેમ. )

Gandhi Heritage Portal

**દેવનું નામ લેવું,** કોઈ કામમાં કે ધંધામાં દાખલ થવું.

**દેવનું ડુંડું લાવવું,** ( ડુંડું=ફુમતું. ) દેવના માથા ઉપરથી ફુમતું લાવવા જેવું એકાદું મોટું પરાક્રમ કરવું.

"તું શું દેવનું ડુંડું લાવ્યો કે તને વધારે આપે ?" **વાઘનું માથું લાવ્યો–મોર માર્યો** એમ પણ બોલાય છે.

**દેવતા ઉઠવો,** બળી જવું; વ્યર્થ જવું.

૨. દૈવ રૂઠવો; નશીબ પ્રતિકૂળ થવું.

'દેવતા ઉઠ્યો એમાં જવા દે ને નામ.'

'એનો દેવતા ઉઠ્યો હવે.'

**દેવતા ઉઠી ગયા,** ( શરીરમાંથી ) ઇન્દ્રિઓની શકિત નાશ પામવી; નિસ્તેજ થવું.

**દેવતા ઝરવો,** કજીઓ થવો; લડાઈ સળગવી. ( બંને પક્ષની અથડાઅથડીમાં )

**દેવતા મૂકવું,** બળવું—દીસતું રહ્યું.

**દેવતા રેડાવો,** ( કાળજામાં. ) કાળજું બળવું; અતિશય ચિંતા થવી.

૨. અદેખાઈથી બળવું.

**દેવળી બેઠી,** ( **દેહલી**=ઉમરો. તે ઉપરથી ) મોટું નુકસાન થયું.

૨. હિંમત જતી રહી.

**દેવલોક પામવું,** મરણ પામવું.

**દેવાઈ ગયું,** ( દેવામાં અપાઇ ગયું. ) મતલબ કે કાંઇ બાકીમાં રહ્યું નથી. 'એને ઘેર શું દેવાઈ ગયું છે' એટલે તેને ઘેર કાંઈ ખાવા પીવાનું ખૂટયું છે ?

**દેવાળું કાઢવું,** ( દેવું ન આપી શકાવું તે ઉપરથી.) આપવાને પાસે કંઈજ ન હોવું. ( લાક્ષણિક. )

**દેવી આવવાં,** ધ્રુજવું; કંપવું; દેવીએ અંગમાં પ્રવેશ કરવો.

**દેહ છોડવો,** મરી જવું; મરણ પામવું.

**દેહ પડવો,** મરણ પામવું; દેહમાંથી જીવ જૂદો પડવાથી ચેતન જવું; જીવ ઉડી જવો.

"અમે આપનાજ અનુચારી છીએ અને દેવશ્રીની શોધમાં આ દેહ પડશે તો જન્મ્યું સફળ ગણીશું."

તપલાખ્યાન.

**દેવના ઘરની વેઠ,** મોટું દુઃખ–નડતર–ભાર–પીડા.

૨. કંટાળો આપે તેવું માણસ.

**દો ગોટીલો** ( દમ ગોટીલો ) **કરવો,** રમ્યાં કરવું. ( દમ ગોટીલો નામની એક રમત છે તે ઉપરથી. )

**દોઢ ડાહ્યો,** જોઇએ તેથી ઘણું વધારે–ઊંચું ડાહાપણ બતાવે તેવું.

પોતાનું ડહાપણ આખું માને અને બીજાનું અરધું માને તથા તે બંનેનું મળીને થએલું દોઢ ડહાપણ પોતાના એકલામાં છે એમ માને તે દોઢ ડાહ્યો કહેવાય છે–અથવા ડહાપણ નછતાં ડહાપણ માન નારો બીજાની બતાવેલી સૂચના ઉપર ધ્યાન નહિ આપનારો.

**દોઢ પાયો,** બોલવે ચાલવે સુઘડ નહિ એવું; ઓલિયું.

**દોઢ મણની ચોપડવી,** ભુંડી ગાળ દેવી. ( સહન ન થઈ શકે એવી. )

**દોઢી મંગળ થઇ,** ( દેશી સંસ્થાનમાં દોઢી બંધ થઈ એમ કહેવું એ અશુભ ગણાય છે, માટે તેને બદલે દોઢી મંગળ થઈ એમ કહેવાનો પ્રથા ચાલે છે. ( દોઢી, **દેહલી** ઉપરથી. )

**દોરી તૂટવી,** ( આયુષ્યની ) આયુષ્ય આવી રહેવું; મોત આવવું.

**દ્વારકાની છાપ,** કીર્તિ કે એકાદા સારા કામની નિશાની.

૨. નિશાની થાય એવો સખત માર.

( ઘણા દૂર દૂરના પ્રાંતોના લોક જાત્રા માટે દ્વારકા જાય છે. ગોમતીમાં ન્હાઇને ડેરા-

Gandhi Heritage Portal

માં જઈ છાપ લેછે. એ છાપ મારવાના છાપા લોઢાના બનાવેલા હોય છે અને તે પર શંખ, ચક્ર, પદ્મ એવા આકાર પાડેલા હોય છે તે તપાવીને હાથપર પાડેછે, એટલે તેનો ડામ પડી રહે છે અને તે કોઈ દહાડો જતો નથી. ઘણું કરીને વેરાગી બહુ લે છે, એવું બતાવવાને કે અમે દ્વારકા જઈ આવ્યા છીએ.

# ધ.

**ધકેલપંચાં દોઢસો,** માત્ર અટકળથો ઠોકેલી ગપ; કેવળ કલ્પના. **ધકેલપાંચશેરી કરવી** પણ બોલાય છે. (અહીંઆગળ દોઢસો એ એક અનિશ્ચિત સંખ્યા છે.)

**ધગધગતો ચાંપવો,** (લોઢાને ખુબ તપાવી કપાળમાં ચાંલ્લો કરવો-ડામ દેવો.) કંઈ ન આપવાના અર્થમાં તિરસ્કારમાં વપરાયછે. કોઈ અમુક વસ્તુની માગણી કરતો હોય અને તેને તે વસ્તુ ન આપવી હોય અથવા ન આપવા જેવી હોય તો તેને એમ કહેવામાં આવે કે 'શેનું આપે, ધગ ધગતો ચાંપે નહિ તારા કપાળમાં!"

**ધજા ઉડી રહેવી,** છાપ બેસવી; જ્યાં ત્યાં વિખ્યાતિ-નામના થવી. (લાક્ષણિક અર્થે)

૨. નઠારી વાતમાં પ્રખ્યાતિ થવી. (વાંકામાં) 'એના નામની તો ધજા ઉડી રહી છે.'

**ધજા બાંધવી,** ધજા બાંધી જશતાકરવા; જાહેર થાય એમ કરવું; લોકોનું ધ્યાન ખેંચવું; છાની વાત ફેલાવવી.

"અહીંની વાત તહીં ને તહીંની વાત અહીં એ એક બીજાને કહી કહાવીને કંઈ છાની વાત હોય તોય ધજા બાંધે?"

ભામિનીભૂષણ.

૨. કીર્તિ ફેલાવવી; નામના પ્રસારવી (રાજા કે કોઈ પુણ્યશાળી પરાક્રમી-પ્રતાપી માણસે.)

૩. [ધર્મની] આ ધજા એવી હોય છે કે કોઇ ગુનેગાર એ ધજાને આશ્રયે જાય તો તેને સજામાંથી મુક્ત કરવામાં આવે છે.

**ધડ માથું,** (રણક્ષેત્રમાં જ્યાં હજારો મુડદાં પડયાં હોય ત્યાં કોઈનું ધડ કયાં, કોઈનું માથું કયાં એમ અસ્તોવ્યસ્ત અવયવો પડેલા હોય છે. એ બધા સમૂહમાંથી અમુકનું ધડ કે માથું ન જણાતું હોય તો તે મરી ગયો છે કે જીવતો છે તે સમજાતું નથી; તે ઉપરથી) સમજ પડે તેવો આધાર અથવા પાયો.

**ધડીમલો લેવો,** ધડ ધડ કુટવું.

**ધડે બેસવું,** પડી ભાગવું; ભાગી પડવું; પાયમાલ થવું; ખરાબખસ્ત થવું; ધબ્બાયનમ; થઈ જવું; ઘણીજ ખરાબ હાલતથવી.

**ધડે રહેવું,** ઠેકાણે રહેવું; અસલ સ્થિતિ કે મર્યાદામાં રહેવું.

'અનાજનો ભાવ ધડે રહ્યો છે.'

**ધતપર બેસાડવું—મારવું,** ન લેખવવું; ન ગણકારવું; તુચ્છ ગણી કાઢવું. (તુચ્છકાર-તિરસ્કારમાં વપરાય છે)

**ધબ્બાય નમઃ,** અટકાપડવું-પડી ભાગવું તે; કોઈ પણ ચાલતી ક્રિયા બંધ પડે છે ત્યારે એમ વપરાય છે.

૨. મરી જવું તે.

૩. ઠોઠ વૃત્તિનું થવું તે.

"શેઠ, મમતે મુસલમાન ન થાઓ. આંખે ઝાંખ તો વળે છે ને પૂરૂં ધબ્બાયનમઃ કરવા બેઠા છો?"

ભટનું ભોપાળું.

Gandhi Heritage Portal

**ધખી જવું,** મરી જવું.
  ૨. પડી જવું.

**ધમ ધોકો ને ચાપુ ચણા,** (ધમ દઇને ધોકો મારે અને તેથી જો રડે તો ચાપુ ચણા આપી ખુશ કરે તે ઉપરથી કોઈ વ્હાલું વાંકું ચાલતું હોય ત્યારે તેને સીધું કરવાના ઉદ્દેશમાં પણ મજાકમાં બોલાય છે. માર; ચૌદમું રતન.

"ધમ ધોકો ને ચાપુ ચણા આપ્યા સિવાય એ પાંશરો થવાનો નથી તો."

**ધમ પાંચશેરી લેવી,** (પાંચશેરીથી ધમધમ કુટવું તે ઉપરથી) ધમધમાવી નાખવું; સખત ઠોક દેવા.
  ૨. લોકોની નિંદા કરી કે કજીઆ વહોરી માથું ફૂટયાં કરવું.

"હું જરા આડો અવળો ચરકું તો મારી માધમપાંચશેરી લઈ બેસે એવી છે."

**ધમલો કુટવો, ધમપાંચશેરી લેવી** જુઓ.

**ધમી જવું,** ચોરવું; લૂટવું.

**ધર્મનો કાંટો,** જ્યારે ઓછા વત્તા વજનના સંબંધમાં બે જણ વચ્ચે વાંધો પડે–તકરાર થાય ત્યારે ચોક્કસ વજન ઠરાવવા કોઇ અમુક જગોએ જ્યાં કાંટો રાખેલો હોય ત્યાં જઈ તોળાવેછે. તે તોળાવનાર પાસેથી જે પૈસા લેવામાં આવે છે તે ધર્માદા કામમાં વપરાયછે. એવો જે કાંટો તે ધર્મનો કાંટો કહેવાય છે.

**ધર્મશાળાનો ઉમરો,** વેશ્યા કે સાધારણ સાર્વજનિક મકાન.

**ધરદહાડેથી,** પ્રથમથી; મૂળથી; શરૂઆતથી; પહેલે ધરથી.

"ધર દહાડેથી મેં તને કહ્યુંજ હતું તો; પછી પસ્તાઉં તે હું શું કરૂં ?"

"વ્હાલાજીરે ધર દહાડાથી જાણ્યું નહિ તે થયો અતિશે અનર્થ, વ્હાલાજીરે. હાવાં"

દયારામ.

**ધરતીપર પગેય ન મૂકે,** જે માણસ ગર્વિષ્ટપણામાં ઊંચો ને ઊંચો રહેછે, તેને વિષે બોલતાં વપરાય છે.

"મૂળ તો મિજાજી છે ને જો પાંચ પચીસ રૂપિયાની નોકરી મળે તો ધરતીપર પગેય ન મૂકે."

"ધરતીપર જો પગ મૂકેતો, મૂછ નીચી થઈ જાય, એવું સમજે છે ગર્વિષ્ટ, પોતાના મનમાંય; બે આંગળ છે સ્વર્ગ બાકી ત્યાં ધરતીનું શું કે'વું, આભ ફાટયો ત્યાં કેવી રીતે, જઇને થીંગડું દેવું"

પ્રાચીન કવિતા.

"પગ ધરતીપર નવ ધરતા, પાપ બાંધતારે; વળિ આંબળિઆં છે, જીવડા જાવું છે. જાણજે"

બો. ચિ.

"લાખ વગર લેખાં નવ કરે, ધરતી ઉપર પગ નવ ધરે; ધામ વિષે પણ ન મળે ધૂળ, એતો ફૂલાભાઈની ફૂલ."

કાવ્યકૌસ્તુભ.

**ધરતીનો છેડો,** આડો આંક; હદ. બહુ થયું, એવા અર્થમાં વપરાય છે.

જ્યારે કોઈ માણસ છેલ્લે પાટલે જઈ બેસે અથવા હદ ઉપરાંત ન બોલવા જેવું બોલે ત્યારે કહેશે કે ભાઈ, હવે ધરતીનો છેડો આવી રહ્યો, બહુ થયું, બસકારો. હવે બહુ કહેવામાં માલ નથી.

**ધરતીમાં પેસી જવું,** અદૃશ્ય થવું; દેખાતું બંધ થવું.

"તેને એટલી તો શરમ લાગી કે જો તે વખતે ધરતી માર્ગ આપે તો તે માંહે પેસી જાય."

કરણઘેલો.

જ્યારે કોઇએ કંઈ હીણું કર્મ કર્યું હોય અને તે વિષે તેના મનમાં ઉગ્ર લાગણી થઇ આવે ત્યારે તે કહેશે કે ધરતી માતા માર્ગ આપે તો માંહે સમાઈ જાઉં. (શર-

Gandhi Heritage Portal

મને લીધે લોકોને પોતાનું મોઢું નહિ બતાવવાની ઇચ્છાથી.)

**ધરમડાંડીઓ,** જેટલી દોરી હોય તેટલી તમામ દોરી મૂકી દઇને માત્ર એક રહેલ જોવાનેજ માટે જે દોરીનો આખરે છેડો મૂકી દેવામાં આવે છે તેવી દોરીવાળો ઊંચો આસ્માન પર ડોલતો ડોલતો જતો જે કનકવો તે.

૨. ધર્મને બહાને પાપ કરનારો.

**ધરમ ધક્કો,** ફોકટ ફેરો; વગર ફાયદાનો-નકામો ફેરો. ફેરાનું ફળ ન મળે ત્યારે એ-શબ્દ વપરાય છે. (ધર્માદાના કામમાં ખાધા હોય તેવો ધક્કો)

**ધરમ ફરી વળવો,** સારી ચાલ ચાલવાથી પરમેશ્વરે બદલો વાળવો.

**ધરમરાજાનો ગોળ,** ધર્માદામાં વહેંચાયેલો મફતનો ગોળ તે ઉપરથી વગર યત્ને મળેલો ફાયદો.

"ધરમરાજાનો ગોળ કોને ન મીઠો ન લાગે?"

૨. ધર્મરાજા જેવા કુડકપટ વિનાના માણસને વિષે પણ બોલતાં વપરાય છે.

**ધરમસંકટ,** (ધર્મના કામમાં જે સંકટ આવી પડે તે) ઉપાધિ પરત્વે આવી પડેલું મોટું સંકટ. **બ્રહ્મ સંકટ** પણ કહેવાય છે.

**ધરાબોળ જવું,** રેલછેલ થવી; સમુદ્રે મર્યાદા મૂકવી; પ્રલય થવો; બધું નાશ પામવું; પૃથ્વી રસાતાળ જવી; ગજબ થવો.

૨. નસંતાન જવું; ઉછેદિયું થવું; વંશ ડુલી જવો. (ધરના સંબંધમાં-લાક્ષણિક)

**ધરામાં નાખવું,** નુકસાનના મોટા ખાડામાં નાખવું; ખાડામાં નાખ્યું હોય એવી દુર્દશાએ પહોંચાડવું.

**ધરામાં પડવું,** (ધરો-મોટો ખાડો) ધરામાં પડયો હોય તેમ દેખાતું બંધ થવું અથવા દુર્દશાને પામવું. આ પ્રયોગ વિશેષે આજ્ઞાર્થમાંજ વપરાય છે અને કોઈના વિષે બેદરકારીમાં જવાબ આપતાં બોલાય છે.

"ન આવે તો પડ ધરામાં જઇને.'

**ધરી ઝીલવી,** કોઈનું ગાડું-કામ ચાલે એવી રીતે આશ્રય આપવો; આધારભૂત થવું.

'અમારે કોઈ ધરી ઝીલનાર નથી. (ધરી ઝીલનાર બળદ હોય તોજ ગાડું ચાલે છે તે ઉપરથી.)

**ધરો કરવી,** મુએલા માણસની પાછળ શ્રાવણ કે ભાદરવા માસમાં જે ક્રિયા કરવામાં આવે છે તે.

**ધર્યું રહ્યું,** પડી રહ્યું; મૂકી દીધું; રહેવા દીધું.

૨. દીસતું રહ્યું.

"ધર્યું રહ્યું નહિ થાય તો હું કેમ કરૂં?"

"ધનુના મુખમાં ધર્યાં રહ્યાં તણખલાં,
હાંરે નાગ ડોલે નવે કુળ દહાડી;
અથાહ નાદ આ તે કેવો રે,
હાંરે વાલીડે વાંસળી વગાડી.

બો૦ ચિ૦

**ધવતવળવી,** ધવ-પુષ્ટિ-કાંતિ-તેજ આવવું; સ્થિતિ સુધરવી. (તનની કે ધનની.)

'એને તાવ આવી ગયા પછી ધવત વળતી નથી."

**ધાડ મારવી,** ધાડ મારવા જેવું પરાક્રમ કરવું; ધાડ મારી નામના કરવી; એકાદું મોટું કામ કરવું.

"એમાં શી તેં મોટી ધાડ મારી તે આટલું તાન ચઢે છે."

"શું તમારૂં કશું ચાલ્યુંજ નહિ! પોતાની દિકરીને પણ તમે ઘેર લાવી શક્યા નહિ ત્યારે તમે શી ધાડ મારી?"

મણીમોહન.

**ધાણીદાળિયા થવા,** (ચૂડાના) તતડીને ચૂડાપરથી છોડાં ઉખડવાં, (ધાણી-દાળ તતડે છે ત્યારે તેનાપરથી છોડાં ઉખડી જાય છે તે ઉપરથી.)

Gandhi Heritage Portal

**ધાણીદાળિયા જૂદા થવા,** યોગ્ય સંબંધ તૂટવો; પ્રીતિ તૂટવી; અણબનાવ થવો. (ધાણી અને ચણાની દાળનો જે સંબંધ તે તૂટવો તે ઉપરથી.)

**ધાણી ફૂટવી,** ધાણી શેકાય છે ત્યારે જેમ એક પછી એક એમ ફટફટ અવાજ થઈ ફૂટે છે તેવીજ રીતે કોઈ માણસના મોંમાંથી એક પછી એક પટપટ અસરકારક શબ્દો બહાર નીકળતા હોય ત્યારે કહેશે કે તેની બોલવાની છટા કેવી સરસ છે ? એક પછી એક શબ્દ એના મોંમાંથી નીકળે છે તે જાણે ધાણી ફૂટી.

**ધાણી શેકવી,** જુલમ કરવો, સંતાપવું; થકવવું.

**ધાપ મારવી,** આડો અવળો હાથ મારવો; અયોગ્ય રીતે સારી પેઠે કમાવું.

"મનેતો લાગે છે કે પોતાનો હાથ ભીડમાં છે તેથી ધાપ મારી હશે."

એ બહેનો.

**ધારપર આવવું,** સખત અમલ કે વ્યવસ્થા તળે આવવું; ઘણી જોખમ ભરેલી સ્થિતિમાં આવવું.

૨. પાંશરૂં થવું; સુધરવું; ઠેકાણે આવવું.

**ધારપર રહેવું,** ઘણી જ સંભાળથી રહેવું; જીવ જોખમાય એવી સ્થિતિમાં રહેવું; સખત અમલ નીચે રહેવું. ( તરવારની ધાર પર રહેવું ઘણું જોખમ ભરેલું છે અને એવી વેળાએ ઘણી સંભાળ અને ખબડદારી રાખવી પડે છે તે ઉપરથી.)

**ધારાવાડી દેવી,** ( પાણીની ) જમવાનું શરૂ કરતાં અગાઉ બ્રાહ્મણોમાં આચમન કરવાનો અને ભાણાની આસપાસ પાણીનું કુંડાળું કરી તે ઉપર પાંચ કોળીઆ છેટે મૂકવાનો રિવાજ છે તેને ધારાવાડી દેવી કહે છે. એ રિવાજ શાસ્ત્રવિધિએ કરવાનો છે.

૨. (દૂધની) નવા ઘરનું વાસ્તુપૂજન થતું હોય ત્યારે બ્રાહ્મણો તે ઘરની આસપાસ સુતર વીંટી તે ઉપર દૂધની ધારા કરે છે તેને પણ ધારાવાડી કહે છે; અથવા માતા, બળિયાકાકા વગેરેની આસપાસ જે દૂધનું કુંડાળું કરે છે તેને પણ કહે છે.

૩. (ઘીની ) ગણેશ બેસાડે છે ત્યારે ગોત્રજ દેવા આગળ આવા ⋃ આકારમાં સુતર ચોંટાડી વચ્ચે ઘીના રેલા ઉતારે છે તેને પણ ધારાવાડી દેવી કહે છે.

**ધાર્યું તીર વાગવું,** ધારેલા અર્થની સિદ્ધિ થવી; નશીબ અનુકૂળ હોવું.

**ધાર્યો પાસો પડવો,** નશીબ અનુકૂળ હોવું; ધારણા સફળ થવી.

"કારભારીનો છેલ્લો પાસો ધાર્યો ન પડયો તે નિરાશ થયો."

સરસ્વતીચંદ્ર.

**ધીગતી સગડી,** અતિશય ચિંતા; કાળજાની બળતરા. **ધીગતી શગડી છાતીએ બાંધી છે** એટલે સગડી જેમ ધીક્યાં કરે છે તેમ છાતી પણ ચિંતાથી બળ્યાં કરે છે.

**ધૂણી ઘાલીને બેસવું,** ઘણા જ આગ્રહથી માગવા બેસવું; એક નિશ્ચય કરી—લાંબી પથારી કરી માગવા બેસવું. ( સાધુ લોકો ધૂણી ઘાલી ઘણી મુદત સુધી રહે છે તે ઉપરથી લાક્ષણિક.)

**ધૂણીપાણીનો સોબતી,** પૂર્વના ઘણા જ ધાડા સોબતી.

( એમ કહેવાય છે કે પૂર્વ જન્મે એક ગુરૂ હતો અને બીજો શિષ્ય હતો. એ તેને માટે ધૂણી સળગાવતો અને પાણી લાવી આપતો; એ જ બંને જણનો આ જન્મે પણ સંબંધ થયો છે એમ આ પ્રયોગનું સૂચન છે. જ્યારે કોઈબે માણસો ઘણી જ ધાડી મિત્રતાનો સંબંધ ધરાવતા હોય ત્યારે તેમને વિષે બોલતાં વપરાય છે. )

**ધૂણીસંસ્કાર,** સર્જીત; ઘણી જ ધાડી મિત્રતા અથવા પૂર્વનો ઘણો જ ધાડો સંબંધ.

**ધૂત એ કરવું,** તિરસ્કાર કરવો;માનભંગ કરવું;

Gandhi Heritage Portal

તિરસ્કારની નજરે જોવું; હાડછેડ કરવી.

**ધુતારપાટણ,** જુઓ ઠગપાટણ.

"આ ગામ ધુતારપાટણ લાગે છે. આ સોનીને ઓળખતો નથી તેમ જ સાંકળી કરવાનું કહ્યું નથી તેમ છતાં તે સાંકળી આપી ચાલ્યો ગયો."

પાંચાલીપ્રસન્નાખ્યાન.

**ધૂમાડાના ગોટા,** વૃથા-મિથ્યા એવું જે કાંઈ તે. મિથ્યા એવો જે આ દેહ તેને વિષે બોલતાં પણ વપરાય છે.

"ગજીઆણી મુમની ને દોરીઓ પહેરે,
ઝીણા ઓઢોને શાલજોટા,
ટકા તે ગજની ખાધીરે પહેરે,
અંતે ધૂમાડાના ગોટા—વિચારી જૂઓ
ન જાણશો જે અમે મોટા."

કવિ બાપુ.

**ધૂમાડામાં મળી જવું,** (ધૂમાડામાં મળી ગયેલું કશું હાથ ન આવે તે ઉપરથી) વ્યર્થ જવું; નિરૂપયોગી થવું.

"મારા કરેલા સઘળા પ્રયત્ન ધૂમાડામાં મળી ગયા."

**ધૂમાડીના બાચકા-મૂઠી,** ધૂમાડીમાં બાચકા ભરવા જેવો વ્યર્થ પ્રયાસ; ફળ વગરની મહેનત; મિથ્યા યત્ન; ફાંફાં.

૨. અંતે સત્ય નહિ તે; જૂઠું. (અધ્યાત્મ પ્રકરણમાં.)

"ધૂમાડાની મૂઠી જેવી ઠાલી ઠમ,
ગાંધર્વ કેવી નગરી તો ખાલી ખમ;
એમ સકળ જગત કેરૂં જૂઠું સુખ,
અરેરે આ તો દીસે છે દુઃખ દુઃખ."

રૂષિરાજ.

"જેવો ધૂમાડાના બાચકા,
તેવા સકળ સંસાર."

પ્રેમાનંદ.

**ધૂમાડો કાઢી નાખવો,** ધૂમાડો કાઢી નાખવાના ત્રણ ઉપાય છે. એક તો દાઝયાની બીક ન રાખતાં લાકડાને ઉંચકી ફેંકી દેવું; બીજું ફૂંકી ફૂંકીને બળતું કરવું ને ત્રીજું-પાણી રેડવું, તે ઉપરથી તેના અનુક્રમે અર્થ કરવા જઇએ તો ખરાબ કરવું; ઉંચકીને ફેંક્યું હોય એવી દશાએ પહોંચાડવું, અથવા બીજી રીતે પાછળ-ખંતે પડી સતાવ્યાં કરવું કે એમ નહિ તો ત્રીજું કોઈ પણ ઉપાયે-ઠોક દઈ શાંત કરવું એમ થાય તે ઉપરથી આ પ્રયોગ ઠોક દેવા, ધમકાવવું, અથવા ધમકાવી નરમ પાડવું, એવા સાધારણ અર્થમાં વપરાય છે.

ધુંધવાતાપણું જતું રહે એવી તજવીજ કરવી; માર મારવો અથવા માર મારી હલકું કરવું.

**ધૂળ ઉડવી,** ઉજડ પડવું, "જે જગાએ પ્રથમ રાજાની હવેલી હતી તે જગાએ હાલ ધૂળ ઉડે છે."

**ધૂળ ઉડી જવી,** "ધોલ મારી તો ધૂળ ઉડી ગઇ એમ માનવું" એટલે સઘળું અપમાન સહન કરવું.

૨. ખરાબખસ્ત થવું.

૩ મિટ્ટીમાં મિટ્ટી મળી જવી.

**ધૂળ કર્યું,** કાંઈજ ન કર્યું હોય ત્યારે એમ બોલાય છે.

૨. ધૂળ જેવું નકામું કર્યું.

**ધૂળ કાઢી-ખંખેરી-ઝાટકી નાખવી,** ખૂબ ધમકાવવું; ગભરાવવું, પત્તર રગડી નાખવી.

"તેને પાછો તો આવવા દો- જો તમે કશું નહિ કહેશો તો હું તેની ધૂળ કાઢયા વિના કદીજ રહેવાની નથી.

\+ × × × × +

જુબૈદીનો મિજાજ છેકજ જતો રહ્યો, મશરૂરે ધાત્રીને બોલવા ન દીધી અને ધૂળ ઝાટકી."

અરેબિયનનાઈટ્સ.

૨. માર મારી હલકું કરવું.

Gandhi Heritage Portal

૩. (માથાની) માથેથી જોખમ ઉતારી નાખવું.

૪. (પગની) જવા આવવાનો કે સામેલ થવાનો સંબંધ કાઢી નાખવો.

**ધૂળ ખાવી,** એમ મનાય છે કે જેવું ધાન્ય ખાય તેવો અક્કલ આવે; તે ઉપરથી ધૂળ ખાવાથી ધૂળ જેવી અક્કલ—હોંશિયારી આવવી—થવી.

"તમે એમ જશો એટલે હું જમપુર ભણી જઇશ. તમે તો અન્ન ખાઓ છો અને અમે તો ધૂળ ખાતાં હોઇશું નહિ વારૂ? પણ હું ત્યાં સુધી તો તમારી સાથેજ આવુંછું. પણ મારે જેમ કરવું હશે તેમ કરીશ."

૨. અઘટતું બોલવું કે અઘટતું આચરણ કરવું.'

અમસ્તો શું કરવા ધૂળ ખાય છે.

૩ પસ્તાવું. 'ધૂળ ખાવા એમ કર્યું હતું ત્યારે?'

**ધૂળ ઘાલવી,** ખરાબ કરવું; ઝાંખ લગાડવી; વણસાડવું.

"કુળમાં ધૂળ ઘાલી ત્યાં શું? ક્ષત્રીપણું પરવારી ગયું."

પ્રતાપ નાટક.

**ધૂળ ચાટતું કરવું,** હેઠે પાડી ધૂળની સાથે રગદોળવું; મરણતોલ કરી નાખવું.

'એ ઘણો બળિયો છે. એણે તો અનેક વાઘોને ધૂળ ચાટતા કીધા છે."

દિલ્લીપર હલ્લો.

**ધૂળ જવું,** વ્યર્થ જવું; બગડવું.

"કરી કારવી મહેનત બધી ધૂળ ગઈ."

**ધૂળધમાસાની,** નજીવી—માલ વિનાની. (વાતો) ધૂળ ગજાની વાત, ધૂળ ધમાસો એમ પણ વપરાયછે. 'ધૂળ ધમાસાની વાતમાં તકરાર કરી બેસે છે.'

**ધૂળધાણી વા—રાખપાણી,** છેક નકામું—બરબાદ—ખરાબખસ્ત થયું હોય તે.

"ઘાત કરી જાણે વિશ્વાસઘાતકી ને,
કરે ધૂળધાણી રાંક કેરૂં કાજ;
એ તો જમના ઘરાક,
સંતો જાણજોરે."

ઓ. ચિ.

**ધૂળધાણી કરવું** ધૂળ મેળવવું; નુકસાન કરવું; જાન કરવું; ખરાબ કરવું.

"ધારણા ધૂળધાણી કરી નાખી,
ધરણીપતે ધરી ધીર;
વેગે વળવા વિચાર કરતો,
ઘર ભણિ ગુણુ ગંભીર."

માંધાતાખ્યાન.

**ધૂળધાણી થવું—થઈ જવું,** બગડી જવું. ખરાબ થવું; પાયમાલ થવું; નકામું થઈ જવું.

"અક્કરમીને અમૃત લાધ્યું,
પીતાં આળસ આણીરે;
ઢળી ગયું રૂવે કુશકે,
કામ થયું ધૂળધાણીરે."

દયારામ.

**ધૂળ નાખવી,** (નામપર) બળ્યું એનું નામ—મોઢું, એમ ધિક્કારમાં બોલાય છે. ધૂળ નાખી એટલે બળ્યું; હશે; દીસતું રહ્યું.

"દળવું, ખાંડવું આદિ સર્વ કામ સુંદરની કને કરાવે-કરાવે તો ધૂળ નાખી, પણ કર્યા પછી જશ ને ઠેકાણે જુતીઓ આપે."

સાસુવહુની લઢાઈ.

૨. (પાટીપર) ભણતાં આવડવું. 'પાટીપર ધૂળ નાખી છે?' એટલે ભણ્યોછે? હાલની પેઠે જ્યારે સ્લેટો વપરાતી નહોતી ત્યારે પાટીપર ધૂળ નાખી ભણતર ચાલતું હતું તે ઉપરથી)

૩. (ભાણામાં) ખાણું ખરાબ કરવું.

૪. (ધોળામાં)ઘડપણને લાંછન લગાડવું. ઘડપણ સુધી જાળવેલી કીર્તિ ઝાંખી કરવી.



Gandhi Heritage Portal

"રડ્યા પુરૂષો બુઢ્ઢાપણે શિદ ઘોળામાં ધૂળ નાખતા હશે?"

મણિ અને મોહન.

**ધૂળને પાડે,** નજીવો. કિંમતે; ધૂળ જેવા મૂલે. **ધૂળની કિંમત** પણ વપરાય છે.

'તેનો ઘણો વખત ધૂળની કિંમતે જાય છે.'

"જો તેનો છૂટકો કરવાનો ઉપાય લઈ શકતા નથી તો લેણદાર તેમને ત્યાં જપ્તિ લઈ જાય છે, અને માલ ઉપર ટાંચ લાવીને ધૂળને પાડે લીલામ કરાવી દેણદારની ખરાબી કરી મૂકે છે."

દે. કા. ઉત્તેજન.

**ધૂળને પૈડે ઘાલવું,** મહેણાં-ડામ દઇ ધમકાવી હલકું પાડવું; શરમીંદુ કરવું-ઉડતાવી નાખવું; ઉતારી પાડવું; પત્તર રગડી નાખવી.

**ધૂળપટ્ટી કરવી,** ધમકાવવું; બેઆબરૂ કરવી; ધૂળ કાઢી નાખવી.

**ધૂળ પડવી,** (જન્મારામાં, ઘોળામાં) ઝાંખવળાવી (ધિક્કારમાં બોલાય છે.)

"એ બોલવામાં ધૂળ પડી સમજવું. એના કરતાં ન બોલે તો સારૂં."

સાસુવહુની લડાઇ.

**ધૂળ પર ઢેફાં,** ઉપર ઉપરની ટાપટીપ-માંહે કાંઇ નહિ; નામોશી.

**ધૂળ ફકાવવી,** દરકાર નહિ રાખવી; પત ન કરવું; બેહાલ કરવું; ટેક ઓછો કરવો.

૨. પાછળથી પસ્તાય એમ કરવું.

૩. બેહાલ કરવું; ધૂળ ફાકતું કરવું; ખરાબખસ્ત કરવું.

"કેટલીક સ્ત્રીઓની પાછળ પડી તેને ફસાવી તેના ઘરમાંથી કઢાવી, વેશ્યા બનાવી આખરે ધૂળ ફાકતી અને ભિક્ષા માગતી કરી દીધી હશે."

મણિ અને મોહન.

"આઠ બરકમદાર, ચાર તીરકામઠાંવાળા અને બીજા છ આઠ હથીઆરવાળા હતા, તોપણ તે બધાને ધૂળ ફકાવી હરામખોરો માલ તફડાવી ગયા."

પ્રતાપનાટક.

**ધૂળ ફાકતું જવું,** નિરાશ થઇ-પસ્તાવો પામી પાછું જવું.

**ધૂળ ફાકતું-થઈ જવું,** ખરાબખસ્ત કરવું; બેહાલ, કરવું; ખાધાના સાંસા પડે એવી દશાએ પહોંચવું.

"તે બિચારો વેપારી હવે ધૂળ ફાકતો થઈ ગયો."

**ધૂળ ફાકવી,** ટેક ખોવો કે જતો રહેવો; ધૂળ ફાકીને પસ્તાવો દેખડાવવો.

"કે' વ્હાલા ક્યાં જાઉં, ધૂળ ફાકું હું વિરામ ક્યાં પાઉં."

નર્મ કવિતા.

**ધૂળ ફાકેછે (બધા,)** મતલબ કે એ બધાની કોણ દરકાર રાખે છે? એ શું કરવાના છે?

૨. વલખાં મારે છે. 'જેમ છોકરાં થવા સારૂ તે બિચારો ધૂળ ફાકે છે.'

**ધૂળ ભેગું કરવું,** જમીનદોસ્ત કરવું; મારી તોડી હેઠે પાડી ધૂળની સાથે રગદોળવું.

"અમે અમારા ઘોડા એની પાછળ મારી મૂક્યા પણ અમરનો ઘોડો તેણે મોટા હરણને ધૂળ ભેગો કરેલો તે તે ઠામે જ અટક્યો."

પ્રતાપનાટક.

"જાણતી નથી કે મિજાજ જશે તો ધૂળ ભેગી કરી નાખીશ"

ભામિનીભૂષણ.

**ધૂળ મળવું,** વ્યર્થ જવું; ઉપયોગમાં ન આવવું; ફના થવું; બગડવું; ખરાબ થઈ જવું;

"આ ડહાપણ તારૂં મળ્યું ધૂળમાં, ચૂલે પડી ચતુરાઈ; તું સેવા સ્મરણમાં ન

Gandhi Heritage Portal

સમજ્યો, અન્ન બગાડયું ખાઈ રે"—ચેત ચેત.

દયારામ.

"દિકરા સત્યાનાશ ગયું! તેં સુલતાનના વચનપર ભરોંસો રાખ્યો છે. પણ હવે બધું ધૂળ મળી ગયું?"

અરેબિયનનાઈટ્સ.

"વાત તો ખરી છે જે યુધિષ્ઠિરનું ધૂળ મળી ગયું છે ને ત્યાંથી તેના આશ્રિતો રખડતા થયા છે."

દ્રોપદીદર્શન.

**ધૂળ મેળવવું,** નુકસાન કરવું; ખરાબ કરવું. ફના કરવું; વ્યર્થ કરવું.

"પોલીકિસનીજના ગયા પછી તે બોલી કે એણે આપણું ધાર્યું ધૂળ મેળવ્યું,"

શે. કથાસમાજ

**ધૂળ વાળવી-ફેરવવી** (ઉપર), વ્યર્થ કરવું; પાણી ફેરવવું; બરબાદ કરવું; ફોકટ જાય એમ કરવું.

"એ મહાત્મા મારો ગુરૂ છે, બંધુ છે, ઈષ્ટ મિત્ર છે અને મારો પ્રાણદાતા છે; પણ મેં પાપીએ તે બધા ઉપર ધૂળ વાળી છે."

બ્રહ્મરાક્ષસ.

**ધૂળથી ભુંડું કરવું,** છેક હલકું કરી નાખવું; છેકજ માનભંગ કરવું; ખુબ ધમકાવવું.

**ધૂળમાં જવું,** વ્યર્થ જવું; બગડવું. ધૂળ જવું પણ બોલાય છે.

"હવે ઘેર જઇએ તે તો ખોટું; આટલી બધી તાલમેલ લગાવી તે તો ધૂળ જાય"

સરસ્વતીચંદ્ર

**ધૂળમાં મળી જવું,** ખરાબખસ્ત થવું; પાયમાલ થવું; છેક નષ્ટ થવું; નાશ પામવું.

૨. મરી જવું.

**ધૂળમાંથી સોનું મળવું,** અણચિંતવ્યો લાભ થવો; ધૂળ જેવી નજીવી બાબતમાંથી પણ મોટો લાભ થવો.

**ધોઇ નાખવું,** કૂટવું; માર મારવો; મારી મારીને અશક્ત કરવું.

૨. પાણી ફેરવવું; વ્યર્થ જાય એમ કરવું; વહ્યું જાય એમ કરવું.

૩. (વૃત્તિને) મનમાંથી હાંકી કાઢવી; નિરાશાને ધોઈ નાખવી.

૪. ઠોક દઈ-નિંદા કરી માન ઘટાડવું.

"હાય હાય? તમારા માંહેલા એકનું મૃત્યુ પણ થયું હશે તો તમને સઘળાંને છોડાવ્યાની ખુશીને ધોઈ નાખવાને બસ છે"

અરેબિયનનાઈટ્સ.

**ધોઈ પીવું,** ધોઈ પીવાના કામમાં પણ ન આવે તેવું નકામું રાખી મૂકવું. 'ધોઈ પીજે ન આપે તો.'

૨. ન લેખવવું; ન ગણકારવું; હિસાબમાં ન લેવું; અખાડા કરવા; સાંભળેલું બેદરકારીથી બીજે કાને કાઢી નાખવું. (લાક્ષણિક)

**ધોઈ વાળવું,** ઢામ્બડદુમ્બડ કરી માંહોમાંહે માંડી વાળવું; ભૂસી વાળવું; વેરી મારવું; પતાવવું (રહેમ નજરથી); જાણે કાંઇ થયુંજ નથી એમ દરગુજર કરી ઉડાવી દેવું.

**ધોતીઆં ઢીલાં થઇ જવાં,** બ્હેબાકળું થઈ જવું; ગભરાટથી નબળું પડી જવું; ડરથી હબકી જવું; કાળજું ધડકવું.

**ધોતીઆં લેવાઇ જવાં-છૂટી જવાં,** ગભરાઈ જવું; ભયથી શીયાંવીયાં થઈ જવું; ભયભીત થવું.

"તેનાં ધોતીયાં લેવાયાં ભાઈરે હવે કયાં નાસી ભરાશે ભાઈરે-તેનો

નર્મકવિતા.

"બ્રાહ્મણભાઈનાં ધોતીઆં છુટી ગયાં. કુહાડા બુહાડા પાસે હતા તે જ્યાં ત્યાં ફેંકી દીધાં ને પોક મૂકવા મંડ્યા."

સાસુવહુની લઢાઈ.

Gandhi Heritage Portal

" દુસ્મનના હુમલાથી તેમનાં ધોતીઆં છૂટી જાય ને પાધરા નાસે."

વનરાજ ચાવડો.

**ધો ધોવા,** ધોબી ધુએ છે ત્યારે લૂગડા ઉપર લાકડાના પાયાથી ઠોક દે છે તે ઉપરથી) ઠોક દઈ હલકું પાડવું; ખુબ ધમકાવવું.

૨. માર મારવો.

**ધોમ ધખવો,** અતિશય ગુસ્સે થવું. (પ્રાચીત કવિતામાં).

" દિલથી કોપ્યો દિલ્લીનો પાદશાહ, ધોમ ધખિયો અપારરે."

ભોજોભક્ત.

**ધોયલો કાઢવો,** (અડદના લાડવાને ધોયલો કહે છે તે ઉપરથી) અડદાલો કાઢવો, સખત માર મારવો.

૨. અતિશય કામ કરાવીને થકવી દેવું.

૩. ખૂબ ધમકાવવું; ઠોક દેવા.

**ધોયલો પાક આપવો,** સખત માર મારવો. (વાંકામાં)

**ધોયલો મૂળો,** (મૂળો સ્વચ્છ, ધોળો અને સરસ દેખાતો પણ ખાતાં-અનુભવતાં તો પોલો અને તીખો હોય છે તે ઉપરથી)

ઉપર ઉપરથી ભપકો બતાવનાર; ખાલી આડંબર કરનાર; ઈંદ્રવાયણું; ખિસ્સા ખાલી પણ ભરમ ભારી, એવી જેની પ્રકૃતિ છે તે. બહારથી સારૂં દેખાડી અંદરથી ભપકો રાખનાર; માલમતા ન હોય એવો. પૈસે ટકે ખાલી હોવા છતાં ઈશકી લાલ થઇને ફરે તે. 'છોયલો કુવો ને ધોયલો મૂળો એ કહેવત છે.'

૨. સગાંવહાલાં વિનાનો એકલો; ડાંડ.

" ભલાં હોય છે તે બધાંને ભલાં દેખે છે. અફીણનું ફુલ ઉપરથી લાલચોળ હોય છે. પણ ભીતરમાં ઝેર હોય છે. તેમ કેટલાક બગધ્યાની ઉપરથી ધોયલા મૂળા જેવા પણ અંદરથી ઘણા પાપી હોય છે."

નળદમયંતી નાટક.

**ધોયલું મોતી,** સુંદર ખીલતા ચહેરાનું માણસ.

**ધોવાઈ જવું,** વ્યર્થ જવું; બરબાદ જવું; નિરર્થક જવું; અર્થ રહિત થવું; ઉપર પાણી ફરવું.

" મુઓ, આ છૈયો-પેલાના ખોળામાંજ જઇને બેસે છે. આવું વચન એકવાર તેના મુખમાંથી નીકળી ગયું તે ડોશીને કાને પડયું અને ગુમાન મોંની મીઠાશ રાખતી તે પણ ધોવાઈ ગઈ."

સરસ્વતીચંદ્ર.

૨. (શરીર) નબળું પડી જવું, તવાઈ જવું; નીચોવાઈ જવું; લોહીનું પાણી થઈ જવું.

૩. (મહેનત) ઉપર પાણી ફરી વળવું; વ્યર્થ જવું.

" બાળકો બેહાલ થાયે,
દેશ ડૂબી જાયે;
ધર્મ ધોવાઈ ગયો,
એ તે કયમ સંખાયે."

બાળલગ્નબત્રીસી.

**ધોળકું કરીને આવવું,** નકામો-ફોકટ ફેરો ખાઇને આવવું; કાંઇ કામ કર્યા વિના પાછું આવવું. 'એ તો ભટનું ધોળકું કરી આવ્યો.' (સંદેશો લીધા સિવાય ભટ ધોળકે ગયો હતો તે ઉપરથી.)

**ધોળકું ધોળવું,** અજવાળું કરવું; ફાયદો કરવો-કરી આપવો.

૨. કાંઈ સારૂ કામ ન કર્યું હોય ત્યારે વાકામાં વપરાય છે.

" નાગરિકા-તમે શું ધોળકું ધોળી આવ્યા તે; જુઓ હું તો આ પ્રમાણે સહુ સિદ્ધ કરી આવી. હવે જા અને દેવનું મન મનાવ."

સત્યભામાખ્યાન.

**ધોળાપર કાળું કરવું,** લખવું. (ધોળા કાગળપર કાળી શાહીથી)

Gandhi Heritage Portal

"ધોળાપર કાળું કરતાં આવડે છે કે નહિ?"

"હું તમને કદી નવ સંભારતો,
લાવતો ઘાસ મહિષી ચારતો;
નવ જાણતો ધોળા પર કાળો,
ભાભીએ મને કીધો ગોવાળો."

મામેરૂં.

"જે લોકને ધોળાપર કાળું કરતાં આવડતું નથી અને ધોળાપર કાળું કર્યાનું સમજાતું (લખેલું) કે વંચાતું નથી તે, પછી ગમે તે બીજા વ્યવસાયમાં નિપૂણ હોય તો પણ તેને અજ્ઞાની કહેવાનો ચાલ પડી ગયો છે."

સં-મા.

**ધોળી આવવું,** કામ પાર પાડવું; ફાયદો કરી આપવો.

૨. કાંઈ સારૂ કામ ન કર્યું હોય ત્યારે વાંકામાં બોલતાં વપરાય છે.

**ધોળ્યું ને ઉઘડયું,** (વાંકામાં) કાંઈ સારૂં કામ ન કર્યું હોય ત્યારે એ વિષે બોલતાં વપરાય છે.

**ધોળે દહાડે,** બધા લોક દેખે તેવા દિવસના પ્રકાશમાં. 'ધોળે દહાડે ધાડ પડી.'

**ધ્રુવનો તારો,** અચળ એવું જે કાંઈ તેને વિષે બોલતાં વપરાય છે.

"છોકરી જુદી પડી જાય તો શેઠાણીથી રહેવાયજ કેમ? તે તો હૈડાનો હાર અને દુઃખમાં ધ્રુવનો તારો હતો."

# ન

**ન કરે નારાયણ,** કહું છું તે પ્રમાણે ઈશ્વર ન કરે પણ વખત છે. આ ઉપવાક્ય ભવિષ્યમાં બતાવનારી માઠી–અશુભ બાબતને વિષે બોલતાં વાક્યની આગળ મૂકવામાં આવે છે.

"મહારાજ, ન કરે નારાયણને–કદી પાછો પગ પડયો તો પર્વતના મથાળા ઉપર રહેલા આપણા ભીલો દુશ્મનના ટોળા ઉપર તીરનો અને પથ્થરનો વરસાદ વરસાવી મૂકશે."

પ્રતાપનાટક.

"ન કરે નારાયણ ને કંઈક થયું તો પછી શી વલે.?"

"ન કરે નારાયણ પણ કહો જોઇએ એ મરવા પડેલો બુઢ્ઢો કેટલા વર્ષ જીવવાનો છે.?"

મણિ અને મોહન.

**ન ધણીઆતું દુઃખ,** જેનું મૂળ ન માલમ પડે એવું દુઃખ; જેના મૂળની કે ઉત્પત્તિની સમજ ન પડે એવું.

**ન ધણીઆતો ગોધો,** નિરંકુશ મસ્તાન માણસને માટે વપરાય છે; મરજી માફક મહાલ્યા કરે તે.

**નકટાની નાત,** નારાયણદર્શી ટોળું.

(કોઈ ચોરે ચોરી કરવાથી ન્યાયાધીશે તેનું નાક કાપવાની સજા કરી. જે વખત પેલો ધૂર્ત ચોર નાક કપાઈ જતાં કૂદવું, નાચવું, ગાવું, વગેરે ખુશીનાં ચિન્હો બતાવવા લાગ્યો તે વખતે તેથી આશ્ચર્ય પામતા લોકોએ તેને તેમ કરવાનું કારણ પૂછતાં ચોર કહેવા લાગ્યો કે નાકની અડચણ જવાથી હું તો સાક્ષાત્ નારાયણને દેખું-છું, તેમ તમે પણ કરો તો નારાયણનાં દર્શન થાય. આ ઉપરથી કોઈ અક્કલ વિનાના આદમીએ નાક કપાવી ચોરે તેને કાનમાં કહ્યું કે ચૂપ કર, નહિ તો મારી તારી બંનેની

Gandhi Heritage Portal

મશ્કરી થશે ત્યારે તે માણસ પણ સમજ્યો કે હવે નાક આવશે નહિ માટે મારે પણ કહેવું કે નારાયણનાં દર્શન થાય છે. એ ઉપરથી બીજાં માણસો પણ ભળવા લાગ્યાં. અને તે નારાયણદર્શી ટોળું અથવા નકટાની નાત એવા નામથી ઓળખાવા લાગ્યું. આ ટોળીએ અસંખ્ય માણસોને નકટાં કર્યાં તે ઉપરથી.) ખોટું ખોટું સમજાવી પોતાના જેવા બીજાને કરવાનો પ્રયત્ન કરનારૂં મંડળ.

**નકટીનું નાક કાપે એવું,** બુઠું; ધાર વિનાનું (છરી–ચપ્પુ.) ( નકટીને નાક હોય નહિ અને ચપ્પુ કે છરી તે કાપે નહિ તે ઉપરથી. )

**નક્કી થઈ જવું,** મરી જવું; મરણ પામવું; ઠાર થઈ જવું; ઠેકાણે થવું.

" એ ગરબડાટમાં એક ઝટકો લાગ્યાથી દેવળદેવી તો નક્કી થઈ જાત."

કરણઘેલો.

**નકો દામવો,** ઢોર નાસી ન જાય માટે તેને મોઢે મોહોરી ઘાલી તેનો છેડો આગલે પગે બાંધવો.

**નકોરડો ખેંચવો,** ફરાળ કર્યા સિવાય કોરેમોરો અપવાસ કરવો; કાંઈ ખાધું ન હોય તેવો ખરેખરો અપવાસ કરવો.

**નખ ખુંપવો,** કાણુ બેસવો; પ્રવેશ થવો.

**નખ જેટલું,** ઘણું નાનું–હલકું; વિસાત વિનાનું. ( વસ્તુ, કામ, દેવું, વાંક, માણસ )

**નખ નખ બોલવું,** બહુ ઊંચે સ્વરે અને ગર્વિષ્ટપણે ઝડપથી બોલવું.

**નખથી તે શિખા સુધી,** આખે શરીરે, પગથી તે માથા સુધી; સર્વાંગ; રૂવે રૂવે.

" નખથી તે શિખા સુધી એને ક્રોધ વ્યાપ્યો."

" નખથી તે શિખા સુધી નરક ભર્યું છે; તે દેખી જોતાં દિલડુંરે, ગંદી દેહનો અભિમાન કુણ કરે."

ઓ. ચિ.

**નખપર દહાડા ગણવા,** અત્યંત આતુરતાથી આશા રાખવી–વાટ જોવી. ( કોઈ વ્હાલાની. )

**નખમાં રોગ નથી,** તંદુરસ્ત માણસને માટે વપરાય છે.

**નગદ ઘરાક,** ખમતી આસામી; ટોટો કે નુકસાન ખમી શકે એવો. ( નગદ–રોકડું એ ઉપરથી લાક્ષણિક અર્થે ચોખ્ખું. )

**નગદ થઇને બેસવું,** જેણે રોકડ રૂપિયા કબજામાં લઈ ગાંઠે કર્યા હોય એવા માણસને વિષે બોલતાં વપરાય છે; વળી જે પોતાની મિલ્કત ન દેખાડતાં રોકડા પ્રત્યુત્તર આપતો હોય તેવા–નાદારી બતાવનાર માણસને વિષે પણ બોલતાં વપરાય છે.

**નગદ નારાયણ,** જે પૈસાટકા વિનાનો કે મિત્ર વિનાનો કંગાલ પુરૂષ હોય તેને વિષે વાંકામાં બોલતાં વપરાય છે.

૨. રોકડ થાપણ જેની પાસે છે તે; ધનાઢ્ય; પૈસાદાર.

**નંગભારથી,** અક્કલ વિનાનો.

**નંદનું ગોકુળ,** છૈયાં છોકરાં, ચાકર નફર, ઢોર ઢાંખર, જ્યાં પુષ્કળ હોય એવું ઘર કે મિલ્કત.

**નજર ઉતારવી—વાળવી,**–નઠારી દ્રષ્ટિ પડી હોય તે ટુચકાથી મટાડવી.

**નજર ઉતારી નાખવી** એટલે મહેરબાનીની કમી કરવી; કૃપાદૃષ્ટિ ઓછી કરવી.

**નજર ટૂંકી છે.** બુદ્ધિ નથી દોડતી, લાંબી પહોંચ નથી; તર્કશકિત નથી.

૨. ઉદાર વૃત્તિ નથી; કંજુસાઈ—ક્રૂપણતા છે.

**નજર ઘાલવી,** ધ્યાન લગાડવું; ચિત્ત પરોવવું; દૃષ્ટિ ફેરવવી.

**નજર ચૂકવવી,** ભૂલથાપ દેવી.

**નજર ન પહોંચવી,** દૃષ્ટિમર્યાદાની બહાર હોવું; ( ઘણું ઊંડું; ઘણું લાંબું, અસંખ્ય,

Gandhi Heritage Portal

બહોળું વગેરે જે કાંઈ તે વિષે બોલતાં વપરાય છે. જેમ આ કુવામાં તો નાખી નજર પણ નથી પહોંચતી. )

૨. બુદ્ધિ ન ચાલવી; તર્ક ન પહોંચવો.

**નજર બગડવી,** અપ્રમાણિકપણે કોઈ કામ કરવા કોશીશ કરવી.

૨. આંખનો દુરૂપયોગ કરવો.

૩. અદેખાઈથી કોઇનું સારૂં જોઈ તે પોતાને નથી એમ જાણી તેનું લઈ લેવાની દાનત થવી.

**નજરનો ખોટો,** પાપી; નઠારી દૃષ્ટિનો.

૨. ચોર; અપ્રમાણિક.

૩. અદેખો.

**નજરમાં ઘાલવું,** કોઇને નુકસાન કરવાની તજવીજમાં રહેવું અથવા એવી તજવીજનો લાગ ખોળતા રહેવું.

"હા મહારાજ, મોટા દેવ, તમે મને નજરમાં તો ઘાલ્યો નથી ને!"

નળદમયંતી નાટક.

**નથુભાઈ જાણે,** હું કાંઈ જાણતો નથી એમ બેદરકારીમાં જવાબ આપતાં બોલાય છે.

**નથુશાઇ હીરો,** ઘણોજ ઉત્તમ–યશસ્વી માણસ, પણ બહુધા વાંકામાં મૂર્ખને વિષે બોલતાં વપરાય છે.

**નદીનાવનો સંજોગ,** એકબીજાને મળવાનો–એકાએક પ્રાપ્ત થયેલો જે શુભ યોગ તેને વિષે બોલતાં વપરાય છે.

**નનામી બાંધવી,** ઠાઠડી બાંધવી ( નનામી–નામ ન દેવાય એવી જે અશુભ ઠાઠડી તે. )

"તેની નનામી બાંધી રામ બોલો ભાઈ રામ કરતા તેને સ્મશાનભૂમિમાં લઈ જવામાં આવ્યો."

કરણઘેલો.

૨. '**તારી નનામી બંધાય**' એટલે તું મરી જાય એમ ચીડમાં વડીલ નાનાંને કહે છે.

**નન્નો વાસવો,** ના કહેવી—ભણવી; નકારમાં વાત કરવી.

**નમતી કમાન,** પડતી દશા.

**નમ્યું આપવું,** ટેક છોડવો; નરમ થવું; ખમી ખાવું; નરમાશ રાખવી; કહેણને તાબે થવું.

"એમાંથી એક પણ નમ્યું ન આપે તો લડાઈનો અંત આવે નહિ."

બે બહેનો.

"શું હું કોઈને નમ્યું આપું? શું કોઈ મારૂં સમોવડીઉં થવા યોગ્ય છે.?"

સરસ્વતીચંદ્ર

૨. ઘસાઇને નરમ પડવું; ઢીલું થવું; જીર્ણ થવું. ( કોઈ વસ્તુ )

"આવા બે ચલોઠા તમે મરજીમાં આવે તેમ બેદરકારપણે ને નિત્ય વાપરો તોપણ તેઓ અરાઢ મહિના સુધી નમ્યું આપનાર નથી."

દૈ. કા. ઉત્તેજન.

**નમતી દોરી,** રહેમનજર; મરજી મુજબ વર્તવાની જરા છૂટ આપવી તે.

"એની મા મરી ગઇ ને પાછળથી જો નમતી દોરી મૂકી તેની ખરખબર ન રાખીએ તો તારી ને મારી આખા મુલકમાં વાતો થાય."

કુંવારી કન્યા.

**નમતી બેસવી,** પડતી આવવી; પડતી દશા આવવી.

"આ સમે મોગલાઇની નમતી બેઠી હતી, તથા પાદશાહ બુદ્ધિહીન ને નબળા હતા અને તેના સરદારોમાં ફાટફૂટ હતી."

ભ. ઇતિહાસ.

**નમતું મૂકવું,** રહેમનજર રાખવી; કૃપા દૃષ્ટિથી જોવું; ગમ ખાઈ જવી; સહન કરવું; જરા છૂટથી વર્તવા દેવું.

**નમતો દિવસ,** પડતા દહાડા; પડતી દશા;

Gandhi Heritage Portal

અસ્તકાળ. તેથી ઉલટું **ચઢતો દિવસ** એટલે આબાદી.

"એ રીતે ધર્માંધ સિકંદર, થયો પ્રજા ને અણગમતો, દૈવિ જાગી ઉઠિ ભક્ષ માગતી, ચાલ્યો લોહિ દિવસ નમતો."

પાણીપત.

**નમારસુંડો,** (નિમાળા+મુંડવું.) કુટુંબ પરિવાર વિનાનો.

૨. કામધંધા વિનાનો; નવરો. કાંઇપણ ઉદ્યમે વળગેલો નહિ તે.

**નમો નારાયણ,** બ્રાહ્મણ સન્યાસીને મળતાં એમ બોલાય છે.

૨. અતીતમાં પણ અરસ્પરસ મળતાં વપરાય છે.

**નરકનો ટોપલો,** દેવું, ખરાબ થઈ ગયેલું કામ, નાપસંદ કામ, કલંક, અપમાન વગેરે જે કંઈ અણગમો ઉપજાવે તેને માટે વપરાય છે.

'નરકનો ટોપલો માથે લેવો–મૂકવો' એમ બોલાયછે.

**નરકમાં ડુબવું,** દેવામાં ડુલી જવું.

**નરસી મહેતા,** રળવાની શક્તિ ન હોય તેવાને માટે વપરાય છે; ભોજાઇનાં મહેણાં ન ખમાવાથી જેમ નરસી મહેતા વનમાં ચાલી નીકળ્યા હતા તેમ ઘરબાર ઉપરથી અભાવ ઉત્પન્ન કરનાર પુરૂષ.

"આવા નરસી મહેતા જેવા ધણી મારે માથે ક્યાં રાખી મૂકયા હતા?"

નવી પ્રજા.

**નરસિંહજીની પાલખી,** જે કોઈ અમુક કામને માટે તેના નૈયાયિકો–માણસો નીમ્યા ન હોય પણ દૈવગતિથી ચાલ્યું જતું હોય એવા કામને વિષે બોલતાં વપરાય છે. બેફિકરાઇથી માથે લીધેલું જે કામ તે; રામઆશરે ચાલતું કામ; (નરસિંહજીની પાલખી જે હોય તે ઉંચકે તે ઉપરથી)

**નરો વા કુંજરો વા,** (અશ્વત્થામા નામનો કૌરવદળમાંનો એક હાથી. તેને ભીમે કૃષ્ણના કહ્યાથી મારી નાખ્યો હતો અને ધર્મરાજા પાસે 'નરો વા કુંજરો વા' એટલે દ્રોણાચાર્યના યુદ્ધ પ્રસંગે માણસ કિંવા હાથી ગમે તે હોય એમ કહેવડાવ્યું હતું તે ઉપરથી.) પૂછેલી બાબતનો ખાતરીબંધ નહિ પણ બેદરકારી અથવા ઉડાવવાનો જવાબ દેતાં વપરાય છે. અજાણપણું–અસ્પષ્ટ વચન.

**નવ ગજના નમસ્કાર,** (નવ–આ સંખ્યા એક પ્રાચીન કાળની ધર્મની ગૂઢ સંખ્યા છે એમ પાશ્ચિમાત્ય પ્રજા માને છે. આપણા હિંદુમાં પણ એ સંખ્યા બહુમાન્ય છે. નવ ઉપરથી બધા અંક નીકળ્યા છે એમ કહેવાય છે. નવમા આંકડા જેવી મિત્રતા રાખવી એમ એક ઠેકાણે કહેલું છે. ૯×૨=(૧+૮=૯) ૧૮. ૯×૩= (૨+૭=૯) ૨૭. ૯×૪=(૩+૬=૯)૩૬. એ પ્રમાણે આખા આંકમાં નવનો અંક ફરતો નથી તેમ સજ્જન મિત્ર પણ વિચારમાં ફરતો નથી; વળી ગ્રહ પણ નવ છે; ખંડ નવ છે અને નદીઓ પણ નવસેં નવાણું કહેવાય છે. એકી સંખ્યા ઈશ્વરને બહુ પ્રિય છે. કોઇને શુભ કામમાં અથવા ધર્માદામાં રૂપિયા આપવા હશે તો બેકીમાં સંખ્યા આપવાનો રિવાજ નથી. લગ્નમાં ચાંલ્લો કરવો હશે તો કાંતો ૫૯૯) કરશે કે ૨ ૧૦૧) કરશે પણ બેકી સંખ્યા આણશે નહિ. આ પ્રયોગમાં નવ એ ચોક્કસ–મુકરર સંખ્યા નથી પણ અહીં નવ એટલે કેટલાક, એવો અર્થ થાય છે. તે ઉપરથી)

હારી છૂટયા; થાકયા; પગે લાગ્યા; ન જોઇએ એવા અર્થમાં વપરાય છે. (વાંકામાં.)

"તમારી સુવાવડ સુવાની ઓરડીને તો નવ ગજના નમસ્કાર."

બે બહેનો.

Gandhi Heritage Portal

# ટ

**ટકા કરવા,** પૈસાને માટે વસ્તુ વેચવી; વેચીને પૈસા કરવા.

૨. પૈસા એકઠા કરવા; પુંજી કરવી; દ્રવ્યનો સંગ્રહ કરવો.

**ટકા ચઢાવવા,** વધારી વધારીને કહેવું; અતિશયોક્તિ કરવી, મીઠું મરચું ભભરાવીને બોલવું.

**ટકાના ત્રણશેર,** સસ્તામાં ગણી કાઢેલું તેવું; કંઈ લેખામાં નહિ તેવું. "લંડન એ સૌને ટકાના ત્રણશેર કરી મૂકે છે. શું નાના કે મોટા, રાજા કે રાણા, ગરીબ કે તવંગર સૌની કિંમત લંડનમાં સરખી છે. દેશના નાક, હીરા કે પથરા તે પણ લંડનમાં ટકાના ત્રણશેર ખપે છે."

ગુજરાતી (૨૫-૬-૯૩.)

"ટકાના ત્રણશેર ને ઉપર બે માગ્યા" એમ પણ બોલાય છે. વળી કેટલાક 'ટકે શેર' પણ વાપરે છે."

"આજકાલ મુંબાઈમાં પણ રાજાઓ ટકે શેર છે તો પછી ઈગ્લાંડમાં તેઓનો ભાવ મોટો ને ઊંચો હોય ક્યાંથી?"

ગુજરાતી.

**ટકાની પિંજારી,** ગરીબ; નબળું; હલકું અને બીકણ; માલ વિનાતું. (માણસ)

**ટકાનું માણસ,** (ઓછી કીંમતનું.) ઓછું પાત્ર; વિવાહનું બારમું કરે એવો; લાંબી અક્કલ વિનાનું; હલકું; પાજી.

"ટકો પણ કિંમત તેની ન હોય."

કવિ દલપતરામ.

"ટકાની ડોશી ને ઢબુ મુંડામણી" એ કહેવત.

**ટકોરો મારે એવું,** આંટવે એવું; ગુણ–મતમાં ચઢીઆતું–વધે એવું. બીજાની સાથે સરસાઈમાં ચઢીઆતું. ગુણ–સ્વભાવ–કર્મ વગેરેમાં વપરાય છે.

"છગનલાલ, ગીરધરલાલને ભણવાની બાબતમાં ટકોરો મારે એવો છે."

"દીવમાં ગેંડાની ને કચકડાની દાબડીઓ થાય છે તે વિલાયતી દાબડીઓને ટકોરો મારે એવી હોય છે."

દૈ. કા. ઉત્તેજન.

**ટટ્ટી ઉડવી–થવી,** અપમાન કે ધિક્કારને પાત્ર થવું.

**ટટ્ટુ ચાલવું,** (ધીમે ધીમે થતું કામ તે ટટ્ટુ.) કામ ચાલવું; કામ નભવું–થવું–પાર પડવું.

૨. ચલણ હોવું.

૩. ઉપાય–ઈલાજ ચાલવો.

"લાડકોર કોઈ વાર અળસાઇને ગાળિયું કાઢી નાખવા ધારતી હોય તો મોંએ ચઢાવેલી ને હઠીલી ધનલક્ષ્મી તેનું ટટ્ટુ ચાલવા પણ ન દે."

બે બહેનો.

"વેશ ધરી વિદ્વાનનો,
ભરી સભામાં જાય;
ટટ્ટુ નીભે ત્યાં સુધી,
પાખંડી પૂજાય.

કાવ્યકૌસ્તુભ.

**ટપલા ખાઈ ખાઈને ઘડાવું,** ઠપકા ખાઈ ખાઈ સુધરવું; ઠોકરો ખાઇને રીતમાં આવવું; દુઃખ વેઠી--અડચણો ખમી ઠેકાણે આવવું.

(કુંભાર માટીનાં વાસણને ટપલાથી ટીપી ઘાટમાં આણે છે તે ઉપરથી.)

**ટપલી મારવી,** (દીવાને.) દીવાને વડો કરવા સારૂ હાથની ઝપટ મારવી.

**ટપલો માથે રહી જવો,** તહોમત–બટ્ટો–દોષ–આળ–કેણી ચાલવી (લોકમાં.)

"મંછીવહુની અઘરણીની નાતનો દોઢ વરસથી ટપલો માથે રહી ગયો છે તે તો ઉતારવો જોઇએ.!"

Gandhi Heritage Portal

" ટપલો મૂકવો–રહી જવો' એમ પ્રયોગ થાય છે.

**ટપવું ટપી જવું,** ફલંગ મારી કુદી જવું.

**ટપ્પો મારવો,** ગપ ચલાવવી—ફેલાવવી.

૨. યુક્તિસર બંધ બેસતા શબ્દો બોલવા.

**ટલ્લે ચઢાવવું,** વાયદા કરવા; આશા આપી ફોગટ ફેરા ખવડાવવા; રખડાવવું.

૨. ઊંચે ચઢાવવું; ઉશ્કેરવું; ફુલાવવું; ચઢાવવું.

**ટલ્લા ખવડાવવા,** પણ અર્થ ૧ માં બોલાય છે.

**ટાંકી લાગવી,** રોગપર દવાની અસર થવી.

૨. પત્તો ન લાગવો.

**ટાચકા ફોડવા,** દોષની ચરચા કરવી; નિંદા કરી હલકું પાડવું; તતડાવવું.

"જેના હોય તેના ટાચકા શું ફોડયા કરે છે?"

**ટાટલું કરવું,** એઠાં વાસણ માંજી સાફ કરવાં.

**ટાંટિયા કહ્યું કરતા નથી,** ચાલી ચાલીને પગ થાકી ગયા છે અથવા પગમાં ઘણી કળતર થાય છે.

**ટાંટિયા ગળે આવવા,** જુઓ **ગળે આવવું.**

" પુરાવાની સાંકળ તો તૈયાર કરી પણ એટલું કર્યા છતાં આખરે મારા ટાંટિયા મારાજ ગળામાં આવ્યા તો કરવું કેમ ?"

મણિ અને મોહન.

**ટાંટિયા જોરમાં હોવા,** ઉમંગ–ઉત્સાહની સ્થિતિમાં હોવું; આશાભર્યું હોવું. " આજ કાલ તેના ટાંટિયા જોરમાં જણાય છે."

**ટાંટીયા ભાગવા–બેસવા,** એ તેથી ઉલટો પ્રયોગ છે.

**ટાંટિયા તૂટી પડવા,** થાકી જવું અથવા પગમાં ઘણી જ કળતર થવી.

**ટાંટિયા રહી જવા** પણ બોલાય છે. જેમ–" મારા તો ચાલી ચાલીને ટાંટિયાજ રહિ ગયા."

**ટાંટિયા તોડવા,** નકામા ધક્કા ખાવા—ફેરા ખાવા. ( કંટાળામાં વિશેષ વપરાય છે.)

" બેસની અમસ્તો ભાઇ, ઠાલી ટાંટિયા તોડવા કોણે કહ્યા છે. ?"

**ટાંટિયા પહોળા થઈ જવા,** ગભરાઈ જવું; ભયથી સથરવથર થઈ જવું; શીયાંવીયાં થઈ જવું. (પગની સ્થિરતા ન રહેવી તે ઉપરથી લાક્ષણિક.)

**ટાંટિયા બેસવા,** છેકજ નિરાશ થઈ જવું; હિંમત હારી જવી; આશાભંગ થવું; નાઉમેદ થઈ જવું.

**ટાંટિયા ભાગવા,** ( કાંઈ અકસ્માત માઠો બનાવ આવશે એવા વહેમથી, ઘડપણથી, નબળાઈથી, સખત માંદગીથી, નિરૂત્સાહથી કે નિરાશ થઈ જવાથી.) અશક્ત થવું; પગમાં જે જોર હોય તે નબળું પડી જવું; પગે નબળાઈ આવવી.

" અમુક વર્ષે મરવાનું છે એમ કોઈ ભવિષ્ય કહે ને તે આપણા મનમાં ઠસી જાય તો તેની ચિંતા આજથી થાય અને તે વર્ષ નજીક આવતું જાય તેમ તેમ સોરણ ને સંતાપથી આપણા ટાંટિયા ભાગતા જાય."

બે બેહેનો.

" અરેરે, તે જતો રહ્યો હોય તો મારા ટાંટિયા ભાગી ગયા, હાય હાય ? મારી કમ્મર લચી પડી, અરે હું શું કરૂં ?

અ. ના. ભા. ૧ લો.

૨. નબળું કરવું; જે મૂળ જોર હોય તે કમી કરવું.

૩. આગળ વધવાની હિંમત જતી રહેવી; ના ઉમેદ થઈ જવું.

**ટાંટિયા મેળવવા,** મેળ મેળવવો.(હિસાબમાં)

**ટાંટિયા રંગવા,** જુઓ **ટાંટીઆ ભાગવા.**

**ટાંટિયો કાઢવો–**ટાળવો, દૂર કરવું; જતું કરવું; આવતું જતું બંધ થાય એવી તજવીજ કરવી; પગ ટાળવો; ચલણ બંધ કરવું; ઘરમાં આવતું અટકાવવું. (ધિક્કાર–

Gandhi Heritage Portal

કંટાળાને પાત્ર થયેલા માણસને વિષે બોલતાં વપરાય છે. )

**ટાંટિયો ટકવો,** એકને એક જગોએ કે ધંધામાં સ્થિરતા વાળી રહેવું; નિરાંત ભોગવવી; પગ ઠેરવીને નિરાંતે બેસવું; નિરાંત વાળી લાંબા વખત સુધી ચોભવું.

"ભાઈ, મારી રાંડના દુઃખની તે હું શી વાત કહું? તેનો ટાંટિયો ઘરમાં ટકતોજ નથી, રોજ ઓછામાં ઓછી તે ચાળીસ વખત બહાર રઝળવા જાય છે."

સુબોધપ્રકાશ.

**ટાંટિયો વાળવો,** થાક ઉતારવો–ખાવો; વિસામો લેવો.

**ટાંડર કરવી,** વાંધો ઉઠાવી કજીઓ કરવો.
　૨. ધ્રુજવું.

**ટાઢ તડકો,** સુખદુઃખ. **તડકોછાંયડો** પણ બોલાય છે.

'એ બિચારાએ ટાઢતડકો સુદ્દલે જોયો નથી.'

**ટાઢ ફેરા મારે છે,** ટાઢ પાસે આવી શકતી નથી;ટાઢ વાતી નથી.

"શિયાળામાં એક બનાતનું બદન પહેર્યું કે ટાઢ ફેરાજ મારે."

**ટાઢક કરવી,** એકાદો પદાર્થ ખાઇ–ચોપડી શરીરને ટાઢું લાગે તેમ કરવું; પદાર્થમાં રહેલા ગુણથી ગરમી શમાવવી.

**ટાઢ ચઢવી,** તાવમાં ટાઢ ચડે છે ત્યારે કામ થઈ શકતું નથી તે ઉપર કોઈ કામ કરવાની ના પાડતું હોય અથવા કંટાળતું હોય ત્યારે તેના સંબંધમાં બોલતાં વપરાય છે.

'ખાવાનું જોઇએ છીએ ને કામ કરતાં તો ટાઢ ચડે છે.'

**ટાઢાં પાટિયાં કરવાં,** ખાઈ પી નિરાંત ધરવી.

**ટાઢા દેવા,** ( ટાઢા ડામ દેવા. ) ઉપરથી દેખીતું સારૂં પણ કાળજામાં તીર વાગે તેવું કોઈ પ્રત્યે બોલવું; ડાવકે મોઢે મહેણાં મારી સામા માણસનો જીવ બાળવો. ( બહાર દેખીતો ફોલ્લો ન ઉઠે પણ કાળજું બળે એવા જે ગુપ્ત ડામ તે ટાઢા ડામ કહેવાય છે. )



**ટાઢા પથરા જેવો,** ( માણસના સંબંધમાં ) ધીમું; સુસ્ત; એકને એક ઠેકાણે પડી રહે એવો ચંચળતા વિનાનો પુરૂષ; પથરાની પેઠે એકને એક ઠેકાણે પડ્યો રહે, અને ઊંચકીએ–ધમકાવીએ ત્યારે બીજી જગોએ ખસે તેવો.

"સત્યભામા,–અહો, એના તો ઉત્તર અનેક છે, પણ જવું તો ખરૂં. ચાલ્ય, ચાલ્ય, તું વહેલી ચાલ્ય; અલિ, વાહરે! કેટલી વાર! ટાઢા પથરા જેવી દેખાય છે ને શું?

સત્યભામાખ્યાન.

**૨. ટાઢું ઘેરાયા જેવું,** ( રાંધેલું )
**ટાઢું શીતળ,** ( પાણી. )

**ટાઢા પહોરનું,** ( ઠંડા પહોરની ઠંડા પવનની લહરીમાં જેમ વૃક્ષપત્ર આનંદથી હાલે છે અને તે ઉપર બેસનારાં કોકિલાદિ પક્ષીઓ ગુલતાન રહે છે તેમ ટાઢા પહોરની વાતો કે ગપાટામાં પણ ભેગા થયેલા માણસો ગુલતાન થઈ વાયરે ચઢે છે તે ઉપરથી ) નવરાશની વખતનું; નકામા–ગમતની ખાતર બરોબરિયામાં બેઠા હોઇએ તેવી નિરાંતની વખતનું; ઠંડા કાળજાનું. 'ટાઢા પહોરના ગપાટા.'

**ટાઢાં પાટીઆં કરવાં,** ખાઇને નિરાંત વાળવી.

**ટાઢા પાણીએ ખસ જવી,** વગર યત્ને કંટક ટળવું; વગર પ્રયાસે પીડા નાશ પામવી.

**ટાઢા પાણીનું માટલું,** ચું કે ચાં કર્યા સિવાય સઘળું મૂગે મોઢે જોયાં કરનાર માણસને વિષે બોલતાં વપરાય છે.

૨. ઠંડા મિજાજનું; શાંત સ્વભાવનું પણ લાગ આવે તો ગોળો ગબડાવે–ઉંધું છતું કરે તેવું.

Gandhi Heritage Portal

**ટાઢા સમ,** સમ ખવડાવવાની અસલ જૂદી જૂદી રીતો હતી. કોઈ મૂર્તિ આગળથી ધરાવેલાં ફૂલ ઉપાડી લેવાં અથવા કોઈ દેવને પગે હાથ મૂકવા એ ટાઢા સમ કહેવાય છે ઘણા આકરા ટાઢા સમ ખવરાવવામાં આવે ત્યારે બ્રાહ્મણને ગળે હાથ મૂકાવે છે અથવા એ કરતાં પણ ઘણા સખ્ત ખવરાવવા હોય તો ગાયને ગળે છરી મૂકાવવામાં આવે છે. એમ કરાવવાનો હેતુ એટલોજ કે જૂઠા સમ ખાય તો બ્રાહ્મણ કે ગાયને માર્યા જેટલું પાપ લાગે.

વળી ઉના તપાવેલા લોઢાની, ઉના ઉકળતા પાણીની, કે ઉના તેલની કોઈ અમુક સરતથી સમ ખવડાવવામાં આવે તેને **ઉના સમ** કહે છે.

**ટાઢિયો તાવ આવવો,** આ પ્રકારના તાવમાં બગાસાં આવે છે, અંગ ભાગે છે અને કામપર ચિત્ત લાગતું નથી તે ઉપરથી જે માણસ કામ કરતાં કંટાળતો હોય અથવા નાખુશી બતાવતો હોય તેને વિષે બોલતાં વપરાય છે કે એને તો ટાઢીઓ તાવ આવ્યો છે અથવા કામ કરતાં તો ટાઢીઓ તાવ આવે છે.

**ટાઢું ગાર જેવું,** તેજી વિનાનું; નમાલું. (માણસ.)

**ટાઢું થવું,** શાંતિ થવી; નિરાંત વળવી.

"પાંડવ હરિએ મૂકયા નથી, કૌરવપતિ કયાં થાઓ દુર્મતિ,

"વન ગયા તો ટાઢું થયું, હજી તમારૂં કપટ ન ગયું."

સુરેખાહરણ.

**ટાઢું છમ કરવું,** ગટ કરી જઈ—પચાવી પડી ઠેકાણે કરવી (વસ્તુ.)

કોઈનું નાણું ઉચાપત કરી તે વિષે કાંઈ જાણતા નથી એમ બતાવવું.

"ઘણાં વર્ષ સુધી વછિયાત રૂપિયા લેવા આવ્યો નહિ, એટલે તો મુલ્લાંજીએ રૂપિયા ટાઢા છમ કરવા નિશ્ચય કર્યો."

ગર્ધવસેન.

**ટાઢું પડવું,** શાંત થવું; ચઢેલો ગુસ્સો—તામસવૃત્તિનું શાંત્વન થવું; નરમ પડવું; જોર કમી થવું; શાંતિ થવી; બંધ પડવું; શમવું.

'વાત ટાઢી પડી—હુલ્લડ ટાઢું પડયું, ઈ."

તે મારા ઉપર જેટલો તપી ગયો હતો તેટલોજ આખરે પસ્તાઇને ટાઢો પડયો."

૨. ઝાંખું થવું.

"માલ ટાઢો પડે તેથી કેટલીક વાર તો ખોટ મૂકીને પણ તે વધેરી દેવો પડે."

દે. કા. ઉત્તેજન.

૩. બુઝાવું.

'દેવતા ટાઢો પડયો.'

**ટાઢું પાડવું,** શાંત કરવું; જોસ્સો ઠંડો પાડવો.

૨. બુઝવવું.

**ટાઢું પાડી પલાળવું,** તપી ગયેલો—ગરમ થયેલો મિજાજ શાંત પાડી પોતાના મતનું કરવું; ધીમેધીમે યુક્તિસર સમજાવવું; પરમોદવું.

"હું તેને ટાઢો પાડી પલાળવા તો ગયો પણ શેનો પલળે ? એકનો બે થયો નહિ."

**ટાઢું પાણી રેડવું,** (મનની વૃત્તિ પર) અસર કમી કરવી; શાંત પાડવું; જોર ધીમું પાડવું—નરમ પાડવું.

"આ રાત તેના ધણી સાથે આનંદમાં કાઢવાનો ઠરાવ કર્યો હતો પણ કરણના દિલગીર ચહેરાએ તેના ઉલ્લાસ ઉપર ટાઢું પાણી રેડયું;"

કરણઘેલો.

Gandhi Heritage Portal

**ટાઢું પેટ,** નિરાંત; સંતોષ; કાંઇપણ ઉચાટ ન હોય એવી સ્થિતિ; નિશ્ચિંત હાલત. **ટાઢાં પેટ, વસતાં પેટ, દીકરા જણજો ને ઘર ભરજો '** એમ આશીર્વાદ દેતાં સ્ત્રીઓ વાપરે છે.

**ટાઢું લોહી,** ( જ્યારે નિરાંત અથવા શાંતિ હોય છે ત્યારે લોહી ઠંડું હોય છે અને જ્યારે ચિંતા–ઉગ્રતા–તમોગુણ હોય છે ત્યારે લોહી ગરમ થાય છે તે ઉપરથી. ) નિરાંત; કોઈપણ તરફની ચિંતા ન હોય તેવી સ્થિતિ શાંતિ; ઉચાટ વિનાની સ્થિતિ.

"ભાઈ તમારે ટાઢા લોહીના રોટલા ખાવાના છે એટલે મકરકુંદીઓ શા સારૂ ન સૂઝે ?"

"શૂરવીર રજપૂતાણિયોએ પોતાનાં પેટથી પણ વહાલાં બાળકોને પતિની પાછળ જવા માટે ટાઢા લોહીમાં કતલ કર્યા."

જૂ. જૂની વાર્તા.

**ટાઢું હીમ જેવું,** ઘણું ટાઢું.

૨. ઘણુંજ પ્રિય અને શાંતિ ઉપજાવનાર.

"હું જે વખત કાંઈ નમાલી ખાવાની જણસ કે પાઈ પૈસો ચોરી લાવતો તે વખત તેને ટાઢો હીમ જેવો લાગતો હતો ને શાબાશી આપતી હતી."

કૌતુકમાળા.

**ટાઢો ઢાળવો,** બહુ તાપથી તપી ગયા હોઇએ ત્યારે ઝાડ વગેરેને છાંયે બેસી વિરામ લેવો.

"બપોર થવા આવ્યા એટલે જરા ટાઢો વાળવાને એક કુવા આગળ ઝાડને છાંયે બેઠા."

શિવલક્ષ્મીની વાર્તા.

**ટાઢો માર મારવો,** મુઠીઓ અને લાતથી સખત માર મારવો.

**ટાળો દેવો,** વાયદા કર્યા કરવા; ઉડાવ્યાં કરવું.

"ગુરૂજીએ ટાળો દીધો,
નૃપથી કેમ વિખૂટો કીધો."

માંધાતાખ્યાન.

**ટીકો કરવો,** ( કપાળમાં. ) નકામું આપી દેવું.

**ટીલીઆ ભગત,** ( ઠેર ઠેર ટીલાં કરનાર. ) ટીલાં કરી ભક્તિનો ખોટો આડંબર કરનાર.

**ટીલું ચાટી જવું,** મખ્ખીચૂસના જેવું આચરણ કરવું.

૨. કોઇનું હરણ કરી લેવું; છેતરવું; ઠગવું.

**ટુંકું કરવું,** અમુક ચાલતી વાત ટુંકાવવી; જતી કરવી.

૨. આ અર્થમાં "આયુષ્ય" અધ્યાહાર રહ્યો છે. જેમકે–'માતાએ મને ગળથુથીમાં ઝેર કેમ ન પાયું ? પોતાના મરતા પહેલાં મને ટુંકી કેમ ન કરી ?"

મણિ અને મોહન.

૩. પતાવવું; દરગુજર કરવું.

**ટુંપી નાખવું,** ચુંટી ચુંટી છૂટું કરવું એ તેના મૂળ અર્થ ઉપરથી ) નિંદા કરી હલકું પાડવું; મહેણાં દઈ શરમીંદુ કરવું; નીચું જોવડાવવું; ઠોક મારી મારી નબળું કરવું.

**ટુંપો દેવો,** કોઇનો નફો ખુંચવી લેવો; કોઇને નફો ખાવા ન દેવો; કોઇને નફો લેતાં વચ્ચે અટકાવ કરવો.

**ટેકનો તારો,** મહા ટેકીલો માણસ.

"રે તું તો કોઈ ટેકનો તારો જણાય છે. નાક પર માંખ બેસે તો નાક કાપી નાખે એવો."

પ્રતાપનાટક.

**ટેકનું પૂતળું** પણ વપરાય છે.

**ટેકરાં ટીપવાં,** જાડા જાડા રોટલા ઘડવા. ( તિરસ્કારમાં અથવા બેદરકારીમાં વપરાય છે. )

Gandhi Heritage Portal

**ટેકો આપવો,** મદદ આપવી; અનુમતિ આપવી.

**ટેકો કરવો,** મદદ કરવી.

૨. આશ્રય આપવો.

**ટેકો પડી ભાગવો,** ( ઘરનો ટેકો પડી ભાગવો એટલે ઘર નિભાવનારૂં—જેને આધારે ઘર ચાલતું હોય તે માણસ ગત થવું.)

જેના ઉપર આધાર હોય તે માણસ અથવા વસ્તુ જૂદી પડવી–છુટી પડવી–ગત થવી; જેના પર ઝઝુમાતું હોય તેથી રહિત થવું; નિરાધાર બનવું.

**ટોપી લઈ જવી,** છેતરવું.

**ટોપી ઘાલવી,** દેવાળું કાઢવું.

૨. જનસમૂહમાં હલકું પડવું; નિર્લજ થવું.

૩. ખાખી થવું.

૪. સંસારમાંથી નીકળી જવું.

**ટોટલે મૂકવું,** ન લેખવવું; ન ગણવું; દરકાર ન કરવી; ધ્યાન ન આપવું; બેદરકારીથી ઊંચે દૂર મૂકી દેવું; કોરે મૂકવું; ઊંચું મૂકવું; વિસારી દેવું; સંતાડવું; મૂકી છાંડવું.

" છેલ્લે તેણે ઓથેલોને એવી સલાહ બતાવી કે કયાશીઓ સાથે સમાધાન કરવાની વાત હમણાં જરા ટોહ્લે મૂકો એટલે તમને જણાશે કે ડેસડિમોના કેમ આતુરતાથી કયાશીઓની વતી તમને સમજાવે છે."

શે. કથાસમાજ.

" મોટા મોટા કેટલાએક દ્રવ્યવાન શરમાશરમી અને મોટાઇમાં પારકાને સારૂ મોટી ટીપો ભરે છે ને પ્રત્યક્ષ જે દેશી ગરીબો તેઓને આપવાનું અને દેશ સુધારવાનું કામ ટોહ્લે મૂકી છાંડે છે."

નર્મગદ્ય.

**ટોહ્લો મારવો,** વિલંબ કરવાને અર્થે જૂઠી જૂઠી આશા આપી કામ લંબાવવું; મુલતવી રાખવું. **ટોહ્લો દેવો** પણ બોલાય છે.

---

# ઠ

**ઠગ પાટણનો રહેવાશી,** ( મોટું બહોળું અને જ્યાં ઠગાઈ જવાય એવું જે પાટણ તે ઉપરથી. ) લુચ્ચું; ખંદું; શઠ; ધુતારૂં.

" સત્યભામા–(મર્મ સમજવા જેવે વેષે) હલા નાગરિકા ! આતો બંનેય ઠગ પાટણનાં રહેવાશી દેખું ! અરેરે ! વિધાતાય વાડમાં વરસ્યો લાગે છે !"

× × × × × ×

" કૃષ્ણદેવ—અહો વરાનને ! અમે ઠગ પાટણના નથી એટલે અસત્ય બોલનારે નથી."

સત્યભામાખ્યાન.

**ઠઠ્ઠે ગયું ગાડું,** ફરી પત્તો ના લાગે એવી વસ્તુના સંબંધમાં એ વપરાય છે;

' ઇતિહાસ ભૂગોળમાં પણ ઠઠ્ઠે ગયું ગાડું હતું.'

બાળકોનો આનંદ.

**ઠઠ્ઠાની ડાકણ,** વેશ્યા; લંપટ સ્ત્રી.

' લોકોની સ્ત્રીઓને અનીતિને રસ્તે દોરનાર રાંડ ઠઠ્ઠાની ડાકણ તું રૈરવ નર્કમાં પડયા વિના રહેનાર નથી."

મણિ અને મોહન.

**ઠંઠેરી કાઢવું,** તિરસ્કારથી કાઢી મેલવું.

" ગંડુપુરીને બીતિ પેઠી કે એ લુચ્ચો દખણી રખેને ફાવી જાય ને મને ઠંઠેરી

Gandhi Heritage Portal

કઢાવી દીવાનગીરી મેળવી લે,"

ગર્ધવસેન.

**ઠંડક કરવી–દેવી,** ધીમું–ટાઢું પાડી યુક્તિથી સમજાવવું. (ગરમ મિજાજવાળા માણસને.) મધુર શબ્દો બોલી ગરમ થયેલા મિજાજને શાંત કરવો.

૨. ટાઢક કરવી જુઓ.

**ઠંડા લોહીનું,** નિરાંતનું; ઉચાટ વગરનું; સુખચેનનું.

**ઠંડી મશ્કરી,** ઉપરથી સમજાય નહિ ને અંદરખાને મશ્કરી થતી હોય તેને માટે આ પ્રયોગ વપરાયછે. દાવડું મોં રાખી કરેલી મજાક.

**ઠંડીલ જવું,** ઝાડે જવું; દિશાએ જવું; ખરચું જવું. (શ્રાવકોમાં)

**ઠંડું પાણી રેડવું,** શાંત પાડવું; નાઉમેદ કરવું; નિરાશ કરવું; નિરાશ કરવું; અસર ઓછી કરવી.

'આ સ્વદેશાભિમાનીએ એક કંપની ઊભી કરવા માગણી કરી પણ ડાહ્યા માણસો એ તેની આ યુક્તિ ઉપર ઠંડું પાણી રેડયું."

**ઠંડે પેટે,** નિરાંતે; ટાઢા લોહીએ; સંતોષ રાખીને.

૨. મોઢું દાવડું રાખીને.

"ઠીક ઠંડે પેટે એમ મશ્કરી કરતાં શીખ્યો છે? બકરી આદુ ખાતાં શીખી ખરી?"

**ઠણ ઠણ પાક આપવો,** માર મારવો.

**ઠણ ઠણ પાળ,** સમજ કે દ્રવ્ય વિનાનો પુરૂષ 'ઠણ ઠણ પાળને મદન ગોપાળ' એ કહેવત છે.

**ઠમક દીવી,** સુંદર બાંધાની અને મનોહર ચાલની સ્ત્રી.

**ઠરી ઠામ બેસવું,** નિરાંત વાળીને બેસવું; અસલ ઠેકાણે બેસવું–ઠરવું. નિવૃત્ત સ્થિતિમાં રહેવું; આડી અવળી ઉપાધિ ટાળી એક વૃત્તિએ રહેવું; હારી થાકી નિરાંત વાળીને રહેવું.

"પચાસે જઈ પહોંચ્યોરે, ઠેકાણે ન બેઠો ઠરી."

દયારામ.

**ઠાગા મારવા,** મોઇમાં દંડા મારવા. (રમતમાં.)

**ઠાઠાં બેસવાં,** દુર્દશામાં આવી પડવું; પડતી હાલતમાં આવી જવું.

૨. નાઉમેદ થઈ જવું; આશાભંગ થવું; હિંમત હારી જવી. (લીધેલા કામમાં નિષ્ફળ થવાથી.)

**ઠાઠાં ભાગવાં–રંગવાં,** પુષ્કળ માર મારવો.

૨. એકદમ ઊંચેથી પડી જવાથી ઠાઠાંમાં ઇજા થવી.

**ઠાઠાં રંગાઇ જવાં,** ઠાઠાંમાં સખ્ત ઇજા થાય એવી રીતે વાગવું–પછડાવું.

"જાય છે કે નહિ; અહિં ઉભો તો ઠાઠાં રંગાઇ જશે તારાં."

૨. અણધારી નુકસાનીમાં આવી પડવું.

**ઠાઠાં વેરી નાંખવો,** મારી મારીને શક્તિહીન કરવું.

"બહુ બોલ્યો તો ઠાઠાં વેરી નાખીશ," ઠાઠાં–કમ્મરનાં હાડકાં જૂદે જૂદાં કરી નાખીશ.

**ઠાઠિયું બેસી જવું,** પડી ભાગવું; દુર્દશામાં આવી પડવું; જે આધારે કામ નભ્યું જતું હોય તે આધાર પડી ભાગવો.

**ઠામ બેસવું,–પડવું,** ખોવાયલું જડવું–હાથ લાગવું.

"મારૂં શોકય પગલું ખોવાયું હતું તે હવે ઠામ બેઠું અથવા ઠેકાણે પડયું ખરૂં."

૨. રંડાયલી સ્ત્રીએ નાતરે જવું; (કોળી–કણબી વગેરે નીચ જાતિમાં.)

'ફલાણી ફલાણાને ત્યાં ઠામ બેઠી.'

૩. હારીથાકી નિરાંત વાળીને રહેવું.

Gandhi Heritage Portal

" પોતાનાથી ન ચાલ્યું એટલે હવે હરીને ઠામ બેઠો."

**ઠામ ઠીંકરાં ઉપાડવાં,** ઉચાળા ભરવા; ઘરવાખરો ઉપાડી લઇ જવો; ઘરનો વપરાતો તમામ સામાન લઈ ઉપડી જવું.

**ઠામ ઠેકાણા વિનાનું,** પાયા વિનાનું; ઢંગ વિનાનું; ઉડેલ તબિયતનું; જરાક ઘેલછાવાળું; વાયેલ; ભલિવાર વિનાનું.

૨. ગોટાળા ભરેલું; ગરબડાટવાળું; અવ્યવસ્થિત.

"આ કામ ઠામ ઠેકાણા વગરનું છે" એટલે એમાં કંઈ ચોખવટ–ભલિવાર નથી

"મુરખને કહેતાં શું બેસે નાણું. મિથ્યા લવરી કરે મન ગમતી, નહિ તેમાં ઠામને ઠેકાણું.–મૂ "

દયારામ.

૩. પાયા વિનાનું.

"ઠામ ઠેકાણા વિનાનું માણસ" તે ઠામ વિનાનું ઢોળવું કહેવાય.

**ઠાર–ઠેર કરવું,** હથિયારથી તરતજ જીવ જાય તેમ કરવું; ખુન કરવું; મારી નાખવું.

૨. ઘણી નુકસાનીમાં આણવું.

**ઠીક છે,** ખબર લઇશ–જોઈ લેઇશ એવા અર્થમાં વેર લેવાના સંબંધમાં વપરાયછે. 'ઠીકછે, યાદ રાખજે.'

૨. જોઈશ–વિચાર કરીશ. 'આ કામ કરજો; ઠીકછે.'

૩. સારૂં છે. 'કેમ છે? ઠીક છે.'

**ઠીંકરાં ફોડવાં (ઠેર ઠેર),** થોડા થોડા પણ અનુભવ લેવો; માથું મારવું; જૂદા જૂદા વિષય તરફ મન કરવું.

(જે માણસ પગ ઠેરવીને ધંધો ન કરે પણ અહીંથી તહીં ને તહીંથી અહીં એમ થોડા થોડા દિવસ રહે અને ઠેકાણે ન પડે ત્યારે એમ બોલાય છે.)

૨. નકામી લઢાઇ ઊભી કરવી–કરાવવી.

૩. વચ્ચે પડવું.

**ઠીંકરામાં ધૂળ પડવી,** ખાધા પીધા પર ધિક્કાર પડવો; બળ્યું એવું ખાધુંપીધું અને બળી એની અક્કલ; ખાધું પીધું ધુડી પડવું વ્યર્થ જવું.

૨. ચાલતું ગુજરાત અટકી પડવું.

"એનાં ઠીકરાંમાં ધૂળ પડી કે પોતાના એકના એક છોકરાને મહા મહા દુઃખ પાડે-છે."

'ઠીંકરામાં ધુળ નાખવી' એટલે ખાધું પીધું ખરાબ કરવું; ઘડપણમાં કલંક્તિ થવું; બદનામ કરવું; મેળવેલી કીર્તિને ઝાંખ લગાડવી; અથવા તેનો બીજો અર્થ ખાણું ખરાબ કરવું; ખાવેપીવે હેરાન કરવું; ચાલતું ગુજરાત અટકાવવું.

**ઠીકરૂં ફૂટવું,** ખાણું ખરાબ થવું; ખાધે પીધે હેરાન થવું.

૨. રોજી તૂટવી; જે વડે ગુજરાન ચાલતું હોય તે બંધ થવું.

**ઠીકરૂં ફોડવું;** કોઇની ઉપજીવિકાનો આધાર જાય એમ કરવું; કોઇના ચાલતા ગુજરાનમાં વિક્ષેપ કરવો

**ઠુંગાપાણી કરવાં,** નાસ્તો કરવો; થોડુંક ખાઈ લેવું. (સવારમાં.) (અફીણી લોકો અફીણ ખાધા પછી જે મિઠાઇ વગેરે ખાયછે તેને ઠુંગાપાણી કહેછે તે ઉપરથી.)

**ઠુઠવો મૂકવો,** રડવું. (પોક મૂકીને)

"આ નથી જોવાતું રે મારા નાથ? એમ કહી વળી ઠુઠવો મૂકયો."

સરસ્વતીચંદ્ર.

**ઠુંઠામાં ઠેલવું,** (ઝાડનું ઠુંઠું જેમ ઝાડના લેખામાં નહિ તેમ.) ન ગણકારવું; વિત્ત વગરનું–માલ વગરનું હોય એમ ગણી કાઢવું; કોઈના તરફ બેદરકારીથી જોવું.

**ઠુમકો આવવો–મારવો,** દોરી તાણવી–ખેંચવી–(કનકવાની.)

**ઠુસ કાઢવી,** થકવવું; કાયર કરવું. (માર મારી કે મહેનત કરાવી.)

Gandhi Heritage Portal

**ઠેકાણું કરવું,** ( વગે બેસાડવું–કરવું એ તેના મૂળ અર્થ ઉપરથી)

ધંધા રોજગારની જગો શોધવી.

૨. મારવા–નુકસાન કરવાનો ઘાટ ઘડવો.

**ઠેકાણું ક્યાં બળ્યું છે ?** બોલવામાં ઢંગ ધડો.–ધડ માથું ન હોય તેવા માણસને માટે વપરાય છે.

૨. ધ્યાન–દરકાર કે કામ કરવામાં જીવ ન હોય તેવાને માટે પણ વપરાય છે.

જેમ–"હું તો તૈયાર છું પણ તારૂં ઠેકાણું ક્યાં બળ્યું છે" એમ રીસમાં બોલાય છે.

**ઠેકાણે આવવું,** રાગમાં આવવું; રીતમાં આવવું; મર્યાદશીલ થવું; પાંશરૂં થવું. (માણસ)

"વનિતા વંઠી જેહ, ઠામ એતો નવ આવે."

શામળભટ્ટ.

૨. થોડું થોડું કબૂલ કરવું.

"તેનો વાંક કબૂલ કરાવવાને માટે આટલો બધો યત્ન કર્યો ત્યારે હમણાં ઠેકાણે આવ્યો." અથવા—

"પછી તે નિરાશ થઈ પોતાના સ્વાર્થ તરફ નજર રાખી આપોઆપ ઠેકાણે આવી જશે."

કરણઘેલો.

**ઠેકાણે કરવું,** જ્યાંનું ત્યાં મૂકવું. ( વેરાતું. )

૨. સંતાડવું–દાટવું. ( નાણું. )

૩. ઉડાવી દેવું. ( પૈસા. )

૪. ઠાર કરવું; મારી નાખવું.

"વિદ્યારામ ની પાસે મોહોરો હતી તે લેઈ લેવાને લક્ષ્મીરામે એને રસ્તામાં ઠેકાણે કર્યો."

બ્રહ્મરાક્ષસ.

"શું તે અભાગિયો જીવે છે ? મેં તો ધાર્યું કે તે તેને ઠેકાણે કરી દીધો હશે."

અરેબિયન નાઈટ્સ.

**ઠેકાણે થવું,** પોત પોતાની જગોએ જતા રહેવું.

૨. ગુમ થઈ જવું; મરી જવું.

**ઠેકાણે પડવું,** મુકામે પહોંચવું.

"અરે આપણે તો ઠેકાણે પડ્યા પણ રાણાજી કોણ જાણે ક્યાંય રખડતા હશે. ?

પ્રતાપનાટક.

૨. રોજગારે લાગવું; ધંધે વળગવું.

"જ્યારે તું ઠેકાણે પડી એ પૈસા લાવતો થઇશ ત્યારે મારી આંખ ઠરશે."

૩. વ્યવસ્થામાં આવવું; પાધરૂં થવું; રાગે પડવું.

૪. ખોવાયલી વસ્તુ જડવી–હાથ લાગવી.

**ઠેકાણે રહેવું,** ફાટી ન જવું; ઘેલા ન બનવું; વિવેકથી રહેવું; રીતસર–મર્યાદામાં રહેવુ.

"તારૂં મગજ ક્યાં ઠેકાણે રહે છે. ?"

**ઠેકાણે રાખવું,** ચોક્કસ રાખવું; સાવધ રાખવું; બેમર્યાદ ન થવું અથવા ન થવા દેવું. ( કાળજું, ચિત્ત; જીવ; મગજ. )

"નિશ્ચે વરશે તમને રામ, ચિત્ત રાખો તમારે ઠામ."

કવિ ગીરધર.

**ઠેકાણે લાવવું,** મર્યાદામાં આણવું; વહી જવા ન દેવું; રીતમાં આણવું.

**ઠેઠ પહોંચાડવું,** ધારેલે ઠેકાણે લઈજવું. નુકસાન કરવાના અર્થમાં વપરાય છે.

"યાદ રાખજે હું તને ઠેઠ પહોંચાડીશ."

**ઠેર ઠેર કુતરાં ભસાવવાં,** ઠેકાણે ઠેકાણે લઢાઈનાં મૂળ રોપવાં અથવા નારદવેડા કરી માંહોમાંહે લઢાઈ ઊભી કરી વેર વહોરવું; ઠેરઠેર લોકોની નિંદા વહોરવી.

૨. ઠેકાણે ઠેકાણેથી પણ થોડા થોડા અનુભવ લેવો. માથું મારવું; છપ્પન

Gandhi Heritage Portal

વખારીની પેઠે જ્યાં ત્યાં ઘુસી જવું; જૂદા જૂદા વિષયમાં મન ઘાલવું.

"નાની નાની રકમ માટે ઠેર ઠેર કુતરાં ભસાવવા જેવું આ કામ નથી. આતો એક મોટી રકમ છે. તેનો હાથ મારવા મૂકવું એ એક પસ્તાવાનું કામ છે."

કૌતુકમાલા.

**ઠેરના ઠેર,** જે સ્થિતિમાં હતા તેને તે સ્થિતિમાં; હતા તેમને તેમ.

**ઠેરી જવી,** કજીઓ કે બોલાચાલી થવા. **જામીગઈ, ઠેરી ગઈ, બની ગઈ,** એમ બોલાય છે.

**ઠેસવે ચઢાવવું,** ધક્કે ચઢાવવું; વાયદા કરવા.

૨. ન લેખવવું; ન ગણકારવું.

૩. ખત્તા—ખડ્ડ ખવડાવવી.

**ઠોકર મારીને** અડચણની સામે થઈને થોડી મહેનતે અને સહેજ વારમાં.

"ઠોકર મારીને પૈસો પૈદા કરૂં એવો છું; તુ મને કેવો ધારેછે?"

"ઠોકર મારીને કામ કરીએ ત્યારે બહાદુરી!"

**ઠોકર વાગવી,** અડચણ ખમવી; ખત્તા ખાવા.

"આ સંસારમાં જેને ઠેકાણે અને જેને પ્રસંગે જેટલી ઠોકરો વાગેલી છે તે બધી બતાવી દેવી એ કામ પ્રત્યેકે કરવું જોઇએ."

સં૦ મા૦

**ઠોકર ખાવી** પણ વપરાય છે.

'ઠોકર વાગે ત્યારે સમજણ' આવે એ કહેવત છે.

**ઠોકી બેસાડવું,** યુક્તિસર ગોઠવી દેવું; બંધ બેસતું આણી મૂકવું; યુક્તિથી ઠેકાણેઆણવું.

"તે જગોએ તેમણે કોઈ નીચ જાતના કુંવરને ઠોકી બેસાડ્યો છે"

ગર્ધવસેન.

**ઠોલિયાવાજું,** મશ્કરી ઠઠ્ઠા કરનાર ઢંગ વગરના માણસોની ટોળી.

## ડ

**ડગલું ઓળખવું,** વલણ જોવું; સ્વભાવ ઓળખવો.

**ડગલું ભરવું,** કંઈ કામ કરવા તત્પર થવું; (સમજીને ડગલું ભરવું.)

"જે કરતાં પરિણામે હાનિ,
તે કારજ ના કરવું જી;
આપણી પહોંચ પ્રમાણે સઘળે,
સમજી ડગલું ભરવું,
શિક્ષા શાણાને."

દયારામ.

"જોશીઓની રજા વિના તે ડગલું ન ભરતો."

**ડંકો કરવો-વગાડવો,** (જે પક્ષ-લડાઈમાં જીતે છે તે પક્ષ તરફથી વિજયનો ડંકો વગાડવામાં આવે છે અથવા જ્યારે નવો રાજા ગાદીએ બેસે છે ત્યારે તેના નામનો ડંકો વગાડવામાં આવે છે તે ઉપરથી લાક્ષણિક અર્થે)

છાપ બેસાડવી; વિખ્યાતિ—નામના મેળવવી; કીર્તિ ફેલાવવી.

"મરવાની અગાઉ ૧૫-૨૦ દહાડા કવિએ જોષી રણછોડને કહ્યું કે અલ્યા છોકરા, મેં તો આખા હિંદુસ્તાનમાં ડંકો કીધો છે, હવે મારે ફરી અવતાર લેવો નથી."

નર્મગદ્ય.

Gandhi Heritage Portal

**ડબ્બો મારવો,** મોટા મોટા કોળીઆથી ઉતાવળે ખાઈ લેવું.

**ડમ્ફાણ હાંકવી,** ખોટી ગપ ચલાવવી–ફેલાવવી.

**ડશ્યે વિખ ના વળે એવું,** ઘણુંજ ખારીલું; ડસીલું. (સાપ જેવું.)

"જહાંપનાહ, એનો વહેમ ખસે એવો નથી, એ તો વખત જતાં ઉલટો વધ્યો છે; તે * * * ડશ્યે વિખ ના વળે એવો થયો છે."

પ્રતાપનાટક.

**ડહાપણ ડાહ્યો,** વગર કારણે જેમાં તેમાં સમજ વિના માથું ઘાલી ડહાપણ ડોળનારને વિષે બોલતાં વપરાય છે.

**ડહાપણ ડોળવું,** પતરાજી કરવી; સમજ વિના માથું ઘાલી આગવું ડહાપણ ચલાવવું; ફુલાશ–બડાઈ કરવી.

**ડાગળી ચસકવી—ખસવી,** ગાંડા બનવું; ઘેલા થવું; મગજ ભમી જવું; ફાટી જવું; બ્હાવરૂં બનવું; ચળી જવુ.

'ભટજીની ડાગળી ખસેલી જોઈ સિદ્ધરાજે કહ્યું કે મારી ચિઠ્ઠી તો નહિ ચાલે પણ હું જુક્તિ બતાવું તે કરે તમારી મનકામના પાર પડશે.'

સધરાજેસંઘ.

**ડાટ વાળવો,** એકદમ ઊંધું વાળી નાખવું; ગમે તે કરી નાખી સત્યાનાશ વાળવું; મોટું નુકસાન કરી મૂકવું; સંહાર કરવો.

"ડાટ વાળ્યો રે ડોશીએ ડાટ વાળ્યો.
વડ સાસુ વેરણ થઈ મારી,
હરખ હૈયાનો ટાળ્યો રે."

ડોશીએ.
મામેરૂં.

"ડહાપણે તો ડાટ વાળ્યો.
ધર્મનો માર્ગ ટાળ્યો"

દયારામ.

**ડાટા કરવા–દેવા,** અપવાસ કરવાને આગલે દિવસે સારી પેઠે ખાઈ લેવું.

"નળ–ડાટા દેવાયો હોય તો, હવે પેલી વાત આગળ ચલાવ.

વિદૂષક–રહો, થાય છે, આટલો લાડૂ ખાઈ લેવા દો."

નળદમયંતી નાટક.

**ડાટી દેવું,** સંતાડવું; ડાબી રાખવું; કોઈના જાણવામાં ન આવે એમ કરવું. છૂપાવવું. (લાક્ષણિક.)

"હવે તે વાત અહીં ને અહીં દાટી દે ભાઈ, નહિ તો તારી વાત તેં જાણી."

**ડાબા જમણી કરવું,** વ્હાલું અળખામણું કરવું.

૨ આંખ આડા કાન કરવા.

**ડાંડે પડવું,** જવું રહેવું; રસ્તો પકડવો; નીકળી જવું; સટકી જવું.

**ડાબા પગનો અંગારો,** ડાબા પગની ધૂળથી મા છોકરાને કપાળે દ્રષ્ટિ બેઠી હોય તે દૂર કરવા નિશાની કરે છે તે.

**ડાબી આંખ ફરકવી,** જ્યારે ડાબી આંખ ફરકે છે ત્યારે પુરૂષો અપશુકન અને સ્ત્રીઓ શુભ શુકન માને છે.

पुंसांदक्षिण नेत्रस्य स्फुरण मिष्ट मुच्यते
नारीणां विपरीतंच बिपरीतं तयोः पुनः॥

"શલ્યસુભટ રણમાં પડયો, દુર્યોધનને પડિ ફાળ; દેહ ધ્રૂજે ફરકે ડાબી આંખડી, હવે આવ્યો કાળ."

કવિ ભાઉ.

"સખિ! આજે મારી ડાબી આંખ ફરકે છે! થોડા સમયમાં પતિ આવ્યા જાણ." સત્યભામાખ્યાન.

**ડાબું મૂકવું,** અળખામણું–અણમાનીતું કરવું. (માનીતો છોકરો જમણા ખોળાપર બેસે અને અણમાનીતો ડાબાપર બેસે એવી જે પરંપરાની રીત કહેવાય છે તે ઉપરથી.)

"પરાપૂર્વથી પ્રભુના છે,
તેતો પ્રભુતણા ગુણ ગાય;



Gandhi Heritage Portal

દયો દુષ્ટને ડાબો મૂકી,
ભજો શ્રી વ્રજરાય–માટે શ્રમ ”

દયારામ.

**ડાબું કરવું**, પણ બોલાય છે.

**ડાબું જમણું કરવું** એટલે વ્હાલું અળખામણું કરવું.

**ડામ દેવા,** મહેણાં મારી સામા માણસનો જીવ બાળવો ! કઠણ વચન કહી સામાનું અંતર બાળવું.

“ ત્રણે ભુવનની અમને તૃષ્ણા, હજારવાર હરામ; વિષયી જનને વેણ હમારાં, દીધા જોણ ડામ. ન્યારો ભાઈ. ”

બોધચિંતામણિ.

૨, નકામું આપી દેવું.

“ આવાજ વક્કરે દીકરા ઝળતા નથી તો; એમ કરે કોઈ ડામ દેવાનું નથી. ”

નવી પ્રજા.

૩. **જીભે ડામ દેવો** જુઓ.

૪. **ટાઢો ડામ દેવો** જુઓ.

૫. **કપાળમાં ડામ** જુઓ.

**ડાહ્યો ડાહ્યો ડોબા જેવો,** મૂર્ખ.

**ડાળું પાંખડું ન જાણવું,** ( ઝાડનું ડાળું કયું અને પાંખડું કયું એ પણ જેની જાણ બહાર છે એવા માણસને માટે વપરાય છે.) આરંભ કયાંથી ને સમાપ્તિ ક્યાં તે કાંઈ ન જાણવું; કેવળ અજ્ઞાનપણાની સ્થિતિમાં હોવું.

“ નિહાળવા આવે કોક, ત્યારે મંત્ર બોલે મોટા, પત્ર ડાંખળું ન જાણે મંત્ર લાગે પેખવા. ”

મિત્રધર્માખ્યાન ( વલ્લભ )

**ડાળે વળગાડવું,** ( જે માણસ ડાળે વળગ્યું હોય તે પોતાની શક્તિ પ્રમાણે ઝાડપરનાં ફળાદિ ખાય તે ઉપર તેની આજીવિકા ચાલે તે ઉપરથી.) ધંધે લગાડી કમાઈ ખાય એમ કરવું. ધંધે રોજગારે લગાડવું; કમાઇને ગુજરાન ચલાવે તેને માટે કંઈ આધારઆપવો.

“ દાદાની ઈચ્છા હરેક રીતે નોકરી પત કરી ડાળે વળગાડવાની હતી એટલે તેનો ઉપાય ચાલે એમ નહોતું. ”

બે બેહેનો.

**ડિંગ ઠોકવી–મારવી,** જુઠી ગપ ચલાવવી.

**ડિંગમારની ચોકી,** ( ડિંગમાર એટલે જૂઠી વાત ઉરાડનાર અને તે ઉપરથી જૂઠી–ખોટી સત્તા ભોગવનાર. ) સત્તા ન છતાં જૂલમ કરવો તે; ખોટી સત્તા.

**ડુંગરો નવડાવવો,** ભીલ લોકોનાં પગનાં તળિયાં જાડાં થઈ જાય અને જોડા પહેરવા પડે નહિ એટલા માટે ડુંગરા સળગાવવાની બાધા રાખે છે તેને ડુંગરો નવરાવ્યો કહે છે. ડુંગરો ટાઢો કરવો પણ બોલાય છે. વળી એ જાતમાં કેટલાક જ્યારે બાળક જન્મે છે ત્યારે તેની ખુશાલીમાં અથવા કુટુંબમાં કોઈ માંદુ પડે છે તેને આરામ થવાની માનતામાં પણ ડુંગર નવડાવવાની બાધા રાખે છે. ( નવડાવવો એટલે અગ્નિવડે સળગાવી મૂકવો. )

**ડુચા કાઢવા,** ઘણી મહેનત કરાવી થકવવું.

“ ગોળા જેવડું પેટ થયું હોય તેઓ આખો દહાડો કામ કરાવી ડુચા કાઢેને તેની જોડે મહેણાં તૂણાંનો પાર નહિ. ”

સાસુવહુની લઢાઈ.

૨. ધમધમાવવું; ધમકાવવું.

૩. (માર મારીને.) હલકું કરવું; અશક્ત કરવું.

બહુવચનમાંજ વપરાય છે.

**ડુંડી પીટવી,** ડુંડી પીટીને લોકોને જણાવવું; ઉઘાડું કરવું; જાહેર કરવું; પ્રસિદ્ધ કરવું.

“ ગેલશું, ખેલશું, રેલશું નગરમાં,
દેશ બાધામાં તે પીટું ડુંડી;
તાહરે મન અલ્યા લંકપતિ છત્રપતિ,
માહરે મન લંકપતિ એક ડુંડી. ”

અંગદવિષ્ટિ.

Gandhi Heritage Portal

**ડુંડું વધવું ( માથે ),** હજામત વધવી; ( હસવામાં. ) માથે બાજરીના ડુંડા જેવી-બહુ હજામત વધી હોય ત્યારે એમ બોલાય છે. **બાજરિયું વધવું** પણ કહેવાય છે.

**ડુબકી ખાઈ જવી**–મારી જવી, (કોઈ પ્રાણી પાણીમાં ડુબકી મારે છે ત્યારે તે બહાર જણાતું નથી એટલે ઉપર દેખાતું બંધ થાય છે તે ઉપરથી.) કામ કરતાં વચમાં જતા રહેવું; નજર ચૂકવી સટકી જવું. (કંટાળો પામવાથી કે માથેથી જોખમ ઉતારી નાખવાના હેતુથી.)

**ડુબકી મારી આવવી,** ( જેમ પાણીમાં કોઈ ડુબકી મારી થોડીવારમાં બહાર આવે છે તેમ. ) જરાવારમાં જઈ પાછું આવવું.

**ડેરા દેવા ( ઉપર ),** મુકામ કરવો;

૨. તદ્રુપ થઈ જવું.

"સંતો દિયારે અગમપર ડેરા."

પ્રાચીન કવિતા.

**ડોક ઊંચી કરવી,** અંધારામાંથી અજવાળામાં આવવું–બહાર પડવું.

૨. ગરીબાઈમાંથી ઊંચી સ્થિતિએ આવવું.

૩. મંદવાડની પથારીમાંથી બેઠા થવું; સારી સ્થિતિએ પહોંચવું.

**ડોક ઊંચી ન કરવી,** હલકાપણાને લીધે અથવા શરમને લીધે દબાઇને–નમીને ચાલવું–વર્તવું.

૨. ઘણાજ કામમાં ગુંથાયાને લીધે આસપાસ શું થાય છે તે ઊંચું માથું કરી ન જોવું.

**ડોકી ભાગવી,** કોઈનું જોર તોડવું. ( બચત નાણાનું કે રકમનું. )

૨. પૂર્ણતા તોડવી.

જેમ–" પાંચસે રૂપિયાની ડોકી ભાગી ત્યારે લગ્ન થયું, ચાર પૈસાને માટે રૂપિયાની ડોકી ભાગવી પડી."

**ડોકું કાપવું,** વિશ્વાસઘાત કરવો.

"જેને પાળીપોષી આટલો મોટો કર્યો તે તું હવે મારૂં જ ડોકું કાપવા ઊભો થયો છું.?"

**ડોકું ઘરવું,** અણીને પ્રસંગે–તકપર વચ્ચે પડી અડચણ નાખવી કે કામ અટકાવવું. (કોઈ માણસે.)

**ડોકું ધૂણાવવું,** હા અગર ના કહેવી ( ડોકું ધૂણાવી. )

**ડોડકાં છોલવાં,** ( બહુવચનમાંજ વપરાય છે.) બિનઆવડતવાળા માણસને માટે બોલવામાં આવે છે; ધંધો રોજગાર ન હોવો.

"શું કરે છે ધૂળ એ, બેઠો બેઠો ડોડકાં છોલે છે."

**ડોબાં ચારવાં,** બિનઆવડતનું રહેવું.

**ડોશી મારવી,** લોટ બાકવો; પોટીસ જેવું ગોતાબાફણું કરવું; લાબશી કરવી. ( મશ્કરીમાં. )

**ડોશીના રેંટીઆ,** ડોશીના રેંટીઆની પેઠે ખખડફખડ ચાલતું ધીમું કામ.

**ડોસલાં બેસવાં,** ( મરી ગયેલાની યાદદાસ્ત દાખલ પારસી મંડળમાં જે સંવત્સરી–વાર્ષિક ક્રિયા–કરે છે તેને ડોસલાં કહે છે. તે ઉપરથી લાક્ષણિક અર્થે. ) નુકસાનીમાં આવી પડવું; પડતી હાલતમાં આવવું.

૨. નાઉમેદ થઈ જવું; હિંમત હારી જવી.

**ડોળ કાઢવા,** ( તુવેર વગેરેને ભરડવાથી જે દાળ પડે છે તેમાં રહેલા જે આખા દાણા તેને ડોળ કહે છે તે ઉપરથી લાક્ષણિક ) અધખોખરૂં કરવું; અધમુઉં કરવું; થકવી દેવું; વિત્ત ઓછું કરવું ( કામ કરાવી કરાવીને ).

૨. ધમકો–ધાસ્તી આપવી.

**ડોળા ઉઘડવા,** ચાનક લાગવી; અક્કલ આવવી; શુદ્ધિ આવવી; આંખ ઉઘડવી; ભાન આવવું.

"ઠોકર ખાધી ને પછડાયો ત્યારે એના

Gandhi Heritage Portal

ડોળા ઉઘડયા; અત્યાર સુધી કોઇનું કહેવું એના મગજમાં ઉતરતું નહોતું."

**ડોળા ઊંચે-ઓચીએ જવા,** કોઈની તરફ નરમ નજરે ન જોતાં પોતાના તોરમાં રહેવું; મગરૂરીમાં રહેવું.

૨. ( આશ્ચર્ય પામતાં. )

"મિસિસ બ્લાકલી કોઈ જાણીતી અને દરજ્જા વાળી સ્ત્રી હશે કેમકે તેણીનું નામ સાંભળતાં મિસિસ સગ્રીનના ડોળા ઊંચે ચઢી ગયા અને તે વખતથી તે મારા તરફ બહુ માનથી જોવા લાગી." જાત મહેનત.

**ડોળા ખેંચાવવા,** વાટ જોવડાવવી.

"ભાદરવો એલી મચાવ્યા વગર ડોળા ખેંચાવી ખેંચાવીને વીત્યો."

સોરઠી સોમનાથ.

**ડોળી આવવી,** કોઈની મરણ રૂપહાનિ કે દ્રવ્ય રૂપ હાનિ થવી; માઠા સમાચાર થવા-આવવા ( માંદા અથવા ઘાયલ માણસને ઉંચકી લઈ જવાની જે માંચી તેને ડોળી કહેછે તે ઉપરથી) 'એને ઘેર ડોળી આવી.'

**ડોળીઓ વળવી,** ડોળીઓ વળવા જેવી દશા થવી; આવી બનવું; મરણ રૂપ કે દ્રવ્ય રૂપ હાની થવી. 'એને ઘેર ડોળીઓ વળી.' 'તારે ઘેર ડોળીઓ વળે' એમ બદદુવા દેતાં પણ બોલેછે.

**ડોળો ચસકવો,** કોઈનું સારૂં દેખી તે લેઈ લેવાની દાનત થવી.

"દ્રવ્યથી દેશના રાજાનું મન ચમકે છે, અને પરદેશના રાજાનો ડોળો ચસકે છે."

સરસ્વતીચંદ્ર.

**ડોળો ફટકી જવો,** મરવાની તૈયારીમાં આવવું.

**ડોળો ફરવો,** છાકટું કે ઘેલું થવું.

**ડોળો ફુટવો,** આંધળા થવું.

૨. ધ્યાન જતું રહેવું; ભાન જવું; શુદ્ધિ જવી.

**ડોળો ફેરવવો,** ગુસ્સાભરી નજરે જોવું; કરડી દ્રષ્ટિથી જોવું.

## ઢ

**ઢગલો થઇ પડવું,** થાકીને લોથ થઇ જવું-પડવું; અશક્ત થઈ જવું.

**ઢગલો વળી જવો,** ઢગલો થઈને અચેતન પડવું; નંખાઈ જવું.

"જેમ-બિચારો ઘેલાભાઈ આરોગમાં સપડાયો અને એક દસ્ત થતાંજ તે ઢગલો વળી ગયો."

બે બહેનો.

**ઢંકાયલી પીઠ,** દાબડ દુબડ નભી રહેલી કીર્તિ.

**ઢંકાયલો હીરો,** પાસા પાડયા વિનાનો. તે ઉપરથી સારા ગુણ હોવા છતાં બહાર નહિ પડેલો; લોકોની નજરે નહિ ચઢેલો; પ્રસિદ્ધિ નહિ પામેલો માણસ.

**ઢંગ ઢાળ-ધડા વગરનો,** (ધડા વગરનું ત્રાજવું ગમે તેમ નમે તે ઉપરથી જેના વિચાર ઘડીમાં ફરી જાય એવા અસ્થિર હોય અને જેના કામકાજમાં કે બોલવાચાલવામાં કાંઇ રીતભાત કે સુઘડતા-ભલિવાર ન હોય તેવાને માટે બોલવામાં આવે છે. ) ઠામ ઠેકાણા વિનાનું; ઉડેલ તબિયતનું; વાદંડી; પ્રમાણ વિનાનું. (માણસ. )

૨. પાયા વગરનું.

"અરે ભાઈ આતે શું? તું આમ ઢંગધડા વગર બોલે છે શું? આવું અવળ ચવળ કયાંથી બોલે છે? અરે તને ભૂત-અલાતો વળગી નથી કે આમ બકે છે?"

અરેબિયનનાઇટ્સ.

**ઢઢ્ઢા—ઢઢ્ઢા જેવો,** ઢ; અક્ષરશૂન્ય; જડસો.

Gandhi Heritage Portal

**ઢંઢેરો પીટવો,** લોકમાં જાહેર કરવું; ખુલ્લું કરી દેવું.

"કેમ-તારે પેલી વાતનો ઢંઢેરો પીટવાનો વિચાર છે? તેમ હોય તો કહી દે."

**ઢળતો કાંટો,** ઢળતી-નમતી દોરી; સ્વતંત્રતા-છૂટ આપવાની સરત.

**ઢળી પડવું,** મરી જવું.

**ઢાંકપિછોડો કરવો,** (પિછોડી નાખી ઢાંકી દેવું તે ઉપરથી.) દોષને ઢાંકી નાખવા તજવીજ કરવી-બહાનું કાઢી દોષ ઉડાવી દેવો; છાવરવું; વાંક-ગુનો ઢાંકવો

"સ્ત્રીના દોષનો ઢાંકપિછોડો કરવાથી અનીતિમાં વધારો થાય છે."

૨. માફીની રાહે હશે એમ કરી ઉડાવી દેવું; માંડી-ભૂસી વાળવું; ઢાંકી નાખવું.

**ઢાંક્યાં ઉઘાડાં જોવાં,** સારાં નરતાં કર્મની ખણખોજ કરવી.

"રૂક્ષ્મણિ-દેવ, એવાં ખોતરણાં કાઢવાની અને કોઇનાં ઢાંક્યાં ઉઘડાં જોવાની મારે કયાં ડાબા હાથની બાધા છે કે તે હું જોવા બેસુ."

સત્યભામાખ્યાન.

**ઢાંક્યું ધીકવું,** અંતરની ગુપ્ત ચિંતાથી બળવું; એવી કોઈ ચિંતા અથવા લાગણી થવી કે જે કોઈને કહી ન શકાય; કોઇને ન જણાવતાં અંતરમાં ને અંતરમાં શોસાયાં કરવું; છાનું કાળજું બાળવું; મનમાં બળ્યાં કરવું.

"હું ઢાંકી ધીકું છું, રાત દિવસ મારા વહાલા, આપના વિયોગે નથી ચેન રે જી-"

દયારામ.

**ઢાલે તરવારે બન્યો,** (બહાર પડવું, ઉઘાડું પડવું, જાહેરમાં આવવું એ તેના મૂળ-અર્થ ઉપરથી) વગોવાયો; લાજ આબરૂ મેલી; વક્કર ખોયો.

**ઢાળણી પડવી,** કાપણી કાપવાનો વખત થવો.

**ઢીલી દાળનો ખાનારો,** કમજોર; પોચું; નબળું; કમતાકાદવાળું.

"ઢીલિ દાળ ખાનારા હિંદુ તણું માંસ નહિ ગમ્યું હશે; માટે મુસલમાન ખોળિયા પણ તું તૃપ્ત ન થઇ કરશે."

પાણીપત.

**ઢીલી દોરી,** રહેમ નજર; મરજી મુજબ કરવાની થોડી છૂટ.

"જ્યાં આપણી સત્તા પરિપૂર્ણ ન હોય ત્યાં ઢીલી દોરી મૂકવાની જરૂર પડે છે; પછી જ્યારે લાગ ફાવે ત્યારે ગમે તે કરીએ."

ગર્ધવસેન.

૨. ઢીલી છાતીનું; કમજોર; પોચું; નબળું.

**ઢીલું મૂકવું,** (લાક્ષણિક) કૃપાદ્રષ્ટિ રાખવી; રહેમનજર રાખવી; જરા છૂટ આપવી.

સોમનાથ.—હા, ખરેખર એમજ થયેલું; ફોજદારનો પણ ભાગ હશે."

રઘનાથ૦-તેથીજ ફોજદાર ઢીલું મૂકે છે તો."

મિથ્યાભિમાન નાટક.

**ઢેકો નમાવવો,** જે માણસથી નીચાં વળી-મન દઈ મહેનત થતી નથી તેને વિષે એમ બોલાય છે કે—

"ભાઇનો ઢેકો તો નમતો નથી. લગાર ઢેકો નમાવીને કામ તો કરો."

જેમાં મહેનત પડે એવા કામના સંબંધમાં જ આમ બોલી શકાય છે.

**ઢેડ ગુજરાતી,** છેક અશુદ્ધ-સંકર-ભ્રષ્ટ એવી ભાષાને વિષે બોલતાં વપરાય છે.

"અમો ખળભળતાં તમે ખળભળાવો,
ગોકુળમાં કેમ રહી શકશો;
વૃંદાવનમાં રાધિકાની સંગે,
અમો વિના આનંદ કેમ કરશો,
દેવા અમચી વારકાં,

Gandhi Heritage Portal

એ દલ હોયલા અપુલ્યા;
ભકત કાં બિસરી ગેલા."

હારમાળા.

આ કવિતા ઢેડ ગુજરાતી કહેવાય.

**ઢેડ ફજેતી,** ઢેડ જેવી નીચ વર્ણની પેઠે ઘડી ઘડી લઢીને ઘડી ઘડી એકઠા થવાથી લોકમાં જે વગોણું થવું તે; સહેજ-સાજમાં ગાળ ભાંડી લઢવું ને પછી ટેક છોડી મળી જવું; ફજેતીના સાધારણ અર્થમાં વપરાય છે.

"પાંચમો કહે, ગધાડે બેસાડી ઢેડ ફજેતી કરશે તો કેવું નીચું જોવાનું થશે!"

વનરાજચાવડો.

"એ તો મહારાજા ચંદ્રગુપ્તની આજ્ઞાથી રાજદ્રોહી ગોરજી જીવસિદ્ધિને ઢેડફજેતી સાથે હદપાર કરે છે."

મુદ્રારાક્ષસ.

**ઢેડીઆ વાજું,** નીચ-હલકી જાતનું ટોળું એ તેના મૂળ અર્થ ઉપરથી લાક્ષણિક અર્થ એવો થાય છે કે નીચ લોકની પેઠે ગાળાગાળી-ધોલ છક્કડ ચલાવતા હોય તેવા લોકની ટોળી.

**ઢેપું કાઢી નાખવું,** ખૂબ ધમકાવવું; ધૂળ કાઢી નાખવી; ખુબ ઝાટકવું; ગભરાવવું; હલકું પાડવું; પત્તર રગડી નાખવી.

૨. માર મારી હલકું કરવું.

**ઢેબરાં બાંધીને,** ખાઈખપુચીને; ખરા ખંત અને ઉત્સાહથી. (ઢેબરાં બાંધીને મંડયો છે.) આ પ્રયોગ ગ્રામ્ય છે પણ વપરાય છે.

**ઢોકળીઉં વેલણ,** રોટલી બનાવવાનું લાકડાનું નાનું વેલણ.

**ઢોંગ ધતુરો કરવો,** (ધતુરો-ધૂર્ત્ત) ઢોંગ કરવા અને ધૂર્તવેડા કરવા; દંભ-કપટ આચરવું; ઠગવાને પ્રપંચ કરવો.

**ઢોચકું ઉરાડવું,** માથું કાપી નાખવું—જૂદું પાડવું.

**ઢોલ વાગવું,** ખરાબ કાર્યથી પ્રખ્યાત થવું.

૨. (પૂર્વ ગૂજરાત તરફ અથવા જ્યાં અનાર્ય લોકોની વસ્તી હોય છે ત્યાં સો સો છાપરાનાં ગામ તે મોટાં ગામ ગણાય છે. અને ગામોનો ઘેરાવો મોટા શહેર જેટલો હોય છે. સો કે બસેં છાપરાનાં ગામ કોઈ કોઈ વાર તો પાંચ પાંચ ને છ છ માઈલ લાંબાં પહોળાં હોય છે તેથી જ્યારે હાજરી આપવી હોય ત્યારે કે ગામ મેળાવો હોય ત્યારે, કે આખું ગામ ભેગું કરવું હોય ત્યારે ગામના પટેલને ત્યાં એક ઢોલ રાખેલું હોય છે તે ઊંચા ટેકરા પર ચઢીને વગાડે છે તેનો અવાજ સાંભળીને ઘેર ઘેરથી માણસો દોડયા આવે છે. તે ઉપરથી) જાહેર થવું.

**ઢોલકી બજાવવી**—વગાડવી, (નાચનારની પછવાડે ઊભા રહી વગાડવી તે ઉપરથી) ખુશામતમાં વખાણ કરવાં; બંને તરફની ઢોલકી વગાડવી; એટલે બંને પક્ષમાં ભળી જવું; ઉભય પક્ષનું મન સચવાય એમ અહીંનું તહીં ને તહીંનું અહીં કહી દેવું; સાચાં જૂઠાં કરી લઢાવી મારવું.

**ઢોલે વાગતું જવું,** (ઢોલ વાજાં વગેરે વાગવાથી જે માણસ ન જાણતું હોય તે પણ જાણે તે ઉપરથી)

જાહેર થતું ચાલવું, ફજેતી જાહેર થવી; ફજેતી ફાળકે ચઢવી—લૂટાવી; વરઘોડે ચઢવું.

"અફસોસ, આળસ તારૂં સત્યાનાશ. અરે આળસથી આદમીઓનું ઢોલે વાગતુ જાય છે ને."

મા. સા. સં.

Gandhi Heritage Portal

**ઢોલ તાંસાં વાગવાં** પણ બોલાય છે.

**ઢોળીપાડવું—નાખવું,** તકરારમાં ઉતારી પાડવું.

૭. જોખમ કોઇને માથે નાખવું; જોખમ કે કોઈ એવીજ નુકસાનકારી વસ્તુ–બાબત બીજાને માથે જાય તેમ કરવું; પોતાને માથેથી કાઢી નાખી બીજાને ગળે ઘાલવું.

૩. હાર ખવડાવવી; નિષ્ફળ કરવું; નાસીપાસ કરવું.

૪. અપમાન કરવું; માનભંગ કરવું.

**ઢોળી મૂકવું,** ( વહેતું મૂકવું. ) ન ગણકારવું; ધ્યાનપર ન લેવું; દરકાર ન કરવી; દૂર ખસેડી દેવું.

" વારિ માટે ત્યજતા વ્હેમ, પત્નીવ્રત મૂક્યાં' ક્ષેમ; ધર્મ કર્મને મૂક્યા ઢોળી, વાળી વૈશ્ય કૃષિકારે ઝોળી.

રસ્યશૃંગાખ્યાન.

# ત

**તગારૂં વધવું,** ખાઈ ખાઇને પેટ વધવું. ( હસવામાં. )

" જમ્યા જમાયું જેટલું,
જદુરામ ભટ નેટ;
વધ્યું તગારૂં દેખીને,
હસતાં દુઃખે પેટ. "

કવિ બુલાખીરામ.

**તગારૂં ભરવું,** આ શબ્દ ઈંચીને ભરેલા પેટને લગાડવામાં આવે છે. ( હસવામાં )

**તડકો છાંયડો વેઠવો,** સંસારનું સુખ દુઃખ ભોગવી રીઢું બનવું; પાકા થવું; ચઢતીપડતી વેઠી કસાવું; અનુભવી બનવું; સુખ દુઃખ અનુભવવું. ( તડકો એ સુખ અને છાંયો એ દુઃખ. )

" તડકાછાંયડો તો સર્વ માણુસને એક વાર આવે છે જ. "

ભામિનીભૂષણ.

" લાખેણાં તો લાડ લડાવ્યાં,
દીઠા ન છાયા તડકા;
બાળ રંડાયે બળિબળિ થાતી,
ભીતરમાં લાગે ભડકા.
તમે એવું શીદ સાંખો,
અરેરે એ ચાલ નાશ કરી નાખો."

વેનચરિત્ર.

**તડાકને ભડાક,** જેમ જે આવ્યું તે તત્કાલ.

**તડાકા મારવા**—હાંકવા, નવરાશની નિશાનીમાં–ફુરસદની વેળાએ આડી તેડી વાતો કરવી.

**તડાકો ચાલવો,** લાભ–પ્રાપ્તિ સારી થવી.

**તડે મંકોડે,** ખૂબ તૈયારીમાં. ૨. તત્પર; અત્યાતુર.

" એતો લઢવાને તડેમંકોડે થઈ રહ્યો છે. "

**તણાઈ જવું,** રોગથી લોહી માંસ સુકાઈ નબળું–કૃષ્ટ થતું જવું; તવાઈ જવું (શરીર. )

૨. કોઈ માનસિક વૃત્તિના પૂર જોસમાં ઘસડાવું. અભિમાન–મિજાજમાં તણાઈ જાય છે એટલે ઘણો અભિમાની કે મિજાજી છે.

૩. ઉડી જવું; જતું રહેવું; નિષ્ફળ થવું. 'હસવામાં તણાઇ જાય છે.'

૪. ઘણો ખર્ચ કરી દુર્દશામાં આવવું. ( લાક્ષણિક )

**તણાઈ મરવું,** બીજાના વાદે પોતે નુકસાનના ખાડામાં ઉતરવું.

" પૈસાદારની જાનમાં આખું ગામ આવવા તૈયાર થાય અને તેથી કન્યાના બાપને તણાઈ મરવું પડે. "

બે બહેનો.

Gandhi Heritage Portal

**તતુડું ફૂંકવું,** તતુડું ફૂંકી ઢંઢેરો પીટવો; લોકમાં જાહેર કરવું.

૨. દેવાળું કાઢવું.

**તથાસ્વરૂપ,** થાય અથવા ન થાય એવું દર્શાવે છે. અનિશ્ચિત; ઢચુપચુ–નક્કી નહિ તે.

'મારે ગામ જવાનું તથાસ્વરૂપ છે.'

**તંત તાણવો—બાંધવો** વાદ કરવો. (પ્રાચીન કવિતામાં.)

**તંતુ કામે લગાડવા,** આ કામ કરવામાં મેં મારા સઘળા તંતુઓ કામે લગાડયા એટલે તેમાં મેં મારાથી બને તેટલો પ્રયાસ કર્યો, મારાથી જેટલું થયું તેટલું કર્યું, કાંઇ મણા ન રાખી.

**તનખા મારવા,** રીસનાં વેણ ઉચ્ચારવાં; છણકા કરીને બોલવું. (લાક્ષણિક)

"કહીએ છીએ તે કરતા નથી અને જ્યારે હોય ત્યારે તનખા માર્યા કરોછો?"

**તન્નમ્ તન્ના,** (ગાનતાનમાં ગુલતાન તે ઉપરથી લાક્ષણિક અર્થે) મોજ શોખ; સુખ ચેન; રંગરાગ.

**તપ કરવું,** (લાક્ષણિક.) મૂગે મોઢે હાલ્યા ચાલ્યા સિવાયની સ્થિતિમાં રહેવું; સ્થિરતાથી ચૂપ રહેવું.

૨. કોઈ અમુક બાબતમાં ધ્યાન રાખ્યાં કરવું. કોઈ નિશ્ચય વિષયનુંજ ધ્યાન ધરવું; એકની એક વાત ચલાવ્યાં કરવી.

"તું તો એવું ને એવું તપ કર્યા કરે છે."

**તંબોળ છાંટવો,** લગ્નમાં વરવહુએ એક બીજાનાં પાનેતર ઉપર પાનની પીચકારી મારવી. (નાગર વગેરે કેટલીક જ્ઞાતોમાં.)

**તંબોળ વહેંચવો,** લગ્ન, જનોઈ વગેરેમાં રન્નાદેવ ઉઠે છે તે દહાડે માતા ખુંદનારી સ્ત્રીઓને ખારેક, પતાસાં, પૈસા વગેરે આપવું. (એ એક ચાલતી રીત છે.)

**તમાચો મારી મોં રાતું રાખવું,** જૂઠા ભપકાથી પૈસાદાર દેખાવું; બહાર લોકોમાં ઉઘાડું ન પડે તેમ બાપદાદાની લાજ દુઃખ વેઠીને પણ જાળવી રાખવી.

"નરભેરામે કાનમાં કરેલી વાતથી તેનું અંતઃકરણ નબળું પડ્યું હતું પણ પ્રસંગ સાચવવા તમાચો મારી ગાલ રાતો રાખવા પ્રયત્ન કરી જાણેલી વાત ઢાંકી રાણા સાથે દમભેર વાત કરી હતી."

સરસ્વતીચંદ્ર.

"હવે પસ્તાવો પામતાં છતાં તમાચો મારી મોં લાલ રાખવા જાય છે તો તે મારાથી કાંઈ અજાણ્યું નથી."

મણિ અને મોહન.

**તરણાં ચુંથવાં,** તરણાં ચુંથવાં જેવો વ્યર્થ પ્રયાસ કરવો; મુખ્ય મુદ્દાની વાત મૂકીને નજીવી વાતમાં માથું ઘાલી મહેનત કર્યા કરવી.

**તરણાને તોલે, તણખલાને તોલ** પણ વપરાય છે. તરણા જેવું હલકું; ભાર વકર ઘટી ગયો હોય તેવું; લેખામાં નહિ એવું; તણખલાની કિંમતનું; નમાલું; ગણતરી વિનાનું.

"તને ન ગણે તણુખલા તોલે, એવાં વચન રૂપિરાજ બોલે

સત્યભામારૂષણું.

લોકો સર્વ ધણીઆતીનો પક્ષ કરીને બોલે જેને માથે ધણી નહિ તે નારી તરણા તોલે."

વેનચરિત્ર.

"નારદ સત્યભામામંદિર ગયા, માંડી સર્વ સમાચાર કહ્યા; તમને ન ગણે તણખલા તોલે, એવાં વચન રૂપિરાજ બોલે."

સત્યભામાનું રૂપણું.

**તરણાનો મેરૂ કરવો,** રંકનો રાજા બનાવી દેવો; નીચનું ઊંચ કરી દેવું. (તણખલાનો.

Gandhi Heritage Portal

મોટો મેરૂ પર્વત બનાવવો તે ઉપરથી લાક્ષણિક—મેરૂ પર્વત એ સપ્ત ખંડની મધ્યે છે. એની ઊંચાઈ ચોરાશી હજાર જોજન છે જેમાંના સોળ હજાર જોજન તો જમીનની સપાટી નીચે છે. મેરૂના શિખર ઉપર બ્રહ્માદિ દેવ, રૂષિ ને ગંધર્વો રહે છે. એ મેરૂ પર્વત સુવર્ણ ને મણિથી ભરેલો છે.)

"તરણાનો મેરૂ ઈશ્વર કરે, અહંકાર શા આણવા."

કવિ. સામળભટ્ટ.

"સેવક જન ઉગારી લીધો, તરણા તણો ત્યાં મેરૂ કીધો."

૨. (લાક્ષણિક.) અતિશયોક્તિ કરવી; વધારી વધારીને લાંબું કરવું; જુજ બાબતને મોટું રૂપ આપી કહેવું.

"પનઘટ ઉપર વાત થતાં બૈરાંએ તરણાનો મેરૂ બનાવી દીધો. અને એક કાનથી બીજે, બીજેથી ત્રીજે એમ બબે અક્ષર વધતી ને વધતી વાત આખા ઈડરમાં પ્રસરી રહી."

ગુ. જૂની વા ા.

**તરવારની ધારપર રહેવું,** તરવારની ધારપર રહેવું ઘણું જોખમ ભરેલું છે અને તેથી એવી વખતે ઘણી સંભાળ અને ખબડદારી રાખવાની જરૂર પડે છે તે ઉપરથી લાક્ષણિક અર્થે ઘણીજ સંભાળથી રહેવું; સખત અમલ નીચે રહેવું; ઘણા જોખમમાં રહેવું.

"આ પતિનો સ્વભાવ વેઠવો એ તરવારની ધારપર ચાલવા જેવું હતું."

સરસ્વતીચંદ્ર.

"છોકરાંની માને તો તરવારની ધારપર રહેવાનું."

ભામિનીભૂષણ.

"મારે તરવારની ધારપર ચાલવું પડતું; મારૂં આવરદા કાચા સુતરે લટકાયેલું હતું."

કરણઘેલો.

તરવારની ધાર જેવું એટલે તીવ્ર; પ્રવેશ ન થઈ શકે એવું;

**તરાપો ડુબવો,** આ સંસારસાગરમાં દેહરૂપ તરાપો ડુબી જઈ ધૂળધાણી થઈ જવો; આ ભવસાગર તરવાનું સાધન ગૂમ થઈ જવું; જેના આધારથી બધો વ્યવહાર ચાલતો હોય તે ટળી જવો; કોઈ જુવાન પુરૂષ મરી જાય અને તેની પછવાડે કોઈ ન હોય ત્યારે તેની સ્રીને વિષે બોલતાં એમ વપરાય છે. કે તેનો તો તરાપો ડૂબી ગયો.

**તરી પાર ઉતરવું,** સંસારની મોજમઝા માણી લેવી; સંસારનો લ્હાવો લઈ ઘરડા થવું. (સંસારરૂપી સાગર.) સંસારનું જોખમ ખેડી છેલ્લી દશાએ પહોંચવું.

"વિવાહ સંબંધી શું કહેવાનું છે? મારાં તો બધાં છોકરાં સંથાઈ ગયાં છે, નાના દીકાનો વિવાહ થઈ ચૂકયો છે, એટલે હવે હું તો તરી પાર ઉતરી છું."

બે બહેનો.

**તરી ઉતરવું** પણ બોલાય છે.

**તરી પાર કરવું,** તરીને અથવા હોડીમાં બેસીને પેલી પાર જવું.

૨. ગુન્હેગારને વહાણમાં બેસાડી બીજે દેશ મોકલી દેવો; દેશનિકાલ કરવું.

**તરીલાં તાણવાં,** (કોશ ખેંચવાને લગાડેલા બળદને ખાંધે ઘાલવામાં આવે છે તેને તરીલાં કહે છે. એ તરીલાંનો ભાર આખો દહાડો બળદ વહ્યાં કરે છે તે ઉપરથી લાક્ષણિક અર્થે) ઘર સંસારનો બોજો વહ્યાં કરવો.

"જીવની વાત કોઈ નવ જાણે, આપાપણું અનુમાન માણે, મરતાં સુધી તરીલાં તાણે ગરડ ગફ ગયા, પહોંચ્યાના પરમાણાં કોઇએ ન મોકલ્યાં."

ધીરોભક્ત.

**તલપાપડ થઈ રહેવું,** (પાપડ શેકાય છે ત્યારે જેમ ઝડપથી ઉડે છે ને ફુટે છે તેમ—તે-



Gandhi Heritage Portal

વા જોસ્સાવાળું થવું; અધીરાં બનવું; આતુર થઈ રહેવું; તાલાવેલી થવી; તલસવું.

"જીવ તલપાપડ થઇ રહ્યા છે."

"પોતાના મનનો ઉભરો ઝુબેદી ઉપર ન કઢાય પણ **પેલીઘાની** ઉપર કાઢવાને તે તલપાપડ થઇ રહ્યો."

અરેબિયનનાઈટ્સ.

"આખી રજની રડતાં વીતી,
કંથ વિના કેમ રહિયેરે,"
તલપાપડ થઈ રજની ગાળી,
એવું થયે નહિ સહિયેરે,

નૃસિંહ મહેતા.

"તેનું એવું આચરણ અવલ સાસુજીથી સહન થઈ શકયું નહિ. તેનું અદેખું હૃદય અંદરનું અંદર બળીને તલપાપડ થઈ ગયું."

સદ્ગુણી વહુ.

**તળાવ જવું,** (ગામડાના લોક તળાવ ઉપર ઝાડે ફરવા બેસે છે તે ઉપરથી.) ઝાડે ફરવા જવું; દિશાએ જવું.

**તળિયા ઝાટક,** છેક તળેના ભાગ સુધી જાણે સાવરણી ફેરવી હોય એમ અથવા જડમૂળથી ઉખેડી નાખ્યું હોય એવો કોઈ વસ્તુનો નાશ—એવી દશા; મોટી આફત; નુકસાન; ભાગી–તૂટી ગયેલી હાલત. સમૂળો નાશ; ખડિયા ખડખ્ખડ. આ પ્રયોગ વિશેષણ તરીકે વપરાય છે.

"મંદ મંદ વાયુ આવીને સઘળી સૃષ્ટિને સુખ આપે છે તે તથા વંટોળીઓ અને તોફાની વા ઝાડ તથા ઘરને તળિયા ઝાટક કરે છે તે પરમેશ્વર છે એમ કહી સંભળાવે છે."

કરણઘેલો.

**તળિયારૂં ટાઢું હોવું**–થવું, (તળિયારૂં–પેટ–હસવામાં) ગાંઠે ગરથ થવો–હોવો; અંદરખાનેથી ભરપૂર હોવું; નિરાંત હોવી; થમણી બહુ હોવી.

૨. સંતોષ થવો; તૃપ્તિ થવી–હોવી.

"મળ્યાં સુખે ભોજનને સંતતિ, તરણિ રહ્યો નહિ તાપ; તળિયારૂં ટાઢું છે તારૂં, શા વળતી સંતાપ."

વેનચરિત્ર.

**તળિયું ઝાડવું,** (પુંજો વાળવો તે ઉપરથી) સાફ કરી નાખવું; સફા કેરવું; ઉડાવી દેવું; તળિયા ઝાટક કરવું; ખુટાડી દેવું; ખાલી ખમ કરવું.

૨. ખુબ ધમકાવવું; ઠોક દઈ હલકું પાડવું.

**તળે ઉપર થઈ રહેવું,** (વિલંબ થવાથી કે બીજા કોઇ કારણથી) આતુર થવું. તાલાવેલી થવી; તલસી રહેવું; અધીરા થવું; એક પગે થઇ રહેવું; જોસ્સાવાળું થવું.

"આપ જે કાર્યને માટે એટલા તળે ઉપર થઈ રહ્યા છો તે મને આપ જણાવશો તો ઠીક પડશે."

અ. ના. ભા. ૧ લો.

**તાંતણે પ્રાણ વળગી રહેવો,** નાશ પામવાની–મરી જવાની તૈયારી પર આવી રહેવું;

૨. ખવાઈ જવું; ખરખરી જવું; જર્જરી જવું.

૩. જીવ ઉંચો રહેવો; ઘણુંજ આતુર રહેવું; અધીરા થવું; ઘણું ચહાવું.

**તાંબાનો રૂપિયો,** એ રૂપિયો વ્યવહારમાં જેમ સાચો ઠરતો નથી તેમ જે માણસનું જીવન આ સંસારમાં ઝાઝું ટકવાનું ન હોય એવા મરણપથારીએ પડેલા માણસને વિષે બોલતાં વપરાય છે. (ખોટા રૂપિયા જેવું નકામું.)

"હવે એટલું કહોને કે આખરે રૂપાનો રૂપૈયો છે કે તાંબાનો?"

Gandhi Heritage Portal

વૈદ્ય—ખરેખરૂં કહેતાં તો મારી જીભ કેમ ઉપડે ?"

મિથ્યાભિમાન નાટક.

**તાક્યું તીર લાગવું,** (જે શિકારપર નિશાન તાક્યું હોય તે શિકાર પડે ત્યારે શિકારીનું તાક્યું તીર લાગ્યું એમ કહેવાય છે. તે ઉપ-રથી કોઇ કામ કે વિચારની સિદ્ધિ દર્શાવતાં એ વપરાય છે.

ધારેલો વિચાર પાર પડવો; ધાર્યું. કામ થવું; મહેનત બર આવવી.

" ચંદાગવરીએ ફકીરની કીર્તિ બહુ સાંભળી હતી; ઘણાને મોઢે એણે સાંભળ્યું હતું કે એનું તીર તાક્યું લાગે છે. જેની કોઈને આશા નહિ તેવી એક સ્ત્રીને શ્રીમંત આણી આપ્યું."

સાસુવહુની લડાઈ.

**તાગડધિન્ના** (**तृकट्ट धिन्ना**—તરધાંનું મ્હોરૂં. તે ઉપરથી લાક્ષણિક.) મોજ મઝા—ગાનતાનમાં મશગુલ રહેવું તે; રંગરાગ.

**તાગડે તેવડ રાખવી,** ( તાગડો એટલે તાંતણો. ) જોઈવિચારીને ખર્ચ કરવો.

**તાડનો ત્રીજો ભાગ,** ઘણા ઊંચા-ટંડેલ માણસને માટે એમ બોલાય છે.

**તાણી કાઢેલું,** ઘણુંજ પાતળું ( છોકરૂં—માણસ ) લાક્ષણિક.

**તાણીને લાંબું કરવું,** વાત ચુંથવી; ટૂંકું કરી પતવી દેવાને બદલે વધારી વધારીને મોટું રૂપ કરવું.

**તાણી બેસાડવું,** આડુંઅવળું જેમ તેમ કરી જુકતેજુકતું આણવું; ઠેકાણાસર આણવું—લાવી મૂકવું; યુક્તિથી બંધ બેસતું આણવું.

**તાતે ઘાએ,** (ખીલો કે એવી જ કોઈ લોઢાની વસ્તુ ગરમ કર્યા પછી ઘા મારીએ તો તેને જેમ વાળીએ તેમ વળી શકે છે પણ ઠંડી પડયા પછી ઘા મારવાથી વળી શકતી નથી તે ઉપરથી.) ઉતાવળમાં; એકદમ; એક સપાટે; તરતજ.

" તાતે ઘાએ કાંઈ કામ બને. ?"

**તાન મારવી—લેવી,** ગળામાંથી સુર કાઢી બતાવવા.

" શું ગાન કરવાથી આપનું મન પ્રસન્ન થશે ? તો અહીં ક્યાં શીખવા જવું પડે એમ છે ! (મિત્ર, તાન મારૂં કે એમ ને એમ ગાઉં ?"

તપત્યાખ્યાન.

**તાન લાગવી,** કોઈ વિષયમાં મશગુલ રહેવું; કોઈ બાબતમાં નિમગ્ન રહેવું; ધ્યાન લાગ્યું રહેવું.

**તાનમાં આવવું,** લહેરમાં—મસ્તીમાં આવવું.

**તાનસેનને ટક્કર મારે તેવું,** તાનસેન જે ઉત્તમ ગવૈયો તેને પણ હઠાવે એવું; ગાવામાં ઘણોજ સરસ.

**તાપી કુવો કરવો,** ( સુરત તરફ. )

" તાપી નદીમાં કે કુવાંમાં પડી આપઘાત કરવો. **કુવો તળાવ કરવો** પણ વપરાય છે.

" દુઃખની મારી કદાપિ તે જો તાપી કુવો કરશેરે; લોકોમાં હત્ભાગી તેતો આતમઘાતી ઠરશે—સુણો."

વેનચરિત્ર.

**તારૂં તે શેનું માથું છે ?,** ( મતલબ કે લોઢાનું છે, પથ્થરનું છે કે વજ્રનું છે ? માણસનું હોય ત્યારે તો દુખ્યા વગર ન રહે એવો ભાવ સમાયેલો છે. )

બોલતાં ન થાકે એવા માણસને વિષે બોલતાં વપરાય છે.

**તારો અસ્ત થવો,** ( તારો—સીતારો) પડતી દશા આવવી; પડતી થવી; દહાડા વાંકા થવા.

" તું દરબારમાં હમણાં જ જા અને દુષ્ટરાયના સામે તું ફરિયાદ કર—તેનો તારો અ-

Gandhi Heritage Portal

સ્ત થવા બેઠોછે માટે તુ કહીશ તે માનશે"
સરસ્વતીચંદ્ર.

**તાળવે ગોળ ચોંટાડવો,** મીઠું મીઠું બોલી મોટી આશાઓ આપવી.

"માત્ર યુક્તિથી હલકા જનો કનેથી તાળવે ગોળ ચોંટાડી માહિતી મેળવી લેવી જોઇએ."

મણિ અને મોહન.

**તાળાં દેવાવાં,** ઉછેદિયું થવું; કોઈ પાછળ વાપરનાર ન હોવું; ન સંતાન જવું.

"પુત્ર વગર ઘરને તાળાં દેવાશે અને ઘરનો નિર્વંશ થશે એ વિચારથી તેને ભારે દિલગીરી થતી."

ગર્ધવસેન.

**તાળી પાડવી,** (હર્ષનાદ કરવો.)

૨. (લાક્ષણિક.) તાળી પાડી લોકોમાં ફજેતી કરવી.

"મોઢે કોયલા ને દિવેલ ચોપડી ગધેડે બેસાડશે તો કેવા નઠારા દેખાઈશું! લોકો હસશે ને તાળીઓ પાડશે ને ધિક્કારશે."

વનરાજ ચાવડો

"ગયા દ્વારિકાં સુદામા રૂષિ,
દેખી વેષ થયા બાળ ખુશી;
ફેંકે કાંકરા ને દાંત કાઢે,
વળિ પાછળ તાળિયો પાડે."

સુદામાખ્યાન.

"હસે લોક રૂપે લીહવાળી,
પૂઠે છોકરા પાડે તાળી."

સુદામાચરિત્ર.

**તાળું દેવાવું,** શરમથી અથવા ઠપકાની ધાસ્તીથી અથવા થયેલી ફજેતીથી મોઢું બંધ થવું.

"હવે તેને મોઢે તાળું દેવાયું છે."

'બૈરાંને મોઢે તાળું છે.' એટલે બૈરાંનું મોઢું શરમને લીધે ઉઘડતું નથી.

૨. સરકારની જપ્તી આવવી.

૩. **એને ઘેર તાળાં દેવાયાં** એટલે તેનું સત્યાનાશ—ન સંતાન ગયું, વંશની સમાપ્તિ થઈ.

"દુકાને દેવાશે તાળું,
આપણુ બેતું ફૂંકાશે દેવાળું."

નરસિંહજીની હુંડી.

"હવે પૂર્વના રંગ તે ક્યાંહ ભાળું.
યશસ્વી તણે દ્વાર દેવાયું તાળું."

નર્મકવિતા.

"નથી નથી સમ ખાવે,
રે હવે કોઈ વ્હાલું.
પ્રિય પતિ સુત ભવે,
ઘેર દેવાયું તાળું."

નર્મકવિતા.

"તારા નશીબે તાળું દેવાયું." એટલે તારૂં ભાગ્ય ફરી વળ્યું; પડતી બેઠી; આવી બન્યું.

**તિન પાંચ કરવી,** પતરાજી કરવી; શેખાઈ કરવી.

"રાંડ આવશે ને તિન પાંચ કરવા જશો તો આપણે ક્યાં કાચા છિયે! ફિકર શી છે.?"

વિદ્યાવિલાસ.

"હવે પછી તે વધારે તિન પાંચ કરશો ખરા? શું તેને મારો કશો પણ ભય ઉપજતો નહિ હોય?"

મણિ અને મોહન.

**તિસમારખાં,** (વિશેષ નામ ઉપરથી.) શુરાતનનો ઢોંગ કરનાર—બહાદુરી બતાવનાર તમોગુણી માણસ.

૨. બડાઈ હાંકનાર.

**તીખું મરી,** તીખાં મરીના જેવા ગરમ મિજાજ—સ્વભાવનું.

"અમારો અનિરૂદ્ધ તીખો મરી,
તે તો સ્વપ્નામાં ગયો વરી."

ઓખાહરણ.

Gandhi Heritage Portal

**તીતીઘોડો,** હરેક કામમાં ઉતાવળ કરનાર માણસ.

**તુમડાં ચાળવવાં**-અથડાવવાં, (તુમડાં=માથાંનાં તાલકાં) એ પક્ષને લડાવી મારવા; ખટપટ કરી લડાવી મારવું; લડાઈ ઊભી કરવી; ઝપ્પાઝપ્પી થાય એમ કરવું.

**તુમડાં ફોડવાં,** નુકસાન કરવું; વિત્ત વગરનું કરવું; નિરાધાર કરવું.

'મારા પિતાનાં તુમડાં તો તુંજ ફોડનાર છે!'

**તુમડી રહી જવી,**-(માથાની), તાલકું ઘસાઈ રીઢું-ખરૂં થવું.

(માથે ભાર ઊંચકી ઊંચકીને.)

"ભાઈ શાકપાનના ટોપલા માથે મૂકી ખરે બપોરે ગામડે જઈ જઈને તુમડી રહી ગઈ છે. મારા દુઃખમાં કંઈ મણા નહોતી. હવે ઈશ્વરે કાંઈક સામું જોયું છે."

**તુમડીમાં કાંકરા,** સમજણ ન પડે તેવું જે કાંઈ તે.

**તુમડું રંગી નાખવું,** માથામાં મારી લોહી કાઢવું.

૨. ઘણીજ નુકસાનીમાં આણી મેલવું.

**તુમડે તરવું,** (પોતાને.) આપબળથીજ સંસાર સાગરમાં આગળ ધપવું.

"જે માણસ પોતાના પંડ ઉપરજ એત્તેકાદ રાખે છે અને જેણે મન મારતાં જાણ્યું છે તે પોતાને તુમડે જ તરવાનો, આપ રળેલુંજે ખાશે અને તે ખરી રીતે ચાકરી કરીને ભાખરી મેળવશે."

જાતમહેનત.

**તેત્રીસમું જાગવું,** કાંઈ અવનવું થવું; કાંઈ અણધાર્યું (અડચણ-આપ્તવગેરે) આવી પડવું.

**તેરી મેરી કરવી,** હુંકારા ટુંકારા કરવા.

**તેલ કાઢવું,** પીલવું; કનડવું; ઘણીજ મહેનત કરાવી થકવવું; સત્વ કાઢવું; વિત્ત ઓછું કરવું; (જુલમી કામ કરાવી) અપુશ કાઢવી; નરમ કરી નાખવું; હંફાવવું. (લાક્ષણિક.)

"કામ કરાવી કરાવી મારૂં તેલ કાઢયું."

"ગુજરાતને વશ કરવાનું કામ ભૂવડને વિકટ માલમ પડયું; કેટલાક શૂરા ને બુદ્ધિમાન્ ગઢવીઓએ તેનું તેલ કાઢયું."

વનરાજ ચાવડો.

**તેલ ઘાલવું,** (માથે.) કોઈ સગાંના મરણનો શોક હોય છે ત્યારે બૈરાં માથે તેલ ઘાલવાનું બંધ રાખે છે તે ઉતારવાની નિશાનીમાં પાછું ઘાલવું શરૂ કરે છે તે ઉપરથી લાક્ષણિક અર્થે શોક ઉતારવો.

**તેલ નીકળવું,** (લાક્ષણિક.) તલની પેઠે ખૂબ પીલાવું; ડોળ નીકળી જવા; અતિશય કામ કરી થાકી જવું; રગડામણ થવી.

"હુકમ કરે બહુ તાબડતોબ,
રાખીને રાણીનો રોપ;
સેવક જનનું નીકળે તેલ,
કહેલું રહેલ કરવું મુશ્કેલ"

વિજયવાણી.

**તેલ પૂરવું;** બે કનકવાના જ્યારે પેચ થયા હોય છે ત્યારે ત્રીજાએ તેમાં પોતાનો કનકવો નાખી પેચ કરવા. લંગરિયામાં પણ **તેલ પૂરવું** કહેવાય છે.

**તેલ રેડાવું,** (કાળજામાં.) જાણે કાળજામાં તેલ રેડયું હોય એવી સ્થિતિ થવી; અકસ્માત્ અણચિંતવી ચિંતા-ફિકર થઈ ઉઠવી; કાળજામાં ચરેડો પડવો; ચીચરવટો પેદા થવો; કાળજું બળવું.

૨. (પેટમાં.) ધાસ્તી ઉપજવી; ધ્રાસકો પડવો; જોરસાથી અકળાવું; ધાસ્તીથી ચોંકી ઉઠવું.

૩. અદેખાઈ થવી; સામાનું સારૂં થવાથી દિલમાં હિજરાવું.

**તેલપળી કરવી,** જેમ તેમ કરીને ગુજરાન

Gandhi Heritage Portal

ચલાવવું; આછું પાતળું જે ખાવાનું મળે તેથી સંતોષ ધરવો.

"તેલપળી કરીને પેક ભરનારને ઘેર પુરૂં પાધરૂં પેટ પણ નહિ ભરાય ને મહેનત મજૂરી કરીને માથાનું તાલકું પણ ઘસાઈ જશે."

કુંવારી કન્યા.

**તેલમાં માખ બૂડવી,** તેલમાં બૂડેલી માખની પેઠે ગાત્ર શિથિલ થઈ જવાં. ઢીલું પડી જવું; નીચું જોઈ ભોંય ખોતરવી.

"હું હારી હવે રે,
ન બાકી કંઈ;
થાકી પડી માખી તેલે રે."

નર્મ કવિતા.

**તેલીઆ રાજા,** તેલમાં જોઇને ગુજરેલી વાત કહેનારો; તેલથી નહાનારો જાચક–માગણ.

**તેડીઓ ગવાર,** મૂર્ખ; જડસો; ઠેકાણે નઆવે એવો.

**તોપ છોડવી,** ગપ મુકવી;

૨. વા છોડવો. (લાક્ષણિક.)

**તોપ મારવી,** ડફાંસ હાંકવી; ગપ ઠોકવી; ખરો ખોટો હાજર જવાબ દઈ દેવો.

"છોકરાના હાથમાં વિદ્યાની રેખા હોય પણ છોકરીઓના હાથમાં તે હોતી નથી એ તો જોશીબાવાએ એક નકામી ને ઉટંગ તોપજ મારી હતી."

એ બહેનો.

**તોબરો ચઢવો,** ઘોડાને તોબરો ચઢાવવામાં આવે છે ત્યારે તેનું મોં જેમ ફુલેલું જણાયછે તેમ જેનું મોઢું રીસમાં ફુલેલું જણાય તેને વિષે બોલતાં એ વપરાય છે; દાચરો ચઢવો; રીસમાં મોઢું ચઢવું; નાખુશ થવું; ગુસ્સે થવું. (ઇચ્છા ઉપરાંત કે જાણી જોઇને.)

"ધન વિના ઘરેણાં તે શેનાં, નારીને તો જોઇએ છે ઘરેણાં. કહું ના તો ઝટ તોબરો ચઢે, માટે થશે થશે કહું મોઢે."

"રાધાવહુનો રંગ જોઈ અવલસાસુ કપાળની કરચલી વાળી ગાલ ફુલાવી તોબરો ચઢાવી ચમત્કારિક થઈ રહ્યાં હતાં."

સદ્‌ગુણી વહુ.

**તોબરા જેવું મોઢું** એટલે ચઢેલું–રીસાયેલું મોં.

"જીવણરામ એક દહાડો નિશાળેથી આવ્યો તેવોજ એક ખૂણે પોતાનું દફતર ફેંકી તોબરા જેવું મોં કરી બડબડતો બેઠો."

વાંચનમાળા.

**તોરણે આવવું,** છેક નજીકમાં આવી પહોંચવું; લગોલગ આવવું. (લાક્ષણિક) વર **તોરણે આવ્યો** એટલે ચોરી આગળ આવ્યો.

**તોલડી તનનન કરેછે,** (તનનન=આનંદ એ ઉપરથી વાંકામાં) ખાવાનું ખૂટયું હોય ત્યારે કે ગરીબાઈ દર્શાવતાં પણ વપરાય છે.

**તોલાં જોખવાં,** (પલ્લું જેમ ભારથી નીચું નમે છે તેમ નિદ્રાના ભારથી માથું નીચું થવું.) ઊંઘમાં ડોલાં ખાવાં.

**ત્રણ ટકાનું,** હલકું; લેખામાં નહિ એવું; પાજી; કંઈ હિસાબ વિનાનું. તેથી ઉલટું **લાખ ટકાનું** એટલે પ્રમાણિક ને ભલું. (ત્રણ–આ સંખ્યા એ પ્રાચીન કાળની ધર્મની ગૂઢ સંખ્યા મનાયછે. બ્રહ્મા, વિષ્ણુ અને શિવ એ ત્રણની ત્રિપુટી ગણાયછે; જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાતા; ધ્યાન, ધ્યેય અને ધ્યાતા; કર્ત્તા, કર્મ અને ક્રિયાપદ, વગેરે અનેક જાતની ત્રિપુટી ગણાય છે; વન્હિ પણ ત્રણ પ્રકારના લખ્યા છે; વળી રજો, તમો અને સત્વ એ ત્રિગુણ કહેવાય છે; અહીં આગળ ત્રણનો અર્થ આવા પ્રકારતો નથી. પરંતુ

Gandhi Heritage Portal

તેનો અર્થ કેટલાક–થોડાક એવો થાયછે. તે ઉપરથી )

**ત્રણ પાયા,** ઠામઠેકાણા–ઢંગધડા વિનાનું; સમજણ રહિત. "શી ગાંડી વાત કરો છો મારા ભાઈ? આ તે ત્રણ પાયા તમે દેખાઓછો કે શું?

ભામિનીભૂષણ.

**ત્રણ બદામનું,** હલકું; તુચ્છ; કિંમત વિનાનું; ગણતરી વિનાનું.

"નોકરી તો છોડવી નહિ. નોકરી છોડયે તેઓ ત્રણ બદામના લોકોમાં ગણાય."

નવીપ્રજા.

**ત્રાજવું ભારે થવું,** ગર્વિષ્ટ થવું.

૨. માર ખાવાની નિશાની થવી અથવા એવા ગુણ ધારણ કરવા; માર મારી હલકું કરવાની જરૂર પડે એવા માણસને વિષે બોલતાં વપરાય છે.

**ત્રાજવું ઊંચું ચઢવું,** માન પ્રતિષ્ઠા આદિ વધવાં.

**ત્રાજવું નમવું,** સુખ–ચઢતીના દહાડા આવવા; પાયરી–સ્થિતિમાં ચઢતા થવું–વધવું; લાભ થવો. 'તેનું ત્રાજવું નમતું જાય છે.'

**ત્રિશંકુની અવસ્થા,** (અયોધ્યાના સૂર્યવંશી રાજા ત્રિશંકુએ સ્વર્ગે જવાની ઇચ્છાથી મહાયજ્ઞ કરવાને વસિષ્ઠને બોલાવ્યા. એણે ના કહી ત્યારે રાજાએ વિશ્વામિત્રને તેડાવ્યા. એણે સર્વ દેવને આમંત્રણ કર્યાં પણ કોઈ આવ્યું નહિ; એ ઉપરથી વિશ્વામિત્ર ક્રોધાયમાન થઈ પોતાના તપોબળથી ત્રિશંકુને સ્વર્ગમાં મોકલ્યો પણ ઈંદ્રાદિ દેવોએ તેને નીચે ઢોળી પડયો; એ વેળા વિશ્વામિત્રે પોતાની શકિતથી તેને નીચે આવતાં અધવચ અટકાવ્યો. એથી રાજા આકાશ અને પૃથ્વી વચ્ચે લટકતો રહ્યો તે ઉપરથી ) અધવચ–અંતરિયાળ લટકી રહેવું પડે એવી સંકુચિત દશા.

**ત્રીજું નેત્ર ઉઘડવું,** શિવજીના ત્રીજા નેત્રમાં વહ્નિ છે, તે જ્યારે ઉઘડે છે ત્યારે પ્રલય થાય છે. એક સમે શિવપાર્વતીને ચોપાટ ખેલવા રકઝક થયેથી તે રિસાઇને ઉઠી ગયાં ને પછી બંનેએ ઉગ્ર તપ કરવાં માંડયું. એ તપથી પ્રલયાગ્નિ ઉત્પન્ન થયો ને દેવતા ગભરાયા. એઓએ શિવને કહ્યું કે તમે પાર્વતીને પાછાં બોલાવો. શિવ બોલ્યા હું તો નહિ બોલાવું. તેની ઇચ્છા હોય તો આવે; પછી ગંગાએ પાર્વતીને સમજાવ્યાં ને એ ભીલડીને વેશે આવ્યા. ઈંદ્રે કામને કહ્યું હતું કે પાર્વતી ભીલડી થઈ આવે કે તારે તારૂં બાણ શિવને મારવું, તેથી કામે તેમ કર્યું ને શિવ મોહિત થયા. પછી પાર્વતી પોતાને રૂપે પ્રગટ થયાં, પરંતુ શિવે કામના ઉપર ક્રોધે ભરાઈ તેને પોતાના ત્રીજા નયનની જવાળાથી બાળી નાખ્યો.

**क्रोधं प्रभो संहर संहरेति,**
**यावद्गीरःखे मरुतां चरन्ति;**
**तावत्स वन्ही र्भवनेत्र जन्मा,**
**भस्मावशेषं मदनं चकार.**

તેઉપરથી લાક્ષણિક અર્થે ખુબ ક્રોધાવિષ્ટથવું; અતિશય ક્રોધાયમાન થવું; કંઇક નવુંજૂનું થઈ જાય એવા ગુસ્સાના આવેશમાં આવી જવું; એકાએક ગુસ્સો ફાટી નીકળવો.

Gandhi Heritage Portal

# થ

**ચડથી માંડીને,** પહેલેથી; આરંભથી; શરૂઆતથી. **ચડથી તે પાંખડા સુધી** એટલે અથથી તે ઈતિ સુધી.

"તે હાથ જોડી રાજા આગળ ઉભો રહ્યો અને પોતાની સઘળી વાત ચડથી માંડીને કહી."

**થતું નથી,** એમ સ્ત્રીને રતુ આવે છે ત્યારે બૈરાં બોલે છે.

(તેવી સ્ત્રીથી કામકાજ થતું નથી તે ઉપરથી.)

**થનથન કરી રહેવું–નાચી રહેવું,**(માથાપર) આ પ્રયોગ માણસના મિજાજના સંબંધમાં બોલાય છે. પોતાના મગજમાં આવ્યું હોય તેજ પ્રમાણે વર્તવાને હઠ કરી થકવવું; બહેકી જઈ–ફાટી જઈ દુઃખ દેવું; કહ્યું ન માનવું; શિરજોરી કરવી.

**થપ્પડ ખાવી,** મારખાવો; નુકસાન ખમવું.

**થાકયાના ગાઉ,** ચાલતાં ચાલતાં પગ થાકી જાય અને પછી જેટલા ગાઉ વધારે ચાલવાનું હોય તેટલા ગાઉ થાકયાના ગાઉ કહેવાય એ ઉપરથી એનો લાક્ષણિક અર્થ એવો થાય છે કે અમુક કામ પૂરૂં કરતાં પહેલાં વચમાં થાકી જવાથી આગળ ન વધાય એવી હાલત.

**થાથાથાબડી,** પોતાની સ્ત્રીને ફુલાવી ફુલાવીને બહેકાવી મૂકવી તે. અતિશય લાડમાં થાબડવું તે. 'થાથા થાબડીને વહુ આપડી' એમ કહેવાય છે.

**થાપ ખાઇ જવી,** ચૂક–ભૂલ કરવી; છેતરાઇ જવું; ભૂલાવામાં પડવું. (એકાએક) "તે એ કામમાં થાપ ખાઈ ગયો." **થપ્પડ ખાવી** પણ વપરાય છે. એથી ઉલટું **થાપ મારી જવી.**

૨. નુકસાનમાં આવી પડવું. [લાક્ષણિક.]

"એટલી ભારે માગણી કરીને રાજકન્યા ભૂલાવવા ધાર્યું તેમાં સુલતાને સજ્જડ થાપ ખાધી છે."

અરેબિયન નાઈટ્સ.

**થાપડ થાપડ ભાણાં કરવાં,** (પોતાની સ્ત્રીને.) લાડમાં થાબડવું. થાથાથાબડી કરવી; ફુલાવી ફુલાવી બ્હેકી જાય એમકરવું. વિશેષે સ્ત્રીના સંબંધમાં વપરાય છે.

"દિવસના કંકાસના ઉભરાઓ વરની આગળ રાત્રે સુવાના વખતમાં કાઢે છે; વર જો સમજુ હોય છે તો થાપડ થાપડ ભાણાં કરી હસાડી રમાડી સુવાડે છે."

નર્મગદ્ય.

**થાળી જેવડું કપાળ,** મોટું કપાળ મોટું ભાગ્ય સૂચવે છે.]

"રાજકુંવરી સૌથી અળગી રહેતી હતી તો પણ પૂનેમના ચંદ્ર જેવું તેનું મોં તથા થાળી જેવડું તેનું કપાળ છાનું રહ્યું નહિ."

ગૂ. જુની વાર્તા.

**થાળી ફેરવવી,** થાળી વગાડી ઢંઢેરો પીટવો; લોકમાં જાહેર કરવું; ગુહ્ય વાત ઉઘાડી પાડવી. (લાક્ષણિક)

"રૈયતનો ગભરાટ ટાળવાને સુરપાળે જાહેરનામાં કરી થાળી ફેરવી કે કોઇએ ડર રાખવો નહિ."

વનરાજ ચાવડો.

૨. પૈસા ઉઘરાવવા.

**થાળે પડવું,** શાંત પડવું; (વહેતું પાણી થાળામાં પડતાં સ્થિર થાય છે તે ઉપરથી.)

"જેમ જેમ કામ થાળે પડતું ગયું અને જેમ જેમ પોતાની કમાણી વધતી ગઈ તેમ તેમ ડાહ્યાભાઇને પેઢીનું કામ કમી થતું ગયું."

બે બહેનો.

Gandhi Heritage Portal

**થુંક ઉરાડવું,** જેના બોલવાથી કાંઈ નીપજે નહિ અથવા તો નકામું બોલ્યાંજ કરે એવા માણસના સંબંધમાં આ વપરાય છે; થુંકની પેઠે બોલેલા બોલ વહી જવા દેવા; મિથ્યા બોલવું.–નકામા જાય તેવા હીણા બોલ બોલવા.

૨. ગાળ દેવી; અસભ્ય બોલવું.

"ભાઇ તમે નકામું થુંક શું કરવા ઉરાડો છો? તમારી તકરાર શી છે તે અમને કહો તો તોડ પાડી આપીએ."

"સુલતાન વજીર અથવા વજીરના છોકરા સામે ફોકટ થુંક ઉરાડી ઉભરો કાઢવાને બદલે તે ફક્ત એટલુંજ બોલ્યો કે.–"

અરે બિયન નાઈટ્સ.

"બધું થઇ ગયું; હવે થુંક ઉરાડશો તે મિથ્યા.

ભટનું ભોપાળું.

**થુંકેલું ગળવું,** થુંકેલું પાછું ગળવાની પેઠે આપેલું વચન અથવા બોલેલા બોલ પાછા મોંમાં ઘાલવા-મિથ્યા કરવા;–તે ઉપરથી બોલેલું વેણ ન પાળવું. (ધિક્કારમાં બોલાય છે.)

**થુલું કાઢવું,** દુઃખ દઇને અશક્ત-માલવિનાનાનું કરી મેલવું; ખૂબ થકવી દેવું. (કામ કરાવીને.)

૨. હલકું કરવું. (માર મારીને.)

૩ હલકું પાડવું; માનભંગ કરવું. (ધમકાવીને)

**થૂ તેના નામ–મોંપર,** ધિક્કાર છે એના મોંને. (તેના નામ–મોંને થુંકવાની જગો જાણવી તે ઉપરથી.)

"અજબ છે કે આપણે ધરતીમાં ગરક થઈ જતા નથી? એ કાફર લોકોના દીન (થુ તેઓના મોં ઉપર) અને આપણા દીનનો મુકાબલો કરવો.?"

કરણઘેલો.

**થોડી ઘડીનો પરોણો,** થોડોજ વખત જીવવાની આશા હોય એવા મરણપથારીએ પડેલા માણસને વિષે બોલતાં વપરાય છે.

"તેને લાગ્યું કે ઘેલાભાઈ હવે થોડી ઘડીનો પરોણો છે."

બે બહેનો.

**થોરીઆ રોપવા,** લઢાઇનાં મૂળ રોપવાં.

"તે તો ઠેર ઠેર થોરીઆ રોપે છે."

---

## દ

**દઇ વર્તાવવી,** (દુવાઈ ઉપરથી દઇ–આણ). હુકમ ચલાવવો.

"અભિમાની ઓરતો ઘરનું કામકાજ કરવાથી બેદરકાર રહી બોલે છે કે 'શું અમને કોઇએ વેચાતાં લીધાં છે કે શું, અમારાં બાપને કાંઈ દઈ વાર્તાવે છે? પૈસા ગણાવ્યા હોય તો રાખે પાછા."

પંડિતા જમનાબાઈ.

**દમ કાઢી નાખવો,** સતાવવું; સંતાપવું; કંટાળો આપવો; ઘણોજ આગ્રહ કરી કનડવું, કાયર કરવું; જીવને ઘણોજ અકળાવવો; દુઃખ દેવું.

પ્રેમના આવેશમાં ભોગ આપવો તે ઉપરથી કુરબાન થવું; ઘણું ચહાવું; આતુર રહેવું. દમ શબ્દ ઉપરથી વ્યાકરણને લગતા ઘણા પ્રયોગ થયા છે, જેમકે,—

**દમ રાખવો** એટલે થાક ખાવો; વિસામો લેવો; ધીરજ રાખવી.

**દમ નીકળી જવો** એટલે જીવ જવો; થાકી જવું.

**દમ ખેંચવો** એટલે ધીરજ ધરવી; ચૂપકીથી સહન કરવું અથવા તમાકુ વગેરેનો.–

**દમ મારવો** એટલે થાક ખાવો; ધીરજ ધરવી–રાખવી.



Gandhi Heritage Portal

**દમ દેવો–આપવો** એટલે ધમકાવવું; ધાસ્તી આપવી.

**દમ છોડવો** એટલે આશા, વિશ્વાસ કે હિંમત છોડી દેવી. ૨. મરી જવું.

**દમ પકડવો** એટલે ધીરજ ધરવી.

**દમ રાખવો** એટલે તન–મન ધનના જોરનું અભિમાન રાખવું.

**દમ થવો** એટલે દમનો રોગ થવો.

**દમ તાણવો,** ચૂપ રહેવું અગર ચૂપકીથી સહન કરવું.

**દમ ધરવો,** થાક ખાવો; અટકવું.

૨. ધીરજ રાખવી.

૩. હિંમત ધરવી.

**દમ બાંધીને ચાલવું,** ઉતાવળે ચાલવું.

'તેણે દમ બાંધીને ચાલવા માંડયું.'

**દમ ભીડાવવો,** ધાક દેખાડવી; ધાસ્તી આપવી; ધમકાવવું.

"જેમના પહેરામાંથી ચોરી થઇ તે સવારોને દમ ભીડાવ્યો અને કેટલાકને પરહેજ કર્યા."

સધરાજેસંગ.

**દમ મારવો,** નિરાંત–ધીરજ ધરવી; થાક ખાવો.

૨. (તમાકુ વગેરેનો.)

"એણે ભુલ ખાઈ અથવા તો રાજભક્તિની ઘેલછામાં તણાઈ, ખરી તક આવતાં સુધી દમ મારવાને બદલે પોતાની ઉતાવળથી ઉલટું તે દુષ્ટના મનમાં પાકો વહેમ આણવાનું કર્યું."

**દમ રહેવો,** ગુણ–સત્વનું રહેવું.

**દમ લેવો,** શ્વાસ નીચો પડવો.

૨. ધીરજ રાખવી.

**દમ લઈ નાંખવો** એટલે સંતાપવું; કાયર કરવું.

**દર ઉઘડવું,** માર્ગ ઉઘડવો; દ્વાર ખુલ્લું થવું; ધંધો મળવો.

**દર પાડવું,** પ્રવેશ કરવો; રસ્તો કાઢવો–પાડવો.

**દરવાજા ઉઘાડા છે,** જેને જેણી તરફ જવું હોય તેને તેણી તરફ જવાની છૂટછે. જવાને કોઈ જાતનો અટકાવ–પ્રતિબંધ થાય એમ નથી, રસ્તા મોકળા છે–ગમે તે રસ્તે જાઓ. મતલબકે જવા દેવાની ના નથી. (ઘણું કરીને પ્રાચીન શહેરની આસપાસ કોટ બાંધેલા હોય છે તેના.–જેમાં થઇને લોકોની અવજા થાય છે, તે ઉપરથી.)

**દરિયા જેવડું પેટ,** ઉદાર; જે હોય તે સમાય એવું વિશાળ; સહન કરે એવું. સહનશીલતાવાળા માણસને માટે વિશેષે વપરાય છે. (દરિયામાં જેમ અનેક નદીઓનાં જૂદાં જૂદાં પાણી સમાઈ જાયછે તેમ.) મોટું પેટ પણ વપરાય છે. તેથી ઉલટું **ખાબોચિયા જેવું–સાંકડું પેટ.**

**દરિયામાં ડુબકી,** પતો ન લાગે એવી શોધ કે યત્ન.

**દરિયામાં ડુબવું,** મોટી નુકસાનીમાં આવી પડવું; પડતીમાં આવવું.

૨. પાપી થવું; કરમ બાંધવાં; સંસારની દુગ્ધામાં રિબાયાં કરવું.

**દરિયો ઓળંગવો,** દરિયો ઓળંગવા જેવું કોઈ મહાભારત કામ કરી કૃતાર્થ થવું; દરિયા જેવું મોટું કામ પૂરૂં કરી સુખ રૂપ કિનારે પહોંચવું.

એકાદું મોટું કામ પાર પાડી તે તરફની નિરાંત મેળવવી; માથે લીધેલું મહાભારત કામ પાર પાડવું–પૂરૂં કરવું. દરિયો ઓળંગવામાં ખડક, અને હિંસક પ્રાણીઓ આદિની અનેક અડચણો નડે છે તે અડચણોની સામે થઇ ઉતારૂ જ્યારે કિનારે પહોંચેછે ત્યારે તેના મનને નિરાંત વળેછે તેમ જે કામમાં અનેક અડચણો આવી પડતી હોય, તેમ છતાં તે કર્યા વિના છુટકો ન હોય તો તે અડચણો ખસેડીને પણ જ્યારે કોઈ ધારેલું કામ પાર પાડી

Gandhi Heritage Portal

ફતેહ મેળવેછે ત્યારે તેણે દરિયો ઓળંગ્યો એમ કહેવાયછે.

**દશા કરવી,** (દશાહ ઉપરથી.) મુઆ માણસનું દસમું કરવું.

**દશા બેઠી છે,** વાંકા દહાડા થયાછે; પડતી દશા આવી છે.

**દશીવીસી,** ચઢતી પડતી દશા; સુખ દુઃખ.

'દશી વીસી સૌની એવી.'

**દશૈયાં ચરવાં,** પરણ્યા પછી તરત થોડા દિવસ વરે વહુને ઘેર અને વહુએ વરને ઘેર જમવા જવું.

(ઘણું કરી દશ દિવસ સુધી જમવા જાય છે તે ઉપરથી.)

**દસ ઉઠણુ,** સ્ત્રીને છોકરૂં સાંપડ્યા પછી દસમે દિવસે જે અશુદ્ધિ કાઢવી તે.

**દસરાનો પાડો મારવો,** હિંમત વિનાનું કામ કરી ખોટું પરાક્રમ દેખાડવું.

(દસરાને દિવસે પાડાનો વધ થાયછે. ને એવી રીતે કે એક બે માસ અગાઉ તે પાડાને સારી રીતે ખવડાવી પીવડાવી માતેલો કરી રાખે છે. જ્યારે દસરાનો દિવસ આવેછે ત્યારે તેને ધામધુમમાં ઠેરવેલે ઠેકાણે લઈ જાય છે અને ત્યાં ચારે તરફથી કબજ કરાવી ભોગ લેનાર તે બિચારાનો તરવારથી ભોગ લેછે તે ઉપરથી.)

**દહાડા નાખવા,** દિવસ ગુજારવા; **દહાડા કાઢવા** પણ બોલાય છે. (શોકમાં–નિરાશામાં.)

"પાંડવે દહાડા નાખ્યા રોઈ, દુઃશાસને પાંચાળી વગોઈ."

( પ્રે. કૃ ) સુધન્વાખ્યાન.

**દહાડા ભરાઇ જવા,** દહાડા આવી રહેવા; મોત આવવું.

"મણિશંકરે ક્રોધથી પગ પછાડીને કહ્યું, દુષ્ટો, તમારા દહાડા ભરાઈ ચૂકયાછે, તમારા રાઈ જેટલા તુકડે તુકડા કરવા માટેજ હું અત્યારે અહીં આવ્યો છું."

મણિ અને મોહન.

**દહાડા ભાગવા,** નકામા દહાડા ગુમાવવા.

**દહાડા રહેવા,** ગર્ભ રહેવો. **દહાડા છે** એટલે ગર્ભ છે.

**દહાડા લેવા,** દહાડા ગાળવા–(ઘણું કરીને નિરાશામાં બોલતાં એ વપરાય છે.)

**દહાડાની ચાલ,** ગ્રહયોગ.

**દહાડાવાળી** ગર્ભવંતી સ્ત્રી.

**દહાડે લાગવું,** ધંધે રોજગારે વળગવું.

**દહાડો આથમવો,** પડતી દશામાં આવવું.

**દહાડો ઉઘડવો,** સારી સ્થિતિમાં આવવું.

(દાહાડો ઉઘડે છે ત્યારે પ્રકાશ મારે છે–અજવાળું વધે છે તે ઉપરથી.)

**દહાડો ઉઠવો,** અસ્ત થવું; પડતી દશા આવવી; સારી સ્થિતિમાંથી નઠારી હાલતમાં આવવું.

"એનો દહાડો ઉઠ્યો જણાય છે જે આવી ને આવી ઊંધી સમજ રાખતો જાયછે."

**દહાડો જાગવો–ફળવો.** એ પ્રયોગ એથી ઉલટો છે.

**દાહાડો ખેંચવો,** નકોરડો ખેચવો; કંઈ પણ ખાધું ન હોય એવો ખરેખરો અપવાસ કરવો.

'આજે અગિયારસનો દહાડો ખેંચી કાઢ.'

**દહાડો ચઢવો,** (સ્ત્રીને)

**દહાડોપાણી,** મરનારની પાછળ જે ક્રિયા ખરચ કરવો તે. **અવસર પાણી** પણ બોલાય છે.

"બાપનું દિવસપાણી તેણે કરકસરથી કર્યું; તેથી નાતમાં તેને માટે ચરચા ચાલી."

બે બેહેનો.

**દહાડો ફરવો,** નઠારી સ્થિતિમાંથી સારી સ્થિતિમાં આવવું; ભાગ્યોદય થવો; દશા ફરવી.

Gandhi Heritage Portal

" માટે કહે નર્મદ દેશીને, જોસ્સા ઊંચ વધારો; મથો શોધવા પ્રસંગ જેથી, ફર્યો પેખશો દા 'ડો."

કવિ નર્મદ.

**દહાડો વળવો—**જાગવો, ઉદય થવો; નઠારી સ્થિતિમાંથી સારી સ્થિતિમાં આવવું. ભાગ્યોદય થવો.

**દહાડો વટવો,** અળગું ચઢવું. (સ્ત્રીને.)

**દહાડો વળવો,** ભાગ્યોદય થવો; સારી સ્થિતિમાં આવવું.

૨. ફાયદો થવો. **દહાડો ઉઘડવો** પણ એજ અર્થમાં બોલાય છે.

**દહાડો વાંકો છે,** નશીબ પ્રતિકૂળ છે; સિતારો પાધરો નથી; સંભાળીને ચાલતાં પણ વાંકું થાય એવા ગ્રહયોગ છે; પડતી દશા છે.

" જ્યાં સુધી દહાડો વાંકો છે ત્યાં સુધી આપણું ધાર્યું કાંઈ થનાર નથી."

**દહાડો સિકંદર થવો,** સિકંદર એ શબ્દ મુસલમાની રાજ્યે આ દેશની ભાષાઓમાં નવો દાખલ કર્યોછે. ફલાણાનો દહાડો સિકંદરછે એમ લોક બોલે છે અને જાણે તે શબ્દના ઉપર મોહ તથા આશ્ચર્યથી મનમાં જોતા હોય તેવા દેખાય છે. સિકંદર એ ગ્રીક વિજયી રાજા હતો તે કોઈ લડાઈમાં પાછો હઠયો નથી—તે સઘળીજ લડાઈઓ જીત્યો છે તે ઉપરથી,—

પડતી હાલતમાંથી સારી હાલતમાં આવવું; ચઢતી થવી; અભ્યુદય થવો; સિતારો પાંશરો થવો; નશીબ અનુકૂળ થવું.

**દહીં મૂકીને ચાટજે,** નિરર્થક રાખી મૂકજે. કેટલીક જગોએ **મધ મૂકીને ચાટજે** એમ પણ બોલાય છે.

**દહીંનો ઘોડો,** 'એણુ ગેણુ.' એ નામની રમતમાં દાનવાળો છોકરો.

**દળણું દળવું,** દળણું દળવા જેવું મોટી માથાફોડનું અને કંટાળા ભરેલું કામ કરવું.

૨. (કોઇનું.) શકિત ઉપરાંત—ન સહન થઈ શકે એવું. કામ સોંપી છેકજ થકવી દેવું; આટો કાઢી નાખવો; કામ કરાવી કરાવીને હાડકાં પાંસળાં છેકજ નરમ કરી નાખવાં.

" તું તો મારૂંજ દળણુ દળવા બેઠો છે."

**દળેલું દળવું,** કરેલું માથાફૂટનું કામ પાછું ફરીથી કરવું; કંટાળાની સાથે ફરીથી પાછું તેને તેજ કરવું.

**દાંડો પકડવો,** આધાર ગ્રહણ કરવો (દુરાગ્રહમાં)

' એતો શાસ્ત્રનોજ દાંડો પકડી રહ્યો છે."

**દાખલો ખાવો,** પત્તો લાગવો.

**દાગળી ખસવી—ચસકવી,** ઘેલા થવું; બુદ્ધિશુદ્ધિ જવી; દીવાના થવું; વાપર જવું.

**દાઢ ગળી થવી,** ગળ્યું ગળ્યું ખાવાનું મન થવું.

" આવિ પડયા તેના મુખ આગળ જેતી દાઢ ગળી હતી."

પાણીપત.

**દાઢ પેધવી—સળકવી,** ખાવાનું વધારે વધારે મન થવું.

૨. લાલચ વધવી.

" હિંદુસ્તાનની દોલતથી મોહ પામી સિકંદરની દાઢ સળકી."

" વાઘજી બાપુ, ભાઇની યુક્તિ ફાવી. કુમુદસુંદરીથી એમની દાઢ સળકી રહી છે તે બાપા જાણતા નથી."

સરસ્વતીચંદ્ર.

**દાઢ સળકવી,** ખાવાનું મન થવું.

**દાઢમાં ઘાલવું—લેવું,** મારવા—નુકસાન કરવાની કે સપડાવવાની તજવીજમાં રહેવું; કીનો—વેર રાખવું. ભચરડી નાખવાની યુક્તિ શોધવી.

**દાઢ આવવી** એટલે દાઢને લગતી ચામડી સજી આવવી.

**દાઢીમાં હાથ ઘાલવા,** અતિશય આજીજી

Gandhi Heritage Portal

કરવી; કાલાવાલા કરવા- ( અભિનય. )

**દાઢે લાગવું,** ખાવાનું વધારે વધારે મન થવું; લાલચ થવી.

**દાણા જોવા,** ( નજર ઉતારીને આડું ઓળખવા માટે. )

**દાણા વાળવા,** ટુચકો ઉતારી દાણા બાંધી રાખવા; ઘઉંના દાણા, મીઠાનો કાંકરો, માટીનું ઢેપું, અને કોયલો એટલાં વાનાં ભેગાં કરીને સાતવાર માથાપર ફેરવીને લુગડામાં બાંધી રાખવામાં આવે છે અને તે પછી જોશીને બતાવવામાં આવે છે, તેપરથી જોશી આડું વગેરે જુએ છે.

**દાણો પાડવો,** ( દાણો અથવા ચોખો નાખવો તે ઉપરથી. ) વિધવાને ફરી પરણાવવી. ( નાતરીયા નામતમાં વિશેષ બોલાય છે.)

**દાણોપાણી,** ખાવાપીવાનું; ગુજરાન; અંજળપાણી.

૨. સર્જીત; નશીબ.

"જ્યાં દાણોપાણી લખ્યું હશે ત્યાં જવાનું થશે."

**દાંત આવવા,** ( દાંત સિવાય બરાબર બોલાતું નથી તે ઉપરથી અથવા બાળકને દાંત આવ્યા પછી તે બોલતાં શીખે છે તે ઉપરથી. ) બોલવાનું શૌર્ય આવવું.

**દાંત ઉઠવા-બેસવા,** ( કરડવાથી. )

**દાંત કકડવા,** ( રોગથી. )

**દાંત કકડાવવા,** ગુસ્સાનો અભિનય કરવો.

૨. (ટાઢમાં કે ઊંઘમાં.)

**દાંત કરડવા,** હારી થાકવું; હાર ખાવાથી લીધેલું કામ પડતું મૂકવું.

૨. શરમની લાગણી થવી.

**દાંત કાઢવા-દેખાડવા,** સારી પેઠે દાંત બહાર દેખાય એવી રીતે ખડખડ હસવું.

" ઘરનાં વડીલો શું હળિમળિ ચાલે,
રાખે સખિશું હેત;
ઠાવકી રહીને વિનોદ કરે,
પણ દાંત ન કાઢે છેક.

નર્મ કવિતા.

**દાંત કાઢવા** એનો અર્થ ચીડીઆં કરવાં પણ થાય છે.

૨. કોઇનું કહેલું હસી કાઢવું-ન ગણકારવું-ઉડાવવું.

" જમેવાળા માગવા આવ્યા ત્યારે ભાર ભાગી ગયો એટલે લોક ચઢી આવ્યા ત્યારે દાંત દેખાડ્યા. "

વિજ્ઞાતવિલાસ.

**દાંત ચાવવાના જૂદા ને બતાવવાના જૂદા,** પેટમાં કપટ સૂચવે છે; બોલવું મીઠું મીઠું ને કરવું કાંઇક જૂદુંજ; બહારથી બતાવવાનું જૂદું ને પોતે કરવાનું જૂદું.

( હાથીના દાંત જેમ ચાવવાના અને બહાર દેખાડવાના જૂદા જૂદા હોય છે તેમ.)

**દાંત ટીટીઆરો કરવો,** ખીજવાઇને લવારો કરવો; નકામું લવ્યાં કરવું; ક્રોધનો અભિનય કરવો.

**દાંત પડવા,** હાર અથવા શરમની લાગણી થવી; નરમ પડી જવું; નાઉમેદ થઈ જવું.

**દાંત પિસવા,** ( ગુસ્સામાં. )

"દાંત પિસીને બોલ્યો કે બચ્ચા આવ."

વનરાજ ચાવડો.

**દાંત ભાગી નાખીશ,** એમ ધમકી આપતાં બોલાય છે.

**દાંત હોવા (પેટમાં.)** વેર હોવું.

શૌર્ય--જોસ્સો હોવો ( ખાઈ જવાનો.) મારવા-સપડાવવા--બીવડાવવાનો જોસ્સો હોવો.

" દેવાળિયાના દિકરા તું સમજતો નહિ કે આમાં મિયાંનો માલ છે તે તને પચશે ? પણ આ તો પછવાડે આવડા આવડા દાંતવાળા બેઠા છીએ તે તારો જીવ લેશું ? માટે ઝટઇને રૂપિયા કાઢી આપ. "

કૌતુકમાળા.

Gandhi Heritage Portal

**દાંતમાં છેડો ઘાલવો,** આબરૂ સાચવવી-જાળવવી; મર્યાદામાં રહેવું. ( સ્ત્રીઓમાં જ વપરાય છે. )

"દાંતમાં છેડો ઘાલી દહાડા કાઢવામાં સન્નારીનું ભૂષણ છે."

**દાંતીઆં કરવાં,** ચીડાઈ જવું; બોલવાનું કૌવત ન હોય તે છતાં ગુસ્સામાં બળાત્કારે બોલવું-ચીડાવું.

**દાંતે ચઢવું,** ચરચાવું; વગોવાવું થવું.

**દાંતે તરણાં લેવડાવવાં,** ગરીબાઈ કબૂલ કરાવવી; ઘણું-ઘણું જ દુઃખ દેવું; સંતાપવું; નરમ પાડવું; હાર અથવા તાબેદારી કબૂલ કરાવવી; ત્રાસ આપી હલકું પાડવું.

( પહેલાં જ્યારે કોઈ રાજા વિજય પામતો ત્યારે પરાજય પામેલો રાજા દાંતે તરણું લઈ અને કાચા સુતરે બંધાઈ તેને શરણે જવાની ફરજ પડતી હતી તે ઉપરથી. )

"કાચે સુતરે હાથ બાંધી દાંતે તરણું લઈ આવવાનો હુકમ નહિ કરતાં સિદ્ધરાજે મદનવર્મને માન આપી પોતાની પાસે બેસાડી ધીરજ આપી."

સધરાજેસંઘ.

**દાંતે મેલ આવવો,** પૈસાદાર થવું.

**દાતણ કરવું,** દાતણથી દાંત ઘસી મોઢું ધોવું.

**દાતણની દીવી જેવો,** દાતણની દીવીને ફીટી જતાં અને તે ઉપર મૂકેલા દીવાને નાશ પામતાં જેમ વાર લાગતી નથી તેમ. જેને એકનો એક છોકરો હોય છે તેના સંબંધમાં એમ વપરાય છે કે તે બિચારીને તો દાતણની દીવી જેવો એકનો એક છોકરો છે. સંકેત એવો છે કે જેના ઉપર દીવો-વંશ જળવાઈ રહેવાનો આધાર છે તે મોંઘો અને લાડકવાયો છોકરો.

૨. સુકલકડી શરીરવાળા માણસને માટે પણ અતિશયોક્તિમાં વપરાય છે.

**દાતણપાણી કરવું,** સવારમાં ઉઠી ઝાડે ફરવા જવું, દાતણ કરવું વગેરે જે કામ પહેલું કરવાનું તે કરી લેવું.

**દાતરડું ને બંધિયા,** એની પાસે શું છે દાતરડું ને બંધિયા ? ( મતલબ કે કાંઈ જ નથી. ) બધું ખોઈ નાખ્યું કે વાપરી નાખ્યું છે.

( ઘાસ લેવાને દાતરડું ને બંધીઆ સાથે કોઈ ખેડૂત ખેતરમાં ગયો પણ ત્યાંથી ઘાસ ન મળ્યું કે કાપીને લાવતાં અધવચ ખોયું તેથી તેની પાસે રહ્યાં માત્ર દાતરડું ને બંધીઆં, તે ઉપરથી )

**દાન લેવાં,** વરકન્યાએ અથવા પરણેલાં સ્ત્રી પુરૂષે ગુરૂ સન્મુખ ભેટ મૂકી તેમની પાસેથી મંત્ર લેવો; દીક્ષા-બોધ ગ્રહણ કરવો

**દારૂગોળો સળગવો,** લઢાઈ-કજીઓ ચાલવો. ( ઘણા જ સાધારણ અર્થમાં. )

**દાવે સોગટી મારવી,** લાગ જોઇને કામ કરવું; આવ્યો પ્રસંગ ન ચૂકવો.

"એમ હશે તો પણ ચઢાઈનાં પુષ્કળ અનુકૂળ કારણ હોય ને પછી અપચિન્હ જોઈ દાવે સોગટી મારી હોય તો તો જરૂર ફતેહ જ મળે."

મુદ્રારાક્ષસ નાટક.

"હારજીત એ ધર્મ ક્ષત્રીનો,
વળી દાવે સોગટી મારૂં રે;
જો એણે મને હણ્યો નથી તો,
હું લગાડું એને સારૂં રે."

માંધાતાખ્યાન.

**દાળ પરણાવવી,** દાળ વધારવાને અંદર પાણી રેડવું.

**દાળમાં કંઈ કાળું છે,** છૂપું પાપ, કલંક કે ગુન્હો છે; છૂપો ભેદ-છૂપો મર્મ રહેલો છે.

Gandhi Heritage Portal

**દાળમાં નાખજે,** નિરર્થક રાખી મૂકજે. 'દાળમાં નાખી વઘારી ખાજે' એમ પણ બોલાય છે.

**દિકરીએ દીવો રહેવો,** દિકરીના સંતાન વડે વંશ રહેવો; દિકરી વડે વંશ જળવાવો.

' એનો તો દિકરીએય દીવો રહેવાનો નથી. '

"બાપજી દિકરીએ દીવો સહુ બોલતું, તોય તમે સાંચ્યું ઘણું દામરે—સામા થતા.

કવિ બાપુ.

**દિન જાગવું,** ધર્મને નામે મુસલમાનમાં બખેડો થવો; બંડ ઊઠવું. ( મુસલમાન લોકો જોસ્સામાં આવતાં દિન દિન પોકારે છે તે ઉપરથી. )

**દિન જાગવો,** ભાગ્યોદય થવો; માઠી દશામાં-થી સારી દશામાં આવવું.

**દિનમાન ઉઠવો,** કમનશીબ થવું; નમતો દહાડો થવો; દુર્ભાગ્ય થવું.

" મારૂંજ ભાગ્ય નબળું,
દિનમાન ઉઠયો;
મારા અરિષ્ટ અરથે,
મુજ દૈવ રૂઠયો. "

વેણીસંહાર નાટક.

**એનો દિનમાન ઘેર નથી** એમ પણ બોલાય છે.

**દિલ આપવું,** મનના વિચાર જણાવવા. ( કોઈ સ્નેહી કે અંતરના માણસને. )

**દિલ ઉતારી નાખવું,** પ્રેમ—સ્નેહ ખેંચી લેવો.

**દિલ ઉઠી જવું,** મન—કાળજી ન રહેવી; નારાજ થવું; ભાવ જતો રહેવો; રૂચી કમી થવી.

૨. સ્નેહ તૂટવો.

**દિલ ઊંચું થવું,** નારાજ થવું; પ્રીતિ ઉઠી જવી; ખેદીલી પેદા થવી.

**દિલ ઘાલવું,** શરીર વધારવું; જાત વધારવી; શરીર પુષ્ટ કરવું.

૨. મન ઘાલવું; ચિત્ત પરોવવું.

**દિલ થવું,** મન થવું; મરજી—ઈચ્છા થવી.

**દિલ ભરાવું,** તાવનાં ચિન્હ જણાવાં; તાવ આવવો.

૨. ડૂમો—ડીઓ જામવો; ગળગળું થવું; ગળગળી જવું.

" દેજો પત્રથી દર્શન બાપને,
રડતાં રહો બ્હેન હવે નહિ ઢીલ;
ભરાયું મુજ દિલ,
મંગળ કરો બ્હેનને. "

નર્મકવિતા.

**દિલ ભારે થવું,** તાવનાં ચિન્હ થવાં—જણાવાં; તાવ આવવો.

**દિલ લેવું,** શરીરે પુષ્ટ થવું. **લોહી લેવું** પણ બોલાય છે.

૨. મન લગાડવું; ચિત્ત પરોવવું.

" શેઠાણીને મનમાં સંદેહ પડયો કે બુઢ્ઢા હવે મારા કામકાજમાં કાંઈ દિલ લેતા નથી. "

નવી પ્રજા.

**દિલ સાફ છે,** નિષ્કપટી છે; સ્પષ્ટ રીતે કહી દે એવો છે. (પ્રમાણિક છે.)

**દિલ્લીનો ઠગ,** નામીચો ઠગ—લુચ્ચો.

" આ પુરાણી કોઈ દિલ્લીનો ઠગ કે મુંબાઇનો ભામટો હોવો જોઇએ. "

મણિ અને મોહન.

**દિલ્લીનો શાહુકાર,** લઇને પાછું ન આપે અથવા બોલીને ફરી જાય એવો મહા લુચ્ચાનો લુચ્ચો.

( દિલ્લી શહેરમાં ઠગ ઘણા હતા તે ઉપરથી વાંકામાં. )

**દિવસ ગણવા,** જે માણસ થોડા દિવસ જીવનારો હોય તેવા અતિશય માંદા માણસને વિષે બોલતાં વપરાય છે.

**દિવસ ઘેર નથી,** નશીબ અનુકૂળ નથી; ગ્રહ વાંકા છે.

" પોતાના સ્વામી નંદના વંશના અવ-

Gandhi Heritage Portal

યવી ભૂત ચંદ્રગુપ્તને મૂકી મલયકેતુ જેવા પરાયાને અધિક કરી માનો છો તેથી અચૂક તમારો દિવસ ઘેર નથી.”

મુદ્રા રાક્ષસની ટીકા.

**દિવસપાણી,** જુઓ **અવસર પાણી.**

**દિવસ ફરવો,** નશીબ બદલાવું. (સારે માઠે ઉભય પ્રકારે વપરાય છે.)

“દિવસ ફર્યો એટલે મેળવેલું ગયું અને કરજ થયું.”

સરસ્વતીચંદ્ર.

“દિવસ ફર્યો એટલે સર્વ વાત તેને અનુકુળ થઈ પડી.”

રાજવાણી.

**દિવા જેવું,** ચોખ્ખું; ઝટ સમજાય એવું; ભૂલવિનાનું. કર્યું દિવા જેવું એટલે કાંઈસારૂં ન કર્યું એમ વાંકામાં બોલાય છે.

**દિવા પછવાડે અંધારૂં,** નામાંકિત માણસના મરણ પછી તેનાં કામ વગેરેની જે અવ્યવસ્થા–ખરાબી થઈ જાય તે અથવા તેનો વંશજ અંધારામાં પડી રહે–નઠારો નીકળે તે.

**દિવાની જ્યોત જેવું,** (નાક.) અણિયાળું. **તેલની ધાર જેવું** અને **પોપટની ચાંચ જેવું** પણ બોલાય છે.

**દિવાસળી ચાંપવી,** ઉશ્કેરી લડાઈ ઊભી કરવી. (બે પક્ષ વચ્ચે.)

૨. સળગતી દિવાસળી ચાંપી બાળી મૂકવું.

**દિવાળીના દહાડા,** દિવાળીના જેવા ઉત્સવ–આનંદનો દહાડો.

**દિવો ઉઠવો,** કોઈ અમુકે ગુણવિદ્યાએ કરીને પ્રસિદ્ધિ પામવી.

“તે તો કુળમાં દીવો ઉઠ્યો છે.”

**દિવો કરવો,** કાંઈ સારૂં કામ ન કર્યું હોય ત્યારે વાંકામાં વપરાય છે.

**દિવો ઘેર જવો,** ઓલાઈ જવો; ગુલ થવો.

“ખુટ્યું તેલ દિવો ઘેર ગયો,
પડી રહી વાટ તે.”

નર્મકવિતા.

‘હિંદુઓમાં દિવો એ પૂજ્ય ગણાય છે. ‘દિવો ઓલવી નાખ’ એમ કેટલાક કહેતા નથી પણ ‘દિવો ઘેર કર’ એમ કહે છે; ‘સળગાવ’ એમ કહેતા નથી પણ ‘પ્રગટાવ’ એમ કહે છે. **દિવો રાજ થવો, રાણો થવો** એમ બોલાય છે. વળી દિવાના સંબંધમાં બૈરાં આ પ્રમાણે બોલે છે.

‘કુળ દિવા કલ્યાણ કરજે, મારૂં ઘર સોનૈયે ભરજે, પાડોશીનું પૈસે ભરજે, અદેખાનું ઇંટાળે ભરજે, આવતા ચોરને આંધળો કરજે, સાંજ પડે પાછો વહેલો આવજે, વગેરે વગેરે.”

વળી–‘ જા દિવા તું દ્વારકા, તારી માને મારા જેશ્રીકૃષ્ણ કહેજે, ઘેર જઇને દૂધને ભાત ખાજે’ વગેરે.

**દિવો મૂકવો,** હિંદુ લોકો મોટી નદીઓમાં વૃક્ષનાં પાંદડાંમાં ઘીના હજારો દિવા પાણીમાં તરતા મૂકવામાં પૂણ્ય સમજે છે. એથી તેઓ સમજે છે કે પાપ તરતું મૂક્યું અને હૃદયમાં સત્યધર્મનો પ્રકાશ થયો; અજ્ઞાનરૂપી અંધારૂં દૂર થયું ને જ્ઞાન રૂપી દિવો પ્રગટ્યો.

૨. ધર્મના તહેવારે અથવા અગીઆરસ અમાસે આર્યપત્નીઓ ને પુરૂષો વિવિધ પ્રકારનાં વસ્ત્રાલંકાર પહેરી નદીમાં નાળીએર પધરાવી પાંદડામાં ઘીના દિવા કરીને પરમેશ્વરની પ્રાર્થના કરે છે.

**દિવો રહેવો,** પાછળ વંશ રહેવો; પાછળ ઘરની–કુળની કીર્તિ અજવાળનાર સુપુત્રની હયાતી રહેવી.

“તારો દિકરીએ પણ દિવો રહેશે નહિ એમ બોલાય છે.”

**દિવો રામ થવો**–રાણો થવો, દિવો ગુલ થવો.

Gandhi Heritage Portal

૨. ( પ્રાણનો. ) મૃત્યુ પામવું; જીવ જવો.
૩. ( ઘેર. ) અંધારૂં થવું; અસ્તોવ્યસ્ત થવું.
૪. નિર્વંશ થવો.

**દિવો વડો થવો,** ઓલાઈ જવો.

**દિશાએ જવું,** ઝાડે ફરવા જવું.

**દી ઉઠવો–રૂઠવો,** જુઓ **દહાડો ઉઠવો.**

"વારૂ બાપુજી? જો એમ હોય તો કેના દી રૂઠયા છે કે આવું કરે?

તપસાખ્યાન.

**દી વાળવો,** દી ઉજાળવો; કીર્તિ મળે એમ કરવું; સત્કર્મ કરવું કે જેથી કીર્તિ મળે.

**દીઠું પડવું,** આબરૂ જવી. કોઈ જરૂરના માણુસની ગેરહાજરીને લીધે કામ અટકી પડવું અથવા તેની ખોટ પડવી.

"માણુસની પડતી આવી અને આવે વખતે સેનાપતિ થનાર કોઈ ન મળે તો મારા ધણિનું દીઠું પડે, માટે મારેજ જવું."

ગુ. ની જૂની વાર્તા.

**દીસતો રહો,** ભલે નજરે પડતો દૂર રહે —ટળે–જતો રહે. એમ બેદરકારીમાં બોલાય છે.

**દુઃખડાં લેવાં,** ઓવારણાં લેવાં; સામા માણુસના માથા તરફ પોતાના હાથ લઈ જઈ તે હાથ પાછા પોતાના લમણા સાથે દાબી ટાચકા બોલાવી ઈચ્છવું, કે તારાં દુઃખ ભાગો. આવી રીતે બાયડીઓમાં માન આપવાની રીત છે.

**દુઃખનાં ઝાડ ઉગવાં,** ( માથે ) પુષ્કળ દુઃખ આવી પડવું.

"માબાપે મને બાળપણામાં,
બહુ લડાવ્યાં લાડ,
આજ મહા દુઃખનાં મુજ માથે,
ઝાઝાં ઉગ્યાં ઝાડ,

વેનચરિત્ર.

"કન્યાનો જન્મ થવાથી માબાપ દુઃખ પામે છે તેનું કારણ એટલુંજ કે જેને પેટ દિકરી તેને માથે દુઃખનું ઝાડ."

સાસુવહુની લઢાઈ.

**દુઃખનાં વાદળ** પણ એજ અર્થમાં વપરાય છે. **દુઃખનો ડુંગર** પણ બોલાય છે.

**દુઃખનું વાદળ,** આકસ્મિક ચોતરફથી આવી પડેલું દુઃખ.

( દુઃખનું વાદળ ઘેરાવા માંડયું, પૃથ્વી રૂપ હૃદયમાં અંધકાર થઈ ગયો, વિપત્તિરૂપ વિજળી ચમકવા લાગી, હૃદયમંડળમાં સુખના તારા દેખાતા બંધ પડયા અને હમણાં દુઃખનો વરસાદ પડશે એવાં ચિન્હ જણાયાં.—એક ગ્રંથકાર. )

**દુઃખવટે જવું,** કાણે જવું; શોકમાં ભાગ લેવા જવું.

**દુઃખે પાપે,** દુઃખદાયક પ્રયત્ન કે ઘણી માથાફોડથી.

**દુઝતી ગાય,** જેની પાસેથી કાંઈ કાંઈ પણ હમેશાં મળ્યાં કરે છે તે; છૂટા હાથનું એવું જે કોઈ તે.

**દુંદાળો દેવ,** ગણપતિના જેવી મોટી ફાંદવાળો માણુસ. ( વિશેષે કરીને બ્રાહ્મણ. )

**દુનિયાપાર કરવું,** દેશનિકાલ કરવું.
૨. મારી નાખવું.

**દુનિયાપારનું,** અલૌકિક; દુનિયાથી–સમાજથી વિચિત્ર; અકાલ્પનિક.

**દુનિયામાંથી જવું,** સમાજમાંથી નીકળી જવું; ઉચ્છૃંખલ થવું; અમર્યાદ થવું.
૨. પુરૂષત્વમાંથી જવું; લોકવ્યવહારથી બાતલ થવું.

"પીટયા કોઇ દહાડો દુનિયામાંથી નીકળી જવાનો છે; જો તારી મોકાણ, આ સીસા પડયા છે.

ભટનું ભોપાળું.

"આ કળિયુગમાં સાઠ વર્ષનું આયુષ્ય. માટે વર પચાસ વરસનો થાય ત્યારે દુ-



Gandhi Heritage Portal

નિયામાંથી ગયો સમજવો ને ત્યાર પછી એને પરણેલી હોય તેનો એ સંસાર વગર ગયે ગયો સમજવો."

સરસ્વતીચંદ્ર.

**દુશ્મનની રાત,** દુશ્મન જેવી દુઃખકર રાત્રિ.

**દુસરી નીપજવી,** જોવા જેવું થવું; નવું જુવું થવું; ધારવા કરતાં કાંઈ ઉલટુંજ થવું.

**દૂધપીતું કરવું,** તરતના જન્મેલા બાળકને દૂધમાં બોળી અકળાવી મારી નાખવું.

**દૂધમાંએળિયો ભેળવવો,** દૂધમાં એળિયો ભેળવી ખરાબ કરી નાખવાની પેઠે સારામાં નરસું ભેળી બગાડી નાખવું; ખરાબ કરી નાખવું; ધૂળધાણી કરી નાખવું; કંઇનું કંઈ કરવું; બિગાડ કરવો.

૨. માઠા–અજુકતા બોલ બોલી કજીઓ–અણબનાવ થાય તેમ કરવું.

**દૂધમાં કાળું હોવું,** કલંક–કાળુંગોરૂં હોવું. ગુન્હો કરેથી લાજ–શરમ હોવી ( સારા કુલીનમાં. ) છૂપો મર્મ–ભેદ હોવો.

"ત્રણને કાજે તપ કરોછો ઇત્યાદિથી કેવી કલ્પના કરી શકાય છે? તેમ આર્ય પુત્રનું ધ્યાન પણ દૃઢ નથી; માટે જરૂર કાંઈ દૂધમાં કાળું છે."

તપત્યાખ્યાન.

**દૂધમાંથી પોરા કાઢવા,** ભૂલ ન હોય તેમાંથી ભૂલ કાઢવાનો યત્ન કરવો; ઘણીજ બારીકીથી તપાસ–તજવીજ કરવી. ગેરવાજબી રીતે બારીક તપાસવું.

( શુદ્ધ દૂધમાંથી પોરા ખોળવાની ખણખોજ કરવાની પેઠે. )

**દૂધિયા દાંત,** નાનપણના દૂધપીતા–દૂધથી ભરેલા દાંત. કાચી વયના બાળકોને વિષે બોલતાં વપરાય છે.

**દૂધિયું લોહી,** તાજું લોહી; નવો જોસ્સો.

**દૂધે ધોઇને આપવું,** શુદ્ધ ભાવથી ઊભી આબરૂએ આપવું ( દેવું. )

"ભાઈ તારા રૂપિયા હું દૂધે ધોઇને આપીશ; તેની તારે બિલકુલ કાળજી રાખવી નહિ."

**દૂધે મેહ વરસવા,** સર્વત્ર આનંદ ફેલાવો; ન્યાલ થવું.

**દેડકાંની પાંચશેરી,** ઉદમાતીઆ–તોફાની બાળકને વિષે બોલતાં વપરાય છે.

**દેન ધોઈ નથી,** ( ધેનુ દોહી નથી. ) જેની ધેનુ દહોવાય તેનું દૂધ પીએ તે ઉપરથી તેનામાંજ શક્તિ આવે એ અન્વયે )

મગદુર નથી—શક્તિ નથી એવો અર્થ દર્શાવે છે.

"કોની દેન ધોઈ છે કે મારી આગળ આવે?"

**દેવ કરવો,** ( પૂર્વ ગૂજરાતના ડુંગરી–અનાર્ય કોળી ભીલ લોકોમાં. ) એ લોક દારૂથી બેભાન થયા ન હોય ત્યાં સુધી તે પોતાના દેવના જુઠા સોગન ખાતા નથી. એ દેવ માટીનો, ઘોડાનો, લાકડાના થાંભલાનો કે પથરાના પુતળાનો પોતાના ગામમાં જંગલમાં બેસાડેલો હોય છે. બધા ગામના લોક દેવની બાધા હોય ત્યારે કે ગામઝાંપો કરવો હોય ત્યારે કે દસરા દિવાળી હોય ત્યારે એ દેવ આગળ જઈ મરઘડાં, બકરાં કે પાડાનો ભોગ આપે છે ને દારૂ પીએ છે, તેને તેઓ દેવ કર્યા કહે છે.

**દેવ કાશીએ જવા,** પુરૂષાતન રહિત થવું; દૈવત જવું; દેવતા ઉઠી જવા.

**દેવજી ઘસાડીઆ,** કદરૂપા અને વિચિત્ર માણસને વિષે બોલતાં કોઈ કોઇ વાર વપરાય છે.

**દેવનાં દર્શન,** જે માણસ ભાગ્યેજ મળી શકે છે અને મળતાં પણ થોડીજ વાર થોભે છે એવાને વિષે બોલતાં કહેવાય છે કે દેવનાં દર્શન થયાં. ( દેવનાં દર્શન જેમ દુર્લભ છે તેમ. )

Gandhi Heritage Portal

**દેવનું નામ લેવું,** કોઈ કામમાં કે ધંધામાં દાખલ થવું.

**દેવનું ડુંડું લાવવું,** ( ડુંડું=ફુમતું. ) દેવના માથા ઉપરથી ફુમતું લાવવા જેવું એકાદું મોટું પરાક્રમ કરવું.

"તું શું દેવનું ડુંડું લાવ્યો કે તને વધારે આપે ?" **વાઘનું માથું લાવ્યો–મોર માર્યો** એમ પણ બોલાય છે.

**દેવતા ઉઠવો,** બળી જવું; વ્યર્થ જવું.

૨. દૈવ રૂઠવો; નશીબ પ્રતિકૂળ થવું.
'દેવતા ઉઠ્યો એમાં જવા દે ને નામ.'
'એનો દેવતા ઉઠ્યો હવે.'

**દેવતા ઉડી ગયા,** ( શરીરમાંથી ) ઇન્દ્રિઓની શક્તિ નાશ પામવી; નિસ્તેજ થવું.

**દેવતા ઝરવો,** કજીઓ થવો; લડાઈ સળગવી. ( બંને પક્ષની અથડાઅથડીમાં )

**દેવતા મૂકવું,** બળવું—દીસ્તું રહ્યું.

**દેવતા રેડાવો,** ( કાળજામાં. ) કાળજું બળવું; અતિશય ચિંતા થવી.

૨. અદેખાઈથી બળવું.

**દેવલી બેઠી,** ( **દેહલી**=ઉમરો. તે ઉપરથી ) મોટું નુકસાન થયું.

૨. હિંમત જતી રહી.

**દેવલોક પામવું,** મરણ પામવું.

**દેવાઈ ગયું,** ( દેવામાં અપાઇ ગયું. ) મતલબ કે કાંઇ બાકીમાં રહ્યું નથી. 'એને ઘેર શું દેવાઈ ગયું છે' એટલે તેને ઘેર કાંઈ ખાવા પીવાનું ખૂટયું છે ?

**દેવાળું કાઢવું,** ( દેવું ન આપી શકાવું તે ઉપરથી.) આપવાને પાસે કંઈજ ન હોવું. ( લાક્ષણિક. )

**દેવી આવવાં,** ધ્રુજવું; કંપવું; દેવીએ અંગમાં પ્રવેશ કરવો.

**દેહ છોડવો,** મરી જવું; મરણ પામવું.

**દેહ પડવો,** મરણ પામવું; દેહમાંથી જીવ જૂદો પડવાથી ચેતન જવું; જીવ ઉડી જવો.

"અમે આપનાજ અનુચારી છીએ અને દેવશ્રીની શોધમાં આ દેહ પડશે તો જન્મ્યું સફળ ગણીશું."

તપલાખ્યાન.

**દેવના ઘરની વેઠ,** મોટું દુઃખ–નઠતર–ભાર–પીડા.

૨. કંટાળો આપે તેવું માણસ.

**દો ગોટીલો** ( દમ ગોટીલો ) કરવો, રમ્યાં કરવું. ( દમ ગોટીલો નામની એક રમત છે તે ઉપરથી. )

**દોઢ ડાહ્યો,** જોઇએ તેથી ઘણું વધારે–ઊંચું ડાહાપણ બતાવે તેવું.

પોતાનું ડહાપણ આખું માને અને બીજાનું અરધું માને તથા તે બંનેનુ મળીને થએલું દોઢ ડહાપણ પોતાના એકલામાં છે એમ માને તે દોઢ ડાહ્યો કહેવાય છે–અથવા ડહાપણ નછતાં ડહાપણ માન નારો બીજાની બતાવેલી સૂચના ઉપર ધ્યાન નહિ આપનારો.

**દોઢ પાયો,** બોલવે ચાલવે સુઘડ નહિ એવું; ઓલિયું.

**દોઢ મણની ચોપડવી,** ભુંડી ગાળ દેવી. ( સહન ન થઈ શકે એવી. )

**દોઢી મંગળ થઇ,** ( દેશી સંસ્થાનમાં દોઢી બંધ થઈ એમ કહેવું એ અશુભ ગણાય છે, માટે તેને બદલે દોઢી મંગળ થઈ એમ કહેવાનો પ્રથા ચાલે છે. ( દોઢી, **દેહલી** ઉપરથી. )

**દોરી તૂટવી,** ( આયુષ્યની ) આયુષ્ય આવી રહેવું; મોત આવવું.

**દ્વારકાની છાપ,** કીર્તિ કે એકાદા સારા કામની નિશાની.

૨. નિશાની થાય એવો સખત માર. ( ઘણા દૂર દૂરના પ્રાંતોના લોક જાત્રા માટે દ્વારકા જાય છે. ગોમતીમાં ન્હાઇને ડેરા-

Gandhi Heritage Portal

માં જઈ છાપ લેછે. એ છાપ મારવાના છાપા લોઢાના બનાવેલા હોય છે અને તે પર શંખ, ચક્ર, પદ્મ એવા આકાર પાડેલા હોય છે તે તપાવીને હાથપર પાડેછે, એટલે તેનો ડામ પડી રહે છે અને તે કોઈ દહાડો જતો નથી. ઘણું કરીને વેરાગી બહુ લે છે, એવું બતાવવાને કે અમે દ્વારકા જઈ આવ્યા છીએ.

# ધ.

**ધકેલપંચાં દોઢસો,** માત્ર અટકળથો ઠોકેલી ગપ; કેવળ કલ્પના. **ધકેલપાંચશેરી કરવી** પણ બોલાય છે. (અહીંઆગળ દોઢસો એ એક અનિશ્ચિત સંખ્યા છે. )

**ધગધગતો ચાંપવો,** ( લોઢાને ખુબ તપાવી કપાળમાં ચાંલ્લો કરવો–ડામ દેવો. ) કંઈ ન આપવાના અર્થમાં તિરસ્કારમાં વપરાયછે. કોઈ અમુક વસ્તુની માગણી કરતો હોય અને તેને તે વસ્તુ ન આપવી હોય અથવા ન આપવા જેવી હોય તો તેને એમ કહેવામાં આવે કે ‘ શેનું આપે, ધગ ધગતો ચાંપે નહિ તારા કપાળમાં ! ”

**ધજા ઉડી રહેવી,** છાપ બેસવી; જ્યાં ત્યાં વિખ્યાતિ–નામના થવી. ( લાક્ષણિક અર્થે )

૨. નઠારી વાતમાં પ્રખ્યાતિ થવી. (વાંકામાં) ‘ એના નામની તો ધજા ઉડી રહી છે. ’

**ધજા બાંધવી,** ધજા બાંધી જશતાકરવા; જાહેર થાય એમ કરવું; લોકોનું ધ્યાન ખેંચવું; છાની વાત ફેલાવવી.

“ અહીંની વાત તહીં ને તહીંની વાત અહીં એ એક બીજાને કહી કહાવીને કંઈ છાની વાત હોય તોય ધજા બાંધે ?”

ભામિનીભૂષણ.

૨. કીર્તિ ફેલાવવી; નામના પ્રસારવી (રાજા કે કોઈ પુણ્યશાળી પરાક્રમી–પ્રતાપી માણસે.)

૩. [ધર્મની] આ ધજા એવી હોય છે કે કોઇ ગુનેગાર એ ધજાને આશ્રયે જાય તો તેને સજામાંથી મુક્ત કરવામાં આવે છે.

**ધડ માથું,** ( રણક્ષેત્રમાં જ્યાં હજારો મુડદાં પડયાં હોય ત્યાં કોઈનું ધડ કયાં, કોઈનું માથું કયાં એમ અસ્તોવ્યસ્ત અવયવો પડેલા હોય છે. એ બધા સમૂહમાંથી અમુકનું ધડ કે માથું ન જણાતું હોય તો તે મરી ગયો છે કે જીવતો છે તે સમજાતું નથી; તે ઉપરથી ) સમજ પડે તેવો આધાર અથવા પાયો.

**ધડીમલો લેવો,** ધડ ધડ કુટવું.

**ધડે બેસવું,** પડી ભાગવું; ભાગી પડવું; પાયમાલ થવું; ખરાબખસ્ત થવું; ધબ્બાયનમ; થઈ જવું; ઘણીજ ખરાબ હાલતથવી.

**ધડે રહેવું,** ઠેકાણે રહેવું; અસલ સ્થિતિ કે મર્યાદામાં રહેવું.

‘ અનાજનો ભાવ ધડે રહ્યો છે. ’

**ધતપર બેસાડવું—મારવું,** ન લેખવવું; ન ગણકારવું; તુચ્છ ગણી કાઢવું. ( તુચ્છકાર–તિરસ્કારમાં વપરાય છે)

**ધબ્બાય નમઃ,** અટકાપડવું–પડી ભાગવું તે; કોઈ પણ ચાલતી ક્રિયા બંધ પડે છે ત્યારે એમ વપરાય છે.

૨. મરી જવું તે.

૩. ઠોઠ વૃત્તિનું થવું તે.

“ શેઠ, મમતે મુસલમાન ન થાઓ. આંખે ઝાંખ તો વળે છે ને પૂરૂં ધબ્બાયનમઃ કરવા બેઠા છો ?”

ભટનું ભોપાળું.

Gandhi Heritage Portal

**ધખી જવું,** મરી જવું.
 ૨. પડી જવું.

**ધમ ધોકો ને ચાપુ ચણા,** (ધમ દઇને ધોકો મારે અને તેથી જો રડે તો ચાપુ ચણા આપી ખુશ કરે તે ઉપરથી કોઈ બ્હાલું વાંકું ચાલતું હોય ત્યારે તેને સીધું કરવાના ઉદ્દેશમાં પણ મજાકમાં બોલાય છે.
 માર; ચૌદમું રતન.

"ધમ ધોકો ને ચાપુ ચણા આપ્યા સિવાય એ પાંશરો થવાનો નથી તો."

**ધમ પાંચશેરી લેવી,** (પાંચશેરીથી ધમધમ કુટવું તે ઉપરથી) ધમધમાવી નાખવું; સખત ઠોક દેવા.
 ૨. લોકોની નિંદા કરી કે કજીઆ વહોરી માથું કુટયાં કરવું.

"હું જરા આડો અવળો ચરકું તો મારી માધમપાંચશેરી લઈ બેસે એવી છે."

**ધમલો કુટવો, ધમપાંચશેરી લેવી** જુઓ.

**ધમી જવું,** ચોરવું; લૂટવું.

**ધર્મનો કાંટો,** જ્યારે ઓછા વત્તા વજનના સંબંધમાં બે જણ વચ્ચે વાંધો પડે–તકરાર થાય ત્યારે ચોક્કસ વજન ઠરાવવા કોઇ અમુક જગોએ જ્યાં કાંટો રાખેલો હોય ત્યાં જઈ તોળાવેછે. તે તોળાવનાર પાસેથી જે પૈસા લેવામાં આવે છે તે ધર્માદા કામમાં વપરાયછે. એવો જે કાંટો તે ધર્મનો કાંટો કહેવાય છે.

**ધર્મશાળાનો ઉમરો,** વેશ્યા કે સાધારણ સાર્વજનિક મકાન.

**ધરદહાડેથી,** પ્રથમથી; મૂળથી; શરૂઆતથી; પહેલે ધરથી.

"ધર દહાડેથી મેં તને કહ્યુંજ હતું તો; પછી પસ્તાઉં તે હું શું કરૂં ?"

"વ્હાલાજીરે ધર દહાડાથી જાણ્યું નહિ તે થયો અતિશે અનર્થ, વ્હાલાજીરે. હાવાં"

દયારામ.

**ધરતીપર પગેય ન મૂકે,** જે માણસ ગર્વિષ્ટપણામાં ઊંચો ને ઊંચો રહેછે, તેને વિષે બોલતાં વપરાય છે.

"મૂળ તો મિજાજી છે ને જો પાંચ પચીસ રૂપિયાની નોકરી મળે તો ધરતીપર પગેય ન મૂકે."

"ધરતીપર જો પગ મૂકેતો, મૂછ નીચી થઈ જાય, એવું સમજે છે ગર્વિષ્ટ, પોતાના મનમાંય; બે આંગળ છે સ્વર્ગ બાકી ત્યાં ધરતીનું શું કે'વું, આભ ફાટયો ત્યાં કેવી રીતે, જઇને થીંગડું દેવું"

પ્રાચીન કવિતા.

"પગ ધરતીપર નવ ધરતા, પાપ બાંધતા રે; વળિ આંબળિઆં છે, જીવડા જાવું છે. જાણજે"

બો. ચિ.

"લાખ વગર લેખાં નવ કરે, ધરતી ઉપર પગ નવ ધરે; ધામ વિષે પણ ન મળે ધૂળ, એતો ફૂલાભાઈની ફૂલ."

કાવ્યકૌસ્તુભ.

**ધરતીનો છેડો,** આડો આંક; હદ. બહુ થયું, એવા અર્થમાં વપરાય છે.

જ્યારે કોઈ માણસ છેલ્લે પાટલે જઈ બેસે અથવા હદ ઉપરાંત ન બોલવા જેવું બોલે ત્યારે કહેશે કે ભાઈ, હવે ધરતીનો છેડો આવી રહ્યો, બહુ થયું, બસકારો. હવે બહુ કહેવામાં માલ નથી.

**ધરતીમાં પેસી જવું,** અદૃશ્ય થવું; દેખાતું બંધ થવું.

"તેને એટલી તો શરમ લાગી કે જો તે વખતે ધરતી માર્ગ આપે તો તે માંહે પેસી જાય."

કરણઘેલો.

જ્યારે કોઇએ કંઈ હીણું કર્મ કર્યું હોય અને તે વિષે તેના મનમાં ઉગ્ર લાગણી થઇ આવે ત્યારે તે કહેશે કે ધરતી માતા માર્ગ આપે તો માંહે સમાઈ જાઉં. (શર-

Gandhi Heritage Portal

મને લીધે લોકોને પોતાનું મોઢું નહિ બતાવવાની ઇચ્છાથી.)

**ધરમડાંડીઓ,** જેટલી દોરી હોય તેટલી તમામ દોરી મૂકી દઇને માત્ર એક ર્હેલ જોવાનેજ માટે જે દોરીનો આખરે છેડો મૂકી દેવામાં આવે છે તેવી દોરીવાળો ઊંચો આસ્માન પર ડોલતો ડોલતો જતો જે કનકવો તે.

૨. ધર્મને બહાને પાપ કરનારો.

**ધરમ ધક્કો,** ફોકટ ફેરો; વગર ફાયદાનો-નકામો ફેરો. ફેરાનું ફળ ન મળે ત્યારે એ-શબ્દ વપરાય છે. (ધર્માદાના કામમાં ખાધા હોય તેવો ધક્કો)

**ધરમ ફરી વળવો,** સારી ચાલ ચાલવાથી પરમેશ્વરે બદલો વાળવો.

**ધરમરાજાનો ગોળ,** ધર્માદામાં વહેંચાયેલો મફતનો ગોળ તે ઉપરથી વગર યત્ને મળેલો ફાયદો.

"ધરમરાજાનો ગોળ કોને ન મીઠો ન લાગે ?"

૨. ધર્મરાજા જેવા કુડકપટ વિનાના માણસને વિષે પણ બોલતાં વપરાય છે.

**ધરમસંકટ,** (ધર્મના કામમાં જે સંકટ આવી પડે તે) ઉપાધિ પરત્વે આવી પડેલું મોટું સંકટ. **બ્રહ્મ સંકટ** પણ કહેવાય છે.

**ધરાબોળ જવું,** રેલછેલ થવી; સમુદ્રે મર્યાદા મૂકવી; પ્રલય થવો; બધું નાશ પામવું; પૃથ્વી રસાતાળ જવી; ગજબ થવો.

૨. નસંતાન જવું; ઉછેદિયું થવું; વંશ ડુલી જવો. (ઘરના સંબંધમાં-લાક્ષણિક)

**ધરામાં નાખવું,** નુકસાનના મોટા ખાડામાં નાખવું; ખાડામાં નાખ્યું હોય એવી દુર્દશાએ પહોંચાડવું.

**ધરામાં પડવું,** (ધરો–મોટા ખાડો) ધરામાં પડયો હોય તેમ દેખાતું બંધ થવું અથવા દુર્દશાને પામવું. આ પ્રયોગ વિશેષે આજ્ઞાર્થમાંજ વપરાય છે અને કોઈના વિષે બેદરકારીમાં જવાબ આપતાં બોલાય છે.

"ન આવે તો પડ ધરામાં જઇને.'

**ધરી ઝીલવી,** કોઈનું ગાડું-કામ ચાલે એવી રીતે આશ્રય આપવો; આધારભૂત થવું.

'અમારે કોઈ ધરી ઝીલનાર નથી. (ધરી ઝીલનાર બળદ હોય તોજ ગાડું ચાલે છે તે ઉપરથી.)

**ધરો કરવી,** મુએલા માણસની પાછળ શ્રાવણ કે ભાદરવા માસમાં જે ક્રિયા કરવામાં આવે છે તે.

**ધર્યું રહ્યું,** પડી રહ્યું; મૂકી દીધું; રહેવા દીધું.

૨. દીસતું રહ્યું.

"ધર્યું રહ્યું નહિ થાય તો હું કેમ કરૂં?"

"ધેનુના મુખમાં ધર્યાં રહ્યાં તણખલાં,
હાંરે નાગ ડોલે નવે કુળ દહાડી;
અથાહ નાદ આ તે કેવો રે,
હાંરે વાલીડે વાંસળી વગાડી.

બો૦ ચિ૦

**ધવતવળવી,** ધવ-પુષ્ટિ-કાંતિ-તેજ આવવું; સ્થિતિ સુધરવી. (તનની કે ધનની.)

'એને તાવ આવી ગયા પછી ધવત વળતી નથી."

**ધાડ મારવી,** ધાડ મારવા જેવું પરાક્રમ કરવું; ધાડ મારી નામના કરવી; એકાદું મોટું કામ કરવું.

"એમાં શી તેં મોટી ધાડ મારી તે આટલું તાન ચઢે છે."

"શું તમારૂં કશું ચાલ્યુંજ નહિ! પોતાની દિકરીને પણ તમે ઘેર લાવી શક્યા નહિ ત્યારે તમે શી ધાડ મારી?"

મણીમોહન.

**ધાણીદાળિયા થવા,** (ચૂડાના) તતડીને ચૂડાપરથી છોડાં ઉખડવાં, (ધાણી–દાળ તતડે છે ત્યારે તેનાપરથી છોડાં ઉખડી જાય છે તે ઉપરથી.)

Gandhi Heritage Portal

**ધાણીદાળિયા જૂદા થવા,** યોગ્ય સંબંધ તૂટવો; પ્રીતિ તૂટવી; અણબનાવ થવો. (ધાણી અને ચણાની દાળનો જે સંબંધ તે તૂટવો તે ઉપરથી.)

**ધાણી ફુટવી,** ધાણી શેકાય છે ત્યારે જેમ એક પછી એક એમ ફટફટ અવાજ થઈ ફૂટે છે તેવીજ રીતે કોઈ માણસના મોંમાંથી એક પછી એક પટપટ અસરકારક શબ્દો બહાર નીકળતા હોય ત્યારે કહેશે કે તેની બોલવાની છટા કેવી સરસ છે? એક પછી એક શબ્દ એના મોંમાંથી નીકળે છે તે જાણે ધાણી ફૂટી.

**ધાણી શેકવી,** જુલમ કરવો, સંતાપવું; થકવવું.

**ધાપ મારવી,** આડો અવળો હાથ મારવો; અયોગ્ય રીતે સારી પેઠે કમાવું.

"મને તો લાગે છે કે પોતાનો હાથ ભીડમાં છે તેથી ધાપ મારી હશે."

એ બહેનો.

**ધારપર આવવું,** સખત અમલ કે વ્યવસ્થા તળે આવવું; ઘણી જોખમ ભરેલી સ્થિતિમાં આવવું.

૨. પાંશરૂં થવું; સુધરવું; ઠેકાણે આવવું.

**ધારપર રહેવું,** ઘણી જ સંભાળથી રહેવું; જીવ જોખમાય એવી સ્થિતિમાં રહેવું; સખત અમલ નીચે રહેવું. ( તરવારની ધાર પર રહેવું ઘણું જોખમ ભરેલું છે અને એવી વેળાએ ઘણી સંભાળ અને ખબડદારી રાખવી પડે છે તે ઉપરથી.)

**ધારાવાડી દેવી,** ( પાણીની ) જમવાનું શરૂ કરતાં અગાઉ બ્રાહ્મણોમાં આચમન કરવાનો અને ભાણાની આસપાસ પાણીનું કુંડાળું કરી તે ઉપર પાંચ કોળીઆ છેટે મૂકવાનો રિવાજ છે તેને ધારાવાડી દેવી કહે છે. એ રિવાજ શાસ્ત્રવિધિએ કરવાનો છે.

૨. (દૂધની) નવા ઘરનું વાસ્તુપૂજન થતું હોય ત્યારે બ્રાહ્મણો તે ઘરની આસપાસ સુતર વીંટી તે ઉપર દૂધની ધારા કરે છે તેને પણ ધારાવાડી કહે છે; અથવા માતા, બળિયાકાકા વગેરેની આસપાસ જે દૂધનું કુંડાળું કરે છે તેને પણ કહે છે.

૩. (ઘીની) ગણેશ બેસાડે છે ત્યારે ગોત્રજ દેવા આગળ આવા ⋃ આકારમાં સુતર ચોંટાડી વચ્ચે ઘીના રેલા ઉતારે છે તેને પણ ધારાવાડી દેવી કહે છે.

**ધાર્યું તીર વાગવું,** ધારેલા અર્થની સિદ્ધિ થવી; નશીબ અનુકૂળ હોવું.

**ધાર્યો પાસો પડવો,** નશીબ અનુકૂળ હોવું; ધારણા સફળ થવી.

"કારભારીનો છેલ્લો પાસો ધાર્યો ન પડયો તે નિરાશ થયો."

સરસ્વતીચંદ્ર.

**ધીગતી સગડી,** અતિશય ચિંતા; કાળજાની બળતરા. **ધીગતી શગડી છાતીએ બાંધી છે** એટલે સગડી જેમ ધીક્યાં કરે છે તેમ છાતી પણ ચિંતાથી બળ્યાં કરે છે.

**ધૂણી ધાલીને બેસવું,** ઘણા જ આગ્રહથી માગવા બેસવું; એક નિશ્ચય કરી–લાંબી પથારી કરી માગવા બેસવું. ( સાધુ લોકો ધૂણી ધાલી ઘણી મુદત સુધી રહે છે તે ઉપરથી લાક્ષણિક.)

**ધૂણીપાણીનો સોબતી,** પૂર્વના ઘણા જ ધાડા સોબતી.

( એમ કહેવાય છે કે પૂર્વ જન્મે એક ગુરૂ હતો અને બીજો શિષ્ય હતો. એ તેને માટે ધૂણી સળગાવતો અને પાણી લાવી આપતો; એ જ બંને જણનો આ જન્મે પણ સંબંધ થયો છે એમ આ પ્રયોગનું સૂચન છે. જ્યારે કોઈબે માણસો ઘણી જ ધાડી મિત્રતાનો સંબંધ ધરાવતા હોય ત્યારે તેમને વિષે બોલતાં વપરાય છે.)

**ધૂણીસંસ્કાર,** સર્જીત; ઘણી જ ધાડી મિત્રતા અથવા પૂર્વનો ઘણો જ ધાડો સંબંધ.

**ધૂત એ કરવું,** તિરસ્કાર કરવો; માનભંગ કરવું;

Gandhi Heritage Portal

તિરસ્કારની નજરે જોવું; હાડછેડ કરવી.

**ધૂતારપાટણ,** જુઓ ઠગપાટણ.

"આ ગામ ધૂતારપાટણ લાગે છે. આ સોનીને ઓળખતો નથી તેમ જ સાંકળી કરવાનું કહ્યું નથી તેમ છતાં તે સાંકળી આપી ચાલ્યો ગયો."

પાંચાલીપ્રસન્નાખ્યાન.

**ધૂમાડાના ગોટા,** વૃથા-મિથ્યા એવું જે કાંઈ તે. મિથ્યા એવો જે આ દેહ તેને વિષે બોલતાં પણ વપરાય છે.

"ગજીઆણી મુમની ને દોરીઓ પહેરો,
ઝીણા ઓઢોને શાલજોટા,
ટકા તે ગજની ખાધીરે પહેરો,
અંતે ધૂમાડાના ગોટા—વિચારી જૂઓ
ન જાણશો જે અમે મોટા."

કવિ બાપુ.

**ધૂમાડામાં મળી જવું,** (ધૂમાડામાં મળી ગયેલું કશું હાથ ન આવે તે ઉપરથી) વ્યર્થ જવું; નિરૂપયોગી થવું.

"મારા કરેલા સઘળા પ્રયત્ન ધૂમાડામાં મળી ગયા."

**ધૂમાડીના બાચકા-મૂઠી,** ધૂમાડીમાં બાચકા ભરવા જેવો વ્યર્થ પ્રયાસ; ફળ વગરની મહેનત; મિથ્યા યત્ન; ફાંફાં.

૨. અંતે સત્ય નહિ તે; જૂઠું. (અધ્યાત્મ પ્રકરણમાં.)

"ધૂમાડાની મૂઠી જેવી ઠાલી ડમ,
ગાંધર્વ કેવી નગરી તો ખાલી ખમ;
એમ સકળ જગત કેરૂં જૂઠું સુખ,
અરેરે આ તો દીસે છે દુઃખ દુઃખ."

રૂષિરાજ.

"જેવો ધૂમાડાના બાચકા,
તેવા સકળ સંસાર."

પ્રેમાનંદ.

**ધૂમાડો કાઢી નાખવો,** ધૂમાડો કાઢી નાખવાના ત્રણ ઉપાય છે. એક તો દાઝયાની બીક ન રાખતાં લાકડાને ઉંચકી ફેંકી દેવું; બીજું ફૂંકી ફૂંકીને બળતું કરવું ને ત્રીજું-પાણી રેડવું, તે ઉપરથી તેના અનુક્રમે અર્થ કરવા જઇએ તો ખરાબ કરવું; ઉંચકીને ફેંક્યું હોય એવી દશાએ પહોંચાડવું, અથવા બીજી રીતે પાછળ-ખંતે પડી સતાવ્યાં કરવું કે એમ નહિ તો ત્રીજું કોઈ પણ ઉપાયે-ઠોક દઈ શાંત કરવું એમ થાય તે ઉપરથી આ પ્રયોગ ઠોક દેવા, ધમકાવવું, અથવા ધમકાવી નરમ પાડવું, એવા સાધારણ અર્થમાં વપરાય છે.

ધુંધવાતાપણું જતું રહે એવી તજવીજ કરવી; માર મારવો અથવા માર મારી હલકું કરવું.

**ધૂળ ઉડવી,** ઉજડ પડવું, "જે જગાએ પ્રથમ રાજાની હવેલી હતી તે જગાએ હાલ ધૂળ ઉડે છે."

**ધૂળ ઉડી જવી,** "ધોલ મારી તો ધૂળ ઉડી ગઇ એમ માનવું" એટલે સઘળું અપમાન સહન કરવું.

૨. ખરાબખસ્ત થવું.

૩ મિટ્ટીમાં મિટ્ટી મળી જવી.

**ધૂળ કર્યું,** કાંઈજ ન કર્યું હોય સારે એમ બોલાય છે.

૨. ધૂળ જેવું નકામું કર્યું.

**ધૂળ કાઢી-ખંખેરી—ઝાટકી નાખવી,** ખૂબ ધમકાવવું; ગભરાવવું, પત્તર રગડી નાખવી.

"તેને પાછો તો આવવા દો- જો તમે કશું નહિ કહેશો તો હું તેની ધૂળ કાઢયા વિના કદીજ રહેવાની નથી.

\+ × × × × +

જુએદીનો મિજાજ છેકજ જતો રહ્યો, મશરૂરે ધાત્રીને બોલવા ન દીધી અને ધૂળ ઝાટકી."

અરેબિયનનાઈટ્સ.

૨. માર મારી હલકું કરવું.

Gandhi Heritage Portal

૩. (માથાની) માથેથી જોખમ ઉતારી નાખવું.

૪. (પગની) જવા આવવાનો કે સામેલ થવાનો સંબંધ કાઢી નાખવો.

**ધૂળ ખાવી,** એમ મનાય છે કે જેવું ધાન્ય ખાય તેવો અક્કલ આવે; તે ઉપરથી ધૂળ ખાવાથી ધૂળ જેવી અક્કલ–હોંશિયારી આવવી–થવી.

"તમે એમ જશો એટલે હું જમપુર ભણી જઇશ. તમે તો અન્ન ખાઓ છો અને અમે તો ધૂળ ખાતાં હોઇશું નહિ વારૂ? પણ હું ત્યાં સુધી તો તમારી સાથેજ આવુંછું. પણ મારે જેમ કરવું હશે તેમ કરીશ."

૨. અઘટતું બોલવું કે અઘટતું આચરણ કરવું.'

અમસ્તો શું કરવા ધૂળ ખાય છે.

૩ પસ્તાવું. 'ધૂળ ખાવા એમ કર્યું હતું ત્યારે?'

**ધૂળ ઘાલવી,** ખરાબ કરવું; ઝાંખ લગાડવી; વણસાડવું.

"કુળમાં ધૂળ ઘાલી ત્યાં શું ? ક્ષત્રીપણું પરવારી ગયું."

પ્રતાપ નાટક.

**ધૂળ ચાટતું કરવું,** હેઠે પાડી ધૂળની સાથે રગદોળવું; મરણતોલ કરી નાખવું.

'એ ઘણો બળિયો છે. એણે તો અનેક વાઘોને ધૂળ ચાટતા કીધા છે."

દિલ્લીપર હલ્લો.

**ધૂળ જવું,** વ્યર્થ જવું; બગડવું.

"કરી કારવી મહેનત બધી ધૂળ ગઈ."

**ધૂળધમાસાની,** નજીવી—માલ વિનાની. (વાતો) **ધૂળ ગજાની વાત, ધૂળ ધમાસો** એમ પણ વપરાયછે. 'ધૂળ ધમાસાની વાતમાં તકરાર કરી બેસે છે.'

**ધૂળધાણી વા–રાખપાણી,** છેક નકામું–બરબાદ—ખરાબખસ્ત થયું હોય તે.

"ઘાત કરી જાણે વિશ્વાસઘાતકી ને,
કરે ધૂળધાણી રાંક કેરૂં કાજ;
એ તો જમના ઘરાક,
સંતો જાણજોરે."

ઓ. ચિ.

**ધૂળધાણી કરવું** ધૂળ મેળવવું; નુકસાન કરવું; જાન કરવું; ખરાબ કરવું.

"ધારણા ધૂળધાણી કરી નાખી,
ધરણીપતે ધરી ધીર;
વેગે વળવા વિચાર કરતો,
ઘર ભણિ ગુણ ગંભીર."

માંધાતાખ્યાન.

**ધૂળધાણી થવું—થઈ જવું,** બગડી જવું. ખરાબ થવું; પાયમાલ થવું; નકામું થઈ જવું.

"અકરમીને અમૃત લાધ્યું,
પીતાં આળસ આણીરે;
ઢળી ગયું રૂવે કુશકે,
કામ થયું ધૂળધાણીરે."

દયારામ.

**ધૂળ નાખવી,** (નામપર) બળ્યું એતું નામ–મોઢું, એમ ધિક્કારમાં બોલાય છે. **ધૂળનાખી** એટલે બળ્યું; હશે; દીસતું રહ્યું.

"દળવું, ખાંડવું આદિ સર્વ કામ સુંદરની કને કરાવે–કરાવે તો ધૂળ નાખી, પણ કર્યા પછી જશ ને ઠેકાણે જુતીઓ આપે."

સાસુવહુની લઢાઈ.

૨. (પાટીપર) ભણતાં આવડવું. 'પાટીપર ધૂળ નાખી છે?' એટલે ભણ્યોછે? હાલની પેઠે જ્યારે સ્લેટો વપરાતી નહોતી ત્યારે પાટીપર ધૂળ નાખી ભણતર ચાલતું હતું તે ઉપરથી)

૩. (ભાણામાં) ખાણું ખરાબ કરવું.

૪. (ધોળામાં) ઘડપણને લાંછન લગાડવું. ઘડપણ સુધી જાળવેલી કીર્તિ ઝાંખી કરવી.



Gandhi Heritage Portal

"રડ્યા પુરૂષો બુઢ્ઢાપણે શિદ ધોળામાં ધૂળ નાખતા હશે ?"

મણિ અને મોહન.

**ધૂળને પાડે,** નજીવી. કિમતે; ધૂળ જેવા મૂલે. **ધૂળની કિમત** પણ વપરાય છે.

'તેનો ઘણો વખત ધૂળની કિમતે જાય છે.'

"જો તેનો છૂટકો કરવાનો ઉપાય લઈ શકતા નથી તો લેણદાર તેમને ત્યાં જપ્તિ લઈ જાય છે, અને માલ ઉપર ટાંચ લાવીને ધૂળને પાડે લીલામ કરાવી દેણદારની ખરાબી કરી મૂકે છે."

દે. કા. ઉત્તેજન.

**ધૂળને પેઠે ઘાલવું,** મહેણાં-ડામ દઇ ધમકાવી હલકું પાડવું; શરમીંદુ કરવું-ઉડતાવી નાખવું; ઉતારી પાડવું; પત્તર રગડી નાખવી.

**ધૂળપટ્ટી કરવી,** ધમકાવવું; બેઆબરૂ કરવી; ધૂળ કાઢી નાખવી.

**ધૂળ પડવી,** (જન્મારામાં, ધોળામાં) ઝાંખવળાવી (ધિક્કારમાં બોલાય છે.)

"એ બોલવામાં ધૂળ પડી સમજવું. એના કરતાં ન બોલે તો સારૂં."

સાસુવહુની લઢાઇ.

**ધૂળ પર ઠેકા,** ઉપર ઉપરની ટાપટીપ-માંહે કાંઇ નહિ; નામોશી.

**ધૂળ ફકાવવી,** દરકાર નહિ રાખવી; પત ન કરવું; બેહાલ કરવું; ટેક ઓછો કરવો.

૨. પાછળથી પસ્તાય એમ કરવું.

૩. બેહાલ કરવું; ધૂળ ફાકતું કરવું; ખરાબખસ્ત કરવું.

"કેટલીક સ્ત્રીઓની પાછળ પડી તેને ફસાવી તેના ઘરમાંથી કઢાવી, વેશ્યા બનાવી આખરે ધૂળ ફાકતી અને ભિક્ષા માગતી કરી દીધી હશે."

મણિ અને મોહન.

"આઠ બરકમદાર, ચાર તીરકામઠાંવાળા અને બીજા છ આઠ હથીઆરવાળા હતા, તોપણ તે બધાને ધૂળ ફકાવી હરામખોરો માલ તફડાવી ગયા."

પ્રતાપનાટક.

**ધૂળ ફાકતું જવું,** નિરાશ થઇ-પસ્તાવો પામી પાછું જવું.

**ધૂળ ફાકતું-થઈ જવું,** ખરાબખસ્ત કરવું; બેહાલ, કરવું; ખાધાના સાંસા પડે એવી દશાએ પહોંચવું.

"તે બિચારો વેપારી હવે ધૂળ ફાકતો થઈ ગયો."

**ધૂળ ફાકવી,** ટેક ખોવો કે જતો રહેવો; ધૂળ ફાકીને પસ્તાવો દેખડાવવો.

"કે' વ્હાલા ક્યાં જાઉં, ધૂળ ફાકું હું વિરામ કયાં પાઉં."

નર્મ કવિતા.

**ધૂળ ફાકેછે (બધા,)** મતલબ કે એ બધાની કોણ દરકાર રાખે છે? એ શું કરવાના છે?

૨. વલખાં મારે છે. 'જેમ છોકરાં થવા સારૂ તે બિચારો ધૂળ ફાકે છે.'

**ધૂળ ભેગું કરવું,** જમીનદોસ્ત કરવું; મારી તોડી હેઠે પાડી ધૂળની સાથે રગદોળવું.

"અમે અમારા ઘોડા એની પાછળ મારી મૂકયા પણ અમરનો ઘોડો તેણે મોટા હરણને ધૂળ ભેગો કરેલો તે તે ઠામેજ અટકયો."

પ્રતાપનાટક.

"જાણતી નથી કે મિજાજ જશે તો ધૂળ ભેગી કરી નાખીશ"

ભામિનીભૂષણ.

**ધૂળ મળવું,** વ્યર્થ જવું; ઉપયોગમાં ન આવવું; ફના થવું; બગડવું; ખરાબ થઈ જવું;

"આ ડહાપણ તારૂં મળ્યું ધૂળમાં, ચૂલે પડી ચતુરાઈ; તું સેવા સ્મરણમાં ન

Gandhi Heritage Portal

સમજ્યો, અન્ન બગાડયું ખાઈ રે"— ચેત ચેત.

દયારામ.

"દિકરા સત્યાનાશ ગયું! તેં સુલતાનના વચનપર ભરોંસો રાખ્યો છે. પણ હવે બધું ધૂળ મળી ગયું?"

અરેબિયનનાઈટ્સ.

"વાત તો ખરી છે જે યુધિષ્ઠિરનું ધૂળ મળી ગયું છે ને ત્યાંથી તેના આશ્રિતો રખડતા થયા છે."

દ્રૌપદીદર્શન.

**ધૂળ મેળવવું,** નુકસાન કરવું; ખરાબ કરવું. ફના કરવું; વ્યર્થ કરવું.

"પોલીકિસનીજના ગયા પછી તે બોલી કે એણે આપણું ધાર્યું ધૂળ મેળવ્યું,"

શે. કથાસમાજ

**ધૂળ વાળવી–ફેરવવી** ( ઉપર ), વ્યર્થ કરવું; પાણી ફેરવવું; બરબાદ કરવું; ફોકટ જાય એમ કરવું.

"એ મહાત્મા મારો ગુરૂ છે, બંધુછે, ઈષ્ટ મિત્ર છે અને મારો પ્રાણદાતા છે; પણ મેં પાપીએ તે બધા ઉપર ધૂળ વાળી છે."

બ્રહ્મરાક્ષસ.

**ધૂળથી ભુંડું કરવું,** છેક હલકું કરી નાખવું; છેકજ માનભંગ કરવું; ખુબ ધમકાવવું.

**ધૂળમાં જવું,** વ્યર્થ જવું; બગડવું. ધૂળ જવું પણ બોલાય છે.

"હવે ઘેર જઇએ તે તો ખોટું; આટલી બધી તાલમેલ લગાવી તે તો ધૂળ જાય"

સરસ્વતીચંદ્ર

**ધૂળમાં મળી જવું,** ખરાબખસ્ત થવું; પાયમાલ થવું; છેક નષ્ટ થવું; નાશ પામવું.

૨. મરી જવું.

**ધૂળમાંથી સોનું મળવું,** અણચિંતવ્યો લાભ થવો; ધૂળ જેવી નજીવી બાબતમાંથી પણ મોટો લાભ થવો.

**ધોઇ નાખવું,** કૂટવું; માર મારવો; મારી મારીને અશક્ત કરવું.

૨. પાણી ફેરવવું; વ્યર્થ જાય એમ કરવું; વહ્યું જાય એમ કરવું.

૩. ( વૃત્તિને ) મનમાંથી હાંકી કાઢવી; નિરાશાને ધોઈ નાખવી.

૪. ઠોક દઈ–નિંદા કરી માન ઘટાડવું.

"હાય હાય? તમારા માંહેલા એકનું મૃત્યુ પણ થયું હશે તો તમને સઘળાંને છોડાવ્યાની ખુશીને ધોઈ નાખવાને બસ છે"

અરેબિયનનાઈટ્સ.

**ધોઈ પીવું,** ધોઈ પીવાના કામમાં પણ ન આવે તેવું નકામું રાખી મૂકવું. 'ધોઈ પીજે ન આપે તો.'

૨. ન લેખવવું; ન ગણકારવું; હિસાબમાં ન લેવું; અખાડા કરવા; સાંભળેલું બેદરકારીથી બીજે કાને કાઢી નાખવું. ( લાક્ષણિક )

**ધોઈ વાળવું,** દાબડદુબડ કરી માંહોમાંહે માંડી વાળવું; ભૂસી વાળવું; વેરી મારવું; પતાવવું ( રહેમ નજરથી ); જાણે કાંઇ થયુંજ નથી એમ દરગુજર કરી ઉડાવી દેવું.

**ધોતીઆં ઢીલાં થઇ જવાં,** બ્હેબાકળું થઈ જવું; ગભરાટથી નબળું પડી જવું; ડરથી હબકી જવું; કાળજું ધડકવું.

**ધોતીઆં લેવાઇ જવાં–છૂટી જવાં,** ગભરાઈ જવું; ભયથી શીયાંવીયાં થઈ જવું; ભયભીત થવું.

"તેનાં ધોતીયાં લેવાયાં ભાઈરે હવે કયાં નાસી ભરાશે ભાઈરે–તેનો

નર્મકવિતા.

"બ્રાહ્મણભાઈનાં ધોતીઆં છુટી ગયાં. કુહાડા બુહાડા પાસે હતા તે જ્યાં ત્યાં ફેંકી દીધાં ને પોક મૂકવા મંડ્યા."

સાસુવહુની લઢાઈ.

Gandhi Heritage Portal

"દુસ્મનના હુમલાથી તેમનાં ધોતીઆં છૂટી જાય ને પાધરા નાસે."

વનરાજ ચાવડો.

**ધો ધોવા,** ધોબી ધુએ છે ત્યારે લૂગડા ઉપર લાકડાના પાયાથી ઠોક દે છે તે ઉપરથી) ઠોક દઈ હલકું પાડવું; ખુબ ધમકાવવું.

૨. માર મારવો.

**ધોમ ધખવો,** અતિશય ગુસ્સે થવું. (પ્રાચીન કવિતામાં).

"દિલથી કોપ્યો દિલ્લીનો પાદશાહ, ધોમ ધખિયો અપારરે."

ભોજોભક્ત.

**ધોયલો કાઢવો,** (અડદના લાડવાને ધોયલો કહે છે તે ઉપરથી) અડદાલો કાઢવો, સખત માર મારવો.

૨. અતિશય કામ કરાવીને થકવી દેવું.

૩. ખૂબ ધમકાવવું; ઠોક દેવા.

**ધોયલો પાક આપવો,** સખત માર મારવો. (વાંકામાં)

**ધોયલો મૂળો,** (મૂળો સ્વચ્છ, ધોળો અને સરસ દેખાતો પણ ખાતાં–અનુભવતાં તો પોલો અને તીખો હોય છે તે ઉપરથી)

ઉપર ઉપરથી ભપકો બતાવનાર; ખાલી આડંબર કરનાર; ઈંદ્રવાયણું; ખિસ્સા ખાલી પણ ભરમ ભારી, એવી જેની પ્રકૃતિ છે તે. બહારથી સારૂં દેખાડી અંદરથી ભપકો રાખનાર; માલમતા ન હોય એવો. પૈસે ટકે ખાલી હોવા છતાં ઈશકી લાલ થઇને ફરે તે. 'છોયલો કુવો ને ધોયલો મૂળો એ કહેવત છે.'

૨. સગાંવહાલાં વિનાનો એકલો; ડાંડ.

"ભલાં હોય છે તે બધાંને ભલાં દેખે છે. અફીણનું ફુલ ઉપરથી લાલચોળ હોય છે. પણ ભીતરમાં ઝેર હોય છે. તેમ કેટલાક બગધ્યાની ઉપરથી ધોયલા મૂળા જેવા પણ અંદરથી ઘણા પાપી હોય છે."

નળદમયંતી નાટક.

**ધોયલું મોતી,** સુંદર ખીલતા ચહેરાનું માણસ.

**ધોવાઈ જવું,** વ્યર્થ જવું; બરબાદ જવું; નિરર્થક જવું; અર્થ રહિત થવું; ઉપર પાણી ફરવું.

"મુઓ, આ છૈયો–પેલાના ખોળામાંજ જઇને બેસે છે. આવું વચન એકવાર તેના મુખમાંથી નીકળી ગયું તે ડોશીને કાને પડયું અને ગુમાન મોંની મીઠાશ રાખતી તે પણ ધોવાઈ ગઈ."

સરસ્વતીચંદ્ર.

૨. (શરીર) નબળું પડી જવું, તવાઈ જવું; નીચોવાઈ જવું; લોહીનું પાણી થઈ જવું.

૩. (મહેનત) ઉપર પાણી ફરી વળવું; વ્યર્થ જવું.

"બાળકો બેહાલ થાયે,
દેશ ડૂબી જાયે;
ધર્મ ધોવાઈ ગયો,
એ તે કયમ સંખાયે."

બાળલગ્નબત્રીસી.

**ધોળકું કરીને આવવું,** નકામો–ફોકટ ફેરો ખાઇને આવવું; કાંઇ કામ કર્યા વિના પાછું આવવું. 'એ તો ભટનું ધોળકું કરી આવ્યો.' (સંદેશો લીધા સિવાય ભટ ધોળકે ગયો હતો તે ઉપરથી.)

**ધોળકું ધોળવું,** અજવાળું કરવું; ફાયદો કરવો–કરી આપવો.

૨. કાંઈ સારૂ કામ ન કર્યું હોય ત્યારે વાકામાં વપરાય છે.

"નાગરિકા–તમે શું ધોળકું ધોળી આવ્યા તે; જુઓ હું તો આ પ્રમાણે સહુ સિદ્ધ કરી આવી. હવે જા અને દેવનું મન મનાવ."

સત્યભામાખ્યાન.

**ધોળાપર કાળું કરવું,** લખવું. (ધોળા કાગળપર કાળી શાહીથી)

Gandhi Heritage Portal

"ધોળાપર કાળું કરતાં આવડે છે કે નહિ?"

"હું તમને કદી નવ સંભારતો,
લાવતો ઘાસ મહિષી ચારતો;
નવ જાણતો ધોળા પર કાળો,
ભાભીએ મને કીધો ગોવાળો."

મામેરૂં.

"જે લોકને ધોળાપર કાળું કરતાં આવડતું નથી અને ધોળાપર કાળું કર્યાનું સમજાતું (લખેલું) કે વંચાતું નથી તે, પછી ગમે તે બીજા વ્યવસાયમાં નિપૂણ હોય તો પણ તેને અજ્ઞાની કહેવાનો ચાલ પડી ગયો છે."

સં-મા.

**ધોળી આવવું,** કામ પાર પાડવું; ફાયદો કરી આપવો.

૨. કાંઈ સારૂ કામ ન કર્યું હોય ત્યારે વાંકામાં બોલતાં વપરાય છે.

**ધોળ્યું ને ઉઘડયું,** (વાંકામાં) કાંઈ સારૂં કામ ન કર્યું હોય ત્યારે એ વિષે બોલતાં વપરાય છે.

**ધોળે દહાડે,** બધા લોક દેખે તેવા દિવસના પ્રકાશમાં. 'ધોળે દહાડે ધાડ પડી.'

**ધ્રુવનો તારો,** અચળ એવું જે કાંઈ તેને વિષે બોલતાં વપરાય છે.

"છોકરી જુદી પડી જાય તો શેઠાણીથી રહેવાયજ કેમ? તે તો હૈડાનો હાર અને દુઃખમાં ધ્રુવનો તારો હતો."

## ન

**ન કરે નારાયણ,** કહું છું તે પ્રમાણે ઈશ્વર ન કરે પણ વખત છે. આ ઉપવાક્ય ભવિષ્યમાં બતાવનારી માઠી-અશુભ બાબતને વિષે બોલતાં વાક્યની આગળ મૂકવામાં આવે છે.

"મહારાજ, ન કરે નારાયણને-કદી પાછો પગ પડયો તો પર્વતના મથાળા ઉપર રહેલા આપણા ભીલો દુશ્મનના ટોળા ઉપર તીરનો અને પથ્થરનો વરસાદ વરસાવી મૂકશે."

પ્રતાપનાટક.

"ન કરે નારાયણ ને કંઈક થયું તો પછી શી વલે.?"

"ન કરે નારાયણ પણ કહો જોઇએ એ મરવા પડેલો બુઢ્ઢો કેટલા વર્ષ જીવવાનો છે.?"

મણિ અને મોહન.

**ન ધણીઆતું દુઃખ,** જેનું મૂળ ન માલમ પડે એવું દુઃખ; જેના મૂળની કે ઉત્પત્તિની સમજ ન પડે એવું.

**ન ધણીઆતો ગોધો,** નિરંકુશ મસ્તાન માણસને માટે વપરાય છે; મરજી માફક મહાલ્યા કરે તે.

**નકટાની નાત,** નારાયણદર્શી ટોળું.

(કોઈ ચોરે ચોરી કરવાથી ન્યાયાધીશે તેનું નાક કાપવાની સજા કરી. જે વખત પેલો ધૂર્ત ચોર નાક કપાઈ જતાં કૂદવું, નાચવું, ગાવું, વગેરે ખુશીનાં ચિન્હો બતાવવા લાગ્યો તે વખતે તેથી આશ્ચર્ય પામતા લોકોએ તેને તેમ કરવાનું કારણ પૂછતાં ચોર કહેવા લાગ્યો કે નાકની અડચણ જવાથી હું તો સાક્ષાત્ નારાયણને દેખું-છું, તેમ તમે પણ કરો તો નારાયણનાં દર્શન થાય. આ ઉપરથી કોઈ અક્કલ વિનાના આદમીએ નાક કપાવી ચોરે તેને કાનમાં કહ્યું કે ચૂપ કર, નહિ તો મારી તારી બંનેની

Gandhi Heritage Portal

મશ્કરી થશે ત્યારે તે માણસ પણ સમજ્યો કે હવે નાક આવશે નહિ માટે મારે પણ કહેવું કે નારાયણનાં દર્શન થાય છે. એ ઉપરથી બીજાં માણસો પણ ભળવા લાગ્યાં. અને તે નારાયણદર્શી ટોળું અથવા નકટાની નાત એવા નામથી ઓળખાવા લાગ્યું. આ ટોળીએ અસંખ્ય માણસોને નકટાં કર્યાં તે ઉપરથી.) ખોટું ખોટું સમજાવી પોતાના જેવા બીજાને કરવાનો પ્રયત્ન કરનારૂં મંડળ.

**નકટીનું નાક કાપે એવું,** બુઠ્ઠું; ધાર વિનાનું (છરી–ચપ્પુ.) (નકટીને નાક હોય નહિ અને ચપ્પુ કે છરી તે કાપે નહિ તે ઉપરથી.)

**નક્કી થઈ જવું,** મરી જવું; મરણ પામવું; ઠાર થઈ જવું; ઠેકાણે થવું.

"એ ગરબડાટમાં એક ઝટકો લાગ્યાથી દેવળદેવી તો નક્કી થઈ જાત."

કરણઘેલો.

**નકો દામવો,** ઢોર નાસી ન જાય માટે તેને મોઢે મોહોરી ઘાલી તેનો છેડો આગલે પગે બાંધવો.

**નકોરડો ખેંચવો,** ફરાળ કર્યા સિવાય કોરેમોરો અપવાસ કરવો; કાંઈ ખાધું ન હોય તેવો ખરેખરો અપવાસ કરવો.

**નખ ખુંપવો,** કાણુ બેસવો; પ્રવેશ થવો.

**નખ જેટલું,** ઘણું નાનું–હલકું; વિસાત વિનાનું. (વસ્તુ, કામ, દેવું, વાંક, માણસ)

**નખ નખ બોલવું,** બહુ ઊંચે સ્વરે અને ગર્વિષ્ટપણે ઝડપથી બોલવું.

**નખથી તે શિખા સુધી,** આખે શરીરે, પગથી તે માથા સુધી; સર્વાંગ; રૂવે રૂવે.

"નખથી તે શિખા સુધી એને ક્રોધ વ્યાપ્યો."

"નખથી તે શિખા સુધી નરક ભર્યું છે; તે દેખી જોતાં દિલડુંરે, ગંદી દેહનો અભિમાન કુણ કરે."

ઓ. ચિ.

**નખપર દહાડા ગણવા,** અત્યંત આતુરતાથી આશા રાખવી–વાટ જોવી. (કોઈ વ્હાલાની.)

**નખમાં રોગ નથી,** તંદુરસ્ત માણસને માટે વપરાય છે.

**નગદ ઘરાક,** ખમતી આસામી; ટોટો કે નુકસાન ખમી શકે એવો. (નગદ–રોકડું એ ઉપરથી લાક્ષણિક અર્થે ચોખ્ખું.)

**નગદ થઇને બેસવું,** જેણે રોકડ રૂપિયા કબજામાં લઈ ગાંઠે કર્યા હોય એવા માણસને વિષે બોલતાં વપરાય છે; વળી જે પોતાની મિલ્કત ન દેખાડતાં રોકડા પ્રત્યુત્તર આપતો હોય તેવા–નાદારી બતાવનાર માણસને વિષે પણ બોલતાં વપરાય છે.

**નગદ નારાયણ,** જે પૈસાટકા વિનાનો કે મિત્ર વિનાનો કંગાલ પુરૂષ હોય તેને વિષે વાંકામાં બોલતાં વપરાય છે.

૨. રોકડ થાપણ જેની પાસે છે તે; ધનાઢ્ય; પૈસાદાર.

**નંગભારથી,** અક્કલ વિનાનો.

**નંદનું ગોકુળ,** છૈયાં છોકરાં, ચાકર નફર, ઢોર ઢાંખર, જ્યાં પુષ્કળ હોય એવું ઘર કે મિલ્કત.

**નજર ઉતારવી—વાળવી,**–નઠારી દ્રષ્ટિ પડી હોય તે ટુચકાથી મટાડવી.

**નજર ઉતારી નાખવી** એટલે મહેરબાની કમી કરવી; કૃપાદષ્ટિ ઓછી કરવી.

**નજર ટૂંકી છે.** બુદ્ધિ નથી દોડતી, લાંબી પહોંચ નથી; તર્કશકિત નથી.

૨. ઉદાર વૃત્તિ નથી; કંજુસાઈ—કૃપણતા છે.

**નજર ઘાલવી,** ધ્યાન લગાડવું; ચિત્ત પરોવવું; દષ્ટિ ફેરવવી.

**નજર ચૂકવવી,** ભૂલથાપ દેવી.

**નજર ન પહોંચવી,** દૃષ્ટિમર્યાદાની બહાર હોવું; (ઘણું ઊંડું; ઘણું લાંબું, અસંખ્ય,

Gandhi Heritage Portal

બહોળું વગેરે જે કાંઈ તે વિષે બોલતાં વપરાય છે. જેમ આ કુવામાં તો નાખી નજર પણ નથી પહોંચતી. )

૨. બુદ્ધિ ન ચાલવી; તર્ક ન પહોંચવો.

**નજર બગડવી,** અપ્રમાણિકપણે કોઈ કામ કરવા કોશીશ કરવી.

૨. આંખનો દુરૂપયોગ કરવો.

૩. અદેખાઈથી કોઇનું સારૂં જોઈ તે પોતાને નથી એમ જાણી તેનું લઈ લેવાની દાનત થવી.

**નજરનો ખોટો,** પાપી; નઠારી દૃષ્ટિનો.

૨. ચોર; અપ્રમાણિક.

૩. અદેખો.

**નજરમાં ઘાલવું,** કોઇને નુકસાન કરવાની તજવીજમાં રહેવું અથવા એવી તજવીજનો લાગ ખોળતા રહેવું.

"હા મહારાજ, મોટા દેવ, તમે મને નજરમાં તો ઘાલ્યો નથી ને!"

નળદમયંતી નાટક.

**નથુભાઈ જાણે,** હું કાંઈ જાણતો નથી એમ બેદરકારીમાં જવાબ આપતાં બોલાય છે.

**નથુશાઇ હીરો,** ઘણોજ ઉત્તમ–યશસ્વી માણસ, પણ બહુધા વાંકામાં મૂર્ખને વિષે બોલતાં વપરાય છે.

**નદીનાવનો સંજોગ,** એકબીજાને મળવાનો–એકાએક પ્રાપ્ત થયેલો જે શુભ યોગ તેને વિષે બોલતાં વપરાય છે.

**નનામી બાંધવી,** ઠાઠડી બાંધવી (નનામી–નામ ન દેવાય એવી જે અશુભ ઠાઠડી તે.)

"તેની નનામી બાંધી રામ બોલો ભાઈ રામ કરતા તેને સ્મશાનભૂમિમાં લઈ જવામાં આવ્યો."

કરણઘેલો.

૨. 'તારી નનામી બંધાય' એટલે તું મરી જાય એમ ચીડમાં વડીલ નાનાંને કહે છે.

**નન્નો વાસવો,** ના કહેવી—ભણવી; નકારમાં વાત કરવી.

**નમતી કમાન,** પડતી દશા.

**નમ્યું આપવું,** ટેક છોડવો; નરમ થવું; ખમી ખાવું; નરમાશ રાખવી; કહેણને તાબે થવું.

"એમાંથી એક પણ નમ્યું ન આપે તો લડાઈનો અંત આવે નહિ."

બે બેહેનો.

"શું હું કોઈને નમ્યું આપું? શું કોઈ મારૂં સમોવડીઉં થવા યોગ્ય છે.?"

સરસ્વતીચંદ્ર

૨. ઘસાઇને નરમ પડવું; ઢીલું થવું; જીર્ણ થવું. ( કોઈ વસ્તુ )

"આવા બે ચલોઠા તમે મરજીમાં આવે તેમ બેદરકારપણે ને નિત્ય વાપરો તાપણ તેઓ અરાઢ મહિના સુધી નમ્યું આપનાર નથી."

દૈ. કા. ઉત્તેજન.

**નમતી દોરી,** રહેમનજર; મરજી મુજબ વર્તવાની જરા છૂટ આપવી તે.

"એની મા મરી ગઇ ને પાછળથી જો નમતી દોરી મૂકી તેની ખરખબર ન રાખીએ તો તારી ને મારી આખા મુલકમાં વાતો થાય."

કુંવારી કન્યા.

**નમતી બેસવી,** પડતી આવવી; પડતી દશા આવવી.

"આ સમે મોગલાઇની નમતી બેઠી હતી, તથા પાદશાહ બુદ્ધિહીન ને નબળા હતા અને તેના સરદારોમાં ફાટફુટ હતી."

ભ. ઇતિહાસ.

**નમતું મૂકવું,** રહેમનજર રાખવી; કૃપા દૃષ્ટિથી જોવું; ગમ ખાઈ જવી; સહન કરવું; જરા છૂટથી વર્તવા દેવું.

**નમતો દિવસ,** પડતા દહાડા; પડતી દશા;

Gandhi Heritage Portal

અસ્તકાળ. તેથી ઉલટું **ચઢતો દિવસ** એટલે આબાદી.

"એ રીતે ધર્માંધ સિંકદર, થયો પ્રજાને અણગમતો, દૈવિ જાગી ઉઠિ ભક્ષ માગતી, ચાલ્યો લોહિ દિવસ નમતો."

પાણીપત.

**નમારસુંડો,** (નિમાળા+મુંડવું.) કુટુંબ પરિવાર વિનાનો.

૨. કામધંધા વિનાનો; નવરો. કાંઇપણ ઉદ્યમે વળગેલો નહિ તે.

**નમો નારાયણ,** બ્રાહ્મણ સન્યાસીને મળતાં એમ બોલાય છે.

૨. અતીતમાં પણ અરસ્પરસ મળતાં વપરાય છે.

**નરકનો ટોપલો,** દેવું, ખરાબ થઈ ગયેલું કામ, નાપસંદ કામ, કલંક, અપમાન વગેરે જે કંઈ અણગમો ઉપજાવે તેને માટે વપરાય છે.

'નરકનો ટોપલો માથે લેવો-મૂકવો' એમ બોલાયછે.

**નરકમાં ડુબવું,** દેવામાં ડુલી જવું.

**નરસી મહેતા,** રળવાની શક્તિ ન હોય તેવાને માટે વપરાય છે; ભોજાઇનાં મહેણાં ન ખમાવાથી જેમ નરસી મહેતા વનમાં ચાલી નીકળ્યા હતા તેમ ઘરબાર ઉપરથી અભાવ ઉત્પન્ન કરનાર પુરૂષ.

"આવા નરસી મહેતા જેવા ધણી મારે માથે ક્યાં રાખી મૂકયા હતા?"

નવી પ્રજા.

**નરસિંહજીની પાલખી,** જે કોઈ અમુક કામને માટે તેના નૈયાયિકો-માણસો નીમ્યા ન હોય પણ દૈવગતિથી ચાલ્યું જતું હોય એવા કામને વિષે બોલતાં વપરાય છે. બેફિકરાઇથી માથે લીધેલું જે કામ તે; રામઆશરે ચાલતું કામ; (નરસિંહજીની પાલખી જે હોય તે ઉંચકે તે ઉપરથી)

**નરો વા કુંજરો વા,** (અશ્વત્થામા નામનો કૌરવદળમાંનો એક હાથી. તેને ભીમે કૃષ્ણના કહ્યાથી મારી નાખ્યો હતો અને ધર્મરાજા પાસે 'નરો વા કુંજરો વા' એટલે દ્રોણાચાર્યના યુદ્ધ પ્રસંગે માણસ કિંવા હાથી ગમે તે હોય એમ કહેવડાવ્યું હતું તે ઉપરથી.) પૂછેલી બાબતનો ખાતરીબંધ નહિ પણ બેદરકારી અથવા ઉડાવવાનો જવાબ દેતાં વપરાય છે. અજાણપણું-અસ્પષ્ટ વચન.

**નવ ગજના નમસ્કાર,** (નવ-આ સંખ્યા એક પ્રાચીન કાળની ધર્મની ગૂઢ સંખ્યા છે એમ પાશ્ચિમાત્ય પ્રજા માને છે. આપણા હિંદુમાં પણ એ સંખ્યા બહુમાન્ય છે. નવ ઉપરથી બધા અંક નીકળ્યા છે એમ કહેવાય છે. નવમા આંકડા જેવી મિત્રતા રાખવી એમ એક ઠેકાણે કહેલું છે. ૯×૨=(૧+૮=૯) ૧૮. ૯×૩= (૨+૭=૯) ૨૭. ૯×૪=(૩+૬=૯)૩૬. એ પ્રમાણે આખા આંકમાં નવનો અંક ફરતો નથી તેમ સજ્જન મિત્ર પણ વિચારમાં ફરતો નથી; વળી ગ્રહ પણ નવ છે; ખંડ નવ છે અને નદીઓ પણ નવસેં નવાણું કહેવાય છે. એકી સંખ્યા ઈશ્વરને બહુ પ્રિય છે. કોઇને શુભ કામમાં અથવા ધર્માદામાં રૂપિયા આપવા હશે તો બેકીમાં સંખ્યા આપવાનો રિવાજ નથી. લગ્નમાં ચાંલ્લો કરવો હશે તો કાંતો ૫૯૯) કરશે કે ૨ ૧૦૧) કરશે પણ બેકી સંખ્યા આણશે નહિ. આ પ્રયોગમાં નવ એ ચોક્કસ-મુકરર સંખ્યા નથી પણ અહીં નવ એટલે કેટલાક, એવો અર્થ થાય છે. તે ઉપરથી)

હારી છૂટયા; થાકયા; પગે લાગ્યા; ન જોઇએ એવા અર્થમાં વપરાય છે. (વાંકામાં.)

"તમારી સુવાવડ સુવાની ઓરડીને તો નવ ગજના નમસ્કાર."

બે બહેનો.

Gandhi Heritage Portal

"યોજના એવી ધારી છે કે વગર પ્રયત્ને ચિતોડ છોડી દુશ્મન નવ ગજના નમસ્કાર કરી ચાલ્યા જશે."

પ્રતાપનાટક.

**નવ ગજની જીભ,** (નવ–કેટલાક) ચાવલું બોલનારી લાંબી–સલખણી ન રહે એવી જીભ; છૂટી–વગર વિચાર્યું ગમે તેવું ભુંડાબું બોલે એવી જીભ.

"જીવકોર આખરે થાકી– પોતાની જીભ નવ ગજની છતાં તેને થાકીને નમતી દોરી મૂકવાની જરૂર પડી,"

એ બહેનો.

**નવ ગજની પીતાંબરી** પણ કહેવાયછે.

**નવ ટકા,** (નવ–કેટલાક) પૈસાની કોઈ અનિશ્ચિત સંખ્યા. 'એ શા મને નવ ટકા છોડીને આપનારો હતો?' એટલે એ શી પ્રાપ્તિ કરી આપનારો હતો? મતલબ કે કાંઈ આપનાર નથી.

**નવ નેજા થવી,** મહા મુશ્કેલી–વિપત્તિ વેઠવી પડવી; મહા દુઃખ સહન કરવું પડવું; મોટી અડચણ–હરકત વેઠવી.

"આ કામ કરતાં મને નવ નેજા થઈ."

"તારી સાથે હું રહું છું નિત્ય રે, પણ નવ નેજાં આંસું રહું જો.

હડ હડ કરતી બૈરી તારી રીતરે, મથે ન છૂટો થાઉં શું શું કહું જો. દુનિયા બૈરી."

નર્મ કવિતા.

**નવનું સાડીતેર વેતરવું,** ગમે તે કરવું; અવળું કરવું; ઊંધું કરી બગાડી નાખવું; સારૂં કરવા જતાં ઉલટું કરવું.

૨. વધારે આપી છેતરાવું.

"તેને જીવકોરનો વધારે વાંક માલમ પડયો અને લડાઈનું મૂળ કારણ તેજ હતી એમ જણાયું પણ તેથી તેનો ઈનસાફ આપતાં નવનું સાડીતેર વેતરાયાની તેને ધાસ્તી હતી."

એ બહેનો.

"બિચારી વયોવૃદ્ધ માતાએ પુત્ર સ્નેહે અને ભાઈ કંઈ નવનું સાડીતેર કરી બેસે એવી દેહશતથી જવા કબુલ કીધું."

અરેબિયનનાઈટ્સ.

**નવડી છકડી,** દાવપેચ–કપટ; છળભેદ.

**નવલશા હીરજી,** શેઠાઇનું ડોળ ઘાલનાર, –યોગ્ય નહિ તે છતાં ભપકો કરનારને વિષે મશ્કરીમાં બોલતાં વપરાય છે.

એ નામનો કોઈ સુરત તરફ શેઠીઓ થઈ ગયો તે ઉપરથી.

"તું તો નવલશા હીરજી ખરો કેની તે તને કંઈ ન કહેવાય."

**નવલશા ધનેત્તર** પણ કહેવાયછે.

"હવે કહ્યું, તમે શું કહેવાના છો, ગામમાં નવલશા ધનેત્તર તો તમેજ છોને! આવડા બધા શા ઉપર ફાટી જાઓ છો?"

વિદ્યાવિલાસ.

**નવસેં નવાણું,** ઘણુંજ; અસંખ્ય.

**નવાણુંનો ધક્કો,** ( પડોશમાં બે દરજી રહેતા હતા તેમાં એક કંજુસ ને બીજો ઉડાઉ હતો. ઉડાઉની પાસે એક પાઈ પણ રહેતી નહિ, તે જોઈ કંજુસે તેને રાગમાં આણવા પોતે સંગ્રહ કરેલા પૈકી નવાણું રૂપિયા ચીંથરે બાંધી ઉડાઉના ઘરમાં તે ન જાણે એમ નાખ્યા. આ રૂપિયા ઉડાઉને માલમ પડવાથી સો રૂપિયાની મુડી કરવાનું મન થયું તે ઉપરથી ખુટતો એક રૂપિઓ ઉમેરવાની તેને જે અતિ ઉગ્ર અભિલાષા થઇ તે ઉપરથી–એકને માટે નવાણુંથી તેની છાતીએ જે ધક્કો લાગ્યો તે.) તૃષ્ણા–આશાને અંગે થતું દુઃખ–લાગણી.

૨. ખરી કસોટી.

"હજુ તેને જગતમાં નવાણુંનો ધક્કો લાગ્યો નથી એટલે મકરકુંદીઓ કરે છે."

"ધીરજ ધર ધીરજ,
ચઢી જો નવાણુંને ધક્કે,

પુસ્તકાલય. અમદાવાદ.



Gandhi Heritage Portal

ગુરૂ કહે ગણાવુંરે,
રાખું નવ તુજને શકે."

ધીરોભક્ત.

**નવુંજીનું થવું,** મરણ—આફત સંબંધી જાણવા જેવું થવું; સારો માઠો ફેરફાર થવો.

"હવે દર્શન દેવામાં કશો વિલંબ કરો નહિ. ઘડીમાં કાંઈક નવુંજીનું થઈ રહેશે. હે મા? મારૂં રક્ષણ કરનાર તું છું."

વીરમતી નાટક.

"સખિ તમાલિકા! હજી સુધી તે કેમ આવતા નથી! શું કંઈ બીજું નવુંજીનું તો નહિ થયું હોય!"

તપત્યાખ્યાન.

"વચ્ચે એક આડું કોતર હતું તે ત-લપી ઘોડો વધ્યો, તે વેળા સઘળા સા-થીઓએ જાણ્યું કે હવે નવુંજીનું થયા વિના રહેનાર નથી."

પ્રતાપનાટક.

**નવું લોહી,** જુવાનીનું તાજું–ઉધરતું લોહી.

૨. નવો ઉચ્ચ પ્રકારનો જોસ્સો.

**નવે કોડીએ દીવા કરવા,** નવે નામે—ફ-રીથી કરવું.

**નવે નામે,** ફરીથી; નવેસર; નવું મંડાણ ક-રીને; બીજે નામે.

"આ કામ હવે નવે નામે કરવાનું રહ્યું."

**નવો જન્મ આવવો,** આફતમાંથી અણીને વખતે મોકળા થઈ જવું; ઘણા મોટા જો-ખમમાંથી બચવું–છુટી જવું.

"અત્યારે તેઓના આનંદનો પાર રહ્યો નહિ; તેઓએ પોતાનો નવો અવતાર માન્યો, કારણ કે સુરક્ષિતપણે આવા સ્થળ પર આવી પહોંચવાની તેઓને બિલકુલ આશા નહોતી."

અરેબિયનનાઈટ્સ.

"વારૂ વાત કે'વી શી હવે,
દર્શને આવ્યો અવતાર નવે;
હર્ષ ન થાય ભેટતાં ભવે,
હરખ્યો રૂષિ મુનિ દર્શન થવે."

માંધાતાખ્યાન.

"આજ ત્રીજે દિવસે જે બચશે તે નવે અવતારે આવશે."

વીરાધીરાની વાર્તા.

૩. મંદવાડમાંથી આરામ થઈને સારા થવું; મૃત્યુના મુખમાંથી બચી જવું; ભારે સખત મંદવાડમાંથી મરતાં બચવું; ઘાત જવી.

જ્યારે કોઈ માણુસ ઘણીજ સખત માં-દગીમાંથી સારો થયો હોય ત્યારે એમ ક-હેવાય છે કે તે નવે અવતાર આવ્યો. એવો ભય હતો કે તે મરી જશે પણ ઈ-શ્વરે કૃપા કરી દુનિયામાં તેની હયાતીની નવી મુદત સ્થાપિત કરી. આ વાક્ય વળી કેટલીક વખતે જે ગોઠવણ કે વ્યવસ્થાનો જલદી અંત આવી જવાનો સંભવ હોય તેને માટે પણ વપરાય છે.

"ગઈ સાલ એણે ભારે મંદવાડ ખાધો હતો; ખરેખરૂં કહીએ તો તે નવે અવ-તારે આવ્યો હતો."

**નવો જીવ,** તાજો ઉચ્ચ પ્રકારનો જોસ્સો.

"પતિમુખમાંથી પડતા નિત્ય ગાન સ્વરોમાં આજજ નવો જીવ આવ્યો હોય અથવા તો પોતેજ હમણાં નવી જન્મી હોય તેમ પતિએ ગાયેલી કવિતાનો ઉપભોગ ગુણસુંદરીને એકદમ ઓચિંતો થયો."

સરસ્વતીચંદ્ર.

**નવો દિવસ ઉગવો,** સખત માંદગીમાંથી બેઠા થવું કે જોખમમાંથી બચવું.

**નસ પકડવી,** ભેદ—મર્મ જાણવો (કોઈનો), મૂળબળ પિછાણવું–ઓળખવું.

"વાહવાહ! બરોબર નસ પકડી. આ-પણાં વૈરાંની ખરેખરી બુરી અવસ્થા છે.

Gandhi Heritage Portal

બિચારી વૈતરી તેના કોમળ હૃદયપર કેવા ઘા! તેમની સ્થિતિ તો તમે કહ્યું તે પ્રમાણે થાય ત્યારેજ સુધરવાની."

નવી પ્રજા.

**નસકોરાં ફુલાવવાં,** (મગરૂરીમાં)

**નસકોરાંમાં ઊંટ જવાં;** અતિશય મગરૂરી રાખવી. નસકોરાં એટલાંબધાં ફુલાવવાં કે તેમાં ઊંટ ચાલ્યાં જાય. (અતિશયોક્તિ.)

"પેલી રાંડ ઝાલારાણીના નસકોરામાં ઊંટ જાય છે. ભોગજોગે હાલ તેવું ચલણ છે."

વીરમતી નાટક.

"વેળાએ તો વળી મોઢું મરડે,
ત્રિશુળ ચઢવે ભાળ;
નસકોરાંમાં ઊંટડાં પેસે,
વેળાએ દેતી ગાળ.
મુરખ નાર તણી હાંસી,
એનો જુઓ શી થાય ખાસી."

નર્મકવિતા.

**નશીબ ઉઘડવું,** ભાગ્યનો ઉદય થવો; સવળો પાસો પડવો; કલ્યાણ થવું; સારૂં થવું; પ્રાપ્તિ થવી.

"તું તો રાજમહેલ શણગારવાને જન્મી છે અને આટલી વાર સુધી તારા નશીબ પર પાંદડું ઢાંકયું હતું તે હવે ઉઘડી ગયું છે અને તું જે અર્થે સર્જેલી છે તે અર્થ હવે પાર પડયો."

કરણઘેલો.

**નશીબ જાગવું,** ભાગ્ય ફળવું; ભાગ્યોદય થવો.

**નશીબ ફરી વળવું,** પાપ આવી લાગવું; ખરાબી થવી. **નશીબ ફરવું** એ સારામાં વપરાય છે.

**નશીબ ફૂટવું,** નશીબ નઠારૂં નિકળવું; માઠું થવું.

"હવે જો તે કૃપા કરે તોજ ઠીક છે, નહીંતર તારાં નશીબ ફૂટી ગયાં એમ સમજવું.

અ. ના. ભા. ૧લો,

**નશીબ ફોડી નાખવું,** પાયમાલ કરવું; મોટી નુકસાની કે દુર્દશામાં આણી મૂકવું.

"વેપાર કરવા સારૂ પાંચ લાખનું જવાહીર લઈ આવતો હતો તેવામાં આબુજી ઉતરી એ મજલ આ તરફ આવતાં હરામખોરોએ મારી નશીબ ફોડી નાખ્યું." (લૂંટી લઇને)

પ્રતાપનાટક.

**નશીબ વેચવું,** કોઇનું નશીબ—વિધાતા દેવીના લેખ વેચાતા નથી તેમ કોઈનાથી બીજાના લેખ લઈ તેનો ઉપભોગ કરી શકાતો નથી, તે ઉપરથી નશીબમાં હશે તેજ થશે, એમાં કોઈના આધારની દરકાર નથી. નશીબમાં હશે તો કાંઈ જવાનું નથી એવા અર્થમાં બોલતાં વપરાય છે કે 'મેં મારૂ નશીબ કાંઈ વેચી ખાધું છે?'—મતલબ કે મારૂં નશીબ કાંઈ નથી?

**નશીબના આગળા,** કમનશીબ; ભાગ્યહીન (વાંકામાં.)

**નશીબનું ઊંધું,** બેનશીબ.

**નશીબનું પાંદડું ફરવું,** ભાગ્યોદય થવો; નશીબ ખુલવું; નશીબ જાગવું. (નશીબની આડે જે અંતરાય હોય તે નાશ થવો.)

"જ્યારે નશીબનું પાંદડું ફરશે,
ભુવા જતી ઘેર જાશે;
દુનિયા દીવાની દીસે,
ભૂંડી ભીંતોમાં ભટકાશે."

ભોજો ભક્ત.

"ભાગ્ય હશે તેને વરશે,
જેના કર્મનું પાંદડું ફરશે."

નળાખ્યાન.

"પુરૂષના કર્મ અને અર્થ આડે પાંદડું છે તે પુરૂષાર્થથી ફાટયું તો અર્થ સિદ્ધ થતાં શી વાર?"

વિજ્ઞાનવિલાસ.

Gandhi Heritage Portal

**નહિ ઘરનો ને નહિ બહારનો,** ઠામ ઠેકાણા વગરનો. એ પ્રયોગ રખડતા અથવા જેણે ઘર તરફનો ને બહારનો બંને તરફના લાભ ખોયા હોય, તેવા આદમીને વિષે બોલતાં વપરાય છે.

**નહિ સરખું કરવું,** નાશ કરવું; ખરાબખસ્ત કરી નાખવું.

૨. નામનું-સત્તાહીન કરવું.

**નળ છૂટી જવા,** હિંમત હારી જવી; જોસ્સો કમી થઈ થવો.

**નાક આવવું,** નાકે લીંટ આવવું (નાના બાળકને.)

**નાક ઊંચું રહેવું,** માન જળવાઈ રહેવું.

**નાક ઊંચું ને ઊંચું રહ્યું છે,** ટેક-મગરૂરી બહુ છે.

**નાક કાપવું,** આબરૂ-શોભા ઓછી કરવી; ટેક ઉતારવો; આબરૂ ને કલંક લગાડવું.

"વહુવારૂ ડુબીઓ કે શું થયું ? તેઓ નીચું માથું કરી પોતાના બે હાથ વચ્ચે મૂકી રડતા રડતા બોલ્યા કે જૂદીઓ હોત તો વધારે સારૂં થાત, પણ આ તો નાક કપાઈ ગયાં રે મારા બાપ હો હો હો ! !"

સાસુવહુની લડાઈ.

"નાક કટ્ટા તો કટ્ટા પણ ઘી તો ચટ્ટા" એ કહેવત છે.

**નાક કાપે એવું,** (નકટીનું.) બુઠ્ઠું; ધાર વિનાનું. ચપ્પુ, છરી અથવા એવાજ બીજા કોઈ ધાર વગરના હથિયારને માટે વપરાય છે.

**નાક ઘસવું,** પસ્તાવો કરવો; માફ માગવી. પસ્તાવો બતાવવાને અથવા માફ માગવાને જમીન સાથે નાક ઘસવું-નમી જવું.

**નાક ઘસણી કરવી** પણ વપરાય છે એનો બીજો અર્થ પૂર્ણ તાબે થવું પણ થાય છે.

"એના વિના ઘણાએકને ચાલે,
એ ન ગણે કોઇને જાણ,
નમી નમી નાક ઘસાવે એને,
ત્યારે આવી કરે આ પીદાણ.
ધિંગડમલ્લ ધીરા રે,
લક્ષ્મી વિના રાજ્ય કરૂં-લક્ષ્મીનો.

ધીરોભક્ત.

**નાક તો વેંતનું છે, આબરૂ તો ઘણી છે.** (મરડમાં બોલતાં વપરાય છે.)

**નાક નીચું થવું,** આબરૂ-કીર્ત્તિ ઓછી થવી-જતી રહેવી.

"એનતે એની ભાભીનું ઉપરાણું મળ્યું અને આપણું નાક નીચું થયું."

સરસ્વતી ચંદ્ર.

**નાક નીચું ને પેટ ઊંચું,** જે બીજાની ખુશામત કરી તેની કમાણી ઉપરજ નિર્વાહ ચલાવનાર હોય એવા માણસને વિષે બોલતાં વપરાય છે.

**નાક બે આંગળ ભરીને કાપી લેવું,** શોભા-આબરૂ ઓછી કરવી; નાક કાપવું.

"કપાયું બે આંગળ ભરીને,
પીઈઈ, રેવડી દાણાદાણ."

દ્રૌપદી દર્શન.

**નાક લઇને જવું,** શોભાથી જવું; આબરૂભેર જવું.

'હું તેના મોઢા આગળ શું નાક લઇને જઉં' એટલે શી શોભાથી જાઉં-શી આબરૂ લઇને જાઉં ?

**નાકની દાંડી સામી આંખો છે,** સીધે રસ્તે ચાલનારો છે; આડી અવળી વાસના વિનાનો છે; પ્રમાણિક છે.

**નાકની દાંડી સામે ચાલ્યા જાઓ,** સીધા ને સીધા ચાલ્યા જાઓ.

**નાકપર માખ બેસે તો નાક કાપી નાખે,** એમ કોઈ ઘણુંજ કડક અને ચિઢિયા સ્વભાવનો માણસ આબરૂ રાખવાને પ્રયત્ન કરતો હોય તેને વિષે બોલતાં વપરાય છે.

**નાકપર લીંબુ ઘસવું,** હંફાવવું (પ્રતિપક્ષીને.) હરિફાઈમાં જીતવું.

Gandhi Heritage Portal

**નાકમાં ઊંટ પેસે છે,** બહુ ગર્વ છે એવા અર્થમાં ધિક્કારની નજરે જોતાં વપરાય છે.

**નાકમાં ગંધ કેટલી છે?,** એમ અતિશય ગર્વિષ્ટ માણસને વિષે બોલતાં વપરાય છે.

"એના નાકમાં ગંધ માતીએ નથી" એમ પણ બોલાય છે.

**નાકમાં તીર ઘાલવું,** રીબાવવું; ખૂબ સંતાપવું (નાકમાં તીર ઘાલ્યા જેવું.) 'નાકમાં તીર ઘાલીને રૂપિયા લઈશ.'

**નાકલીટી ખેંચવી–તાણવી,** ક્ષમા માગવી, (કાલાવાલા કરીને)

૨. પસ્તાવો કરવો.

"મારી વિદ્યાના પ્રભાવથી તારા કરતાં હઠીલાં પીશાચ નાકલીટી તાણતાં નાઠાં છે તે ફરીથી દેખાયાં નથી."

બ્રહ્મરાક્ષસ.

"ડોશી દેવના પાલખા આગળ બેસી રોયાં અને આખરે પાલખા આગળ નાક લીટિયો તાણી દેવને કાલાવાલા કરવા લાગ્યાં."

સરસ્વતીચંદ્ર.

**નાક સામી વાટ,** ઊભો માર્ગ; સીધો માર્ગ; ધોરી રસ્તો.

**નાકે મોતી આવવાં,** લીંટ આવવું. (નાનાં છોકરાંને માટે વપરાય છે)

**નાખી મૂકવું,** મરવાની તૈયારી પર આવેલા માણસને માટે વપરાય છે.

**નાખ્યાં ન પ્હોંચવાં,** દૃષ્ટિમર્યાદાની–વિચાર શક્તિની બહાર હોવું. **નાખી નજર ન પહોંચવી** પણ બોલાય છે.

"માંહેલે પાસે જોયું તો નાખી નજર પણ ન પહોંચે એટલું ઊંડાણ માલમ પડયું."

ગર્ધવસેન.

"ભાઈ, તું ચિંતા કરીશ નહિ; મારા નાખ્યાં પહોચતાં લગી તો રૂપિયાનો વેત કર્યા વિના રહેનાર નથી."

રો. કથાસમાજ.

**નાગરી ગોઠ,** (ગોષ્ઠિ.) ચાતુરીથી છેતરવાની વાત.

૨. વિવેક તજી સ્પષ્ટવક્તાપણું દેખડાવવું તે.

૩. આપવા લેવામાં નિયમિત વહેવાર રાખવો તે.

**નાગું નાગું બોલવું,** ઉઘાડું બોલવું; બિભત્સ બોલવું; નિર્લજપણે બોલવું.

**નાગો બંબ,** લાજ શરમ વિનાનો, દાંડ; ફગદંડ; ઉડેલ તબિયતનો; લુચ્ચો; ફાટેલ; નિર્લજ. (બંબ=સાધુ)

**નાચ નચાવવો,** જેમ નજરમાં આવે તેમ કોઈની પાસે કામ કરાવી તેને થકવવું.

૨. તાલમેલ કરવી.

"બસ, પૈસા, પૈસાને પૈસા એના ઉપરજ નાચ નચાય છે અને નહિ–નહિ ધાર્યાં કામ થાય છે."

ગૂજરાતી.

**નાડ જોવી,** (નાડ જોઇને રોગની પરીક્ષા વૈદ્ય કરેછે અથવા રોગીના શરીરની સ્થિતિ જુએ છે તે ઉપરથી.) માણસનું વલણ કે સ્વભાવ ઓળખવો.

**નાડ ઠેકાણે ન રહેવી,** શુદ્ધિ ન હોવી; જંગલી થવું; મૂર્ખ–ઘેલા બનવું; મગજ ભમી જવું.

૨. ઉડાઉ થવું.

"એની હવે નાડ ખસી છે એમ પણ બોલાય છે."

**નાડ હાથમાં આવવી,** કોઈના ગુપ્ત વિચાર જાણવા કોઇ માણસને તાણી જોવું; મર્મવિચારથી જાણીતા થવું; સ્વભાવ ઓળખવો. **નાડ પકડવી** પણ વપરાય છે.

"એની નાડ હવે મારા હાથમાં આવી છે."

**નાડ હાથમાં હોવી,** જે માણસ જેથી ખીજાને વશ–તાબે થઈ રહ્યું હોય તે માણસનું મૂળબળ પોતાના હાથમાં હોવું. જે-

Gandhi Heritage Portal

મકે-એની નાડ મારા હાથમાં છે એટલે એ મારા કબજામાં છે, હું જેમ કહીશ તેમ તે કરે એમ છે.

**નાડી ખેંચાવી,** ( મરતાં ).

૨. ખરાબખસ્ત-પાયમાલ થવું; કમાવાની શક્તિ જવી.

**નાડી મંતરવી,** આડું અવળું સમજાવી પોતાના મતનું કરવું અથવા ઠેકાણે આણવું. ( નાડી ખસી ગઈ હોય તે મંતરાવવાથી ઠેકાણે આવે છે તે ઉપરથી )

**નાત ગંગાછે,** નાત ગંગાના જેવી પવિત્રછે.

**નાનજી પંડયો,** અજાણપણું દર્શાવવાના સંબંધમાં આ બોલાયછે. જેમ કોણ જાણે છે, નાનજી પંડયો, મતલબ કે હું કાંઇ જાણતો નથી અને જાણવાની દરકાર પણ કરતો નથી.

**નાનાં છોકરાંની રમત,** સહેલું અને ઝટ રમત ગમતમાં થયાં કરે એવું કામ.

**નાના બાપનું,** નીચા કુળનું.

" આખરે કોઇ નાના બાપનું ન થયું."

**નાનું મોઢું,** ' નાનો મોઢે ન બોલીએ અતિશે ' એમ નાનો છોકરો મોટા આગળ બહુ બોલતો હોય ત્યારે તેના વડીલ તરફથી અટકાવવામાં આવેછે.

"નાને મોઢે ચરબડ ચરબડ બોલવાની રીત સારી નથી. "

**નામ કરવું,** સ્વપરાક્રમથી અથવા આત્મશક્તિથી આબરૂ અથવા દરજ્જો મેળવવો; યશ કે પ્રસિદ્ધિ મેળવવી.

**નામ કાઢવું,** સારાં કે નઠારાં કર્મથી ઓળખાવું.

**નામ તારવું,** આબરૂ મેળવવી-વધારવી; આબરૂમાં ઊંચું આવવું; કીર્તિ અજવાળવી.

**નામ ન દેતો-લેતો,** એમ કંટાળામાં કે ધિક્કારમાં બોલાય છે. **નામ બાળ** અને **નામપર પાણી રેડ** પણ બોલાય છે

**નામપર થુંકવું,** તે તેના નામપર થુંકયો એટલે તેને થુંક નાખવાની જગો જાણી. ધિક્કાર કે કંટાળામાં વપરાય છે.

" જે કામ કરાવવાને ગુર્જર દરબારમાં આવ્યો છું તેમાં ફતેહ પામીશ તો સરકાર સુધી મારા નામને બટ્ટો લાગેલો રહેશે, મારા દેશને પરાધીન કરાવનાર કહેવાઇશ, મારા નામપર બધા લોક થુંકશે અને આખું જગત ધિક્કારશે. "

વનરાજ ચાવડો.

**નામ પાડવું,** અમુક મૂલ્ય નક્કી કરવું. ( કોઈ વસ્તુનું ),

' જે વર્ષાસન લેવા ઇચ્છતા હો તેનું નામ પાડો.

નળદમયંતી નાટક.

૨. જેથી કોઈ ચીડાય તેવું તેનું બીજું નામ ચલાવવું; મશ્કરીનું નામ ઠરાવવું.

**નામ બોળવું,** આબરૂ ખોવી; કીર્તિ વણસાડવી-ગુમાવવી.

"બાળ બુદ્ધિ ડહાપણ અલ્યા તાહરૂં, તાત વાળી તણું નામ બોળ્યું. "

અંગદવિષ્ટિ.

**નામ મોટું કરવું,** આબરૂ વધારવી; કીર્ત્તિ ફેલાવવી.

" જ્યારે વખત આવશે ત્યારે હું મારૂં નામ મોટું કરી મારા બાપ દાદાનું દુબાવીશ અને બાપ કરતાં બેટા સવાઈ ન નીકળું તો મારૂં નામ હરપાળ નહિ ".

કરણઘેલો.

**નારદવેડા, (नारद विद्या.)** બે જણને લડાવવાની કળા;

નારદની પેઠે મમરો મૂકી આઘા ખસી જવાની યુક્તિ; સાચાં જૂઠાં કરી અરસપરસ લઢાવી મારવું તે.

(એ દેવર્ષિનામાં બે જણને લડાવી મા-

Gandhi Heritage Portal

રવાનો સ્વભાવ હતો તે ઉપરથી જે માણુસનામાં એવો ગુણ હોય તેને નારદજી કહેછે અને તેના કૃત્યને નારદવેડા-નારદ વિધા કહે છે.

**નારાયણદર્શી ટાળું**, જુઓ **નકટાની નાત**

**નાવ ઠેલવું ( સંસારનું )**, ઘરસંસાર ચલાવવો.

**નાસતાં ભોંય ભારે પડવી,** જ્યારે ઘણું ભારે જોખમ ખેડવાતું માથે આવી પડેછે અને તેમાંથી ઘણા ગભરાટ સાથે નાસી છૂટવાતું હોયછે ત્યારે સહીસલામતવાળી જગોએ જવાને નસાય તેમ નાસવું પડેછે. એ નાસવામાં જે જમીન વટાવવી પડે છે તે તે વખતે બહુજ ભારે લાગેછે તે ઉપરથી ) નાસવું મુસ્કેલ થઈ પડે એવી જોખમ ભરેલી સ્થિતિમાં આવી પડવું.

"જો, આજ તો જવા દઉંછું પણ આ ઘરમાં હવેથી તને દીઠો તો એમ જાણજે કે નાસતાં ભોંય ભારે પડશે."

સરસ્વતીચંદ્ર

"કોઈની સાથે ત્રણ માણસો લડાઈ લઢયા તેમાં બે જણ ઘાયલ થયા, અને ત્રીજાને નાસતાં ભોંય ભારે પડી."

**નાળિયેર ચઢાવવું,** મનુષ્ય પ્રાણીને બદલે હિંદુઓ નાળિયેરનો ઉપયોગ કરેછે; તેનું કારણ વિશ્વામિત્રની આશ્ચર્યકારક વાત ઉપરથી જણાઇ આવેછે. બ્રહ્મામાં ઉત્પન્ન કરવાની શક્તિ છે, તે પ્રમાણે વિશ્વામિત્રે પણ ઘણી જાતનું અનાજ ઉત્પન્ન કર્યું. તેમણે નાળિયેરી ઉપજાવીને તેમાંથી મનુષ્ય પ્રાણી નીપજાવવા માંડયું. પ્રારંભમાં માણસનું માથું નીપજ્યું તે જોઇને બ્રહ્માએ જાણ્યું કે સૃષ્ટિ જવાનું મારૂં કામ છે તે રૂષિ લઇ લેશે તેથી તેમની તેમણે આરાધના કરી ત્યારે રૂષિ બંધ પડયા પણ પોતાનો મહિમા રાખવા સારૂ મનુષ્યના માથા જેવું નાળિયેરનું ફળ થાય એમ કર્યું. આ નાળિયેર જ્યારે કોઇ દેવને નાળિયેર માન્યું હોય ત્યારે અથવા ખુશીથી તેમની સમક્ષ ધરાવવામાં આવે છે તેને નાળિયેર ચઢાવવું કહેછે.

**નાળિયેર મળવું,** વિદાયગિરી થવી; રજા મળવી; બરતરફી થવી; નોકરીમાંથી રદ થવું.

(નાળિયેર એ શુભ ગણાય છે. કોઈને વિદાય કરતાં હાથમાં નાળિયેર આપવામાં આવે છે. કોઈ જાત્રાએ જતું હોય, અથવા કોઈ પરણવા જતું હોય ત્યારે પણ શુભ શુકનની નિશાનીમાં નાળિયેર આપવાનો રિવાજ છે. નાળિયેર મળ્યા બાદ વિદાય થઈ શકાયછે તે ઉપરથી લાક્ષણિક અર્થમાં.)

"ત્રણજ દિવસ મેં તો ચાકરિ કીધી યાર,
મુજ ગુણ જશ સંધા નિકળ્યા શોભી બ્હાર;
શુકન શુભ થયેલા કે મળ્યું નાળિયેર,
ફિટ ફિટ, તો થાયે તોય છું સૂખિ ઘેર."

કવિ નર્મદ.

**નાળિયેર મોકલવું,** વિવાહ સંબંધી વાત કરવાને નાળિયેર મોકલવાનો રિવાજ છે. અને એની કબુલાત થતાં નાળિયેર સ્વીકાર્યું એમ કહેવાય છે.

"માગે આવનાર ભાટનું સન્માન કરીનાળિયેર સ્વીકાર્યું અને રાજમાતાને ઉત્તરમાં કહાવ્યું કે મહારાજની સ્વારી દક્ષિણ દેશથી પાછી આવે લગ્ન કરીશ."

સધરાજેસંગ.

**ન્હાઈ ધોઇને ઉઠવું,** ( સુવાવડમાં સ્ત્રીના સંબંધમાં.) પ્રસુતિમાંથી મુકત થવું.

"સુવાવડની ઘાંટી એવી મોટી હોય છે કે તેમાંથી ન્હાઈ ધોઇને સુખેથી ઉઠશે કે નહિ તેની સ્ત્રીને ખાત્રી થતી નથી તેથીજ છેલ્લા દહાડા જતા હોય ત્યારે તે પતિનું વધારે સુખ ચહાય છે."

ગંધર્વસેન.

Gandhi Heritage Portal

"લાડકોર ન્હાઈધોઇને ઉઠી ત્યારે ધોળી પૂણી જેવી દેખાતી હતી; તેના શરીરમાં બિલકુલ લોહી ન હોતું અને સુકો પાપડ ભાગવા જેટલી પણ તેનામાં શક્તિ નહોતી."

એ બહેનો.

**ન્હાઈ ધોઇને બેસવું,** ઉડાવી દઈ–ખાલી થઇને બેસવું. વેપારમાં ખોટ આવવાથી કે ખોવાથી કે બીજી કોઈ રીતે નાણે ખાલી થઈ જવું; રડી ઉઠવું; ખોટ ભોગવવી. (કુવેપારમાં)

× × × × ×

"પાઈ બચી નહિ. ન્હાઈ ધોઈ પરવાર્યા હતા એથી ઘણો ખેદ થયો ને હવે કેમ કરવું તેનો વિચાર કીધો."

અરેબિયનનાઈટ્સ–

**ન્હાઈ બેસવું** એકલુંપણ વપરાય છે.

૨. નિવૃત્તિ પામવી; નિરાંત વાળવી,

"એવી જૂદાઈ છે આત્માની સંગે, સમજે તો થાય સગાઈ; મિથ્યા છે ખરૂં એહ ભાઈ પણ, જાણે બેસો તમે ન્હાઈ—સુખ તેથી થાશે રે, મળશે બ્રહ્મલ્હાવો–જળમાં"

કવિબાપુ.

"એક પ્રસિદ્ધ લખનારે હાલમાં એક પુસ્તક પ્રગટ કર્યું છે. તેણે જે જે વેપાર ધંધા કર્યા તે દરેકમાં તે નાહી બેઠો એમ તેણે સવિસ્તર લખ્યું છે."

જાતમહેનત.

**ન્હાઈ નાખવું,** વેપારમાં ખોટ આવી હોય તે વિસારે મૂકવી; મનનું શાંત્વન કરી નિરાંતે બેસવું; દિલગીરી દૂર કરવી.

ન્હાઈને મરનાર પાછળ રડેલું કૂટેલું વિસારે મૂકવામાં આવે છે તે ઉપરથી લાક્ષણિક અર્થે.)

"જે થયું તે થયું; હવે ન્હાઈ નાખો."

**ન્હાતી ધોતી,** ઋતુ-અટકાવ આવતો થયો હોય તેવી સ્ત્રી.

"હવે એ મોટી થઈ, તમારાથી જરા શરમાય છે, એ ન્હાતી ધોતી થઇ, ને હવે ક્યાં સુધી ચલાવશો?"

ગુ. જૂનીવાર્તા.

**ન્હાવણ આવવું,** અટકાવ આવવો. (અટકાવને ચોથે દિવસે સ્ત્રીઓ ન્હાઈ ધોઈ શુદ્ધ થાય છે તે ઉપરથી)

**ન્હાવું નીચોવવું,** (જ્યારે કોઈ સંબંધી ગુજરી જાય છે ત્યારે સ્નાન કરવું પડે છે અને પલાળેલાં લૂગડાં નીચોવી ધોવાં પડે છે, તે ઉપરથી માણસ અને વસ્તુ બંનેમાં લાક્ષણિક અર્થે સંબંધ દર્શાવતાં વપરાય છે. જેમ કે—

'એમાં મારે શું ન્હાવું નીચોવવું છે?' મતલબ કે મારે એની સાથે શો સંબંધ છે?

**નિશાન વાગવું,** ધાર્યો વિચાર પાર પડવો; ધાર્યા પ્રમાણે થવું; ઈચ્છા તૃપ્ત થવી; ધારેલા કામની સિદ્ધિ થવી.

**નિશાનનો હાથી,** (મોટા વાવટાવાળો હાથી. તે હમેશાં સ્વારીમાં આગળ હોય છે તે ઉપરથી.)

અમુક કામનો આગેવાન–અગ્રેસર.

**નિશાળગણું,** છોકરાને નિશાળે બેસાડવાની વિધિ.

**નીકળી જવું,** છિનાળ સ્ત્રીએ પોતાનું ઘર છોડીને પોતાના યાર સાથે જઈ રહેવું કે નઠારા છંદથી ઘરબાર છોડી દેવાં અથવા ગામ બહાર જઈ રહેવું.

**નીચી ગરદને ચાલવું—જોવું,** શરમની લાગણીનું માર્યું નીચી નજરે જોઇને ચાલવું; નરમાશથી કે સભ્યતાથી અથવા શરમાળપણે ચાલવું.

**નીચી મુડીએ,** નરમાશથી, સભ્યતાથી અથવા શરમાળપણે.

Gandhi Heritage Portal

**'નીચી મુડી ને નમસ્કારથી'** એમ પણ બોલાય છે.

"નીચી મુડી રાખીને અને પોતપોતાનામાં સંપે રહીને રાત્ર દિવસ ઉદ્યમની પછવાડે લાગો એટલે તમારાં ધાર્યાં કામોમાં તમે વહેલા પાર પડશો."

"આવી વખતે જેના આશ્રયથી પોતાનું કામ થાય છે તે જે કહે તે નીચી મૂડીને નમસ્કારથી ચુપચુપ તે બાપડીને સ્વીકારવું પડે છે."

સુંદરિગુણમંદિર.

**નીચું ઘાલવું,** શરમનું માર્યું માથું નીચું ધરી રાખવું.

**નેનનો તારો,** ઘણુંજ વહાલું; આંખની કીકી.

**નેવે મૂકવું,** ઊંચું મૂકવું; વિસારી મૂકવું; ભૂલી જવું; છોડી દેવું; વિસારે નાખવું.

"બંને તરફથી છોકરીઓ અને તરૂણ સ્ત્રીઓ ફટાણાં ગાવા લાગી અને પોતાના ભાઈ બાપની ને મોટા લોકની શરમ તેમણે નેવે મૂકી."

× × *

મન રમતમાં એટલું ચોટેલું હતું કે હું ભણવાની કશી દરકાર કરતી નહિ. આજ શીખું ને કાલે તે નેવે મૂકું.

બે બહેનો.

"મૂકયું સહુ નેવેરે,
ગુરૂ ધીર જયારે મળ્યા;
તાપ મટયા તનનારે,
યોગ ભાવ જ્યારે જળ્યા.

કવિ બાપુ.

**નૃસિંહાવતાર લેવો,** ખુબ ગુસ્સે થવું.

## પ

**પગ આવવા,** બાળકનામાં ચાલવાની શક્તિ આવવી; ચાલવાને માટે પગ લાયક-તૈયાર થવા. 'મારા કીકાનેપગ મોડા આવ્યા.'

**પગ ઉપાડવા,** ચાલવામાં ઉતાવળ કરવી; જલદી ચાલવું. **પગ ઉઠાવવા** કે **પગ ઉંચકવા** પણ બોલાય છે.

**પગ કાઢવો,** અમુક કામમાંથી મુકત થવું-ખસી જવું.

૨. ખસેડવું; દૂર કરવું; જતું આવતું બંધ કરવું.

૩. ચલણ બંધ કરવું; જોર ટાળવું.

**પગ છુટા કરવા,** સાંકડમાંથી મુક્ત થવું.

૨. ચાલીને પગને કસરત આપવી.

**પગ છુટો થવો,** (હરવા ફરવાથી.)

**પગ ટકવો-ઠરવો,** એક જગાએ ઠરી ઠામ-નિરાંત વાળી ઝાઝીવાર બેસી ન રહેવાવું; ખોટી થવું; ઝાઝીવાર રહેવું.

૨. જારી રહેવું.

**પગ ટકાવી રાખવો,** જવું આવવું જારી રાખવું; નિભ્યાં કરવું.

૨. ધીરૂં પડવું; સબુરી રાખવી;—ધરવી

**પગ ટટ્ટુ કરવા,** પગે ચાલવું. (ટટ્ટુ-ઘોડું ન મળે ત્યારે પગનેજ ઘોડું માની લેવું.)

**પગ ટાળવા,** જતું આવતું બંધ કરવું; આવતું જતું અટકે એવી તજવીજ કરવી; દૂર કરવું.

૨. ચલણ બંધ કરવું; જોર-સત્તા જાય એમ કરવું.

"આવા માણસ કચેરીમાં ન હોવા જોઇએ એમ તેને લાગવાથી ઘેલાભાઇનો પગ ટાળવાનો નિશ્ચય કર્યો; ઘેલાભાઈનાં છિદ્ર તેણે ખોળવા માંડયાં."

બે બહેનો

**પગ ઠોકીને ઊભા રહેવું,** લડવાને આતુર થઈ રહેવું; સામે થવા તૈયાર થવું.

**પગ તળેની વાટ,** વારંવાર જોયેલો-જાણી-



Gandhi Heritage Portal

તો અને સારી રીતે મુસાફરી કરેલો રસ્તો.

**પગ તળે બળતું હોવું,** પોતાનોજ દોષ હોવો.

**પગ તળે મોત છે,** મોત નજીક છે; કાળને આવતાં વાર લાગતી નથી.

**પગ તળે વાટી–ઘસી નાખવું,** વારંવાર આવ જા કરી ઘણા અનુભવી બનવું.

"ભાઇ? તેં ભરૂચ દીઠું છે? તો કહે હોવે, એતો મેં પગ તળે વાટી નાખ્યું છે."

**પગ થવા,** શકિત–સમજ આવવા માંડવી.

૨. પગ થયા હોય એમ ચાલવા–જવા માંડવું.

૩. હદ ઉપરાંત જવું; અમર્યાદ થવું; મર્યાદા બહાર જવું.

૪. મહાવરો થવો. (જવા આવવાનો.)

**પગ ધોઈને પીવા,** પૂજ્યબુદ્ધિ–ભાવ રાખવો. બહુ પવિત્ર માણસ હોય તો તેને વિષે બોલતાં વપરાય છે કે એના પગ ધોઇને પીવા જેવા છે.

**પગ નીકળી જવો,** જવું આવવું બંધ થવું; દૂર થવું; ચલણ બંધ થવું.

"મૃત્યુલોકમાં તેજ રહિત ધર્મભ્રષ્ટ અનાચારી રાજાઓ થયા, પાપે કરી પૃથ્વી પીડિત થઇ ગઈ તેથી આપણો પગ ત્યાંથી નીકળી ગયો."

પ્રતાપનાટક.

**પગપર પગ ચઢાવી–મૂકીને બેસવું,** નિષ્કાળજીથી–ચિંતા વગરની સ્થિતિમાં બેસી રહેવું; નવરૂં–નિરૂદ્યમી થઇને બેસી રહેવું; ધંધા વિનાના રહેવું.

"બીજી બૈરીઓની પેઠે લાડકોરને પગપર પગ ચઢાવી બેસી રહેવાનું અને લોકની કુથલી કરવાનું પસંદ નહોતું; તેને એની પેઠે ઊંઘવાનું મન થતું નહિ."

એ બેહેનો.

"વસ્તીની ગણતરીના રિપોર્ટ ઉપરથી જોતાં હિંદુસ્તાનની એકંદર પ્રજાના અડધા કરતાં વધારે ભાગ પગપર પગ ચઢાવીને બેસી રહેનારો મળી આવશે."

ઈન્ડિયન રિપોર્ટ.

**પગપર માથું મૂકવું,** કોઈની સત્તામાં રહેવું.

**પગ પસરવો,** સત્તા જામવી; કાબુ બેસવો.

**પગ પાછા પડવા,** નાહિંમત થવું. આચકો ખાવો; અંતરાત્માએ ના કહેવું.

**પગ પાતાળમાં છે,** કંઈકના ઊંધાંચત્તાં કરે એવો છે; પ્રપંચી છે.

ક્યાં પેસે ને ક્યાં નીકળે તેની ખબર ન પડે એવો છે. 'એના પગ તો પાતાળમાં છે' એટલે એ ક્યાં કેવું પગલું ભરે છે તે જણાતું નથી. પાતાળમાં પગ હોય તે જેમ જણાય નહિ તેમ જેનું ગુપ્ત કાર્ય જણાય નહિ–તેને વિષે બોલતાં વપરાય છે,

**પગ પેસવો–થવો,** આવતું જતું થવું; દાખલ થવું; ઘુસવું.

૨. ચલણ થવું.

**પગ બાંધીને રહેવું,** નિરાંત વાળીને લાંબા વખત સુધી ટકી રહેવું; નિભ્યાં કરવું.

"તારે તો ચારેચૌટે ફરવાનું જોઇએ પણ મારા ઘરમાં એ નહિ ચાલે. અહીં તો પગ બાંધીને રહેવું પડશે."

ભામિનીભૂષણ.

**પગ ભાગવા,** પગે અશક્તિ આવવી–ઉપજવી.

૪. ચાલવા જેવું હોય ત્યાં ચાલીને જાય નહિ અથવા ચાલતાં કંટાળો આણે એવા માણસને વિષે બોલતાં વપરાય છે.

"પગ ભાગી ગયા છે? અહીંથી તહીં જતાં શું થાય છે?"

૫. કોઈ માણસ ધીમે ધીમે ચાલતો હોય અને સાથેના ચાલનારા ઉતાવળથી ચાલનારા હોય ત્યારે તે ઉતાવળિયા ધીમા માણસને કહેશે કે પગ ભાગી ગયા છે?

Gandhi Heritage Portal

" ઓ બાપા, હીંડું છું ને, મારા પગ ભાગી ગયા છે, તે ઉતાવળે નથી હીંડાતું."

પ્રતાપનાટક.

૨. છેવટ સુધી ન પહોંચતાં વચમાંથી અટકી પડવું-બંધ થવું.

૩. નિરાશ થવું; આશાભંગ થવું; ના ઉમેદી થવી.

**પગ ભારે થવો,** વચગાળે મહાવરો મૂકી દીધાથી આચકો ખાવો; આશંકો ખાવો; પગ પાછો હઠવો; સંકોચાવું.

" પેલો છોકરો દશ દિવસ નિશાળે ન ગયો તેથી તેનો પગ ભારે થયો છે."

" ગયો કે નિસાસો મૂકી ભારે પગે પાછી ફરી, છાતી ઉભરાઈ બહુ તેજી ઘટી સુખથી."

કવિનર્મદ.

**પગ માંડવા,** સ્થિર-કરીને ઊભા રહેવું. (બાળકે) ૨. નિરાંત ધરવી.

૩. આગળ ચાલવું; ધપવું.

૪. દાખલ થવું

" પાંચ ભ્રાંત રહેવા અર્થે,
માંડવા પગ ઠામ.
ભાટ વિષ્ટિ લઇ આવિયો,
માગવાને પાંચ ગામ."

કવિ ભાઉ.

**પગ માંડવો,** પેસારો કરવો; ઘુસવું; દાખલ થવું.

**પગમાં માથું નાખવું,** પગે પડવું.

'તે તેના પગમાં માથું નાખીને માફી માગવા લાગ્યો.'

**પગ મોડવા,** નબળું કરવું; નાઉમેદ કરવું-થવું.

૨. અટકાવવું; બગાડવું;-ભાગી પાડવું.

**પગ વધારવા,** હિંમતભેર આગળ ધસવું.

" શત્રુની સામા પગ વધાર્યા અથવા ટકાવી રાખ્યો ક્યાં સુધી પત રહે છે પણ પાછું પગલું કીધું કે પત જાય છે"

નર્મગદ્ય.

**પગ વળવો,** બીજા તરફ જવું અથવા જવાની વૃત્તિ થવી ( પ્યારી વસ્તુ તરફ.)

**પગ વાળવા,** વચમાં થાક ખાવો; વિસામો લેવો; વચમાં અટકી શરીરને સુખ આપવું; વિરામ લેવો.

" પરાક્રમ ઝાઝેરૂં કીધું છે પણ આ સમો પગ વાળવાનો નથી."

પ્રતાપનાટક.

**પગથી તે માથા સુધી,** નખથી શીખા સુધી; આખે શરીરે; સર્વાંગ.

"એથી ધનલક્ષ્મીને પગથી તે માથા સુધી ઝાળ લાગી."

બે બેહેનો.

**પગની આગ માથે જવી,** ઘણુંજ ગુસ્સે થવું.

**પગની ઝાળ માથે જવી,** સર્વાંગ ક્રોધ વ્યાપવો.

" એવું સુણતામાં ચઢી રીસ, પગની જ્વાળા લાગી શીશ."

લક્ષ્મણાહરણ.

**પગની વેળ ભાગવી,** ફોગટ ફેરો ખાવો. ( પગે ચાલીને ); ધરમધક્કો ખાવો.

**પગને તળિયે ઘસી નાખવું,** ન લેખવવું; તુચ્છ ગણી કાઢવું; ખાસડાને તોલ ગણવું; ન ગણકારવું.

" મેં તેને શીખામણ દીધી તે પગને તળિયે ઘસી નાખી.' 'તારા જેવા તો બહુ મેં પગને તળિયે ઘસી નાખ્યા છે."

**પગરખામાં પગ ઘાલવો-મૂકવો,** ( બીજાના ) તેની જગો કરવી; બરોબરી કરવી -દાખવવી; હરિફાઈ કરવી; સારસાઈ કરવી; એક એકથી સરસ થવાની તજવીજ કરવી; ચડસા ચડસી કરવી અથવા તે જે દરજ્જે કે માન ધરાવતો હોય તેને માટે દાવો કરવો-તેના જેવા થવાને માથું મારવું.

Gandhi Heritage Portal

"આ માંડવી નગરમાં મનજી મારવાડી સરખા મોટા શેઠની બરોબરી કરે એવું બીજું ઠેકાણું હોય તો મને બતાવોને કોઈ ? તેનાં પગમાં પગ મૂકે એવો પૈસાદાર બીજવર ગંગાને મળે એ વાત માનવી એજ મૂર્ખાઈ ભરેલું છે."

કુંવારી કન્યા.

**પગરણ માંડવું,** શરૂઆત કરવી.

**પગલાં ઓળખવાં,** પરીક્ષા કરવી; કસોટીએ ચઢાવવું; વલણ જોવું. ( અમુક કામ સોંપવાને માટે કે સાધારણ રીતે. )

**પગલે પગલે ચાલવું,** આગળનાએ કર્યું હોય તેમ કરવું-વર્તવું; અનુકરણ કરવું; કોઇનો દાખલો લઇ તે પ્રમાણે વર્તવું.

"અદિતિ-બેન ? તમારે પગલે પગલે ચાલી મેં પણ તેમ કર્યું છે અને તમારી કને પ્રભુને પ્રસન્ન કરવામાં કંઈ લેવા આવીછું."

સત્યભામાખ્યાન.

"તારામાં અનુરકત થઈ રહેલી આ તારી ધર્મદેવી દમયંતીનાં વખાણ ત્રણે લોકમાં થાય છે, અને તેના સદાચરણને પગલે ચાલીને ઘણી સ્ત્રીઓ પોતાના ધણિયોને સુખી કરે છે."

નળદમયંતી નાટક.

**પગે કમાડ ઠેલવાં,** ( હાથ ઠેકાણે રાખી પગ વડે કમાડ ઉઘાડી કહેવું કે તે એની મેળે ઉઘડી ગયું તે ઉપરથી. ) કોઈની સમક્ષ નહિ પણ તેની પૂઠ પાછળ તે ન જાણે એમ એવી કૃતિ કરવી કે જેથી તેને નુકસાન થાય; ઉપરથી સારૂં દેખાડી પોતાનો દાવ ખેલવો; કોઇ ન જાણે એમ પોતાનું કામ કરી લેવાની યુકિત કરવી. બેમાલુમ રીતે કામ કરવું.

**પગે કરવું,** બાળકને પગ પર મૂકી અધાડવું.

**પગે કીડીઓ ચઢવી,** પગે અશકિત આવવી. કામ કરવે કંટાળો ખાતો હોય એવા હરામ હાડકાંના માણસને વિષે બોલતાં વપરાય છે. 'શું કામ કરતાં પગે કીડીઓ ચઢે છે ?'

**પગે પડવું** નમવું.

૨ આજીજી કરવી.

૩. નવી પરણેલી વહુએ ઘરની વડીલ સ્ત્રીને નમીને પ્રણામ કરવા.

**પગે મેંદી ચોપડી છે ?,** જેને ઉઠવાનું માથાનો ઘા થઈ પડે એવાને માટે વપરાયછે.

(પગે મેંદી ચોપડી હોય તો ઉઠાય કે ચલાય નહિ; કારણ કે મેંદી ખરાબ થઈ જાય અને રંગ બેસે નહિ. તે ઉપરથી.)

**પગે લાગ્યા,** હાર્યા-થાકયા એવો અર્થ દર્શાવે છે.

૨. કંટાળો દર્શાવવાના અર્થમાં વપરાયછે.

"પગે લાગ્યા એની ગંદી અને માંકડથી ભરેલી ત્રાસ દાયક પથારીને.

**પચ્ચીશી ઉડવી,** મશ્કરી થવી.

૨. ફજેતી થવી.

( મડાપચ્ચીશી ઉપરથી. )

**પચ્છમ બુધિયું,** કર્યા પછી ખરી બુદ્ધિ સૂઝે તેવું; કર્યા પછી પસ્તાય તેવું; પાછળથી જ્ઞાન થાય તેવું; અગમચેતી વિનાનું.

"અગમ બુદ્ધિ વાણિયો, પચ્છમ બુદ્ધિ બ્રહ્મ તર્ત બુદ્ધિ તર્કડો ને ગોદો મેલે ધમ."

એથી ઉલટું અગમબુધિયું-આગળથી જાણવાની-વિચાર કરવાની શકિતવાળું.

"પણ હવે વખત ગયો અને એ ઉત્તમ વિચાર પશ્ચિમબુદ્ધિનો લાગવાથી પસ્તાવાનું સાધન થઈ પડયો."

સરસ્વતીચંદ્ર.

**પછવાડે લાગવું**—પડવું, ચીઢવવું; કાયર કરવું; સતાવવું. ૨. ખણખોજ કરવી; ખંતે પડવું.

**પંચ ઈટાળી કરવી,** પંચ-સમસ્ત લોકતરફથી ઇંટાનો માર મારવો.

"જોવા મળ્યા જન ઘણા,

Gandhi Heritage Portal

ક્યારે કાઢે બહાર એને,
પંચાઇટાળી કરૂં રૈ,
મને ઘણું વ્હાલતા.',

મિત્ર ધર્માખ્યાન. (વલ્લભ.)

**પંચ માસીનું છમાસી કરવું,** વિવાહની વરશી કરવી; કંઈનું કંઈ વિપરીત બોલી બગાડવું; અવળાનું અવળ કરવું.

"અરરર ? મેં તો મુગ્તમાંજ પંચમાસીનું છમાસી કીધું; પણ શેઠ અજાણ્યા ને આંધળા બરોબર."

ભટનું ભોપાળું.

**પંચત્વ પામવું,** ગુજરી જવું; પંચ ભૂતનું સ્વરૂપ તેમાં લીન થવું. પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને આકાશ એ પંચમહાભૂતમાં મળી જવું; મરી જવું; ક્ષય પામવું.

"એટલામાં ભાગ્યશાળી ડોશા કાંઈ આકસ્મિત કારણથી માળા જપતાં બગાસું આવ્યાથી પંચત્વપામ્યાં."

સરસ્વતીચંદ્ર.

**પંઝામાં આવવું,** લાગમાં આવવું; ધાર્યું પાર પડે એવી જોગવાઈ આવવી; ફસાવું.

**પંઝામાં પડવું,** ફસાવું; કબજામાં આવવું.

"કહે, કોણ કોણ એ દુરાત્માના પંઝામાં પડ્યા ?"

મુદ્રા રાક્ષસ.

**પંઝો પડવો,** જય થવો; દાવ પડવો; લાગ ફાવવો; અનુકૂળ વખત આવવો.

**પડ કૂવામાં-ખાડામાં,** કૂવા-ખાડામાં પડવાથી જેવી દુર્દશા થાય છે તેવી દુર્દશા કે ખરાબ હાલત ભોગવ-નુકસાન ખમ એમ બેદરકારીમાં જવાબ દેતાં વપરાય છે.

૨. દીસતો રહે; ધર્યો રહે; જતો રહે; કાળું કર; દૂર થા.

**પડઘો પાડવો,** ડંકો વગાડવો; દુનિયામાં નામ કરવું; ઈતિહાસમાં પરિણામ અંકાવવું.

**પડતા દહાડા,** વાંકા-નબળા દહાડા; નબળી દશા.

"દહાડો પડતો આપણો જોઈ, સર્વે વેર લેવા સહુ કોઇ."

વિજયવાણી.

**પડતી રાત,** મધ્ય રાત પછીનો સમય;

**પડતો પાયો,** પડતી દશા-સ્થિતિ.

**પડદા પાછળ હોવું,** જે બાબત પ્રેક્ષક-સમાજથી જોઈ કે જાણી શકાતી નથી એ બાબત પડદા પાછળ છે એમ કહેવાય છે; ખબર ન પડે એવું હોવું; (સમાજને) ગુપ્ત હોવું.

**પડદામાં રાખવું,** (ખૂણામાં રાખવું તે ઉપરથી લાક્ષણિક અર્થે) સંતાડી મેલવું; છાનું-છૂપું રાખવું. (વાત.) કોઈ ન જાણે તેમ-ગુપ્ત રાખવું; બેમાલુમ રાખવું.

**પડદો કાઢી નાખવો,** શરમ મૂકવી.

**પડદો ખોલવો-ફોડવો,** ખુલાસાથી અંતરની વાત કહેવી; મોકળે મને વાત કરવી; પોતાના વિચાર વગર આચકો ખાધે શંકા આણ્યા સિવાય ખરેખરા કહેવા; મન ઠાલવવું; નિખાલસપણે વિચાર જણાવવા.

"પ્રિયા વિના ક્યાં પડદા હું ફોડું, પ્રિયા વિના ક્યાં સુજ પ્રાણ જોડું."

પ્રેમપત્રિકા.

"તારે બચવું હોય તો, લાજ રાખવી હોય તો અને માન પામવું હોય તો પડદો ખોલ."

સધરાજેસંગ.

**પડદો ફૂટી જવો,** કપટ રૂપી પડદાથી જેના વિચાર ઢંકાયા હોય તે ખુલ્લા થવા. જે વાત-મર્મ ગુપ્ત રાખ્યો હોય તે ઉઘાડો પડવો-જણાઈ આવવો.

થોડા વખત સુધી જે કપટ ભરેલું કાર્ય અથવા કૃતિ રચાઈ હોય તે ઉઘાડી પડી જવી.

Gandhi Heritage Portal

"મારી તમાચો મુખપર, લાલ ધરે લા-લાઈ, પણ પડદો ફુટે બને, ભૂંગળ વિના ભવાઈ."

કાવ્યકૌસ્તુભ.

**પડદો રાખવો,** ઈરાદો છુપાવવો. ૨. બોલવામાં શરમાવું.

**પડી ભાગવું,** નિરર્થક જવું; ફલોત્પાદક ન થવું; અંત આવવો; ધબાયનમઃ થઈ જવું.

"અમારા વિચારને કોઈ ટેકો આપનાર ન મળ્યું એટલે બધા પડી ભાગ્યાજ જાણવા."

**પડીકે બંધાવું,** પડીકામાં બંધાય એટલું થોડું હોવું; ખોટ–તાણ–તંગાશ હોવી;

"શું એને ત્યાં કાંઈ પડીકે બંધાયું છે. ?"

૨. જીવ **પડીકે બંધાવો** જુઓ.

**પડુંપડું થઈ રહેવું,** પડવાની તૈયારીપર આવવું; હમણાં પડશે એવી ધાસ્તી પેદા કરવી.

**પડ્યું ઉઠવું,** પડતી દશા આવેલી તે પાછી સારી દશા એ આવવું; શક્તિ ગુમાવી હોય તે પાછી આવવી; કોઈ પણ કામ કરવાને એકદમ તૈયારી કરવી.

"એ જોસ્સો જો ગયો સમૂળો, પડયા ન ઉઠશો કોદી; ગુલામ થઇને નીચાં કર્મો, સદૈવ કરશો શોધી-ઘાયલ જંગીહો.

નર્મકવિતા.

**પડો વગડાવવો,** લોકોમાં જાહેર કરવું. ( પટહ=પડો. )

"નગરમાં પડો વગડાવી લોકને રાજાએ જણાવ્યું કે આપણે માથે મહાસંકટ આવી પડયું છે, નગરમાં અન્ન ખુટયું છે માટે લાચારીએ આ કામ કરવું પડે છે."

સધરાજેસંઘ.

**પંડ સુધીની પથારી,** પોતે મરતાં સુધીની પથારી. આગળ પાછળની ચિંતા–ઉચાટ ન હોય તેવી નિર્વૃત્તિ સ્થિતિ.

"તે બાયડીના બંધનથી છૂટો થયો-હવે તેનું આ સૃષ્ટિની અંદર સગાં વહાલાંમા કોઈ રહ્યું નહિ, માત્ર પંડસુધી પથારી હવે હતી અને દૈવતમાં દૈવત તેનો પંડ હતો."

કુંવારી કન્યા.

**પંડની પથારી** પણ કહેવાય છે.

**પત્તર રગડી નાખવી,** (પાત્ર ફોડી નાખવું) આબરૂ લઇ નાખવી.

૨. સારી પેઠે ધમકાવવું; ધમધમાવવું; ધૂળ કાઢી નાખવી; સારી પેઠે મારમારવો–ઠોક દેવા.

૩. અતિશય મહેનત કરાવી થકવવું; કાયર કરવું.

**પથ્થર એટલા દેવ કરવા,** સ્ત્રીઓ વહેમને લીધે કોઇ રૂડા અવસરની ઈચ્છાથી અનેક દેવોની માનતાઓ રાખે છે ત્યારે એમ બોલાયછે,

"માતા મહાદેવની માનતા રાખે અને પથરા એટલા દેવ કરે પણ તેથી તેના ભાગ્યમાં ફેરફાર ન થયો."

એ બહેનો.

**પથ્થર ખેંચવો,** મહા મુશીબતે ઘરખટલો ચલાવવો; જેમ તેમ કરી મહેનત મજુરી કરી સંસારનું નાવ ઠેલવું.

**પથ્થરની છાતી,** કઠણ છાતી; લાગણી વિનાની છાતી; હિંમતવાન કાળજું.

**પથ્થરનો ભમરડો,** મૂઢ; જડસો; ઠ.

કંઈજ ભણેલું નહિ.–કંઇ સમજે નહિ–જાણે નહિ તે ( માણસ ) મૂર્ખ.

૨. બોલે નહિ પણ ટકટક જોયાં કરે તે; ધોબીનો ભાઈ પથ્થર–મૂર્ખ.

**પથ્થરપરના છાંટા,** પથ્થરપર છાંટા ભલે પડે–તે કાંઈ પથ્થરને ભેદી શકતા નથી, તેમ કોઈ મૂર્ખને શિખામણ દેતાં પીગળે નહિ કે અસર થાય નહિ તેને વિષે બોલતાં વપરાય છે.

Gandhi Heritage Portal

**પથરે પથરે પંડિત,** પંડિતનો મિથ્યા ડોળ ધારણ કરનાર માણસને વિષે બોલતાં વપરાય છે.

**પથરો નાખવો,** (વાંધો—વ્હેમ નાખવો; ફડચો—નિકાલ થઈ શકે નહિ એવી કાંઈ આડ નાખવી; બાધ કરવો. (પથ્થર નાખવાથી જેમ વચમાં આવેલી વસ્તુ દબાઈ જાય છે તેમ એવો કોઈ વચમાં વાંધો નાખવો કે જેથી ચાલતા વિચારો બંધ પડે-દબાઈ જાય.)

**પથારી સેવવી,** માંદગીને લીધે પથારીમાં પડી રહેવું; ખાટલે પડવું; માંદા પડવું.

**પથારીએ જવું,** મરી ગયેલા માણસને ત્યાં શોક ખાતર દશ દિવસ ભોંયે સુવા જવું. (સગાંના સંબંધમાં)

**પથારીએ પડવું,** માંદા થવાથી પથારીવશ થવું.

**પદરે પડવું,** આશરે-શરણે રહેવું.

**પંથ વળાવવો,** મુઆ પછી તેરમે દિવસે દાન કરવું. (જોડા, છત્રી, દોરી વગેરેનું)

**પર મૂકવા,** હદ વગરનું પરાક્રમ કરવું. (પર પાંખો મકવી-ફુટવી એ ઉપરથી આ પ્રયોગ નીકળ્યો હશે.)

"સહદેવ સાગર, મૂકયાછે પર, છે દ્રૌપદીના બાળ કૃતાંત રાય"

(પ્રે. કૃ. અભિમન્યુ આ.)

**પરચુરણ પુરાણો,** સઘળી બાબતનું થોડું થોડું જ્ઞાન ધરાવનાર.

**પરભુ તોબા,** (પ્રભુ-ઈશ્વરના ઘરની તોબા.) ઘણુંજ અસહ્ય દુઃખ છે એમ દર્શાવતાં એ પ્રમાણે બોલાય છે.

૨. પરતાવો કરવાના—માફ માગવાના અર્થમાં પણ વપરાય છે.

**પરમેશ્વર માથે રાખીને,** પ્રતિજ્ઞા પૂર્વક; પરમેશ્વર વચમાં રાખીને; પરમેશ્વરનો ડર રાખીને.

"શિરસ્તેદાર,—કહો કે, પરમેશ્વર માથે રાખીને સાચેસાચું લખાવીશ."

મિથ્યાભિમાની નાટક.

**પરમેશ્વરના ચોર ઠરવું—થવું,** ઈશ્વરને ત્યાં પાપી—અપરાધી ઠરવું; ઈશ્વરના ગુનેગાર થવું.

"એવું કામ કરો તમે ગોર,
થયા પરમેશ્વરના ચોર."

લક્ષ્મણાહરણ.

**પરમેશ્વરને ખોળે બેસવું,** પરમેશ્વરનું માનીતું થવું; પરમેશ્વરની પૂર્ણ મહેરબાની હોવી—થવી.

જેનું નશીબ અનુકૂળ હોય અને જ્યાં ત્યાં સવળા પાસા પડતા હોય તેને વિષે બોલતાં વપરાય છે.

"એતો પરમેશ્વરને ખોળે બેઠો છે."

**પરમેશ્વર વ્હાલા હોય તો,** ઈશ્વરનું આફીન હોય તો.

**પરમેશ્વરને ઘેર જઇ આવવું,** ભવિષ્યની વાત જાણવી.

**પરપટી પાટે,** ખચીતપણે; ખરેખાત.

**પરસાકડે જવું,** (પરસ—વાડો મરાઠીમાં) વાડામાં જવું; ઝાડે ફરવા જવું.

**પરસાદ આપવો,** માર મારવો; ફુંદીપાક આપવો. (વાંકામાં)

**પરસેવો ઉતારવો,** પરસેવો છુટે એટલી મહેનત કરવી—કરાવવી; ઘણી સખત મહેનત લેવડાવવી.

"એ લાવ્યો હશે કોઇને રડાવીને; કયારે એણે પરસેવો ઉતાર્યો હતો કે એની થાપણ ઓળવવાનો દોષ લાગે?"

બ્રહ્મરાક્ષસ.

**પરિયાંનાં પરિયાં ઉકેલવાં,** પૂર્વજના પૂર્વજની વાત કહેવી. (મ્હેણાં કે નિંદાના રૂપમાં.)

**પરિયાંનું પાણી ખોવું,** બાપદાદાએ મેળવેલી કીર્તિને ઝાંખ લગાડવી; ચાલતું આવેલું નામ બોળવું.

Gandhi Heritage Portal

"જોધપૂર, જેપૂર જેવાં મોટાં રાજ્યો-એ પરિયાંનું પાણી ખોઈ આબરૂ ધૂળધાણી કરી પોતાની પવિત્ર પુત્રીઓ તરકને આપી નરકમાં જવાનો દરવાજો ઉઘાડયો છે."

પ્રતાપનાટક.

**પલીતો મૂકવો,** જગાડવું; ઊભું કરવું; સાંસણી આપવી; અંદરથી છૂપી મસલત કરી ચઢાવવું-ઉશ્કેરવું; પ્રેરણા કરી દૂર રહેવું; ઉત્તેજન આપી ખસી જવું. **રંજક મૂકવો** પણ બોલાય છે. ટૂંકા બોલથી માણસની-લાગણી-ગુસ્સાને ઉશ્કેરવો.

જેમ પલીતો મૂકનાર પલીતો મૂકી ખસી જાય છે પણ બિચારી કોઠી સળગી ઉઠે છે તેમ કોઇને નુકસાન કરાવવાના અર્થમાં વપરાય છે.

**પવનપર ચઢવું,** વાદંડી બનવું, ઉડેલ તબિયતનું થવું; ઠામ ઠેકાણા વિનાનું થવું; અનિયમિત રીતે-અવિવેકથી વર્તવું; જરાક ઘેલછા રાખવી, વાયેલ-ચસ્કેલ થવું.

"એ કંઇ સ્વભાવશ હતો તેથી ભ્રાંતિ પડી ગઈ હશે, તેથી હવે તેને જોઇ હસવા લાગી કે ભાઈ પવનપર ચઢયા છે!

અરેબિયન નાઈટ્સ.

**પવન ફુંકવો,** વાત ફેલાવવી.

'અમસ્તો પવન ફુંક્યાં કરે છે.'

'કોણી તરફનો પવન ફુંકાય છે' એટલે શા સરસમાચાર છે?

**પવન ભરાવો,** (માથામાં), મિજાજ વધી જવો-તબીયત આકરી થવી; મગરૂરી થવી; ગર્વ થવો.

"તારા માથામાં આજ કાલ ખૂબ પવન ભરાયો છે."

**પવન લાગવો, વાયરો વાવો** જુઓ.

સારી માઠી વાત ફેલાવી; ઠેકાણે ઠેકાણે પ્રસરી જવું.

૨. ગુણદોષ લાગવા; સંગતિની અસર થવી; સંગતિદોષ લાગવો.

૩. સુખ દુઃખ જોવાં—અનુભવવાં—ખમવાં.

"સામે મોઢે દુશ્મનને દરું કરવો એવો તેમનામાં ટેક રહેલો છે તોપણ જમાનાનો પવન લાગતાં તેમનું મગજ ભમે ને તેઓ રાતની વખત હુમલો લાવે તો આપણે તે વખત ગાફેલ ન રહેવું."

પ્રતાપનાટક.

**પવન વાવો,** જુઓ **વાયરો વાવો**

"એવે પશ્ચિમ દિશામાં વાયો પવન,
એકદમ જોયા ઝાઝા જન."

માંધાતાખ્યાન.

**પવનમાં ઉડી જવું,** વ્યર્થ જવું; અર્થ રહિત થવું; નકામું જવું; પાર ન પડવું. મિથ્યા જવું; તણાઇ જવું.

"પોતાના બોલ પવનમાં ઉડી ગયા એમ જાણીને તે દર્વેશ નાખુશ થઇને આગળ ચાલ્યો."

× × × × × ×

"કૈલા રાણીના આ ધુરપતના શબ્દ પવનમાં ઉડી ગયા."

કરણઘેલો.

૨. બંધ પડવું; ગુમ થઈ જવું; અલોપ થવું. (વાત પવનમાં ઉડી ગઈ) **હવામાં ઉડી જવું** પણ બોલાય છે.

**પશ્ચિમમાં સૂર્ય ઉગવો,** જે કદી પણ ન બનવાનું તે બનવું (પશ્ચિમમાં સૂર્ય ઉગવા જેવું.)

કોઈ અશક્ય કામ અદ્ભુત રીતે થાય ત્યારે એમ વાપરવામાં આવે છે. જેમ.

"આટલાબધા આપણા લોકો ત્યાં જતા આવતા હશે તેમાંથી કોઇએ મારી દાદ ન લીધી ને એ સાહેબ—આવા મોટા આદમીએ સંભાળ લીધી! એતો પશ્ચિમમાં

Gandhi Heritage Portal

સૂર્ય ઉગ્યો, ખરેખરા ગોરા લોકોના દિલમાં કાળાશ ન હોવી જોઇએ."

નવી પ્રજા.

**પસ્તાળ પાડવી,** કોઈના ઉપર ક્રોધમાં ઉતરી પડવું.

"તે પોતાના રૂપ ઉપર પસ્તાળ પાડતી પેટ ભરીને ધાન પણ ખાતી નહોતી અને એકાંતમાં રાત દિવસ આંસુડાં ઢાળતી."

ગુ. જૂની વાર્તા.

**પહાડ જેવું–જેવડું,** મોટું અને અતિ અગત્યનું.

એ બહેનો.

"જ્ઞાની સ્ત્રીને જે વાત હલકી ને મનમાં ન લાવવા જોગ જણાય તે મૂર્ખને મોટી પહાડ જેવી લાગે."

૨ જુવાન જોધ; જબરો પુરૂષ. (જુવાન પહાડ જેવો ફાટી ગયો.)

૩. સાધારણ પ્રમાણ કરતાં મોટું. 'પહાડ જેવડું ગૂમડું.'

**પહાડી લોહી,** ઉગ્ર જોસ્સો.

**પહુઆ ખંડાવા,** પહુઆ ખંડાવા જેવી સ્થિતિ થવી. નુકસાનમાં આવી પડવું.

૨. માર પડવાથી કચ્ચર થવું.

**પહેલા ખોળાનું,** પહેલી વખતનું (છોકરૂં.) અધરણીનું સંતાન.

**પહેલા નંબરનું,** સૌથી સરસ; ઉત્તમ; સૌથી આગળ પડતું; (સારી તેમ નરસી બંને બાબતમાં વપરાય છે.)

**પહેલે ઘરથી,** પ્રથમથી; ઘર દહાડેથી; શરૂઆતથી.

"એની સાથે વાત કરવાને પહેલે ઘરથી મેં ના કહી હતી."

દિલ્હીપર હલ્લો.

**પહેલે પાટલે,** પહેલવહેલું; મંડાણમાં; આરંભમાં; શરૂઆતમાં.

"હૈયાનો અંતરપટ ખોલી જોશો તો ઝટ માલમ પડશે કે હું ગાંડો નહિ પણ ભામાશા દિવાન જેવો ડાહ્યો છું; તેમજ પટણાની પોશાળમાં પહેલે પાટલે પૂજાયલો કવિ છું."

પ્રતાપનાટક.

**પહોંચા કરડવા,** (પસ્તાવો કરતાં.)

**પહોંચેલી બુદ્દી,** પાતાળ જંત્રી; જેની મસલત–સલાહ–યુક્તિ જાણવામાં ન આવે તે (માણસ.) **પહોંચેલી માયા** પણ બોલાય છે. તેથી ઉલટું **કાચી બુદ્દી** માયા.

૨. પ્રસન્ન કરે એવું.

૩. ગાંજ્યું–છેતરાયું ન જાય એવું; બહુ ચતુરાઈવાળું માણસ.

**પહોર વીતવા,** રોજના કરતાં જ્યારે કોઈ કામ કરવામાં બહુ વખત જાય ત્યારે એ વપરાય છે. જેમકે–

'ખાતાં ખાતાં પહોર વીત્યા.'

(અત્યુક્તિ.)

**પહોળે હાથે,** ઉડાઉપણે; મોકળો જીવ રાખીને; છૂટે હાથે; મનમાં કચવાયા–આચકો ખાધા સિવાય.

"હમેશાં પહોળે હાથે વર્તવું એ કેવળ આપણો વિનાશ કરવા સરખું છે."

અરેબિયનનાઈટ્સ.

**પક્ષીનો મેળો,** આનંદ આપનારા માણસોનું થોડી વારનું મળવું; જેઓ એક બીજાથી થોડા વખતમાં છૂટા પડનાર છે એવા માણસોનું એકાએક મળવું.

**પાંખમાં ઘાલવું–લેવું,** ઓથમાં–આશરે રાખવું; પોતાની છાયા તળે રાખવું; હુંફ આપવી.

"માત પિતાના મરણથી થતો શોક કમી કરવા મોટી બહેન તરીકે એ ચાર મહિના પોતાને ઘેર તેને બોલાવી પાંખમાં ઘાલવાનો પણ તેણે વિચાર ન કર્યો."

એ બહેનો.

તેથી ઉલટું **પાંખમાં ભરાવું.**



Gandhi Heritage Portal

"તે છોકરીઓ તેમની માની પાંખમાં ભરાઇને ભયભીત થયેલી ઊભી રહેલી હતી."

કરણઘેલો.

( જેમ પક્ષી પોતાના બચ્ચાને પોતાની પાંખમાં ઘાલી તેની સંભાળ રાખે છે તેમ. )

**પાંખો આવવી**—ફુટવી, હદ વગરનું પરાક્રમ કરવું.

૨. પુખ્ત ઉમરનું થવું; ૩. બ્રહ્મલોકમાં વિહંગમ માર્ગે જવું.

**પાંખો કાપી નાખવી,** જોર ઓછું કરવું; નરમ પાડવું; શક્તિહીન કરવું; આધાર તોડી નાખવો; સત્તા લઇ લેવી; કશું ચાલે નહિ એવી રીતે નબળું કરવું.

"વજીર ઘણો લોભી છે પણ મહારાજા તેની પાંખો કાપી નાખતાં વાર લગાડશે નહિ."

અરેબિયનનાઇટ્સ.

**પાંખો વીંઝવી,** બનતી મહેનત કરવી; દુઃખમાંથી છુટવા ફાંફાં મારવાં; સંકટમાંથી બચવા ખાતર વલખાં મારવાં.

"તેને જશ આપવો છે માટે ઈશ્વર તેની તરફ થયો છે, ને તેથીજ તેના પાસા સવળા પડ્યા છે ને આ પ્રતાપે પાંખો વીંઝવામાં કસર રાખી નથી તો પણ તેના અવળા દાવ પડ્યા છે ?"

પ્રતાપનાટક.

**પાંચ પાંચ શેરની ઝીકવી,** જીભાળી ગાળો ભાંડવી.

**પાંચ વરસનો બેઠો છું,** તરફદારી ખેંચવામાં નાની ઉમરનો–ઉછરતો છું એમ બતાવવાને વપરાય છે.

**પાંચશેરી કુટવી,** માથાંફોડ કરવી.

**પાંચશેરી બાંધવી,** (કાટે.) ગળે જોતરૂં વળગાડવું; એકાદા નવા કામમાં દાખલ કરવું અથવા થવું; જંજાળમાં પહેલ વહેલું નાખવું અથવા પડવું.

**પાંચે આંગળીએ પૂજ્યા હશે,** ઘણી ભક્તિ કરી ઈશ્વરની મહેરબાની મેળવી હશે.

"પાંચે આંગળિયે પરમેશ્વર પૂજ્યા હશે ત્યારે મારા દિયર જેવો ભાયડો મળ્યોછે."

સરસ્વતી ચંદ્ર.

**પાંદડું ફરવું,** (નશીબનું) ભાગ્યોદય થવો; નશીબ ઉઘડવું; નશીબ જાગવું; સુખ પ્રાપ્તિ થવી; વચ્ચે જે આડ—અંતરાય હોય તે ખસી જવો.

"સ્વયંવરમાં જેનું પાંદડું ફરશેરે,
તે તો લક્ષ્મણાને વરશેરે."

લક્ષ્મણાહરણ

**પાંદડે પાણી પાવું,** ( પાણી સરખું પણ બરાબર ન પાવું એ તેના મૂળ અર્થ ઉપરથી. ) ઘણું દુઃખ દેવું; રિબાવવું; કનડવું; સંતાપવું; હેરાન કરવું; ચીડવવું; પીડયાં કરવું;

"તેમની એક વિધવા બહેન છે તે કોઇને પેટ પાણી પડવા દે એવી નથી. હકમપારેખની જૂની વહુને તે પાંદડે પાણી પાતી."

બે બહેનો.

"સરત રાખજો ને મને સંભારજો કે ભાઇ તમને પણ પાંદડે પાણી પાશે. તમે વિશ્વાસુ છો અને એ આજકાલના અંગ્રેજી ભણેલાઓ ન દેવને ગાંઠે તો માબાપ તે શા લેખામાં ?"

સરસ્વતીચંદ્ર.

**પાંસળી ખસવી**—ચસકવી, ઘેલા બનવું–થવું; ઉડેલ તબિયતનું થવું; મગજ ભમી જવું.

"મગજે નુકસાન અતિશેજ થશે,
તુજ પાંસળી સર્વ ખશીજ જશે."

નર્મ કવિતા.

**પાંસળી ચસ્કેલ** એટલે વિચિત્ર; વાયેલ; ઘેલછાવાળું; ઉડેલ તબિયતનું.

**પાંસળી ઠેકાણે નથી** એમ પણ

Gandhi Heritage Portal

બોલાય છે.

" વશીકરણ ભરી વ્હાલાજીની વાંસળી જો;
સ્વર સુણતાંમાં ઠામ ન રહે પાંસળી જો!
સખિ શ્યામને.

વિજયવાણી.

**પાઈ આવે એટલાં ચારી આવે એવું,** વધારે હોશીયારીવાળું; છેતરી જાય એવું; વધારે આવડત ધરાવનારૂં; આથાનું. (સ્ત્રીઓમાં વિશેષ બોલાય છે.)

" એ પાઈ આવે એટલાં હું ચારી આવું એવી છું."

**પાકું પાન,** ઘડપણથી જર્જરિત થયેલું ઘરડું માણસ. ખરી પડતાં-મરી જતાં વાર ન લાગે એવા ઘરડા ખખને માટે બોલતાં વપરાય છે.

**પાકે ઘડે કાંઠા ચઢાવવા,** પાકે ઘડે કાંઠા ચઢાવવા જેવો મિથ્યા પ્રયાસ કરવો. જે વખતે જે કરવાનું તે વખતે તે ન કરતાં પાછળથી ફોગટ યત્ન કરવો. "અભયસિંહ રહી રહીને હવે પાકે ઘડે કાંઠા ચઢાવવાનો યત્ન કરવા લાગ્યો છે એટલે આધેડ અવસ્થામાં લગ્ન કરવા તૈયાર થયા છે એવું અજાણ્યા લોકોના માનવામાં પણ શી રીતે આવે?"

મણિ અને મોહન.

**પાકો ગુરૂ,** બીજાને મંત્રોપદેશ મૂકી-બોધ દેઈ આડું અવળું સમજાવી છેતરી લેવાની વૃત્તિવાળો; ઊંધું છતું કરી પોતાનું કામ કાઢી લેવામાં કાબેલ માણસ.

**પાકો ઘંટ જેવો,** કોઈનાથી ગાંજ્યો ન જાય-છેતરાય નહિ એવો.

**પાકો મારવાડી,** પાકા મારવાડીના જેવો ઘણોજ લુચ્ચો-ઠગ.

**પાખળ પૂજા કરવી,** (પ્રક્ષાલન પૂજા-મૂર્તિને નવરાવી પૂજા કરવી, તે ઉપરથી વાંકામાં.) શરમાવી હાંકી કાઢવું.

**પાગડું મોટું હોવું,** આધાર સબળ હોવો.

**પાગે લાગું,** બ્રાહ્મણ બીજા વગેરે લોકોને આશીર્વાદ કહેતાં અને બીજા વર્ણના લોકો બ્રાહ્મણને મળતાં પાયે લાગુ કહે છે.

**પાઘડી ઉતારવી,** કાલાવાલા કરવા; આજીજી કરવી; કોઈ વાતને સારૂ છેક ગરીબાઈથી બોલવું; પ્રાર્થના કરવી; કરગરવું; રડવા સરખું મોઢું કરી કંઈ માગી લેવું.

"સોમનાથ-અમારી પાઘડી તમારે ખોળે છે. હું પાઘડી ઉતારીને તમને પગે લાગું છું, તમે અમારા પૂજનિક છો."

મિથ્યાભિમાન નાટક.

**પાઘડી ગુમાવવી,** કીર્તિ ગુમાવવી; યોગ્ય સ્થિતિ ખોવી.

૨. છેતરાવું-ઠગાવું.

**પાઘડી નીચી કરવી,** કલંકિત કરવું; બદનામ કરવું.

**પાઘડી ફેરવવી,** દેવાળું કાઢવું; શાખ ડુબાવવી; કરજે લીધેલાં નાણાં પાછાં ન આપવાં; શાખ ગુમાવવી.

૨. બોલેલું ફેરવવું; આડું બોલવું.

૩. સામું થવું; બાજુ બદલવી; પક્ષ બદલવો.

" ખરેખરા નરો પોતાનું નથી ફાવતું તેથી પાઘડી ફેરવી નાખતા નથી પણ પોતે ખંત અને શ્રમ જારી રાખી પોતાનો ટેક ઊંચો કરે છે."

નવીપ્રજા.

**પાઘડી બંધાવવી,** (વખાણની નિશાનીમાં.) પાઘડી પહેરાવવી; ઈનામ આપવું.

૨. શોક મૂકાવતી વખતે પાઘડી પહેરાવવી; શોક મૂકાવવો.

૩. જશ આપવો; સાબાશી આપવી; તારીફ-વખાણ-પ્રશંસા કરવી.

"પા ઘડી ચૂક જો કાર્યમાં ના પડે, પાઘડી અન્યને રાય શે દે; સર્વનો આશરો રાખીને હું વળું, આશરો ભૂલતાં અંગ ભેદે."

તપત્યાખ્યાન.

Gandhi Heritage Portal

**પાઘડી બગલમાં મારવી,** લઢાઈ કે કજીઆમાં જવા અથવા અપ કીર્તિવાળું કંઈ કામ કરવા તત્પર થવું; આબરૂની દરકાર ન રાખવી; આબરૂ જાય તેની ફિકર ન રાખી કાંઈ સાહસ કરવું.

**પાઘડી બાંધવી,** ( શોક મૂકતી વખતે. )

૨. પાઘડી ઘાટમાં આણવી.

**ફેર પાઘડી બાંધવી** એટલે બોલેલું ફેરવવું.

**પાઘડી મૂકવી**–( ફેર– ), બોલેલું ફેરવવું.

( અવળી– ) દેવાળું કાઢવું.

( સામે– ) સામે થવું.

**પાઘડી મૂકીને આવ્યો** એટલે છેતરાઇને આવ્યો.

**પાઘડી રંગ્યો–બળ્યો,** એમ સ્ત્રીઓ બાળકો પ્રત્યે બોલે છે. પહેલું લાડમાં અને બીજું ચીઢમાં વપરાય છે.

" મારા રડયાં, પાઘડી બળ્યા. પાઘડી બળ્યો તારો ભાઈ. રાંડ ગયેડી. "

સ્ત્રી સંભાપણ.

**પાઘડી રંગી નાખવી,** આબરૂ લઈ નાખવી; પત્તર રગડી નાખવી.

**પાઘડી લેવી,** આંજવું; હરાવવું; ઠગવું; ટેક મૂકાવવો; આબરૂ લેવી; કાન કાપવા; ( ગુણ કે લુચ્ચાઇથી, ) તાબે થવાની ફરજ પાડવી; છેતરવું; નબળું પાડવું; માર ખવડાવવો.

**પાઘડી સંભાળવી, પાઘડીનો પેચ સંભાળવો** પણ કહેવાય છે. (પાઘડી જાય નહિ –આબરૂ જાય નહિ તેને માટે કાળજી રાખવી; સાવધ રહેવું. ) પોતે પોતાનો ભાર કે કીર્તિ જાળવી રાખવી; હોશિયાર–સાવચેત રહેવું; ગફલત ન થાય–ખત્તા ન ખવાય એવી રીતે સમજીને ચાલવું.

**૧ ઘડીનો ધણી,** વ્યવહારમાં–વેપારી વર્ગમાં માનવંતો અથવા સારી કીર્તિવાળો માણસ.

**પાછલી ચાર ઘડી,** છેલ્લી અવસ્થા.

" મરવાની તૈયારીમાં રામજી ? આશું કરો છો,? આનો કંઈ અમારાથી મરમ સમજાતો નથી. તમારે તો પાછલી ચાર ઘડી છે, પણ આ મારા સામું તો જૂઓ."

ગુ. જૂની વાર્તા.

**(પાછલો પહોર દહાડો** પણ બોલાય છે.)"

**પાછલો પહોર,** ઉત્તરાવસ્થા; વૃદ્ધાવસ્થા.

" લક્ષ્મીપ્રસાદ તો પાછલો પહોર અમદાવામાં ગાળવા આવ્યા.

નવીપ્રજા.

**પાછા થવું,** મરી જવું; મરણ પામવું; ગત થવું.

" મુઆ નહિ ને પાછા થયા."

**પાછા વળવું,** મરી જવું; ગુજરી જવું; થઈ જવું.

" એક દીકરો છ મહિનાનો થઇને પાછો વળી ગયો છે. "

સ્ત્રી સંભાષણ.

**પાછી ધરતી,** કાઠિયાવાડને પાછી ધરતી કહેછે. ( કારણ કે એ ભાગ સમુદ્ર તરફ ગયેલો છે.)

**પાછી પાની કરવી–કાઢવી,** પાછા હઠવું; પાછા ફરવું. ( હિંમત હારવાથી)

૨. તકરારમાં નબળું પડવું; હારવું.

" અમારાં પરાક્રમ તમે જુઓ તો ખરા, અમને અજમાવો; જો અમે પાછી પાની કરીએ, જો અમે ગુર્જર નામને લાજ લગાડીએ, તો અમને આ રાજ્યમાં પાછા પેસવા ન દેશો. "

વનરાજ ચાવડો.

"ભીની જમીન કોરી કરવા સારૂ કહે તો ખાંડ પાથરે અગર તાપના દહાડામાં કોરી જમીન ઉપર જોઇએ તો ઘીનો છંટકાવ કરાવે તે વખતે તેઓ ખરચમાં પાછી પાની કાઢે નહિ."

બે બહેનો.

Gandhi Heritage Portal

"કહે પુત્રને આવડી શીખ છાની, રખે બાપ મારા કરો પાછી પાની."

રણયજ્ઞ.

**પાછી લાગવી,** મોત આવવું.

૨. નુકસાન થવું; હાનિ પહોંચવી.

**પાછું નાખવું,** ઉલટી કરવી.

**પાછું વળવું,** બગડી જવું; ઉતરી જવું; સ્વાદ રહિત થવું. 'ભાત પાછો વળ્યો.'

૨. મરણ પામવું.

**પાછું વાળીને જોવું,** ભવિષ્યનો વિચાર કરવો; આગળ પાછળનો લાંબો વિચાર કરવો; દીર્ઘદ્રષ્ટિ પહોંચાડવી.

"તમારી બંનેની પૂર્વ પ્રમાણે ઠઠ્ઠા મશ્કરી ચાલવા દો અને જ્યારે હું ચાકરને વેષે તમારી પાસે આવું ત્યારે તમે હું ઘણો મોડો આવ્યો માટે મારાપર ગુસ્સે થજો અને છેલ્લે મને મારવાને પણ પાછું વાળી જોશો નહિ."

અરેબિયન નાઈટ્સ.

"ભૂખનું દુઃખ ઘણું ભુંડું છે-ભૂખ્યો માણસ શું ન કરે ? નાણાં વાસ્તે કાળાં કર્મ કરવાને માણસ પાછા વાળી જોતાં નથી."

સુબોધપ્રકાશ.

૨. આચકો ખાવો; સંકોચ પામવો.

**પાટ બેસવું,** રતુ આવવો (સ્ત્રીને.) એવી સ્ત્રીને કાંઈ કામકાજ કરવાનું નહિ હોવાથી ઘરને આંગણે પડેલી પાટપર બેસીરહે છે તે ઉપરથી )

**પાટલા ફાડવા,** પાટલા બગાડવા; નુકસાન કરવું પણ ભણતાં ન આવડવું.

"**પાટલા સુડવા** પણ વપરાય છે."

**પાટલા ભરવા,** છોકરાને બાંધી પીઠ અને ડોકની વચ્ચે પાટલો મૂકવો. (મહેતાજીએ)

**પાટલા સાસુ,** મોટી સાળી; વહુની બેન.

**પાટલે બેસાડી પૂજા કરવી,** પ્રથમ સત્કાર કરી પછી માર મારવો અથવા નુકસાન કરવું (વાંકામાં.)

૨. હુલાવી ફુલાવી નવરૂં બેસાડી રાખવું.

**પાટલો ગોઠવો,** નિરાંત વળવી; ચેન પડવું; ગમવું; કરાર વળવો.

૨. કોઈ ઠેકાણે કોઇનો વગ થવો; સમાવું.

**પાટલો પડવો,** ફાવવું; નભવું. (પૂજાવું તે ઉપરથી લાક્ષણિક અર્થે)

"આવાં તેમનાં આચરણ જણાઈ આવેલાં છતાં તેમના વગર કોઇ પણ શુભ આરંભમાં પાટલો પડતો નથી."

નવી પ્રજા.

"જે તે કામમાં એનોજ પાટલો પડે છે"

**પાટલો ફરવો,** કામ પાર પડવું; કામ થવું.

તેના વિના પાટલો ફરવાનો નથી એટલે તેના વિના ચાલવાનું નથી.

"કંઈ નાત જાતની બાબતમાં લક્ષ્મી પ્રસાદની સલાહ વિના પાટલો ફરે નહિ."

નવીપ્રજા.

**પાટા બાંધવા,** આડું અવળું સમજાવી ભમાવવું; કાન ભંભેરવા; ઉલટું ઉલટું બતાવીને ભોળવી નાખવું.

**આંધળા પાટા બાંધવા** એમ પણ બોલાય છે.

( આંખે પાટા બાંધવાથી જેમ દેખાતું નથી તેમ સમજમાં ન આવે-અક્કલ છેતરાઈ જાય તેમ કરવું. )

**પાટીપર ધૂળ નાખવી,** ભણવું; પ્રથમ જ્યારે સરકારી શાળાઓમાં સ્લેટનો ઉપયોગ થતો ન હોતો ત્યારે પાટીપર ધૂળ નાખી ભણતર ભણવાનો રિવાજ હતો તે ઉપરથી.)

"અમે તે કદી પાટીપર ધૂળ નાખી હતી કે લખી જાણીએ ?"

"વળી જાતે નિરક્ષર અને વળી પાટી પર ધૂળ પણ નાખી ન હોય કે સ્લેટ પર પેન વડે લીટા પણ કાઢ્યા ન હોય

Gandhi Heritage Portal

એટલે તે બિચારી લખી તો શી રીતે રાખે ?"

સુંદરીગુણમંદિર.

**પાટીઆં ગોઠવવાં,** બંધ બેસતું કરવું.

**પાટીઆં દેવાવાં**—બેસી જવાં-ભીડાવાં, ડુલી જવું; દેવલી બેસવી; ભારે નુકસાન થવું; દુર્દશામાં આવવું.

૨. દેવાળું કાઢવું.

( દુકાન ચાલતી બંધ થાય અથવા ગુજરાન થતું અટકે ત્યારે એમ બોલાયછે. )

૩. ચાલતું કામ વચ્ચેથી અટકી પડવું; ભાગી પડવું.

**પાટીઆં માંજવાં,** ખાઈપી એડવાડો કાઢી નિરાંત ધરવી.

**પાટીઆં રંગાઈ જવાં,** ઘણીજ નુકસાનીમાં આવી પડવું.

**પાટીઆં વાળી દેવાં,** કામ બંધ કરવું; ભાગી પાડવું.

"ના, અલી ના, તે દહાડે દેવીને બોલાવી એમણે શુ કહ્યું તેમાંનું મારા જાણવામાં તો કંઈએ આવ્યું નથી. સખિ, તું જાણતી હોય તો કહે જોઇએ ? હું તો કુલપતિ પાસે ગયતી ત્યાં તો તેમણે પાટીઆંજ વાળી દીધાં."

તપત્યાખ્યાન.

**પાટે બેસવા જવું,** લગ્ન અથવા મુઆની નાત જમતી હોય તે જોવાને ત્યાં માંડેલી પાટપર બેસવા જવું.

"મનસુખરામે કહ્યું હતું કે એક પ્રસંગે નાગર બ્રાહ્મણની નાત જમવા બેઠેલી ત્યાં પાટે બેસી મામેરૂંગાઈ સંભળાવ્યું તેથી નાગરો એટલા તો ખુશ ખુશ થઈ ગયા કે તેઓએ પોતાના ચંબુઓ તેને આપી દીધા !"

નર્મગદ્ય.

**પાટે બેસવું,** સ્ત્રીએ અળગું બેસવું (ૠતુ આવવાથી.)

૨. રાજાએ ગાદીએ બેસવું.

**પાટો ગોઠવો,** સ્વભાવ મળતો આવવો; બનવું; ફાવવું; મેળ મળવો; બનતી રાશ આવવી.

"તમારે એક બીજાને પાટો ગોઠતો નહોય તો બહેતર છે કે અળગા રહેવું."

**પાટલો ફાવવો** પણ વપરાય છે.

"લોર્ડ હેરિસ અને તેનું રક્ષકમંડળ હમણાં ઘણા ગુસ્સામાં છે. તેઓ કંઈ પણ પાટલો ફાવવા દે એવી આશા તો આભલામાં રાખવાની છે." ગુજરાતી

**પાટો જામવો,** ચલણ થવું.

૨. સ્નેહ થવો.

**પાટોપાટ સળગવું,** એક બીજાના સંબંધમાં લડાઇ ચાલવી અથવા આગ લાગવી.

'સગાંવહાલાંમાં પાટોપાટ સળગીછે;'

'આગ પાટો પાટ સળગી.'

**પાઠું ખેંચવું,** ટોપલી ઉપાડવી; કુવો ખોદતી વખત માંહેથી મટોડું કાઢવાની દોરડે બાંધેલી ટોપલી ખેંચવી.

**પાડા મુડે એવું,** આવડત વિનાનું; અણઘડ; અભણ; બુદ્ધિ ન વાપરી શકે એવું; અક્કલનો સદુપયોગ ન કરી શકે એવું; પાડા મુડવા જેવા હલકા પ્રકારના કામ સિવાય બીજા કામને માટે લાયક નહિ એવું. (હજામ પોતાના ધંધાની શરૂઆતમાં પ્રથમ પાડા મુડે છે તે ઉપરથી.)

**પાણી કરવું,** (લોહીનું વસ્ત્રનું, પૈસાનું, પણી કરવું.) ધોક્કો પહોંચાડવો; છેકજ બગાડી નાખવું; ગુમાવવું; ખાલી કરવું.

**પાણી ચઢાવવું,** શૂરા ચઢાવવું; ઉશ્કેરવું; ઉત્તેજન આપવું.

૨. **પાણી પાવું** (અર્થ ૨ જો)

Gandhi Heritage Portal

**પાણી ચોપડીને વાંચીએ તેવા અક્ષર**, ઘણાજ ખરાબ અક્ષર.

**પાણી છાંટવું**, ઠંડુ પાડવું ( જોસ્સા વગેરેને. )

**પાણી છુટવું**, પોતાને ઘણી ભાવે તેવી વસ્તુ બીજો કોઈ ખાતો હોય તે જોઈ અથવા તે વિષે તેને વાત કરતો સાંભળી પોતાની જીભ ઉપર ઝરણ ઝરવું–થુંક વધવું–તે ખાવાની અતિશય ઈચ્છા થવી.

૨. અશક્ત થઈ જવાથી પરસેવો છુટવો.

" મારવાડી ઉદાસ થયો ને ધ્રુજવા લાગ્યો; તેને અંગે પાણી છુટયાં. "

સધરાજેસંઘ.

**પાણી જવું**, પાણી લેવા જવું.

૨. ટેક જવો; આબરૂ જવી; શોભા જવી.

**પાણી જોઈ લેવું**, સામર્થ્ય–શૌર્ય જોઇને તેને વિષે હલકો વિચાર બાંધવો.

**પાણી પાણી કરવું**, થકવવું; નરમ પાડવું.

૨. પરસેવો આણવો.

(ઘોડાને.)

" પાણીને માટે તલસ્યા કરવું; ઘણાં તરસ્યા થવું.

**પાણી પાણી થઈ જવું**, મહેનતથી ઘણો પરસેવો છૂટવો.

૨. તાબે થઈ જવું; નરમ થઈ જવું; જોર–કૌવત વિનાનું થવું.

૩. ઓગળી જવું ( ખાર વગેરેનું. )

" આખું અંગ જાણે ભંગ થઈ ગયું; મૂઠી વાળવા જેટલું જોર મારાં આંગળાંમાં રહ્યું નહિ; પગ પણ જાણે પાણી પાણી થઈ ગયા.

પ્રતાપનાટક.

**પાણી પચ્ય એટલું પીવું** (કોઈ.), કહે તેટલું ને તેમ કરવું; કોઇનું સમજાવ્યું સમજવું અથવા તેના કહ્યા પ્રમાણે વર્ત્તવું.

" પોતાની બુદ્ધિ પ્રમાણે ન ચાલે તેવાને માટે અથવા પૂર્ણ તાબેદારીની સ્થિતિ દર્શાવતાં વપરાય છે. )

" હું તમને એક ઉપાય બતાવું છું, હમણાં સેનાપતિની સ્ત્રીજ સેનાપતિ છે; ઓથેલોને, ડેસ્ડિમોના પાય એટલું પાણી તે પીએ છે. "

શે. કથા સમાજ.

**પાણી પાવા જવું**, કોઈની પાછળ તેની સેવા કરવા દાખલ મરી જવું.

" તેની સાથે ચઢી આવેલા પહેલવાનોને તો આગલાને પાણી પાવા મોકલ્યા. "

વીરાધીરાની વાર્ત્તા.

**પાણી પાવું**, એક ધાતુને બીજી ધાતુનો રસ પાઈ બીજીનો રંગ ચઢાવવો; ઢોળ દેવો.

૨. ધાર આણવાને હથિયારને ગરમ કરી પાણીમાં બોળવું.

૩. ઉશ્કેરવું; પાણી ચઢાવવું; ઉત્તેજન આપવું.

૪. કોઇને પાણી પીવા આપવું.

૫ ઝાડના મૂળમાં પાણી રેડવું.

**પાણી ફરવું–ફરી વળવું**, ફોકટ–બરબાદ જવું; ધૂળ મેળવવું; નુકસાન થવું; ઉપયોગમાં ન આવે એવું થવું.

**પાણી ફેરવવું**, ધૂળ મેળવવું; રદ કરવું; નકામું કરવું. (સારા નામપર–આબરૂ ઉપર)

" બીજી વાતોમાં શાસ્ત્રનો દાંડો પકડવો અને સારી તથા લાભકારી હોય તો પણ તે ન કરવી અને આવી વાતોમાં શાસ્ત્રના કહેવાપર પાણી ફેરવવું એ કોના ઘરનો ન્યાય ? "

બે બહેનો.

" મને વાર થઈ તેનું કારણ કહીશ એટલે તમારા કહેવાપર બધુંય પાણી ફરી વળ્યું જાણવું. "

તપત્યાખ્યાન.

Gandhi Heritage Portal

**પાણી ફેર કરવું,** તંદુરસ્તી સુધારવા કાંઈ સારાં હવાપાણીમાં જવું.

**પાણી બાળવું,** ઘાતકીપણે વર્તવું; જૂલમ કરવો. ૨. જીવ બાળવો.

**પાણી ભરવું,** ઘરના ખપ સારૂ કુવા–ટાંકા કે તળાવમાંથા પાણી લાવવું.

૨.(–આગળ) ગણુતી–લેખા–હિસાબમાં નહિ એવી હાલતમાં હોવું; ઉતરતે દરજ્જે હોવું.

૩. શરમીંદુ પડવું; ઝાંખું થવું; અંજાઈ જવું.

" વ્યાકરણુશાસ્ત્રમાં હું પારાંગત છું. વક્તૃત્વ શકિત તો મારી નજર સામે પાણી ભરે છે."

અરેબિયનનાઈટ્સ.

" જે ધણીની માનીતી છે રાણી.
વેદ ત્યાં ભરતો પાણી–માયા ભકિતને૦

કવિ બાપુ.

**પાણી ભરાઈ જવાં,** ઘણા સોજા આવી મરવાની તૈયારી પર આવી રહેવું; આખર આવવી.

" ચડવા માંડયું પાણી આજ,
સુધારાતણું જો;
ભરાઈ ચૂકયાં પાણી છેક,
વલ્લભ મતને જો.

નર્મ કવિતા.

૨. મહેનત કરતાં થાકી જવું–શરીર દુખાવું.

થોડી વાર અટકયા વિના અથવા સારી પેઠે થોભ્યા વિના આગળ કામ ન થાય તેવી હાલતમાં આવી પડવું.

તેથી ઉલટું **પાણી ચઢવું** એટલે જોસ્સો વધવો.

**પાણી ભરાવવું,** ઉતારી પાડવું; હલકું કરવું; હરાવવું; થકવવું; નરમ કરી નાખવું; મહેનત કરાવી થકવવું.

" કાઠિયાવાડના ટંકારા ગામમાં સ્ફટિક જાતના પથ્થર થાય છે તે પારદર્શક અને ચકચકિત હોઇને ઊંચી જાતના બિલોરને પાણી ભરાવી શકે."

દે૦ કા. ઉત્તેજન.

" જંઘાસ્ફોટન કુંવર કરે ત્યારે,
મહા નાદને પાણી ભરાવે."

માંધાતાખ્યાન.

**પાણી મરવું,** જોસ્સો નરમ પડવો; શાંત પડવું.

૨. (સ્ત્રીએ) પતિવ્રતપણું ખોવું.

**પાણી મૂકવું,** એકાદું કામ કરવાની પ્રતિજ્ઞા લેવી; સંકલ્પ કરવો; અમુક બાબતનું પણનીમ લેવો.

(શાસ્ત્ર કે પુરાણમાં કહેલું કોઈપણ કામ કરતાં પહેલાં તે કરવામાં પોતાનો શો હેતુ છે તે અને તે કર્મ આટલા દિવસમાં આવી રીતે કરીશ એવો બ્રાહ્મણ સમક્ષ પાણી મૂકીને સંકલ્પ કરવાનો–નિયમ લેવાનો રિવાજ છે તે ઉપરથી લાક્ષણિક અર્થે.)

" વેરી થાશે એ વામણો, જ્યારે મૂકશો પાણી."

વામનકથા.

૨. પાણી ઉનું કરવું.

૩. એકાદું કામ ન કરવા વિષે પ્રતિજ્ઞા કરવી.

**પાણી લાગવું,** એકાદી જગ્યાનું પાણી પીધાથી રોગ થવો.

" સોનગઢ બ્યારાનું તને પાણી લાગ્યું દેખાય છે."

**પાણી લેવું,** કોઈની આબરૂ લેવી.

૨. એકાદું કામ ન કરવાનો નીમ લેવો.

**પાણી વલોવવું,** પાણી વલોવવા જેવો મિથ્યા યત્ન કરવો. હાથ લાગે નહિ,—ધારેલો ફાયદો ન મળે એવી રીતે મિથ્યા ફાંફાં મારવાં.

Gandhi Heritage Portal

બુદ્ધિ કહે બકવાદ તજ,
વ્યર્થ વલોવે નીર;
છાર સૂર્યને છાંટતાં,
સરવે પડે શરીર.

બુલાખીરામ.

પાણીમાં વલોવવા જેવો વ્યર્થ પ્રયાસ કરવો; મુખ્ય મુદ્દાની વાત મૂકીને નિરર્થક અને નજીવી વાતમાં મન ઘાલી મહેનત કરવી.

**પાણીને મૂલે,** જુજ કિંમતે; ઘણેજ સસ્તે ભાવે. ( જેમ પાણીની કિંમત ગણાતી નથી તેમ. )

"કાળીનાળી ચોરી કે લૂટમાંથી મેળવેલો માલ પાણીને મૂલે મારવાડીને ત્યાં વેચવા આવતા."

કુંવારીકન્યા.

**પાણીથી પાતળું કરી નાખવું,** ઘણુંજ હલકું પાડવું; છેકજ ઉતારી પાડવું; વીલું પાડવું; માનભંગ કરવું; છેક ધમકીથી શરમિંદું કરી નાખવું; માન ઉતારી નાખવું. ( તિરસ્કારમાં )

" રમાનંદનું ઘરમાં ધણિયાણી કે છોકરી આગળ કાંઇ ચાલતું નહિ. શીખામણ દેવા કે ડહાપણ કરવા જાય કે ઝાપટી પાણીથી પાતળો કરી નાખે. "

સાસુવહુની લઢાઈ.

" પ્રૌઢા ધીરા પોતાના પ્રિયને તિરસ્કારથી પાણીથી પાતળો કરી નાખે છે તથા વેળાએ ઉછળી ઉછળીને વળગાઝૂમી કરે છે. "

રસવર્ણન.

**પાણીથી પાતળું થવું,** અતિશય કરકસરિયું થવું."

" એ ભિયા પાણીથી એ પાતળા થાય એવા છે. "

૨. ઘણુંજ બેશરમી થવું.

"મુકયું ઝેર તે આગળે,
નિરમળ થઈ તે નાર;
પાણીથી થઈ પાતળી,
ચૂકી ગઇ તે ઠાર. "

પંચદંડ.

**પાણીના રેલાની પેઠે,** ઉતાવળે; તરત; થોડી વારમાં; પાણીનો રેલો જેટલી ઝડપથી જાય છે તેટલી ઝડપથી.

" તેની કિંમત પાણીના રેલાની પેઠે ઉતરી જાય છે. "

કરણઘેલો.

**પાણીની પેઠે રાહ જોવી,** વરસાદની પેઠે ઘણીજ આતુરતાથી રાહ જોયાં કરવી.

" એની સ્ત્રી તો એની પાણી પેરે રાહ જોતીજ બેઠી કે એ કયારે આવે ને આ હકીકત નિવેદન કરૂં. "

અરેબિયન નાઇટ્સ.

**પાણીનો પરપોટો,** ક્ષણિક એવું જે કંઈ તે. પાણી ઉપરનો પરપોટો અલ્પ સમયમાં નાશ પામે છે તે ઉપરથી.

**પાણીનો પરપોટો, પાણીપરની રેખા, ધૂળ પર લીપણ, બપોરનો છાયો, વિજળીનો ચમકારો, સૂર્યનો છાયો, કમળિની પરનું બિંદુ, ખુંટીપરનો કાગડો, પંખીનો મેળો, સાડાત્રણ ઘડીનું રાજ, ઘડીનું ઘડિયાળ, તૃણનો શેક** વગેરે એકજ અર્થના પ્રયોગો છે.

"સંસાર આ તો સર્વે ખોટો,
પાણી માંહેનો પરપોટો;
ફુટી જાશે નાનો મોટોરે.—ચતુરવર."

દયારામ.

" ઊંચ ને નીચ તો માયાનો ખેલ છે,
એતો પાણી તણા પરપોટા,
વિચારી જુઓ. "

કવિ બાપુ.

" હાટ ભરો ધનમાટ ભરો,
મન ધાટ કરો ભલે મોટા;
પાટ ઠાઠ સહુ ઘાટ આઠ પળ,
પાણી તણા પરપોટા—



Gandhi Heritage Portal

નિશ્ચે રહેવું નથીરે,
માથે મોત ઝપાટો ભારે."

બોધ ચિંતામણિ.

**પાણીમાં ચણો ઓગળે છે,** ( વાંકામાં. ) દિન પ્રતિદિન જાડો થાય છે. ( પાણીમાં ચણા પલાળવાથી જેમ વધે છે તેમ. )

પેટને દુઃખેજ પાણીમાં ચણો ઓગળે એવો થયો છે, નહિ વારૂ ભાવતાં ભોજન જમી ભીમ જેવો થયો તોય છિદ્ર શોધવાં એ તારૂં કામ છે."

પ્રતાપનાટક.

**પાણીમાં જવું,** બરબાદ જવું; છૂટી પડવું; નિષ્ફળ જવું; ફળદાયક ન નીવડવું; મિથ્યા જવું.

"સઘળાં તેની પાસે એકઠાં થયાં અને ડોસાને તો ફાળ પડી કે રખેને કર્યું કારવ્યું પાણીમાં ગયું કે શું. ?"

બ્રહ્મરાક્ષસ.

**પાણીમાં ડાંગો મારવી,** ડાંગ મારવાથી જેમ પાણી જૂદાં થતાં નથી તેમ મિથ્યા શ્રમ કરવો.

૨. સંબંધીમંડળમાં લઢી ઉઠવું. (મતલબ એવીછે કે એવી રીતે લઢવાથી જે સંબંધ છે તે છૂટવાનો નથી. )

**પાણીમાં ડૂબી જવું જોઇએ,** શરમનું માર્યું મોં ન દેખાડવું જોઇએ.

**પાણીમાં તરવું,** શૌર્ય છતું રાખવું–બતાવવું; ટેકમાં રહેવું.

"નઠારાં કર્મમાં એ કેવો ભ્રષ્ટ થઈ ગયો છે કે હું એની સામે આવીને ઉભી છું તો પણ ઓળખતો નથી. ઠીક છે જોઉં છું કે એ કેટલા પાણીમાં તરે છે. ?

મહિયારી.

**પાણીમાંથી પોરા કાઢે એવું,** ચોખ્ખી અને ખરી બાબતમાંથી પણ ભૂલ શોધી કાઢનાર; જે તે બાબતની ખણખોજ કરનાર; ખોડ–ભૂલ કાઢ્યાં કરવાની મતલબથી કોઈની ચાલ ચલણ–કોઈના કામ ઉપર ખેપ રાખીને જોયાં કરવું ખંતથી દોષ કાઢયા કરવા. **દૂધમાંથી પોરા કાઢવા** પણ બોલાય છે.

**પાણીમાં પડવું,** ઊંઘે ખૂબ ઘેરાઈ જવું. જે માણસને ઘણી ધાડી ઉંઘ હોય તેવાને વિષે બોલતાં એમ વપરાયછે કે જાણે પાણીમાં પડયો.

૨. છૂટી પડવું. ( પૈસા. )

**પાણીમાં પારો પડવો,** એમ જે વસ્તુ ફરીથી મળવાની આશા ન હોય તેને માટે લગાડાય છે. ફરીથી ન મળે એવી રીતે નાશ પામવું.

( પાણીમાં પારો પડ્યો હોય તે જેમ હાથ લાગતો નથી તેમ. )

"જાત જાણ્યા પછી જન્મ મૃત્યુ ટળે,
પાણિમાં પારો ગયેં પાછો નાવે."

ભોજોભકત.

**પાણીમાં બોળવું,** ડુબાવવું; નુકસાનીમાં આણવું; પડતીમાં લાવવું; ઊંચો ન આવે એવી ખરાબ સ્થિતિમાં આણી મૂકવું.

**પાણીમાં બોળવું,** ખરાબ કરવું; નકામું કાઢવું; વ્યર્થ જવા દેવું; વણસાડવું; ગુમાવવું; ધુળ મેળવવું. 'કુટુંબની આબરૂ બધી પાણીમાં બોળી.'

"મારાં સાઠે વર્ષ પાણીમાં બોળ્યાં."

મણિ અને મોહન.

**પાણીમાં મૂઠીઓ ભરવી,** પાણીમાં મૂઠીઓ ભરવાથી કિંચિત્ માત્ર પાણી મૂઠીમાં રહી શકતું નથી તે ઉપરથી તેના જેવો મિથ્યા પ્રયાસ કરવો.

**પાણીઆરાના મુનસી,** ( પાણીયારા–ઘર આગળ હુકમ–કારભાર કરનારો. ) જે માણસ ઘરમાં મોટી મોટી વાતો કરે પણ બહાર બોલી શકે નહિ તે.

**પાણીગ્રહણ કરવું,** હાથ મેળાવો કરવો;

Gandhi Heritage Portal

પરણવું-લગ્ન સંબંધ કરવો. (પાણિ=હાથ+ગ્રહણ)

"સ્ત્રી પુરૂષ પોતાની મેળે પરસ્પર પાણી ગ્રહણ કરવા અને પસંદ કરવા યોગ્ય બન્યાં હોય તો તેમની ઈચ્છાની આડે નહિ આવવું."

સુંદરીગુણમંદિર.

**પાણીચું આપવું**, રજા આપવી; કલમ કાપવી; બરતરફ કરવું; વિદાય કરવું. (પાણીચું-પાણીચૂતું શ્રીફળ.)

"તેમનું કેટલીક વાર સુધી તો પડોશીઓની ખટપટ આગળ ફાવ્યું નહિ પણ પછીથી તેમને પાણીચું આપી સ્વદેશમાં મોકલી દીધા.

વીરાધીરાની વાતો.

**પાણીચું મળવું**, રજા આપવી-મળવી; ઘેર બેસવું.

"એક વીશીવાળાની છોકરી સાથે લી પરણ્યો તેથી તેને પાણીચું મળ્યું."

જાત મહેનત.

**પાણીછલ્લુ આપવું**, છલ્લોછલ્લ પાણીથી ભરેલું શ્રીફળ આપવું તે ઉપરથી વિદાય કરવું; રજા આપવી; કાઢી મેલવું-

**પાણીછલ્લુ કરી નાખવું**, ઉતારી પાડવું; શરમિંદું કરવું; માનભંગ કરવું; ઉડતાવી નાખવું.

"પોલિકસીનીઝે પોતાના કુંવરને પાણીછલ્લો કરી નાખ્યો કે તું આવી નીચ કુળની કન્યા સાથે લગ્ન કરવા શું તૈયાર થયો છે?"

શે. કથાસમાજ.

**પાતરાં પાડવાં** (હાથે.), જાતમહેનતકરવી.

**પાતાળ જંત્રી**, પહોંચેલી બુદ્ધી; જેની યુકિત કે મસલત કાંઈ જાણવામાં ન આવે એવો; ઊંડી સલાહ આપનાર; ગંભીર યુકિત બતાવનાર; પાતાળના છેક તળીયા સુધી નીચે જવાના ઉંડા વિચારમાં પડીને પણ અમુક બાબતનો તપાસ કરી લાવે તેવું.

૨. ગમે ત્યાંથી ખોળી આણે તે; ગમે તેમ કરી કામ પાર પાડે તે; સઘળી જાતની શકિત વાળો.

**પાતાળ પાણી**, કૂવા-કુંડનું એવું પાણી કે જે કદી ખુટેજ નહિ-અંદરથી ઝરણ નીકળ્યાંજ કરે તેવું-જીવતું પાણી.

'હાથી ધમધમ ચાલે,
પાતાળ પાણી કાઢે,
પાતાળપાણી ઊંડું,
હાથીને પગે કુંડું,'

**પાતાળફોડવું**, જમીનના ઊંડા ભાગમાં ન ખુટે એવું પાણી કાઢવું.

**પાતાળનાં પુતળાં હલાવવાં**, ગજબ કરવો; અતિશય ઉત્પાત કરવો; ઘણી ઉથલ પાથલ કરી મેલવી. જેની યુકિત કે મસલત કાંઈ જાણવામાં ન આવે એવા માણસને વિષે બોલતાં વપરાય છે.

**પાતાળમાં પગછે**, (મતલબ કે બહાર છે તેટલો માંહ્ય છે.) જેનાં કાવતરાં કે તરકટ કાંઈ જાણવામાં ન આવે એવા પહોંચેલી બુદ્ધીના માણસને વિષે બોલતાં વપરાય છે. એવો માણસ કયાં કેવું પગલું ભરે છે તે કાંઈ જણાતું નથી.

**પાતાળમાંથી વાત લાવવી**, ઘણે ઊંડે ઉતરીને—ખૂણે ખોચરે કોઇને પૂછીગાછીને ગુપ્ત હોય તે છતાં પણ ગમે ત્યાંથી વાત કાઢી લાવવી.

**પાતાળમાં પેસી જવું**, જુઓ **ધરતીમાં પેસી જવું. પાતાળમાં પેસાડવું** એટલે શરમાવી નીચું જોવડાવવું.

"મારાં માબાપને પાતાળમાં પેસાડતાં તને દયા નથી આવતી?"

પાંચાળી પ્રસન્નાખ્યાન.

**પાથરણે બેસવું**, સુઆ પછી શોક કરવા નાતના માણસોએ પાથરેલા ઉપર બેસવું.

Gandhi Heritage Portal

પાથરણે જવું પણ બોલાય છે.

**પાન મૂકવી,** લંબાણ મૂકવું; અંત આણવો; પાર લાવવો. **(સં. પાન્ય)**

'હવે એ વાતની પાન મૂકો.'

( પહેલાં વાક્ય ને છેડે પાન દોરવાનો રિવાજ હતો. સંસ્કૃતમાં મૂળથી તે હજી સુધી પણ વાક્ય કે શ્લોકને અંતે પાન દોરે છે. રૂપિયાનો આંકડો લખવો હોય તો તેની પાછળ પણ પાન કે હોલાયો કરે છે. એટલા માટે કે તેમાં કોઈ વધારી ન દે. તે ઉપરથી )

**પાનમાં આવવું,** ( પાન્ય-વણેલી દોરી અને તે ઉપરથી. ) દાવમાં આવવું; વળમાં આવવું. ( લાક્ષણિક )

**પાનપટ્ટી આપવી,** ( કમીશનની નિશાનીમાં સરદારને પાંચ પાનની પટ્ટી સોપારી સાથે આપવામાં આવે છે. તે ઉપરથી વાંકામાં.)

રજા આપવી; કાઢી મેલવું; બરતરફ કરવું.

**પાન સોપારી,** લાંચ; ચેરીમેરી; રહેમ રાખ્યાના બદલામાં ખુશી થઈ જે કંઈ આપવું તે.

" કારભારીને પાન સોપારી પણ મળ્યાં તેથી તેણે ઠરાવ કીધો કે તપાસ ચાલે તેમાં ભત્રીજાને બચાવી લીધો. "

કરણઘેલો.

**પાનીએ બુદ્ધિ,** ડબાઈ ગયેલી બુદ્ધિ; જેને આગળ પાછળનો વિચાર સૂઝે નહિ તેને વિષે બોલતાં વપરાય છે. 'પ્રમદા બુદ્ધિ પાનીએ.'

**પાનું પડવું,** સંબંધ થવો; ભેગું થવું; માથા સરસા જડવા.

" જેની સાથે લગ્ન સંબંધ થયો, જેની સાથે પાનું પડ્યું એવા વરના ઉપર તેની સ્ત્રીએ પ્રીતિ રાખી તેની ઈચ્છા પ્રમાણે વર્તવું જોઇએ. "

નર્મગદ્ય.

" અહો ઉદર વ્હાલી રે,
સતી તું શુદ્ધ શાણી રે;
છુટે ના તે નિભાવી લે,
પડયું પાનું સુધારી લે. "

સરસ્વતી ચંદ્ર.

" કિયાં જનમનાં પાપે કરીને,
પાનું પડ્યું તુજ સંગ મુઆ તું. "

નર્મકવિતા.

**પાનું શોધવું,** મોત મોકલવું; મૃત્યુ પમાડવું.

**પાપ ગયું,** પીડા કરનાર-નુકસાન કરનાર દુષ્ટ માણસ ટળ્યું; કંટક ટળ્યું; કાશ ગઈ.

**પાપ છૂટી વાત,** નિખાલસ મનથી કરેલી વાત; પાપ-કપટ રહિત કહેલી વાત.

શેઠજી ! એ વાત તો અકસ્માતજ બની ગઈ. હવે તમને પાપ છૂટી વાત કહેવાને હરકત નથી.

બ્રહ્મરાક્ષસ.

**પાપ ધોવું,** નિર્દોષ છતાં કોઈ માણસ કોઈની નિંદા કરે ત્યારે તે નિંદા કરનાર પોતેજ પાપી થાય છે એમ બતાવે છે-જેની નિંદા થાય તેનું પાપ ધોવાય છે એમ કહેવામાં આવે છે.

" કરશે કર્મ ભાઈ તેને નડે,
પારકું શીદને ધોવું પડે. "

ભોજો ભક્ત.

" આ દુનિયામાં આપણે કોઈનાં વગર કારણે પાપ ધોવાં, એમાં આપણે પાપી ને દુષ્ટ કહેવાઇએ. "

નવી પ્રજા.

**પાપ ફરી વળવું,** કરેલાં પાપ આવી નડવાં; પાપનું ફળ મળવું. ( પાપીને પાપે ચોતરફથી ઘેરી લેવું તે ઉપરથી )

**પાપ ફૂટી નીકળવું,** કરેલાં પાપને લીધે ગરમી ફૂટી નીકળવી.

૨. પાપ ઉઘાડું પડવું.

૩. કરેલાં પાપ આવી નડવાં; આફત આવી પડવી.

Gandhi Heritage Portal

" મારો દેહ ધરીને મનસા, વાચા કે કર્મણા મેં કોઈનું કાંઈ પણ ખોટું કર્યું સાંભરતું નથી. આ તો પેલા ભવનાં પાપ ફુટી નીકળ્યાં. બાકી મેં બાળ ભાવમાં પણ જરા પાપ કર્યું નથી. "

નળ દમયંતી નાટક.

**પાપની દસુંદ,** કોઈ માણસ કાંઈ પાપ કર્મ કરે તે નજરે જોવાથી અથવા તેમાં કાંઈ મદદ કરવાથી તેના પાપનો દશમો ભાગ એ જોનાર અથવા મદદ કરનારને આવે એમ લોકો કહે છે તે.

**પાપનું પોટલું બાંધવું,** ઘણાંજ પાપિષ્ટ કર્મ કરવાં—આચરવાં; પાપ ભેગું કરવું; અધર્મનો સંચય કરવો.

( માણસે આખા જન્મારામાં જે ધનનો સંચય કર્યો હોય તેનું પોટલું તેને મરતી વખતે કામમાં આવતું નથી પરંતુ ધર્મજ તેની સાથે આવે છે એટલે પાપ કે પુણ્યનો જે સંચય તેણે કર્યો હોય તેજ આખર વખતે મદદ કર્ત્તા થઈ પડે છે. મરતી વખતે તેનું પાપ પુણ્યનું સરવાળું નીકળે છે તેમાં જ્યારે તેણે ઘણાં પાપ કર્યાનું નજરે પડે છે ત્યારે તે પાપનું પોટલું બાંધીને (બીજા લોકમાં) ગયો એમ કહેવાય છે.

**પાપનો ઘડો ફુટવો,** છુપું રહેલું પાપ જાહેર થવું–ઉઘાડું પડવું.

" કદાચ આખરે તે જો વિશ્વાસઘાત કરશે તો તેનો ભરાયલો પાપનો ઘડો ફુટ્યા વિના રહેશે નહિ. "

અરેબિયનનાઈટ્સ.

**પાપડપાઘું,** પોચું; નબળું; અશક્ત; કૌવત વિનાનું; નિર્બળ.

**પાયા ઉપડી જવા,** મૂળમાંથી નાશ પામવું.

**પાયા પાડવા,** લુગડાને લાકડાના ધોકાએ ધબોડવું.

**પાયો ટેરવો,** ઉત્તેજન આપવું; ટેકો આપવો; સંમત થવું; આધાર આપવો. 'પાયો પૂરવો' પણ બોલાય છે.

" અંગ્રેજી ભણીને છોકરા નાસ્તિક થાય છે ને વંઠી જાય છે, માટે આપણે તો છોકરાઓને અંગ્રેજીમાં નાખવા નથી. "

"ધનલક્ષ્મીએ આ વાતને ટેકો આપ્યો અને જીવકોરે પણ પાયો ટેર્યો એટલે શેઠના વિચાર દઢ થયા.–"

બે બહેનો.

**પાયો રોપવો,** મંડાણ કરવું; શરૂઆત કરવી.

૨. મૂળ ઘાલવું.

**પાર પતવું,** થઈ રહેવું; વપરાઈ જવું; આવી રહેવું.

**પારકું ધન,** દિકરી; પારકું ઘર ચલાવનાર; પરાયા માણસના કામકાજમાં આવે તે.

' દિકરી પારકું ધન કહેવાય છે.'

**પારણાં કરવાં,** પહેલા દહાડાના ઉપવાસી બીજે દહાડે સવારમાં ખાઇ લેવું.

**પારસ પિપળો,** ( પાર્શ્વપિપ્પલ ) કોઈની પણ સ્પૃહા વિનાનો સ્વતંત્ર માણસ.

૨. માબાપ કે છૈયાં છોકરાં વિનાનો.

૩. મિત્ર વિનાનો.

**પારસીમાં ચાલવી (વાત),** કોઈ ન સમજે એમ ચાલવી (બે જણ વચ્ચે.)

**પારસે આવવું,** સવાણે આવવું. (ઢોરે.)

**પારસો મૂકવો,** પાનો છોડવો (ઢોરે.)

**પારાયણ કરવું,** ( વેદ–પુરાણનો એકાદો ગ્રંથ પહેલેથી તે છેલ્લે સુધી વાંચી જવો–મોઢેથી ભણી જવો તે ઉપરથી લાક્ષણિક અર્થે.) લાંબુ લાંબુ વ્યાખ્યાન કરીને કહેવું; વધારી વધારીને કહેવું.

**પાલ પાકવી**–પાકી રહેવી, મારા ઘરમાં તો પાલ પાકી રહી છે એટલે ઘણાં ખરાં માણસ માંદાં પડ્યાં છે.

( પાલીયાં પાણીથી લોકોમાં ઘણો મંદવાડ થાય છે તે ઉપરથી. )

**પાલવે પડવું,** આધારે રહેવું.

Gandhi Heritage Portal

( પાલવે-આશરે-શરણે રહેવું. )

" હું તેને પાલવે પડયો છું. "

**પાલિયાં પાણી,** ( પાલનાં-પાલ ભણીનાં પાણી ) ભાંભળું પાણી; વનસ્પતિના કોહાણથી કેટલાંક ઠેકાણાંનાં પાણીપર ચીકણો પદાર્થ તરતો હોય છે તેવું પાણી. આ પાણી ઘણું રોગકર્તા હોય છે.

સુરત જીલ્લાનાં હવા પાણી બીજા જીલ્લાને મુકાબલે સારાં નથી. એમાં વસ્તી મોડી થયેથી ને જંગલના કોહાણથી પાલિયાં પાણીની જે નઠારી હવા તેની અસર લોકના પર થાય છે.

નર્મગધ.

" પાલિયાં પાણી અને જંગલની ખરાબ હવાથી લશ્કરમાં ભારે હાની થઈ. "

ભરતખંડનો ઈ.

**પાસું વાળીને સુવું,** નિરાંત વાળીને સુવું; ઠરી ઠામ રહેવું; ઠરીને સુવું; આરામ લેવો. ( અતિશય કામની ધાઈમાં. )

**પાસું સેવવું,** સેવના-તરફદારી કરી મહેરબાની મેળવવી; તાબેદારી ઉઠાવવી. પક્ષ પકડવો.

" શ્રી કૃષ્ણનું પાસું જેણે સેવ્યું છે તેને જન્મ મરણનો ડર શા માટે જોઇએ ? હમેશાં જબરાનું પાસું સેવવું જોઇએ. "

સત્યભામાખ્યાન.

" રાક્ષસ તારાપર પ્રસન્ન થઈ જે બક્ષિસ આપે તે લેવું અને કેટલાક કાળ સુધી પછી રાક્ષસનાંજ પાસાં સેવવાં."

મુદ્રારાક્ષસ નાટક.

" બાઈ, મોટા પુરૂષનાં પાસાં સેવ્યાં કંઈ મિથ્યા જાય છે ? "

ભામિનીભૂષણ.

**પાસો ચઢવો,**—ચઢિયાતો હોવો, આબાદ -ચઢતી સ્થિતિમાં હોવું; જય-ફતેહમંદીનો અવસર હોવો; દહાડો સિકંદર હોવો; ભાગ્યોદય હોવો.

" એ રીતે કેટલેક દહાડે અક્કલ માગનાર પાસો ચઢીઆતો જોઈ ભેંસવાળો મોટો ભાઈ વિચારમાં પડયો. "

કૌતુકમાળા.

**પાસો જાણવો—સમજવો,** કપટ યુકત ગુપ્ત ધારણા ઓળખવી.

**પાસો નાખવો,** સાહસ કરી જોવું; સારૂં માઠું નશીબ અજમાવવું. ( પૈસા, રૂપિયા, માલ, જનસ વગેરેને પાસે મૂકી ફલાણો પાસો પડે તો તે લઈ લેવુંને ન પડે તો આપી દેવું એવી સરતની રમત જુગારમાં રમે છે. પછી એ ધારેલા પાસા નસીબને યોગે પડે છે કે નથી પડતા તે જોવું એ ઉપરથી.)

**પાસો સવળો-અવળો પડવો,** કરેલી યુક્તિ પાર પડવી કે નિષ્ફળ જવી, હરેક જુકિત માં ફાવવું કે નિષ્ફળ થવું. નશીબ અનુકૂળ કે પ્રતિકૂળ થવું.

' એ તો ઠીક છે કે પાસો સવળો પડે છે -ઈશ્વર પાધરો છે, પણ દૈવ પ્રતિકૂળ હોય તો તારૂં ને મારૂં બેયનું આવી બનત. '

**પિંગળ કરવું,** (પિંગળના છંદનો પાર આવતો નથી. **छंदसंख्या न विद्यते**, તે ઉપરથી ) લાંબું લાંબું વર્ણવી ટાયલું કરવું; અતિશયોક્તિથી વધારવું.

" તમે મને કહોને કે તમે મોટાં મોટાં પિંગળને ડિંગળ ચલાવોછો અને પીછનું પારેવું બનાવી લાવો છો તેનો તમને કેટલો અનુભવ છે. ? "

યશોમાખેલન.

" રે, લાંબુ પિંગળ કરવું પડતું મૂકી તેમને મોટા આદરથી દરબારમાં દાખલ કર. "

પ્રતાપનાટક.

**પિંગળા જોશી,** ભવિષ્ય વર્તિને જે માત્ર સારૂં સારૂં કહે છે એવો જોશી.

**પિછો લેવો,** પાછળ પડવું; સતાવ્યાં કરવું;

Gandhi Heritage Portal

ખણખોજ કર્યા કરવી; ભૂલ ખોળ્યાં કરવી; કેડો લેવો; ખંતે પડવું.

"તે બાપડો મૃત્યુ પામ્યો છે, તે અર્થે હવે તમારો પિછો લેવામાં સાર નથી."

મણિ અને મોહન.

**પિછોડી ઓઢવી,** ( દેવાળું કાઢનાર માણસ પિછોડી ઓઢી બારણે બેસે છે તે ઉપરથી ) દેવાળું કાઢવું.

**પિછોડી ઓરાઢવી,** જુઓ અંધારપિછોડી ઓરાઢવી.

**પિછોડીમાં પથરો લઈને કુટવું,** મુદ્દો મૂકી ગમે તેમ બોલવું; મુદ્દાસર ન બોલવું.

**પિત્તો ઉછળવો,** મિજાજ તપીજવો; ગુસ્સો થઈ આવવો; ક્રોધ ચઢવો. ( ક્રોધ પિત્તમાંથી ઉત્પન્ન થાય છે તે ઉપરથી )

**પિપળે દીવો કરવો,** લોકોને જાહેર કરવું; ( છાની વાત વગેરે. )

**પિપળો ઉગવો,** ઉછેદિયું થવું; ન સંતાન જવું; અપુત્ર હોવું.

'તમારા વિના મારે બીજા કોનો આધાર છે? કેમ જે પિયેરમાં તો પિપળો ઉગેલો છે.' બે બહેનો.

**પિપળો ફાટવો,** ઘણા બ્રાહ્મણોનું એકઠા થવું.

**પિપીલિકા માર્ગ,** કોઈ કામ ધીમે ધીમે કરીને પૂરૂં કરવાની જે રીત તે. ( પિપીલિકા અને વિહંગમ એવા યોગમાં બે માર્ગ છે; સમાધિ કરવાની એ એક ધીમી અને સહેલી કૃતિ છે તે ઉપરથી. )

**પીજવું,** સહન કરવું.

૨. ખાઈ જવું; ન ગણકારવું; અખાડા કરવા; ન લેખવવું; સાંભળ્યું ન સાંભળ્યું અથવા દીઠું ન દીઠું કરવું.

૩. કળી જવું. ( કોઇ માણસને કે વિચારને )

"દીકરા, ઝાઝું બોલીએ નહિ. તારે તો આ ઘરમાં જન્મારો કાઢવો છે, કોઈ કડવું મીઠું બોલે તે પીજઈએ, સામો ઉત્તર ન દઈએ.

ભામિનીભૂષણ.

**પીચકારી મારવી,** જુઓ તંબોળ છાંટવો.

**પીછાંનું પારેવું કરવું,** નજીવી વાતને મોટી કરી થાપવી.—અતિશયોક્તિથી વધારવી.

**પીછાંનો કાગડો,** કાંઇ ન હોય અથવા કાંઈ નજીવું હોય તેને મોટું કરી થાપવું તે. ( કાગડાએ મોરનાં પીછાં ઘાલી મોટું ડોળ ધારણ કર્યું હતું એવી જે વાત ઈસપનીતિમાં છે તે ઉપરથી. )

**પીછું ખેંચવું–ફેરવવું—મારવું,** બેદરકારીથી સહીનું બિલાડું ખેંચવું. ( સાહેબ લોકો જે કાંઈ લખે છે તે પીછાની કલમથી લખે છે તે ઉપરથી. )

**પીછું ઘાલવું,** ગોદ કરવી; હરકત નાખવી; વચમાં અડચણ લાવી મૂકવી; રોકાણ કરવું; ચાલતું કામ અટકી પડે એવી રીતે વચ્ચે આડ નાખવી.

**પીઠ ઉઘાડી પડવી,** કોઈ સહાયકારક ન હોવું; પીઠ પૂરનાર—અગત્યને પ્રસંગે મદદ કરનાર કોઈ પાછળ ન રહેવું. ( ઘરમાં કોઇના મરી જવાથી, મિત્રોના મરી જવાથી કે આશ્રયદાતા નહિ હોવાથી. )

**પીઠ ચોરવી,** બીવું; પાછું પડવું.

તેથી ઉલટું **પીઠ કાઢવી.**

**પીઠ ઠોકવી,** શાબાશી આપવી; ઉત્તેજન આપવું.

૨. મદદે રહેવું.

"ગવર્નમેંટ ઉપર લખેલા રિપોર્ટમાં કલેક્ટર એટલો તો ખુશી થયો કે પોતાના એક કારકુનની પીઠ ઠોકી."

**પીઠ ઢાંકવી,** મદદ કરવી; કોઇનું ઉઘાડું ન પડવા દેવું; આશરો આપવો.

**પીઠ થાબડવી,** ઉત્તેજન આપવું; ખુશીનો પોકાર કરવો.

Gandhi Heritage Portal

**પીઠ ધરવી,** મદદે રહેવું (આગળ પડીને.)

**પીઠપર હાથ ફેરવવો,** ધીરજ આપવી.

**પીઠ પાછળ મૂકવું,** મુલતવી રાખવું.

**પીઠ પુરવી,** અગત્યને પ્રસંગે મદદ કરવી.

**પીઠ ફેરવવી,** તજીદેવું; તિરસ્કારથી જોવું; તરછોડી દેવું; તદ્દન ઉલટી બાજુ ગ્રહણ કરવી; મદદ કરવા ના પાડવી; જરૂરને પ્રસંગે છોડીને જતા રહેવું; તંગીમાં તજી દેવું.

આ પ્રયોગ નિંદા, તિરસ્કાર કે કંટાળાનું સૂચન કરે છે.

"તેણીએ પોતાની બેન તરફ પીઠ ફેરવી છે."

"હું કહેવાને ઘણો ખુશી થાઉંછું કે તેણે પોતાના પાછલા દુર્ગુણ તરફ પીઠ ફેરવી છે."

"તે પોતાના આગલા દુશ્મનો તરફ પીઠ ફેરવે છે" એટલે તે તેમને નિંદેછે. અને તેમની સાથે ફરીથી કાંઈ જતો નથી."

**પીઠ બતાવવી,** હાર ખાઈ નાસી જવું (ઉલટી દિશાએ); પાછાં પગલાં કરવાં; પાછું ફરવું (નામોશી લઇને.)

'મ્લેચ્છ સેનાએ રજપૂતોને પીઠ બતાવી.'

**પીઠ ભાગવી,** કોઈ કામની પીઠ ભાગવી એટલે તેમાંનો અઘરામાં અઘરો ભાગ પૂરો કરવો. કોઈ છોકરાએ પરીક્ષામાં ઠરાવેલી ચોપડીઓ પૈકી કોઇ કઠણ ચોપડીનો અભ્યાસ ઉત્તમ રીતે કર્યો હોય પછી તે બધાના પ્રમાણમાં થોડો હોય તોપણ તેણે તેના કામની પીઠ ભાગીછે એમ કહેવાય છે.

**પીઠ લેવી,** પાછળ પડવું.

૨. આગ્રહથી માગવું.

૩. દુઃખ દેવું. (રોગે, બોજાએ.)

**પીઠનું જોર,** હુકમતું–મદદનું–પાછળ રહેલાનું જોર.

**પીઠે કાળજું હોવું,** બહાદુર–હિંમતવાન હોવું; છાતીવાળું–સાહસિક હોવું.

**પીઠે પેટ ચોંટવું,** બહુ સૂકાઇ જઈ નબળું થવું; ભૂખે મરવું.

**પીળો દેડકો,** લોહી ઉડી ગયું હોય અને શરીર ફીકું જણાતું હોય તેવા માણસને વિષે બોલતાં વપરાય છે.

**પુંજીનાં પીપરામૂળ કરવાં,** દોલત ઉડાવી દેવી–ઉડાઉપણે ખરચી નાખવી.

**પુઠિયાં ફાટવાં,** બીક લાગવી; ભય ઉપજવો; ધાસ્તીનું માર્યું ગભરાવું.

૨. ગભરામણથી ચહેરો ફીકો પડવો–ફરી જવો.

**પુરાણ કાઢવું–માંડવું,** કંટાળા ભરેલી લાંબી વાત શરૂ કરવી.

**પુષ્પ આવવાં,** આશા બંધાવી. (ઝાડને પુષ્પ આવે છે ત્યારે જ તેપર ફળ થવાની આશા બંધાય છે તે ઉપરથી.)

૨. સફળ થશે એવી ઉમેદને પુષ્ટિ મળવી; ફાયદાકારક નીવડવું.

"આ સમાચાર સાંભળી મારા મનોરથને પુષ્પ આવ્યાં અને દીકરો આવી મળવાથી તે સફળ થયા."

મુદ્રારાક્ષસ.

૩. રૂતુ આવવો. (સ્ત્રીને.)

. પુષ્પવતી એટલે અટકાવવાળી સ્ત્રી.

**પુષ્પાંજલિ આપવી,** મારવું; માર મારવો; પૂજા કરવી; ધમકાવી માર મારવો. (બે હાથના ખોબામાં પુષ્પ ભરી મંત્ર ભણી દેવને અર્પણ કરવાં તે એટલા માટે કે તેમનો પ્રસાદ પામવાને, તે ઉપરથી વાંકામાં.)

"જો હું પોતે કચેરીમાં ગયો હોત તો મારો ભાઇ બિલકુલ અપરાધી નથી એવી કોટવાળની તુરત ખાત્રી કરી આપી હોત અને વળી તે ચોરને પણ પુષ્પાંજલિ અપાવ્યા વિના રહેત નહિ."

અરે બિયન નાઈટ્સ.

Gandhi Heritage Portal

૨. ઉપરા ઉપરી ઠોક દેવા; ધમકાવવું. ( વાંકામાં. )

" પ્રમાદધનના આ અપૂર્વ પુષ્પાંજલિના વરસાદથી કુમુદસુંદરી ચમકી જાગી ઉઠી. "

સરસ્વતીચંદ્ર.

**પૂછડાં વધવાં,** લાંબા એતાબને માટે મશ્કરીમાં કે કંટાળા વપરાય છે.

**પૂછડામાં પેસવું,** મહાવનમાં કોઈ મોટો મરેલો હાથી પડયો હશે કે જેના મોઢાનો ભાગ ભોંયમાં દટાઈ ગયેલો હતો! ત્યાં એક શિયાળ ફરતું ફરતું જઈ પહોંચ્યું; તાજું પડેલું કલેવર જોઈ પેલું શિયાળ મલકાઇને મન સાથે કહેવા લાગ્યું કે ઓહો! આજ મારા નશીબે જોર કર્યું કે લાંબી મુદત ચાલે એવડો મોટો આ ભક્ષ મારે હાથ લાગ્યો; આજ તો ધન ઘડી ને ધન દહાડો. વાહરે વાહ! આવાં ઉત્તમ પ્રાણીનાં હું શાં વખાણ કરૂં? એમ પોતાના મનસુબામાં ગરકાવ બની રાજી થતું હતું. પેલા મુવેલા હાથીના પૂછડાના ભાગેથી ધીરે ધીરે કોતરતું ઠેઠ તેના ઉદર ભાગમાં જઈ પહોંચ્યું. જેમ જેમ આગળ વધી અંદરના ભાગમાં જતું ગયું તેમ તેમ પાછળ હાથીના પૂછડા આગળનો આખો ભાગ સુકાઇ જવાથી બીડાતો ગયો એટલે વાયુનો સંચાર બંધ પડવાથી પેલું શિયાળ તો હાથીના પેટમાં ગુંગળાવા લાગ્યું. નીકળી નહિ શકાવાથી મનમાં પસ્તાવા લાગ્યું કે, હાય હાય! મારા કયાં ભોગ લાગ્યા કે હું અંદર પેઠું. મારૂં શિકારખાનું મારા મરણની ઘાંટી રૂપ થઈ પડયું. પછી તેણે પોતાની લુચ્ચાઈ યોજવા માંડી. હાથીના ખોખામાં પડયું પડયું તે અનેક તરેહના સાદ કરવા લાગ્યું, તે સાંભળીને ત્યાં રસ્તે જતા વટેમાર્ગુઓ ઘણા તાજુબ થયા કે આ મરેલા હાથીમાં કોણ બોલેછે? પછી પૂછતાં તે લોકને જવાબ મળ્યો કે હું વનદેવછું. આ હાથીના મડદામાંથી જો મને કાઢો તો મારે તમને એક ઘણીજ અગત્યની વાત કહેવાની છે. આવું સાંભળી મુસાફરો મોહ જાળમાં પડયા, અને બહાર કાઢવાની યુક્તિ શોધવા લાગ્યા. આખરે કુહાડાથી હસ્તીનું મુડદું ચીરતાંજ પેલા અકળાઈ રહેલા શિયાળે માંહેથી કુદકો મારી બહાર નીકળી ચાલવા માંડયું. લોકોએ પાછળ દોડી પૂછવા માંડયું કે ભાઈ! તું શી વાત કહેતો હતો? પેલા શિયાળે દોડતાં દોડતાં જવાબ આપ્યો કે મોટાના પૂછડામાં પેસશો નહિ. તે ઉપરથી. )

કહેવાતા મોટા કોઇ શ્રીમંત કે સત્તાધારી માણસનો આશ્રય ધરવો.

**પૂછડું એકલું બાકી છે,** (મતલબ કે પૂછડા સિવાયનો પશુ છે) મૂર્ખ અને રીતભાત વિનાના માણસને માટે બોલવામાં આવેછે.

**પૂછડું છુટી જવું,** ઝાડો થવો; વારંવાર ખરચું જવું; ફેરો લાગવો.

૨. ધાસ્તીથો ગભરાવું; ડરી જવું.

**પૂછડું પકડવું,** પાછળ-કેડે-ખંતે પડવું.

**પૂછડું ફાટવું,** બીક લાગવી; ડર ઉપજવો; ધાસ્તીનું માર્યું ગભરાવું.

૨. ગભરામણથી ચહેરો ફીકો પડવો-ફરી જવો.

**પૂછડું બળવું,** માઠું લાગવું; રીસ ચઢવી; સહેજ કારણથી ઉત્પન્ન થયેલો ને બહાર ન દેખાતો એવો ગુસ્સો ચઢવો; નાખુશ થવું; જોસ્સાથી અકળાવું; ગભરાવું.

**પૂછડે તણાવું,** કોઈના વિચારને અનુસરતું થવું.

" રાસ્ત ગોફ્તાર આજ કેટલોક વખત થયાં ઇંગ્લાંડમાં બેઠેલા મી. મંચેરજીભાઈ ભાવનગરીભાઇને પૂછડે તણાય છે. "

ગુજરાતી.

**પૂછ્યા સિવાય પાણી પણ ન પીવું,**



Gandhi Heritage Portal

( પાણી પીવું હોય તો પણ સલાહ લેવી તે ઉપરથી. ) આપબુદ્ધિથી ન વર્તતાં કોઇને પૂછ્યા સિવાય કંઈ કામ ન આરંભવું. "રાજા તેને પૂછ્યા સિવાય પાણી પણ પીતો ન હતો."

કરણઘેલો.

**પૂજય વળવું,** મીંડું વળવું; નાશ પામવું; રદ થવું. ( જુની કવિતામાં ) પૂજય=મીંડું.

**પૂજા કરવી,** (દેવ કે ગુરૂને સન્માન આપવા ચંદન પુષ્પ વગેરે અર્પવાં તે ઉપરથી વાંકામાં.) ધમકાવી મારવું; કુંદીપાક આપવો; ઘણુંજ મારવું.

પૂજા **પાત્રી કરવી** પણ વપરાય છે.

"તેણે તે અણસમજુ સ્ત્રીની પૂજા કરવામાં કશી મણા રાખી નહિ."

મણિ અને મોહન.

"આ પીટયો દરજીડો મારાપર બદ ધાનત કરે છે, માટે એક દહાડે તેની ખૂબ પૂજા કરીને આંખ ઉઘાડવી."

અ૦ના૦ભા. ૧ લો.

'પૂજા લેવી' એટલે પૂજા સ્વીકારવી અથવા પૂજા કરવાનું માથે લેવું.

**પૂજા વાળવી** એટલે ઘણા દિવસ થયાં પૂજા ચાલતી હોય તેની સમાધિ કરવી.

**પૂઠ ઠેકાણું,** અવળું ઠેકાણું; શ્વસુરપક્ષ. 'પૂઠ ઠેકાણાનું જેમ ઓછું લેવાય તેમ સારૂં.'

**પૂઠ પાછળ,** પરોક્ષ; ગેરહાજરીમાં.

"પૂઠ પાછળ બોલવું તે શા કામનું?"

**પૂઠ પુરવી,** ઉત્તેજન આપવું; મદદ આપવી; બોલ્યું ઉપર કરવું; પાયો ટેરવો—પછવાડે ઊભા રહી મદદ કરવી.

૨. સૂર પૂરવા. "પૂઠે ગાંધ્રવ પૂઠ પૂરે," ( શુ૦)

**પૂઠિયાં ફાટવાં,** હિંમત જતી રહેવી; ધાસ્તીથી ગભરાવું;-ડરી જવું. **પૂઠિયાં વછુટી જવાં** પણ બોલાય છે.

**પૂઠે વાળનું છોકરૂં,** સૌથી નાનું-છેલ્લું છોકરૂં.

**પૂર્ણ કળાએ** પૂર્ણ આબાદીએ.

**પૂર્ણ પરસોતમ,** વૈષ્ણવી મહારાજાઓને એમ સંબોધન કરી બોલાય છે.

**પૂર્ણાહુતિ થવી,** ( યજ્ઞ પૂરો થવા નિમિત્તે છેવટે ઘીની આહુતિ આપવામાં આવે છે તે ઉપરથી. )

સમાપ્તિ થવી; છેડો આવવો.

**પૂર્વ દિશા,** ઉગતા સૂર્યના જેવું ફળદાતા; સવાવીસ; જોઇએ તેવું; ઉત્તમ.

"ભાઈ તારૂં બોલવું પુર્વ દિશા, હિંડ ચાલવા દે."

"તારૂણ્યમાં એક સ્ત્રીજ સઘળું દૈવત્. તેના સર્વ પ્રકારના કોડ પૂરા કરવા જોઇએ, એ બોલે તે પૂર્વ દિશા જેવો પ્રકાર."

મણિ અને મોહન.

**પૂરૂં કરવું,** મારી નાખવું; અંત આણવો.

"વૈરોચકના પુરઃસર પાળાએ એને પથરા ને રોડાંવતે પૂરો કર્યો."

મુદ્રારાક્ષસ નાટક.

"ચાલો ચાલો એ વાઘને આપણેજ પૂરો કરી નાખીએ."

દિલ્લીપર હલ્લો.

૨. ( અધુરૂં હોય તેને. )

**પૂરૂં પડવું,** જોઇએ તેટલું મળવું; પહોંચતું થવું.

૨. બસ થવું.

૩. સરખું ઉતરવું; બર આવવું. 'તે તેને પૂરો પડશે.' ( મદ—મમતમાં )

**પૂરૂં પાડવું,** જોઇએ તે પહોંચતુ કરવું—આણી આપવું.

૨. અધુરૂં હોય તે પૂરૂં—પાર પાડવું. 'તે ગ્રંથની ખોટ હતી તે તેણે પૂરી પાડી.'

૩. પાળવું—બજાવવું. ( વચન. )

**પૂળો ઉઠવો,** સળગી જવું; નિરર્થક થવું;

Gandhi Heritage Portal

પેટમાં દૂખ્યું ક્યાં પેટમાં દૂખે છે



નાશ થવો; પતી રહેવું; લાગી જવું; બળી જવું; નામ દેવાતું બંધ થવું.
જોસ્સાથી અકળાતાં એમ બોલાય છે.
૨. બગડી જવું; નઠારૂં નીપજવું, વહી જવું.
"સત્યભામા—મહારાજ ! એમ મોંનાં મીઠડાં શેનાં કરો છો? મારે તો પ્રેમમાં પૂળો ઉઠી ગયો છે અને પ્રેમનાં પિયુષ તો પ્રેમવાળીને ત્યાંજ ઢળે છે."

સત્યભામાખ્યાન.

**પૂળો મૂકવો,** નાશ કરવું—સળગાવી દેવું; નામ જતું કરવું; નામ બાળવું; (ઘણુાજ કંટાળામાં બોલાય છે.)

"પૈસાપર શું પૂળો મૂકું,
કુળને કહો શું કુટું રે;

બાળલગ્ન બત્રીશી.

"દીકરી હાથથી ગઈ, આબરૂના કાંકરા થયા, સંતાપથી મરવા પડયો, પૈસામાં પૂળો મૂક્યો અને તેમ છતાં મારો પાંચ રૂપિયા દંડ.?"

મણિ અને મોહન.

**પેંગડામાં પગ ઘાલવો, પગરખામાં પગ ઘાલવો** જુઓ.

"હીરો બોલી, બેનીડિક તે બનીડિક, એની કીર્તિમાં શું કહેવું? મારા પ્રિય કલોડિયો વગર આખા ઇટાલિ દેશમાં બેનિડિકના પેંગડામાં પગ ઘાલનાર કોણુ છે.?"

શે. કથાસમાજ.

**પેચ ઢીલો થવો,** (સંચાનો મજબૂત સ્ક્રુ—પેચ ઢીલો થાય છે ત્યારે સંચાનું કામ સારી રીતે ચાલતું નથી તે ઉપરથી જ્યારે પરિણામે નુકસાન થાય એવાં કામ કોઈ આદમી કરે ત્યારે તેનો પેચ ઢીલો થયો છે એમ કહેવાય છે.

૨. વળી જ્યારે શરીરનો સંચો બગડવાથી—તનદુરસ્તી ન રહેવાથી અશક્તિ આવી હોય ત્યારે પણ એ વપરાય છે.

૩. ગાંડા થવું; ભાન ખસવું; મગજ બગડવું; શક્તિ—મૂળ બળ ઓછું થવું.

**પેચ રમવો,** છળભેદ કરવો; છેતરવું; ઠગવું.

**પેચ લડાવવા,** કનકવાઓની દોરીઓ એકમેકમાં ભેળવાય તેમ કરવું.

૨. કપટ રમવું.

**પેટ અવતાર લઇએ એવું,** મતલબ, કે બહુ ભલું; સારા સ્વભાવનું.

"ગુણી—ભાઈ સાહેબ ને બાઈ સાહેબ—તો પેટે અવતાર લઈએ એવાં છે. બુદ્ધિધન ભાઇને કોઈ સ્ત્રી ઉપર આડી નજરજ ન મળે."

સરસ્વતીચંદ્ર.

**પેટ આવવું,** જનમવું.

**પેટ આવવાં,** ઝાડો થવો.

**પેટ ઊંચું આવવું,** ન્યાલ થવું; ફાયદો થવો; સંતોષ થવો; ફળપ્રાપ્તિ થવી.

**પેટ ખોલવું,** પેટની વાત કહેવી; મર્મ—ભેદ કહી બતાવવો.

**પેટ ગળે અડવું,** ખાઇને ખુબ ધરાવું; ખાધેલું ગળા સુધી આવે ત્યાં લગી ખા ખા [illegible]વું.

**પેટ ધરાણે મૂકવું,** પેટનું પોષણ ન કરવું; પેટની દરકાર ન રાખતાં ભૂખ્યાં રહેવું.

"જુલમથી ત્રાસી ખેડૂત લોક પોતાનાં પેટ ધરાણે મૂકીને પણ સલામી ભરે અને એ પૈસે અધિકારી લોક બેઠે બેઠે મોજ ઉડાવે."

ગુ. જૂની વાર્તા.

**પેટ ચઢવું,** અજીર્ણ વિકાર થવો; પેટમાં ભાર થવો.

**પેટ ચાલવાં,** ઘણી વાર ખરચું જવું; અધામણ થવી; ઘણો ઝાડો થવો; વારંવાર કળશિયે જવું.

Gandhi Heritage Portal

**પેટ ચોળીને શુળ ઉપજાવવું,** હાથે કરીને—જાણી જોઇને દુઃખ વહોરી લેવું.

**પેટ ફુટી જવાં,** ઘણો ઝાડો થવો.

"ઘાસ, ભાજીપાલો, અને ઝાડનાં પાંદડાં બાફીને પેટ ભરતાં ઘણાંક માંદાં પડ્યાં, ઘણાંકનાં પેટ ફુટી ગયાં, ઘણાકને તાવે સપડાવ્યા ને મરકી ચાલી."

સધરાજેસંઘ.

**પેટ જૂદાં થવાં,** વિચાર જૂદા થવા; મિત્રતા તૂટવી; મન જૂદાં થવાં; અપ્રીતિ થવી; જીવ જૂદા થવા.

"ભૂપતસિંહ ગમે એટલો કોલ આપે પણ એ ગાદી પર બેઠો એટલે આપણાં ને એનાં પેટ જૂદાં થયાં."

સરસ્વતીચંદ્ર.

**પેટ ટાઢું—ઠંડું થવું,** સુખી થવું; ધરાવું; સંતોષ પામવું.

"દાન આપ્યાથી જેઓનું પેટ ટાઢું થાય છે અને આંતરડી કકળતી નથી તેઓ અંતઃકરણથી પોતાનું સારૂં કરનારને કેટલી દુવા દે છે?"

નર્મગદ્ય.

**પેટ ડાબીને રહેવું,** ખમી રહેવું; સહન કરવું; ખામોશ ધરવી (જ્યારે વીતેલી વાત કોઈના મોઢા આગળ કહેવાય નહિ ત્યારે.)

"કોની આગળ કહિયે,
પ્રભુ પીડ કોની આગળ કહિયે;
મહેનત કરતાં ધન ન મળે કંઈ,
પેટડું દાબી રહીએ.
પ્રભુ૦"

નર્મ કવિતા.

**પેટ તણાવું**—ફાટવું, ઘણું ખાધાથી અકળાવું.

**પેટ થવું,** જનમવું.

**પેટ પડવું,** પેટે જન્મ ધરવો.

"મુજ નિરધનને રે,
તું પેટે પડી રે;
કંઈ નવ પામી,
પિયરમાં સુખ."

હારમાળા.

"શીવી ભરીને દળી કાંતીને,
ભરૂં હું તારૂં પેટ;
પેટે પડ્યા છે છોરૂ ખાંડી મણ,
દૈવ તણી છે વેઠ.
—મુઆનું."

નર્મકવિતા.

**પેટ પથરો પડવો,** નઠારા—મૂર્ખ છોકરાના જન્મને વિષે બોલતાં વપરાય છે.

"બોળિયું કુળ અલ્યા બાપના નામનું,
માતને પેટ તું પ્હાણ પડિયો."

અંગદવિષ્ટિ.

**પેટ પર છરી મૂકવી,** ચાલતા ગુજરાનમાં અટકાવ કરવો—હરકત નાખવી.

૨. જીવ જોખમમાં નાખવો.

"આપ એમ મિથ્યા શોક કરી શા માટે ખુવાર બનો છો? હાથે કરીને શા સારૂ પેટ પર છરી મૂકોછો! 'ઉઠ પ્હાણા પગ પર પડ' આ કહેણી પ્રમાણે દુઃખમાં ગરક થવાનું કશું પણ કારણ નથી."

અરેબિયન નાઈટ્સ.

**પેટ પર પગ—પાટું મૂકવું,** કોઈની આજીવિકાને નુકસાન પહોંચાડવું; ગુજરાન થતું અટકાવવું.

"વાઘજીભાઇને ખરાબ કરવાનું ઘેલાભાઈ ધારે તો તે બની શકે એમ હતું પણ કોઈના પેટ પર પાટું મૂકવાની તેને ઈચ્છા થતીજ નહિ."

બે બહેનો.

"અન્નદાતા! મારનાર જીવાડનાર સમર્થ ધણિ છો, પણ મારા પેટ પર પગ મૂકશો, મારી જન્મારાની રોજી ખોવડાવશો, પછી મારાં બચ્ચાં ખાશે શું?"

સધરાજેસંઘ.

**પેટ પાકવું,** જન્મ ધરવો.

Gandhi Heritage Portal

"રે આવા કુળબોળુ કપૂત રજપૂતાણીને પેટ પાકવા ન જોઇએ."

૨. પેટ દુખવા આવવું. ( હસવાથી. ) 'હસી હસીને તો મારૂં પેટ પાકવા આવ્યું.'

**પેટ પાણી પડવા ન દેવું,** ઝંપીને બેસવા-ઠરવા ન દેવું; હેરાન કરવું; સંતાપવું; કાયર કરવું.

"એ શેઠનાં ઘરનાં માણસ એવાં ખરાબ છે કે આપણી દીકરીને પેટ પાણી સરખું પણ પડવા નહિ દે."

એ બહેનો.

"છુટા હોઇશું તો ગમે તેનાં ઘોડાં ખેલાવી દુશ્મનને પેટ પાણી પડવા નહિ દઇએ."

પ્રતાપ નાટક.

**પેટ પેટલાદ જવું,** ભૂખ લાગવી; ખાવાની અત્યંત રૂચિ થવી ( ચરોતર તરફ. ) **પેટ પાટણ જવું** પણ બોલાય છે ( સુંવાળ તરફ. )

"નારે મહારાજ, એમ તે થાય એટલામાં શું પેટ પાટણ જાય છે? આપણે બધાં જોડે બેશીશું."

વિદ્યાવિલાસ.

**પેટ ફુલવું,** (રોગથી.)

૨. ગર્ભ રહેવો.

**પેટ ફોડવું,** ગુપ્ત વાત ઉઘાડી કરવી.

૨. મનની વાત કહેવી.

૩. ગલી—કુંચી બતાવવી કે વહેમ ટાળવો.

**પેટ બળવું,** અદેખાઇ થવી; ઈર્ષ્યા થવી; સામાનું સુખ જોઈ પોતાને તેવું સુખ નથી એમ ધારી આશંકો આણવો-ચિંતા કરવી.

**પેટ બળ્યો,** એમ બૈરાં પોતાનાં છોકરાંને ક્રોધમાં કહે છે, ( પેટમાં બળી કાં ન ગયો અથવા મારો જીવ કાં બાળે છે? એ અર્થમાં )

'પેટનો બળ્યો આખું ગામ બાળે' એ કહેવત છે. **પેટનો બળ્યો** એટલે નિરાશ થયેલો; જોસ્સાથી અકળાયલો.

"લૂણ હરામી પેટ બળ્યા કો,
લોભી સ્વારથ અંધા;
લંપટ છંદી દ્રોહ કરનારા,
હશે સેનમાં ખંધા."

સુણજો સેનાની.
નર્મ કવિતા.

**પેટ બાળવું,** પેટ પુરતું ન ખાવું; પૂરૂં ન ખાવું; અડધા ભૂખ્યા રહેવું; પૂરેપૂરૂં ખાઈ પેટને સંતોષ ન આપવો.

"બાઈ ખાયે પીયે છે દિવાળી,
રખે કરતી કસર પેટ બાળી."

વિજયવાણી.

**પેટ બેસણું થવું,** અધામણ થવી; ઝાડો થવો.

**પેટ ભરવું,** ( જેમતેમ કરીને. ) શરીરના નિર્વાહ જટલું પેદા કરવું.

"જેમતેમ કરીને તે બિચારો પોતાનું પેટ ભરે છે."

**પેટ ભરીને ખાવું** એટલે ધરાઇને ખાવું.

**પેટ મોટું હોવું,** ગુહ્ય—મનની વાત બહાર નહિ કાઢતાં મનમાં રાખવી.

૨. ઉદાર હોવું.

૩. જે તે સહન કરે એવું હોવું; સારૂં માઠું જે હોય તે સમાવનારૂં હોવું. 'દરિયા જેવું પેટ છે' એમ કહેવાય છે.

**પેટ વધવું,** ગર્ભ રહેવો.

**પેટ વાંસા સાથે ચોંટી જવું,** ( ભૂખથી.)

"લાખો આદમીને આપણે ઉઘાડે પગે, ઘસતે ટાંટિયે, નાગે શરીરે, ચોંટી ગયેલે પેટે, ચિંતાની લાહે અને રોગની ધાસ્તીએ દેખીને શું દયા નથી ઉપજતી?"

નર્મગદ્ય.

Gandhi Heritage Portal

**પેટ ચોંટી જવું, પેટ પોયણી વળી** જવું વગેરે ઘણી રીતે બોલાય છે.

**પેટ સરખું પાલું,** એકલપેટું—પોતાનોજ ફાયદો જૂએ એવું.

**પેટ સાંકડું છે,** કંજુસ છે.

૨. ગુપ્ત વાત મનમાં રહી શકતી નથી. **પેટ નાનું છે** એમ પણ બોલાય છે. એથી ઉલટું **પેટ મોટું છે.**

"સઘળા દેશોમાં હજામની જીભ ઘણી લાંબી તથા પેટ ઘણું નાનું હોય છે."

કરણઘેલો.

**પેટની આગ,** અંતરની ચિંતા; કાળજાની ફિકર–ગુપ્ત ચિંતા.

**પેટની પત્રાળી થવી,** ભૂખથી પેટ બેસી જવું.

**પેટની પૂજા કરવી,** ખાવું; ખાઇને પેટનું પોષણ કરવું; ખાઇ પીને પેટ સંતોષવું; પેટ ભરવું.

૨. લાંચ આપવી. (તિરસ્કારમાં લાક્ષણિક)

"લો હવે સૂરજ માથે આવ્યો, પેટની પૂજાનું પણ કાંઈ કરો."

ગુ. જુનીવાર્તા.

**પેટની વાત પેટમાં રહી જવી,** ધારેલી ઇચ્છા પાર નહિ પડવાથી મનના કોડમનમાં રહી જવા; વિચાર–ધારણા–ઇચ્છા સફળ ન થવી; આશા પૂર્ણ ન થવી અને તેથી તે સંબંધી વિચાર મનમાં આવ્યા કરવા.

**પેટને ભાડું આપવું,** શરીરના નિર્વાહ સારૂ કાંઈ પણ ખાવું; પેટ ખાવાનું માગે માટે જેમ તેમ કરીને જેવું તેવું પણ આપવું–ખાવું.

"જ્યાં ગામ આવે ત્યાં અણચાલે પેટને ભાડું આપવા સારૂ સહેજ વખત ગુમાવે કે કદી રાતવાસો રહે."

વીરાધીરાની વાર્તા.

**પેટનો પડદો,** મનની વાત; છાનો–ગુપ્ત વિચાર; ભેદ.

'પેટનો પડદો ખોલવો' એમ બોલાયછે.

**પેટનો મેલ,** ભેદ–મર્મ; મનનો પાર.

'પેટનો મેલ આપવો' બોલાય છે.

**પેટમાં આગ ઉઠવી—લાગવી,** ભૂખ લાગવી.

૨. અદેખાઈથી બળવું; વેર લેવાનો જોસ્સો વ્યાપવો.

"વૈદનું વજન દરબારમાં વધતું જાયછે એવું જાણીને તે દુષ્ટ પ્રધાનના પેટમાં આગ લાગી અને તેનું શીર ઈર્ષ્યાથી તપી ગયું."

અરેબિયનનાઈટ્સ.

પેટમાં આગ ઉઠી-તારા **પેટમાં આગ ઉઠી** એટલે બળ્યો તારો અવતાર અને બળ્યું તારૂં જીવવું, ધિકાર પડયો તારા જીવ્યાને."

અવતાર અફળ તારો ગયો, વેર ન વાળ્યું વેઠમાં; શત્રુને શરણે રહ્યા, પાવક ઉઠયો તુજ પેટમાં."

અંગદવિષ્ટિ.

'પેટલાદમાં લાહ્ય થઇ' એમ પણ ચરોતર તરફ ભૂખ લાગે છે ત્યારે હસવામાં કહેવાય છે.

**પેટમાં આમળો,** જ્યારે આપણે દોરીને આમળો ચઢાવીએ ત્યારે તે જેમ સખત ને તંગ થાય છે તથા એવી આમળાવાળી દોરી કોઇને મારીએ તો તે જેમ ચોંટી જાય છે, તેમ જેના મનના વિચાર કોઈની તદ્દન વિરૂદ્ધ હોઈ તેને ઉશ્કેરતા હોય અથવા પોતે ઉશ્કેરાય એવા વિચાર એક પછી એક ચઢતા દરજ્જાના કરતો હોય એવા માણસને વિષે બોલતાં વપરાય છે. વળ–આંટી–કીનો–વેર. (દિલમાં.)

Gandhi Heritage Portal

કોઈને નુકસાન કરવાના વિચારમાં ગું-થાંયાં કરવું તે.

૨. ટેક.

"સખિ રૂઠયો છે આજ રસિક શામ-ળો જો, હશે પાતળાના પેટમાં શો આ-મળો જો–સખિ.

નર્મકવિતા.

**પેટમાં કરમીઆ આરડવા,** ભૂખ લાગી છે એમ બતાવવાના અર્થમાં એ વપરાય છે.

૨. 'તારા જેવા તો મારા પેટમાં ઘણાય કરમિયા આરડે છે' એટલે તારા જેવા તો મારા લેખામાં–ગણુતરીમાંજ નથી–પેટના કૃમિની જેમ દરકાર કરતો નથી તેમ તારી પણ કરતો નથી.

**પેટમાં કુવા,** ભૂખને લીધે પેટ એસી જવું તે.

"પરમ આશ્વિને દીપવાળિનું, નિરધની લહે પેટબાળીનું.
ઘરની સ્ત્રી કહે લાવની મુઆ;
વગર અન્નથી પેટમાં કુવા."

નર્મગદ્ય.

"કુવા પેટમાં હાય જણાતા, શી આ ત્હા-રી વેલા—

નર્મકવિતા.

**પેટમાં કોયલી પડી જવી,** (ભૂખથી.)

**પેટમાં કોળ બોલેછે,** જ્યારે કોઈ માણસ બહુજ ભૂખ્યો થયો હોય અથવા ખાવાનો વખત થઈ ગયો હોય ને ભૂખ લાગી હોય ત્યારે કહેશે કે મારા પેટમાં કોળ બોલેછે.

**પેટમાં તેલ રેડાવું,** ફાળ પડવી; ધ્રાસકો પડવો (ઓચિંતો;) પેટમાં ચરેડો પડવો; ચીચરવટો પેદા થવો.

૨. જોસ્સાથી અકળાવું; ધાસ્તીથી ચોંકી ઉઠવું.

૩. અદેખાઈ થવી; સામાનું સારૂં જો-વાથી દિલમાં હિજરાવું.

**પેટમાં દાંત છે,** વેર છે; કીનો છે- વેરલેવાને જે છુપી રીતે ટાંપી રહ્યો હોય અથવા જે-ની યુક્તિ (કોઈને ભચરડી નાખવાની) ની કોઈને ખબર ન પડતી હોય એવા માણ-સને વિષે બોલતાં વપરાય છે.

**પેટમાં દુખવું,** કોઈ કામ કરવાની આના કાની કરવી.

૨. બહુ લાંબુ નથી એમ દર્શાવવાના અર્થમાં વપરાય છે.

'જેમ કે શનિવાર આ આવ્યો, કંઈ પે-ટમાં દુખે છે.!'

(જ્યારે કોઈ વેદના થતી હોય ત્યારે એક ઘડી પણ દહાડા જેટલી લાગે છે–કેમે કરી દહાડા ખુટતા નથી–વખત જતો નથી તે ઉપરથી.)

૩. કોઈનું સારૂં જોઈ ન ખમાવું.

**પેટમાં ધાડ પડવી,** ઘણી ભૂખ લાગી હોય છે ત્યારે પેટમાં ધાડ પડી છે (કૃમિની) એ-મ કહેવાય છે.

**પેટમાં પગ–ટાંટિયા,** દેખીતી નરમાશ પણ અંદરથી હરામી—મીંઢા અને ઊંડાં કાવ-તરાં કરનારને વિષે બોલતાં વપરાય છે.

**પેટમાં પાળી–કાતી,** કપટ; વૈરબુદ્ધિ; છુપું તર્કટ.

ગુપ્ત રાખેલી પાળી શત્રુના જોવામાં ન આવવાથી તે બિચારો મિત્રતાનો ભાવ સમજે છે અને તેમ છતાં સામો દુષ્ટ મા-ણસ એકદમ પાળી કાઢી તેનો વિશ્વાસઘાત કરે છે તેવી રીતે ઉપર ઉપરથી મીઠું ભા-પણ બોલી અથવા ધાડી મિત્રતા દર્શાવી લાગ આવે ત્યારે ફરેબ દઈ નુકસાન કરવાની વૃત્તિવાળા મનુષ્યને વિષે બોલતાં વપરાય છે.

"મારી મોટી વહુ તો સારી છે; જે હોય તે મોઢે કહી દે, એના પેટમાં પાળી નહિ; એ તો ભોળી, પણ આ નાની વહુ તો બહુ કપટી છે. એના પેટની વાત કોઈ જાણે નહિ."

સાસુવહુની લડાઈ.

Gandhi Heritage Portal

**પેટમાં પેસવું**, મળી જવું; વિચારની ઐક્યતા બાંધવી. (યુક્તિથી)

૨. કોઈના મનનો ગલ લેવો; કોઇનો વિચાર જાણી લેવો.

"મારો પુત્ર નુરદ્દીન ઘણોજ બુદ્ધિવાન અને ચતુર છે તથાપિ તે અતિ ધૂર્ત, લફંગો અને મધુર બોલી પેટમાં પેસનારો મહા પ્રપંચી છે માટે તું તેનાથી સાવધ રહેજે."

અરેબિયનનાઈટ્સ.

"તારા પેટમાં મીઠું મીઠું બોલીને સામાના પેટમાં પેસી મને પાળી મારતાં આવડતું નથી."

મણિ અને મોહન.

**પેટમાં પેસી નીકળવું**, મન-અંતરની વાત જાણવી; ભેદ-મર્મ જાણવો; પાર પામવો.

"ભાઈ કોઈના પેટમાં પેસી નીકળાતું નથી, માટે રાણાજીના પેટમાં શો રોગ હશે તે અમે શું જાણિયે.?"

પ્રતાપનાટક.

**પેટમાં પેસીને અંત્રસ ખાવું**, મળી જઈને પાછો દગો દેવો; કપટ આચરવું; આશા આપી-સારૂં લગાડી અંતે નુકસાન કરવું-પસ્તાવો પમાડવો; વિશ્વાસઘાત કરવો.

**પેટમાં બળ્યાની સગાઈ**, અંતરની ગાઢી સગાઈ.

**પેટમાં બાર વાગવા**, કકડીને ભૂખ લાગવી.

**પેટમાં બિલાડાં આળોટવાં-બોલવાં**, **પેટમાં કરમ બોલવા, પેટમાં કોળ મરવા, પેટમાં કુકડાં બોલવાં** વગેરે ઘણાં રૂઢ વાક્યો ખાવાનો વખત વીતી ગયો હોય અને ભૂખ કકડીને લાગી હોય ત્યારે બોલાય છે.

**પેટમાં રાખવું—સમાવવું**, ગુપ્ત રાખવું; ઉઘાડું ન પડે એમ કરવું.

"એના પેટમાં વાત સમાતી નથી એટલે તેનાથી ગુપ્ત રાખી શકાતી નથી."

૨. સહન કરવું; ખમી ખાવું.

૩. સમજવું; ગળે ઉતારવું; સામો ઉત્તર ન દેતાં અથવા સામે ન થતાં જે કહે તે સાંભળ્યા કરવું અગર કરે તે જોયાં કરવું.

"પેટમાં રાખવી વાત પડદા તણી; કઠણ છે કામ એ બુદ્ધિ જનમાં; જીરવે જગતમાં વાત તો જેવલા, અવરને આફરો થાય તનમાં.- કવિ સામળભટ્ટ.

**પેટમાં ઉતારવું** એ બીજા અને ત્રીજા અર્થમાં વપરાયછે. તેથી ઉલટું **પેટમાંથી ઓકી કાઢવું** એટલે જે તે ભસી દેવું; નકહેવાનું પણ કહી દેવું; પેટમાં ન સમાવતાં ઉઘાડું પાડી દેવું; પોતાના પેટના વિચાર જોયા કર્યા વિના સામાને કહી દેવા; વિચાર કર્યા વિના મનમાં જે હોય તે કહી દેવું. (ધિક્કારમાં વપરાય છે.)

**પેટમાં હાથ હાથના ખાડા પડવા**, ભૂખ લાગવાથી પેટ બેસી જવું.

પેટમાં સવા મણના ખાડા પડયા છે, પેટમાં કુવા છે, પેટમાં કુવા પડયા છે વગેરે એજ અર્થમાં વપરાય છે.

**પેટમાં શીખી નીકળ્યું નથી**, જન્મથી-કોઇને આવડત હોતી નથી,-મતલબ કે અભ્યાસથી શીખાય છે.

**પેટે થવું**-આવવું, જનમવું.

**પેટે પાટા બાંધવા**, ભૂખ્યાં રહેવું; ભૂખે પીડાવું.

"પેટે પાટા બાંધતા, મખ્ખીચૂસ કંજૂસ; પણ વરઘોડે વાણીઆ, ખરચી થાયે ખુશ.

બે બહેનો.

**પેટે પાન છુટવાં**, વહાલા બાળકને એકાએક મળવાથી માના સ્તનમાંથી દૂધની ધારા છુટવી (હર્ષમાં.)

**પેટે પોટલું બાંધવું**, પોટલું બાંધ્યું હોય એ-

Gandhi Heritage Portal

વું પેટ જણાતા સુધી ખાવું. કોઈ માણુસ કોઈને વધારે ખવડાવવાનો આગ્રહ કરે ત્યારે જમનાર માણુસ એમ કહે કે કાંઈ પેટે પોટલું બંધાય ? મતલબ કે કાંઈ હદ ઉપરાંત ખવાય ?

**પૈડું ફરવું,** કામ ચાલવું–નભવું–પાર પડવું.

"એના વિના તેનું પૈડું ફરતું જ નથી."

૨. ફાવવું; સુતર–સહેલું પડવું.

૩. મહેનતમાં પાર પડવું. તે બહુ મથે છે પણ તેનો પિતરાઈ પૈડું ફરવાજ દેતો નથી.

**પૈસા કુદી રહ્યા છે ?** મતલબ કે–પૈસા માતા નથી. ? એમ ઉડાઉ માણુસને અથવા નકામો ખર્ચ કરનારને વિષે બોલતાં વપરાય છે.

**પૈસા ખાવા,** પોતાના સ્વાર્થને માટે કોઇના વગર હકે પ્રમાણિકપણાનો ભંગ કરી પૈસા લેવા; હક કરતાં વધારે લેવા. **પૈસા ખાવા લેવા** એટલે કન્યા પરણાવવામાં શીરસ્તા કરતાં વધારે રૂપિયા લેવા.

"એ કામમાં તે બહુ પૈસા ખાઇ ગયો છે."

**પૈસા ખોટા થવા,** પૈસા ડુલવા.

"આપણાથી કોઈને નુકસાન પહોંચે નહિ તથા કોઇનો પૈસો ખોટો થાય નહિ તેમ કરો."

માસિક સારસંગ્રહ

**પૈસાના કાંકરા કરવા,** કાંકરાની પેઠે પૈસાનો ખર્ચ કરવો; ઉડાઉપણે ખર્ચવું.

"અમૃત હોય તો હું ગંગા ન્હાયો. પછી સાળા વૈદ્ય લોકો દમને સારૂ પૈસાના કાંકરા કરાવે છે તેમ નહિ કરવું પડે."

ભટનું ભોપાળું.

**પૈસાનું પાણી કરવું,** પૈસો ઉડાઉપણે ખર્ચવો અથવા ખરીદ કરેલી કોઈ વસ્તુમાં છેતરાવું.

૨. પૈસા છેતરી લેવા—છીનવી લેવા.

**પૈસાને બચીઓ કરવી,** પૈસાને સાચવી રાખવા; યોગ્ય ઠેકાણે પણ પૈસા ન ખરચવા; કંજુસનું આચરણ કરવું.

**પોક મૂકવી,** (કોઇને નામે), કોઈનું નામ દઇને રડવું.

૨. વળવાનું નથી એમ ધારી છોડી દેવું.

૩. કોઈના ઉપર હડહડતો દોષ મૂકવો.

**પૈસાનું પુતળું,** પૈસાનો માત્ર સંગ્રહજ કરી જાણનાર; પૈસાનો સંચય કરવા તરફજ જેની વૃત્તિ છે તે; પૈસો મારો પરમેશ્વર એવી જેની રીત છે તે.

૨. બહુ પૈસાદાર–ધનાઢ્ય માણુસ.

૩. નજીવો–નમાલો માણુસ.

**પોંચા કરડવા,** (પસ્તાવો કરતાં.) પસ્તાવું.

૨. હારવું.

**પોકળ શ્રાદ્ધ કરવું,** (પોકળ એટલે જૂઠું. તે ઉપરથી.) રડવું; પોક મૂકવી.

"રડયા તારો અપરાધજ એવો છે. એટલું બોલીને તે મોટેથી રાગડો તાણી પોકળ શ્રાદ્ધ કરવા લાગી ને ધડુસ ધડુસ કુટવા લાગી."

અબિયનનાઈટ્સ.

**પોટલિયે જવું,** ઝાડે ફરવા જવું.

**પોણા આઠ,** રાંડવો; બાયલો.

**એકત્રીશ પાણ** પણ કહેવાય છે.

**પોણું ચૌદું,** અધૂરૂં; અપૂર્ણ. (પૂરી ચૌદ વિદ્યાઓ નથી એવી મતલબ છે.)

૨. વાંકું; ઓછું. 'મારે મોઢે પોણી ચૌદી વાત નથી.'

**પોત ઉઘાડું કરવું,** અંતરના ગુણુ–સ્વભાવ કર્મ ખુલ્લાં પાડવાં; ભોપાળું કાઢવું.

**પોતાનું કરી રાખવું,** માનીતું કરી પોતા-



Gandhi Heritage Portal

ની પાસે રહે તેમ કરવું.

"માંહોમાંહે મોટાઈ ન આણો,
મને પોતાનો કરી જાણો;
મારે રૂડે તમારૂં રૂડું,
માહરે ભુંડે તમારૂં ભૂંડું."

હારમાળા.

**પોતીઆં કાઢવાં,** ગભરાવું; ડરી જવું.

"વાણિયા કાકા, એટલામાં પોતીઆં કેમ કાઢવા માંડો છો? ડરો નહિ, શેઠ! હું મારી મશાલ તમારા મોઢાપર ધરીશ કે ભમરા તાપથી નાશી જશે."

ભટનું ભોપાળું.

**પોતીઆં છુટી જવાં**-લેવાઈ જવાં, હિંમત જતી રહેવી; હોશ ઉડી જવા; ગભરાટ ઉપજવો; ડર-ધાસ્તીથી એકાએક ગભરાઈ જવું; લેમેલ થવી.

**પોતીઆં ફાટી જવાં,** શેહ પામી જવું; ડરી જવું; ગભરાવું.

**પોતું ફેરવવું,** (પોતું ફેરવવાથી જેમ ભૂંસાઈ જાય છે-રદ થાય છે તેમ.) ભૂસી નાખવું; રદ કરવું; ધૂળ મેળવવું; વ્યર્થ કરવું; પાણી ફેરવવું; ધૂળધાણી કરી નાખવું.

**પોદળા જેવો,** (પોદળો એવો છે કે જ્યાં પડે ત્યાં ઠરી જાય તે ઉપરથી,)

બેસે ત્યાંથી ઉઠી શકે નહિ તેવું (માણસ.) જાડો અને અશકત.

**પોપટ કરી નાખવું** (ભણાવીને), ભણાવીને હોશિયાર કરવું.

પોપટ જેમ પટપટ બોલી જાય તેમ જીવ્હાગ્રે જેને સરસ્વતી છે એવું કરી મૂકવું.

**પોપટજી કરી નાખવું,** કબ્જામાં રાખવું; આધીન કરવું; પોતાની મરજી મુજબ રાખવું-સમજાવ્યું સમજે એવો સ્થિતિમાં આણી મૂકવું; વશ કરવું.

"તમને ભણવા દે ન કદી પણ,
સદાય મૂરખ રાખે;
ઝોકાં ખાતા કરી ધૂણતા,
પોપટજી કરી નાખે.

પાણીપત.

**પોપટ પાળવો,** પંપાળીને મોટું કરવું.

(ખસનો ફોલ્લો વગેરે)

**પોપટિયું જ્ઞાન,** વિચારશકિત વિનાનું-માત્ર ગોખણિયું જ્ઞાન. પોપટને જે બોલતાં શીખવીએ તે માણસની પેઠે બોલે છે પણ તેનો અર્થ તે સમજી શકતો નથી તેમ જે પોતાનો પાઠ પટ પટ વાંચી કે ગોખી જાય છે પણ તેમાં કહેલી બાબતનો અર્થ સમજતો નથી તેને પોપટની ઉપમા અપાય છે, તથા તેના ઉપરચોટિયા જ્ઞાનને પોપટિયું જ્ઞાન કહેછે અને એવો માણસ પોપટીઓ પંડિત કહેવાય છે.

**પોપા લઈ ગયા,** અદશ્ય લઈ જનારને ઠેકાણે એમ બોલાય છે. નાનાં છોકરાંના હાથમાંથી કોઈ ચીજ લઈ લેવા તેને આડું અવળું જોવરાવી વસ્તુ છીનવી લઈ કહે છે કે 'પોપા લઈ ગયા.'

**પોપાંબાઈનું રાજ,** પોચા-નબળા હાકેમને વિષે બોલતાં વપરાય છે. "પોપાંબાઈનું રાજ અને ખરે બપોરે બણગું" એ કહેવત છે. (પોપાંબાઈ-એક જોડી કાઢેલું નામ+રાજ) પોપાગાળાનું રાજ અને પોપાંનું રાજ પણ કહેવાય છે.

"લેખું લેશે તિલ રાઈ રતિનું,
નથી પોપાનું રાજ;
ભોજો ભગત કહે ભજન કરે તો,
મહેર કરે મહારાજ.-

ભોજો ભકત.

**પોબારા ગણવા,** નાસી જવું; અદષ્ટ થવું; સટકી જવું; જતું રહેવું; પલાયન કરી જવું. (પો+બારા=જીતીને ચાલ્યા જવું અથવા પરભાર્યા જવું)

"પંડયાજી ખુંખું કરતા ને છીંકો ખાતા ઉઠયા જાય એટલામાં પેલો ટીખળી

Gandhi Heritage Portal

છોકરો પોબારા ગણી ગયો હોય એટલે તે તો પકડી ન શકાય."

એ બ્હેનો.

"આખરે હરિરામના, ચિરડાઉ સ્વભાવથી અને માના કળકળાટથી કંટાળીને પરમાનંદે આગળની પેઠે ચાકરી શોધવાના હેતુથી પોબારા ગણ્યા."

સદ્‌ગુણી વહુ.

"મેં તેને બહુજ ત્રાસ આપ્યો અને તેથી તે રાત્રે એમને તથા મારા બાળકને સૂતો મૂકી પોબારા ગણી ગયો."

મણિ અને મોહન.

**પોબાર—રા કરવા** પણ વપરાય છે.

**પોબાર પડવા,** ( પો—એક અને બાર એવો ત્રણ પાસાનો જે દાવ તેને પોબાર કહેછે. તે દાવ જેના પડેછે તે જીતેછે તે ઉપરથી લાક્ષણિક અર્થે ) ફતેહ થવી; સવળા પાસા પડવા; ધારેલી યુકિતમાં ફાવવું-

"સ્નેહી સગાં નવ કો, આધિ વ્યાધિ લઇ શકયા, પોબાર તોયે પડયા, દિન હવે ચઢયા છે."

મિત્રધર્માખ્યાન.

"પ્રધાનજી ! અંબા ભવાની જે કરેછે તે સારાનેજ માટે, જ્યાં જઈએ છીએ ત્યાં પોબાર પડે છે."

ગુ. જુનીવાર્ત્તા.

"હવે ધ્યાન ધરી બેસો, એટલે પોબાર પડયા સમજવા—હવે એનું કાંઈપણ ઉપજનાર નથી."

તપત્યાખ્યાન.

**પ્યાલો પીવો,** સંગતિમાં જોડાવું; મતમાં મળી જવું.

'તે એમનો પ્યાલો પીએ એટલે એમનું ને એમનુંજ બોલે.'

**૨.** હિંદુએ મુસલમાન થવું. મુસલમાન બાદશાહો હિંદુઓને જ્યારે ધર્મભ્રષ્ટ કરી પોતાની પંકિતમાં લેતા હતા ત્યારે પોતાનો પ્યાલો પાતા હતા તે ઉપરથી. )

**પ્રભુનું માણસ,** ભોળું.

"અહો ભોળી રમણિ ! વાહ શું? તે ખુંધો તારો પતિ ! તમે મને કેવળપ્રભુનું માણસ જણાઓ છો ! એ વાત તમને સાચી પણ કેમ લાગી !

અરેબિયનનાઈટ્સ.

**પ્રાણ કાઢી નાખવો,** ઘણુંજ દિલગીર થવું.

**૨.** ઘણુંજ આતુર રહેવું.

**૩.** વ્હાલાંને ભોગ આપવો; કુરબાન થવું. **૪.** સતાવવું; કાયર કરવું.

**પ્રાણ પાથરવો,** જીવ આપવા તૈયાર થવું.

"તારે મન પૈસાની ગણતરી નથી પણ તારી મા તો પૈસાને માટે પ્રાણ પાથરે છે."

**૨.** અત્યંત આદરસત્કાર કરવો; વ્હાલાંને માટે ભોગ આપવો; કુરબાન થઈ જવું.

**પ્રાણથી જવું,** જીવ ખોવો. (અકાળ મૃત્યુથી કે કોઈ ધોકા—આફતથી )

**પ્રારબ્ધનું ફુટેલું,** ભાગ્યહીન; બેનસીબ; નુકસાની કે દુર્દશામાં આવી પડેલું.

**પૃથ્વી રસાતળ જવી,** ( રસાતળ એ સપ્ત પાતાળમાંનું એક છે. અતળ, વિતળ, સુતળ, તળાતળ, રસાતળ, પાતાળ અને મહાતલ તે છેક નીચે રસાતળ સુધી પૃથ્વી જવી તે ઉપરથી) મોટો ગજબ થઈ જવો.

"આ પાપી પેટમાં છરી ઘોચી ઘાલવી હજાર પ્રકારે રૂડું છે—હું મા થઇને આવી નીચ કમાણી ખાઉં તો દુનિયાં રસાતળ જાય. જાઓ દિકરાઓ, મારી પાસેથી જાઓ—ટળો—"

સુબોધપ્રકાશ.

,'દીન પ્રત્યે જે માંડે કલેશ, પર પુરૂષને દેખાડે કેશ; મહા પાપી કે મિથ્યા આળ, પૃથ્વી જાયે રસાતાળ."

કવિ બાઉ.

Gandhi Heritage Portal

**પૃથ્વીનો છેડો,** આડો આંક; હદ. બહુ થયું, બસ કરો એવા અર્થમાં વિશેષે વપરાય છે.

"રઘનાથ—આ જનોઇ કાઢીને તમારા આગળ મકું છું-તમે પહેરાવો તો પહેરીશ. નહિતો અહીંથી પરભાર્યો સન્યાશીના મઠમાં જઇ સન્યાશી થઈ જઇશ. પણ હું તમને તેડયા વિના ઘેર જનાર નથી. સોમનાથ-હવે તો પૃથ્વીનો છેડો આવી રહ્યો; જીવરામ ભટ, હવે તો માનવું જોઈએ." મિથ્યાભિમાન નાટક.

**પૃથ્વીપર પગે ન મૂકે,** એમ ગર્વિષ્ટ માણસને વિષે બોલતાં વપરાય છે,

"જોવળી સારી પેઠે ભણ્યા હોત તો પૃથ્વીપર પગે ન મૂકત. અધરને અધર ચાલત." મિથ્યાભિમાન નાટક.

## ફ

**ફક્ક ફક્કા,** ખાઈપી ઉડાવી દેવું તે.

**ફકીર થવું;** તબુતમાં હિંદુ લોકો ફકીર થવાની બાધા રાખે છે. કોઈને છોકરૂં ન જીવતું હોય ત્યારે એવા પ્રકારની માનતા રાખવામાં આવે છે. એ દિવસે ફકીર થયેલો છોકરો તાબુતને નાળિયેર વગેરે વધાવે છે.

**ફજેતીનો ફાળકો,** વગોણું; વરઘોડો; બેઆબરૂ.

"માગતું ન અપાય તો લોકમાં ચરચા થાય ને ફજેતીનો ફાળકો ઉડે એટલે મેરી બી ચૂપ અને તેરી બી ચૂપ એ કહેવત પ્રમાણે મૂગે મોઢે બાઇએ દાગીના ઉતારી આપ્યા."

એ બહેનો.

"ફજેતીના ફાળકા તો આ ચારે પાસે ફરી રહ્યા છે ? ને બાકી હોય તે કરારે બોલ."

સત્યભામાખ્યાન.

ફજેતીનો વાવટો પણ બોલાય છે.

**ફટકીઓ દલાલ,** (છૂટક દલાલી કરનાર એ તેના મૂળ અર્થ ઉપરથી) પોતે વેગળો રહી બે જણને લડાવી મારનાર અથવા વાંધો પાડનાર; માથે જોખમ ન રાખે એવો કોઈ ત્રીજો.

**ફડદાં મારવાં,** નકામું બોલ બોલ કરવું. 'અમસ્તો કયારનો ફડદાં માર્યા કરે છે.' બહુવચનમાં વપરાય છે.

**ફનાફાતિયા થઈ જવું,** સમુળો નાશ થવો; પાયમાલ થવું; કચ્ચરઘાણ થવો; સંહાર થવો; ખરાબખસ્ત થવું. ( માણસે અથવા વસ્તુએ)

**ફરકી ભાળવી,** પાછી નજરે જોવું; પાછું ફરી જોવું.

"મારેને એને લઢવાડ થયા પછી એના સામી ફરકી પણ ભાળતો નથી."

"દુશ્મન મેવાડના મેદાન ભણી ફરકી ન ભાળે એટલું કરીશ એમાં સંદેહ નથી."

પ્રતાપ નાટક.

**ફરતી છાંયડી,** ચાલ્યું જતું સુખ દુઃખ.

**ફરી બેસવું,** બોલી-કબૂલાત તોડવી; આડું બોલવું; બોલેલું ફેરવવું; વાંકું બોલવું; ફરીને બેસવું; ઉલટું કરવું.

**ફરરરફુશ થઈ જવું,** ભાગી પડવું.

૨. ભડ વેરાઇ જવી; ભોપાળું નીકળીજવું.

**ફરે મુકામ થવું,** ફનાફાતિયા થવું; ખપી-વપરાઈ જવું,

૨. પાયમાલ થવું-ખરાબ દશામાં આવી પડવું-

**ફળ આવવાં,** ફાયદાકારક નીવડવું; ફળિભૂત થવું; પાર પડવું; લાભ થવો.

**ફાંગળામાં નાખવું,** ફસાવવું; જાળમાં નાખવું; સપડાવવું; આડું અવળું ચસકાય નહિ એવી સાંકડમાં આણી મૂકવું.

Gandhi Heritage Portal

" હે રાંડ ઠગારી, ધૂતારી, લુચ્ચી, પાપિણી! તું મને ફાંગળામાં નાખવા વેષ ધરી આવી છે પણ હું છેતરાઉં એવો નથી."

અરેબિયનનાઇટ્સ.

" આ તો પેલા જગાનું રડયાનું ન ખોદ ગયું; તેણે અમને ફાંગળામાં નાખ્યાં, બાકી તમને કોણ દેવા આવતું તું ( કન્યા )"

ભામિનીભૂષણ.

**ફાંસ મારવી,** બાધ કરવો; ફડચો કે નિકાલ થઈ શકે નહિ એવી કાંઈ આડ નાખવી; વાંધો–વહેમ નાખવો.

**ફાકો મુઠી આપવી,** થોડો ઘણો માર મારવો ( વાંકામાં. ) **ચાપુ ચણા આપવા** પણ બોલાય છે.

**ફાચર મારવી,** ફડચો–નિકાલ ન થઈ શકે એવી વચ્ચે આડ નાખવી; એકાએક નુકસાન કરવાને ઈરાદે વચમાં પડવું; વચમાં અડચણ નાખવી. જેમ, ' મારા કામમાં તેણે ફાચર મારી" એટલે વચ્ચે પડી હરકત કરી.

**ફાટયામાં પગ ઘાલવો,** નબળાને ત્યાં ગોદો ઘોલવો; નબળાની સામે થવું.

૨. દુઃખમાં ઉમેરો કરવો.

**ફાટયામાં વાત છે,** વાત જરા વધી છે; મદ ચઢતો છે. જે માણસ મર્યાદાની બહાર જતો હોય કે અવિવેકી થયો હોય તેને વિષે બોલતાં વપરાય છે.

**ફાટી પડવું,** ઓચિંતું મરી જવું. આ પ્રયોગ એકા એક માઠી ખબર સાંભળ્યાથી થતું મોટું દુઃખ દર્શાવે છે.

" બાઈ હાર તમારો જડજો,
લેનારો ફાટી પડજો. "

નળાખ્યાન.

" જુવાન જોધ ફાટી પડયો. '

**ફાટી જવું,** એકાએક મરણ પામવું.

૨. વહી જવું; ચળી જવું; મર્યાદાની બહાર જવું; અવિવેકી થવું. છાકી જવું.

૩. મરણિયા થવું.

**ફાટી પડયા–ફાટી મુઆ,** એ શબ્દ બૈરાં ચીડાય છે ત્યારે બાળકને વાપરે છે.

**ફાટીને ચિરડીઉં થવું,** બ્હેકી જવું; છાકી જવું; મર્યાદાની બહાર જવું; અવિવેકી થવું; વહી જવું.

" રડયા કાળદાસિયા, શાને આવડો ફાટીને ચિરડિયો થાય છે?

સદ્‌ગુણી વહુ.

**ફાટયું ફાટયું બોલવું,** મર્યાદા રહિત–વગર વિચારે બોલવું; ભુંડું બોલવું; નાગું નાગું બોલવું.

**ફારગતી આપવી,** છૂટકારો કરવો; ખુલાસો કરવો; છેડા છૂટકા કરવા; સંબંધ તોડી નાખવો. ( નાતરીયા નાતમાં. )

**ફાશફુશની તાપણી,** ઘાસ, રાડાં વગેરે ફાશફુશિયા પદાર્થની તાપણીની પેઠે પ્રથમ મોટો જોસ્સો દેખાડે પણ પાછળથી જે નોતોર–પરાક્રમ નબળું પડી જઈ છેવટ નાશ પામે એવા કાયર માણસની ઉપદ્રવ કરનારી નાની ટોળી.

"ચિતોડમાં તમે મેળવેલી ફતેહ તમારા દુશ્મન હજી ભૂલીગયા નથી, છતાં આ ફાશફુશની તાપણી જેટલું લશ્કર લઈ ગુમાની પ્રતાપ આવ્યો છે તેના લશ્કરમાં તમે શો દમ દેખો છો?"

પ્રતાપનાટક.

**ફિસોટા કાઢી નાખવો,** મોઢામાંથી ફીણ નીકળતા સુધી માર મારવો.

૨. દમ કાઢી નાખવો. ઘણુંજ કાયર કરી સતાવવું.

**ફુ થઈ જવું,** ખાલી થઈજવું; હવામાં ઉડી જવું; નાશ પામવું. **ફુ કરવું** એટલે ઉડાવી દેવું; ખરચી નાખવું.

**ફુંક નિકળી જવી,** એકાએક મરી જવું.

Gandhi Heritage Portal

જીવ જવો; દમનીકળી જવો; મરણ પામવું ( એકા એક. )

**ફુંક મારવી,** ( કાનમાં ) છુપી મસલત કરવી; સમજાવી દેવું; ભમાવી પોતાના મતનું કરવું; ભોળવી નાખવું.

૨. ઉત્તેજન આપવું; ઉશ્કેરવું; બોધ આપવો; ઉપદેશ કરવો; શીખામણ આપવી.

( ગુરૂ મંત્ર આપતી વખતે કાનમાં ફુંક મારે છે તે ઉપરથી લાક્ષણિક )

**ફુંકી ખાઈએ એટલા દાણા નથી,** કાંઈ અક્કલ નથી; સાધારણ અક્કલ પણ નથી.

**ફુંકી ખાવું-બેસવું,** ઉડાવી દેવું ( ધનમાલ. ) બોર મૂકવું; વાપરી નાખવું; ધનમાલનો ઉપભોગ કરી લેવો.

" વળી હુંડીઆમણ આપવું પડે અને બેચાર મહીને રૂપિયાનું ઠેકાણું પડે તેવામાં જો કદાચ ફુંકી બેસે તો **शंखाय धवलायच."**

બ્રહ્મરાક્ષસ.

**ફુંકી બાળવું-મૂકવું-દેવું-નાખવું,** (મડદાને ) દહનક્રિયા કરવી.

**ફુંકીને ફાકો મારે એટલીએ નથી,** મતલબ કે જરા પણ અક્કલ નથી.

**ફુંકે ફાટવું,** ડર ખાવો; ( ફુંફવાટાથી બીવું; ફુંકના ડરથી છેક ચોંકી ઉઠી અકળાવું.

આ મહા બળવાન-સત્તાવાન માણસને લાગુપાડવામાં પણ વપરાય છે. જેમ,—

" જેની ફુંકે પર્વત ફાટે, આભ ઉંડળમાં ભરતા; જેની ચાલ્યે ધરણી ધ્રુજે, તે નર દીઠા મરતા. "

સરસ્વતીચંદ્ર.

" ફુંકે પર્વત ફાડતા; કઠણ વજ્ર સમકાય ખપ્યા કાળના ખપરમાં, જે જાયું તેજાય"

કાવ્યકૌસ્તુભ.

**ફુટલી બદામ નથી,** (વડોદરા વગેરે કેટલેક ઠેકાણે હજી સુધી બદામનું ચલણ છે. એ બદામ ખાવા જેવી હોતી નથી તો પણ તે જો આખી હોય તો વ્યવહારમાં નભે છે અને એવી બદામોથી કંઈક ખરીદી કરી શકાય છે; પરંતુ પૈસાને બદલે બદામ જોઇએ તે નથી તેમ આખી જોઈએ તેને બદલે ફુટલી પણ નથી! મતલબ કે નાણાંના ચલણમાં સમ ખાવાને નથી ) આ પ્રયોગ અતિશય ગરીબાઈ દર્શાવતાં વપરાયછે.)

પૈસા ટકામાં કાંઈ નથી; સમખાવા પૈસો નથી.

" તૃષ્ણા છોડ હવે મને નવ દીઠી, કોડી ફુટી હાથમાં. " ભોજો ભકત.

**ફુટી બદામનું,** વિસાત-ગણતરીમાં ન લેવાય એવું; હલકું; પાજી; હલકી કિંમતનું.

**ફુટેલા કપાળનું,** ઘણું નુકસાન ખમનારૂં; દુર્દશામાં આવી પડેલું; ભાગ્યહીન; બેનસીબ. જેને ઇચ્છેલી વસ્તુ પ્રાપ્ત ન થતી હોય અથવા જેની લાંબા વખતની આશાધૂળ મળી હોય એવા માણસને વિષે બોલતાં વપરાય છે.

**ફુટેલા કાળજાનું,** ખબડદારી વિનાનું; શુદ્ધિ કે ભાન વિનાનું; ચલિત-નબળું.

૨. યાદ ન રહેતું હોય અથવા વારંવાર ભૂલી જતું હોય તેવું.

" તેનો ઉપરનો દેખાવ રૂઢ અને સભ્ય છતાં ભાઈસાહેબ અંદરથી ફુટેલા કાળજાના જણાય છે. "

અરેબિયનનાઇટ્સ.

**ફુલ આવવું,** અટકાવ આવવો. ( સ્ત્રીને-લાક્ષણિક)

૨. આશા બંધાવી. ( ઝાડને પ્રથમ ફુલ આવ્યા પછી ફલ આવે છે તે ઉપરથી )

**ફુલ ગુંથે છે,** ( ફુલ ગુંથનાર ફુલના સુવાસમાં લ્હેર ખાયાં કરે છે અને તેથી તે પડતાં મૂકી બીજું કામ કરવામાં ચિત્ત લાગતું નથી તે ઉપરથી )

કામધંધો હોવા છતાં નકામું

Gandhi Heritage Portal

બેસી રહ્યું હોય અથવા ઉઠીને કામ કરતાં કંટાળો ખાતું હોય ત્યારે તેને વિષે બોલતાં એમ કહેવાય છે કે 'ઉઠને, શું ફુલ ગુથે છે? તે કામ કરતો નથી.'

**ફુલધાર વહેવાર** ચોખ્ખો—ઘણા રૂપિયા ધીરાય એવો વહેવાર.

**ફુલફટાકીઓ**, ઉડાઉ ને રંગીલા માણસને વિષે બોલતાં વપરાય છે. ફક્કડ; ફાંકડો; છેલ; છેલબટાઉ.

"ફુલફટાકીઓ ને ફાટમાં છાણું,
ઘેર આવે ત્યારે કલેડું કાણું."

કહેવત સંગ્રહ.

**ફુલની પાંખડી**, નજીવી દક્ષણા—ભેટ.

'હું તો મારે ફુલની પાંખડી મૂકી પગે લાગીશ.'

**ફુલને ઘોડે ચઢવું**, મિથ્યાડંબર રાખવો; ખાલી દમામ—ભપકો બતાવવો; ઠાલી મોટાઈ દર્શાવવી.

"તે પરાયા લોક આગળ તો પોતાનો ડોળ દમામ કાયમજ રાખતો. કોઈ બહારનું આવે કે તુરત પાંચ દશનું ખર્ચ કરી નાખવા ફુલને ઘોડે ચઢે."

કૌતુકમાળા.

**ફુલીને ટેટા થવું**, (આંખો) દરદથી કોઈ વખત આંખના ડોળાની આસપાસ સૂજી આવે છે ત્યારે આંખો ફુલીને ટેટા થઈ એમ કહેવાય છે. ૨. ટેટાની પેઠે ફુલવું—વધવું. (વસ્તુએ)

**ફુલીને દેડકો થવો**, (ઈસપનીતિમાં દેડકો અને બળદની વાત છે તે ઉપરથી આ પ્રયોગ નીકળેલો જણાય છે. એક દેડકો પાણીમાંથી બહાર નીકળી જમીન પર ફરતો હતો તેવામાં એક બળદ તેની પાસે આવી ઘાસ ચરવા લાગ્યો. બળદને પાસે આવેલો જોઇ દેડકો ગભરાયો અને પોતાની માને કહેવા લાગ્યો કે મા, મા, મેં એક એવું પ્રાણી જોયું કે ખરેખર, બહુજ મોટું; માએ પોતાનું શરીર ફુલાવીને પૂછ્યું કે જો આવડું હતું? બચ્ચાએ જવાબ આપ્યો કે ના એથી મોટું; મસ ફુલાવીને પૂછ્યું તો કહે ના, એથી તો બહુજ મોટું; ફરી વિશેષ ફુલાવ્યું તો કહે હજી પણ મોટું; વળી એટલે સુધી ફુલાવ્યું કે આખરે પેટ ફાટી ગયું ને દેડકાની મા મરણ પામી. આ ઉપરથી અથવા તો દેડકા પાણીમાં ફુલે છે—મોટા થાય છે અને તાન પર આવે છે તે ઉપરથી) પોતાનાં વખાણ થયેલાં સાંભળી મગરૂર થવું અથવા ખુશ ખુશ થઈ જવું.

૨. ગજું તપાસ્યા સિવાય મોટી મોટી ફાળો ભરવી.

**ફુલીને ફાળકો થવું**, ફુલણજીની પેઠે મગરૂર થવું—(માણસે.)

૨. આનંદમાં ગરક થઈ જવું; ખુશ ખુશ થઈ જવું.

"અરે ઢોંગી, એટલી વારમાં એટલું શું શીખ્યો, કે ફુલીને ફાળકો થયો?"

પ્રતાપ નાટક.

**ફુલીને ફાળકે ચઢવું** પણ બોલાય છે.

**ફુલીને ટેટા—દડો થવો** એટલે વધીને ટેટા જેવું થવું (વસ્તુએ.)

**ફુલે વધાવવું**, (ફુલેથી વધાવવાની પેઠે કોઈનો ખરા અંતઃકરણથી—આતુરતાથી આદરસત્કાર કરવો.

**ફુલેકું ચઢવું**, (છોકરાને પરણાવતી વખતે ચઢે છે તે ઉપરથી વાંકામાં) ફજેતી થવી; બેઆબરૂ થવી; વરઘોડે ચઢવું.

**ફેરકુંડાળામાં પડવું**, રપેટીમાં આવવું; નકામું અથડાવું; ટીચાવું; અર્થસિદ્ધિ ન થાય ને ઠાલી અથડાયાં કરવું. (માણસે)

૨. ઝટ નિકાલ ન થાય એવા ગોટાળા

Gandhi Heritage Portal

માં આવી પડવું. ( કામ )

**ફેર પાઘડી બાંધવી,** બોલીને ફરી જવું; બોલેલું તોડવું; વચન ભંગ કરવું; આડું બોલવું.

૨. સામા થવું; સામા પક્ષમાં ફરી જવું.

૩. ખોટી ટેવમાં પડવું.

"આવી રીતે વાણિયાભાઇએ ફરીથી પાઘડી બાંધી અને એક ભેંસ આપવામાંથી પણ સટકી ગયો."

કૌતુકમાળા.

**ફેરા ફરવા,** (વરકન્યાએ.)

"કન્યા પાછી મળે તેજ દહાડે તાબડતોબ ચાર ફેરા ફેરવી આપીશું, મારે તો કંઈ હવે ફરિયાદ કરવા નથી."

મણિ અને મોહન.

**ફેરો લાગવો,** અધામણ થવી; ઝાડો થવો.

**ફેલું પેસવું,** (ફેલું-ફેલ-ગુંછળું, તે ઉપરથી લાક્ષણિક) લપ થવી; ઘુંચવણ થવી. કોઈ કામની અમુઝણ આવી ભરાય છે ત્યારે કહે છે કે-

"મારે તો ફેલું પેઠું છે"

**ફોડી લેવું,** દૈવયોગે જે વખતે જે આવી બને તે ભોગવી લેવું; માથે પડયું ઉકાવી લેવું. 'સૌ સૌનું ફોડી લેશે.' 'એનું લાગ્યું એ ફોડી લેશે.'

**ફોદા ફોડવા,** નિંદા કરી હલકું પાડવું; ચાંદાં કે છિદ્ર શોધી લોકોને કહી બતાવી ચરચા કરવી.

"પાડાપાડોશીમાં ને જ્યાં ત્યાં તે ધનલક્ષ્મીના ફોદા ફોડે ને પોતાના ભાઇની પણ નિંદા કરવામાં તે બાકો રાખે નહિ."

બે બહેનો.

૨. બળાપો કરવો; અંતરની ઉની વરાળ કાઢવી; પોતાનું ગુપ્ત દુઃખ બહાર કહી દેખડાવવું—જાહેર કરવું.

**ફોલી ખાવું,** (ફોલવું-ચુંટવું તે ઉપરથી) ચુંટી ખાવું; નિંદા કરવી-ચરચા કરવી-ચરચાવવું.

"છોકરો ત્રણ વરસનો થયો છતાં વિવાહ થયો નથી તેથી લોકમાં વાતો થાય છે; અને બૈરાં મને ફોલી ખાય છે માટે હવે તો ગમેતેમ કરીને ફલાણા શેઠનું માગું ઝીલી લેવુંજ જોઇએ."

બે બહેનો.

(ઉપરનો ભાગ રહેવા દઇને અંદરની માલમતા કાઢી ખાવી એ તેના મૂળ અર્થ ઉપરથી લાક્ષણિક અર્થે)

૨. કોઇની પાસેનો પૈસોટકો ધનમાલ કાઢી ઉડાવી ખાવો; પૈસા ટકા લઈ લેઈ વિત્ત વગરનું કરવું.

"લેણદારો બહુ જુલમી છે, તેઓ ભારે વ્યાજ લઇ ભોળા લોકોને ફોલી ખાય છે અને તેમની પાયમાલી કરનાર એજ વેપારીઓ હોય છે."

દે. કા. ઉત્તેજન.

**ફોલ્લો ફુટી જવો,** બલા જવી; અડચણ મટવી; પીડા ટળવી; ફોલ્લા રૂપ નડતર ટળવું.

૨. ખટખટ મટવી; સંશય જવો; વહેમ ટળવો.

૩. નિકાલ થવો; લાંબી ચુંથાચુંથ ટળી સમાધાન થવું; ફડચો થવો.

Gandhi Heritage Portal

## બ

**બંસી બજાવવી,** ( બંસીના આકારની ભૂંગળી લઈ દેવતા ફુંકવો પડે છે, તે ઉપરથી ખાવા કરવું; રાંધવું ( મજાકમાં. ) **મોરલી બજાવવી** પણ બોલાય છે.

**બકરકુંદી કરવી,** બકરાની પેઠે હરખમાં નિષ્કાળજીથી જેમ ફાવે તેમ કુદાં કરવું; તાગડધિના કરવા; તોફાન કરવું; મસ્તીમાં આવવું.

**બકરી બેં થઈ જવું,** અતિશય ગરીબ-સાલસ થઈ જવું. જે પ્રથમ ધામધુમિયું ને ગરબડિયું હોય તે પાછળથી ધીમું ને વિવેકી થઈ જાય તેને વિષે બોલતાં વપરાયછે. ( બકરી બેં બેં એમ બોલે છે તે ઉપરથી. )

**બગભગત,** ભક્તિનો ઢોંગ કરનારો; બહારથી સાધુ દેખાતો પણ અંદરથી કપટ રાખનારો પુરૂષ; ઢોંગી; ભગત પેઠે મૌન્ય ધારણ કરી સ્વાર્થ સાધી લેવાની જોગવાઇ ખોળનારો.

**બગડે બે થવું,** ખરાબ થવું; બગડવું (બંને.)

**બગલ ભાવાર્થી,** (કોઈ એક જગોએ અનેક પ્રકારનાં જળચર પ્રાણીઓથી ભરેલું એક સરોવર હતું ત્યાં આગળ એક બગલો રહેતો હતો. તે ઘરડો થયો તેથી તેનાથી માછલાં પકડી શકાતાં નહોતાં તેથી તે ભુખે મરવા લાગ્યો. તથા સરોવરના કાંઠાપર બેસીને મોતીના દાણા સરખાં આંસુનો પ્રવાહ પૃથ્વી ઉપર રેડવા લાગ્યો. એવામાં એક કરચલો અનેક જાતનાં જળચર પ્રાણીઓ સહિત તેની પાસે તેના દુઃખથી દુઃખી થઈ આદર સહિત તેને પૂછવા લાગ્યો કે મામા, આજ કેમ તમે કાંઈ ખાવા પીવાનું કરતા નથી અને કેવળ આંખમાં આંસુ આણીને નિસાસા નાખતા કેમ બેશી રહ્યા છો ? તે બોલ્યો, દિકરા ! તેં બરોબર નિરીક્ષા કરી છે. મને મત્સ્ય ભક્ષણ કરવામાં અત્યંત વૈરાગ્ય થયો છે,હવે હું ભક્ષ કર્યા વિના એની મેળે આ દેહ નાશ પામે ત્યાં સુધી આ સરોવરને કાંઠે તપ કરવા બેઠોછું મેં તેથી મારી પાસે આવેછે તે મત્સ્યને પણ હું ખાતો નથી. કરચલે બીજાં જળચરોને બગલે કહેલી વાત જાહેર કરી, તે ઉપરથી સઘળાં પેલા બગલાનો વિશ્વાસ કરી તેની પાસે આવ્યાં અને સૌ તેની આસપાસ વીંટાઇ વળ્યાં.

બગલો પણ દુષ્ટ વિચારથી અનુક્રમે એક એકને પીઠ ઉપર બેસાડી તે જળાશયથી થોડેક દૂર શિલા હતી તે ઉપર જઇને પછાડવા લાગ્યો અને પછી પોતાની ઈચ્છા પ્રમાણે તેમનો ભક્ષ કરી જઈ પાછો ફરીને પેલા જળાશયને કાંઠે જતો અને એવી રીતે પોતાની જીવિકા ચલાવતો હતો તે ઉપરથી,

બહારથી સાધુવૃત્તિ દેખાડતો પરંતુ અંદરથી સ્વાર્થ સાધી લેવાની વૃત્તિ રાખનારો; બગલાના જેવી મનમાં મતલબ રાખનારો; સ્તબ્ધ-સુમ થઇ સ્વાર્થ તાકયાં કરનારો.

**બગલમાં મારવું,** બગલમાં રાખવું. ( ચીજ.) જેમ, 'પોટલું બગલમાં માર.'

**બગલમાં ઘાલી ઉડી જવું,** છેતરીને સટકી જવું; ન ગણકારવું; તુચ્છ ગણી કાઢવું.

" એ ગુણવંતરાય તો તમને અને અમને બગલમાં ઘાલી ઉડી જાય એવો છે. "

**બગલમાં રાખવું,** પાંખમાં ઘાલવું; શરણે. આશરે રાખવું; હુંફ આપવી; સંભાળવું; છાયામાં રાખવું; સુખમાં રહેવાને આશરો આપવો. ' હું એને મારી બગલમાં રાખીશ. '



Gandhi Heritage Portal

**બગલમાં હોવું**, પોતાની શક્તિ કે દ્દોટમાં હોવું; કબજામાં હોવું.
 ૨. સંભાળ નીચે હોવું.
 "એ મારી બગલમાં છે."

**બગલમાંથી વાત કાઢવી**, નવીજ-અક્કલથી બનાવીને વાત કે ગપ ઠોકવી; ઘણેજ ખૂણે ખોચરેથી-ઉટંગ વાત કાઢવી.

**બગલો ઉઘાડી થવી**, પૈસા ટકા વિનાનું થવું; સાફ થવું; પાસે કાંઈ સાચવવા જેવું ન રહેવું; માલમતા ઉડી જવી.
 ૨. છુટા થવું; કોઈ કામમાંથી મોકળા થઈ જવું; નિરાંત થવી.

**બગલો ઉઘાડી મૂકવી**, શરમ વેગળી કરવી; કોઇનો ઠપકો કે કલંકની દરકાર-કાળજી ન રાખવી; આબરૂ ગજવામાં ઘાલવી.

**બગલો ઊંચી કરવી**, (એમ કરી પાસે કાંઈ નથી એમ બતાવવું, તે ઉપરથી) દેવાળું કાઢવું; શંખ ફુંકવો; પાસે નથી એમ કહી છુટી પડવું; છુટા થવું; નાદારી બતાવવી.

**બગલો કૂટવી**, રાજી રાજી થઈ જવું, હરખાઈ જવું. (અનાર્ય લોક હરખમાં એ પ્રમાણે કરેછે તે ઉપરથી)

**બગલો દેખાડવી**, દેવાળું કાઢવું; પાસે આપવાનું કાંઇ નથી એમ જણાવવું.

**બગલો પાવશ બેઠો**, (ચોમાસામાં બગલો એક ઠેકાણે સ્થિર બેસે છે અને લાગ આવે છે કે, તરત માછલાને પકડી લે છે તે ઉપરથી) ઠગ અને દાંભિક પુરૂષને જોઇને લોકો કહે છે કે-"બગલો પાવશ બેઠો છે."
(પાવશ-પ્રાવૃષ-(વર્ષાકાળ)

　　ઠાઠ કર્યો ઠગનોરે,
　　બગલો પાવશ બેસી."
　　ઠગવા માંડ્યું ઠીક કરીરે,
　　પાકી નવ જોઈ પેશી" (ટેક)
　　　　　　ધીરોભક્ત.

 ૨. દેવાળું કાઢવું.

**બગી ફાટવી**, (બગી-મરાઠી **बघणें**=જોવું, એ ઉપરથી દૃષ્ટિ અને તે ઉપરથી) ગુસ્સો ચઢી જવો; મસ્તીમાં આવવું; આંખ ફાટવી.

**બંગડી પહેરવી**, સ્ત્રીની પંક્તિમાં આવવું. જ્યારે કોઈ માણસ સ્ત્રીની પેઠે ઘરમાં ઘલાઈ રહેતો હોય અને મરદની કોઈ શકિત ધરાવતો ન હોય ત્યારે તેને વિષે બોલતાં વપરાય છે કે 'બંગડી પહેર.' એ સિવાય કાંચળી પહેરવી, ઘાઘરી પહેરવી, ચૂડીઓ ઘાલવી વગેરે અનેક પ્રયોગો એ અર્થમાં વપરાય છે.

**બંગાળાં વાગવાં**, ખાલી થઈ જવું; વપરાઈ જવું; ખૂટી પડવું; શંખ વાગવો. 'ઘરમાં બંગાળાં વાગે છે.'

**બંગાળી ઠગ**, (બંગાળાના લોક ઠગ ગણાય છે તે ઉપરથી) આડું અવળું સમજાવી કે ભૂલથાપ આપી ધનમાલ લઈ લેનારો પાકો ઠગ; છળ કરનારો; ઉપરથી સફાઈ દેખાડી અંદર ખાનેથી દગલબાજી કરનારો; પાકો ધૂતારો. '**બંગાળા કાયદો**'એ બળાત્કારના સંબંધમાં-અર્થમાં વપરાય છે.

**બચી ફાટવી**, (બચી-મોં. તુચ્છકાર રૂપે) બોલવાની શકિત ધરાવવી.
 'એની તો બચીએ ફાટતી નથી' એમ કહેવાય છે.

**બંગાળી તોલ**,બીજાઓના કરતાંઊંચાદરજ્જાનું અથવા મોટું. (માણસ) 'એતો બંગાળી તોલ છે. (એ તોલ ગૂજરાતના સાધારણ તોલ કરતાં બમણો હોય છે તે ઉપરથી)

**બટાશિયાં ઉડવાં**, ખાવા પીવાનું કે ધન માલ વગેરે વપરાઈ જવું; સરસામાન-રાચરચીલું વગેરે ઘરવાખરો કંઈ ન હોવો.

**બડફાં નાખવાં**, છણકા કરવા; તબડકા કરવા; મિજાજમાં બોલવું. (બડફાં-કુતરૂં ડાચું મારે છે તે. એ ઉપરથી)

Gandhi Heritage Portal

"પહેલાં તો તમે એટલું એ કયાં કબૂલ કરતાં હતાં જે ! નણદોઈની વાત નીકળતાં જ બડફાં નાખતાં હતાં"

**બડફાં હાંકવાં,** ગપ ઠોકવી.

**બડવો ઉઠાડવો,** ( બડવો, बटुक ઉપરથી ) જનોઈથી સંસ્કાર પામેલા છોકરાને સાસરેથી રીત થઈ વરવહુનો જે વરઘોડો નિકળેછે તે.

**બડવો દોડાવવો,** ઉપવિત ( જનોઈ )નો સંસ્કાર થયા પછી બ્રાહ્મણે બાર વર્ષ બ્રહ્મચર્ય પાળવું જોઈએ તેને બદલે છોકરાને જંનોઈ દીધા પછી ચકલા આગળથી નસાડી મૂકવામાં આવે છે અને પછી તેનો મામો પકડી આણે છે તેને બડવો દોડાવવો કહેછે.

**બડવો ધૂણાવવો,** ( પૂર્વ ગૂજરાતના ડુંગરી-અગર કોળીભીલ લોકોમાં ) એ લોક બહુ વહેમી હોય છે; માણસ માંદુ પડે ત્યારે, છોકરાં થતાં ન હોય ત્યારે કે જીવતાં ન હોય ત્યારે તેઓ બાધા રાખે છે ને બડવો ધૂણાવે છે. એ બડવા ગૂજરાતના ભૂવા જેવા હોય છે. બડવા લોકો જીવતી ડાકેણ જાહેર કરે છે. અને તે તેઓ માને છે. એ બાધા તેઓ પોતાના 'બાબા દેવ' જેને તેઓ મુખ્ય દેવ ગણે છે તેની રાખે છે.–વિજ્ઞાન વિલાસ.

**બડે જાઓ મહેરબાન,** ઘણું જીવો અને ચડતી કળા થાઓ વગેરેના અર્થમાં મોટા રાજદ્વારી કે શ્રીમંતના આગળ ચોબદાર એમ બોલે છે.

**બણગું ફુંકવું,** (જ્યારે ગામમાં ઢંઢેરો પીટવાનો હોયછે ત્યારે બણગું ફુંકે છે તે ઉપરથી સાધારણ અર્થે )

૧ ઠેર ઠેર વાત ઉરાડવી; જાહેર કરવું; લોકો જાણે એમ કરવું.

'ઠેર ઠેર બણગાં શું ફુકયાં કરે છે ?

૨. વખાણ–પ્રશંશા કરવી; ગુણ ગાયાં કરવા. 'તું તો તારાંજ બણગાં ફુંકયા કરેછે.'

**બત્તી આપવી,** પ્રેરણા કરવી; ઉત્તેજન આપવું; ઉશ્કેરવું; નવું જુનું થાય એવી તજવીજ કરવી; સાંસણી કરવી. ( બત્તી આપવાથી જેમ જ્યોત પ્રજ્વલિત થાયછે તેમ સામાનો જોસ્સો પ્રજ્વલિત થાય એવી યુક્તિ રચવી તે ઉપરથી ]

**બત્તી ફાટવી,** બોલવાની શક્તિ ધરાવવી; જીભ ઉપડવી. ( બત્તી=જીભ)

**બત્તી લાગો,** ( મતલબ કે ) બળી જાઓ; સળગી જાઓ; દીસતું રહો; ટળો; વાટઉઠો. કોઈ વસ્તુ પ્રત્યે બેદરકારી બતાવતાં એ બોલાય છે.

**બત્રીસ કોઠે જીવ,** સઘળી તરફની સંભાળખબરદારી; હોંશીઆરી; ચોતરફની સાવચેતી; ચાનક, ખેપ કે ખંત; સર્વાંગે કાળજી રાખવી પડે તે (નુકસાન થવાની ધારતીને લીધે. )

**બત્રીસ કોઠે દીવા થવા,** અંતઃકરણમાં અજવાળું થવું.

૨. સંદેહ–ભ્રાંતિની સફાઈ થવી; નિરાંત કે આનંદ થવો; ખટખટ ટળવી; અજવાળું થવું; ઘટઘટમાં પ્રકાશ થવો; તેજોમય–આનંદમય થવું.

( શરીરના બત્રીસ કોઠાછે તે ઉપરથી ) એક કોઠામાં બત્રીસ કોઠા, તેમાં રમે નાના મોટા એમ એક કવિએ કહેલું છે. )

"સરદારબાને હવે બત્રીસ કોઠે દીવા થયા, રજપૂતાણીનો હવે રંગ રહ્યો, અને ઈશ્વરે કલ્યાણ વંશની લાજ રાખી."

ગુ. જૂની વાર્ત્તા.

"મહારાજ તમે મારા જીવના તરસ્યા છો તો તે લીધા પછી નિરાંતે સુખ ભોગવજો, હમણાંજ હું જઇ ગોમતીમાં પડુંછું એટલે તમારે બત્રીસે કોઠે દીવા થશે.

સત્યભામાખ્યાન

Gandhi Heritage Portal

**બત્રીશી બતાવવી,** બત્રીશી-બત્રીસ દાંતની હાર તે ઉપરથી) હસી કાઢવું. ૨. ધમકી આપવી.

**બત્રીશીએ ચઢવું,** (બત્રીસદાંતની હાર તે બત્રીસી) દાંતે ચઢવું; દાઢમાં પેસવું; ભચરડી નાખવાના પેચમાં આવવું; નુકસાન કરવાની યુક્તિમાં ફસાવું; ચરચાવું; નિંદા થવી; વગોણું થવું; લોકોમાં નઠારી વાત ચાલે તેવી હાલતમાં આવવું; ચરચા થવી-

"છોકરવાદી સર્વની બત્રીશીમાં ચઢી."

સરસ્વતીચંદ્ર.

"શિવાજી પોતે પણ દેશો તાબે કરવાના લોભમાં પડયો હતો એટલે આવા સમયમાં જગતની બત્રીશીએ ચઢવાની તેની ખુશી નહોતી."

તારાબાઇ.

**બંદર કરવું,** (વહાણ) બંદર આગળ કે બીજી કોઈ જગોએ થોડા વખતને માટે લંગર કરવું.

**બન બનકી લાકડી,** એકજ કામમાં સ્વતંત્રપણે ગુંથાએલા જૂદા જૂદા વિચારના અને જૂદી જૂદી લાગણીના માણસો. આ હિંદુસ્તાની પ્રયોગ છે પણ વપરાય છે.

**બનતી રાશ,** (સં. રાશિ) સંપ; મેળાપ; બનાવ; મેળ; મળતી પાંતિ.

**બંબ બજાવવો,** બંબ એટલે લડાઇનો ડંકો. જ્યારે લડાઇ થાય ત્યારે એ ડંકો વાગે છે તે ઉપરથી લાક્ષણિક અર્થમાં.—

ઠોકવું; માર મારવો.

"કુમાર—સંશયનું આ નિરાકરણજ થાય છે, ભાઈ, એને વળી બાંધો ને બંબ બજાવો."

મુદ્રારાક્ષસ.

**બંબ બાજરી આપવી,** (બંબ એટલે સાધુ ને તે ઉપરથી વાંકામાં) માર મારવો.

**બંબ મહાદેવ,** બાવા કે જોગી અને વિશેષે કરીને પુરબીઆ લોકો એ પ્રમાણે શિવજીના સંબોધનમાં બોલે છે. (શિવજીની જટામાંથી ગંગા નીકળેલાં તે વખતે પાણીનો એકદમ બમ્ બમ્ જેવો અવાજ થયેલો તે ઉપરથી અથવા મહાદેવ રાખ ચોળીને રહે છે એમ કહેવાય છે તે ઉપરથી.)

**બંબ વાગવો,** કાંઈ નાણું ન હોવું; માલ મિલ્કત ન હોવી; ખાલી હોવું. (લાક્ષણિક)

'એના ઘરમાં તો બંબ વાગે છે'

**બંબે બંબ,** બહારથી ભપકાનું પણ અંદર કંઈ ન હોય તેવું; ખાલી; પોલું.

૨. અંધેર—અવ્યવસ્થા.

**બંબે બંબ ઠોકવું,** માત્ર અટકળથી કહેવું; ગપ ચલાવવી; ખાલી—નિરાધાર વાત ફેલાવવી ૨. અંધેર ચલાવવું.

**બમણી બારશ,** એવડી પીડા કે મુશ્કેલી; એવડી આથડફોડ.

**બરડો એવડ વળી જવો,** ઘણા સખત મારથી બરડામાં ઇજા થવી-સીધું ઊભું ન રહી શકાવું.

**બરડો ભારે થવો,** માર મારી બરડો હલકો કરવાની જરૂર પડવી; માર ખાવાનાં ચિન્હ જણાવાં.

**બરાબર થવું,** પતી રહેવું; થઈ રહેવું; ખૂટી જવું; પાર થવું; નાશ પામવું; ક્ષ્યાઈ જવું; મરી જવું.

**બરો મૂતરવો,** (ज्वर मुत्तरियं તે ઉપરથી ज्वरो मुत्तरियं અને તે ઉપરથી બરો મૂતરવો એમ અપભ્રંશ છે.)

નબળાઈ કે ઘણા તાવથી હોઠના ખુણા ઉપર મોઢાની લાળ નીતર્યેથી ચામડી ઉપર ઝીણી ફોલ્લીઓનું થઈ આવવું.

**બલારાત જાણે,** હું જાણતો નથી તે મારે જાણવાની દરકાર પણ નથી એવા અર્થમાં બેદરકારી કે તિરસ્કારમાં જવાબ દેતાં વ-

Gandhi Heritage Portal

પરાય છે. વળી મારી દૈવરાત, જૂતીરાત, પિંજારાત, વસંજીરાત જાણે વગેરે એ અર્થમાં બોલવાના અનેક પ્રકાર છે.

**બલિ રાજાનો ગોર,** બલિ રાજાના ગોર શુક્રાચાર્યની પેઠે એક આંખે કાણો હોય એવા માણસને વિષે બોલતાં વપરાય છે.

**બલેયાં ખેંચવાં,** હિસાબ માંડી વાળવો; ખાતું માંડી વાળવું.

**બહાર છે તેટલો ભોંયમાં છે,** મતલબ કે તેનાં મળ બહુ ઊંડાં છે; બહુ લુચ્ચો છે; પહોંચેલી બુટ્ટી છે.

**બહાર જવું,** ઝાડે ફરવા જવું; પાદરે જવું; ભાગોળે જવું; જંગલ જવું. આ અર્થમાં **બહારજવા જવું** પણ બોલાય છે.

૨. ફરવા કે કંઈ કામને અર્થે ઘરની બહાર જવું.

**બહાર મારવો,** ખીલી રહેલી ખુબસુરતીનો અચ્છો અનુભવ લેવો–મઝો મારવી.

**બહુચરાજીનો કુકડો,** લોકો બહુચરાજી માતાને જીવતા કુકડા ચડાવે છે. તેથી તેઓની સંખ્યા બહુ વધી જાય છે અને દેવળની આસપાસ ભમ્યાં કરે છે, આ કુકડા માંહેલા એકની વાત એવી ચાલે છે કે–એક હિંમતવાન મુસલમાને તેને તળી ખાધો, પછી તેનું પેટ ફાડીને તે જીવતો બહાર નિકળ્યો.

" કુકડીઆ ભોજન કિયા,
તળિયા તેલાં તાંય;
મેં છાના ઘટમાંય,
તેં બોલાવ્યાં બેચરાય. "

( રાસમાળા )

એ ઉપરથી કોઈ માણસ બીજાનું લેહેણું આપે નહિ ત્યારે એમ કહેવાય છે કે.—

" જેને તને બહુચરાજીના કુકડાની પેઠે થઈ પડતું, " મતલબ કે એ પૈસા તને પચવાના નથી તે ઉપરથી લ્હેણું મૂકે નહિ એવો જે લ્હેણદાર તે બેહુચરાજીનો કુકડો કહેવાય છે. ૨. બહુ બોલો; છાનો-છૂપો ન રહે તે.

**બહુજ થઈ ( માથે ),** બહુ વીત્યું, ઘણું દુઃખ પડ્યું, અવધિ થઈ.

" જાશો ચોરાશીમાં વહી,
મમ્મા માથે બહુ થઈ. "

ભોજો ભક્ત

**બહોળે હાથે,** ઉડાઉપણે; છૂટે હાથે; ઉદારતાથી, સંકોચ પામ્યા સિવાય; મન મોકળું રાખીને.

" બેઉ બહોળે હાથે ખરચ કરનારા હતા. "

સધરાજેસિંગ.

**બળતામાં ઘી હોમવું,** ( બળતામાં ઘી હોમવાની પેઠે ) ઉગ્ર લાગણી કે જોરસાને વધારવાની તજવીજ કરવી.

**બળતામાંથી બૂકવું,** ઉતાવળથી જેટલો ફાયદો લેવાય તેટલો લેવો.

" દાસ ધીરા હરિ ભજ છે ઢુંકો,
તમે ચતુર થઈ કેમ ચૂકો;
કંઈ બળતામાંથી બૂકો,–
ચંચળ મન ચોર.

ધીરો ભકત

**બળીને ખાખ–ચૂનો થઈ જવું,** અદેખાઈ ઈર્ષાથી કાળજું બળી જવું; કોઇનું સારૂં જોઇને મનમાં બળવું; અતિશય ચિંતા થવી.

" ખાકાનનાં ઉમદાં કામો તેનાથી જોઈ શકાતાં નહિ. તે નિહાળી બળીને ખાખ થઈ જતો હતો. "

અરેબિયનનાઈટ્સ.

**બળેવે બારમું બેસે છે,** બ્રાહ્મણોમાં બારમા વરસ સુધી જનોઈ દેવાનો રિવાજ

Gandhi Heritage Portal

છે—ઉપનયન સંસ્કાર ત્યાં સુધીમાં કરી નાખવો જોઇએ. એટલી ઉમર સુધી છોકરૂં નાનું ગણાય છે, કારણ કે જનોઈ દીધી એટલે તે બ્રાહ્મણમાં ખપે છે. તે ઉપરથી 'હજી નાનો છું' એમ બતાવવામાં એ પ્રમાણે હરકોઈ જ્ઞાતિમાં બોલવાની રૂઢિ પડી ગઈ છે.

**બાંકાં ફુંકવાં,** ખુશામતનાં ગીત–ગુણ ગાવા; વખાણ–પ્રસંશા કરવી.

"એ ચાર ન્યુસપેપરવાળાઓ રાજાજીનાં બાંકાં ફુંકે છે અને તેઓની પાસેથી પૈસા ઓકાવવાને" * * *

ગૂજરાતી.

**બાંધ છોડની વાત,** એક એકના પેચમાં રમવાની વાત; ડાહ્યા અને અનુભવી માણસની સલાહ લેવી પડે એવી જે મુશ્કેલ બાબત તે.

**બાંધણાં છોડવાં,** ( બાંધણાં–બંધન ઉપરથી. સામે થતાં જે કેડ બાંધી હોય તે છોડી નાખવી, તે ઉપરથી )

નમ્યું આપવું; નમી પડવું; હારી થાકવું સામે થવાની હિંમત છોડવી.

**બાંધી દડીનું,** બેઠી બાંધણીનું; બહુ નીચું નહિ તેમ બહુ ઊંચું નહિ, બહુ જાડું નહિ તેમ બહુ પાતળું પણ નહિ એવું. ( માણસ. )

**બાંધી બીડી** (આબરૂ), દાબડદુબડ જળવાઈ રહેલી—ઉઘાડી નહિ પડેલી આબરૂ, ભારે ભાર રહ્યો હોય તે; ભોપાળું ન નીકળ્યું હોય તેવી સ્થિતિ.

" મહેમાન–પરોણો આવે તેની પરોણા ચાકરી મારેજ કરવી ને ઘરની લાજ આબરૂ બાંધી બીડી પણ મારેજ રાખવી તેમ છતાં પણ કાંઈ જશ છે ?"

કુંવારી કન્યા.

**બાંધી મૂઠી,** સચવાઈ રહેલો ભારેભાર; જળવાઈ રહેલો વક્કર.

'બાંધી મૂઠી લાખની,
ઉઘાડે વા ખાય.'

કહેવત સંગ્રહ.

'આવ્યો ત્યારે બાંધી મૂઠી,
જમડા લેશે લૂંટી."

દયારામ.

**બાંધી લેવું,** જંત્રમંત્રાદિ પ્રયોગથી વશ કરવું; વશીકરણ કરવું. 'તે રાંડે એના ધણીને બાંધી લીધો છે.'

૨. જવાબ દેતાં ગભરાય તેમ કરવું અથવા પોતાનું બોલેલું પોતાનેજ ફેરવવું પડે એમ કરવું.

૩. કબુલત–ઠરાવને વળગી રહે તેમ કરવું.

**બાંધેલી કમ્મરનું,** તૈયાર; ચંચળ; હાજર; બીડેલી હિંમતનું; તત્પર; સજ્જડ; કમ્મર બાંધીને તૈયાર થયેલું. ( કોઈ છાતીવાળું કામ કરવામાં )

**બાંધ્યો પગ રહેવો,** નિરાંત વાળી લાંબા વખત સુધી એકને એક જગોએ બેસવું–રહેવું; પગ ટકવો; ઝાઝી વાર નિરાંતે થોભવું.

**બાંય પકડવી,** ( લાક્ષણિક ) મદદ આપવી; સહાય કરવું; લાંબો હાથ કરવો.

**બાઈ કલ્યાણી,** (–કરવી) બીખી ખાવું. (બાઈ કલ્યાણી કરતો ફર.)

( 'બાઈ, કલ્યાણ હજો' એમ બીખી ખાનારા આશીર્વાદ દે છે તે ઉપરથી. )

૨. ( કલ્યાણી એ શબ્દ ભોળી ચરિત્ર વિનાની સ્ત્રીને માટે વપરાય છે તે ઉપરથી ) પુરૂષાર્થ વિનાનો; બાયલો; કમાઈ ન શકે તેવો પુરૂષ.

૩. ગરીબાઈ; સાલસાઈ.

'લહેણું બાઈ કલ્યાણીએ આવતું નથી.'

**બાઈ માણસ,** સ્ત્રી જાત.

Gandhi Heritage Portal

**બાકરી બાંધવી,** મમત કરવો; વેર કરવું; સામા થવું.

"અનમી નરો નમાવિયા,
બળિયાશું બાંધે બાકરી."

અંગદવિષ્ટિ.

**બાજરીઉં વધવું,** (બાજરીઉં–બાજરીનું ડુંડું. તે ઉપરથી ડુંડાના જેવી માથે હજામત વધવી અથવા હજામતના વાળ વધવા. (મજાકમાં)

**બાજી જવી**—હાથથી જવી, બધો ખેત બગડી જવો.

**બાજી જીતવી,** જશ મળે તેવી રીતે કોઈ કામ પાર પાડવું; ફતેહ મેળવવી; જીત કરવી; ફાવી જવું; કામની સિદ્ધિ કરી લેવી.

**બાજી ધૂળ થવી–બગડવી,** ખેલ બગડવો; ધારેલી ધારણા ધૂળ મળવી; ધારેલો ખેત નિષ્ફળ જવો; અવળા પાસા પડવા; આશા ભર્યું ચાલતું કામ બગડી જવું.

"આ બાબતના સંબંધમાં કોઇને કાંઈ સૂચના આપવા જોગ લાગતું હોય તો તેમ કરવામાં હવે બીલકુલ વાર લગાડશો નહિ, કારણ કે બાજી બગડયા પછી કરો ઈલાજ ચાલશે નહિ."

મણિ અને મોહન.

**બાજી હાથમાં આવવી,** નશીબ અજમાવવાની ખરી તક આવી મળવી—હાથ લાગવી. **જીતની બાજી** એટલે વિજયની આશા અને **હારની બાજી** એટલે નિષ્ફળતા.

"અમાત્યનો વધ કરવામાં પ્રકૃતિમંડળ ખળભળી ઉઠે, ને તેમ થતાં જીતની બાજી હાથમાં આવી કદાચ કથળી જાય."

મુદ્રારાક્ષસ.

૨. કોઇનું સારૂં કે માઠું કરવાનું પોતાના હાથમાં હોવું; કોઇને ફાયદો કે ગેરફાયદો કરી આપવો તે પોતાની મરજીપર હોવું. "તેની બાજી મારા હાથમાં આવી છે હવે."

**બાજી હારવી,** નબળાં પડવું; નિષ્ફળ થવું; પરાભવ થવો; હાર ખાવી; ધારણા સિદ્ધ ન થવી; ઈચ્છેલું નિષ્ફળ જવું.

**બાજીયાકાર ગવાવા,** ભવાડા થવા.(સ્ત્રીઓમાં)

**બાજીગરનું રમકડું,** (ઉપરથી વસ્ત્રાભૂષણ પહેરાવેલું રૂપાળું દેખાતું પૂતળું; તે ઉપરથી લાક્ષણિક)

ચલણ વિનાનું; નચાવે તેમ નાચે–કહીએ તેમ કરે એવું; નામનું; મરજી માફક વર્તે એવું.

**બાટલી ભગત,** દારૂ પીવાનુંજ ધ્યાન ધરનારો; દારૂનો વ્યસની; જેને એકે દિવસ બાટલીનું માથું ભાગ્યા વિના ચાલે નહિ તે.

**બાડી નજરે જોવું,** આંખ આડા કાન કરવાની વૃત્તિથી જોવું.

૨. છાનું માનું ચૂપકીથી જોઈ લેવું.

**બાણ વાગવાં,** (કાળજામાં) મ્હેણાંના શબ્દોથી હૃદય ભેદાઈ જવું; શબ્દશર વાગવાં; તીક્ષ્ણ ભાષણથી કાળજામાં અસર થવી.

**બાપ જન્મારે,** જ્યારથી બાપે જન્મ આપ્યો ત્યારથી તે આજ સુધીમાં. 'બાપ જન્મારે દીઠું હોય ત્યારે જાણે કે ની?'

**બાપદીકરાનું હોવું,** તેને ને મારે બાપ દિકરાનું છે એટલે બાપ દિકરા જેવો સ્નેહ–નાતો છે.

**બાપનાં સિત્તાશિયાં,** કંગાળ; લલુતાવાળાં.

૨. ભલિવાર–ઢંગ વિનાનાં.

**બાપના કુવામાં ડુબી મરવું,** બાપદાદાથી ચાલતી આવેલી ખરાબ રસમ કે ખરાબ જગોને વળગી રહી નુકસાન ખમવું.

**બાપના બાપ પાસે ગયો,** મરી ગયો. (તે મરી ગયેલો હોયછે તોજ એમ કહેવાય છે.)

Gandhi Heritage Portal

૨, ઘણે દૂર જવું; નજર ન પહોંચી શકે એટલે દૂર જવું. (લાક્ષણિક)

**બાપના બાપ બોલાવવા,** દુઃખને વખતે બાપની સહાય માગવી; બાપના નામની બૂમ પાડવી. (દુઃખ પડેછે અથવા દુઃખ થાય છે ત્યારે 'બાપરે!' એમ કહી બૂમ પાડવામાં આવેછે તે ઉપરથી)

**બાપની બાંય સાહીને,** મતલબ કે તારામાં રામ, શૌર્ય, દૈવત ન હોય તો તારા બાપનો કે ગમે તેનો પણ આશ્રય ધરીને–મદદ લઇને. (કામ, ફરજ, વગેરે માથે લેવાના સંબંધમાં)

"ગાંડાં હોય તેને તેનું ગમતું બોલી સમજાવાય પણ આતો ડાહ્યા ગાંડા થએલા એટલે બોલ્યાચાલ્યાની બાધા લઇ જેમ તમે કરો તેમ અમારે બાપની બાંય સાહી કરવુંજ જોઇએ."

તપત્યાખ્યાન.

**બાપનું કરમ–કપાળ,** મતલબ કે કંઈજ નહિ.

"જીવરામ કહે–આ તરફ જુઓ, એ રહ્યો ત્રીજો દીવો. રંગલો કહે તારા બાપનું કપાળ છે તે તરફ તો.?"

મિથ્યાભિમાન નાટક.

**બાપનું તોલડું,** (જ્યારે મરી ગયેલા માણસને સ્મશાનમાં બાળવા લઈ જાય છે ત્યારે મરેલાનો સંબંધી હાથમાં તોલડી લઇને આગળ દોડે છે, અને પાછળ ડાઘુઓ રડતા રડતા જાય છે. રસ્તે જનારને એ તોલડી ઉપરથી એમ જણાય છે કે કોઇનું મડદું આવે છે–એ તોલડી કોઇના મરણના કે મોકાણના સમાચાર કહે છે. તેમ જે માણસને કાંઇ બિનઆવડતવાળું કામ સોંપવામાં આવે તે માણસ જો કે તે હાથમાં લે છે ખરો તો પણ બિનમાહીતગારીને લીધે પાછળથી રડી ઉઠે છે–નિષ્ફળ થાય છે તે ઉપરથી જે કાંઈ સારૂં કામ ન કરી શકે તેવાને વિષે બોલતાં વપરાય છે. 'એ સાળો શું ઓસડ કરવાનો, બાપનું તોલડું?' 'શુંકરવાનો છે મોકાણ એના બાપની' એમ પણ એજ અર્થમાં બોલાય છે.

**બાપનું બુઝારૂં,** ભલિવાર વિનાનું કામ કરનારને વિષે બોલતાં વપરાય છે.

**બાપનો કક્કો,** 'આવડે છે એને એના બાપનો કક્કો' મતલબ કે કાંઈજ આવડતું નથી.

**બાપનો બુધવાર,** જ્યોતિષમાં બુધવાર નપુંસક ગણાય છે તે ઉપરથી) કંઈજ નહિ.

'ત્યાં જઇને શું કરી આવ્યો તારા બાપનો બુધવાર' એમ બોલાય છે.)

**બાપનો લાડવો,** (લાક્ષણિક) ફાયદો–નફો; લાભ; બાપે મેળવેલો હક.

'બાપનો લાડવો દાટયો છે અહીં આગળ તે વ્હેલા વ્હેલા આવ્યા?'

**બાફી ખાવું,** (લાક્ષણિક) નકામું–નિરર્થક રાખી મૂકવું. **શાક કરજે, વઘારી ખાજે, બાફી ખાજે, બાફીને વઘાર** કરજે એમ પણ બોલાય છે.

**બાબરો ભૂત,** વિખરાયલા નિમાળાવાળો વિચિત્ર બિહામણો પુરૂષ.

અણહિલપુરમાં કરણ રાજાની સ્ત્રી કૌલારાણીને એ બાબરોભૂત વળગ્યો હતો. આખું શહેર એ ભૂતથી ત્રાસ પામી ગયું હતું. હરપાળે કૌલા રાણીના અંગમાંથી ભૂત કાઢયું તે વખતે બાબરે પોતાનું વિકાળ સ્વરૂપ પ્રકાશ્યું હતું. એ મૂળ માધવનો ભાઇ હતો. માધવની સ્ત્રી કરણ બળાત્કારે લઇ ગયો હતો તેનો બચાવ કરવામાં એનો પ્રાણ ગયો હતો. એ વેર વાળવાને એણે યમરાજાની આજ્ઞા લઈ ભૂતનું રૂપ ધારણ કીધું હતું એમ કહેવાય છે.

કરણઘેલો.

Gandhi Heritage Portal

**બાઆશી વળગવી,** ડાકણ વળગવી. ( વાંકામાં–મર્મમાં. )

**બાયડીનું રાજ,** જે ઘરમાં બાયડીનું ચલણ હોય છે તે ઘરમાં બાયડીનું રાજ છે એમ કહેવાય છે. ઘર રૂપ રાજ્યમાં પુરૂષ રાજા અને સ્ત્રી એ પ્રધાન છે. રાજા નબળો હોવાથી રાજ્યમાં પ્રધાનનું જોર–ચલણ જેમ વધારે થાય છે તેમ પુરૂષપણ નબળો હોવાના કારણથી સ્ત્રીનો કારભાર ચાલે છે; આ વાક્ય બહુધા જે પુરૂષ સ્ત્રીની સત્તાથી દબાઈ જાય છે એવાને માટે નિંદા તરીકે વાપરવામાં આવે છે.

**બારણું કાળું કરવું,** કોઈના ઘરમાં પ્રવેશ કરવો. ( બારણામાં પેસતાં કાળો છાયો પડપડવાનો સંકેત છે તે ઉપરથી. ) આ પ્રયોગ નકારમાંજ વપરાય છે. જેમકે, હું તેનું બારણું કદીજ કાળું કરનાર નથી એમ ક્રોધ કે ગુસ્સામાં બોલાય છે.

**બાર પાદશાહી,** બાર પાદશાહી જેવું સુખ; મઝા; નિરાંત; ચેનબાજી.

"કેટલીક અજ્ઞાન બાયડીઓ તો રોવા કુટવામાં લહાવો સમજે છે, નાતમાં કોઈ મરી ગયાની વાત આવી કે બાર પાદશાહી ?

એ બહેનો.

**બાર બંદરનાં પાણી પીધાં છે,** જે ઘણી મુસાફરી કરી પાકો માહિતગાર, બુદ્ધિશાળી, બહુશ્રુત અને ઘડાઈ ઘડાઈને હોંશિયાર થયો હોય તેને વિષે બોલતાં વપરાય છે.

**બાર બાપની રેજા,** કોઈ કામ એવું હોય કે જેમાં બધાજ હુકમ કરનાર હોય અને સાંભળનાર કે કરનાર કોઈ ન હોય ત્યારે બાર બાપની રેજા ભરાઈ છે એમ કહેવાય છે. મરાઠીમાં એજ અર્થમાં 'બાર ભાઈની ખેતી' બોલાય છે.

**બાર મણની બાજરી,** (રૂપીઆની બાર મણના ભાવની બાજરી મળવાથી વધારે મહેનત મજુરી કરી રળવાની ચિંતા રહેતી નથી તે ઉપરથી) નિશ્ચિંતપણું; ઉચાટ વગરની સ્થિતિ; નિરાંત; મઝા; સુખચેન. ( એને તો બાર મણની બાજરી છે.)

**બાર વરસનો બેઠો છું,** શાસ્ત્રમાં બાર વરસ સુધી નાનું ગણાય છે. ત્યાં સુધીમાં જે સંસ્કાર કરવાના તે કરી નાખવામાં આવેછે. તે ઉપરથી 'હજી નાનો છું' એમ બતાવવાને એમ કહેવામાં આવે છે.

'એમનાં છોકરાંથી મારૂં ઘર શું ઉઘડવાનું હતું ? હજુ તો ગુણસુંદરી બાર વરસનાં બેઠાં છે ? જો બિચારીએ પાપ કર્યું. "

સરસ્વતીચંદ્ર.

**બાર વાગી જવા,** આફત આવી પડવી; પડતી થવી; સુખનો છેડો આવી રહેવો. ( બાર વાગ્યા પછી સૂર્ય આથમતો જાય છે–પડતી દશાને પ્રાપ્ત થતો જાય છે તે ઉપરથી )

'તેને એવો ડર લાગ્યો કે–હવે આગળ જતાં શું થશે તે પ્રભુ જાણે; કદાચ આ પ્રસંગે આપણા પણ બાર વાગી જશે.'

અરેબિયનનાઈટ્સ.

" વજીર સમજી ગયો કે આપણા તો બાર વાગ્યા છે તો પણ ઉપર ચઢયો, જ્યારે ડોકીઉં કરી જોયું ત્યારે ત્રણ જણને બોલતાં જોયા, બાપડો વજીર તો આથી જીવ જવાની ધાસ્તીથી ધ્રુજવા લાગ્યો. "

અરેબિયનનાઇટ્સ.

**બારનું ચોથ,** શું આવડે છે એને બારનું ચોથ, મતલબ કે કાંઈ આવડતું નથી.

**બારમો ચંદ્રમા,** કજીઓ; વિરૂદ્ધતા; વાંધો; ઘણોજ ધિક્કાર, અણબનાવ. 'મારે ને તેને બારમો ચંદ્રમા છે.' ( જન્મ નક્ષત્ર અથવા દ્વાદશ સ્થાનમાંથી બારમી રાશીમાં પડેલો બૃહસ્પતિ ઘણો ગેરલાભ સૂચવે છે. આ ઉપરથી બારમો બૃહસ્પતિ પણ બોલાય છે.



Gandhi Heritage Portal

**द्वादशेतु शशांकेच,**
**मृत्युरेवन संशयः**

આઠમો રાહુ પણ એવાજ અર્થમાં વપરાય છે.

**બારણાં ઠોકવાં-તોડી પાડવાં,** ચાંપીને ઉઘરાણી કરવી; તગાદો કરવો. (લેણદારે)

"ઘેણુના બાપ અને સસરાની કમાઈ એટલી હોય કે ઘરમાં વરસ દહાડો દાણો ભરવો મુસ્કેલ થઈ પડે અને લેણદાર આવીને રોજ બારણાં ઠોકે;"

સાસુ વહુની લડાઈ.

"માગનારા તોડી પાડે,
મારાં બારણાં જો;
ગાળો દે ને કરે રોજ રે,
તોફાન જો." કાયર.

બાળલગ્ન બત્રીસી.

**બારણે તાળાં દેવાવાં,** સત્યાનાશ જવું; નસંતાન જવું; દેવાઈ જવું; પાછળ રહેનાર કોઈ ન હોવું; નિર્વંશ જવો.

**બારણે દીવો રહેવો,** જ્યારે પાછળ કુળદીપક પુત્રની હયાતી હોય છે ત્યારે એ બોલવામાં આવે છે. વંશ રહેવો.

પુત્રરત્નથી ઘર ઉજળું રહેવું; ઘરની કીર્તિ છતી રહેવી.

"તારે બારણે દીવોય નથી રહેવાનો.'

'માન મોટમ મટ્યો, આયુષ્ય અવશ્ય ઘટ્યો, વંશ વટ્યો, નહિ સાખ દીવો.'

અંગદવિષ્ટિ.

**બારણે બપોર ચઢયા,** જ્યારે કોઈ માણુસ સવારમાં બહુ વાર સુધી પથારીમાં પડી રહ્યો હોય અને ઉઠવાની કાળજી ધરાવતો ન હોય ત્યારે સામો માણુસ કહેશે કે અલ્યા ઉઠને, બારણે બપોર ચઢયાને, ક્યાં સુધી પડી રહીશ?

**બારણે બેસવું,** તગાદા કરવા; ચાંપીને ઉઘરાણી કરવી; જબરદસ્તીથી માગવું; કંઈ માગવું લેવાને ભૂખ્યા તરસ્યા બારણે બેસવું; લાંઘવું; ખોટી રહેવું.

"ભાટ લોકો ઘણું કરીને પોતાના લેણાની ફરિયાદ સરકારમાં કરતા નથી, અને કરે તો પણુ વાણિયા પાસે લેવાનું શું હતું? તેથી તે તેને બારણે બેઠો, અને ત્રણ દિવસ સુધી તેણે અન્નજળ લીધું નહિ ને વાણિયાને અપવાસ કરાવ્યો."

કરણઘેલો.

**બારણે હાથી ઝુલવા,** (પૈસાદારને ઘેર જ હાથી ઝુલે છે તે ઉપરથી) ઘણુંજ શ્રીમંત હોવું; પુષ્કળ ઠાઠમાઠ હોવો.

'એને બારણે તો હાથી ઝુલે છે! આપણે એમના શા વાદ?"

**બારદાન ભારે થવાં,** મિજાજ વધવો. "એનાં બારદાન હાલ ભારે થયાં જણાયછે."

**બારસ નાખવી,** મરી ગયેલાની શ્રાવણીને દહાડે સંબંધીઓ તરફથી જે અપાય છે તેને બારસ નાખવી કહેછે.

**બારસ હોવી,** પહેલા દહાડાનું અપવાસી હોઇ ખાધેલું હોય તેથી શ્રમ થઈ શકે નહિ તે ઉપરથી જે માણુસ કામ કરવાથી કંટાળો ખાતો હોય અથવા જેને અશક્તિ-સુસ્તી કે આળસ થતું હોય તેવાને વિષે બોલતાં વપરાય છે

'કામ કરવાની તો બારશો છે એને.'

**બારસો બેસવી,** (બારસ નાખવામાં આવેછે તે ઉપરથી તેવી દશા પ્રાપ્ત થઈહોય એમ સાધારણ અર્થે) મોકાણ મંડાવી અથવા તેના જેવી દુર્દશા થવી.

'બારસ તો બેસેરે,
બાઈ જ્યારે મળે નહિ;
વારવાર એમ થાયેરે,
રે પતિ પાખે જીવું સહી. ટેક.

ધીરોભકત.

**બારે દરવાજા ખુલ્લા છે,** જેને જેણી તરફ જવું હોય તેને તેણી તરફ જવાની છૂટછે. બ-

Gandhi Heritage Portal

ણું કરીને પ્રાચીન મોટા શહેરના કોટને દરવાજા બાર હોયછે તે પરથી ગમે તે રસ્તે જાઓ, જવા દેવાની ના નથી એવા અર્થમાં બોલાયછે.

**બારે દહાડા ને બત્રીસે ઘડી,** હરહમેશ; દહાડોરાત; નિરંતર.

"કેમ તું હવે ઠઠોલી કરવાની રહેવા દેશે કે નહિ? તને તો આ બારે પહોરને બત્રીસે ઘડી સરખીજ."

દિલ્લીપરહલ્લો.

"ધમકા નણંદ બારે દહાડા જીવશે ને દુઃખ ક્યાં જ કરશે એમ કેમ કહેવાય?"

એ બહેનો.

**બારે ભાગોળો મોકળી,** સઘળે—કોઇપણ રસ્તે જવાની છૂટી; બારે વાટ ખુલ્લી–( સ્વતંત્રતા દર્શાવેછે)

**બારે મહિના ને તેરે કાળ,** આખું વર્ષ; હમેશાં; નિરંતર.

**બારે મેહ વરસવા,** પુષ્કળ કમાણી થવી; સર્વ પ્રકારની રિદ્ધિસિદ્ધિ પ્રાપ્ત થવી. (શાસ્ત્રમાં મેઘબાર વર્ણ્યા છે તે ઉપરથી )

સુખનો–હર્ષનો દહાડો હોય ત્યારે કવિઓ અલંકારમાં એ પ્રમાણે લખેછે. મોતીનો કે દૂધનો વરસાદ વરસ્યો એમ બૈરાં લગ્ન વખતે ગીતમાં ગાયછે. આકાશમાં અપ્સરાઓ નાચેછે, ગંધર્વો ગાન કરેછે, દેવ પુષ્પની વૃષ્ટિ કરેછે વગેરે અલંકાર હર્ષ કે સુખ દર્શાવનારા છે.

**બારેવાટ કરવું,** આડું તેડું ઉડાવી દેવું, અહીં તહીં ગમે ત્યાં વિખેરી નાંખવું; બહોળે હાથે ખરચવું.

**બારેવાટ થઈ જવું,** ઉડી જવું; ખપી જવું.

"જે એ પૈસા તેણે બચાવ્યા હતા તે જ બારેવાટ થઈ ગયા અને અન્નને અને દાંતને વેર પડવા લાગ્યું."

જાતમહેનત.

**બાવન વીર,** સૌને પૂરો પડે તેવો, મહાબળીયો એવો જે કોઈ તે.

'બાવનવીર જેવો બેઠો છું.'

**બાળ બ્રહ્મચારી,** જે પુરૂષ કદી પરણ્યો ન હોય, ને જેણે સ્ત્રીની સોડ જોઈ ન હોય તે (પુરૂષ.) સ્ત્રી સંભોગ ન કરવો એ વ્રત પાળનારો તે. ( મરણ સુધી કે કોઈ કામને અર્થે થોડી વાર પણ.)

**બિંદુનો સિંધુ કરવો,** અતિશયોક્તિથી વધારવું. ( કવિઓમાં ) જીજ બાબતને વધારી તેને મોટી અને અગત્યની કરીને થાપવી.

**બિયાબારૂની પ્રીત,** બિયાબારૂ એટલે બે અને બારનો જોગ. બિયાબારૂ જેમની જેમની વચ્ચે હોય તેમને સારો બનાવ હોય નહિ એ પ્રસિદ્ધજ છે. બે બારને ખાય એવું પંચાંગ જોનારા જોશીઓ કહેછે તે ઉપરથી અણુબનાવ; સામીપ્રીતિ; દ્વેષ.

" તમારે તમારા સ્વામી સાથે બિયાબારૂછે. "

સત્યભામાખ્યાન.

બિયાબારૂની પ્રીત રાખવી અગર બિયાબારૂ રાખવું પણ બોલાય છે,

द्विद्वादशे च दारिद्र्यं
नवमे पंचमे कलिः

શીઘ્રબોધ.

**બિલાડાં આવવાં,** આંખે બહુ મેશ આંજી બિલાડાના જેવો બન્યો હોય તેવાને માટે મશ્કરીમાં એમ બોલાયછે.

**બિલાડી જેવી આંખ,** માંજરી આંખ.

**બિલાડીનું બચોળિયું,** બિલાડી જેમ પોતાના બચ્ચાને મોંમાં ઘાલી અહીંથી તહીં ને તહીંથી અહીં મૂકેછે તેમ કોઈ જે વસ્તુને સાથે ને સાથે રાખી સાચવ્યાં કરતું હોય તે.

'ચાલો કરીએ પથારીઓ, મૂક તારૂં બિલાડીનું બચોળિયું ઠેકાણે.' બ્રહ્મરાક્ષસ.

Gandhi Heritage Portal

**બિલાડું તાણવું–ખેંચવું,** ઊંધું ઘાલી વગર વાંચ્યે કે વગર સમજ્યે કાગળપર બિલાડીના પૂછડા જેવી ગટર પટર ઉતાવળે સહી કરવી.

"બપોરે બુદ્ધિધન આવે ત્યારે રાણો કહાવે કે ચાલતું કરો, હું આવું છું; આખરે આવે તે કાગળપર એ બિલાડાં તાણી આપે. બુદ્ધિધન સૌ જોયાં કરતો."

સરસ્વતિચંદ્ર.

**બી ઉગી નીકળવું,** સારી રીતે ફાયદાકારક નીવડવું; સારેરસ્તે કાંઈ વપરાયાથી લાભ થવો; મહેનત ફળવી; પ્રસાર પામવો; જય થવો; ફતેહ થવી.

**બી બોળવું,** પાયો ઉખેડી નાખવો, નાશ કરવું; સમાપ્તિ આણવી.

**બી રોપવું,** મૂળ ઘાલવું; પાયો નાખવો.

૨. પગ મૂકવો–માંડવો; (જગો કે કામમાં) દાખલ થવું.

**બીકણ બિલાડી,** બિલાડીના જેવું બીકણ; હીચકારૂં; છાતી–હિંમતવિનાનું (માણસ); 'એ એક વડે તો હું સોને ભારે છું પણ તારાજેવા બીકણ બિલાડીસાથે જવું એમને ખોટું લાગે છે."

બ્રહ્મરાક્ષસ.

"ઠીક છે ત્યારે પણ બાપા જાણે ત્યારે?" અહા? આવા બીકણ બિલાડા તો કોઈ ના દીઠા !"

સરસ્વતીચંદ્ર

**બીડનો કુતરો,** જે માણસ પોતે ઉપયોગ ન કરી શકતો હોય તેવી વસ્તુનો ઉપભોગ બીજાને પણ ન કરવા દે એવા માણસને વિષે બોલતાં વપરાય છે. (બીડમાં સુતેલો કુતરો ઢોરને માટે રાખેલા ઘાસની ઈચ્છા કરતો નથી તેમ છતાં કોઈ ઢોર ખાવાને આવતું હોય તો તેને પણ ભસીને ખાતાં અટકાવે છે એ ઈસપનીતિની વાત ઉપરથી આ પ્રયોગ વાપરમાં આવેછે.)

**બીડું ઝડપવું,** કોઈ મુશ્કેલ કામ કરવાનું વચન આપવું; કોઈ સાહસ માથે લેવું; કોઈ સાહસ કામ કરવાનું માથે લેવાની છાતી ચલાવવી.

(પ્રાચીન કાળમાં જ્યારે કોઈ મોટું કામ કોઈ લાયક અને સાહસિકને સોંપવાનું હોય છે ત્યારે રાજા પોતાના સુભટોના સમૂહમાં એક બીડું નાખે છે તે સૂચવેલું કામ કરવાની જેની છાતી હોય અને વચને બંધાતો હોય એવો માણસ તે બીડું ઉપાડી કે ઝડપી લેછે અને પછી ભર સભામાં પોતે એ બીડું ઉડાવી જાય છે તે ઉપરથી)

"તેં નામ સાર્થક મહિપતિ વાહ કીધું; બીડું કુગ્હેમ હણવા ઝટ ઝડપી લીધું; સંતોષ થાય નિરખી સુરને સહુને, શાબાશ છે બહુ મહિપતિરામ તુંને."

નર્મકવિતા.

"આ કામ કઠણ હતું તે કોણ કરે તેનો વિચાર કારભારીઓ કરવા લાગ્યા; રાજાએ મુખ્ય સુભટોને ભેગા કરી પૂછ્યું કે આ પરાક્રમ કરવાનું બીડું કોણ ઝડપે છે? દરેકે કહ્યું કે એ હું માથે લેવાને રાજી છું ને તે કરવામાં મારા પ્રાણ જશે તો કૃતાર્થ થઈશ."

વનરાજ ચાવડો.

**બુચો કારભાર,** સત્તા કે દબદબાવિનાનો કારભાર–અમલ; કંઈ કમાણી કે ઝાઝી પ્રાપ્તિ ન થાય એવો બેઠો રોજગાર; તે ઉપરથી 'બુચોકારભારી' પણ કહેવાય છે. એ ખાલી ઢોંગ કરનાર, ઘેલૈયા અને બડાઈખોર માણસોને વિષે બોલતાં વપરાય છે.

**બુટ્ટી સુંઘાડવી,** અજબ જેવો ગુણ દેખાડી પોતાના તરફનું–મતનું કરવું; આડા અવળા પાટા દઈ–યુક્તિ પ્રયુક્તિથી સમજાવી દેવું.

**બુડકી મારી જવી,** કામની વખતે વચમાંથી નાશી જવું; જરૂરને પ્રસંગે ખશી જવું;

Gandhi Heritage Portal

મેં ન દેખાડવું; અદ્રષ્ય થઈ જવું; છટકી જવું.

**બુડતો પાયો,** પડતી દશાની શરૂઆત; નમતી કમાન.

**બુતાનું મુકવું (માથે),** આળ–તહોમત મૂકવું.

**બુદ્ધાવતાર ધરવો,** વિષ્ણુના દશ અવતારમાંનો જે નવમો તે બુદ્ધાવતાર કહેવાયછે. એ અવતાર કોઈ લીલા કરવાનો નથી પણ લીલા જોયાં કરવાનો છે તે ઉપરથી લાક્ષણિક અર્થે ) ચૂપ રહેવું: અથવા કાંઈ બોલ્યા ચાલ્યા સિવાય શું થાય છે તે જોયાં કરવું.

**બુદ્ધિ ઉજાગર,** ( પ્રાચીન કવિતામાં ) બુદ્ધિશાળી; જાગ્રત બુદ્ધિનું; તેજસ્વી; તીક્ષ્ણ બુદ્ધિનું.

**બુદ્ધિ ફરી જવી,** અક્કલ ઊંધી થઈ જવી; જોઈએ તે રસ્તે બુદ્ધિનો ઉપયોગ ન થવો; અવળી બુદ્ધિ થવી.

**બુદ્ધિની ખાઇ,** સંપૂર્ણ બેવકુફ–મૂર્ખ; બેવકુફનો સરદાર. ( વાંકામાં )

**બુદ્ધિનો આગળો,** જુઓ 'અક્કલનો આગળો.' (વાંકામાં )

**બુદ્ધિનો સાગર**—ભંડાર, ઘણોજ ડાહ્યો અને બુદ્ધિશાળી માણસ, પણ ( વાંકામાં ) ઘણોજ મૂર્ખ માણસને વિષે બોલતાં વપરાય છે.

" કુવાડે અંગને માંડિયું કાપવા;
તોય બોલ્યા નહિ બુદ્ધિના સાગરા. "

ભોજો ભક્ત.

**બુલું છટકી જવું,** ધારતીનું માર્યું ગભરાઇ જવું; ડરી જવું; પોતીયાં છુટી જવાં.

**બે આંગળ ચઢે એવું,** સ્પર્ધા—મમત–મદ વગેરેમાં ચઢે એવું–ચઢીઆતું; સારી નરસી બંને બાબતમાં વપરાય છે. ' રામલાલ, હીરાલાલ કરતાં બે આંગળ ચઢે એવો છે, '

**બે આંગળ ભરીને કાપી લઇશ,** (નાક) ટેક ઉતારીશ; શોભા—આબરૂ ઓછી કરીશ.

૨. (જીભ,) બોલતો બંધ કરીશ, એમ બહુ લાંબી જીભવાળાને વિષે બોલતાં ધમકી તરીકે વપરાય છે.

" બહુ બોલીશ તો બે આંગળ ભરીને જીભ જ કાપી લેઇશ- "

**બે આંગળ સ્વર્ગ બાકી છે,** ખુશીમાં આવી જવાથી–હરખથી ફુલાઈ જવાથી હલકું ફુલ બની જઈ મન હવામાં ઊંચામાંઊંચું એટલું તો ગગન ઉપર જઈને રમે છે કે જાણે તેને તે વેળા સ્વર્ગ બે આંગળ બાકી રહી ગયું હોય એમ લાગે છે, તે ઉપરથી 'તેને હવે બે આંગળ સ્વર્ગ બાકી રહ્યું છે' એમ સ્વર્ગના સુખનો દહાડો પાસે આવ્યો હોયની એમ માનનાર અતિશય મગરૂર–ગર્વિષ્ટ માણસના વિષે બોલતાં વપરાય છે.

**બે કાન વચ્ચે માથું કરીશ,** નાનાં બાળકને ધમકી આપતાં એ બોલાય છે.

" આઘો રહે અહીંથી ? એમ કેમ કરે છે તે ? અલ્યા વસંતક, એના બે કાન વચ્ચે માથું કર, જા એને પકડી પેલી મંકોડાની કોઠીમાં નાખી આવ. "

તપત્યાખ્યાન.

**બેકી જવું,** ઝાડે ફરવા જવું–(છોકરાઓ ઝાડે ફરવાની રજા માગતાં બે આંગળીઓ મહેતાજીને બતાવે છે તે ઉપરથી )

**બે ઘડીનો પરોણો,** થોડી વારમાં આ ફાની જગત્ છોડીને ચાલ્યા જનાર–મરી જનાર માણસને વિષે બોલતાં વપરાય છે.

" હવે એ આ જગતનો બે ઘડિકાનો જ પ્રાધૂર્ણ છે. "

પાંચાળી પ્રસન્નાખ્યાન.

( મરનાર માણસ હવે થોડા વખત જીવવાનો છે એમ ધારી તેના સંબંધીઓ

Gandhi Heritage Portal

તેને થોડા વખતના પરોણા તરીકે સમજી તેની સારી સેવાચાકરી કરે છે અને તેના પર મમતા રાખે છે તે ઉપરથી )

**બે જીવવાળી,** ( એક પોતાનો અને બીજો ગર્ભનો એમ મળીને બે તે ઉપરથી ) ગર્ભવંતી; ગરોદર; ગર્ભિણી; દહાડાવાળી. ( સ્ત્રી )

**બે તરફની ઢોલકી વગાડવી, ઢોલકી વગાડવી** જુઓ.

**બે દાણા અક્કલ નથી,** મતલબ કે અક્કલ બધી વેરાઇ ગઈ છે—જરાપણ અક્કલ નથી. 'બે દાણા નથી' એમ એકલું પણ વપરાય છે.

"બે દાણા તો છે નહિ ને શિખામણ દેવા આવ્યા !"

ભામિની ભૂષણ

**બે ધારની તરવારે રમવું,** બંને તરફથી ઢોલકી બજાવવી; બંને પક્ષ તરફ ઢળી પડવું.

"બરોબર; પણ એના ચાળા સરત રાખજે, એની સાથે એવું ને આપણી સાથે આપણું માણસ થાય. બે ધારની તરવારે રમે એવો એનો હાલ ઘાટ છે."

સરસ્વતીચંદ્ર.

**બે પેટ કરવાં,** ખુબ–હદ ઉપરાંત જમવું; ( બે પેટ–બે માણસ ધરાય એટલું ખાવું તે ઉપરથી. )

"ધાણુધાર મુલકના જડભરત જેવા કણબીએ તેવી રસોઈ સ્વપ્ને પણ જોયેલી નહિ તેથી અચ્છો તડાકો માર્યો; બે પેટ કરીને જમ્યો તે છેવટ તૃપ્ત થઈ ઉઠયો."

કૌતુકમાળા.

**બે બાપનું,** છીનાળના પેટનું.

"સાચો છઉં સાચો છઉં, જૂઠું બોલું તો બે બાપનોરે."

( દયારામ )

**બે ભાગ થવા,** હરિફાઈમાં જીતી જવું; બળથી કે કળથી બમણું લેવું—કમાવું.

'જે વખતે હરામીના બે ભાગ થાય, ત્યારે ગરીબોનો મરો જ થાય, તેથી આવા ગરીબ નબળા લોકોએ શહેર છોડી પરદેશમાં વસવાનો નિશ્ચય કીધો."

કરણઘેલો.

**બે માથાં હોવાં,** માથામાં ખુબ પવન ભરાવો. ગર્વિષ્ટ અને મગરૂર માણસને વિષે બોલતાં વપરાય છે.

"કોણ છે એ કુમારને રડાવનાર ? શું તે બે માથાં ધરાવે છે?"

તપત્યાખ્યાન.

**બે મોઢાં છે કે શું ?,** આપેલું વચન ન પાળનાર અથવા બોલેલું ફેરવી નાખનાર માણસને વિષે બોલતાં વપરાય છે.

**બે હાથે પાઘડી ઝાલીને હીંડવું,** વિચારી વિચારીને–સાવધ રહી વર્તવું; કાંઈ હલ્લો હરકત ન પહોંચે એવી રીતે જાળવીને ચાલવું.

**બે હાથ જોડવા,** વીનવવું; આજીજી કરવી; કાલાવાલા કરવા.

**બે હાથે જમવું,** સારી પેઠે કમાવું; સારી પ્રાપ્તિ કરવી.

**બે હાથે પેટ બતાવવું,** ભૂખ લાગી છે એમ જણાવવું. ( સંકેત )

"કેટલીક વાર તો તેઓને પણ કડાકા ખેંચવા પડે છે. એવે વખતે તેઓ પોતાના લેણદાર પાસે જઈ બે હાથે પેટ બતાવી થોડુંઘણું અનાજ આપવાને અરજ કરે છે."

( દે. કા. ૭ )

**બેઠાં બેઠાં ખાવું,** રોજગાર વિના ઘરમાંથી કાઢી અથવા કોઈની મદદથી ગુજારો કરવો; ઉદ્યોગ વિના હોય તે ખાયાં કરવું.

૨. નિરાંતે ખાવું.

Gandhi Heritage Portal

**બેઠા થવું,** સાજા થવું. ( મંદવાડમાંથી )
" મનજી શેઠ મંદવાડમાંથી બેઠા થયા."
કુંવારી કન્યા.

**બેઠાની ડાળ કાપવી,** જે વસ્તુ ખરી ઉતાવળને અને જરૂરિયાત કામે લેવાતી હોય અથવા જેના ઉપર પોતાની સ્થિતિ નભતી હોય એવી આધારભુત વસ્તુ ખંડિત કરવી અથવા એવા માણસનો ઉચ્છેદ કરવો.

"ભલા માણસ, મેં તો થાપણ મૂકી છે; એમાં શું ખાધું પીધું છે? કોઈ ઉતાવળના વખતમાં અમારા જેવાના ઘરખુણીઆના રૂપિયા કામે લાગતા તે હવે બેઠાની ડાળ શા માટે કાપે છે? અમને ગરીબને તો આપ."

કૌતુકમાળા.

**બેઠી હાંકવી-ચલાવવી,** ઠંડી મશ્કરી કરવી, અથવા નિરાંત ધરી ગમ્મત ખાતર મશ્કરીના રૂપમાં બોલવું.

**બેઠું પાણી ચલાવવું,** પાયા-આધાર વિનાની ડફાંસ હાંકવી.

૨. કોઇ ન જાણે એમ અશક્ય બાબતની પણ સિદ્ધિ કરનાર પહોંચેલા માણસ ને વિષે બોલતાં વપરાય છે.

**બેઠો હાથી,** ઘેરબેઠાં પોતાનું ગુજરાન નિભાવનારો; કંઇ પણ મહેનત કે ધંધો કર્યા સિવાય જેનું ભરણપોષણ થયાં કરતું હોય તે.

" શેઠની ખરી સ્થિતિ બહારના લોકના જાણવામાં ક્યાથી હોય? ભાગ્યું ભાગ્યું તોએ ભરૂચ, આખર બેઠો હાથી છે, એટલે પેઢિયોગત જેમને ઘેર કારભારું રહેલું તેમને ત્યાં છેકજ આવી રહ્યું હશે એવું લોકોના માનવામાં પણ ક્યાંથી આવે?"

બે બહેનો.

**બેડસી મારવી,** બડાઈ હાંકવી; પતરાજી કરવી.

" ડાહ્યાભાઈને નાત જાતના કામની ગતાગમ નહોતી, તેમ તેને એવી નાતો ગમતી પણ નહોતી, પોતાની બેડસી મારવી તેને પસંદ નહોતી; વિદ્યાકળાદિ કે રાજક્રિયવાતોથી પારેખ કેવળ અજાણ એટલે તેને ભેંસના મોઢા આગળ ભાગવત જેવું થઈ રહ્યું."

બે બહેનો

**બેડીએ હાંકવું,** એક બળદને બીજા બળદની સાથે સવારથી સાંજ સુધી (બદલ્યા સિવાય) હાંકવો તેને બેડીએ હાંકયો કહેછે અને એવા બળદને બેડીએ હાંકયા બળદ કહેછે.

**બેડાપાર,** ( બેડા-વહાણ ) વિજય; ફતેહ; ડંકો; સિદ્ધિ; જશ મળે તેવી રીતે કોઇ કામ પારપડવું તે.

' જ્યારે ડોશીને ઘેર પાછી આવતી દીઠી ત્યારે એ વાત પરથી અલ્લાદિને અનુમાન કીધું કે બેડાપાર છે, એક તો એ હતું કે તે જલદી પાછી ફરી અને બીજું તેનું મ્હોં હસતું હતું.'

અરેબિયનનાઇટ્સ.

**બેડો પાર કરવો** એટલે હેતુ સાધવો; ધારેલો અર્થ પારપાડવો. ( જોખમ બેડીને પણ )

**બેડા વાળવો,** છેડો ખોસવો. ( પ્રાચીન કવિતામાં. )

" સંભાળી છેડો, વાળી બેડો, વળે ગુરૂપાદ.—"

દ્રૌપદીહરણ.

**બેતાળાં આવવાં,** ચશ્માં આવવાં; ઉમરમાં આવવાથી દ્રષ્ટિ બાદલી થવી. (બેતાળીસમે વર્ષે ચશ્માં ઘાલવાની જરૂર પડેછે તે ઉપરથી)

**બેવકૂફનો ગોર-પાદશાહ-સરદાર,** ઘણોજ મૂર્ખ; મૂર્ખનો હિમાયતી.

' હવે કેમ કરવું વારૂ? એટલું બોલી તે બેવકૂફનોગોર ચિંતાક્રાંત થઈ બેઠો,'

અરેબિયનનાઇટ્સ.

Gandhi Heritage Portal

**બેવડી પાંસળીનું**, મજબૂત બાંધાનું; જાડું; માંસમય. **બેવડા કોઠાનું** પણ બોલાય છે.

**બેસક પડવું**, રોગને લીધે ઢોરથી ઊભાં ન થવાવું.

**બેસક બેસવું**, ન ઊભાં થવાય એવી રીતે બેસવું. ( અશક્તિથી )

૨. નુકસાન ખમવું–થવું.

'એની તો **બેસક બેઠી** અથવા એને ત્યાં **બેસક બેઠી** એમ બોલાય છે.

**બેસતાં શીખવું**, ચીકણી ભોંયપર પગ ન ઠરતાં સરકી જવો ( હસવામાં. ) લપસી પડવું.

**બેસતું ઉઠતું**, આવતું જતું ( પ્રીતને અંગે.)

' રાણિજી ગુજરાતથી આવ્યા પછી મેના કંઈ તમારી પાસે બેસતી ઉઠતી જણાતી નથી.'

**બેસતો પાચો**, મેળ; બનાવ; બનતી રાશ; પાટાની પેઠે જુક્તિબંધ બરાબર એકમેકના વિચાર લાગુ પડવા તે.

'મારે ને એને તો બેસતો પાટો નથી આવતો.'

**બેસવા જવું**, મરનારનાં સગાંને ત્યાં શોક કરવા જવું; ઉઠમણે જવું.

૨. નાત જમતી હોય ત્યાં પાટે બેસવા જવું.

**બેસવાની ડાળ તોડવી**, જેને જે વડે ગુજરાન ચાલતું હોય અથવા જે આધાર હોય તેજ મૂર્ખાઈથી હાથે કરીને ગુમાવી નાખવો. (એક ગામડીઓ ઝાડ ઉપર ચઢીને જે ડાળીએ બેઠો હતો તેજ ડાળી કાપતો હતો, પણ એનામાં એટલી સમજ નહોતી કે એમ કરવાથી હું જાતે જ પડી જઈશ અને મને વાગશે! એ ઉપરથી )"આપનો તો મને મોટો આશ્રય છે, અને એવી નિમકહરામી કરી બેસવાની ડાળ તોડું એવો નીચ નથી."

મણિમોહન

**બેસામણ પડવું**, બેસક પડવું.

**બેસી જવું**, જીંદગીની છેક પડતી દશામાં આવવું. તેથી ઉલટું 'ઊંચું આવવું.'

૨. દેવાળું કાઢવું ( વેપારમાં; ) ખોટ ખાવી.

૩, ભૂખથી ( પેટ )

૪. ( ઘર ) નસંતાન જવું; નખોદ જવું; ઘર પડી ભાગવું.

૫. ( દુકાન ) કમાણી ન ચાલવી.

૬. મળી જવું. ( ડાચાં–ગાલ )

**બેસીને સુવું**, જોઈ વિચારીને ચાલવું વર્તવું કે જેથી પાછળથી પસ્તાવું ન પડે.

'બેસીને સુઇએ તો ઉથલી ન પડીએ' એ કહેવત છે.

**બૈયો બેસવો**, રડવા સારૂ બૈરીઓ આવીને બેસે એવી ખરાબી થવી; મોકાણ મંડાવી; મોટું નુકસાન થવું; દુર્દશા થવી.

( લાક્ષણિક )

૨. અશક્તિ હોવી. 'કામ કરવાની તો બૈયો છે' એમ કહેવાય છે.

**બૈરક શાસ્ત્ર**, ( બૈરાંનું જૂદું જ શાસ્ત્ર ) ખરાં પ્રચલિત શાસ્ત્ર નહિ પણ બૈરાં વહેમ અથવા રૂઢિમાં તણાઇને જે નિયમ લઈ બેઠાં હોય તે.

**બોકડાને મોતે મરવું**, બકરાની પેઠે હલકી રીતે તરત મરી જવું; અસદ્ગતિ થવી.

"શું કરવા માથું ધુણાવે છે ? સમજ નાજુકડી ? બોકડાને મોતે મારી જઈશ."

( બોકડા—બકરાને મરતાં વાર નથી લાગતી; કેમકે પ્રથમ દેવી આગળ બકરાંનો ભોગ આપવામાં આવતો હતો. તેથી જે બકરૂં નજરે પડતું તેને પકડી લાવી તેનો અંત આણવામાં આવતો તે ઉપરથી )

**બોચી પર કાંકરો**, ઘણા સખત અમલ તળે રહેવું તે.

Gandhi Heritage Portal

'ઓચીપર કાંકરો મૂકીને કામ કરવું પડે છે.'

(ગામઠી નિશાળમાં ઓચીપર કાંકરો મૂકી ગુન્હેગારને શિક્ષા કરવાની એક રીત હતી. છોકરાને અંગુઠા પકડાવવામાં આવતા અને તેની ઓચીપર કાંકરો મૂકાવવામાં આવતો. એ કાંકરો તેના હાલવા ચાલવાથી કદાચ ખસી જાય તો તેને સોટીથી સજા કરવામાં આવતી, તે ઉપરથી)

**ઓચી પર બેસવું,** આગ્રહ કરી માગવું; ચાંપીને કામ લેવું; ઉપરીપણું રાખી હાથ નીચેના માણસો પાસેથી બરાબર કામ લેવું; કામનો તગાદો કરવો.

**ઓબડી વધવી,** જીભ વધવી; હદ ઉપરાંત બોલવાની છુટ થવી.

'હા, હા, એક વાર તો શું પણ હજાર વાર કહીશ પછી? હમણાં હમણાં તારી ઓબડી બહુ વધી છે. મને તો એમ લાગે છે કે તને જોડે જોડે તાલ પાડીને પાંસરી કરવી."

**ઓરકુટો કરવો,–વાળવો,** ખોખરૂં કરવું, સારી પેઠે માર મારી નરમ કરી નાખવું. બોરની પેઠે કૂટી નાખવું; સંહાર કરવો.

"સાંભળજો બચ્ચા, ફકીર તો હાથમાં આવશે ત્યારે, પણ હાલ પહેલાં તો તમારો જ ઓરકૂટો કરીશું"

સાસુવહુની લઢાઈ.

**ઓરડી ખંખેરવી,** માર મારવો; ઝાપટવું.

"રાજાઓ પણ એવીજ રીત રાખતા કે નોકરી છોડતી વખત કારભારીનો દંડ કરી ઓરડી ખંખેરવાને પણ ચૂકતા નહિ."

કૌતુકમાળા.

૨. ઠપકો દેવો; ધમકાવવું; સપડાવવું.

૩. બળાત્કારે કોઇની પાસેથી કંઈ પડાવી લેવું. (માલમતા વગેરે.); ખંખેરીને સાફ કરવું.

**ઓરડી ઝુડવી,** ઓરડી ઝુડે છે તેમ ઝુડવું, ખૂબ સખત માર મારવો; ખૂબ ઠોકવું.

**ઓરનું ડીંટ,** બીનઆવડત કે બીનવાકેફગારીના સંબંધમાં બોલાય છે.

**બોલ મારવો,** મહેણું મારવું; વક્ર વચન કહેવાં. (હૃદય વિંધાઈ જાય એવાં)

**બોલતો ચાલતો,** તંદુરસ્ત; સાજોતાજો; આરોગ્ય. 'તે બોલતો ચાલતો મરી ગયો.'

**બોલમાં બોલ નથી,** બોલમાં કાંઈ સચારથ કે ઢંગ ધડો નથી; બોલેલા બોલમાં સચ્ચાઈ, ખરાપણું, પ્રમાણિકપણું ને ઈમાનદારી નથી.

**બોલાવ્યું બોલ દે એવું,** જરૂરને પ્રસંગે ખરા ઉપયોગમાં આવે એવું; અડીને પ્રસંગે ઘણા કામમાં આવે એવું; ઘણી જ જરૂરમાં મદદ કરે એવું—જવાબ દે એવું.

'ઘરેણાં કોઈ દહાડો બોલાવ્યાં બોલ દે માટે તેમને વેચવાં નહિ.'

**બોલ્યા સામું જોવું,** કોઈ કંઈ અજુકતું બોલી ગયું હોય તો તેથી દુઃખ લગાડવું અથવા ગુસ્સો કરવો.

"દયાળદાસના બોલ્યા સામું લાડકોર કદી જોતી નહિ."

બે બહેનો.

**બોલે બંધ નથી,** બોલવામાં દ્રઢ નિશ્ચય નથી; વારેઘડીએ-વખતોવખત બોલેલું ફેરવી નાખે છે.

**બોલે બોલે મોતી ખરવાં,** બોલે બોલ મોતી જેવા અમૂલ્ય ગણી ઝડપી લેવા. (શબ્દોના માધૂર્યથી કે અજબ જેવા ગુણથી)

"કુમુદસુંદરી તો કાંક અલૌકિક કામનો જ અવતાર; જ્યાં જાય ત્યાં એને પગલે પગલે લક્ષ્મી અને એને બોલે બોલે મોતી ખરે! ભાઈ? એ તો સાક્ષાત્ જગદંબા જ.

સરસ્વતીચંદ્ર.

**બોળ ઘાલવો,** બોલી બોલીને થાકી જવું; બોલીને પેટ દુઃખાડવું.



Gandhi Heritage Portal

( પેટ સૂજી જાય છે ત્યારે બોળ લગાડવાની જરૂર પડે છે તે ઉપરથી )

**બોળ ફેરવવો,** નકામું કરી મેલવું; કામ બગાડી નાખવું; રદ કરવું.

**બ્રહ્મ અક્ષર,** બિનઆવડતવાળા માણસના સંબંધમાં બોલાય છે. જેમકે,

'તેને બ્રહ્મઅક્ષરે આવડતો નથી.'

**બ્રહ્મ સૂત્રની ગાંઠ,** લગ્ન–નસીબ દૈવીએ બાંધેલી ગાંઠ, મજબૂત ગાંઠ.

**બ્રહ્માના લેખ,** ટાળ્યા ન ટળે એવા વિધાતાના લેખ.

**બ્રહ્માનો બુટ્ટો,** "બ્રહ્માને પાંચ માથાં હતાં પણ રૂદ્રે તેમાંથી એક કાપી નાખ્યું હતું. એ ચાર મોઢેથી નિરંતર ચારે વેદ એ ભણ્યાં કરેછે. એ ઉત્પત્તિ દેવ ગણાય છે. જેને કોઈ વિષયની શરૂઆતની પણ માહિતી હોતી નથી તેને વિષે બોલતાં વપરાયછે કે બ્રહ્માનો બુટ્ટોતો જાણતો નથી!"

**બ્રહ્માંડની આશા,** બ્રહ્માંડ જેવી મોટી અને કદી જ હાથ ન લાગે તેવી આશા.

**બ્રહ્માંડનો દહાડો,** ઘણો જ લાંબો અને કંટાળા ભરેલો દહાડો.

## ભ

**ભગત હોવો ( રૂપિયો, )** ખોટો–ગાબડીદાર હોવો ( વાંકામાં. )

**ભગલ ભાવાર્થી,** ( બગલું+ભાવાર્થી ) અંદર કંઇ ને બહાર દેખાડે કંઈ એવું ઢોંગી માણસ; બગભગત; ઉપર ઉપરથી ડોળ દેખાડી સ્વાર્થ સાધી લેનારૂં; કપટી માણસ.

**ભગવાં કરવાં,** ( સંન્યાસી લોકો ભગવાં ધારણ કરેછે તે ઉપરથી ) સંન્યાસી થવું; સંસાર ત્યાગ કરવો. **ભગવું લેવું** પણ બોલાયછે.

**ભગીરથ પ્રયત્ન,** (સગર રાજાના એક વંશજ ભગીરથ એણે પોતાના પૂર્વજોનો ઉદ્ધાર કરવા સારૂ તપશ્ચર્યા કરીને ગંગાને સ્વર્ગમાંથી મૃત્યુ લોકમાં આણ્યાં તે ઉપરથી ) ઘણાજ મોટા અને આશ્ચર્યજનક પ્રયત્ન અથવા ઉદ્યોગને વિષે બોલતાં વપરાયછે.

**ભડ વેરાઈ જવી,** ( ભડ=કોશના વરતની ખીલી. કોશ અરધે કુવે આવ્યો હોય ને ભડ નીકળી જાય તો કોશને વરત બધું કુવામાં પડે તે ઉપરથી ) ભોપાળું નીકળવું; પોગળ વેરાઈ જવું; જે ભારેભાર ચાલતો હોય તે ઉઘાડો પડી જવો.

**ભડકો ઉઠવો,** દિલગીરીના જોસ્સાથી દુઃખ થવું.

'અંતરમાં ભડકા ઉઠે છે.'

૨, ભડકો ઉઠી બળી જવું; વ્યર્થ જવું; નિરર્થક જવું; નહિ જેવું થવું; ( ધિક્કારમાં )

'ભડકો ઉઠ્યો એના ભણતરમાં'

**ભડે બેસવું,** પડી ભાગવું; વણસવું; પડતી દશામાં આવવું. તે ભડે બેઠો અથવા તે બિચારાનું ભડે બેઠું એમ બોલાયછે.

"પણ એવું કોઈ નથી કે તજાએ,
જે જુવાનીનું જાગે જોર,
જુવાની કે દીવાની કહે સહુ,
તોડી નાખે તાજાનો તોર,
મોર માર્યો ભાખેગ,
કવિ નરભેરામ.

૨, દેવાળું કાઢવું.

૩. નસંતાન જવું. 'ઘર ભડે બેઠું.'

૪. કમાણી ન ચાલવી. 'રોજી ભડે બેઠી'

**ભણાવી મૂકવું,** ચેતવણી આપવી; સમજાવીને પાકું કરવું; ઈસારો કરવો; સલાહ આપી સાવધાન રાખવું.

"બિહારીલાલને આગળથી ભણાવી મૂકયો હતો તે પ્રમાણે કાપુરને જોતાંજ તે-

Gandhi Heritage Portal

ણે પાઘડી માથા ઉપરથી ફેંકી દીધી, અને લાંબો થઇ પગે લાગીને રડયો.”

કરણઘેલો

**ભણી જવું,** છાનુંમાનું લઈજવું; ચોરીજવું.

**ભણીભણીને પાટલા ફાડયા,** ભણતાં ન આવડે પણ ઉલટું બગાડવું; નુકસાન કરવું. ( પ્રથમના વખતમાં પાટલા ઉપર ભણતર ચાલતું હતું તે ઉપરથી )

**ભદ્દર કરાવવું, भद्राकरण** ઉપરથી. ભદ્ર એ સારૂં એવો અર્થ આપેછે. હજામત કરાવવાથી મોઢું સાફ ને દીપતું થાયછે તેઉપરથી ભદ્રકરાવ્યું એનો અર્થ એવો થાયછે કે હજામત કરાવી, માથાના વાળ કઢાવી નખાવ્યા; પણ હાલ તોનવરાને આળસુ માણસને મ્હેણું મારવું હોયતો ‘જા ભદ્દર કરાવ ’ એમ ભૂંડો અર્થ પેદા કરાવેછે.

**ભભકી દેવી,** કનકવાની દોરી એકદમ છોડી દેવી.

**ભભૂતિ ચોળાવવી,** ધનમાલ વિનાનું કરી મેલવું; ભીખ માગતું કરવું; કોઈનું સર્વસ્વ લઇ લેવું કે હરી લેવું. (ભીખ માગનાર ભભૂતી ચોળે છે તે ઉપરથી )

**ભમતું ભૂત, ભટકતું ભૂત જુઓ.**

**ભમપાંચશેરી કરવી,** બંબ બજાવવો; ગુમ માર મારવો.

“ જે વાણિયા સાથે વાંધો પડયો હતો તે તો એટલી રીસે બળી રહ્યો હતો કે તેણે કપડામાં પાંચશેરી નાખી સિપાઈના વાંસાપર ભમપાંચશેરી કરવા માંડી. ”

કૌતુકમાળા

**ભમરડો,** મૂર્ખ; જડસો; ભમરડા જેવું; કંઈ ન આવડતું હોય તેવું. **ગોળ ભમરડા જેવું** એટલે મીડું; રદ; બાતલ.

**ભમરો ભૂસાવો,** ( ભમરો–**भ्रमर** ) કપાળમાં ભ્રમર ઉપર જે સુખના લેખ લખેલા હોય તે ભુંસાઈ જવા તે ઉપરથી. નશીબ ફૂટી જવું; દુર્દૈવ થવું ( ઘણુંખરૂં સ્ત્રીઓનું ) માણસનો નાશ થવો; ઘર ઉખડી જવું; માઠું થવું.

” તારા ઘરનો ભમરો ભૂસી,
હોળી વાળી મોટી,
હવે આવીને હમેશ મારા,
કપાળમાં તું ચોટી. ”

કવિ દલપતરામ.

“ ભાળો ભાળો ભમર ભૂસતાં, આશ જીવ્યાની ટાળો. ”

દ્રૌપદીહરણ.

**ભયો કરવો,** ( નાથદ્વારમાં ભયો કરાવે છે તે ઉપરથી ) ભયો કરવા જેવું મોટું પરાક્રમ કરવું; બહાદુરી મારવી.

**ભર દોરીએ જવું,** ઘણી દોરી સાથે કનકવાનું તુટીને કે કપાઇને હવામાં એમને એમ ચાલ્યાં જવું.

૨. છેલ્લા દહાડા જતા હોય તેવી સ્થિતિમાં જવું; ભારે છેડે જવું. (ગર્ભિણી સ્ત્રીએ )

૩. આબરૂભેર મરી જવું.

**ભરવાડી તાણવી,** સૂઈ જવું.

**ભરાવી મારવું,** ભંભેરવું.

**ભરી પીવું,** (કજીઓ પત્યા પછી મેળાપ કરતી વખતે પ્યાલો ભરીને અરસપરસ પ્યાલો પાવા પિવાનો રિવાજ છે તે ઉપરથી )મળી જવું; ઐકયતા બાંધવી. ( વિચાર મૈત્રિ વિગેરેમાં)

“ ભલમનસાઈની રીતે થાય એટલું કરવું એની ના નથી, પણ એથી વધારે નરમાશ રાખવી હોય તે તે વાત મારી પાસે ન કરવી, તમે તેમની સાથે ભરી પીજો; આપણે આપણી વાત લાવો. બોલો શું કરવું ધાર્યું ? ”

સરસ્વતીચંદ્ર.

૨. સહન કરવું; ખામોશ ધરવી.

**ભલાભલી પૃથ્વી,** મોટાં મોટાં યશસ્વી માણસો હોય તેવી.

Gandhi Heritage Portal

" એ મુસાફર સ્વદેશમાં જઇને આ દેશ વિષે ફાવે તેટલી અતિશયોક્તિ ભરેલી વાતો કહેતા. તેઓ હેરતમંદ થઈ કહેતા કે 'હોય ભલા ભલી પૃથ્વી પડી છે"

વીરાધીરાની વાર્તા.

" ગૂજરાતની આવડી મોટી વસ્તીમાં, પછી શું ગૂજરાત કે મુંબાઈ, એવા નર તો થોડાજ પેદા થયા હશે ? તથાપિ ભલા ભલી પૃથ્વી છે."

પુસ્તકમાળા.

**ભલી ભૂંડી ઉકેલવી,** સારી કે નરસી વાતની ચરચા કરવી; ટીકા કરવી. (નિંદાના રૂપમાં)

**ભલો ધનેત્તર,** (ધનવન્તર ઉપરથી ધનેતર.) ગમે તેવો મોટો. (તન-મન-ધનબળથી)

**ભવાઈ થવી,** ફજેતીનો ખેલ થવો; વગોણું થવું; કોઈની નઠારી ચાલથી લોકને હસવું થવું; બેઆબરૂ થવી.

**ભવિષ્ય થવું,** મરી જવું; ગુજરી જવું. (કાઠિયાવાડમાં)

**ભાંગરો વાટવો,** છૂપી વાત ખુલ્લી કરવી. ભાંગરો એ એક જાતની વનસ્પતિ છે, તે જેમ વટાય તેમ ગંધાય છે તે ઉપરથી)

**ભા પાસે જવું,** ભા ભેગા થવું; મરી જવું. 'ગયો મારા ભા પાસે.

**ભાઈ બાપા કરવા,** (ભાઈ, બાપુ એવા શબ્દો વાપરવા, તે ઉપરથી) નરમાશથી કહેવું; પટાવીને કામ લેવું.

હવે શું કરવા બેસે છે ? ના જઇશની ? તું કાંઇ ભાઈ બાપા કર્યે જવાનો છે ? તું તો ભુંડે હાલે ભ્રષ્ટ થઇને જઈશ."

બ્રહ્મરાક્ષસ

"એ ચાળા હવે હું નથી સાંખવાની? કોણ બોલે, કોણ બોલે એમ કરી હું અત્યાર સઘી ભાઈ બાપા કરતી હતી પણ હવે-"

વીરમતી નાટક.

**ભાગ્ય ઉઘડવું,** ભાગ્યનો ઉદય થવો.

**ભાગ્ય ફરવું,** (સારામાં) સુખની પ્રાપ્તિ થવી. તેથી ઉલટું-'ભાગ્ય ફુટવું' એટલે અવદશા થવી. 'ભાગ્ય ફરી વળવું' એટલે ભાગ્યપર પાણી ફરી વળવું; એ પ્રયોગ નરસામાંજ વપરાય છે-જેમ.

" વિદ્યાચતુરભાઈનાં છોરૂ ઉપર હાથ ઉપાડનારનું ભાગ્ય ફરી વળ્યું જાણવું."

સરસ્વતીચંદ્ર.

**ભાગ્ય ફરવું,** ભાગ્યોદય થવો: નસીબ ઉઘડવું; સુખની પ્રાપ્તિ થવી.

**ભાગલા પગ,** નાઉમેદી; નિરાશા; નિરૂત્સાહ; આશા ભંગ થઈ હોય તો સ્થિતિ.

" સૌનો ઉમંગ ભાગી ગયો, અને ભાગલે પગે પાછા ઘેર જવું કર્યું."

બ્રહ્મરાક્ષસ.

**ભાગલાં હાડકાં,** હરામ હાડકાં; કામ કરવું પડે એ જેને માથાનો ઘા થઈ પડે એવા આળસુને વિષે બોલતાં વપરાય છે.

**ભાગી જવું,** નાસી જવું. (કાઠિયાવાડ તરફ)

**ભાગોળે જવું,** ઝાડે ફરવા જવું; પાદરે જવું;

**ભાગોળે દીવા કરવા,** જાહેરમાં મૂકવું, ન જાણતું હોય તેને પણ જણાવવું. પ્રસિદ્ધ કરવુ (કોઈના દોષ); જેને ન કહેવું ઘટતું હોય તેને પણ કહી દેવું.

'તુંએ ભાગોળે દીવા કરૂં એવો છું તો.

**ભાજી ખાઉ,** પોચો અને નબળો; શૌર્ય વિનાનો; ભાજી જેવો; માલ વિનાનો પદાર્થ ખાવાથી તેના જેવોજ થયેલો; કમળો અને કમતાકાતવાળો.

" નામના મહાજનો ! ઉઠો, સકળ દોલત લૂંટાય છે, પોચા જનો કઠણ થાઓ, દાળ ભાત ખાઉ, તમે પેટ ભરા માત્ર કેમ થઈ ગયા ? લો હથિયાર, ને ચાલો લડવા; ઉ-

Gandhi Heritage Portal

ડો ભાજીખાઉ, લો તરવાર 'તમે ધાન ખાઓ છો કે ધૂળ ?"

વનરાજ ચાવડો

**ભાજી મૂળા,** કંઈ માલ નહિ તેવું; ગણતી-લેખામાં લેવા જેવું નહિ તે. (ભાજી મૂળા કાંઈ શાકના લેખામાં ન ગણાય તે ઉપરથી)

'એન તું કહે છે, બ્રિટીશનો મદ માતો નથી અને બધાને ભાજી મૂળા ગણે છે.'

શે. કથાસમાજ.

'આપણે બોલીએ તે તો ખરૂં ને બીજા બોલે તે તો ભાજીમૂળા કેમ !'

ભામિની ભૂષણ.

**અમે તે કઈ ભાજીનો મૂળો,** એટલે અમે તે શા હિસાબમાં, એ રીતે પણ વપરાય છે.

**ભાણાં ખડખડ,** જમતી વેળા જે કંકાસ થવો તે.

૨. પેટને પુરૂં ખાવાનું ન મળવું તે.

૩. ઠાલી ભાણાં ખખડવાં તે.

'મા મરે તે સાહેલી, ભાણાં ખડખડ દોહેલી' એ કહેવત છે.

**ભાણાંપરથી ઉઠાડવું,** ગુજરાનનાં સાધન ખુંચવી લેવાં.

**ભાણામાં ધૂળ નાખવી,** ખાણું ખરાબ કરવું–બગાડવું; સુખ અટકાવવું; ચાલતા ગુજરાનમાં નુકસાન કરવું.

"મુઈ રાંડ ફોઈ! એણે જ મારા ભાણામાં ધૂળ નાખી, બાકી રાણી વસંતસેનાના કુંવર સાથે જ બાપજી મને પરણાવવાના હતા."

ગુ. જુની વાર્તા.

**ભાત પાડવી,** છોડાં પાડવાં; નિંદા કરી–ઠોક દઇ હલકું કરવું; બેઆબરૂ કરવી.

'ભાંડીને ભાંડીને ભાત પાડી.'

**ભાદરપટ્ટી કરવી–કાઢવી,** ભાદરપટ્ટી–ભદ્રાકરણ કરવું તે ઉપરથી હજામત કરવી અને તે ઉપરથી લાક્ષણિક અર્થે ) ખૂબ ધમકાવવું; ખંખેરી નાખવું; ઠોક દેવા; સપાટો કાઢવો; મ્હેણાં દેવાં.

**ભાદરવાની ભેંસ,** ( ભાદરવા મહિનામાં ભેંસ જાડી ને માતેલી થાય છે તે ઉપરથી) ફુલીને જાડા–પુષ્ટ થએલા માણસને વિષે બોલતાં વપરાય છે.

**ભાભા પાડળી,** અશકત–બાયલા પુરૂષને વિષે બોલતાં વપરાય છે.

**ભાભા ભૂત,** ( ચોમાસામાં એ નામનાં જીવડાં થાય છે. ) ચેતના વિનાના–જડસા–મૂર્ખ માણસને વિષે બોલતાં વપરાય છે.

**ભામણાં લેવાં,** વારિ જાઉં, બલિહારી છે એમ જણાવવાને હાથના એક તરેહના ચાળા કરવા; દુઃખડાં લેવાં; ઓવારણાં લેવાં.

(અખંડ સુખ રહો–જય છે એ ભાવમાં)

"જુગલ રૂપનાં લે દાસ દયો ભામણાં જો."

દયારામ.

**ભાર ભાગવો,** હલકું પડી જવું; માન ઉતરી જવું; વક્કર જતો રહેવો.

"હારને વાર થઈ, ભાર ભાગી ગયો,
શું કહિયે નાથજી વારવારે."

હારમાળા.

'પર ઘર જઈને દુઃખ ન રોવું,
કોઈ ન થાયે વિભાગી જી;
પાછળથી પરતાવો ઉપજે,
ભાર જાય સૌ ભાગી–શિક્ષા.'

દયારામ.

**ભારત ચલાવવું,** અમુક બાબત લંબાવીને વધારવી; લાંબું લાંબું ટાયલું કરવું; અતિશયોક્તિથી લંબાવવું.

**ભારે કરવું,** એકાદી વાતને અતિશયોક્તિથી મોટી–મોંઘી કરવી.

**ભારે છેડે** છેલ્લા દહાડા જતા હોય એવી સ્થિતિએ ( ગર્ભિણી સ્ત્રીએ. )

"વહુને ભારે છેડે કંઈ જવા દેવી નહિ."

**ભારે થવું,** ભારેખમ થવું; માન ધરવું;

Gandhi Heritage Portal

મોંઘું થવું. ( ખુશામત કરવાને માટે )

**ભારે પડવું,** મોંઘું પડવું ( કિંમતમાં )

૨. બોજા જેવું લાગવું.

**ભાવ ખાવો,** માન ચઢવું; ખુશામત માગવી; માનની અપેક્ષા રાખવી.

'અલિ કે'ની કહેતી હોય તો ? નકામી શા ભાવ ખાય છે ?

તપત્યાખ્યાન.

૨. નફો કમાવો.

" કોઈ એમ કહે છે કે ઘણાએક દાણાના વેપારી દાણા જ્યારે સોંઘા હોય છે ત્યારે લઈને ભરી મૂકે છે અને મોંઘવારી થાય છે ત્યારે ઘણો ભાવ ખાઇને વેચેછે."

વાંચનમાળા.

**ભાવ છોડવો,** (ભાવ=ધ્યાન-ઈચ્છા તે ઉપરથી અધ્યાત્મ પ્રકરણમાં ) મરણ પામવું; દેહનો ત્યાગ કરવો.

**ભાવ પૂછવો,** દરકાર કરવી; પત કરવું; લેખવવું; ગણતરીમાં ગણવું.

**ભાવટ ભાગવી,** ઉપાધિ-આપદા ટાળવી; પીડા દૂર કરવી; ( સંસારમાં જન્મ મરણથી મુકત કરવું.

'જઈને જાચો જાદવરાય, ભાવઠ ભાગશે રે,'

સુદામાચરિત્ર

" ત્રિલોક પાછળ રૂપિ દેવ,
સમ્યક સાધવી મારે સેવ;
અમથો માન્યો મેં અહમેવ,
ભાવઠ ભાગો મારી ભૂદેવ."

માંધાતાખ્યાન.

૨. સંસારની જંજાળમાંથી મુકત થવું.

**ભાવનો ભૂખ્યો,** અંતઃકરણ-પ્યાર-પ્રીતિનો આતુર; માત્ર ભાવની ઈચ્છા રાખનાર.

" ભાવનો ભૂખ્યો છે આત્મા મારો,
તો તો શુકન રહે મારો તારો;
તુલસી સુરતાની માંહિ ધારો-
સદ્‌ગુરુ સ્વામી."

કવિ બાપુ

**ભિંડો મારવો,** ( ભિંડમાળ-ગોફણ ફેંકવી તે ઉપરથી) ગપ ઠોકવી. (સમયસુચકતાથી)

**ભિલામો ઉરાડવો,** ઠેર ઠેર કજીઆનાં મૂળ રોપવાં; કોઇને છંછેડી ટંટો થાય તેમ કરવું; લડાઈ ઉભી કરવી-કરાવવી; દુશ્મનાવટ વહોરવી.

'જ્યાં હોય ત્યાં તે ભિલામો ઉરાડ્યાં કરે છે.'

**ભીંતને પણ કાન હોય છે,** કોઇને ગુપ્ત વાતની ચેતવણી આપતાં આ વપરાય છે, મતલબ કે જે વાત ચાલે છે તે પડોશીને પણ સાંભળવાનો સંભવ છે.

**ભીંતે ચઢવું,** કોઇના ગુણદોષ ભીંતે લખાવા કે પ્રસિદ્ધ થવા.

**ભીડો ઘાલવો,** ફાંસ મારવી-વચ્ચે અડચણ નાખવી. ( ખાટલાનો ભીડો ? ).

**ભીના ઘઉં દળવા,** ભીના ઘઉં દળવા જેવી સખત મહેનત કરવી,-ગાત્ર ઢીલાં થઈ જાય એવો દુ.ખદાયક શ્રમ કરવો; મજુરી કરવા છતાં યોગ્ય બદલો ન મળે એવું કામ કરવું-માથે લેવું.

**ભીલડીનાં બોર,** ભીલડીએ અર્પણ કરેલાં બોરના જેવી કોઈ તુચ્છ ભેટને વિષે બોલતાં વપરાય છે

**ભુંગળ ભટિયું,** ભટજીનું ભૂંગળું-ટીપણું.

**ભૂંગળ ભટિયું મળવું** એટલે રજા મળવી; બરતરફ થવું; ઘેર બેસવું.

**ભુંગળું ફુંકવું,** પ્રશંશા કરવી; વખાણ-ગીત ગાવાં.

૨. દેવાળુ કાઢવું; નાલાશી બતાવવી.

" કોઇને ખુશ કરવા કોઈના વખાણથી કે પોતાનાં ભૂંગળાં ફુંકાવી કોઈ પુષ્કળ પૈસા ખરચી નાખે છે."

પુસ્તકમાળા.

**ભુંગળો ભીડાવી,** (ભૂંગળથી ઘરનાં બારણાં બંધ થવાં તે ઉપરથી) સત્યાનાશ જવું,-

Gandhi Heritage Portal

નસંતાન જવું; પાછળ વંશમાં કોઈ ન રહેવું.

**ભુંડણીની ભુંજાર,** ઘણાં નાનાં નાનાં છોકરાં એક જ સ્ત્રીનાં હોય તો તેમને વિષે બોલતાં વપરાય છે. ( ભૂંડણ ઘણાં બચ્ચાંનો સામટો જન્મ આપે છે તે ઉપરથી. )

**ભુવાં ભરાઈ જવાં,** થાકી જવું; હારી જવું.

'તેનાં ભુવાં ભરાઈ ગયાં છે.,

**ભૂ કરવું,** પિશાબ કરવો. ( નાના બાળકે. )

**ભૂપીતા જવું,** ( જલાંજલિ લેવાને લાયક થવું તે ઉપરથી ) મરી જવું; દેહ છોડવો; અર્થસિદ્ધિ થયા સિવાય પાછા જવું.

**ભૂપીતું કરવું,** તરતના જન્મેલા બાળકને પાણીમાં બોળી મારી નાખવું.

' અભિમાની, માનને, મારે હાથે ભાલાથી ભૂપાતો કરી કંઈ વેળે મારા હાથનો વળવળાટ ભાગું ? '

પ્રતાપનાટક.

દૂધમાં બોળી ગુંગળાવી મારીનાખવું તેને **દૂધ પીતું કરવું** કહેછે.

**ભૂખ્યો બંગાળી,** અડવો ભૂખ્યો રહેનારો કંગાળ પુરૂષ. ( બંગાળામાં વારંવાર દુકાળ પડે છે તે ઉપરથી. )

૨. ગરજવાન; તંગીમાં આવ્યું હોય તેવું.

**ભૂખ ભાગવી,** લાંબી વખતની ઈચ્છા પૂરી પાડવી; મનના મનોરથ સિદ્ધ કરવા.

'ચંદાએ એનની અધરણીમાં મહાલી લેવાય એટલું મહાલી લીધું, પણ તેથી તેની પોતાની અધરણીની ભૂખ ભાગી નહિ."

સાસુવહુની લડાઇ.

' રખિયળ જ્યાં રક્ષા કરે, દુનિયામાં નહિ દુઃખ; પૃથ્વી કરી પસાયતે, ભિક્ષુક ભાગી ભૂખ. "

કવિ શામળભટ્ટ.

"મારૂં મટી ગયું જન્મમરણનું દુઃખ, હવે ફરી આવવું નથી માતાની કુખ, મારી ભાગી મન કેરી ભૂખ."

કવિબાપુ.

**ભૂખડું બારશ,** અગિયારશનું અપવાશી બારશે પારણાં વહેલાં વહેલાં કરવાની આતુરતાવાળું; ગરજુ; તંગીમાં આવ્યું હોય તેવું; કંગાળ.

" વાહ અલીબાબા, તું દંભ તો એવા કરે છે કે જાણે ભૂખડી બારસ હોય, પણ સોનું તો તું પાલીથી ભરેછે."

અરેબિયન નાઈટ્સ.

" બાકી નિર્ધનને ઘેર હાંલ્લાં કુસ્તી કરતાં હોય ત્યાં કન્યા આપી ભૂખની બારસમાં વધારો કરવામાં સાર શો ? "

મણિ અને મોહન.

'ભૂખની બારસ' એટલે અત્યંત આતુરતા; ખાવાની લલુતા.

**ભૂત ભમવાં,** સ્વાર્થની ખાતર ચુપકીથી પાછળ પાછળ બાતમીદારોએ ભમ્યાં કરવું.

૨. ગ્રહથી પાછળ મંડયા રહેવું.

**ભૂત ભરાવું,** ધુંધવાઇને બેસવું; એકાદી વાત મનમાંને મનમાં રાખવાથી વિભ્રમ થવો.

" કોણ જાણે શું ભૂત ભરાયું છે તે રાણાથી શાંત રહેવાયું નહિ, અને એકદમ ઉઠયો. "

સરસ્વતીચંદ્ર.

**ભૂતી નાખવી,** ( ભૂતિ-ભભૂતિ ઉપરથી. ) વશીકરણ કરવું; ભરમાવી નાખવું.

**ભૂરૂં કોળું,** ભૂરાકોળાના જેવા પુષ્ટ અને સુરેખવાળા માણસને વિષે બોલતાં વપરાયછે.

**ભૂલ ભુલામણી,** સુઝ ન પડે એવું અને ગુંચવણવાળું એવું જે કંઈ તે.

**ભૂલાં ભમવાં,** આડે રસ્તે ચઢી જઇ ફાંફાં મારવાં; ખરો રસ્તો ન જડવાથી અથડાયાં કરવું.

૨, સંસારની મોહજાળમાં ફસાયાથી ઈશ્વરભક્તિનો સત્યમાર્ગ ભૂલી જઈ ચોરાશી ફેરામાં ભટકાવું.

Gandhi Heritage Portal

**ભૂશી વાળવું,** પાણી ફેરવવું; રદ કરવું.

૨. માંડી વાળવું; ધોઈ વાળવું; દરગુજરકરવી.

( કોઈના દોષ તરફ રહેમદિલીથી જોવું)

**ભેજાનો ભુંજેલો,** કાળજા વિનાનો; બેદરકાર; કાળજી–ચિંતા વગરનો.

**ભેજામાં વહેર ભરાવો,** મગરૂરી થવી; પતરાજખોર થવું.

**ભેજું ખસવું,** વા પર જવું; અક્કલ જવી; વિચારશકિત દૂર થવી; ઉડેલ તબિયતનું થવું; બુદ્ધિ ભ્રષ્ટ થવી; બ્હાવરૂં થઈ રહેવું; ચળી જવું.

**ભેજું ખાઈ જવું,** કાયર કરવું; સંતાપવું; દુઃખ દેવું.

**ભેજું ઠેકાણે હોવું,** શુદ્ધિ–ભાન હોવું; જાગૃતિ–ખબરદારી હોવી.

૨. વિવેક–મર્યાદામાં હોવું.

**ભેજું ફાટી જવું,** ઘેલા બનવું; દીવાના થવું; ઘેલછા થવી; મર્યાદા બહાર જવું; અવિવેકી થવું.

**ભેરવજવ ખાવો,** ( ધર્મ નિમિત્તે એ એક સાહસ કરવાનું છે તે ઉપરથી ) એકાએક જબરૂં ગોથું ખાઈ જવાય અને દુર્દશામાં આવી પડાય એવું ભારે કામકરવાને હિંમત ચાલવી.

૨. અતિશય દુઃખ સહન કરવું.

'મારાથી આવો તે ભેરવજવ કેમ ખવાશે ?'

**ભોંય આવવી,** નવી ચામડી આવવી; રૂઝ વળવી. **ભોંય ભાગવી** એટલે દરદથી ચામડી વધારે કોહાવી.

**ભોંય કુંડાળી લખવી,** (નશીબ દેવીએ કપાળમાં ) મરણ સ્થાન નિર્માણ કરવું. જે જગોએ ભોંય કુંડાળી લખી હોય ત્યાં દેહ પડે એમ કહેવાય છે.

**ભોંય ખોતરવી,** શરમાઈને માથું નીચું ઘાલવું.

૨. ( આળસુની નિશાનીમાં )

**ભોંય નંખાવું,** ભૂખનું માર્યું મરી જવું; તે ઉપરથી બહુ ભૂખ લાગવી.

'ભુંઈ ભુંઈ નંખાયો કે શું ?'

**ભોંય નાખ્યા,** વડીલ સ્ત્રીઓ પોતાનાં છોકરાં પ્રત્યે ચીડમાં એ પ્રમાણે બોલે છે.

**ભોંય પર પગે ન મૂકવો,** ઘણું ગવિષ્ટ કે મિજાજી થવું; અતિશય મગરૂરી રાખવી; ગર્વમાં છાકી જવું. ઘણા ગવિષ્ટ માણસને વિષે બોલતાં વપરાય છે.

'અધિકારના તોરમાં એ ભોંયપર પગેય નથી મૂકતો.'

**ભોંય બરાબર કરવું,** જમીનદોસ્ત કરવું; સપાટ કરવું; તળીઆઝાટક કરવું.

૨. નાશ કરવો; પાયમાલ કરવું; દુર્દશામાં આણવું.

૩. માર મારીને સુવાડી દેવું; એટલે સુધી માર મારવો કે પડેલાં ઉઠાયજ નહિ.'

**ભોંય ભેળું કરવું** પણ બોલાય છે.

**ભોંય ભરવી,** ફોકટ ફેરો ખાવો; ધરમધક્કો ખાવો.

"જાગી જો વિચારીને,
પુંજી ખોઈ ગાંઠની રે;
કરજ કરી ચાલ્યો
ભરીને ભોંય."

દયારામ.

૨. નિરર્થક આથડવું.

**ભોંય ભારે થઈ પડવી–(નાસતાં),** ભય અને ગભરાટને લીધે નાસવું બહુ મુશ્કેલ થઈ પડવું.

"બાઈને ભોંય ભારે થઈ પડી–તેનાથી બોલાયું નહિ, ચલાયું નહિ ને આંખમાંથી પાણી ખરખર ચાલ્યું."

**ભોંય ભેળું–ભેગું કરવું,** જુઓ **ભોંય બરાબર કરવું.**

Gandhi Heritage Portal

'તારા જેવા કુળઅંગારને ભોંય ભેગો કરતાં તું મારો દિકરો છે એમ મને થવાનું નથી, ને દરબાર ફાંસીએ ચઢાવે તેની બ્હીક નથી.'

સરસ્વતી ચંદ્ર.

**ભોંય સુંઘવી,** ભોંયે સુવાની તૈયારીમાં હોવું; આખર વખત આવવી; મરવાની અણીપર આવવું; ભોંયે નાખવાની હાલતમાં આવવું.

'જો હોય તારી વચનો,
બળવાન શુદ્ધ;
તું તેની સાથ જઇને,
કર બાણ યુદ્ધ.
સુંઘીશ ભોંય શરીરે,
અડતાં જ બાણ.
× × × ×

વેણી સંહાર નાટક.

**ભોંયમાં ઉગવું,** નાની ઉમરનું હોવા છતાં જેની યુક્તિ કે તરકટની ખબર ન પડે એવા માણસને વિષે બોલતાં વપરાય છે.

**ભોંયમાં પેસતો જાય છે,** નીચો-ઠીંગણો થતો જાય છે; વામન સ્વરૂપ છે. પ્રમાણમાં નીચા માણસને વિષે બોલતાં વપરાય છે.

**ભોંયમાં મૂળાં છે,** અંદર ખાનેથી એટલું કપટ છે કે બહાર દેખી કે કળી શકાતું નથી. ભોંયમાં જે મૂળ હોય તે ગુપ્ત હોય છે એટલે તે ક્યાં છે અને કેટલે ઊંડાં ગયાં છે તેની કોઇને ખબર પડતી નથી તે ઉપરથી જેના મર્મ-કપટ ઘણાં ગુહ્ય હોય તેને વિષે બોલતાં વપરાય છે.

'એનાં તો ભોંયમાં મૂળાં છે.'

**ભોંયમાંથી ભભુકો નીકળવો,** અણધારી જગોએથી હુમલો થવો.

( સુરંગ ખોદાવી શત્રુને ઉડાવી દેવામાં આવે છે તેમ. )

૨. એકાએક-અણધારી લડાઈ જાગવી. સળગી ઉઠવું. ( ભોંયમાં ગુપ્ત રીતે ધુમાયાં કરતું હોય અને એકાએક બહાર ફુટી નીકળે તે ઉપરથી લાક્ષણિક )

૩. એકદમ જોસ્સામાં ક્રોધ પ્રગટ થવો.

**ભોંયરામાં રાખવું,** ભોંયરામાં રાખ્યું હોય તેમ ગુપ્ત-છાનું રાખવું; કોઈના જાણવામાં કે જોવામાં ન આવે તેવી રીતે સંતાડી રાખવું; ગુપ્ત રાખવું.

**ભોંયે લેવું, ભોંયે ઉતારવું** જુઓ.

**ભોંયે નાખવું,** મરનારને માટે ચોકો કરવો; મરવાની તૈયારીપર આવેલા માણસને નવરાવી તરતની લીંપેલી ભોંયપર સુવાડવું.

'**ભોંય નાખ્યા**'-એમ વડીલ સ્ત્રીઓ પોતાનાં છોકરાંઓને ચીડમાં બોલે છે.

**ભોંયે પડવું,** મરણની તૈયારીપર હોવું; ભોંયે નાખવાની હાલતમાં-મરવાની હાલતમાં હોવું.

**ભોંયે ઉતારવું,** મેડા ઉપરથી અથવા ખાટલામાંથી હેઠે ઉતારી મરનારને ભોંયે નાખવું.

આજારીને જ્યારે ઝોખો આવે છે ને એમ લાગે છે કે, હવે તે થોડી મુદતમાં પોતાના પ્રાણનો ત્યાગ કરશે ત્યારે તેનાં સગાં વહાલાં ખાટલે મરવા ન દેવાના વહેમથી તેને જમીન પર લે છે; અને જવ, તલ, ગંગાજી, તુલસી પત્ર આદિ પવિત્ર ગાયના છાણની ગવલી સાથે મરતીસ્થિતિમાં તેને મળવું જોઇએ, એટલા માટે છાણ દીધેલી ભીની જગામાં પથારી વગર મરતા પ્રાણીને અંતકાળે સુવાડવામાં આવેછે.

**तुलसो संनिधौ कुर्यान्,
मंडले गोमयेनतु ।।
तिलांश्चैव विकीर्याथ,
दर्भांश्चैव विनिक्षिपेत ।
स्थापयेदासने शुभ्रे,
शालिग्राम शिलांतदा ॥**



Gandhi Heritage Portal

तुलसी मंजरी युक्तो,
यस्तु प्राणान्विमुञ्चति ।
यमस्तं न क्षितुं शक्तो,
युक्तं पापशतैरपि ॥
तस्यादलं मुखे कृत्वा,
तिलदर्भासने मृतः ।
नरो विष्णुपुरंयाति,
पुत्रहीनोऽप्यसंशयः ॥

**ભોગ ધરાવવો,** ઠાકોરને નૈવેદ્ય ધરાવવું.

**ભોગ ફરી વળવા,** (નરસામાં) દૈવ પ્રતિકૂળ હોવું-થવું; કમનશીબ હોવું-થવું; ઓછા-માઠા નશીબનું—અભાગીઉં થવું; માઠી દશા થવી.

'મને ઘેલી કહી હાંકી મૂકાવશે, અથવા જો ગુસ્સે થશે તો આપણા બેયના ભોગ ફરી વળશે.'

અ. ના ભા. ૧ લો.

"તું પકડાય તો, મારા તો આ ભોગજ ફરી વળે તો!"

દિલ્લીપર હલ્લો.

**ભોગ મળવા,** આવી બનવું; માઠી દશા થવી; ખરાબી થવી; મોટું નુકસાન થવું.

"નાયકે વિચાર્યું કે આ વાત મહારાજ જાણશે તો મારા ભોગ મળશે."

સધરાજેસંઘ.

**ભોગ લાગ્યા,** દૈવ હીણું થયું; નશીબ નઠારૂં નિકળ્યું.

**ભોગના જોગ,** કાંઇ કામ-બનાવમાં નશીબ જ વચમાં પડયું હોય (મનુષ્યની બુદ્ધિને તેનો પ્રયત્ન નહિ) એવો સમય; માઠી દશાનો યોગ. 'ભોગ ચોઘડીએ' એટલે દૈવ યોગે.

**ભોપાળું નીકળી જવું;** બહારથી ભરેલું દેખાતું હોય તે ખાલી જણાઇ જવું; પોકળ બહાર પડવું; ભડ વેરાઈ જવી-પડદો ફુટી જવો. **ભોપાળું** કાઢવું એટલે ગુપ્ત રાખવા જેવું હોય તે ઉઘાડું કરવું; ઉપરનું મિથ્યા ડોળ બહાર પાડવું.

**ભૃગુપાત કરવો,** (પડતું મૂકી આપઘાત કરવો. જેને શરીરે ચસકા આવતા હોય અને ચીસો નાખતો હોય તથા જેને ઘણી ઉલટીઓ થતી હોય એવા માંદા માણસો આપણા શાસ્ત્રોમાં લખું છે કે પ્રાચીન કાળમાં મોટા પર્વત ઉપર ચઢી ભૃગુપાત કરતા એટલે પડતું મૂકતા, અર્થાત્ અપઘાત કરતા તે ઉપરથી) દુર્દશામાં આવી પડાય એવું ભારે કામ કરવાની હિંમત ધાલવી; સાહસ કરવું.

## મ.

**મકનો હાથી,** (હાથીની એક મસ્તાન જાત તે ઉપરથી) અંકુશમાં ન રહે તેવા માણસને લાગુ પાડવામાં આવે છે. મદમાં છાકી ગયેલો; કબ્જામાં-તાબામાં-હાથમાં ન રહી શકે તે.

૨ ઠીંગણો અને ભરભાદર માણસ

**મગ કસાર બાફણાં,** લાકડાં, છાણાં, કરાંઠી વગેરે બાળવાના પદાર્થ; બળતણ. **મગ બાફણાં** પણ કહેવાય છે.

**મગ ને અડદ ભેગા,** જેમ આવ્યું તેમ ખરૂં ખોટું-સેળભેળ જે બોલવામાં આવે તે.

૨. ખીચડો; ભેળસેળ કરી નાખેલા પદાર્થોનો જે એકઠો જથો તે.

**મગજ ખસી જવું,** મગજ બગડવું; ઘેલા બનવું; દીવાના થવું; વા પર જવું; ડાગળી છટકી જવી; સમજ ઓછી થઇજવી; ભાન જતું રહેવું; શુદ્ધિ જવી; જે કામમાં જે સાવ-

Gandhi Heritage Portal

ધણીરી અને ચોક્કસપણું જોઇએ તે ન હોવું. **મગજ ઠેકાણે નથી** એમ પણ બોલાય છે.

"એ વિંટી ગઈ તેમ કોડિયું પણ ગયું તેથી પેલા જાદુગરનું મગજ ખસીકેમ ન ગયું તે નવાઈ હતી."

અ. ના. ભા. ૧ લો.

**મગજ ખાઇ જવું,** કાયર કરવું; માથાફોડ કરાવવી.

**મગજ પાકી જવું,** ઘણીજ અકળામણ થવી; મગજમાં ગરમી પહોંચવી; માથામાં દુ:ખ થવું.

હવે તો બસ કર, મારૂં માથું પાકીગયું.

'શિવસિંહજીની સાથે માથાફોડ કરી કરીને મારૂં મગજ પાકી ગયું છે.'

**મગજ ભમી જવું,** બુદ્ધિ ઠેકાણે ન હોવી; સમજશક્તિ ચલિત થવી; ભાન ખસવું; ખરી વાત કે હકીકત અથવા રસ્તાની સૂઝ ન પડવી; અક્કલ ન ચાલવી. **મગજ ઊંધું ચત્તું થઈ જવું** પણ એ જ અર્થમાં વપરાય છે. એથી ઉલટું **મગજ ઠેકાણે છે.**

**મગજનાં બારણાં ઉઘડવાં,** ( બારણાં ઉઘડે એટલે અંદર પ્રવેશ થાય છે તે ઉપરથી. ) અક્કલ આવવી; સૂઝ પડવી; ગમ પડવી; સમજ પડવી.

**મગજનો ફાટેલો,** માથાનો ફાટેલો-ફરેલો; મિજાજી; મગરૂર; છાકી ગએલો; જક્કી; હઠીલો.

**મગજમાં આવવું,** ભાસવું; જણાવું; વિચાર ઉઠવો-થવો; કલ્પનામાં આવવું; મનને લાગવું; સમજવામાં આવવું; મનસુબો-તુરંગ ઉઠવો.

૨. ધ્યાન-લક્ષમાં આવવું.

આ પ્રયોગ ઘણું કરીને વાદંડી-ઉડેલ તબિયતના-અસ્થિર મગજના માણસને વિષે બોલતાં વપરાય છે.

"મગનલાલના મગજમાં બસ એમ આવ્યું કે અડધી રાતે બધા ચાકરોને ઉઠાડવા."

**મગજમાં ઉતરવું,** ધ્યાન-લક્ષમાં આવવું; વિસરી ન જવાય તેમ સમજવામાં આવવું; સારી પેઠે ઠસવું.

**મગજમાં પવન ભરાવો,** મિજાજ વધી જવો; મગરૂર બનવું; સામે થવું; શિરજોરી કરવી; પતરાજખોર થવું.

૨. જક્કી, તકરારી કે હઠીલું થવું.

**મગજમાંથી ખસવું,** વિસ્મૃત થવું; યાદ ન આવવું; ભૂલી જવું. એથી ઉલટું 'મગજમાં ઠસવું.'

**મગરમસ્ત જેવો પડયો છે,** લાંબા-ફાલેલા મગરની પેઠે પડેલો છે. હૃષ્ટ પુષ્ટ ને બળિયો હોય અથવા જાડો, જબરો ને ખુશ હોય તેને વિશે એવે પ્રસંગે બોલતાં વપરાય છે.

**મંગળ ફેરા ફરવા,** પરણી ઉઠીને વરવહુએ ચોરીની આસપાસ ચારવાર પ્રદક્ષિણા કરવી; કલ્યાણકારી ચોરીની આસપાસ ફેરા ફરવા.

**મંગળ મૂર્તિ,** જેનું મોઢું હમેશ હસતું-આનંદમય હોય તે.

**મજરેશાહ,** મહિકાંઠાના ઠાકોરને મળતાં એમ કહેવાય છે.

**મંજો ઉતારવો,** ગર્વિષ્ટપણું કે મગરૂરી કાઢી નાખવી; આંકડો ન આવવો. (હાથને જબરો દબાવી નીચે ખેંચવો તે ઉપરથી.)

**મટમારીને સુઈ જા,** નિરાંત-ઝંપ વાળીને સુઈ જા.

'આવે શરીરે ઝાઝી વાત ન કર,
મટ મારીને સૂઈ જા.'

વીરમતિ નાટક.

**મરોડાનું મગજ,** અક્કલ વિનાનું-કમ અક્કલનું મગજ.

"લોકો કહે છે કે હાઈ કોરટમાં અ-

Gandhi Heritage Portal

કલના ભંડાર રહેલા છે પણ આપણને તો મટોડાનાં મગજ નજરે પડ્યાં. ”

નવી પ્રજા.

**મટોડું ફરી વળવું**, નિરર્થક જવું; દબાઈ જવું.

“ કારણ કે બકરૂં આપીને ઊંટ કાઢી લઈ જવાની મારી ઉમેદ અને આશા ઉપર મણ મટોડું ફરી વળ્યું છે.”

હિંદી પંચ.

**મઠ ફાકવા**, નિરૂદ્યમી રહેવું; 'મઠ ફાકીને બેશી રહે.'

**મઠને છાંયડે મજા કરવી-મારવી**, મઠનું ઝાડ નહિં પણ છોડ હોવાથી તેનો છાંયો પણ નહિ જેવો હોય છે તે ઉપરથી નહિ જેવી મઝા કે ગમત ભોગવવી.

**મડદાના તાળવામાંથી લોહી ખાનારો**, ઘણોજ કંજુસ અને લોભી; પોતાના સ્વાર્થને માટે કોઈની દયા નહી જોનારો; નિર્દય-દુષ્ટ. ૨. જોસ-આવેશમાં આવી ઘાત કરનારો.

**મડદાને મીંઢળ બાંધવાં**, (મીંઢળ-એ જાતનું ફળ શુભ કાર્યમાં હાથને કાંડે અથવા સમડીના લાકડા સાથે બાંધવામાં આવે છે તે ઉપરથી.) ઘરડા ખખ્ખ થયેલા પુરૂષને પરણાવવો; જેનું થોડુંજ આયુષ્ય બાકી રહ્યું છે એવા યમદ્વારની વાટ જોતા પુરૂષને પુત્રી પરણાવી મીંઢળ બાંધવું.

“ તમારી વહાલી પુત્રીને છેક નમેરા થઇને વેચવા નીકળ્યા. અરે! વેચવા નીકળ્યા તો ભલે, પણ પૈસા લઈ મડદાને મીંઢળ બાંધવા જેવો ઘાટ ઘડવા તૈયાર થયા. ! ”

મણિ અને મોહન.

**મડાગાંઠ પડવી**, મડદું વાળ્યું વળતું નથી એવી તરેહની ન છૂટે તેવી સખત ગાંઠ પડવી; ન છોડાય તેવી રીતે જબ્બર વળગી રહેવું.

“ **મડદાની** પેઠે વળગ્યો છે અને **ચપડાલાખની** પેઠે વળગ્યો છે એમ પણ કહેવાય છે. ”

**મણનો પાંચશેર થવો**, માર ખાવાથી લેવાઈ જવો. માર ખાઈ ખાઇને છેકજ અશક્ત થઈ જવો; (મણનો પાંચશેર તોલ થાય એટલો બધો હલકો થઇ-જવો તે ઉપરથી.) મારને લીધે વિત્ત—બળ ઓછું થઈ જવાથી શોષાઈ જવું. 'મણનો પાંચશેર કરી નાખવો' એટલે માર મારીને હલકો કરવો.

“ તેઓએ તેના બોલવા તરફ બિલકુલ લક્ષ નહિ આપતાં તે બાપડાને લાગલોજ મણનો છ પાંચશેર કરવા માંડયો. ’

અ. ના. ભા. ૧ લો.

**મણિયો ઢીલો કરવો**, ઘણી સખત મહેનત કરાવી નસો ઢીલી-છૂટી કરી નાખવી. કમજોર—સુસ્ત-નરમ-કરી નાખવું; છેકજ હિંમત વિનાનું-પોચી છાતીનું-ઢીલું કરવું.

**મથાળું બાંધવું**, માથાદીઠ લેણદેણ ઠરાવવું.

**મદનનું પૂતળું**, ઘણોજ ખુબસુરત પુરૂષ; મદન-કામદેવના જેવો ઇશ્કી; ફુટડો જુવાન પુરૂષ.

**મધ મૂકીને ચાટવું**, નિરર્થક રાખી મૂકવું. જે વસ્તુ પોતાના કામની હોય નહિ અને બીજાને માગવા છતાં ન આપે ત્યારે એ બોલાય છે

**મધ લઈ ખાઓ**, (વાંકામાં.) લો ફાયદો; લો રસ કસ,-અનુભવ.

**મધવાળી જીભ**, રસકસવાળી,—ખુશામતથી ભરેલી જીભ; ખુશામતના મધુર શબ્દો બોલનારી જીભ; મીઠું ભાષણ કરનારી રસના.

**મધમાં હાથ મેલાવવો**, મોટી મોટી આશાઓ આપી લપટાવવો; લાલચ બતા-

Gandhi Heritage Portal

વવી; વિશ્વાસ આપવો, લોભ–મોહમાં નાખવું.

**મધ્યાન્હ કાળ,** પૂર્ણ આબાદીનો સમય.

**મધ્યાન્હનો સૂર્ય,** પૂર્ણ આબાદી; પૂર્ણોત્કર્ષ; ખરા સુખની વેળા; પદ્ધિ–સ્થિતિ–સુખ–વૈભવમાં સાધારણ બીજા કરતાં વિશેષ ચ-ચિયાતા થવાનો અનુકૂળ વખત.

'હમણાં તો તારા સુખનો મધ્યાન્હનો સૂર્ય છે.'

કરણઘેલો.

**મંત્ર પુષ્પાંજલિ કરવી,** ( ખોબામાં ભરેલાં ફુલ મંત્ર ભણી દેવ ઉપર ચઢાવવાં તે ઉપરથી વાંકામાં. ) સારી પેઠે ઠપકાનો વરસાદ વરસાવવો; ધમકાવવું; ગાળો દેવી; શાપ દેવો.

૨. માર મારી હલકું કરવું.

**મંત્ર ફુંકવો (કાનમાં),** જે ગુણે કાર્ય સિદ્ધિ થાય તે ગુણો કોઈનામાં આવે તેમ કરવું; સમજાવવું; ચેતવવું.

**મંત્ર મૂકવો,** છુપી સલાહ આપવી; જેથી કોઈ કાર્ય સિદ્ધ થાય તેવું ગુપ્ત વચન કહેવું અથવા ઈસારો કરવો; કાન ફુંકવા; ગુપ્તપણે અભિપ્રાય આપવો.

"નાસતાં નાસતાં પોતે તરવાર સાથે પકડાય નહિ તેથી તરવાર રૂપાળીના ભણી ફેંકી ' "ઉગારજે કે મારજે કરી મંત્ર મૂક્યો."

સરસ્વતી ચંદ્ર.

**મથેણ વદામિ,** શ્રાવક ગોરજીને મળતાં એ પ્રમાણે કહે છે ત્યારે ગોરજી "ધર્મ લાભ .' કહે છે.

**મન આંધળું થવું,** કશી સુઝ ન પડે એવી ગુંચવણવાળી સ્થિતિમાં હોવું.

"આળસુ માણસને કોઈ કોઈ વેળા કામ કરવાની ઈચ્છા થાય છે પણ તે કરવાની તેનામાં શક્તિ હોતી નથી, તેનું મન આંધળું થાય છે, અને તેના વિચાર ગભરાટમાં પડે છે."

**મન ઊંચું થવું,** નાખુશ થવું; દિલગીર થવું. ઉદાસ થવું.

૨. સ્નેહ તૂટવો; બેદિલ થવું; મન ઉઠી જવું; પ્રેમ ઉતરી જવો; કંટાળો ઉપજવો.

**મન ઉઠીજવું,** દિલ ન લાગવું; બેદિલી થવી; ભાવ જતો રહેવો; રૂચી–આસ્થા કમી થવી.

**મન ખાટું થવું,** નાખુશ થવું, દિલગીર થવું; દિલ ઉતરી જવું; મન કચવાવું; નારાજ થવું.

'હે પ્રિયંવદા, મારૂં મન ખાટું થયું એવું તમે મને કદી કહ્યું નથી ને કર્યું નથી.'

વનરાજ ચાવડો.

'વળી આ કામ કરતાં કદાપિ વિખવાદમાં વધી પડીએ તો આપણા પ્રેમમાં વિરોધ પેસે અને મન ખાટું થાય તો આપણું ખરૂં સુખ નાશ થતુ જાય.'

ભામિનીભૂષણ.

**મન ખોલવું,** ( કોઇની પાસે ) મનમાં જે હોય તે વગર આચકો ખાધે કહી દેવું; પોતાના મનને જે કંઈ બોજા રૂપ લાગતું હોય તે સામાને જણાવી દેવું. જ્યારે માણસને કોઈ જાતનો માનસિક બોજો હોય છે ત્યારે તેનું મન જાણે અંધારી કોટડીમાં પૂર્યું હોય એમ થાય છે અને તે વખતે ચિંતા અથવા ફિકરનું મૂળ અથવા કારણ બીજાને કહીને મન ખોલવું એ અજવાળું અને સુખ અંદર દાખલ કરવાને બારણું ઉઘાડવા જેવું છે.

૨. નિખાલસ મનથી કહેવું; કપટ કે અંદેશો રાખ્યા સિવાય કહી દેવું; મનની ગુપ્ત વાત બહાર પાડવી.

**મન ચોખ્ખું રાખવું,** મનમાં કપટ રાખ્યા સિવાય કે બીજાથી કંઇ ગુપ્ત રાખ્યા સિ-

Gandhi Heritage Portal

વાય પોતાના મનમાં જે હોય તે ખરે ખરૂં સંપૂર્ણ રીતે કહી દેવું. કાંઈ ગાંઠ ગડફો કે કપટ ન રાખતાં ખુલ્લે ખુલ્લું કહી દેવું. 'જીવ ચોખ્ખો હોવો' એટલે દાનત પાક હોવી. એથી ઉલટું 'મન મેલું રાખવું.'

**મન ચોંટવું,** દિલ લાગવું; મોહમાં પડવું.

**મન નીચું થવું,** નીચ વૃત્તિનું થવું.

**મન માનવું,** જીવ ખુશી થવો; સંતોષ થવો; ઈચ્છા પૂરી પડવી.

બહાર નિસર્યા વળી અહિલોચન, હો મુનિ નથી માનતું મારૂં મન.

અભિમન્યુઆખ્યાન.

**મન મારવું,** મન વશ રાખવું, વૃત્તિઓ અંકુશમાં રાખવી, ઇંદ્રિયોને યોગ્ય હદમાં રાખવી, અથવા તે બ્હેકી ન જાય એમ કરવું.

'લલનાએ છે લબ્ધ કીધો મને, મારૂં હવે કદિ મન મરે છે.'

વિજય વાણી

**મન મૂકવું,** કુડકપટ ન રાખવું, ભેદ કે પ્રપંચ ન રાખવો; મન ખોલવું; પોતાનું જે ખરૂં હોય તે બીજાને જૂદું નહિ બતાવવું.

'નહિ બોલે જો મન મૂકી તો, અમો ઉડીને જાશું.'

નળાખ્યાન.

**મન મોટું કરવું,** ઉદાર થવું; સમદ્રષ્ટિ રાખવી; સખી–દાનશૂર થવું.

**મન વાળવું,** સંતોષે બેસવું; મનનું શાંતવન કરવું.

'તે પાછો જડનાર નથી અને હવે તમારે કોઈ પણ રીતે ધીરજ ધારી મન વાળવું જોઇએ.'

આ ના. ભા. ૧ લો.

**મન વિખરાઇ જવું,** દિલ ઉઠવું; ગભરાવું કંઈ સુઝ ન પડે એવી ગભરાટવાળી સ્થિતિમાં હોવું.

**મન સાંકડું થવું,** કર કસરીઉ થવું.

**મનથી ઉતરી જવું,** ચાહના ઘટવી; પ્યાર ઓછો થવો; ઈચ્છા, ખુશી ન રહેવી.

"ભોળો ભીમ જૈન ધર્મને આગ્રહી ન હોતો પણ જૈન ધર્મને કહેવડાવતો. ખરો એ ઉપરથી તે બીજા રજપૂત રાજાઓના મનમાંથી ઉતરી ગયો હતો."

નર્મગદ્ય.

**મનનું પોચું,** કુમળી છાતીનું; દિલમાં ઝટઅસર થાય તેવું.

૨. બીકણ–ધીરજ–હિંમત મૂકી દેવું; નાહિંમત.

**મનનું મનમાં,** મનની વાત બહાર ન કાઢવી તે.

**મનનું મેલું,** કપટી, જેનો મર્મ–ભેદ–પ્રપંચ જણાય નહિ તેવું; જેના અંતરની કલ્પના માલમ ન પડે તેવું.

અભિમન્યુઆખ્યાન

**મનનો મેલ,** કપટ–પેચ; પ્રપંચ; દુર્ગુણ.

મહા માસમાંરે મારા મનનો કાઢયો મેલ, ગુરૂ કૃપા કરીરે, મૂકી દીધા સઘળા ફેલ!'

કવિ બાપુ

**મનનો મોજી,** મરજી માફક ચાલનાર–વર્તનાર; સ્વેચ્છાનુચારી.

**મનમાં ગાંઠ વાળવી,** યાદ રાખવું; વિસરી ન જવાય એમ કરવું.

૨. નિશ્ચય કરવો; નક્કી કરવું; ઠરાવ કરવો.

**મનમાં પેસી નીકળવું,** સામાના મનની તમામ વાતથી જાણીતા થવું–જાણી લેવી.

'વાસ્તવિક ગમે તે હો. કોઈના મનમાં પેસી નીકળાતું નથી.'

અરેબિયનનાઇટ્સ.

**મનમાં ચરેડો પડવો,** નિરાશ થવું.

૨. ધ્રાસકો પડવો.

**મન જોડે વાત કરવી,** તુલનાશકિતથી ખરા ખોટાનો વિચાર કરવો; પરિણામપર ધ્યાન રાખી વિચાર કરવો.

Gandhi Heritage Portal

"જ્યારે આપણે એકલાં હોઇએ કે અંધારામાં જ્યાં સઘળું ચૂપા ચૂપ હોય ત્યાં પણ આપણે આપણા મન જોડે વાત કરી શકીએ."

એવાં વચન સુણીને બોલ્યો ઘટોત્કચ્છ ત્યાં વાણુજી;

મેં મારા મનની સાથે વાત કીધી જાણુજી."

કવિભાઉ.

**મનોમન સાક્ષી,** એક બીજાના મનમાં અરસપરસ મળવાનો વિચાર થયો હોય અને મળી જાય તે.

૨. એક એકના વિચાર સરખા જ આવી જાય તે.

**મમરો મૂકવો,** ઉશ્કેરવું; ચઢાવવું; રંજક મૂકવો; બે જણને કલહ થાય એવું કાંઈ વચમાં બોલી ઉઠવું; લડવાને ઉશ્કેરણી કરવી.

**મમ્મોચચ્ચો,** મમ્મા અને ચચ્ચાથી શરૂ થતી મા.બેન સમાણી ભૂંડી ગાળો.

'એક કહે મુજમાં બળ ઝાઝું, બીજો કહે તુજ સાથે બાઝું; ત્રીજો કહે તું ગદ્ધા તોલે, ચોથો મમ્મો ચચ્ચો બોલે."

જ્યદવાસ્થળી.

**મરચાં ઉઠવાં-લાગવાં,** ખોટું-માઠું લાગવું; રીસ ચઢવી; અકળાઈ ઉઠવું.

"કૃષ્ણદેવ-(નિશ્વાસ નાખી.) હવે પછી એવા અધમ શબ્દો શ્રવણ કરવાની મારી ઈચ્છા નથી,

સત્યભામા-શેની હોય ? એમ તમને તમારા મોઢે મરચાં લાગે છે તો અમને કંઈ કેમ ન થાય ?

સત્યભામાખ્યાન.

'એનને માટે જરા કહ્યું કે મરચાં ઉઠયાં.'

ચતુર ચંચળ.

'લે અલિ તને ખરૂં કહીએ છીએ ત્યારે મરચાં શેને લાગે છે તે?'

ભામિનીભૂષણ.

**મરતાં જીવતાં,** કોઈ દહાડો પણ.

**મરદે આદમી,** ઊંચા સદ્‌ગુણવાળો માણસ; કુલીન ગ્રહસ્થ.

**મરી જવું,** છેકજ અશક્ત થવું; ઘસાઈ ઘસાઇને મોત તરફ ખેંચાવું; મરી જવા જેટલું દુઃખ થવું.

'કામ કરતાં કરતાં મરી ગયા ભાઈ!'

૨. શાંત પડવું; બંધ પડવું; નરમ પડવું. (જોસ્સો)

૩. કરમાવું; રસકસ જતો રહેવો (ઝાડ.)

**મરી પડવું,** ખરા અંતઃકરણથી પોતાનું સઘળું જોર વાપરવું.

**મરી ફાકવાં,** અમથું મગરૂરીમાં બક્યાં કરનારને વિષે બોલતાં વપરાય છે. જેમ, 'કયારનો શું મરી ફાકે છે!'

**મરી મશાલો પૂરવો,** અતિશયોક્તિથી કહેવું; વધારી વધારીને રસિક કરવું; કોઈ વસ્તુ અથવા બનાવને શોભાવવા સારૂ તેનું વધારી વધારીને વર્ણન કરવું.

'એ સાંભળી રાજાએ તેને પાસે બોલાવી સઘળી વાત પૂછી લીધી; કારભારીએ મરી મશાલો ભભરાવી આપ્યો તે ઉપરથી રાજાએ હુકમ કીધો કે આજ સવારે અગ્નિદિવ્ય કરવું.'

કરણઘેલો.

**મીઠું મરચું ભભરાવવું** પણ બોલાય છે.

**મલોખાં મીઠાં કરવાં,** મલોખામાંથી સ્વાદ કાઢવા જેવો મિથ્યા પ્રયાસ કરવો.

"શરીર વિના સાધન રે,
પાર કોઈ પામે નહિ;
મલોખાં મીઠાં કીજે રે,
સ્વાદ કાંઈ આવે નહિ."

ધીરોભક્ત.

**મસાણ જગાવવું,** કોઈ અચંબો ઉપજે કરે તેવું કામ કરવા પિશાચ વગેરેને બોલાવવું.

Gandhi Heritage Portal

**મસાણમાં જવું**, મરી જવું.

૨. કોઇ મરી ગયેલાને બાળવા કે દાટવા સ્મશાનમાં જવું.

**મસાણમાંથી ખેંચી કાઢેલો**, જે નબળો માણસ કામ કરી શકે નહિ અથવા જે આળસુ માણસથી કામ થઈ શકે નહિ તેવાને વિષે બોલતાં વપરાય છે. મતલબ કે મરેલો; છેકજ અશક્ત–નરમ; છેક મડદા જેવો.

**મશાણિયા લાડુ**, થોડા ઘીના લાડુ. (નરસા લાડુ.)

૨. દિલગીરીનું મિષ્ટાન.

**મસ્કો લગાડવો**, જૂઠાં વખાણ કરીને પલાળવું; પોતાના વિચાર સામાના મનમાં પ્રશંસા કરીને ઉતારવા અથવા બીજી કોઈ રીતે સમજાવવું.

"મનજી શેઠ મસ્કા લગાડી મફતના મલીદા ખાવાને ભીખારીની હાલતમાં હાજર થતા ગયા."

કુંવારી કન્યા.

**મસ્તક પૂજા કરવી**, માથાફોડ કરવી; માથું કુટવું.

'પૈને સારૂ મસ્તક પૂજા કરીએ છીએ, તારે તો વાહ, કાંઈ પણ ગણત્રીમાં નથી !"

૨. માથું ઉતારી ને મહાદેવને અર્પણ કરવું. 'કમળ પૂજા કરવી' પણ બોલાય છે.

વડનગરમાં એક તરૂણીએ પોતાનો વર પોતાથી ઘણોજ નાનો હોવાથી મહાદેવના દહેરામાં પોતાનો જીવ આપવા માંડયો હતો તેના એક ગરબાને મસ્તક પૂજા કરીને કહે છે. નમુના તરીકે,–

"રાવળ વાવમાં નાહી ધોઇને, સુરજ અર્ઘ દીજે, કુંભેશ્વરના દેરામાંહે, ચાલો મસ્તક પૂજા કીજે, એ તો.

ભવાઇ સંગ્રહ.

**મસાલો કાઢવો**, અડદાળો કાઢવો; કુટવું; મારવું; ચકવવું.

**મસાલો પૂરવો**, ઉશ્કેરવું; ચઢાવવું; રસિક કરવું; વધારીને કહેવું. જુઓ 'મરી મસાલો પૂરવો.'

**મહિના રહેવા**, ગર્ભ રહેવો. (સ્રીને.) હમેલ–દહાડા રહેવા. **મહિના હોવા** એટલે ગર્ભ હોવો.

**મહિનો આવવો–થવો**, રૂતુ આવવાની મુદત પુરી થવી; રૂતુ આવવો (સ્રીને.)

૨. મહિના સુધી કામ કર્યા બદલનો પગાર આવવો–થવો.

**મહોર મહોરના શબ્દો**, મોટા–કાળજું ભેદી નાખે એવા શબ્દો.

'તમે તમારા ભારમાં રહેજો, જેને ગરજ હશે તે તમારા બોલ સાંખી રહેશે. હું તો કાળજું કપાઈ જાય એવા મહોર મહોરના ઉત્તર આપીશ.'

સત્યભામાખ્યાન.

**મળ્યા ભાઈની પ્રીત**, માત્ર નામની—મેળાપ વખતે માત્ર બતાવવાનીજ પ્રીત.

**મળતા વશેક**, મળતી પાંતી; બનાવ; પ્રીતિ.

'પણ પુંજારામ સાથે એના મળતા વશેક આવતા નથી તેનું કેમ. ?"

**મળતી પાંતી**, બનતી રાશ; મેળાપ; સંપ; ઐક્યતા.

"રામદાસ ને હિરાલાલને મળતી પાંતી નથી."

**માંગ લખાવ્યા**, વડનગરા નાગરની જાતમાં કેટલેક ઠેકાણે રૂડે અવસરે કાંસાની થાળીમાં મેશવડે ઢેઢી તથા તેનાં બે છોકરાંનું ચિત્ર પાડે છે તેને માંગ લખાવ્યા કહેછે.

**માંચો મૂકવો**, સાજું–તંદુરસ્ત થવું.

**માંડવો ઉભો થવો**, કન્યા પરણાવવા જેવી–લાયક ઉમરની થવી. (લગ્નમાં માંડવો તૈયાર કરવો પડે છે તે ઉપરથી.)

"દીકરી થઇ ત્યારથી માબાપ કહે કે

Gandhi Heritage Portal

એક માંડવો થયો, એમ વિચારી તેનાપર બળવા માંડેછે, કમકે છોકરીને પરણાવવા વિગેરેમાં બહુજ ખર્ચ થાય છે, તથા તેનાં સાસરિયાં તરફનું તેને બહુ દુ:ખ પડે છે.”

સાસુવહુની લડાઈ

**માંડી વાળવું,** પતાવવું; પડતું મૂકવું; સમાધાન કરવું (ટંટો.)

૨. બંધ કરવું. (જવાનું માંડી વાળો) તેણે સભામાં જવાનું માંડી વાળ્યું.

૩. બરોબર કરી મૂકવું. (ખાતાનો જમે ઉધાર.)

**માંહેનો માંહે ને બહારનો બહાર,** બંને પક્ષમાં ઢોલકી બજાવનાર; બંને પક્ષનું મન સાચવનાર. (યુકિતથી.)

**માખ છીંકવી,** નુકસાન કે ગેરલાભનું સૂચન થવું. (એ એક અપુશકન ગણાય છે તે ઉપરથી.)

**માખ ડૂબવી, તેલમાં માખ ડૂબવી** જુઓ.

**માખ બેસણું,** માખ જેવું તુચ્છ પ્રાણી ચઢી વાગે–બ્હેકી જાય એવી પોચી–નબળી=વિત્ત વગરની હાલત; કંગાળપણું; તુચ્છ–હીણી સ્થિતિ.

જેથી કંટાળીએ અને જેને ધિક્કારીએ-એવી છેક અધમ સ્થિતિ–રીતિ.

‘આજ સુધી જે વંશમાં માખબેસણું પણ નથી એવા કલ્યાણવંશમાં તું અંગારજ ઉઠયો, તેં રજપૂત વંશને કલંક લગાડયું છે.‘

ગુ. જુની વાર્તા.

**માખ બેસે તો નાક કાપે,** એમ તાઉસ્વભાવના માણસને વિષે બોલતાં વપરાય છે,

**માખ મારીને નીચોવવી,** ઘણાજ કંજુસ થવું; મખ્ખીચુસનું આચરણ કરવું.

૨. ઘણુંજ કંગાલ કે હીણું થવું.

**માખણ લગાડવું,** ખુશામત કરી મહેરબાની સાધવી; સ્વાર્થને માટે હદ ઉપરાંત વખાણ કરી સામાનું મન પીગળાવી નાખવું.

૨. અતિશયોકિતથી રસિક કરવું.

**માખણીઆ ભગત,** ખુશામતીઓ, મીઠું મીઠું બોલી મન પલાળનાર; નરમ કરનાર; મતલબને સારૂ હદથી જાદે તારીફ કરનાર.

**માખો મારવી,** ધંધા વિનાના રહેવું.

૨. મંદ સ્થિતિમાં—સુસ્તીમાં હોવું.

‘તે દિવસે રેલવેની તથા બીજી ભાડુતી ગાડીઓના કમાઈના દરવાજા બંધ થાય છે, એટલુંજ નહિપણ બિચારા નાટક વાળાને પણ તે દિવસે માખો મારવી પડે છે.”

સુબોધ પ્રકાશ.

‘કાં તો જૂઠા લેખ બનાવે,
ખોટી પ્રતિજ્ઞા પાળે,
કાં તો માખો મારે મૂરખ,
નવરો નખોદ વાળે.’

કાવ્ય કૌસ્તુભ.

**માગ્યા મેહ વરસવા,** જોઇતી–ઈચ્છિત વસ્તુની પ્રાપ્તિ થવી; મનોરથ સિદ્ધ થવા; ઈશ્વરપ્રસાદી મળવી.

‘છત્ર ધરાવ્યું રામજી,
લક્ષ્મણ ચમર જયહાં,
શામળ કહે શોભા ઘણી,
મેહ માગ્યા વરસે ત્યહાં’

કવિ શામળભટ.

**માગું કરવું,** વર કે કન્યાને માટે માગણી કરવી. (કોઈ બીજાની મારફતે.)

“બીજી રાણી આવે તેને પુત્ર થાય એવી આશાએ મયણલ્લદેવીએ કાતરીના રાજાની કન્યા રાણકદેવીનું માગું કર્યું.”

સધરાજેસંધ.

**માછલે અંકોડી ગળ્યા જેવું,** માછલે એક વાર ગળના લોભથી અંકોડી ગળી તો તેથી તેના પ્રાણ જાય છે તે ઉપરથી કોઈ કામના સંબંધમાં એમ વપરાય છે કે આ કાંઈ માછલે અંકોડી ગળ્યા જેવું નથી,



Gandhi Heritage Portal

મતલબ કે પ્રાણ જવા જેવું– મોટી હાની થવા જેવું નથી.

**માટલું પૂરવું,** પાપડ, વડીઓ, લગ્નનો રૂપિયો, સોપારી સાત, સવા પાંચ શેર ઘઉં વગેરેથી માટલું પૂરી લગ્ન સમયે આપે છે તે.

**માટી ઢાંકવી,** ( વાંધા–ગુન્હા કે તકરારપર. ) ઢાંકવું; છુપાવવું; અંધાર પિછોડો કરવો; દોષની ચરચા–નિંદા થતી બંધ થાય તેવું કરી નાખવુ.

**માટી થવી,** નાશ થઈ જવું; બળીને ખાખ થઈ જવું.

૨. બગડી જવું; ખરાબ થવું; ભ્રષ્ટ થવું;

૩. ફના થવું; પાયમાલ થવું; ધાણ વળી ગયો હોય તેવું થવું.

**માણસની ઓળમાં હોવું,** માણસાઈમાં ખપવું અથવા માણસાઈ ભોગવવી.

**માણસની વર્ણમાંથી ઉઠી–નીકળી જવું,** માણસના સાધારણ રસ્તાઓથી આડાં ફંટાવું; વિચિત્ર જીંદગી ભોગવવી.

૨. માણસ જાતની છેકજ નીચામાં નીચી કંગાળ સ્થિતિએ પહોંચવું.

૩. છેકજ અશક્ત થવું.

**માતા આવવાં,** માતાએ અંગમાં પ્રવેશ કરવો; ધ્રૂજવું; કંપવું; કેટલાક લોકો પોતાના અંગમાં માતા આણવાનો ઢોંગ કરે છે. અને ઢોંગથી ધૂતાઇને લોકો બોલે છે કે એને તો માતા આવ્યાં છે.

**માતા વળાવવાં,** બાજઠ ઉપર વસ્ત્રથી દેરી જેવો આકાર કરી તેમાં જ વારા લઈ સ્ત્રીઓ વાજતે ગાજતે માતાને દેરે શુભ પ્રસંગે મૂકી આવે છે તેને માતા વળાવવાં કહે છે.

**માતા વાવવાં,** જવારા વાવી ઢાંકી માતાનું સ્થાપન કરવું. (શુભ પ્રસંગે.)

**માતાનો કુકડો,** બહુ બોલો ને છાનો–ગુપ્ત ન રહે તેવા માણસને વિષે બોલતાં વપરાય છે. જુઓ **બહેચરાજીનો કુકડો.**

**માતાનો ભગત,** હીજડો.

**માતેલો સાંઢ,** તોફાની; ઉદ્દમાતિયા કે મસ્તીમાં આવેલા માણસને વિષે બોલતાં વપરાય છે.

**માથા ઉતાર,** માથા ઉતરતું–માથેથી ભાર ઉતારવાના સરખું; ભલીવાર વિનાનું.(કામ.)

**માથા વગરનું,** માથાની દરકાર ન રાખે તેવું; સાહસિક; મોટી આફતમાં પહેલ કરનાર; મરવાથી ડરે નહિ તેવું.

**માથાના કકડા થવા,** માથું નીકળી પડવું; માથું બહુ દુઃખવું; માથામાં કળતર થવી.

**માથાના કપાસીઆ કાઢી નાખવા,** માથાનો ગર્ભ–તેમાંનો વચલો પોચો પદાર્થ કાઢી નાખવો; મરણ પમાડવું. તે ઉપરથી એ ધમકી આપતાં વપરાય છે.

**માથાના વાળ ખરે એવું,** ઘણુંજ ભૂંડું; ન સહન થઈ શકે એવું. ( ગાળ. )

૨. ઘણુંજ કડવું ( ઔષધના સંબંધમાં. )

**માથાના વાળ ઘસાઇ જવા,** ઘણું દુઃખ સહન કરવું. ( બોજો ઊંચકી ઊંચકીને )

**માથાની તુમડી રહી જવી,** માથાપર ભાર ઊંચકી માથાનું તાલકું ખરૂં–રીઢું થવું.

**માથાની પાઘડી,** અગ્રેસર; આગેવાન. ( માણસના પોશાકનો ઊંચામાં ઊંચો ભાગ એ છે તે ઉપરથી. )

**માથાનું છત્ર,** આશ્રય આપાર વડીલ; માથે જે મોટું તે. ‘પુત્રને પિતા એ માથાનું છત્ર’ છે.

**માથાનો ઘા,** માથામાં ઘા લાગવા જેવું ઘણુંજ વસમું ને ત્રાસદાયક એવું જે કાંઇ તે.

‘એક પાદરીએ કહ્યું બીજાનો ઉપદેશ સાંભળવો એ મને માથાનો ઘા છે.’

માસિક સારસંગ્રહ.

“ કોન્સ્ટન્સ નામની એક ઉતરતા કુળની કન્યા સાથે તેની નિર્મળ પ્રીતિ થઈ

Gandhi Heritage Portal

હતી તેને છોડી જવું એ તેના મનને માથાનો ઘા હતો. ”

“ આવો ભાવનો શિકાર મૂકીને જવું તે ભગતજીને માથાનો ઘા થઇ પડયો. ”

કૌતુકમાળા.

**માથાનો ફરેલો-ફાટેલો,** મિજાજમાં આવ્યું તે કરનારો; કોઇનું કહ્યું ના માને તેવો મગરૂર અને હઠીલો.

**માથાનો મુગટ-મણિ,** શોભા આપનાર વડીલ (મુગટ કે મણિ જેમ માથાને શોભાવેછે તેમ.)

‘ તે ન હોય ત્યારે અમે તમને માથાના મુગટ માનીએ પણ જ્યાં સુધી તે બાર વરસના બિરાજે છે ત્યાં સુધી અમે તમને છોકરાંમાં ગણીએ. ’

પ્રતાપનાટક.

‘ આજ આપણો ભરથાર, આપણું શીર છત્ર, આપણું પ્રતિપાલન કરનાર તથા આપણા માથાનો મુગટ રણક્ષેત્રમાં પડયો.’

કરણઘેલો.

‘ દધિના દાણના વેચાણમાં છું તમ તણી જે, હું તો જાણું છું જગજીવન માથાના મણિ જો. ’

દયારામ.

**માથા પર (હોવું-આવવું-જવું),** મુરબ્બી તરીકે.

૨. બહુજ નજદીક; ઘણુંજ લગોલગ.

‘ હું તને પવિત્ર ભગનીઓના ભેગી રાખીશ, માટે જલદી દોડી આવ; પ્રશ્ન પૂછવાને ઉભી રહીશ નહિ. અરે ! પેલા લોકો માથાપર આવી પહોંચ્યા હવે મારાથી થોભાય નહિ, હું જાઊં છું. ’

શે. કથાસમાજ.

‘ વખતે એકાંતમાં હોય કે કાંઇ છાની વાત કરતાં હોય ને ચટ દઇને તેના માથા ઉપર જઇને ઊભા રહેવું તે ખોટું. ’

ભામિનીભૂષણ.

**માથાપર કલેઢું ઊંધું પાડયું છે,** માથે હજામત બહુ વધી છે. (વધેલી હજામત કાળા કલેઢાના જેવી દેખાયછે તે ઉપરથી.)

**માથાપર થનથન કરવું,** શીરજોરી કરવી; બહેકી જઈ દુઃખ દેવું; માથામાં ધુમાડો રાખી જોસમાં સામા થવું.

“ ગંગા, નગણી બનીને આજે નબળાં માતાપિતાના માથા ઉપર થન થન કરે છે પણ જો મારા સરખી તને મળી હોત તો સઘળો મદ મૂકાવી દેત. ”

કુંવારી કન્યા.

**માથા પર ભમવું,**-લટકવું-હોવું, કોઈ માઠો બનાવ બને એવા ભય કે ધાકના સંબંધમાં વપરાય છે.

“ માથા ઉપર મરણ ભમેછે, એ લીધો કે લેશે. ”

ભોજોભકત.

**માથામાં ગજ ઘાલ્યા છે?** મિજાજ વધીગયો છે ? (એમ ઘણા ગર્વિષ્ટ માણસને વિષે બોલતાં વપરાય છે.

**માથામાં ટપલા વાગવા,** ઠોકખાવા; અડચણ કે દુઃખ અનુભવવું; ઘડાઈ ઘડાઈને ઠેકાણે આવવું. ‘માથામાં ટપલા વાગે ત્યારે સમજણ આવે.

**માથામાં ધૂમાડો રાખવો,** મિજાજ કરવો; મગરૂર બનવું; જોસમાં આવવું.

‘ તું માથામાં ધૂમાડો રાખી મને ઠગવા આવે એ કદી પણ બનનાર નથી, હું તને સારી પેઠે ઓળખુંછું.’

**માથામાં ધૂળ ઘાલવી,** આબરૂ કલંકિત કરવી; મેળવેલી કીર્તિની ખરાબી કરવી.

**માથામાં પવન ભરાવો,** મગરૂર થવું; મિજાજ વધી જવો.

‘ વળી પવન ભર્યો હોય જો તમારા શીરમાં, તો ઉતરજો સંગ્રામે.

ડાંગવેપાખ્યાન.

**માથામાં મારવું,** કોઈ તગાદો કરી માગતું

Gandhi Heritage Portal

હોય તો તેથી ગુસ્સે થઈ મોટાઈની મગરૂરીમાં આપી દેવું. 'કાલે તેના માથામાં મારીશ—મારી આવીશ.

૨. વેચનારે નઠારૂં આપ્યું હોય તો તે પાછું આપી આવવુ.

૩. બળાત્કાર કરવો; જુલમ કરવો.

'કાલે તેના માથામાં મારીને લઇશ.'

"ગભરાશો નહિ, હું હવે એ પાપી બાપના માથામાં મારીને તમારી સાથે પરણું છું."

ભટનું ભોપાળું.

**માથામાં વહેર ભરાવો,** મગરૂર બનવું; ગર્વિષ્ટ થવું;

૨. પતરાજખોર થવું.

**માથાએલી,** (સ્ત્રી.) અટકાવવાળી; અભડાયલી; અળગી.

**માથાવટી હલકી** છે, નીચ—કુવડ—કુલીનને ન શોભે તેવી સ્ત્રીને વિષે બોલતાં વપરાય છે. ભાર વક્કર ઓછો છે.

**માથાવટી હલકી પડવી,** માન ઘટી જવું; ભાર—વક્કર ઓછો થઈ જવો; ફીકું પડવું; વગોવાવું.

'હલકી મથોટી પડવાથી ઘણાંનાં કુળ નીચાં ગણાય છે અને તેમનાં છોકરાં પણ કુંવારાં જ મરેછે.'

ભામિનીભૂષણ.

**માથાવાઢ જેવું,** અતિશય અકારૂં; અળખામણું; કંટાળો ઉત્પન્ન કરે એવું.

'આબરૂદારમાં ખપ્યા પછી હલકો ધંધો કરવો પડે તે માથાવાઢ જેવું લાગે'

**માથા સરસા જડયા છે,** પાનું પડયું છે; મરતા સુધીનો સંબંધ થયો છે.

"તમારા કેંવાથી આપણને દુઃખ કે દુભણનથી, શું કરીએ? માથાહરા જડયા છે. આ તે કંઇ કુંભારના ઘરનું હાંલ્લું છે તે બદલી લવાય?"

તપત્યાખ્યાન.

**માથું,** કંઈજ નહિ, એવો અર્થ દર્શાવે છે. જેમ કે, તું તે શું કરવાનો છે તારૂં માથું? 'માથાનું' એટલે પહોંચી શકે એવું—**તારૂં તે શેનું માથું છે?** એમ લાંબા વખત સુધી માથું ફોડી કંટાળો આપનાર માણસને કહેવામાં આવેછે. **એને તો બે માથાંછે** એમ મગરૂર માણસને વિષે બોલતાં વપરાય છે. **એકથી બે માથાં ભલાં** એટલે બે જણની અક્કલ વધારે સારી મહેનત કરે. **બે માથાંનો ખર્ચ** એટલે બંને તરફનો ખર્ચ.

**માથું આપવું,** જીવ જતા લગી કોઇને માટે મહેનત કરવી; જીવ આપવો.

"મેવાસનાં ભીલડાં માથું આપે તેવા અને જબરા છે."

ગુ. જુની વાર્તા.

**માથું ઉતરવું,** માથું ચઢયું હોય તે ઉતરવું; માથું દુઃખતું હોય તે મટવું.

**માથું ઊંચું કરવું,** સામે થવું; શિરજોરી કરવી.

૨. પહેલ કરવી; હિંમત દર્શાવવી. 'માથું ઉઠાવવું' પણ બોલાય છે.' તે માથું ઊંચું કરી શકતો નથી.'

૩. કામમાંથી ફરાગત થવું—મોકળા થવું.

૪. ઊંચી સારી સ્થિતિએ પહોંચવું—સારી સ્થિતિ પ્રાપ્ત કરવી.

'બનતા સુધી તેઓ જબરદસ્તી વાપરતા નથી પણ સામો માણસ જો માથું ઊંચકે તો પછી છેલ્લા ઈલાજ તરીકે તે બાપડાઓને જબરદસ્તી વાપરવી પડે છે.'

સુબોધપ્રકાશ.

'એ હવે રાક્ષસની બુદ્ધિના બળે માથું ઉઠાવે છે પણ તેને ઉપાય યોજી બુદ્ધિ કૌશલ્યથી સપડાવવો સહજ છે.'

મુદ્રારાક્ષસ.

'અમારે રાજ જોયતું નહોતું, પણ તેણે અમારી મરજી ઉપરાંત અલાઉદ્દીનના

Gandhi Heritage Portal

સામું માથું ઉઠાવ્યું તેનાં ફળ અમે ભોગવીએ છીએ."

**માથું ઊંચું રાખવું,** જ્યારે માણસે કાંઈ પણ શરમ ભરેલું કામ કર્યું ન હોય ત્યારે તે પોતાનું માથું ઉંચું રાખી શકે, પણ આ પ્રયોગ સ્વભાવ અથવા સ્થિતિના સંબંધમાં કેટલેક દરજ્જે મગરૂરી બતાવે છે.

મગરૂર માણસ જેવો ડોળ રાખે છે તેવો રાખવો. જેમ,–

'તે તો માથું ઊંચું ને ઊંચું રાખે છે.' 'વળી કપટી–ઠગ માણસ પોતાનું માથું ઊંચું રાખે અને પોતે પ્રમાણિકમાં ખપવાનો પ્રયત્ન કરે.'

**માથું કાપવું,** ઘણીજ નુકસાનીમાં આણવું.

૨. વિશ્વાસઘાત કે દગો કરવો.

**માથું કુટવું,** નકામી મહેનત કરવી; માથાફોડ કરવી; ભાંજગડ–પંચાત કરવી.

૨. (શોકમાં.)

**માથું ખણવું,** શરમાઇને માથું નીચું ઘાલવું.

૨. આળસુની નિશાનીમાં માથું નીચું ઘાલવું.

'ઠપકો સાંભળી તેણે માથું ખણ્યું–ભોંય ખોતરી.'

**માથું ખાવું–ખાઇ જવું,** બડબડાટથી ચીડવવું; કાયર કરવું.

**માથું ધરાણે મૂકવું,** મોતનો ભય ન રાખવો; કોઈ સાહસ કે જોખમ ભરેલું કામ કરવાને માથાની કે જીવની દરકાર ન કરવી; માથું ગયુંજ છે એમ ધારી સાહસ કરવું.

'તે દીવસે હું ગંગામાં ડુબી જતો હતો ને એ ઊંડા ધરામાં કોઈએ પડવાની હિંમત ન કરી તે વખતે તેણે માથું ધરાણે મુકીને મને બચાવવાને ભુસકો માર્યો, તથા જીવને જોખમે મને કાઢયો એ કામ બીજો કોણ કરે એવો છે?'

**માથું ઘાલવું–મારવું,** એકાદા વિષય તરફ મન કરવું–મહેનત માંડવી.

૨. વચમાં પડવું.

૩. અથડાવું. (વહાણે)

'પંચાતોમાં પટેલ બનીને, માથું મારી મહાલે; નાત જાતની નિંદા કરીને, નવરો નખોદ ઘાલે.

કાવ્ય કૌસ્તુભ.

**માથું ચઢવું,** માથું દુ:ખવું.

'રાજકાજના રટણમાં ને રટણમાં ઉજાગરે અમાત્યનું માથું ચઢયું છે, તેથી અદ્યાપિ પોતે શયન છોડી ઉઠયા નથી.'

મુદ્રારાક્ષસ.

**માથું ચઢાવવું,** નકામી માથાફોડ કરાવવી; અકળાવવું; કાયર કરવું.

**માથું ઝીકવું–ફોડવું–પટકવું,** નકામી માથાફોડ કરવી–કરાવવી; નિરર્થક મહેનત કરવી–આપવી.

'અમસ્તો ત્યારનો માથું પટકયા કરેછે? શિષ્ય? ફોડો માથું તમે રહ્યા રહ્યા, અમે તો આ ચાલ્યા.'

મુદ્રારાક્ષસ.

**માથું નમાવવું–નીચું કરવું,** તાબે થવું; શરણે જવું.

**માથું નીકળી પડવું,** માથું દુ:ખવું; માથામાં કળતર થવી.

**માથું પકાવવું,** અકળાવવું. (નકામી માથાફોડથી.)

**માથું પાકવું–પાકી જવું,** કોઇની મહેનત કે તકરારથી અકળાવું; ઘણીજ અકળામણથી દુ:ખ થવું.

'પ્રતિહારી? આ ખાલી કટાકટથી મારૂં માથું પાકી ગયું છે, માટે શયનગૃહભણી ચાલ.'

મુદ્રારાક્ષસ.

'હવે અતિ થયું મહારાજ, કરો પ્રાણ પ્યારીતું કાજ; એમ બોલતાં ગઇ થાકી,

Gandhi Heritage Portal

ગયું માથું જાણે પાકી.'

કવિ દ્વારકાદાસ

**માથું ફરવું,** ચક્કર આવવા; તમ્મર આવવાં.

૨. ચીઢાઈ જવું; મિજાજ જવો; ગુસ્સો ચઢવો.

**માથું ફાટી જવું,** માથું દુઃખવું, (તાપથી) ૨ (દરદથી.)

૩. (બદબોથી.) ૪. મિજાજ હાથમાં ન રહેવો અથવા ગુસ્સો ચઢવો.

'મધ્યાન્હમાં માંકડાંનાં માથાં ફાટી જાય તેવો માર મારનો તડકો પડતો હતો.'

ગુ. જુનીવાર્ત્તા.

**માથું ફેરવવું,** ગુસ્સામાં.

**માથું બોડવું,** કંઈજ ન આવડવું અથવા ધંધા વિનાના હોવું.

**માથું ભાગવું,** સરસાઈમાં ચઢવું; નાદ–ગર્વ ઉતારવો.

૨. નુકસાન કરવું; દુઃખ દેવું.

'તે રોજ બશેર ઘીનું માથું ભાગે છે.'

**માથું ભારે થવું,** મિજાજ વધી જવો; ગર્વથી ફુલાઇ જવું.

૨. માથામાં દુઃખ થવું; માથું દુઃખવું.

૩. માર માગવો. 'એનું માથું ભારે થયું છે.'

**માથું ભોંયમાં ઘાલવું,** શરમાઈ જવાથી નીચું ઘાલવું; નીચું ઘાલી જોઈ રહેવું; (અમુક નિંદ્ય કામ કરવાથી.)

**માથું રંગવું,** માથામાં મારી લોહી કાઢવું.

**માથું વેગળું મૂકવું,** કોઈ સાહસ કામ કરવામાં જીવની દરકાર ન કરવી; મોટી આફતમાં પહેલ કરવી; મરવાથી ન ડરવું.

'જે વેળે વસ્તીમાં વસતાં પ્રાણીઓએ, અને પશુ પક્ષીઓએ રાણાની આણ માની પોતાનાં થાનક તજ્યાં છે, તે વેળે તું નિર્ભય થકો, અને કરેલા દેશમાં મેંઢાં ચારવા નીકળ્યો છું તે ખરે માથું વેગળે મૂકયા જેવું કામ કર્યું છે! સાફ તને કહેવામાં આવે છે કે તારો ગુન્હો માફ નહિ થાય.'

પ્રતાપનાટક.

**માથું સોંપવું,** શરણે પડવું;–આવવું.

૨. જીવ આપવો.

**માથું હલાવવું,** હા કે ના કહેવી. 'માથું ધુણાવવું' પણ બોલાય છે.

**માથે અંકુશ,** દબાણ; દાબ; અટકાવ; બંધન. (લાક્ષણિક.)

**માથે આવવું,** અટકાવ આવવો (સ્રીને.) 'તે માથે આવી છે.'

૨. જવાબદારી તળે આવવું. 'આ કામ મારે માથે આવ્યું છે.'

૩. કનકવો આકાશમાં ઉંચે ચગાવનારના માથાની સીધી ઉભીલીટીમાં લગભગ આવવો.

'આ લીલી પતંગ એવી સરસ છે કે ચગાવવાની સાથે માથે આવી જાય છે.'

૪. (સૂર્ય.) બપોર થવા; મધ્યાન્હ થવા.

**માથે ખેંચી લેવું,** પોતાની જાતપર ખમવું. (લડાઈ–મહેનત જોખમ વગેરે)

**માથે ગાળ ચઢવી–બેસવી,** આળ, તોહોમત બેસવું; લોકોમાં કાંઈ અમુક બાબતની કહેણી ચાલવી (પોતાને વિષે ખોટી બાબતમાં.)

'અપકીર્તિ મારી થશે જો, કન્યા પરણ્યા કાપડી; મેં પ્રતિજ્ઞા ફોગટ કરી, જો ગાળ મુજ માથે ચઢી.'

દ્રૌપદી સ્વયંવર.

**માથે ગાળ મૂકવી,** આળ મૂકવું; કલંક ચઢાવવું.

'સમે સમો તમે સમજો નહિ ને, કરતા હીંડો આળજી, લોક શું જાણે જે ટેવ પડી છે, મૂકે માથે ગાળ–પેર ન જાણોજી.''

કવિ દયારામ.

Gandhi Heritage Portal

**માથે ધાઘરી મૂકી ધુમવું,** ખોટી બાબતોમાં આગેવાની કરવી; મોટા ભા થઈ ધાલમેલ કરવી; નરસાં કામમાં ભાંજગડ કે પંચાત કરવી.

**માથે ઘાલવું–નાખવું,** જવાબદારી ઉપર સોંપવું–હવાલે કરવું.

૨. માથે પાણી ઘાલવું.

**માથે ચઢાવવું,** કબૂલ કરવું–રાખવું, સ્વિકારવું. (ઇનામ, હુકમ વીગેરે.)

૨. હદ ઉપરાંત છુટ આપી બહેકાવવું (ચઢાવવાના અર્થમાં.) બેમર્યાદ કરવું; અતિશે વંઠે તેમ કરવું.(લાડમાં)

'પ્રસુતા તણી શીખ માથે ચઢાવી.' અતિકાય બેઠો નિજરથ આવી." રણયજ્ઞ.

'તે જે સદ્દવચન કહે તેને પુષ્પની પેઠે માથે ચઢાવી વેદનાં વચનરૂપ, સ્મૃતિના શિક્ષણરૂપ અને પુરાણના પ્રસિદ્ધ પ્રમાણરૂપ સમજી સન્માન આપવું.'

સુંદરી ગુણમંદિર.

**માથે ચઢી બેસવું–વાગવું,** હુકમ ન માનવો; બ્હેકી જઈ દુઃખ દેવું; બેમર્યાદ થવું. (લાડમાં.)

૨. કોઈની સત્તા ખુંચી લેવી.

૩. સરસ–ચઢીઆતા થવું.

'એ વળી એને માથે ચઢી બેસે.'

**માથે ચપટી ભભરાવવી,** (ખોટી–નરસી બાબતમાં) મમત–મદ વગેરેમાં વધવું.

'એ તેને માથે ચપટી (ધુળની) ભભરાવે તેવો છે'

**માથે ચીંથરૂંએ ન રહેવું,** છેક હીણી–કંગાલ સ્થિતિમાં આવી જવું; કોઈ ભાવ ન પુછે એવી નીચ સ્થિતિમાં આવવું; કોઈ નિંદ્ય કે લોક વિરૂદ્ધ કામ કર્યાથી લોકો ટોકી ખાય તેવી દશાને પામવું.

**માથે ચોંટવું,** કલંક બેસવું; લાંછન લાગવું.

૨. આશરે–શરણે રહેવું; પાતું પડવું; પાલવે પડવું. 'મૂર્ખ સ્ત્રી માથે ચોંટી'

૩. પોતાની જવાબદારી તળે કામ કરવાનું આવવું. 'એ તો હવે તમારે માથે કામ ચોંટયું. (કંટાળામાં બોલાય છે.)

**માથે છાણાં થાપવાં,** માથે ચઢી વાગવું; બ્હેકી જઈ દુઃખ દેવું; લાડમાં વંઠી જવું.

**માથે છાપરૂં વધવું,** આખે માથે હજામત વધવી; હજામતના વાળ વધવા.

**માથે છીણી મૂકવી,** નુકશાન કરવું; ખરાબી કરવી; બગાડ કરવો–નાશ કરવો. 'લૂગડાને માથે છીણી મૂકી'

૨. તોટો–ગેરફાયદો કરવો.–'રૂપીઆને માથે છીણી મૂકી.'

**માથે છેડો નાખવો,** બૈરાંઓ પોતાથી મોટાંની અદબ રાખવામાં માથાનો છેડો મોઢાપર ખેંચે છે—લાજ કાઢે છે તેને બદલે છેડો માથાપર નાખવો કે જેથી આબરૂ ઉઘાડી પડે, તે ઉપરથી અદબ–મર્યાદા ન રાખવી; અંકુશમાં ન રહી માઝા તોડવી.

'ફરૂં છું રે માથે નાખી છેડો,
લાગ્યો રે મને નટવરશું નેડો;
લોકો રે કહિ કહિ શું કરશે,
લજ્જા રે મેલી શંકા કોઈની ધરશે.
સ્વાંગ સજી આ ભસી ભસીને
મરશે-લાગ્યો રે મને૰

નૃસિંહ મહેતા.

'લાજ મૂકીને માથે છેડારે નાખ્યો,
તેને સ્વામિનો નહિ પાર.'

કવિ બાપુ.

**માથે છોગાં મૂકે એવું,** સુંદર ખુબસુરત; શોભા આપે એવું (આકૃતિ–શણગાર–પ્રકાશ વીગેરેથી.)

૨. મમત–મદ–સરસાઈમાં વધે એવું.

'જો તમે તેને તોલે બે ચાર રૂપિઆ ઘડાઈ આપશો તો તે તમને વિલાયતી ને માથે છોગાં મૂકે એવી બેનમુન સોનાની સાંકળીઓ બનાવી આપશે.'

દે. કા. ઉત્તેજન.

Gandhi Heritage Portal

**માથે ઝાડ ઉગવાં બાકી છે,** ( દુઃખનાં. ) મતલબ કે ઝાડ ઉગ્યાં હોય તો દુઃખ કેટલું પડયું છે તેની નિશાની રહે અથવા તે ઉપરથી જણાઈ આવે; એ પ્રમાણે ઘણોજ દુઃખી માણસ દુઃખથી કાયર થઈ બોલે છે.

**માથે તાણી લેવું,** કોઈ કામ પોતાની જવાબદારીપર કરવું અથવા કરવાને માગવું.

૨. પોતાની જાતપર ખમવું. ( લડાઈ મહેનત, જોખમ વગેરે. )

**માથે તાલ પડવી,** ભાર ઉંચકી ઉંચકીને માથાના વાળ ઘસાઈ જવા.

**માથે થઈ છે,** 'માથે આફત આવી પડી છે.'

"સોમનાથ, અન્નદાતા, જગતમાં રહી શકાય નહિ એવી અમારે માથે થઈ છે."

મિથ્યાભિમાન નાટક.

'જાશો ચોરાશીમાં વહી,
મમ્મા માથે બહુ થઈ.'

ભોજો ભગત.

**માથે થવું,** અટકાવ આવવો; અળગું બેસવું (સ્ત્રીએ.)

**માથે દુશ્મન ગાજવા,** માથે દુશ્મનનો મોટો ભય હોવો; દુશ્મન બળવાન થવા.

"કાયા કેવી કથળી ગઈ? માથે સઘળા દુશ્મન ગાજે છે, ઉછળતા દરિયાની છોળો વચ્ચે વેળુના તરતા બેટ ઉપર વસવું તેવી આપણી હાલત છે."

પ્રતાપનાટક.

**માથે ધૂળ ઘાલવી,** કજીઆમાં આગળ પડતો ભાગ લેવો.

**માથે નાખવું,** હવાલે કરવું; સોંપવું; પોતાને માથેથી જવાબદારી ઉતારી બીજાને સોંપવી.

'મા દિકરી વાતોના તડાકા માર્યા કરે ને રાંધવા સિવાય બાકીનો સઘળો ધંધો બિચારી સુંદરને માથે રાખે.'

સાસુવહુની લડાઈ.

આ અર્થમાં 'માથે ઢોળવું પણ' વપરાય છે.

૨. (શોકમાં.) લુગડું માથે નાખવું.

**માથે પડવું,** જવાબદારી·દેવી પડવી ( કાંઈ કામ ઉપાડી લેવાની. )

૨. નુકશાન ખમવું પડે તેવી હાલતમાં આવવું.

૩. દૈવજોગે બનવું અથવા કોઈ કારણથી પ્રાપ્ત થવું.

'માથે પડી વિશ્વેદેવા' એમ કહેવાય છે એટલે માથે પડી તે ભોગવ્યા વિના છુટકો નથી. "બારસેં રૂપિયા માથે પડેલા જાણી નંદલાલ વ્યાસના શોકસંતાપનો પાર રહ્યો નહિ."

મણિ અને મોહન.

"વેચવાને માટે સો ચોપડીઓ મંગાવી ખરી પણ આખરે માથે પડી."

"સ્ત્રીઓ સ્વભાવે કોમળ હોય છે પણ જ્યારે માથે આવી પડે છે ત્યારે પુરૂષના કરતાં પણ તેમનો જોસ્સો વધી પડે છે."

સ્વદેશવત્સલ.

**માથે પાણી ઘાલવું,** મંદવાડમાં નાહ્યા વિના ખાધું હોય તે માટે સારૂં થયા પછી પ્રાયશ્ચિત કરી બ્રાહ્મણ જમાડવા.

**માથે પાણી ફરી વળવું,** નિરાધાર અને કંગાળ સ્થિતિમાં આવી પડવું.

૨. બરબાદ જવું; નકામું થવું; ફોગટ જવું; નુકસાન થવું; બિગાડ થવો.

**માથે પાણી ફેરવવું,** ધૂળ મેળવવું; બગાડવું; નુકશાન કરવું; વ્યર્થ જાય એમ કરવું.

'બાપદાદાની મેળવેલી આબરૂને માથે પાણી ફેરવ્યું.'

૨. ચઢવું; વધારે સરસ થવું; તપી જવું.

'દેશીઓ અહીંનાજ કારીગરોને ચોડી ઘણી મદદ આપી એવું કામ આદરવાની ઉશ્કેરણી આપે તો પસંદ પડે એવી અને વિલાયતીને માથે પાણી ફેરવે એવી બાક-

Gandhi Heritage Portal

ડીઓ તેઓ સસ્તી કીંમતે મેળવી શકે.'

દે. કા. ઉત્તેજન.

૩. ન લેખવવું; મમત—મદમાં ચઢીઆતું હોવું.

'તે એને માથે પાણી ફેરવે એવો છે.'

**માથે ભાગવું,** નુકસાનવાળું અથવા મરજી વિરૂદ્ધ એવું જે કંઈ તે ભોગવવું પડવું.)

'મુજ કુંવરી કુમળી અહા,
સર્વ કળાસંપન્ન;
તેને માથે ભાગિયું,
આવું અમુલ્ય રતન.

કવિ બુલાખીરામ.

'મારા અભાગિયાને માથે તો એવાંજ કામ ભાગેલાં છે.'

ઉત્તર રામચરિત્ર.

**માથે મારવું,** વેચનારે નઠાઈ આપ્યું હોય તો તેને પાછું આપવું.

૨. કરો ચણવો; અધુરો ન રહેવા દેતાં પૂરો મોભ સુધી ચણી લેવો. (કરો માથે મારવો.

૩. મરજી વિરૂદ્ધ એવું જે કાંઈ તે સોંપવું.

"વગર તપાસે, લૈકિક ભાસે,
માબાપે માર્યો માથે;
તારે હસવું, મારે વસવું,
અણગમતા સ્વામી સાથે."

વિદ્યાવિલાસ.

**માથે મોડ હોવો,** આગેવાની હોવી. (ઘણું ખરૂં નરસી બાબતમાં) 'કોને માથે મોડ છે?'

**માથે મોત ભમે છે,** આવી બન્યું છે; મરવાનો થયો છે.

'નથી અવતર્યો કોઈ ધર્ણું.
એને માથે ભમે છે મર્ણું.

લક્ષ્મણા હરણ—પ્રેમાનંદ.

**માથે રાખવું,** પોતાની જવાબદારી ઉપર—પોતાના એકલાના નામ—ખાતાપર રાખવું.

**માથે લેવું—હોરવું,** કોઈ કામ પોતાની જવાબદારી ઉપર કરવું અથવા કરવાને માગવું.

૨. પોતાની જાતપર ખમવું. (લડાઈ—નુકસાન વગેરે.)

**માથે શિંગડાં,** (ઓળખવાની શિંગડાં જેવી નિશાની હોવી.) ચોરને—મૂરખને માથે શિંગડાં નથી હોતાં, એટલે તેમને ઓળખવાની નિશાની નથી હોતી, પરંતુ તેઓ તેમના કર્મથીજ ઓળખાય છે.

'જૂઠો નહિં તો જૂઠાને માથે શિંગડાં.' એમ બોલાય છે.

**માથે હાથ,** મહેરબાની; રહેમ; આશ્રય; આધાર; કૃપા.

'બીજી સવારથી વીરાધીરાને મોં માગ્યો તૈયાર ખોરાક મળવા લાગ્યો, માથે મહારાજાનો હાથ થયો તેથી તેમને છુટથી વર્તવાની રીતમાં કાંઈ ન્યૂનતા રહી નહિ.'

વીરાધીરાની વાર્તા.

"આદ્ય અંતનું કારણ જાણે,
ઘટારત હશે તે કરશે નાથ;
પણ પાંડવની પ્રતિપાળ કરે છે,
અમારે માથે તેનો હાથ.

સુરેખાહરણ.

'તેને માથે ગુરૂનો હાથ છે.'

**માથે હાથ દેવો,** (નિરાશ—આશાભંગ કે દિલગીર થવાથી.)

**માથે હાથ મૂકવો—ફેરવવો,** આશિર્વાદ દેવો.

'રૂએ રાણી રૂદયા ફાટે રે,
કોણ ફેરવશે હાથ,
મોસાળ પધારો રે.'

નળાખ્યાન.

'મસ્તક ઉપર હાથ મૂકી,
કહે શ્રી ગોપાળ,
દુઃખ વેળા મને સંભારજે,
હું ધાઈ આવીશ તત્કાળ.'

મામેરૂં.



Gandhi Heritage Portal

૨. એક જણે પોતાનો ગુણ–સ્વભાવ બીજાને આપવો. (નરસો.)

**માથે હોવું,** અટકાવ હોવો (સ્ત્રીને)

**માથેથી ટપલો ઉતારવો,** કહેવત ટાળવી; મહેણું ટાળવું.

**માથેથી ટોપલો ઉતારવો,** ભલિવાર વિનાનું કામ કરી જોખમ ખસેડી નાખવું; જુમ્મો કાઢી નાખવો; જવાબદારીના બંધનમાંથી છૂટાં થવું. 'માથેથી ઉતારવું' પણ બોલાય છે.

**માન માગવું,** કાલાવાલા કરવા. (જુની કવિતામાં.) ' કારજ પડીયું કેશવા,

વલું વલું વિઠલા,

બેઉ કર જોડીને માન માગું, ”

હારમાળા.

' માન માગે રે માન માગે. '

**માફ કરો બાપજી,** મતલબ કે મને કામ સોંપતા જ નહિ. (એમ ભયવાળું કામ સોંપતાં બોલાય છે.)

**મામ મામના વાંધા,** ખાવા પીવાના સાંસા; પુષ્કળ ગરીબાઈ.

' એ બિચારાને તો મામ મામના વાંધા છે.'

( મામ–શબ્દ બાળકોમાં ભાત દાળને માટે વપરાય છે, તે ઉપરથી.) ખાવાપીવાને માટે કાંઈ ન મળવું તે.

**મામલો લૂંટાવો,** મોટું—ભારે નુકસાન થવું; (માલમિલકત વીગેરેનું.) કિંમતી વસ્તુનો નાશ થવો. માલમિલકતને મોટી હાનિ પહોંચવી.

**મામા જગના,** ( આખા જગતનો મામો તે ઉપરથી. )

દોઢડાહ્યા માણસને માટે વપરાય છે.

**મામા મળવા,** ચોર—લૂંટારા મળવા, (વાંકામાં.)

**મા માસી ઓળખવી,** એ સરખી વસ્તુઓને જૂદી પાડી ઓળખવી.

૨. ભેદ શોધી કાઢવો.

૩. જાત–પ્રકાર–રીત–તરેહ સમજવી કે પારખવી. ( કોઈ માણસ કે વિષયના સંબંધમાં શુદ્ધ લાગણીની ખાત્રી કરવાને પ્રસંગે એ વપરાય છે. )

**મામો લર્ગાનિયો,** ઠાઠમાઠિયો; દબદબો–ઠમાકભપકાવાળો; શોભા–ઠઠારો કરનારો.

**માયનો પૂત,** વીર પુરૂષ; હિંમતવાન.

**માર્ગ લેવો,** રસ્તો પકડવો; નિકળી પડવું ( કંઈ જવાને.)

૨. રીત પકડવી—ગ્રહણ કરવી.

**માર્ગે ગુરૂ થવું,**—( મૃગશર નક્ષત્રનો ગુરૂ થાય ત્યારે પંચાંગમાં માર્ગે ગુરૂ એમ લખાય છે. એ માર્ગનો અર્થ રસ્તો કરીને ચાલવા માંડનારને માટે બોલવાની રૂઢિ પડી હોય એમ જણાય છે.) નીકળી પડવું; રસ્તો પકડવો; ચાલવા માંડવું.

' અર્ધ રાત્રીના સમયમાં સર્વે પોતપોતાનો સરસામાન સમેટીને માર્ગે ગુરૂ થયા.'

ભોજ સુબોધ રત્નમાળા.

**માર્યા જવું,** નુકસાની–ખરાબીમાં આવી પડવું.

" માટે કહે, એને ચેતી એ ચાલે,

નહિતો માર્યો જશે કોઈ કાળે,”

પ્રેમરાય અને ચારૂમતિ.

૨. શસ્ત્રથી કપાઈ જવું.

**માર્યો માર્યો ફરે છે,** દુઃખીઆરી સ્થિતિથી કાયર થઈ ગયેલો છે. ગાભરા બની ગયેલા માણસને વિષે બોલતાં વપરાય છે.

**મારકણી આંખ,** દિલમાં ઝટ અસર કરે એવી આંખ; હૃદયભેદક–દ્રષ્ટિ; ઝપટથી જબરી અસર કરનારી નજર.

**માર ખાવો,** નુકસાન ખમવું,–ભોગવવું.

૨. કોઈ માર મારે તે ખમ્યા કરવો.

**( હસતો માર અને મુંગો માર** ખાવો. )

Gandhi Heritage Portal

**માર ચાલવો,** ( કામનો. ) ઘણું કામ એકી વખતે આવી પડયું હોય તે તરતનું તરત કરવાનું હોવું-ઘણું કામ હોવું.

**મારમાર કરવું,** ઉપરાઉપરી માર મારવો.
૨. ઘણીજ તાકીદ કરવી.

**મારવાડની મઉ,** ( મારવાડમાં વારંવાર દુકાળ પડે છે ત્યારે ભૂખે મરતાં ને પીડાતાં માણસો આ તરફ ગુજરાતમાં આવે છે તે વખતે તેઓ ઘણા દહાડાનાં ભૂખ્યાં-કંગાળ અને ખાવાની લલુતાવાળાં હોય છે. તે ઉપરથી તેવાં કંગાલ અને નરમ માણસને વિષે બોલતાં વપરાય છે.

" મારવાડની મઉ બજારમાં ને ભાગોળે ભૂખે ટળવળે છે ને મરે છે તેને અન્ન પૂરૂં પાડવાને કોઈ બંદોબસ્ત કરતું નથી.'

વનરાજચાવડો.

' ભાન નહિ ભોજન તણું,
મારવાડની માઉ;
બિહે બાળકો બ્હારનાં,
જાણે આવ્યો હાઉ.

કવિ બુલાખીરામ.

**મારા તમારા વચ્ચેની વાતચીત,** જે બીજાને કહી ન શકાય તેવી—જાહેર ન પાડવા જેવી વાતચીત.

**મારી ખાવું,** હક વગર છુપી રીતે કોઇની પાસેથી લેવું. ( નાણું )

**મારીને હાથ ન ધોવા,** ઘણું જ ક્રુર અને નિર્દય હોવું.

' અન્નપૂર્ણા કહે વડી નાનીના કરતાં ચઢે પણ ઉતરે નહિ, મારીને હાથ ન ધોય તેવી છે.'

સાસુવહુની લડાઈ.

**મારીમારીને,** ૧. ચામડું તોડી નાખીશ.
૨.-હાડકાં ભાગી નાખીશ—રંગી નાખીશ.
૩.-તાલકું તોડી નાખીશ.
૪.-મોઢું ભાગી નાખીશ.
૫.-ફીણ કાઢી નાખીશ.
૬.-થુલું કાઢી નાખીશ.
૭.-માથાના કપાસીઆ કાઢી નાખીશ.
૮.-મકરપુરે લઇ જઇશ.—મૂકી આવીશ. ( વડોદરા તરફ )
૯.-રોટલો ઘડી નાખીશ.
૧૦.-એવડ વાળી દઈશ.
૧૧.-સેકટાં કાઢી નાખીશ.
૧૨.-આટો કાઢી નાખીશ.
૧૩.-કુચા કાઢી નાખીશ.
૧૪.-ભોંયભેગો કરીશ.
૧૫.-મણનો છ પાંચશેર કરીશ.
૧૬.-અડદાળો કાઢી નાખીશ,
૧૭.-કોથલો કરી નાખીશ
૧૮.-અધમુઓ કરી નાખીશ.
આ સર્વ પ્રયોગો ધમકી આપતાં વપરાય છે.

**મારી મૂકવું,** દોડાવી મૂકવું; જોરથી દોડાવવું.

" ઘોડા મારી મૂકયા, બળદ મારી મૂકયા. ઈત્યાદિ.

**મારૂં મારૂં કરવું,** આ મિથ્યા ક્ષણભંગુર સંસારમાં માયાપાશમાં લપટાઈ મિથ્યા અહંબુદ્ધિથી મારા તારાનો ભેદ રાખવો.

" ચાર દિવસના સુખને સારૂં,
ન કરો મારૂં મારૂંજી;
છોકરાં થએથી વધશે માયા,
માયામાં નહિ સારૂં.

સાચું કહુંછુંજી.
નર્મ કવિતા.

' મારૂં મારૂં કરીને ધન મેળવ્યું રે,
તેમાં તારૂં નથી તલભાર.-અંત.'

દેવાનંદ.

**મારે જાણે મેઘજીભાઇ,—વશનો પંડયો વશનોભાઇ, બલારાત, દૈવરાત, કાખરાત, પેંજારભાઇ** વગેરે. એમ બે દર-

Gandhi Heritage Portal

કારીપણે જવાબ આપતાં હું જાણુતો નથી અને જાણવાની દરકાર નથી એવા અર્થમાં બોલાય છે.

**માલામાલ થઈ જવું,** ખરાબેહાલ થઈ જવું; નબળી દશામાં આવી જવું; નરમ પડી જવું.

આવી રીતે અનેક કારખાનાં સ્થાપન થયાથી માલેકો તો માલામાલ થઈ ગયા."

જાતમહેનત.

૨. શરીરે અશકત થઈ જવું; શક્તિ–બળ વિનાનું થવું.

**માવડી મુખો,** માની સોડમાં જ ભરાઈ રહેનારો; માનું જ મોઢું જોઈ બેસી રહેનારો.

'માવડી મુખો જનાનખાનામાં જ પડી રહેવાની શોભા માગે છે.'

'હલાવી ખીચડી ને લાડ લડાવી દીકરી તથા માવડી મુઆ છોકરા એ ત્રણુ તો બગડ્યા વગર રહે જ નહિ.'

સુંદરી ગુણુમંદિર.

**માસીઓ કરવો,** મુએલા માણુસની પાછળ એક માસ પછી રોવા કુટવ ની તથા ખવરાવવાની જે ક્રિયા કરવામાં આવે છે તે.

**માળા ઘાલવી,** વર કે વધુ પસંદ કરવાની નિશાનીમાં ગરદનની આસપાસ માળા નાખવી. (સ્ત્રી કે પુરૂષે.)

૨. સંસારની કે કોઈ કામની વ્યવસ્થા કોઇને માથે નાખવી; ગળે જોતરૂં વળગાડવું.

**માળા જપવી—ફેરવવી,** સતત—નિરંતર કોઇનું નામ લેઇ તેને સંભાર્યા કરવું.

'હું કયારનો તારા નામની માળા જપ્યા કરૂંછું.'

૨. ખાખીબાવા થવું અથવા તેની પેઠે પૈસો ટકો કંઈ પાસે ન રાખવો.

૩. નિરૂદ્યમી હોવું; આળસુ રહેવું.

'ઘર, દાગીના અને વેપાર સૌ હસ્તક કરી લેશે એટલે તમે માળા જપજો.'

સરસ્વતીચંદ્ર.

**માળા ઝાલવી,** ખાખી થવું; સંસારથી વિરક્ત થવું; સાધુ થઈ જવું.

૨. દેવાળું કાઢવું.

" બહુધા લોકો કરમાં ઝાલે માળા,
ખરૂં પૂછો તો ન આપ્યાના ચાળા."

દ્રૌપદી હરણુ.

**માળી લેવું,** ( છાપરૂં. ) નળીઆં ચઢાવવાં; છાજી લેવું.

**મિથ્યા દુક્કડં, ( मिथ्या दुष्कृतं )** પાપની ક્ષમા માગતાં એ શબ્દ બોલવામાં આવે છે. (શ્રાવકોમાં.) ખરા શ્રાવકો દર વર્ષની રૂષિ પંચમીને દિવસે પોતાના પ્રતિપક્ષીઓની માફી માગે છે અને કહે છે કે આ ગયા બાર માસમાં જે કાંઈ બોલ્યાચાલ્યા હોઇએ અથવા ચોરાશી લાખ જીવાયોનિમાંહે મારા જીવે જે કોઈ જીવ હણ્યો હોય, હણાવ્યો હોય અથવા હણુતાં પ્રત્યે અનુમોદ્યો હોય તે સર્વે મન વચન કાયાએ કરી મિચ્છા દુક્કડં

" એહ એન્દ્રિ જીવરે, દોહ ગદુ હલા,
તેહ મુજ મિચ્છા દુક્કડુ એ,
ધીકે કરીને જેહ મેં છેદ્યાં છે દાળિયાં,
આવે રખે મુજ દુંકડાં એ,

શિલવતીનો રાસ.

**મિજાજ જવો,** ગુસ્સે થવું.'એ સાંભળતાં વાર જીવરામ શાસ્ત્રીનો મિજાજ હાથથી ગયો.'

મણિ અને મોહન.

**મિજાજ ઠેકાણે ન હોવો,** મિજાજ કાબુ–અંકુશમાં ન હોવો; મિજાજ જવો; રીસ હોવી.

'તે અધિકારીનો મિજાજ ઠેકાણે ન હોવાથી તેણે ગરદન પકડીને બારણુા બહાર હડસેલી મૂકયો.'

**મિજાજનું ઝાડકણ,** ઘણા મિજાજી ને મગરૂર

Gandhi Heritage Portal

માણસને વિષે બોલતાં વપરાય છે.

'એનો વર જણાય છે તો ઢોલામારૂ જેવો, પણ નર્યું મિજાજનું ઝાડકણ હોય એવું જણાય છે.'

ભામિની ભૂષણ.

**મિટ્ટી દાણાદાણ થવી,** ( માટી વિખરાઈ જવી. ) હાલહવાલ થઈ જવું; ખરાબ-ખસ્ત—પાયમાલ થઈ જવું; હેરાન થવું; છેક ભૂંડી દુઃખદાયક સ્થિતિમાં આવી પડવું.

"વલભી રાજાએ કરેલું અપમાન યાદ આવ્યું, દેશના આવેશમાં તેના ડોળા લાલ થયા, અને વેર વાળું, રાજાને ખરાબ ખરાબ કરૂં, એની મિટ્ટી દાણા દાણ કરૂં એમ બોલતો બોલતો ઓરડીમાં ફેરા ફરવા લાગ્યો."

વનરાજ ચાવડો.

**મિટ્ટીમાં મિટ્ટી મળી જવી,** દેહ પંચભૂતમાં મળી જવો; મરણ પામવું; મરી જવું.

"અરે રાજા કરણ તને તારો અવિચારી સ્વભાવ છોડતો નથી અને જ્યાં સુધી તારી મિટ્ટીમાં મિટ્ટી મળી જશે ત્યાં સુધી એ તારા સ્વભાવથી તારી ખરાબી થશે."

કરણ ઘેલો.

**મિથ્યા વાસુદેવ,** ( પુંડરિક નામનો રાજા લાકડાના બે હાથ ચોંટાડી ચતુર્ભૂજ રૂપે શંખ, ચક્ર, ગદા, પદ્મ ચારે હાથમાં રાખી, પોતાની પ્રજા પાસે પોતાને કૃષ્ણનો અવતાર કહેવડાવતો, ને પોતાની પૂજા કરાવતો; છેવટે કૃષ્ણે તેના બે હાથ છૂટા પાડી, પરાજય કરી મારી નાખ્યો તે ઉપરથી. ) મિથ્યાભિમાની અથવા આડંબર રાખનાર માણસને વિષે બોલતાં વપરાય છે.

**મિનમેષ નથી,** શંકા આણવા જેવું નથી; નક્કી છે; ખાત્રી ભરેલું છે.

'તેઓ કહે છે કે મિટ્રીસ, સદ્દગુણી અને સુંદર છે આ વાતમાં તો મિનમેષ નથી, વળી તેઓ એમ પણ કહેતા હતા કે તેના ડહાપણનો પાર નથી.'

શે. કથાસમાજ.

( જોષીઓ મિન, મેષ વગેરે રાશિઓ આંગળીને વેઢે ગણીને કંઈ વાત નક્કી કરે છે તે ઉપરથી. )

**મિયાં મશાલા વગર રહ્યા છે,** મતલબ કે જ્યાં સુધી પૈસા મળ્યા નથી ત્યાં સુધી જ પાંશરો ચાલે છે, પણ જ્યાં પૈસા મળ્યા એટલે તે પર તનમનિયાં કરશે.

**મિયાં મહાદેવનો જોગ,** અણબનાવ. હિંદી તથા ઈસ્લામી ધર્મ વચ્ચે પુષ્કળ આડ વેર ચાલતું આવ્યું છે તે ઉપરથી.

**મિયાંની મિનડી,** બીકણ બિલાડી; નામર્દ; નાહિંમત.

"મારવાડી બહાર ઘણો રોફ બજાવતો અને બેદરકારીથી વર્તતો હતો,—ખુશામત તો તેને ઝેર જેવી લાગતી હતી; પણ ઘેર આવે એટલે મિયાંની મિનડી જેવો જોઈ લ્યો. એક હાકોટો બાઈડીનો સાંભળે કે નરમ ઘેંશ જેવો થઈ જતો હતો."

કૌતુકમાળા.

**મિસ્સી લગાડવી,** ગાનારી વેશ્યાઓમાં ઉમરે પહોંચેલી છોકરીને પહેલવહેલી દાંતે મિસ્સી લગાવી ધંધામાં દાખલ કરવી.

"મુગ્ધાનો રતિ વિલાસ, સ્વકિયાનો ઉત્તમ, નવી મિસ્સી લગાવેલી સામાન્યાનો મધ્યમ, અને પરકિયાનો કનિષ્ટ છે."

નાયિકા વિષય, કવિ નર્મદ.

**મીઠડાં લેવાં,** ઓવારણાં લેવાં.

**મીઠી જીભ,** મીઠું મીઠું-મધુર મધુર બોલનારી જીભ; ખુશામત કરી મન રંજન કરે એવી મધુર ભાષણ કરનારી જીભ.

**મીઠી લેવી** પણ બોલાય છે.

"એક દહાડો એક દાસીના હાથમાં કુમાર રમતો હતો ત્યારે તે ગાંડી તેની પાસે

Gandhi Heritage Portal

ગઈ ને કરગરીને એકવાર કુમારને મીઠી લેવાની માગણી કીધી."

દિલ્લીપર હલ્લો.

**મીઠી મારવી,** કોટી કરવી; હૈયા સરસું ચાંપવું.

૨. હોઠે હોઠની ચૂમી કરવી.

**મીઠું મરચું ભભરાવવું,** ખરૂં ખોટું વધારી રસિક લાગે તેમ કરવું. **મરી મશાલો ભભરાવવો** પણ બોલાય છે. સામાનું મન ખુશ થાય એવી રીતે અતિશયોક્તિથી કોઇ વાત કે હકીકતનું વર્ણન કરવું.

**મીઠું લાગવું,** માઠું લગાડી અકળાવું; દુઃખ લાગવું; રીસ ચઢવી. **મરચાં લાગવાં** પણ બોલાય છે.

**મીઠું લોહી,** રૂપ, રંગ, કાંતિ, કંઇક સ્વભાવ સાથે એવી કે સહવાસ કરવાનું મન થાય.

"પૈસાદારનું મીઠું લોહી,
જાય ગરીબનાં ગુણ કાંતિ કોહી."

વિજયવાણી.

"ભણેલી સ્ત્રીને પોતાના પતિનું લોહી મીઠું લાગશે ને તેથી તે તેને કહેશે કે, પ્યારા, તમે જે કહેશો તે હું ભાવથી કરીશ."

નર્મગદ્ય.

**મીઠું ફેરવવું,** રદ કરવું—બાતલ કરવું.

"તારી આબરૂમાં મોટું મીઠું ફેરવશે,
એતો લઢવાને કાંઈ કાંઈ ઠેરવશે. સૂણો

કવિ બાપુ.

**મીઠું વળવું,** રદ થવું; બાતલ થવું.

"દુનિયામાં લોકો પોતાના વંશવડે યાદ રહેવાની આશા રાખે છે એ ખોટી છે; એ પ્રમાણે તો તે એક અથવા ઘણું તો બે પેહેડી સુધી ઓળખાય છે, પણ પછી તેનું મીઠું વળ્યું."

કરણઘેલો.

"તારે ખાવા પીવાનું વળ્યું મીઠુંજી,
ભર્યા ખેતરમાં પડિયું મોટું છીંડુંજી."

કવિ બાપુ.

**મીણ કાઢવું,** પુષ્કળ માર મારી મીણ જેવું નરમ કરી નાખવું.

૨. અતિશય મહેનત કરાવીને થકવવું. આ અર્થમાં **તેલ કાઢવું** એમ પણ વપરાય છે.

**મીણનો કરી નાખવો,** મીણના જેવો પોચો-માલ વગરનો કરી નાખવો; ગરીબને નિરાધાર કરી નાખવો. (સ્ત્રીએ પુરૂષને.)

"શું કહું બેન, મારા ભોગ છે, મારા વિજીઆને તો મીણનો કરી નાખ્યો છે, કોણ જાણે શુંય કરી નાખ્યું છે કે એના વિના બીજા કોઈને દેખતો જ નથી; ચંદા ગમે તેમ બોલે ને કરે પણ વિજીઓ કંઈ કહેનાર નહિ."

સાસુવહુની લડાઇ.

**મીણનો મોટી,** પોચો-માલ વગરનો પુરૂષ, તો પણ પોતાની સાથે પરણેલો.

"શણી સસરાની સુખકારક,
મહિયર પાલખી માહી;
પુરો પ્રવિણ કાં હીણકમાઉ,
મીણનોય પણ મોટી,"

કાવ્ય કૌસ્તુભ.

**મીણ મીણ થઈ જવું,** મીણ જેવું પોચું થઈ જવું; પલળી જવું; નરમ થઈ જવું.

**મુંબાઈનું મુડદું,** (મુંબાઈનું પાણી બીજી જગાઓના પાણીને મુકાબલે સારૂં નથી તેથી ત્યાંના લોકો મુડદાં જેવા જણાય છે તે ઉપરથી.) સુકા લાકડા જેવા શરીરવાળા માણસને માટે બોલાય છે.

**મુએલા માણસપર બેસીને ખાય એવું,** ઘણુંજ નિર્દય; ઘાતકી; દુષ્ટ; ક્રુર.

૨. ખરાબી-નુકસાન કરનાર.

**મુખનાં મલોખાં કરવાં,** (મલોખાં—રાડાં ચાવવાથી જેમ શેરડી જેવો સ્વાદ આવતો

Gandhi Heritage Portal

નથી, તેમ મોઢે મીઠું બોલવાથી કંઈ અંતરમાં પ્રેમ છે એમ જણાતું નથી તે ઉપરથી ) માત્ર મોઢે મીઠું મીઠું બોલી સારૂં લગાડવું; ઉપર ઉપરથી ખુશી કરવું.

" તારી પ્રીતિ પૂર્ણ પ્રેમદાપર,
તેવી પ્રીતિ કોઈ પર હોય,
મુખ મલોખાં કરી તુંને ઠગતી,
નીકળી ગયા પૂઠે બેઠો રોય;
એ ખેલ માયાનો રે,
કહેવાય ન કોથી કહી. પત્ની."

ધીરો ભક્ત.

**મુગે માર,** ખરેખરો હાથ, લાકડી વગેરેનો નહિ, પણ એવી તજવીજ કે જેથી બહુ દુઃખ થાય. પછડાવાથી, દબાવાથી કે માર પડવાથી ત્વચાનું છેદન થયા સિવાય શરીરના મૃદુ ભાગમાં ઈજા થાય છે તે. એમાં ત્વચાનો ભેદ નથી થતો તથાપિ તેની નીચેના અંદરના ભાગનો ભંગ થાય છે.

**મુઠી દાબવી-ચાંપવી,** લાંચ આપવી.

૧. સંકેત કરવો. **હાથ દાબવો** પણ બોલાયછે.

**મુઠી બંધ થઈ જવી,** આપતું અટકવું; આપવાનું બંધ રાખવું. એની મૂઠી હાલમાં બંધ થઈ ગઈ છે. ( કરકસરથી કે બીજા કોઈ કારણથી. )

**મુઠીઓ વાળી નાસવું,** જીવ લઈ નાસવું; જેટલું જલદી નસાય એટલું નાસવું. (ભયનું માર્યું. )

" નાઠા વિપ્રો ત્યાં મુઠીઓ વાળી,
કોઈ પાછું ન જુએ સંભાળી."

વેનચરિત્ર.

" એ એની આંખ ફાટી હતી તે વેળાએ તમે હોત તો મુઠીઓ વાળીને નાસી જાત."

પ્રેમરાય ને ચારૂમતિ.

" આ મૂઠી જેટલો મેવાડ તમારા શા હિસાબમાં છે કે **મુઠીઓ વાળો** છો.? "

પ્રતાપનાટક.

**મુઠીમાં રાખવું,** સત્તામાં રાખવું; દાવમાં રાખવું.

**મુઠીમાં સમાય એટલાં,** થોડાં; ઘણાંજ થોડાં; જુજ. ( બીજાના પ્રમાણમાં.)

'તમે શું એમ ધારો છો કે તમારાં મુઠીમાં સમાય એટલાં માણસોથી અમારૂં લશ્કર જીતાવાનું છે?'

કરણઘેલો.

**મુઠી નીચી થઈ જવી,** આબરૂ-ટેક ઓછો થઈ જવો.

'હરિ પાછી ફરે જો હુંડી,
તો તો નીચી થઈ જશે મુઠી;
લોકમાં લાગશે તમને ગાળ,
નરસૈં શેઠની મોટી ચાલ,

પ્રેમાનંદ. હુંડી.

**મુઠી અંતરવી,** છેતરીને કંઈ કાઢી લેવું; આડું અવળું સમજાવીને ઠગી લેવું.

**મુઠી મોચન કરવું,** હલકું પાડવું; છેક શરમાવી નાખી ઊંચું જોવા ન પામે તેમ કરવું; છેકજ માનભંગ કરવું; હજામત કરવી. (લાક્ષણિક)

**મુઠી હાથમાં હોવી, ચોટલી હાથમાં હોવી** જુઓ.

**મુદ્દલપર આવવું,** જાત-સ્વભાવપર આવવું; પોતાની જાત દર્શાવવી; પોત પ્રકાશવું.

**મુનિવ્રત લેવું,** ચૂપ રહેવું; મુનીની પેઠે અણબોલ્યું રહેવું.

**મુરત મંડાવું,** કોઈ કામ આરંભવાનો શુભકારી અનુકૂળ વખત નક્કી થવો. એ કોઈ અમુકના ઉપરજ આધાર રાખતો હોય ત્યારે તેને વિષે બોલતાં વપરાય છે. જેમકે ' શું એનાજ ઉપર મુરત મંડાયું છે' મતલબ કે એના સિવાય બીજા કોઈથી નહિ ચાલે?

**મુવા પડયા છે? શક્તિમાન નથી?** ( ખર્ચ ઉડાવવામાં. )

Gandhi Heritage Portal

**મુશ્કે બાંધવું**, પીઠ પાછળ હાથ બાંધી રાખવા.

'કેટલાક ચેપેં કરવા લાગ્યા તેમને મુસ્કે બાંધ્યા.'

અરેબિયનનાઈટ્સ.

**મુસાભાઇ ને વા પાણી**, વા અને પાણી સિવાય બીજું કાંઈ નહિ, ખાલીખમ; ધન માલ વિનાની હાલત.

'એના ઘરમાં તો મુસાભાઇને વા પાણી છે; એને કાંઈ ન્હાવું નીચોવવું પડે એમ નથી.'

**મૂછ ઉગવી–ફુટવી**, જુવાનીપર આવવું: (પુરૂષે.) હજી મૂછ તો ફુટી નથી.

**મૂછ ઉંચી રાખવી**, આબરૂમાં રહેવું. ટેકમાં રહેવું. 'તે પોતાની મૂછ ઉંચી ને ઉંચી રાખે છે.'

**મૂછના આંકડા વાળવા**, ફાંકડા દેખાવાને અથવા કોઈની સામા મરદામી બતાવવાને મૂછના વાળ આમળવા.

**મૂછ નીચી થઈ જવી**, શોભા–આબરૂ ઓછી થઈ જવી.

"વાણિયા મૂછ નીચી તો કહે સાડી સાત વાર નીચી એ કહેવત છે.' (મૂછ એ પુરૂષનું ભૂષણ છે તે ઉપરથી.)

**મૂછનો વાળ**, મૂછના વાળ જેવું ઘણુંજ પ્યારૂં. એમ કહેવાય છે કે એક વણઝારાએ મૂછનો વાળ ઘરેણે મૂકી રૂપીઆ ઉપાડ્યા હતા, તો તેને તે મૂછ કેટલી પ્રિય હશે.?

'તે પાદશાહનો એવો તો મૂછનો વાળ હતો તથા તેના મનપર તેણે એટલી બધી સત્તા મેળવી હતી કે તે માટે તે ગમે તે કરી શકતો હતો.'

કરણઘેલો.

**મૂછપર તા દેવો**, ફૂલાશ—મગરૂરીમાં મૂછના વાળ ઉંચા ચઢાવવા.

'ચૂલાશંકર ગોરને ઘેર જઈ કચરો મૂછે તા દેઈ રોજ બડાઈ મારે તે જાણી ગોરાણીનું મન લોભાયું.'

સાસુવહુની લડાઈ.

**મૂછપર લીંબુ રાખવાં–નચાવવાં**, બાંકા ટેડા–છેલ–ઈશ્કી જુવાનને માટે અથવા ગર્વિષ્ટ માણસને વિષે બોલતાં વપરાય છે.

'વાંકી જેની મૂછ,
જેહપર લીંબુ લે'કે;
વશ વરતાવે જગત,
કોણને આગળ તે કે'"

પ્રતાપનાટક.

'શું એ મૂછપર લીંબુ ચડાવી રાખનાર પ્રતાપસિંહની હિરાકુમારી?'

ડાંગવેપાખ્યાન.

**મૂછમાં હસવું**, ખડખડ હસવું નહિ પણ મોં મલકાવવું.

'એમ કહીને પુનઃ મણિશંકર મૂછમાં હસ્યો.'

મણિ અને મોહન.

**મૂછે લીંબુ છે, ટેક છે.**

'જ્યાં લગિ જરના જતા ઝરાનું,
પાણી પીને ધરાય રે;
'વાંકડી મૂછે ઠરે લીંબુ ને,
હું હું ને હું હું કરાય.'

નર્મકવિતા.

**મૂછે હાથ દેવો–ફેરવવો**, (ફાંકડા દેખાવાને) ૨. (કોઈની સામે મરદામી બતાવવાને અથવા મગરૂરીમાં.)

"હું મારીને બેસ કહું તો બેસે, ને ઉઠ કહું તો ઉઠે, પાણી પી કહું તો પીએ ને ના કહું તો ના પીએ; મરદ તે અમે, એમ કહી મૂછપર હાથ ફેરવીને બોલ્યો, મારા કહ્યા વગર એક ડગલું ભરાય શું?"

સાસુવહુની લડાઈ.

'હું હું કરી વ્હાલો ડોલતા,
વારે વારે મૂછે ઘાલી હાથ રે, સામા.'

કવિ બાપુ.

Gandhi Heritage Portal

**મૂતરી દેવું,** ગભરાઈ જવું. (ડર કે ધાસ્તીથી)

**મૂતરે દિવો બળવો,** 'શું તારે જ મૂતરે દિવો બળશે કે' એટલે કે તું હોઈશ ત્યારે જ કામ થશે કે?

**મૂળ ઊંડાં છે,** જેનો મર્મ કે કપટ બહાર દેખી કે કળી શકાતાં નથી એવા માણસને વિષે બોલતાં વપરાય છે. 'એનાં મૂળ તો બહુ ઊંડાં છે ભાઈ.'

**મૂળા કાપવું–ઉખેડી નાખવું,** જડામૂળ કાઢવું; સમૂળો નાશ કરવો.

૨. છેક જ પાયમાલ– ખરાબખાસ્તા કરી નાખવું.

'તેને કેમ હું પૃથ્વી આપું,
જેનાં જોઇને મૂળ હું કાપું.'

કવિ બાપુ.

'એ તો સારાં મનુષ્યનાં મૂળ કાપતો જ ફરે છે.'

પ્રેમરાય અને ચારૂમતિ.

**મૂળાનાં પાણી,** દમ–શૌર્ય–જોસ્સા વિનાનું કે હિંમત વિનાનું એવું જે કોઈ તે.

"દક્ષણીઓ તો મારાપર આસક્ત થઈ પડ્યા છે અને મને દેવતા બરાબર પૂજે છે. પણ ગુજરાતીઓ તો છેક મૂળાનાં પાણી છે. પૈસા માટે તે ગુલામ થઈ રહ્યા છે."

નવી પ્રજા.

**મૂળાના પતીકા જેવા ( રૂપિયા ),** ગોળ મટોળ અને સુંદર.

"શેઠ, મૂળાના પતીકા જેવા રૂપિયા ગણી આપ્યા છે ને હવે આડો જવાબ શા માટે આપો છો? લેતી વખત આપવા પડશે એમ જાણતા નહોતા.?"

કૌતુકમાલા.

**મૂળી સુંઘાડવી,** અજબ તરેહનો ગુણ દેખાડી પોતાના તરફનું કરવું; આડું અવળું સમજાવી ભમાવવું; ભોળવી નાખવું.

**મેખ ઠોકવી,** કંઈ અટકાવ કે સરત વચ્ચે આણી મૂકવી; થયેલા કરાર કે વચનમાં વચ્ચે અડચણ નાખવી.

૨. જરા ચસકાય કે ખસાય નહિ એવા રોકાણ–કે નિયમથી બંધાવું.

**મેખ બેસવી,** અટકવું; વિલંબ થવો. (વચ્ચે કાંઈ અડચણ આવી પડવાથી.)

**મેખ મારવી,** જુઓ **ફાંસ મારવી.**

૨. ઘણુંજ દુઃખ દેવું–સંતાપવું; કોઈ સખત નિયમના બંધનમાં લેવું કે જેથી જરા પણ છુટથી ખસાય નહિ.

**મેઘાડંબર ગાજવો,** (ઘનઘોર ઘટામાં ગડગડાટ થવો તે ઉપરથી લાક્ષણિક અર્થે.) લગનનાં ગીતમાં બૈરાંઓ લગનની ધામધુમ ને શોરબકોર બતાવવાના અર્થમાં વાપરે છે.

**મેજપર ચઢવું ( કામ ),** જ્યારે કામ નીકળી તેની ચરચા–વાદવિવાદ ચાલતો હોય ત્યારે એમ કહેવાય છે. તે ઉપરથી કામ જોરપર હોવું.

**મેડી કરવી,** સ્ત્રી પુરૂષ યોગ્ય ઉમરે આવે ત્યારે તેમને જૂદી એકાંત જગોએ સુવાડવાં. 'ઓરડી કરવી' પણ બોલાય છે.

'ધણીનું વય વધારે હોય તો પણ વહુની કાચી ઉમરે મેડી કર્યાથી તેના અંગનો બાંધો તૂટી જઇને તે વહેલી ઘરડી થશે.'

વનરાજચાવડો.

**મેથીના છે,** ફાયદો છે; લાભ છે. (લાક્ષણિક.)

**મેથીપાક જમાડવો,** માર મારવો. (વાંકામાં.)

"એક કારભારી ધસીને ઓરડામાં દોડી આવ્યો, પણ તરકટલાલભાઇ તો ભોંયે પડી આળોટીઆં મારતા ને ઉપરથી મોતીશાહ તેને મેથીપાક જમાડતો જોઈ તે તો છક થઈ જઈ ત્યાંથી છાનોમાનો પાછો નિકળી ચાલ્યો."

સદ્ગુણી માણેક.



Gandhi Heritage Portal

**મુસળીપાક આપવો** પણ બોલાય છે.

**મેદાન પડવું**, બહાર પડવું; પોતાના ખાસ ગુણાવગુણ લોકોની જાહેરમાં આણવા; આગળ પડવું; અજવાળામાં આવવું.

**મેદાનમાં આવવું,–પેસવું**, ( મેદાન એ એક લડાઈ કે કુસ્તી લડવા જેવી ખુલ્લી જગાછે. અથવા તે એક એવી જગો છે કે જ્યાં સામે થઈ શકાય, તે ઉપરથી લડાઇમાં રોકાવું; હરીફ અથવા શત્રુની સામે લઢાઈ લઢવી. 'કોઈની સામે મેદાનમાં આવવું' એટલે તેની સાથે લઢવા બાથ ભીડવા કબૂલ થવું.

૨. બહાર પડી બધાના જાહેરમાં આવવું.

**મેદી ચોપડી છે? પગે મેદી ચોપડી છે** જુઓ.

**મેર બેઠો ( સૂરજ )**, અસ્ત પામ્યો.

**મેલ મૂકવો ( અંતરનો )**, મન–અંતરની સફાઇ કરવી; નિષ્કપટથી જે હોય તે ખુલ્લેખુલ્લું કહી દેવું.

**મેલું વળગવું**,(લાક્ષણિક,) હરકતકર્તા કોઈ માણુસ કે દુઃખદાયક વસ્તુ વળગવી. ( એ મેલારૂપ છે તે ઉપરથી. )

**મેશનાં ગાડાં આવ્યાં છે**, આજ તો મેશનાં ગાડાં આવ્યાં છે એમ જેની આંખમાં મેશ બહુ આંજેલી જણાતી હોય તેને વિષે મજાકમાં બોલાય છે.

**મેશનો ચાંલ્લો**, અપકીર્તિ; લાંછન; કલંક; એથી ઉલટું 'કંકુનો ચાંલ્લો.'

**મેળ મેળવો**, બનતી રાશ આવવી; બનાવ થવો; મેળાપ થવો; વિચારની ઐકયતાથવી.

**મોં ઉપર શાહી રેડાવી**, આબરૂને કલંક લાગવું.

**મોં ચઢાવવું**, નાલાયક માણસને માન આપવું અથવા તેની સાથે આદરસત્કારથી બોલવું.

૨, રીસ ચઢાવવી.

**મોં જોવું, ( છોકરૂં. )** લાડમાં ઉછરેલું; ખોટનું.

**મોં ધોઈ જવું**, ખસી જવું; હઠીજવું; રડી ઉઠવું; અવસર આવે ખર્ચ ન કરવો.

"જેઓ પારકે ઘેર કોણીઓ વીંઝતા હોય તેઓ પોતાને ઘેર ઉજળો અવસર આવે ત્યારે મોં ધોઇ જાય એ શરમ ભરેલું કહેવાય"

પુસ્તકમાળા.

**મોં બાળવું**, તિરસ્કારમાં કોઇને દૂર કરવાના અર્થમાં બોલાય છે. 'મોંબાળ તારૂં'–જતો રહે અહિંથી.

**મોં માથું**, આધાર;પુષ્ટિરૂપ સહાયતા; સાબીતી.

"તે સાધુએ જરા કરડી નજર કરીને તરતજ જવાબ આપ્યો કે આ ખોપરી તે રાજાની હશે કે ભીખારીની હશે એ શોધી કાઢવાને કયારનો માથાફોડ કરૂંછું પણ મને મોં માથું સૂઝતું નથી."

માસિક સારસંગ્રહ

"સ્વપ્નની વાત કદી ખરી પડતી નથી. એ વાત આપ જાણોછો તો પણ આટલા બધા અધીરા થઇને મોં માથા વગરની બાબતની તજવીજ કરવા જવા આપ તાબેદારને આજ્ઞા કરો છો એ અમને તો ઉચિત લાગતું નથી."

વીરાધીરાની વાર્તા.

**મોં મૂકીને**, મોં છૂટું મૂકીને; શરમ કે–આબરૂની દરકાર રાખ્યા વિના.

"તે ઠેકાણે અત્યંત કુપિત થઇને સર્વ ધીરજ છોડી આર્યપુત્ર મોં મૂકીને રોયા હતા."

ઉત્તર રામચરિત્ર.

**મોં લેવડાવવું**, દગો આપી મોં ગળતું રખાવવું.

**મોં લેવાવું**, મોં વીલું પડી જવું.

"આથી ઘેલાભાઇનું મોં લેવાયું પણ તેણે ધીરજ રાખી પોતાની સઘળી સ્થિતિ

Gandhi Heritage Portal

સાહેબને જાહેર કરી. ”

એ બહેનો.

**મોંનું પાન,** ઘણુંજ પ્યારૂં; જેને વડે શોભા રહે એવું; જેનાથી મોઢાં લાલ થાય–જશ મળે તે.

‘ તે તો મારા મોંનું પાન છે. ’

**મોંનો ટાળો કરવો,** સામું ન જોવું; ઉડાવ્યાં કરવું. ( બે દરકારીથી. )

‘ પ્રજાને ઉત્તર ન આવે, રાય દેછે મોંનો ટાળો. ’

સુધન્વાખ્યાન–પ્રે. કૃ.

**મોંમાં મગ ઓરવા,** મૂગે મોઢે સમની પેઠે બેસી રહેવું.

**મોંમાં માખણ ઓગળતું નથી,** જરાપણ ગરમી ન હોયતો માખણ ન ઓગળે તે ઉપરથી રૂપકમાં નિરપરાધી, દમ વગરના કે કમજોરસાવાળા માણસને વિષે બોલતાં વપરાય છે.

“ જાણે મોંમાં માખણે ઓગળતું નથી એવો દેખાય છે. ”

**મોંમાં માય એવું ( બોલવું, )** વિવેકમર્યાદામાં ખપે એવું; શોભે એવું; પેશ પડે એવું.

‘ કૃષ્ણ દેવ–પ્રિયા ? તું તો કહીશ કે સવિતાને લાવી મારી સોડમાં ઉગાડો, કંઈ મોંમાં માય એવું બોલે તોજ માગ્યું અપાય, મેં કહ્યું માગો, ત્યારે માગીને માગ્યું તો ઠીક ? ’

સત્યભામાખ્યાન.

‘ એટલે નણંદનું અભિમાન સંતોષ પામતું અને ભાભી વ્હાલીજ રહેતી. ’

સરસ્વતીચંદ્ર.

**મોંઘું સોઘું થવું,** માન ચઢવું; ખુશામત માગવી; માન માગવું; ટેકમાં રહેવું.

“ અલીબાબાના ઘરમાં પગ પેસારો કરવાની કોજીયાહુસેનની પૂરેપૂરી ઇચ્છા હતી, તો પણ જમવા જવા તેણે ઉપર ઉપરથી ના ના કરવા માંડી ને મોંઘો સોંઘો થયો. ”

અરેબિયનનાઈટ્સ.

‘ હે સુંદરી ? રાજા સાથે મોઘાં સોંઘાં થવાય નહિ; એ બીજા સાથે ચાલે. ’

વીરમતિનાટક.

‘ તેની મતલબ ચેતી જઈ મુસાખાંએ મોઘા થવાનું ડોળ કર્યું. ’

સધરાજેસંઘ.

**મોકળું મૂકવું,** પોક મૂકવી.

**મોકાણ માંડવી,** ( કોઈ માણસ મરી ગયું હોય અને તેની મોકાણ માંડવાથી જેટલું દુઃખ થાય તેટલું દુઃખ થવું. ) ભારે નુકશાન થવું કે થતું હોય તેવી હાલત થવી.

“ વિશેષ લે આગળથી વ્યાજ,
દિલે રંકની ન ધરે દાઝ,
મૂડી સહિત મોકાણ મંડાય,
ચોરીનું ચંડાળે જાય,

કાવ્યકૌસ્તુભ.

**મોકાણના સમાચાર** એટલે માઠાસમાચાર.

**મોટા ભા થવું,** વડીલની પેઠે આગળ પડી કામ કરવું; જેમાં હોય તેમાં પહેલ કરી ધાલમેલ કરી મૂકવી; આગળ પડી જાણે બધું હુંજ કરૂં છું એમ શાબાશી દેખડાવનાર અથવા મેળવવા પ્રયત્ન કરનારને માટે બોલાય છે.

**મોટા લોક,** નાના છતાં મોટાના જેવું આચરણ કરનાર માણસને વિષે મજાકમાં બોલતાં વપરાય છે.

“ કેમ, કંઈ બોલશોજ નહિ કે ? હવે તમે તો મોટા લોક થયેલા જણાઓછો. ”

દિલ્લીપર હલ્લો.

**મોટી ખાટનો માંકડ,** કોઈ મોટાના આશ્રયે રહીને અથવા મોટાને લીધે થયેલા મગરૂર–ગર્વિષ્ટ–મસ્ત માણસને વિષે બોલતાં વપરાય છે.

Gandhi Heritage Portal

**મોટું મન,** ઉદારતા; સુખમાં છલકાઈ જવાનો જે ગુણ તે; ઉદાર મન; ઊંચા જોસ્સાનું; પરોપકાર બુદ્ધિવાળું મન.

**મોટું પેટ,** ગુહ્ય–મર્મની વાત; બહાર ન કાઢતાં મનમાં રાખવી તે; સહનશીલતાનો ગુણ રાખવો તે.

**મોટું મોં,** લાલચુ માણસને વિષે બોલતાં વપરાય છે.

**મોટું રાવણ જેવું મોઢું,** (રાવણનું મોઢું મોટું હતું તે ઉપરથી.) તોબરો ચડયો હોય તેવું–રીસાયલું–ચઢેલું મોઢું.

૨. સુજીને મોટું થએલું મોઢું.

**મોટે પાટલે બેસાડવું,** વધારે માન આપવું; વખાણ કરવાં; સારૂં સારૂં બોલી માન વધારવું.

૨. (મશ્કરીમાં) ઉંચે ચઢાવવું; ફુલાવવું; મોટું સન્માન આપવું.

"ઘરમાં ભાભી નણંદનુંજ ચાલવા દેતી; લોકમાં એનેજ મોટે પાટલે બેસાડતી, અને એનુંજ કહ્યું કરતી."

તારાબાઈ.

**મોટો જીવ,** માણસ જાત; એથી ઉલટું **નાનો જીવ;** (મોટા દેહવાળો અને નાના દેહવાળો.)

**મોઠી મારવી,** ખાવું; જમવું.

"આજે કંઈ મોઠી મારી આવ્યા છો કે શું?"

**મોઢા જેવું કર્યું,** કાંઈ સારું ન કર્યું હોય ત્યારે એ વિષે બોલતાં વપરાય છે.

"એ તો શું ઉગરે, પણ પરમેશ્વરે ઉગાર્યો, બાકી એણે તો એના મોં જેવું કર્યું હતું."

બ્રહ્મરાક્ષસ.

**મોઢાં લાલ થવાં,** જશ મળવો; ખુશ બખ્તી થવી. (બહુવચનમાં વપરાય છે.)

**મોઢાની મીઠાશ,** અંતઃકરણથી નહિ પણ ઉપરથી જે સારૂં સારૂં બોલવું તે; મોઢે મીઠું મીઠું બોલવાની રીત.

**મોઢાની વાતો,** માત્ર કહેવાની પણ તે પ્રમાણે વર્તવાની કે કરવાની નહિ.

**મોઢાનું છૂટું,** વાચાળ; સ્પષ્ટ અને સરળ વાણીથી બોલનાર.

**મોઢાપર કહેવું,** શરમ રાખ્યા સિવાય સમક્ષજ કહેવું.

"તેણે તેના મોઢાપર કહ્યું" એટલે તેની સમક્ષ તેનેજ. (પૂઠ પાછળ નહિ.)

**મોઢાપર થુંકવું,** ફિટકાર કરવો; ધિક્કારવું; તુચ્છ ગણવું.

"હવે આ નુકસાનકારક વાતમાં હું વચ્ચે છું તેથી તેમનું ભોપાળું બહાર પડતાં વાર મારી કેવી ફજેતી થશે, અરે? લોકો મોંપર થુંકશે, તે તો વિચાર હોય તું જ કર."

અરેબિયનનાઈટ્સ.

**મોઢાપરથી માખ તો ઉડતી નથી,** હોશ નથી; ચેતના–રામ નથી; હિંમત–દમ નથી; શક્તિ–જીવ નથી.

"મુખ થકી ન માખી ઉડે,
દૂબળા દેદારો,
જુદ્ધનું તો નામ સુણી,
છૂટે છે કંપારો.–ઈંગ્રેજો.

બાળલગ્ન બત્રીસી.

**મોઢાભણી હાથ કરવા,** ખાવું; જમવું.

**મોઢામાં આંગળી ઘાલવી,** (વિસ્મય પામતાં.) એકાએક ગભરાવું; ચકિત થવું; એકાએક અચરતી પેદા થવી; અજાયબ જેવું લાગવું. (વિસ્મય પામતાં થતો અભિનય.)

**મોઢામાં કીડા પડવા,** વારંવાર થુંક્યા કરનાર માણસને એમ કહેવામાં આવે છે કે શું મોઢામાં કીડા પડયા છે?

**મોઢામાં ખીલો ઠોકવો,** જે માણસ બોલવાને પ્રસંગે પણ બોલી ન શકતો હોય–

Gandhi Heritage Portal

જેની જીભ ન ઉપડતી હોય તેને વિષે બોલતાં એમ વપરાય છે કે એના મોંમાં ખીલો ઠોક્યો છે કે નથી બોલાતું. ?

**મોઢામાં જીભ ઘાલવી,** બોલતાં અટકવું; બંધ થવું; ચુપ રહેવું; અણબોલ્યા રહેવું.

"દીકરા સરદારવહુ ? લડાઈના કંઈ સમાચાર આવ્યા કે? તારા સસરા ક્યારના મોંમાં જીભ ઘાલતા નથી, અમે વૃદ્ધ અને અપંગ હવે ક્યાં જઈએ ?'

ગુ. જુની વાર્તા.

**મોઢામાં જીભ નથી,** એમ મૂગે મોઢે સ્તમની પેઠે બેસી રહેનારને વિષે બોલતાં વપરાય છે.

**મોઢામાં થુંકે એવું,** થુંકવાની જગો જાણે એવું; તુચ્છ ગણી કાઢે એવું; દરકાર ન કરે એવું.

**મોઢામાં દાંત નથી. ?** શૌર્ય; દમ જોસ્સો નથી ? ( બોલવામાં. )

**મોઢામાં ધૂળ નાખવી,** બાવરૂં બનાવી બોલતું એકદમ અટકાવવું; કોઈનું બોલવું ખોટું છે એમ સિદ્ધ કરી બોલતું બંધ કરવું-બોલેલું પાછું ખેંચાવવું; ફરીથી ન બોલે એમ કરવું; શરમાવી નાખવું; ગભરાવવું; 'મોઢું બંધ કરવું' એ કરતાં આ પ્રયોગ વિશેષપણું બતાવે છે.

'**गुर्जराणां मुखं भ्रष्टं**' એ પદ લખનાર ના મુખમાં ધૂળ નાખવા એકે પદે થઈ રહી છું.

પાંચાળી પ્રસન્નાખ્યાન.

**મોઢામાં લીલું તરણું ઘાલવું,** લાચારી-દીનતા-કંગાલિયત કે અશક્તિ બતાવવી; લીલું તરણું ઘાલવા જેવી તુચ્છ—હીણી અવસ્થા દર્શાવવી.

"મિહિરે લખ્યું કે તારે મોંમાં લીલું તરણું ઘાલીને રાજા ભૂવડને શરણે જવું; નહિતર લઢવાને સામા થવું."

રાસમાળા.

**મોઢામાં સાકર,** ( કોઈના મુખમાંથી નીકળતી શુભ વાણી ફળજો એવા અર્થમાં. )

"ડોસાએ કહ્યું નિશ્ચિંત રહો, રૂડાં વાનાં થશે, કેમ ભાઈ-બુદ્ધિધન ? કાકા, તમારા મોંમાં સાકર."

સરસ્વતી ચંદ્ર.

"દિકરા, તારા મોંમાં સાકર, ખરે નિર્દોષ બાળકના મુખમાંથી નીકળતી વાણી ફળે છે; સુદેવ, મારા અંતઃકરણમાં હર્ષ થાય છે."

નળદમયંતી નાટક.

૨. બોલવામાં મિઠાશ; મીઠું મીઠું બોલી અર્થ સાધી લેનાર માણસને વિષે બોલતાં વપરાય છે.

'તેના મોઢામાં તો સોમણ સાકર ભરીછે.'

**મોઢામાંથી દાંત કાઢી-પાડી નાખવા,** હરાવવું; બોલતું બંધ થાય એમ કરવું.

"ભલાભલાના મોઢામાંથી દાંત કાઢી નાખે એવો છે.'

**મોઢું અવળું કરી નાખવું,** એટલો માર મારવો કે મોઢું અવળું થઈ જાય ! ( અત્યુક્તિ ) ઘણોજ-સખત માર મારવો.

**મોઢું આપવું,** મોઢું બતાવવું; દરકાર રાખવી.

૨. મોઢું ગળ્યાં કરે તેવું ઓસડ આપવું.

"અલી જવા દે ઝવેરી ? એને ગોઝારીને મોં ન આપીશ"

ભામિનીભૂષણ.

**મોઢું આવડું થઈ જવું,** મોઢું લેવાઈ જવું; મોઢું ફીકું પડી જવું-ઉતરી જવું; ખસીયાણા પડી જવું; વાંક-મ્હેણાં-અપમાન વગેરેથી એકાએક શરમાઈ જવું.

**મોઢું આવવું,** મોઢું સુજવું-ફાટવું-તેમાંથી લાળ ગળવી.

૨. શરમમાં લેવાવું.

પુસ્તકાલય અમદાવાદ

Gandhi Heritage Portal

**મોઢું ઉઘાડવું,** (ખોટી-કંટાળો ભરેલી બાબતમાં વપરાય છે.) બોલાવવું અથવા બોલે એમ કરવું.

'આટલું થોડું અનાજ જલદી ખૂટી ન જાય, અને નિર્દય શાહુકારનું વારે વારે મોં ઉઘાડવું ન પડે એટલા સારૂ ગરીબ ખેડુતની બૈરી કેટલી સાવચેત રહે છે. ?'

દૈ. કા. ઉત્તેજન.

મોઢું ઉઘડવું એટલે બોલવું અથવા બોલવાની શક્તિ ધરાવવી.

"મને ખાત્રી છે કે તારી વિચિત્ર માગણી કરવાને કદાચ હું જઈશ, પણ મારૂં મોંજ ઉઘડનાર નથી."

અરેબિયનનાઈટ્સ.

**મોઢું ઉતરી જવું,** મોઢું ફીકું પડવું;-ચહેરાનો રંગ ફીકો થવો. (રોગથી અથવા આબરૂ ગયેથી કે દિલગીરીથી.)

**મોઢું ઉપડવું,** હદ ઉપરાંત બબડયાં કરવું.

**મોઢું ઉપાડવું,** ગાળ દેવી; હદ મૂકીને બોલવું.

**મોઢું કાળુંકર-દૂરજા,** દિસતો રહે. (તિરસ્કાર કે કંટાળામાં વપરાય છે.) **મોઢું કાળું કરવું** એટલે મોઢાને-કીર્તિને લાંછન લગાડવું.

'એ વચન તોડી તેણે પોતાનું મોઢું કાળું કર્યું ને એના પૂર્વજોને લાજ લગાડી.'

સધરાજેસંઘ.

**મોઢું કાળું મેશ-ધબ થઈ જવું,** કોઇ અપજશ-કલંકથી ઝાંખું પડી જવું; કોઇ અપકૃત્યથી શરમાઇ-અંજાઈ જવું. **મોઢું શાહી જેવું થવું** પણ બોલાય છે.

**મોઢું ગંધાવું,** મનમાંનું મનમાં બળીને ચીડાવું; ગાળ દેવી.

૨. લાયક ગુણ ન હોવા. (તિરસ્કારમાં વપરાય છે.)

**મોઢું ચઢવું,** રીસ ચઢવી; મોઢા પરથી રીસ બતાવવી.

**મોઢું ચાલવું,** વારે વારે કંઈ ખાયાં કરવું.

'આખો દહાડો એનું મોઢું ચાલ્યાં કરેછે તે પછી માંદી ન પડે.?'

૨. હદથી જાદે બબડવું, 'તારૂં મોઢું બહુ ચાલે છે.'

**મોઢું જોવું હોય તો આવજો,** મરણ પથારીએ પડેલા માણસના સંબંધમાં દૂરના માણસને ખબર આપતાં એ વપરાય છે. **મોઢે થવું** પણ કાઠિયાવાડ તરફ બોલાયછે.

"ત્યાં જઇને તે ઓરતને કહ્યું મને તારે સાસરેથી મોકલ્યો છે; કેમકે તારો ધણી ઘણો આજારી પડયો છે અને તે જીવે તેવી આશા નથી, તેથી તને મોઢે થવા બોલાવે છે."

માસિક સારસંગ્રહ.

**મોઢું ઠેકાણે રાખવું,** મોઢું મર્યાદામાં-વિવેકમાં રાખવું; મોં ઠાવકું રાખવું. (બહારના ડોળથી.)

'જોને મોઢું ઠેકાણે રાખીને કેવી મશ્કરી કરે છે!"

**મોઢું તપાસીને બોલ,** હદમાં રહીને-વિવેકથી બોલ; આબરનો વિચાર કરીને બોલ.

**મોઢું ધોઇ આવ,** લાયક ગુણ લઈ આવ; મોઢા પર જે દુર્ગુણનો મેલ છે તે દૂર કર; મોંઢું ઉજળું કર; રીતભાતે સુઘડ થા.

**મોઢું પડવું,** મોંઢું ફીકું પડી જવું; લાલી ઉડી જવી.

૨. તેજમાં અંજાઈ જવું.

**મોઢું પૂરવું-ભરવું,** કાંઈ આપીને સમજાવવું.

'તે દહાડે જો અમારી સલાહ પ્રમાણે પેલા ચંડાળ ઉઘરાતદારનું મોં પૂર્યું હોત તો આ દહાડો કદી આવત નહિ'

કરણઘેલો.

**મોઢું ફેરવવું,** રીસમાં કે કંટાળામાં પૂઠ કરી ફરી બેસવું.

'તારી સાથે વાત કરવી તે પણ એક

Gandhi Heritage Portal

સંકટ છે એમ બોલી તે મોં ફેરવી બેઠી.'

દિલ્લીપર હલ્લો.

**મોઢું બગાડવું**, અભાવ-અપ્રીતિ દર્શાવવી; કંટાળો આણવો.

૨. મોંઢું બેસ્વાદ કરવું.

**મોઢું બાળવું-દિસ્તું કરવું**, ( તિરસ્કાર કે કંટાળામાં બોલાય છે. )

' કજીયા ટંટાનું મોઢું બાળીને, લ્હેરો.

* * *

નર્મકવિતા.

" બાળ બાળ અલ્યા તારૂં મોંઢું, નગરપાળ દાદાએ કહ્યુંછે તે ભૂલી ગયો હઈશ, મેર જરા આંખની શરમ પડશે કેની ? "

તપત્યાખ્યાન.

**મોંઢું ભડભડવું**, ખાવાની ઇચ્છા થવી; ખાવાસારૂં મોઢું ચળવળવું; ખાઉં ખાઉં એમ થવું.

**મોઢું ભરાઈ જવું**, તૃપ્ત થવું; ધરાવું; સંતોષ પામવો.

( કાંઈ સારૂં સારૂં મળવાની આશાએ કે મળશે એવું સાંભળીને. )

**મોઢું ભાગવું**, પોતાનું કાર્ય સિદ્ધ કરવા કોઇને કાંઈ આપવું; કાંઈ આપીને સમજાવવું.

" ઇજારદારો અધિકારીઓનાં મોં ભાગીને ઈજારો મેળવતા, અને મેળવ્યા પછી પોતાનાં પેટ ભરવાને ગમે તેવા જુલમ ગુજારતા. "

ગુ. જુની વાર્તા.

૨. મોઢું ભાગી જવું ( ગળ્યું ખાધાથી. )

**મોઢું ભોંયમાં ઘાલવું**, નીચું જોવું. શરમાઈ જવાથી-શરમનું માર્યું. )

**મોઢું રહી જવું**, બોલીબોલીને થાકી જવું.

**મોઢું રાખીને**, શરમ રાખીને; તેજમાં અંજાઈ જઇને.

**મોઢું લઇને આવવું**, લાયક ગુણ લઇને આવવું; યોગ્યતા-લાયકીથી આવવું.

" પેલા ચંડાળ કાળા મોઢાનાને તારી સઘળી વાત કહે કે મુઓ શું મોઢું લઈને જૂઠું બોલ્યો હતો. ? "

અરેબિયન નાઈટ્સ.

" ત્યારે પ્રિયા, તું એમ કહેછે ! અતિ મોટી મૂર્ખાઈ કરીને રાજભ્રષ્ટ થયેલો, માત્ર સર્વેના શોકમાં વધારો કરવાને હું શું મોં લઇને આવું. ? "

નળદમયંતી નાટક.

'મને કાફર, કુતરો, હરામખોર વગેરે કહી ભાંડો છો તો આજે શું મોઢું લઈ મારી જોડે કામ પાડવા આવ્યા છો?'

સધરાજેસંઘ.

" શું મોઢું લઈ આવું હું, પગ પાસે શુભ નામ. '

કવિ નર્મદ

**મોઢું લેવડાવવું**, દવા આપી મોઢું ગળતું રખાવવું.

**મોઢું વાઘનું છે**, મોંપર શરાતનનાં ચિન્હ છે; વાઘના જેવું બિહામણું મોં છે. **મોં વાઘનું છે ને પૂંઠ શિયાળની** છે એમ દેખાવે બહાદુર છતાં બીકણ માણસને માટે વપરાય છે.

**મોઢું વાળવું**, મોંઢું ઢાંકી રડવું; છેડો વાળી વિલાપ કરવો.

" પોતાના સંબંધીના મરણના દિવસથી ઓછામાંઓછા દસ બાર દિવસ અને ત્રણ, છ કે બાર મહિના સુધી દિવસમાં બે વાર કુટે કે મોં વાળે. "

પુસ્તકમાળા.

**મોઢું શીવી લેવું**, આગળ બોલતું બંધ થવું-કરવું; શરમથી બોલતાં અચકે એવું કરવું; મોં બંધ કરવું કે જેથી આગળ બોલાય જ નહિ.

Gandhi Heritage Portal

"ખુદાની એ પ્રમાણે જો મરજી હશે તો તેનો હુકમ હવે માથે ચડાવીએ છીએ, એટલું બોલી તેઓએ પોતાનું મોં શીવી લીધું."

કરણઘેલો.

**મોઢું હલાવવું,** બોલવું અથવા બોલવાની તજવીજ કરવી,

૨. ડોકું ધુણાવી હા અગર ના કહેવી.

**મોઢે કરવું,** પાઠે કરવું; જ્યારે જોઇએ ત્યારે બોલાય તેને માટે ગોખવું; ભૂલી ન જવાય તેટલા સારૂ ખૂબ પાકું કરવું; સ્મરણ રાખવા સારૂ તેને તેજ શબ્દ ઘણી વાર ભણ્યા કરવા.

**મોઢે ચઢાવવું,** અતિશે લડાવવું; બ્હેકાવવું; અમર્યાદ કરવું; વંઠી જાય એમ કરવું. (લાડમાં.)

"જે કહે તે હાજી હા કરીએ ને મોઢે ચઢવા દઇએ, તેનું ફળ આ, હવે તો એ મુસલમાન થવાની; એ મારૂં કહ્યું નહિ માને."

સાસુવહુની લડાઈ.

**મોઢે ચઢીને,** (કોઈની) રૂબરૂ; પ્રત્યક્ષ; સમક્ષ; મોઢામોઢ.

'કેટલાકે તો તેને મોઢે ચઢીને કહ્યું કે તેં અમને વગર વિચારે આ બંદીખાનામાં લાવી નાખ્યા.'

વીરાધીરાની વાર્તા.

'ટેક તજી ચઢી મોઢે માગી લેઉછું,
દેઈ દવા તું રૂઝવ મારો ઘાવ જો.'

નર્મ કવિતા.

**મોઢે તાળું દેવું,** મોઢું બંધ થવું-કરવું; ન બોલાય-બોલે એમ કરવું, (શરમથી, ધાસ્તીથી-કે ફજેતીથી.)

'સહુ માણુસો બોલતાં બોલી ખોટી,
મુખે તાળું દેજો જીભે ચાંપ મોટી.'

નર્મ કવિતા.

'હવે તેને મોઢે તાળું દેવાયું છે'

**મોઢે તાળું હોવું,** શરમથી અથવા ઠપકાની ધાસ્તીને લીધે અથવા થયેલી ફજેતીથી મોઢું બંધ થવું.

'સ્ત્રીઓને મોઢે સવામણનું તાળું છે, હવે તેને મોઢે તાળું દેવાયું છે એટલે થયેલી ફજેતીથી તેનું મોઢું બંધ થયું છે, 'એને મોઢે તો સોમણનું તાળું છે.'

'લ્યો અમે તો અમારે દેઢ મણની કુંચી હાથમાં લઈ સવા મણનું તાળું આ મુખરૂપી કોટડીને મારી સાતને સાત ચૌદ દહાડા સુધી બોલ્યા ચાલ્યા વિના બેશી રહીશું."

તપત્યાખ્યાન.

(લજ્જારૂપી તાળું, જીભરૂપી કુંચી, ને મુખરૂપી કોટડી.)

**મોઢે દૂધ ગંધાય છે (હજી તો.),** 'હજી મોઢેથી દૂધ તો સુકાયું નથી' વગેરે પ્રયોગ નાના બાળકને અથવા ધાવતાં બચ્ચાં જેવા આચરણવાળા નાદાન કાચી વયના જુવાનને વિષે બોલતાં વપરાય છે.

**મોઢે બપોર રમવા,** બપોરે ઘરમાંની સ્વચ્છ ભોંય ઉપર આવતા ચળકાટ જેવો આભાસ ગોરા મુખ પર પડી રહેવો, અથવા આતસ બાજીના બપોરીયાની પેઠે મોહ પમાડે એવો જણાવો. (જુઓ નર્મકવિતા ભાગ. ૨ પૃષ્ટ ૮૨૫ આવૃત્તિ ત્રીજી.)

**મોઢે બોલવું,** માત્ર બોલવું જ પણ કરવું નહિ.

૨. કોઇને કંઈ કહેવું હોય તો તેની સમક્ષ કહી દેવું. (પછવાડે બબડવું-નિંદવું નહિ.)

**મોઢે માગ્યું,** ઈચ્છા મોઢે કહી જણાવી હોય તે. (આ પુસ્તકનું મોઢે માગ્યું મૂલ્ય આપવાને તૈયાર થયો છે.)

**મોઢે માથે ઓઢવું,** દેવાળું કાઢવું.

૨. માથું ઢાંકી શોક કરવો.

Gandhi Heritage Portal

૩. નિરાશ થવું; હારવું.

**મોઢે માથે હાથ દઇને,** ચૂમાઇને, હારીને, ન છૂટકે, નિરાશ થઇને, મમત મૂકી દેઈ તકરાર પતાવીને, થાકી–કંટાળીને.

**મોઢે સાકર પીરસવી,** મીઠા બોલ બોલી સામાનું મન પાણી પાણી કરી નાખવું; પીગળાવી નાખવું.

**મોત ફરી વળવું,** મોતે ઘેરી લેવું; અકસ્માત આવી બનવું; સમાપ્તિ થવી.

"વહાણે બેસીને ચાલ્યો વહેવારીઓ,
જાવું ધાર્યું તું રે;
એણે જાવે જરૂર,
પલકની આશા નહિ પંડની.
મધ્ય દરિયામાં મોત ફરી વળ્યું,
દેશ રહી ગયોરે
પછી પોતાનો દૂર,—
પલકની આશા નહિ પંડની."

બોધચિંતામણિ.

**મોત માથે આવવું,** ઘણું જ થાકી જઈ મરી જવા જેવું થવું.

**મોતને બારણે,** મરણ પથારીએ; યમનો પરોણો થવાની લગભગમાં.

**મોતી પરોવવાં,** મોતી પરોવવા જેવું કોઈ ઝીણું બારીક કામ કરવું.

"અત્યારે શાં મોતી પરોવવાં છે કે થોડે અજવાળે થતું નથી, ને ઠાલી ચાર દીવેટો સળગાવી બેઠોછું ?"

**મોતીના ચોક પૂરવા,** મોટા મોટા મનસુબા કરવા; હવાઈ કિલ્લા બાંધવા.

"શેખશલ્લીની પેઠે તે પોતાના મનમાં મોતીએ ચોક પૂરે છે પણ ધાર્યું તો ઈશ્વરનું જ થાય છે."

બે બહેનો.

**મોતીના દાણા જેવા,** ગોળ મરોડદાર ને દેખાવડા (અક્ષર, આંસુ)

"વત્સ ! શ્રોત્રિયાક્ષર પ્રયત્ને લખ્યા છતાં એ કાયસ્થાક્ષર જેવા ચોખા મોતીના દાણા જેવા નથી બનતા."

મુદ્રારાક્ષસ નાટક.

**મોતીના મેહ વરસવા,** મોતીનો વરસાદ વરસતાં જેવો ઉત્સાહ અને આનંદ જણાય તેવો આનંદ થવો; આનંદવૃષ્ટિ થવી; આનંદનો પાર ન રહેવો.

"મહા વદ શુભ સાતમે મહોત્સવ થઈ રહ્યો હતો, એ દિવસે ગુજરાતમાં સોનાનો સૂરજ ઉગ્યો અને મોતીનો મેહ વરસ્યો."

વનરાજચાવડો.

"ધન્ય ધન્ય ઘડી ને ધન્ય દહાડોરે,
દૈવે ભલે દીધી દીકરી;
ઉજળો અવસર દેખાડયોરે."
"મોતીડે મેહુલા વુઠયારે,
ત્રિભુવનપતિ અમને ત્રુઠયારે."

વેન ચરિત્ર.

**મોતીઆં મરી જવાં,** ટાંટીઆ નરમ થવા; પાણી–બળ કમી થઈ જવું; હાંજા ગગડી જવા; હિંમત હારી જવી; હોશકોશ ઉડી જવા.

"મશરૂપર જુબેદીતો રાગે ભરાઈ હતી તેથી તેનાં તો મોતીઆં જ મરી ગયાં હતાં."

અરેબિયન નાઈટ્સ.

**મોદક જમવા,** લાડવા ખાવા. (લાક્ષણિક અર્થે) ખાટવું; વિજય મેળવવો; લાભ પ્રાપ્ત કરવો.

"ચોથે ન તો મોદક ત્યાં જમાયા,
મૂકો બીજાને સહદેવ સા'યા."

દ્રૌપદી હરણ.

**મોભાગ્ર બુદ્ધિ,** મોભના છેડા જેવી સ્થુલ બુદ્ધિ; જડ બુદ્ધિ. એથી ઉલટું 'કુશાગ્ર બુદ્ધિ.'

**મોભારે મંગળ,** (જ્યોતિષ્યમાં એવો મંગળ પીડાકારી મણાય છે તે ઉપરથી.) ઘણી દુઃખદ અવસ્થા.



Gandhi Heritage Portal

**મોર મારવો,** ( મોરચો મારવો. તે ઉપરથી માથું મારીને–આગળ પડીને–મોખરે રહીને કારભાર કરી વિજય મેળવવો તે ઉપરથી) પાર પડવું; ન્યાલ થવું; કૃતાર્થ થવું.

૨. દાવ જીતવો; ફતેહ મેળવવી; વિજયી થવું.

“ વજીર સાઉદીએ જાણે મોર માર્યો નહિ એમ બોલ્યો, શું છે રે ઉદ્ધત, હજી પણ મારૂં અપમાન કરવાની હિંમત ધરે છે કે ? ”

અરેબિયન નાઈટ્સ.

“ પણ એવું કાંઈ નથી કે તજાયે,
જે જુવાનીનું જાગે જોર;
જુવાનીને દિવાની કહે સૌ,
તોડી નાખે તાજાનો તોર,
મોર માર્યો ભાખે રે,
ધીર બેઠા કંઇક ભડે.
આટલી હું, ”

ધીરો ભક્ત.

**મોરચો મારવો,** વિજય મેળવવો; ફતેહ મેળવવી; દાવ જીતવો; કરેલી યુક્તિમાં ફાવવું.

**મોરલી બજાવવી,** ખાવા કરવું; રાંધવું; રસોઇ કરવી; ( કારણ કે તેમાં મોરલી જેવી ભૂંગળી લઈ દેવતા ફુંકવો પડે છે.)

**મોસાળ જઇ આવ્યા,** ( વાંકામાં ) કેદખાનું ભોગવી આવ્યા.

**મ્યાન કરવું,** ( લાક્ષણિક. ) બંધ કરવું (મોઢું–જીભ. )

‘તરવાર મ્યાન કરવી’ એટલે મ્યાનમાં ઘાલવી.

**મ્યાનમાં રાખવું,** અંકુશ—કબજા—હદમાં રાખવું.

“ તારો જોસ્સો જરા મ્યાનમાં રાખ.”

## ય

**યઃપલાયન કરવું,** નાશીને છૂટી જવું; સટકી જવું; અગીઆરા ગણવા.

**યમનો દૂત,** ( લાક્ષણિક ) યમરાજાના દૂત જેવો નિર્દય; કઠોર—નિષ્ઠુર કાળજાના માણસને વિષે બોલતાં વપરાય છે.

**યમનો પરૂણો,** કમકમાટી ઉપજાવે એવાં અત્યંત પાપ કરનારો; ઘણોજ પાપી માણસ.

**યમપુરીની યાતના,** ઘણુંજ દુઃખ, ભારે માંદગી, સખત શિક્ષા વગેરે.

**યમપુરીમાં મોકલવું,** મારી નાખવું.

૨. (જ્યાં નિર્દયપણું–ઘાતકીપણું વાપરવામાં આવતું હોય એવી જગોએ મોકલવું તે ઉપરથી ) કેદખાનામાં મોકલવું; કેદ કરવું.

**યાહોમ કરવું,** મરણિયાં થઇ કોઈપણ જોખમે કાંઈ કામ કરવું. ( ધસારાની સાથે ).

“ યાહોમ કરીને પડો ફતેહ છે આગે. ”

કવિ નર્મદ.

Gandhi Heritage Portal

# ર

**રગ હાથમાં આવવી,** ( ધોરી રગ હાથમાં આવવાથી રોગની ખબર પડે છે તે ઉપરથી લાક્ષણિક અર્થે ) ગુણદોષ જાણવા; સ્વભાવ–ગુણ–દોષથી જાણીતા થવું; ભેદ જાણવો. **નાડ હાથમાં આવવી** પણ બોલાય છે. **રગ ઓળખવી–તપાસવી–પકડવી** એવા પ્રયોગ થાય છે. **રગે રગનો ભોમિયો**–એટલે સ્વભાવથી પૂર્ણ જાણીતો.

**રગડ બૂઝારૂં,** જાડી બુદ્ધિનું અને ઢંગઢાળ વિનાનું કે ભલીવાર વિનાનું એવું જે કોઈ તે. ( માણસ–વસ્તુ )

**રગશિયું ગાડું,** ( રગશ એટલે મળીનું ચોસલું. જે ગાડામાં એવાં બહુ ચોસલાં ભરે તે ધીમે ધીમે ચાલે તે ઉપરથી ) ધીમે ધીમે થતું–રસળતું કામ.

**રગે આવવું,** ક્રોધના આવેશમાં આવવું.

" પગે પીસિ કોને કુ મધ્યે સુવાડ્યા,
રગે આવિ ભીમે પગે કોને તાડ્યા."

દ્રૌપદી હરણ.

**રગે રગ રાઈ ચોપડવી,** બાળી મૂકવું (અંતર); ત્રાસ આપવો; નખથી તે શીખા સુધી દુઃખ થાય–માઠું લાગે એમ કરવું.

" સત્યભામા–બાવાને જગલો ને કુટવાને ભગલો ! છે કંઈ લેવાને દેવા! સાંધીને સફરી સત્રાજીતની દિકરી ભલી જડી છે ! પણ હું તો રગે રગ રાઈ ચોપડું તેવી છું."

સત્યભામાખ્યાન.

**રંગ બદલવો,** ભય કે સંકડામણમાં આવી પડવાથી જ્યારે માણસનો ચહેરો ફીકો પડે છે ત્યારે તેનો રંગ બદલાયો–ફર્યો એમ કહેવાય છે.

**રંગ રાખવો,** પોતાનું માન, હોદ્દો, ચઢિઆતાપણું વગેરે જાળવી રાખવું; શોભા રાખવી.

**રંગની રોળ,** અતિ આનંદ; ઉત્સાહ.

" મેં મનમાં જે આશા ધારી,
તે કરૂં હું રંગની રોળે.–"

દ્રૌપદીહરણ.

**રંગમાં હોવું,** આનંદી ભાવમાં હોવું.

**રંગી નાખવું,** લોહીલુહાણ થાય ત્યાં સુધી માર મારવો; માર મારી લોહીચૂતું કરવું.

**રઘવાયું કુતરૂં,** કુતરાના જેવું બ્હાવરૂં ( અતિશય કામની ધાઈમાં. )

**રજનું ગજ કરવું,** કોઈ બાબતને વધારી વધારી મોટી કરવી; નજીવી બાબતને મોટી કરી થાપવી.

**तिलेतालं पश्यति अणुं पर्वती करोति·** એ રજનું ગજ કહેવાય.

" બાપદાદાએ અસલના વખતમાં મોર માર્યો હોય તે, કે પોતે જવાન અવસ્થામાં સહેજસાજ ધાડ મારી હોય તેનું રજનું ગજ કરી જે વધારી વધારીને બડાઈઓ હાંકવામાં આવે તે સાંભળ્યાથી મનને અતિ આનંદ ઉપજ્યા વિના રહે નહિ."

ગર્ધવસેન.

" રજનું ગજ શું કરવા કરે છે ? સેંજ પૂછ્યું એટલામાં આટલી બધી તપી શું જાય છે. "

દ્રૌપદીદર્શન.

**રજક ઉઠવું,** દાણોપાણી–સર્જિત–અંજળ પાણી ઉઠવું; અન્નોદક ઉઠવું; નસીબ ઉઠવું.

**રજા લેવી,** કંઈ કામ કરવાની પરવાનગી માગવી–છૂટ મેળવવી.

૨. આદર દઇ છૂટા પડવું. પાછા જતી વેળા મોટાની આગળ એમ કહેવાય છે કે 'રજા લેઉં છું.'

**રંજ ખેંચવી,** મહેનત કરવી; મથવું; શ્રમ કરવો.

"વિદ્યાભ્યાસ કર્યા પછી પ્રજાના દુઃખના

Gandhi Heritage Portal

નિવારણ અર્થે તમે ઘણી જ રંજ ખેંચવા માંડી છે. ”

પ્રેમરાય અને ચારૂમતિ.

**રંજક ઉડવો,** લડાઈ-કજીઓ થવો. (બંદૂકના દારૂ ઉપરથી.)

**રંજક મૂકવો,** ઉશ્કેરવું; મમરો મૂકવો; લડાઈ કરાવે તેવું ભાષણ કરવું.

“ભાટ લોકની જાત બોલ્યાવિના ના રહે. જે બાબત જાણે તેમાં ટાપસી પૂરે અને ન જાણે તેમાં રંજક મૂકે, પણ બોલ્યા વિના રહે.”

યશોભાખેલન.

‘રંજક ખાઈ જવો’ એટલે ઉશ્કેરવાનું ફળ ન થવું.

**રડતા લાડુ,** ઘણા ઘીવાળા-લચપચતા લાડુ. (લાક્ષણિક) તેથી ઉલટું થોડા ઘીવાળા ને ભાગતાં ભરરૂર થઈ જાય એવા તે **હસતા લાડુ** કહેવાય છે.

**રડતી રાધા,** રાધાના જેવી રડતી સ્ત્રીને વિષે મજાકમાં બોલાય છે.

**રડતી સુરત,** રડતા ઉદાસી ચહેરાનું; દિલગીર મુદ્રાનું; હોશ વિનાનું.

“મેજીસ્ટ્રેટ હિંમતબાજ અને ફાંકડો હતો તેથી આપણે આટલું ફાવ્યા. રડતી સુરત હોત તો આપણી ફરિયાદ જ હાથમાં ધરત નહિ.”

નવી પ્રજા.

**રડતું ગોત્ર હોવું,** શોકાતુર ચહેરાનું કે નબળી છાતીનું હોવું. હમેશ રડતું કે હમેશ નિશ્વાસ નાખનારૂં હોવું. ‘તેનું તો રડતું ગોત્ર છે.’

**રડી ઉઠવું,** ખોટ આવવી; ખોવું. ‘તે વેપારમાં રડી ઉઠ્યો.’

૨. હિંમત હારી જવી; નિરાશ થઈ જવું; હારી જવું; થાકી જવું.

**રણશિંગડું ફુંકવું,** (વરઘોડામાં આગળ રણશિંગડું ફુંકવામાં આવે છે, એવું બતાવવાને કે પાછળ વરઘોડો આવે છે. તે ઉપરથી) લોકમાં સારી નરસી વાત જાહેર કરવી; ઉઘાડું કરવું. ઘણી વખત છાની વાત ઉઘાડી કરવાના અર્થમાં એ વપરાય છે.

૨. મોઢેથી વખાણ કરવાં; પ્રશંસાનાં ગીત ગાવાં. ‘તું તારૂં જ જ્યાં હોય ત્યાં રણશિંગડું ફુંક્યાં કરે છે’ એટલે તું તારાં જ વખાણ અથવા તારાં જ જે સારાં કૃત્ય હોય તે વારવાર ગાયાં કરે છે.

“ કેટલાક માણસો પોતાનું રણશિંગડું ફુંકવામાં હોંશિયાર હોય છે. જે પોતાનું જ રણશિંગડું ફુંકે છે તે ઘણું ખરૂં થોડા જ વખાણને પાત્ર થાય છે. ”

માસિક સારસંગ્રહ.

**રતન પાકવું,** રતન જેવું ગુણવંતુ માણસ નીવડવું-નીપજવું (લાક્ષણિક)

**રથજાત્રા,** અદક પાંસળી; ઘેલછાવાળું; વાયેલ; ઉડેલ તબિયતનું.

“હાય હાય! આતો કેવળ રથજાત્રા દેખાય છે. અરેરે! આનો અને મારી હીરાલક્ષ્મીનો સંબંધ કેમ થાય ?”

વિદ્યા વિલાસ.

**રનવન થવું,** ખેદાન મેદાન થવું; અસ્તોવ્યસ્ત થવું; ખરાબેહાલ થવું; ભાગી તૂટીને સપાટ થવું; ગરીબી હાલતમાં આવી પડવું; ખરાબખ ત થવું; પાયમાલી થવી.

૨. હિંમત છૂટી જવી.

“ વિખરાઈ ગયું દળ રનવન થાતું,
રાય કહે કયાં જાશો રે.”

કવિ. પ્રેમાનંદ.

**રપેટીમાં લેવું,** (રપેટી એટલે ગબડી તે ઉપરથી) ખુબ મહેનત કરાવવી; થકવવું; લબડધક્કે લેવું; જોસબંધ કામ લઈ કાયર કરવું.

Gandhi Heritage Portal

'તેણે તો હવે તને ખૂબ રપેટીમાં લીધો જણાય છે.'

**રપુ ચક્કર,** ( રિપુચક્ર ) હાનિ; નુકસાન, શત્રુનો પેચ.

**રપુ ચક્કર કરી જવું**—છાનુંમાનું નાસી જવું; છટકી જવું; પલાયન કરી જવું; અગીઆરા ગણવા.

**રમકડું થઈ રહેવું,** રમકડાની પેઠે તાબેવશ થઈ રહેવું; ખુબ આધીન થઈ રહેવું; જેમ રમાડે–નચાવે તેમ રમવું–નાચવું; કોઈના કહેણને તાબે થઈ રહેવું. ( સત્તા ન હોવાને લીધે )

"અરે ! હાલના રજપૂત રાજાઓ અકબરનાં રમકડાં થઈ ગયાં છે એ દહાડો આવત નહિ."

પ્રતાપ નાટક.

"વયસ્ય ! એનાં કૃત્ય એવાં જ છે અને એ તમારા જેવા ડાહ્યાને તો પોતાનું રમકડું સમજે છે કે કરી નાખે છે. અમારા જેવાનું તો તે નામ પણ ન દઈ શકે."

તપસાખ્યાન.

**રમણે ચડવું,** મનને જણાય તેવી મહેનત કરી કોઈ પણ રીતે ગમાડો કરવાના જોસ્સામાં આવવું; ઉશ્કેરાવું; વાયેલ–ઉડેલ તબિયતનું થવું; ફાયદેમંદ કામ ન કરતાં નિરર્થક વખત ગુમાવવામાં ગુંથાવું.

"તેમને નાસતા દેખી વાઘ અને સિંહ વધારે રમણે ચઢયા."

વીરાધીરાની વાર્તા.

**રમતા રામ,** ( સર્વવ્યાપક રામ તે ઉપરથી લાક્ષણિક અર્થે ) જ્યાં ત્યાં ભટકનારો.

તીર્થવાસી સાધુ, મુસાફર, ઉતારૂ ( મુખ્યત્વે ગોસાંઈ ) અથવા ધર્મપ્રચારકને વિષે બોલતાં વપરાય છે.

**રમસ્તાન મચાવવું,** ( રમસ્તાન–રમખાણ=ભય–ધાસ્તી; સંપૂર્ણ નાશ. તે ઉપરથી ) ઘણા જોસમાં તૂટી પડવું–ત્રાસ આપવો.

"તેનું કામ વૈદ્ય કરે તો વૈદાણી તો ગાજતી અને ધણીપર રમસ્તાન મચાવી મૂકતી."

સરસ્વતીચંદ્ર.

**રવલી પંચક,** ( રેવતી–સત્તાવીસ નક્ષત્રમાંનું એક મોટું કમનસીબ સૂચવે છે+પંચક. ) ઘેલછાવાળું; પહેરવા ઓઢવાનું કે બોલવા ચાલવાનું જેને ભાન ન હોય તેવું ઘેલું; ગાંડું; મૂર્ખ; તોફાની—કંટાળો પમાડે તેવું; વ્યતિપાત; ઉધમાતીઉં; ઠામ કે ઠેકાણા વિનાનું ( માણસ. )

**રવી જવું,** જુવાળનું પાણી આવવું.

**રસ્તામાંની ધૂળ, આડીવારની ધૂળ** જુઓ.

**રસ્તે પડવું,** કરવાનો અગર કેમ કરવું તે સમજવાનો રસ્તો મળવો.

૨. શરૂ થવું; સરાડે ચઢવું; રાગે પડવું. (કામ)

૩. જતા થવું.

૪. રીતમાં આવવું.

**રસ્તો કાઢવો,** દુઃખ–મુશ્કેલીની સામે ધીમે ધીમે અને દૃઢતાથી આગળ વધવું; અંતરાય ટાળવો; નિકાલ કરવો.

**રસ ઉતારવો,** (હાથનો) હાથથી ખૂબ માર મારી ઠંડો પાડવો. (હાથને)

૨. (પગનો) ફોગટ ધક્કો ખાઈ પાછા આવવું અથવા ઘણા વખત સુધી ઉભા રહેવું.

૩. (જીભનો) હદથી જાદે બોલવું; બદદુવા દેવી; જેમ આવે તેમ બક્યાં કરવું.

**રસાતળ ઘાલવું,** એનો અધિષ્ઠાતા અનંત છે, એમાં નાગ રહે છે. પાતાળ—પૃથ્વી નીચેનો પ્રદેશ–એ સાત છે. અતલ, વિતલ, સુતલ, મહાતલ, તલાતલ, રસાતલ

Gandhi Heritage Portal

અને પાતાળ, આ ઉપરથી રસાતલ ઘાલવું એટલે ઠેક રસાતલ સુધી નીચે–છેક નીચી પાયરીમાં લઈ જવું. તે ઉપરથી લાક્ષણિક અર્થે) ખરાબખસ્ત કરવું; છેકજ પાયમલ કરી નાખવું; છેક દુર્દશામાં આણી મૂકવું; તળિયા ઝાટક નાશ કરવો.

"આ તો કુડાં કર્મનાં કરતુ રાજા,
હવે આ કરતાં શું નરતું રાજા;
તેં તો અમને રસાતળ ઘાલ્યા રાજા,
થયા પૂર્ણાહુતિએ મા'લ્યા
અમા'લ્યા રાજા."

માંધાતાખ્યાન.

૨. ગજબ કરી નાખવો.

**રસાતળ જવું–થવું–વળી જવું,** ધડે બેસવું; ભાગી પડવું; વિનાશ થવો; નખોદ જવું; નિર્વંશ જવો; પાયમાલી થવી.

"તમારી સાથે મર્યાદાથી વર્તી તમારી યોગ્ય બરદાશ રાખી હજારો પ્રકારે તમારૂં લક્ષ મારા પ્રત્યે લગાડવાનો મારો હેતુ હતો પરંતુ એ મારા મનના મનોરથો રસાતળ ગયા છે."

અરેબિયનનાઈટ્સ.

"એમાં આપણી ચૂક છે એથી આપણે ભારે ખત્તા ખાવા પડશે અને તેથીજ દેશનું રસાતળ જવાનું છે."

દેશી કારીગરીને ઉત્તેજન.

૨. (**પૃથ્વી રસાતલ જવી** એટલે પૃથ્વી છેક રસાતળ પાતાળ સુધી હેઠે જવી તે ઉપરથી) દુનિયાં ઊંધી ચત્તી થવી; ગજબ–હાહાકાર થઈ જવો.

**રસાબોળ ઘાલવું,** ખરાબખસ્ત કરવું; છેકજ પાયમાલ કરવું; સત્યાનાશની પાટી બેસાડવી; તળિયા ઝાટક નાશ કરવો. (જુઓ **રસાતળ ઘાલવું**)

**રસે ભરાવું,** ઉશ્કેરવું, ઉત્તેજન મળવું; જોસ વધવો; મમતે ચઢવું.

**રળી રાશે,** નિરાંતે; સુખચેનમાં.

"અરે, પણ એટલું એ કંઈ એના બાપનું થઈ ગયું! ને તે રળી રાશે ખવાશે એમ ન સમજવું. એના ઉપર તો એક મોટો બિલાડો તલપ મારવા તાકી જ રહ્યો છે."

ગર્ધવસેન.

**રાંધી રસોઈ રહેવી,** શોકમાં રાંધેલી રસોઈ કામમાં ન આવવી અથવા ન ભાવવી-ન રૂચવી.

"રાંધી રસોઇઓ ધરી રહી ને,
વાડી ભણી સૌ જાય;
જઇને જોયું ત્યાં દીઠી,
પ્રાણ વિનાની કાય."

વેનચરિત્ર.

"વર્ણવી વાત બને નહીં,
જાણે સૌ જોનાર;
રાંધી રહી રસોઇઓ,
ઉપજ્યો શોક અપાર."

જાદવાસ્થળી.

**રાઈ ચઢાવવી,** ઉશ્કેરવું. (નરસામાં)

**રાઈ મરચાં પડવાં,** (આંખમાં), જોર ઓછું થવું.

૨. દેખી ન શકાવું; આંખો નીકળી પડવી (અદેખાઈને લીધે.)

'શત્રુઓની આંખમાં રાઈ મરચાં પડે!'

**રાઈ મરચાં લાગવાં,** માઠું લાગવું.

**રાઇતું કરવું,** (રાઈતું ફીણી નાખે છે–ડીફી નાખે છે તે ઉપરથી લાક્ષણિક અર્થે) કોઈની હાનિ અથવા ખરાબી કરવી.

"ભાઈ કહીને રાઈ ચઢાવીશું! અહીં મારૂં રાઈતું કરવા ધાર્યું છે?"

**રાખ ચોળવી,** વેરાગી થવું. (વેરાગી લોકો રાખ ચોળે છે તે ઉપરથી.)

"ઝાઝા જે ઘર પુત્ર,
કોઈ કુળ તેનું બોળે;
ઝાઝા જ્યાં વેપાર,
કોઈ દિન રાખજ ચોળે."

શામળભટ.

Gandhi Heritage Portal

**રાખ ચોળાવવી,** કોઈના પૈસા ટકા ધુતી લેવા; પાસે કંઈજ ન હોય તેવી દશાએ પહોંચાડવું; ખરાબખસ્ત કરવું; નિર્ધન કરવું.

**રાખધૂળ,** નકામું એવું જે કાંઈ તે.

**રાખ ધૂળ થઈ જવું,** કાંઈ સારૂં કામ ન થયું હોય ત્યારે તેને વિષે બોલતાં વપરાય છે. ખરાબ થવું; બગડી જવું; નકામું જવું. (કામ)

**રાગડા ખેંચવો,** ( બાળકે, છોકરે ) ભેંકડો તાણવો; સાદ કાઢીને રડવું.

**રાગે પડવું,** રીતમાં આવવું (માણસે)

૨. સરાડે ચઢવું (કામ)

**રાગે ભરાવું,** ગુસ્સે થવું; ક્રોધ ચઢવો.

**રાજ આવવું,** ૠતુ આવવો. (સ્ત્રીને) અટકાવ વાળી સ્ત્રીને કાંઈ કામ કાજ કરવાનું હોતું નથી તે ઉપરથી )

" દેશની બોલીમાં રાજા શબ્દ હલકો થઈ ગયો. જેનો વિશ્વાસ ન રખાય તેને રાજા કહે જે કાંઈ કામ ન કરે તેવા નિરૂદ્યમીને રાજા કહે. સ્ત્રીને અટકાવ આવે તો કહે રાજ આવ્યું. કેમકે ત્રણ દિવસ કાંઈ કામકાજ ન કરતાં બેઠાં ખાવાનું હોય છે. "

વનરાજ ચાવડો.

**રાજ થવો,** (દીવો) બોલાઈ જવો; ગુલ થવો. **દિવો રાણો થવો-વડોથવો-ઘેર જવો** વગેરે બોલાય છે.

**રાજક દૈવક,** સુલતાની આશમાની (આફત)

" સારે સારૂં લાગે છે પણ જો કંઈ રાજક દૈવક થયું તો શ્રાદ્ધ સારનાર વિના બધાયને ઉંધે માથે લટકવું પડશે. "

તપત્યાખ્યાન.

**રાજા માણસ,** રાજાના જેવાં આચરણ અને વૈભવવાળા માણસને વિષે બોલતાં વપરાય છે.

૨. જેનો વિશ્વાસ ન રખાય-જે કાંઈ કામ ન કરે તેવા નિરૂદ્યમીને વિષે બોલતાં વપરાય છે. ( આમાં રાજા શબ્દનો અર્થ બહુ હલકો થઈ ગયો છે. )

**રાણીનો સાળો,** મિથ્યા ડોળ ઘાલનાર; શેખાઈ કરનાર કે ખોટી સત્તા બજાવનાર માણસને વિષે બોલતાં વપરાય છે.

" માથામાં મગરૂબી રાખી,
ઠાઠ કરે છે ઠાલો;
દૈવતનું તો ઠીંઠ મળે નહિ,
એ રાણીનો સાળો. "

ખુલાખીરામ.

**રાણીનો ખટમલ,** પણ બોલાય છે.

**રાણો કરવો (દીવો),** ગુલ કરવો; બુઝવવો; હોલવવો-રજા આપવી.

૨. નાશ કરવો.

" સુરામે હણ્યો જે વિધે લંકરાણો,
કરૂં એક બાણે તને છેક રાણો. "

દ્રૌપદી હરણ.

**રાત આપણા બાપની છે,** રાતમાં જે કાંઈ કરવું હોય તે કરવાનો હક છે દિવસે કામ ન થયું હોય ત્યારે આખી રાત જાગીને કરવાના નિશ્ચયપર આવતાં એમ બોલાય છે.

**રાત કહે તો રાત ને દહાડો કહે તો દહાડો,** કોઈની ઈચ્છા-કે'ણને અનુસરીનેજ માત્ર વર્તવું તે.

**રાત દહાડાની ખબર,** શુદ્ધિ; સાન. દુનિયાદારીની ખબર; સુખ દુઃખની ખબર.

૨. આપોઆપ ખબર પડે એવી જાહેર થઈ ગયેલી નવિન બાબત વિષે જ્યારે કોઈ અજાણ રહે, ત્યારે તેવાને વિષે બોલતાં એમ વપરાય છે કે-' એને તો રાત દહાડાની ખબરેય નથી. '

**રાતનો રાજા,** દહાડે ઊંઘનાર અને આખી રાત કામ કરનાર માણસને વિષે બોલતાં

Gandhi Heritage Portal

વપરાય છે. જે ઘણું ખરૂં કામ રાત્રિને સમયેજ કરે છે તે.

૨. ઘુવડ. ઘુવડ દિવસે દેખતું નથી પરંતુ રાત્રે દેખે છે, તે ઉપરથી તે રાતનો રાજા કહે છે.

**રાતી રાયણ જેવું,** ( રાયણનું લાકડું ઘણું મજબૂત–સંગીન હોય છે તેવું ) મજબૂત અને તંદુરસ્ત. (શરીર)

‘ રાતો રાયણ જેવો ને ધીંગો ધડઓ થઈને ભીખ માગતાં જરા લજવાતો નથી.’

કુંવારી કન્યા.

“ રોજ તાજું અનાજ પેટ ભરીને ખાવાનું મળે તેથી શરીર પણ રાતી રાયણ જેવું થાય, અને ઘરમાં બૈરાં છોકરાં પણ કલ્લોલ કરે.”

દે૦ કા૦ ઉ૦

**રાતું પીળું થવું,** ક્રોધાયમાન થવું; સર્વાંગ ક્રોધ વ્યાપવો. ‘લાલ–ચોળ થઈ જવું’ પણ બોલાય છે,

“ આ વખતની રાણીના પ્રસવની વાત સાંભળીને બાદશાહને આગળના કરતાં વધારે સંતાપ થયો. તે રાતો પીળો થઈ ગયો ને રાણીનો શિરચ્છેદ કરવા તૈયાર થયો.”

અરેબિયનનાઈટ્સ.

**રાધાગાળી પડવી,** ( રાધાગાળી નામનું એક જાતનું ફૂલ થાય છે તે જેના છાપરા ઉપર પડે તેને ત્યાં લડાઈ થાય એવો વહેમ ચાલે છે. તે ઉપરથી ) જ્યારે પોળમાં ઘણે ઠેકાણે લડાઈ થાય, ત્યારે કહેશે કે પોળમાં રાધાગાળી પડી છે કે શું ?

**રાનરાન ને પાનપાન થઈ જવું,** ખરાબ ખરાબ થઈ જવું; ખરાબેહાલ થવું; ખરાબખસ્ત થવું; છેકજ અસ્તોવ્યસ્ત દશામાં આવી પડવું.

“ આવી હાલતમાં લોકો રાનરાન ને પાનપાન થઈ જાય. આફ્રિકાના હબશીઓની કે અમેરિકાના ઈન્ડિયનોની હાલતમાં આવી જાય તેમાં નવાઈ શી, ? ”

પુસ્તકમાળા.

**રાફ ફાટવો,** કોઈ ફાયદો મેળવવાની આશાથી કે તેવા ખાસ પ્રસંગપર એકાએક લોકોનું જોસભેર બહાર આવવું.

“ એવે દક્ષિણ દિશામાં ફાટ્યોરાફ, અસંખ્યાત શુરા આવ્યા સાફ. ”

માંધાતાખ્યાન.

**રામ આશરે,** ઇશ્વરના આધારથી; ઇશ્વરેચ્છાથી ( પુરુષપ્રયત્નથી નહિ. )

‘ રામઆશરે ચાલે છે તો ખરૂં. ’

**રામકહાણી થવી,** ( રામને થઈછે એવી) રામના જેટલું સંકટ કે આફત આવી પડવી.

“ કોણ જાણે કેવાય કાળચોઘડીઆમાં જોશીએ ગણેશ માંડવાનું મુહૂર્ત જોઇ-દીધું હશે કે બાપડાને માથે રામકહાણી સરખું થયું. બ્હેન, નશીબ રૂઠે છે, ત્યારે કંઈ બાકી રાખતું નથી.”

કુંવારી કન્યા.

**રામકૃષ્ણના વારાની,** ઘણી જુની.

**રામ કુંડાળું,** ગોળ ચક્કર;

૨. ( લાક્ષણિક અર્થે ) રદ; બાતલ.

**રામ ગલોલા જેવો,** અડબંગ જેવો; પોતાનું અંગ વધાર્યું હોય તેવો ખાઈપી અલમસ્ત બનેલો; રગડમલ જેવો.

“ પણ એવી શિક્ષા કરે કાંઈ મોટા,
બીજા તો રામગલોલાશા, જમી જાણે રોટા–મનની. ”

કવિબાપુ.

**રામગાંડિયું,** ( રામચંદ્રજીને માથે, સીતાજીને વગર વિલંબે–આનાકાનીએ તેનું હરણ થએલું છતાં ઘરમાં દાખલ કરેલી હતી તે ઉપરથી ધોબીનો જે આરોપ આવ્યો હતો, તે ઉપરથી)

ઢંગઢાળ વિનાનું; વ્યતિપાત; ઘેલછાવાળું.

Gandhi Heritage Portal

**રામગોટીલો કરવો,** ગોળ દડાને આકારે બાંધવું.

**રામગોવાળીઓ,** નાનાં નાનાં અહીં તહીં ફરતાં રમતાં છોકરાંને એ શબ્દ લગાડવામાં આવે છે; જે નાદાન સંસારનો વિવેક જાણતો નથી તે.

**રામચક્કર, ( रामचक्र )** જાડા રોટલાને વિષે મજાકમાં બોલતાં વપરાય છે.

"રામચક્કર ઘડીને મૂકયો."

**રામ નામની,** ઠાઠડી. ( ઠાઠડીમાં લઈ જતાં 'રામ બોલો ભાઈ રામ'—રામનું નામ બોલેછે તે ઉપરથી )

**રામનામની આપવી,** રામનું નામ જપાય-રામ રમી જાય એટલો અથવા એવો માર મારવો.

'એક રામનામની આપીશની તો બોલતોજ બંધ થઈ જઈશ.'

**રામ બોલો થવા,** મરી જવું.

૨. આવી બનવું; માર્યા જવું; છેકજ નુકસાનીમાં આવી પડવું.

'એ પ્યારીને ચિઠ્ઠી કેમ લખાય ? તેનેજ વાંચતાં કયાં આવડે છે કે તેના નામની ચિઠ્ઠી લખી મોકલું ? આપણામાં રીત નથી તેથી બીજો ઉકલે તો રામ બોલો થાય."

નવીપ્રજા.

૩. પડી ભાગવું; ધમાયનમઃ થઇ જવું.

**રામ બોલો ભાઈ રામ,** ( ભાઈઓ, રામનું સ્મરણ કરો ) આ શબ્દો મડદાને ઉંચકી જનારા બોલેછે. "થોડીવારમાં રામ બોલો ભાઇ રામ કરતા એક મડદાને લઈ ડાઘુ આવી પહોંચ્યા."

( ગર્ધવસેન

**રામ રમી જવા,** મરી જવું; મૃત્યુ પામવું.

૨. ભાગીનો ચૂરે ચૂરા થઇ જવું ( વસ્તુના સંબંધમાં )

૩. દુર્દશામાં આવીજવું; પાયમાલ થવું.

"વીરસેને પોતાના જબ્બર ભાલાના એકજ પ્રહારથી દુર્બલસિંહના રામ રમાડી દીધા."

ગર્ધવસેન.

"જેના ઉપર પિંડનો મોટો આધારછે ને જે બિલકુલ ન મળે તો માણસના રામ રમી જાય, તે હવાને પણ બંધ કરવી એ શરીરને કેટલું નુકસાનકારી છે તેનો વિચાર કોઈ કરતું નથી."

બે બહેનો

"એ સંચા એવી બનાવટના હતા કે હથોડાનો એક ઘા તે ઉપર પડે તો તેના રામ રમી જાય."

જાતમહેનત.

"એક યુવતિ શું પ્રીતિ બંધાઈ, ભરયૌવનની માંય, તેના તે રામ રમી ગયા જાણો, જ્યાં જવાનનું શું જાય ? જાય તેનું સર્વસ્વરે, પુરણ રહ્યા પરજળે—અગ્નિ.

ધીરોભકત.

"પૃથ્વી ફાટે ને સમાય સેના, રામ રમે. જેના તેના."

માંધાતાખ્યાન.

**રામ રામ,** નમસ્કાર. ( પાટીદાર—કણબીમાં )

૨. રજપૂત રજપૂતને મળતાં કે છૂટા પડતી વેળા રામ રામ બોલે છે, "જેમ લ્યો રામરામ પ્રધાનજી ! અફીણ ચઢયું છે તેવામાં ઠીક બોલાશે, માટે જાઊંછું."

ગુ. જૂનીવાર્તા.

૨. વૈષ્ણવ સિવાય વગર જનોઈવાળા મેશ્રી લોકો એ પ્રમાણે બોલે છે. ( એક બીજાને મળતાં )

૩. છેલ્લા પ્રણામ કરવા.

'આજે હું સુખને રામરામ કરવા આવ્યો હતો, હશે આ જન્મને માટે રામ રામ કરૂંછું."

દિલ્લીપર હલ્લો.

**રામ રામ કરો,** ( માત્ર રામનું સ્મરણ કરો, તે ઉપરથી કંઈ આપવાનું—બનવાનું—વ-



Gandhi Heritage Portal

ળવાનું નથી એવો અર્થ દર્શાવે છે.

**રામ રોટલો થવો,** ( કનકવાનો )

" રામ રોટલો થયો, ગયા કંના ગંઠાઈ; ઓ સુતાં ઓ ઉડયાં, અહો કેવી સરસાઈ. "

વિજયવાણી.

**રામ લક્ષ્મણની જોડ,** રામ અને લક્ષ્મણ જેવા સરખી ઊંચાઈના, સરખા ડોળના, સરખા સ્વભાવના અને સાથે હરતા ફરતા એવા બે જણ. **ચંદુ મંદુની જોડ** પણ બોલાય છે.

**રામ શરણ કરવું—પહોંચાડવું,** રામ-ઈશ્વરની હજુરમાં લઇ જવું; મારી નાખવું; ઘાત કરવી. 'રામ શરણ થવું' એટલે મરણ પામવું; મરણ પામી અક્ષય ધામમાં જવું; ઈશ્વરની તહેનાતમાં જવું.

' એક તોપનો ગોળો ત્યાં આવીને પડ્યો ને ફાટયો; તેનો કચરો ઉડવાથી આપણા જોદ્ધાઓ રામશરણ થઈ ગયા. '

પ્રતાપનાટક.

**રામનાં રાજ,** ( રામરાજ્ય ) સુખશાંતિ વાળું રાજ્ય. ( દશરથસુત શ્રી રામચંદ્રજીના રાજ્યમાં કોઈ જૂઠું બોલતું નહિ, ચોરી કરતું નહિ, કપટાચરણ કરતું નહિ, અને સઘળે શાંતિથી ચોખ્ખો વહેવાર ચાલતો તે ઉપરથી. ) 'રાવણનું રાજ'-ઉદ્વેગ અને કુતૂહલવાળું રાજ્ય.

**રામનું બાણ,** ( રામનું બાણ અને વચન પાછાં ફરતાં ન હોતાં તે ઉપરથી ) નિષ્ફળ ન જાય તેવું જે કંઈતે; અસરકારક–આબાદ–કાર્ય સાધ્યા સિવાય પાછું ન જ ફરે તે. (ઔષધ, ઉપાય–વચન–જોષ ઈત્યાદિ)

**રામનું રખવાળું,** રખવાળું જોવા જોઇએ તો માત્ર રામનુંજ. રામ–ઈશ્વર સિવાય કોઈ બેલી નથી એમ સૂચન કરેછે.

**રામનું રામાયણ થવું,** ટુંકી વાત–બિના વિસ્તાર પામવી; રામાયણની પેઠે વધી વધીને મોટી ને અદ્ભુત વાર્તા થવી.

" આ પ્રમાણે તે એટલું બધું બોલીને કહેતો કે રામનું રામાયણ થઈ જાય ને મારી કથાનો કંઇ પણ અંત આવે નહિ."

અરેબિયન નાઈટ્સ.

**રામણ દીવો,** ( નામણ દીવો ) એ દીવાનો નીચેનો લોઢાનો સળીઓ ભોંયમાં સ્થિર દાટેલો હોયછે અને ઉપરને છેડે દીવો સળગાવવામાં આવે છે તે ઉપરથી આળસુ અને જડ ( પુરૂષ કે સ્ત્રી ) ને વિષે બોલતાં વપરાય છે.

**રામણ વેરી નાખવી,** નુકસાન કરવું. ( વસ્તુને માટે વિશેષ વપરાય છે. )

૨. અતિશય દુઃખ પમાડવું ( માણસના સંબંધમાં. ) રામાયણ ઉપરથી રામણ શબ્દ થયો છે.

**રામાયણ ઉકેલવું,** કોઈ વાતને વધારી વધારીને કહેવી.

**રાવણ જેવું મોઢું,** (અત્યુક્તિ) ચઢેલું–રીસાયલું મોઢું.

૨. સૂજેલું ( મોઢું. )

**રાવણ થવું,** મોટું થવું. 'પગ તો સૂઝીને રાવણ થયા છે.' (અત્યુક્તિ)

**રાવણરૂપ કરવું,** મોઢું ચઢાવવું; તોબરો–, દાથરો ચઢાવવો. (અત્યુક્તિ)

**રાવણું કરવું,** રજપૂત લોકોમાં અફીણનો કસુંબો પીવો. 'રાવણાં કરાવવાં' એટલે ભાટ વગેરેને એવો કસુંબો આપવો.

**રાવળજીનાં પસ્તાનાં,** ઠામ ઠેકાણા વિનાના–કાન હોય પણ સાન ન હોય એવા માણસને વિષે બોલતાં વપરાય છે.

**રાહ મારવો,** ધૂળધાણી કરી નાખવું; બગાડવું; વણસાડવું. ( અપવચ )

**રાક્ષસમોયું ( ઘર ),** દક્ષિણ દ્વારૂં. એ ઘર નખેત ગણાયછે.

**રૂડું જીવવું,** સુખમાં જીવન ગાળવું.

Gandhi Heritage Portal

" પ્રભુએ સારો અવસર દેખાડયો તો નાત જાતમાં એ પૈસાનો ખરચ કરી રૂડું શે ન જીવવું ?"

એ એહેનો

**રૂના ગાભલા જેવું**, નિર્દોષ; ઉજળું તથા કુમળું એવું જે કંઇ તે.

**રૂતુ આવવો**, સ્ત્રીને અટકાવ આવવો; અળગું ચઢવું.

**રૂદ્રનો કોપ**, ( રૂદ્ર–શિવજી ઘણા ક્રોધી હતા તે ઉપરથી ) મોટો કોપ.

**રૂદ્રાવતાર ધરવો**, રૂદ્રની પેઠે ઘણું કોપાયમાન થવું; ગુસ્સામાં ચઢી આવવું.

**રૂપરૂપની મણિ**, મણિ જેવી તેજસ્વી અને ફુટડી સ્ત્રીના રૂપ સંબંધે બોલતાં વપરાય છે.

**રૂપરૂપનો અંબાર** પણ કહેવાયછે.

**રૂપની ગોળી**, એ રૂપિયાને વિષે બોલતાં વપરાય છે; રૂપાનાણું.

"સરકાર દરબારમાં ફરિયાદ કરવાં જતાં રૂપાની ગોળીએ વઢવું પડે છે એટલે પુષ્કળ વસુ અને વખત વ્યર્થ જાય છે."

કૌતુકમાળા.

**રૂપે વરશી જવું**, અતિ રૂપવાન હોવું.

" હકમ પારેખ રૂપાળા નહિ હોય તો આંપણી નાતમાં બીજા કયા રૂપે વરશી જાયછે ?"

એ બહેનો

**રૂપેરી બંધ છુટવા**, મરણની તૈયારીપર આવવું; નાડી ઢીલી થઈ જવી.

**રૂવાંટું બદલાવું**, સ્વભાવ–વિચાર ફરવો; ફેરફાર થવો. ( રીતભાતમાં. )

" પારેખ, તમે મને ગમે તેમ લલચાવવાનું કરો પણ તેથી મારૂં એકપણ રૂવાંટું બદલાવાનું નથી."

કૌતુકમાળા.

**રૂવે રૂવાં ઉભાં થવાં**, પ્યાર, અચંબો, ભય વગેરે વૃત્તિને લીધે શારીરિક લાગણી થઈ આવવી.

**રૂવે રૂવે જીવ રાખવો**, ઘણીજ કાળજી રાખવી; બહુ સંભાળીને ચાલવું; કાળજી પૂર્વક ધ્યાન લગાડવું; સાવધાની રાખવી; સર્વાંગ ચાનક રાખવી; નુકસાનની બીકે મહેનત જારી રાખવી.

" રાજાને જેમ ચોતરફ નજર રાખવી પડે છે તેમ બાઇડીઓને રૂવે રૂવે જીવ રાખવો પડે છે."

એ બહેનો.

**રૂશેશ્વરનો કારભાર**, ધીમે ધીમે થતું–રસળતું કામ. ( રૂષિ લોકોના રાજા–અધિષ્ટાતાનું કામ; રૂષિઓ પોતાના કામમાં ઘણું કરીને આળસુ અને ધીમા–સુસ્ત હોય છે તે ઉપરથી. )

**રેચ આપવો**, ધમકી બતાવવી; ડર લગાડવો; ગભરાવું; ધમકાવીને હલકું કરવું; બીક ઉપજાવવી; ધ્રુજાવવું ( લાક્ષણિક. )

**રેજાં ઉડાવવાં**, બહાર ફેંકવા; મોજ માણવી.

**રેઢિયાળ ગાડું**, ધીમે ધીમે થતું કામ. 'રેઢિયાળ ગાડું ચાલવા દો.'

**રેતીમાં નાવ ચલાવવું**, રેતીમાં નાવ ચલાવવા જેવો મિથ્યા યત્ન કરવો; ફાંફાં મારવાં.

૨. અશકય કામની સિદ્ધિ કરવી. ( અદ્ભૂત ચતુરાઈથી કે ચમત્કારથી ) ધારવામાં કે સમજવામાં ન આવે એવાં કામ કરવાં.

**રેવડી કરવી–ઉડાવવી**, ફજેતી કરવી; આબરૂ ધૂળધાણી કરવી.

"તેઓ હસી તાળીઓ અને બૂમો પાડી તે બાપડાની રેવડી કરવા લાગ્યા.'

અરેબિયનનાઈટ્સ.

**રેવડી દાણાદાણ થવી**, રેવડી વેરાઈ જાય ત્યારે દાણાદાણ થઈ જાય એમ કહેવાય તે ઉપરથી આબરૂ વેરાઈ જવી–વહેં-

Gandhi Heritage Portal

ચાઇ જવી-ઓછી થવી; આબરૂના કાંકરા થવા; ફજેતી થવી.

૨. ખરાબખસ્ત થવું. થઈ-જવું; અસ્તોવ્યસ્ત દશાને પામવું.

શણગારની શોભા ઘોડી ઉપર બેઠા વિના જણાવાની નથી, બેશીને દરબારની દેવડી લગી નહિ જાય એટલામાં તો ભાઈની રેવડી દાણાદાણ થશે ને વખતે જીવ પણ જશે. ”

પ્રતાપનાટક.

**રેવડીના પેચમાં લેવું,** રેવડી તૈયાર કરતાં ઘણાં આમળા વાળવા પડે છે. તે ઉપરથી લાક્ષણિક અર્થે ) ફસાવવું; મોટા ફાંસામાં નાખવું; સપડાવવું; આંટીમાં લેવું.

**રેશમની ગાંઠ,** ન છૂટે તેવી ગાંઠ-સંબંધ.

**રોકડો જવાબ,** તરતનો અને વળી ચોખ્ખો જવાબ.

**રોગ કાઢી નાખવો,** નરમ પાડી નાખવું; ઠેકાણે આણવું; પાંસરૂં કરવું. રીસ-બળિયેલપણું-ધુંવવાતાપણું કાઢી નાખવું.

**રોગ થવો,**—ભરાવો, માઠું લાગવું.

**રોગાન ફરવું,** બગડવું; મિથ્યા જવું; ખરાબ થવું; નુકસાન થવું. ( કામ-પૈસા-શ્રમપર રોગાન ફરવું. )

**રોજ આવવું,** ( **रुदन** ઉપરથી )રડવું આવવું.

**રોજ ઉઠીને,** હમેશાં; દરરોજ.

**રોટલા થયા,** પેચ થતી વખતે જ્યારે બંને કનકવા એકઠા થઈ જાય છે ને બંનેનો રોટલા જેવો ઘાટ થાય છે, ત્યારે તેના રોટલા થયા એમ કહેવાય છે. **રામ રોટલો થઈ જવો** પણ બોલાય છે.

**રોટલા ભેગા થવું,** રોટલાનું ખાણું ખાવું-ખાવાની તક મળવી. ખાવાની કોઈ અમુક વસ્તુ છેલ્લા ક્રિયાપદને લગાડવામાં આવે છે. જેમ,

“ પ્રભુ કાંઈક પાંસરૂં પાડ જે મોદક્રિયા ભેગા થઈએ. ”

તપત્યાખ્યાન.

**રોટલા સ્નાન કરવું,** નાહીને તરત ખાઈ લેવું.

**રોટલે રડતી,** ભૂખે મરતી; ભૂખથી પીડાતી.

“ જોનબ્રિટન વિલ્ટશાયર પ્રગણાના કિંગ્સ્ટન ગામમાં એક રોટલે રડતી ઝુંપડીમાં જન્મ્યો હતો. ”

જાતમહેનત.

**રોટલો કરવો,** મારી મારીને બેવડ વાળી દેવું. (રોટલો ઘડી ઘડીને પાંસરો કરવામાં આવે છે તેમ) કચરી નાખવું; ચૂરો-સહાર કરી નાખવો.

‘રોટલો ઘડવો’ પણ બોલાય છે. ‘રોટલો ઘડવો’ એનો બીજો અર્થ એકે નામે રડવું. ‘તારો રોટલો ઘડે! ‘તારો ઓશલો ફૂટે’ એમ પણ બોલાય છે.

“ રડયો દૈત્ય જેવો એનો વર મારવા મંડેલો તે ગડદા ને પાટુએ મારીને રાંડનો રોટલો કરી નાખ્યો! ”

ભામિનીભૂષણ.

“ ભલે ઇંદ્ર બ્રહ્મા ત્રિપુરારિ મોટા, ગદા લાવ મારી કરી નાખું રોટા ”

દ્રૌપદીહરણ.

**રોટલો જવો,** ચાલતું ગુજરાન અટકવું; જે વડે ભરણપોષણ થતું હોય તે બંધ પડવું.

“ કોઇને ન કહો તો કહું; વાત ઉઘાડી પડે તો મારો રોટલો જાય. ”

સરસ્વતીચંદ્ર.

**રોટલો ટાળવો,** ચાલતું ગુજરાન અટકાવવું. બંધ કરવું; ગરીબના પેટપર પગ મૂકવો; પૂરો પડતો ખોરાક અટકાવવો. **રોટલો પડાવવો** પણ કહેવાય છે.

**રોટલો તુટવો,** ચાલતું ગુજરાન અટકવું-બંધ થવું; રોજી બંધ થવી.

Gandhi Heritage Portal

**રોટલો બગાડવો,** ચાલતા ગુજરાનમાં નુકસાન કરવું અથવા ખલેલ પહોંચાડવું.

**રોટલો વાળવો,** કામ બગાડી નાખવું; ચુંથીને ભેળસેળ કરીનાખવું; એકઠું કરી બગાડી દેવું.

**રોતી શીકલનું,** રડતી સુરતનું; ઉદાસી ચહેરાનું.

**રોદડાં રડવાં,** રડીને દુઃખની વાત જણાવવી-કહેવી; શોકની વાતો કહેવી.

"અરે માધ્વી! રોદડાં રોવાનો આ અવસર નથી. માટે અમારાંથી છુટાં પડી તમે મદનશિખરપર ગયાં ત્યાર પછી શું થયું તે સર્વ યથાર્થપણે સત્વર કહી સંભળાવ."

તપત્યાખ્યાન.

**રોશન વાળવું,** ઘણુંજ નુકસાન કરવું; ધૂળધાણી કરી નાખવું.

**રોળ વાળવી,** ( રોવું ઉપરથી નામ ) બીક–આફત ફેલાવવી; રોવડાવવું.

૨. અતિશય નુકસાન કરવું; ખરાબખસ્ત કરી નકામા જેવું કરી મૂકવું; ધાણ કાઢી નાખવો.

"અટોળ બ્રાહ્મણના છોકરા ગામ બહાર વડનાં અને મહુડાનાં પાંદડાંનો રોળ વાળવા દોડી ગયા."

ગુ. જુની વાર્ત્તા.

"નહિ એમની કો સમતોલ,
રાઢચે ભરાતાં વાળે રોળ."

માંધાતાખ્યાન.

**રોળી કોળી વેળા,** (ચારે વેળા) સંધ્યાકાળ.

# લ

**લંકા કરવી,** સળગાવી મૂકવું. ( હનુમાને લંકા સળગાવી હતી તે ઉપરથી. )

**લંકા લૂટવી,** (માલી, સુમાલી અને માલ્યવાન એ રાક્ષસોની પછી થોડો કાળ લંકાની ગાદી રાજા વિનાની રહ્યા પછી કુબેરે ત્યાં રાજ્ય આરંભ્યું હતું. ત્યાર પછી રાવણના વખતમાં હનુમાને લંકાને બાળી હતી, તેમાં સુવર્ણ બહુ હતું એમ કહેવાય છે તે ઉપરથી) ઘણા મોટા ખજાના મેળવવા–હાથ કરવા.

**લંકાની લાડી,** ઘણે જ દૂરની કન્યા.

'લંકાની લાડી ને ઘોઘાનો વર' એ કહેવત છે.

**લંગોટબંધ રહેવું,** સ્ત્રીની સોડ ન જોવી.

**લંગોટિયો મિત્ર,** નાનપણનો મિત્ર.

**લંગોટી મારવી,** વેરાગી થવું ( વેરાગી લોકો લંગોટી મારે છે તે ઉપરથી. )

૨. પાસેની બધી માલમત્તા ખોઈ નાખવી.

**લઈ ઉઠવું,** સળગી ઉઠવું.

"દેવદારનાં લાકડાં દેવતા પ્રગટવાની સાથે દારૂની પેઠે લઈ ઉઠ્યાં."

જાતમહેનત.

**લઈ બેસવું,** કોઇને ગભરાવવું; લઈ પડવું.

૨. ખંતથી કામે વળગવું; શરૂ કરવું.

**લઇ નાખવું** એટલે ધમકાવવું; ઠપકો આપવો; સપડાવવું.

**લઈ પડવું** એટલે ફસાવવું; પોતે ફસાયલો હોઇને સામાને ફસાવવાનો યત્ન કરવો.

**લઇને બેસી રહેવું,** એ મરી જવાની તૈયારીપર આવેલા માણસને માટે વપરાય છે.

**લઇને બેસી રહેવું,** મરણ પથારીએ પડેલા માણસની પાસે બેસી મોત આવતા પહેલાં તેને ચોકે નાખવાની વાટ જોયાં કરવી.

**લક્કડધક્કડ લેવું,** ધમધોકારે ચલાવવું(કામ)

Gandhi Heritage Portal

૨. રપેટીમાં લેવું; સપાટામાં લાવવું.

**લખ્યાં કરવાં,** પહેરામણી નક્કી કરી વિવાહ કરવો.

**લગામ આપવી,** છૂટ આપવી; દાબ–અંકુશ–બંધન વિનાનું રાખવું.

**લગામ છૂટી મૂકવી,** બ્હેકી જવા દેવું; વશ ન રાખવું; કબજામાં ન રાખવું; મરજી માફક વર્તવા દેવું; સ્વતંત્રતા આપવી.

"સિપાઇઓએ શહેરને ઘેરો ઘાલ્યો અને લૂટ ચલાવવાના જોસ્સાની લગામ છૂટી મૂકી."

**લગામ હાથમાં આવવી,** કબજામાં આવવું.

તારી લગામ હવે મારા હાથમાં આવી છે.

"એને હાથ રાજ્યની લગામ આવી ત્યારે કંપની સરકારને એક કરોડને સાઠ લાખનું દેવું હતું."

બ૦ ઇતિહાસ.

**લગામમાં રાખવું,** કબજામાં–અંકુશમાં–હદમાં રાખવું.

"જ્ઞાનના વધારા કરતાં મરજી ઉપર લગામ રાખવી એ બહેતર છે.

એડિસન.

'લગામ હાથમાં રાખવી' પણ વપરાય છે.

"તેઓ બિચારા પોતાના દોષ જાણે અને પસ્તાય તો પણ લગામ હાથમાં રાખી શકતા નથી."

સરસ્વતી ચંદ્ર.

**લટકતું મૂકવું,** આધાર વિનાનું–ધારેલું પાર ન પડેથી નિરૂદ્યમી રાખવું; અંતરિયાળ રાખવું.

"દેવે દેવીને વાક્ચાતુર્ય કરી સમજાવ્યાં અને જ્યારે તેમણે ન માન્યું ત્યારે લટકતાં મૂક્યાં અને પછી તો તારી સખીના ધ્યાનમાં ગાંડા જ થઈ ગયા."

સત્યભામાખ્યાન.

**લટપટિયાં કર,** (હજામનો ધંધો કર) એમ બિનઆવડતવાળા માણસને વિષે તિરસ્કારમાં બોલતાં વપરાય છે.

**લટિયાં ગુંથાવાં,** માંહોમાંહે ઘણો જ ગુંચવાયલો–નિકટ સંબંધ હોવો.

**લટ્ટુ થઇ જવું,** લ્હે લાગી રહેવી.

'જેને દેખી મન્મથ મૂર્ત્તિ થયો જો રે.
તે હમ ઉપર લટ્ટુ થઈ રહ્યો જો રે;
માન્યો મનમાં મોહનવર
પામીયાં જો રે.'

દયારામ.

'લટ્ટુ કરી લગાડું લત લાલજીરે,
લાડલી લાવું.'

દયારામ.

**લટ્ટુ નિરંજન—ભારતી,** મજબૂત બાંધાવાળા અને રખડેલ માણસને વિષે બોલતાં વપરાય છે.

**લઢાઇ વેચાતી લેવી,** કોઇનું ઉપરાણું લઈ પોતે લઢવું.

**લઢાઇનું હાડકું,** લડાઇનું મૂળ–પાયો. (કુતરાના ટોળામાં હાડકું નાખ્યું હોય ને જેમ લઢી મરે છે તેમ બે વિરૂદ્ધ પક્ષમાં લઢાઈ થાય એવી કોઈ વાત અથવા વિષય કે વસ્તુ.

**લતાડ ખાઇ જવું,** યુક્તિથી ફરી જવું; પરિણામ ખોટું નીકળશે એમ જાણી ઉથલો મારી દેવો. તે બોલ્યો તો ખરો પણ–પાછો લતાડ ખાઈ ગયો.

૨, મરડાઇ આવવો–(કનકવો.)

**લત્તાં લેવાઇ જવાં,** (લૂંટાવું–તે ઉપરથી લાક્ષણિક.)

તુકસાન કે ગભરાટમાં આવી પડવું; આફત આવી પડવાથી હિંમત જતી રહેવી; ખબર લેવાઈ જવી.

'હવે સાવધ રહેજો એટલે ઘણું છે. બાકી થોડા દહાડામાં તમારાં તો લત્તાં લેવાશે."

Gandhi Heritage Portal

**લપકા ખાવા,** મહેણાં ટૂણાં ખાવાં.

**લપ્પનછપ્પન કરવી,** ( લોપવું-દેખાતું બંધ થવું+છુપવું છુપું-રહેવું. ) વધારી વધારી કહેવું ( મૂલ. )

૨, દોઢ ડહાપણ કરવું-તિન પાંચ કરવી; પતરાજી કરવી.

**લપ્પનછપ્પનિયું,** દોઢડાહ્યું; વધારી વધારીને કહેનારૂં ( માણસ તેમ હકીકત બંનેને માટે વપરાય છે. )

'આ પ્રમાણે તે દુષ્ટ બુદ્ધિવાળા મંત્રીએ પોતાનું લપ્પનછપ્પનિયું ભાષણ કર્યું. '

અરેબિયન નાઈટ્સ.

" અમે ઐરાં તો એક જ વચની, તમે પુરૂષો લપ્પન છપ્પનિયા; જ્યાં જાઓ ત્યાં લપશી પડો. "

નવી પ્રજા.

**લપોડશંખ,** ડોળમાં અને વચન આપવામાં આગળ પડતો પણ બજાવવામાં ઠંડો એવો માણસ.

ઠામ ઠેકાણા વિનાના જુઠા તડાકા મારનારો; ગપ્પીદાસ; ઢોલિયો.

(ધોળો ફક-ઉપરથી રોફ મારે પણ ઘરમાં હાંલ્લાં કુસ્તી કરે તેવો.)

"લપોડશંખ લાખ તો કહે સવા લાખ" એવી કહેવત છે.

**લબડધક્કે લેવું,** ( લપ્પડ+ધક્કે ) ખુબ ધમકાવવું.

૨. ઝપાટાબંધ કામ કરાવી લેવું.

૩. લપડાકો મારીને અને ધક્કા મારીને લઈ જવું.

" મારાં માબાપની લાજ ને મારો ધર્મ સમજીને તમારી મરજી સાચવુંછું તેમ તેમ તમે તો મને છેક જ લબડધક્કે લેવા માંડી. "

ભામિનીભૂષણ.

**લમણા ઝીકવા-લેવા,** માથાફોડ કરવી, ઘણીવાર સુધી આડી તેડી વાત કરી માથું દુઃખે તેમ કરવું.

" ક્યારનો લમણા ઝીકે છે, જો બાઈ આજ પછી એ વઢકારી વઢવા સારૂ આવે ત્યારે તું મારી પેઠે મુનિવ્રત ધરજે એટલે તે થાકીને પાછી જશે ને તારે લમણા ઝીકવા નહિ પડે. "

બે બહેનો.

**લમણે હાથ દેવા,** (નિરાશાનો અભિનય) હિંમત હારી જવી; આશા ભંગ થવી;

" તેને નક્કી લાગ્યું કે હવે મારો પ્યારો પુત્ર ડુબી મુઓ. પણ સાહેબ, કુંવર હજી હયાત છે. હમણાં તે આ બેટના એક ખુણે લમણે હાથ દઈ બેઠો છે; અને પોતાનો બાપ બુડી મુઓ સમજીને પાર વિનાનો શોક કરે છે. "

શે. કથાસમાજ.

" વજીર રાજા થઈ પડ્યા છે,
બધી વસ્તુના હમણે;
ચેતો સંભાળો નહિ તો પછી,
રે'શો કર દઈ લમણે. "

પાણીપત.

**લવંગીઉં મરચું,** ( લવંગના જેવું નાનું મરચું તીખુ તમતમું હોય છે, તે ઉપરથી લાક્ષણિક અર્થે ) ગરમ લોહીનું; ચપળ; તેજી; તીક્ષ્ણ.

**લશ્કરનાં વાજાં,** લશ્કરનાં વાજાં જેમ બારેવાટ-નિયમ વિનાનાં વાગે છે, તેમ ઢંગ ધડા વિનાનું-ભલીવાર વિનાનું એવું જે કાંઈ તે.

" બારવાટ વાજાં દલે,
તુચ્છ વચન ત્યમ તુજ તણાં.

અંગદવિષ્ટિ.

" બાઈ લશ્કરનાં વાજાં છે, એના બોલવામાં કાંઈ ઠેકાણું છે, "

Gandhi Heritage Portal

**લાંઘણું ઘાલવું,** ઉત્તરાણીને માટે બારણે બેસવું.

૨. ધામા નાખવા.

**લાંબા થઈ જવું,** મરી જવું.

**લાંબા થવું,** વેપારમાં ઘણી ખોટ આવવી—એવી ખોટ આવવી કે પડેલાં ઉઠાયજ નહિ.

૨. સૂવું ( આડા થવાના અર્થમાં )

**લાંબી ખેંચવી,** મરી જવું.

**લાંબી છેલ્લી ઊંઘ,** મોત; મરણ.

( મોત અને ઊંઘ એમાં માત્ર એટલો જ ફેર છે કે સાધારણ ઊંઘમાંથી આપણે ફરીને જાગીએ છીએ અને કામે વળગીએ છીએ, પણ મોત એ એક એવી ઊંઘ છે કે જેમાંથી ફરીને ઉઠી શકાતું નથી તે ઉપરથી )

**લાંબી ટૂંકી,** (+જીભ) અમર્યાદિત ભાષણ; વધારે ઓછું બોલી જવુ તે; નિરંકુશપણે બોલી જવું તે.

**લાંબી નજર,** દૂર નજર; દીર્ઘ દૃષ્ટિ; આગળથી થતો વિચાર.

**લાંબી ફાળ ભરવી,** ગજા ઉપરાંતનું કાંઈ કામ કરવા હિંમત ભીડવી; સાહસ કરવું.

**લાંબી સોડે સુવુ,** મરી જવું. ( છેલ્લું લાંબી વખતનું સ્મશાનમાં સૂવું તે ઉપરથી. )

૨. દેવાળું કાઢવું; ( સૂતા—પડ્યા ઉઠાય નહિ એવી સ્થિતિમાં આવી જવું તે ઉપરથી )

**લાંબુ કાઢવું** (આપણા લોકમાં આયુષ્યની દોરી કહેવાય છે અને તે દોરી—તાર જેનો વધારે ખેંચાયો હોય તેને વિષે એમ બોલતાં વપરાય છે. લાંબુ કાઢવુ એટલે લાંબો તાર કાઢવો, તે ઉપરથી ) લાંબા વખત સુધી—ઘણાં વર્ષ જીવવું.

**લાંબું ખેંચવું,** લાંબા વખતનો વ્યય કરવો; ઢીલ કરવી.

૨. ( લાંબો તાર ખેંચવો ) ઘણાં વર્ષ જીવવું.

**લાંબુ પિંગળ કરવું,** વધારીવધારીને કહેવું; અતિશયોક્તિથી વધારવું.

" રે, લાંબુ લાંબુ પિંગળ કરવું પડતું મૂકી તેમને મોટા આદરથી દરબારમાં દાખલ કર. "

પ્રતાપ નાટક.

**લાંબે પાટે સુવું,** દેવાળું કાઢવું.

૨, વેપારમાં ખોવું.

૩. ઘણીજ દુર્દશા કે મોટા નુકસાનમાં આવી પડવું.

૪. મરણતોલ થવું.

૫. નિરાંત ધરીને સુવુ; બેદરકારીથી પડી રહેવું.

**લાંબે સાથરે સૂવું,** દીર્ઘ દૃષ્ટિ પહોંચાડીને એવું કાર્ય આરંભવું કે જેથી ઠોકર ખાવીજ ન પડે.

૨. મરણ પામવું.

૩, નિરાંત ધરવી.

**લાંબો હાથ કરવો,** લાંચ લેવી.

૨. મદદ કરવી; હાથ દેવો.

૩. અટકાવ કરવો; અડચણ નાખવી.

**લાકડાં કાપવાં,** ન ગણકારવું; ન લેખવવું. ( કોઈનું કહેણુ )

" હું કહું છું તે તેને મનતો જાણે લાકડાં કાપે છે. "

**લાકડાં પહોંચવાં,** હત તારાં લાકડાં પહોંચે એટલે તું મરી જાય એમ બદદુવા દેતાં બોલાય છે.

**લાકડાં લઢાવવાં,** સાચાં જૂઠાં કરી લઢાઈ ઉભી કરાવવી. ( બે જણ વચ્ચે )

'એ રાંડ ઠેર ઠેર લાકડાં લડાવતી ફરેછે.'

**લાકડાં સંકોરવાં,** શાંત પડેલી લઢાઈ ઉસ્કેરીને ઉભી કરવી; ઉત્તેજન આપવું; અસર વાધરવી. ( ખોટી બાબતમાં )

૨. (તપનાં) લાકડાં સંકોરી તપેશ્વરીની મહેરબાની કે પ્રસાદી મેળવવી; પુણ્ય કર્મ કરવાં.

Gandhi Heritage Portal

'પૂર્વે લાકડાં સંકોર્યાં હશે તેનું આ ફળ મળે છે.'

"પૂર્વે તમારા ક્રિયાય તપનાં લાકડાં સંકોર્યાં હશે? કેમ, ત્યારે હવે ચાલવું છેને? એ તો એજ, આ પાર કે પેલી પાર."

તપત્યાખ્યાન.

**લાકડાની તરવાર,** છત-વિત્ત વિનાની સ્થિતિ; હાબડદુબડ કામ ચલાવવાની રીતિ-રસ્તો.

"રાજની ઉપજ કમી થઈ ગઈ છે, ખજાનો ખાલી થઈ ગયો છે, ને લાકડાની તરવારે લડવાનો વખત આવ્યો છે."

પ્રતાપ નાટક.

'લાકડાની તરવારે મહિનો ખાવો' એમ કહેવાય છે.

**લાકડામાંય પૈસા મળવાના નથી,** મતલબ કે મરી જઈશ તો પણ મળવાના નથી.

**લાકડીઓ ઉડવી,** અરસપરસ મારામારી થવી. (લાકડી વડે)

**લાકડી કરવી,** સાંસણી કરવી; આંગળી કરવી; ઉશ્કેરવું; ઉત્તેજન આપવું.

૨. લાકડીથી પૂજા કરવી.

'ત્યારે એ છોકરાં તેમની ચાકરી કરશે કે લાકડી?"

એ બહેનો.

**લાકડીએ પાણી સિંચવું,** (લાકડી વડે કદી પણ પાણી સિંચવાનું કામ થાયજ નહિ, તે ઉપરથી) જે કામ જેણે કરવાનું તે તેને ન સોંપતાં બીજાને સોંપવું કે જે કદીજ બરાબર થાય નહિ.

૨. મિથ્યા પ્રયાસ કરવો.

**લાકડું ઘાલવું,** (લાકડું-**લગુડ**) કોઈ ચાલતા કામની વચ્ચે પોતાનું કામ કરાવવું કે ફાયદો થાય તેવું કરાવી લેવું-કોઇને ત્યાં વચ્ચે પોતાનો ફાયદો શોધવાની તજવીજ રજુ કરવી; વચમાં હરકત કરવી; પગપેસારો કરવો.

૨. (કેડોમાં) કેડો અક્કડ થઈ જવી.

**લાકડું પેસવું,** વચ્ચે ખલેલ થવું; નડતર થવું; અડચણકર્તા એવું જે કાંઈ તે દાખલ થવું.

**લાકડે માંકડું વળગાડવું,** બે જણ વચ્ચે તકરાર-ભાંજગડ થાય તેમ કરાવવું; બેને લડાવવાં.

૨. વિરૂદ્ધ સ્વભાવનાં સ્ત્રી પુરૂષનું જોડું ગોઠવી દેવું.

"જાણી જોઇને આપણા લોકો પોતાનાં પુત્ર પુત્રીને પરણાવવામાં લાકડે માંકડું વળગાડી દઈ તેઓના હિતને હણે છે."

મણિ અને મોહન,

**લાખ ટકાનું-રૂપિઆનું,** ફાયદો થાય એવું અને ઉત્તમ; અગત્યનું; ભારે કિંમતનું અને લાભદાયક; ઘણું કિમતી અથવા ઉત્તમ. (આબરૂ વગેરે)

૨. ઘણુંજ પ્રમાણિકને ભલું (માણસ) તેથી ઉલટું કોડીનું.

"અથવા વિષ પીને પોઢીએ, પણ મિત્ર કને નવ ઓડીએ; અજાચકવ્રત મૂક્યું આજ, ખોઈ લાખ ટકાની લાજ."

સુદામાચરિત્ર.

"તે ઘરડી અશકત થઇ ખાટલે પડે ત્યારે રાંડેલી છોકરી તેની ચાકરી કરવામાં લાખ રૂપિયાની થઈ પડે."

કરણઘેલો.

**લાખ પંચોતરી,** જૂઠું જૂઠું વધારીને બોલવું તે; જૂઠો અને અત્યંત બડબડાટ.

૨. (લાખ-પીપળા વગેરેની+પંચોતર) માત્ર ઉપરનો ડાકડમાળ; જૂઠો દેખાવ; બહારનો ડોળ; બહારથી સુંદર દેખાતું પણ અંદરખાનેથી ખોખું-જૂઠું.

**લાખનો પાલણહાર,** રાજા અને જનદયા ધરનાર તથા મોટો ઉમદા અમીર, જેની વડે લાખો માણસોનું પોષણ થાય તે.

'લાખ જજો પણ લાખનો પાલણહાર ન જજો એ કહેવત છે.



Gandhi Heritage Portal

**લાખવાતની એક વાત,** અર્થાત્ ટુંકામાં.

"લાખ વાતે એક વાત જો નરભા, રહો રહો હવાં રણછોડ રાયરે રાય. આજ."

કવિ નરભેરામ.

**લાખસેં વાનાં કરવાં,** બહુ બહુ રીતે ઠેક દેવા; શરમીંદું કરી ઘણી ઘણી રીતે સમજાવવું,

**લાખો ફુલાણી,** ગુજરાતમાં એ એક થઈ ગયો. મોટી મોટી વાતો કરવામાં અને શકિત ઉપરાંત ડોળ દેખાડવામાં એ બહુ આગળ પડનાર હતો, તેથી લોકો ફુલાણી એ વિશેષણ એના નામને જોડીને લાખો ફુલાણી એમ તેને કહેતા. આજે પણ જો કોઇ શકિતથી વધારે વાત કરે તો તેને લાખો ફુલાણી કહેવામાં આવે છે.

**લાગ્યું ફોડી લેવું,** માથે પડયું ભોગવી લેવું–ઉઠાવી લેવું.

'હું મારૂં લાગ્યું ફોડી લેત ને આજે આ દશાને પામત નહિ.'

દિલ્હીપર હલ્લો.

'એની માગણી કેમ પૂરી કરવી તે માટે હું જરા વિચાર કરૂંછું, એટલામાં તું જઇ ને બજારમાંથી સામગ્રી લઈ આવ; તું બેફિકર રહેજે હું મારૂં લાગ્યું યથાયોગ્ય ફોડી લઈશ.'

અરેબિયનનાઈટ્સ.

**લાગો ભાગો દીવાળી,** (લાગો કે ભાગો પણ દીવાળીનો ઉત્સવ તો પાળવોજ તે ઉપરથી') નફો થાઓ કિંવા નુકસાન થાઓ તો પણ મારે મારૂં કામ તો કરવુંજજોઇએ.

'મારે મન તો લાગો ભાગો દીવાળીછે.'

**લાડ પહોંચ્યાં,** બહુ થયું; બસ કર

લાડકું માણસ હસવામાં બહુ બહુ બોલતો હોય તેથી કંટાળીને સામો માણસ એ પ્રમાણે કહેછે.

**લાડ પહોંચાડવાં,** ખબર લઇ નાખવી; લાડ ભુલાવી દેવાં (શિક્ષા કે નુકસાન કરીને.)

"બળ પરાક્રમ તારૂં દેખાડ, પછે હું પહોંચાડું તારાં લાડ."

કવિ ભાઉ.

**લાડવો ખાવો–જમવો,** ફાયદો કાઢવો. એક શસ્ત્રધારી બ્રાહ્મણને રજપૂતે કહ્યું કે યુદ્ધમાં જવું તે કાંઇ લાડવા જમવાનું નથી, મતલબ કે તમે બ્રાહ્મણ તો લાડવા જમી જાણો, યુદ્ધ કરી જાણો નહિ. **લાડવો ખાવાનું કામ નથી** એટલે સહેજસાજ નથી પણ અઘરૂં છે

**લાડવો દાટયો છે,** ફાયદો–નફો છે (લાક્ષણિક).

**લાડુ રજા માગે છે,** મતલબ કે હવે લાડુની ટોપલી આણવી બંધ કરો, એમ બ્રાહ્મણોમાં લાડુ જમી રહ્યા પછી કહેવાનો પ્રથા છે.

**લાતો ખાવી,** ખત્તા ખાવા.

**લાદવું પલાણવું,** 'મારે શું લાદવું પલાણવું છે તે' એટલે મારે શી વાર છે? એમ બોલાય છે (લાદવા પલાણવાની તૈયારી કરવાની હોય ત્યારે વાર લાગે તે ઉપરથી)

**લાભોજી લાભોજી ન કરીશ** (જેવી પે'લો ધારણ મોટે મને ભરી તેમ ન ભરતો) હૈશો હૈશોકરી–નિષ્કાળજીથી જોઇએ તે કરતાં વધારે આપવું–વાપરવું–ખર્ચવું; ઉડાઉપણે વર્તવું.

**લાય ઉઠવી,** (દાણાની–કેરીની, વગેરેની) જલદી વેચાણ થઈ જવાથી મોંઘું થવું.

**લાલ થઇ જવું,** ક્રોધનો અભિનય કરવો.

'હરિ બોલ્યા, અબળા થા માં આકળી, ચાખંતામાં ચમકી શું થાય લાલજો'

દયારામ.

**લાલ મોઢાં થવાં,** યશ મળવો.

"શ્યામ મેં કર્યાં તેં લાલ,હારે સમરથ શાણા; વંચે વર્ણ્યું જાયે ન વા'લ હારે સમરથ શાણા."

માંધાતાખ્યાન.

Gandhi Heritage Portal

૨. ખુશબખ્તિ થવી.

**લાલજી મનિયાર,** (ચુડા વેચવાનો ધંધો કરનારને મનિયાર કહે છે—લાલજી કરીને એક ચુડીઓ વેચનાર હતો. બીબી જડાવ નામે એક ધનવાન મુસલમાન સ્ત્રી હતી. એ બીબીને ગુલાલ નામે લુંડી હતી બીબીના હાથની ચુડીઓ નંદવાઈ ત્યારે લાલજી મનિયારને ગુલાલની મારફતે નવી ચૂડીઓ લેવા તેડાવ્યો. લુંડીએ રસ્તામાં તેની જોડે જારકર્મ કર્યું, અને લાલજી મનિયાર જોડે નીકળી ગઇ તે ઉપરથી ) છેલ; ફાંકડો; રંગીલો પુરૂષ; છેલબટાઉ; નાજુક નરમ અને શોખીન પુરૂષ.

"કહાણિયો સાંભળવાનો દિયરજી તમને બહુ છંદ હતો અને તેમાં તોતડી વહુનો વર, લાલજી મનિયાર અને ભીખા ભૂખરબારશની કહાણિયો તમોને સાંભળવી બહુ ગમતી હતી."

સદ્‌ગુણીવહુ

**લાલસાહેબ** પણ બોલાય છે. તેનો અર્થ ઇશકી; મિજાજી; ફાંકડો.

**લાલબાઇ લગાડવી,** બાળી મૂકવું (તિરસ્કાર કે કંટાળામાં વપરાય છે)

"રાજી તો હવે મરવામાંજ; એ લગ્નમાં હવે લાલબાઈ લગાડો."

મણિ અને મોહન.

**લાલબાઇની ચોકી ફરવી,** ચોમેર આગ પથરાવી—ફેલાવી.

"બંદોબસ્ત કરવાની કાંઈ જરૂર રહી ન હોતી કેમકે એક દિવસ આપણા ઘર ફરતી લાલબાઈની ચોકી ફરી ગઈ છે."

કૌતુકમાળા.

**લાલ સાહેબ,** ફકડ, છેલ; ઉડાઉ; લાલ.

**લાલાજી કરવું,** માર મારવો; પૂજા કરવી; રડાવવું; ખુશ મિજાજ કાઢી નાખવો. (વાંકામાં)

"વારૂ; હું નહિ જાણતો હોઉં તો એના સ્વભાવને, રાખો, તાતીઆને પૂછી આવું; ખરૂં હશે તે કહશે, પછી મોટા શેઠ પાસે લાલજી કરાવીશું."

તારાબાઇ.

**લાલાતાણ,** ગભરાટ, અમૂઝણ; ચોતરફનો ગભરાટ ઉપજવો તે; લેમેલ.

**લાલિયા ટેકણ,** ઉતમ નહિ તેમ કનિષ્ટ નહિ પણ કામ નભી શકે એવી રીતનું; કામ ચલાઉ.

**લાળા ઉઠવા ( અંતરમાં ),** અતિશય ચિંતાથી કાળજું બળવું.

**લીટી ખેંચવી,** લીટી ખેંચી રદ કરવું.

૨. લીટી દોરી હદ ઠરાવવી—નક્કી કરવી.

**લીમડે લટકવું,** અવગતિયું થવું; અસદ્‌ગતિને પામવું.

(જ્યારે કોઈ માણસ તેનાં માબાપની પાછળ ઉત્તરક્રિયા કરતું નથી ત્યારે તેને વિષે બોલતાં વપરાય છે કે તેનાં માબાપ તો લીમડે લટકેછે.)

**લીલ પરણવી,** પહેલી બાઈડીને મરી ગયે પૂરૂં વર્ષ થયું ન હોય એટલામાં બીજી બાઇડી પરણવી. (**नील=લીલું+उद्वाह=** લગન)

અગીઆરમાને દિવસે વાછરડો અને વાછરડી પરણાવવી તેને પણ લીલ પરણાવવી કહેછે. (?)

**લીલ વાળવી,** (પાણીમાં લીલ વળવાથી પાણી ખરાબ—નિરૂપયોગી થાય છે તે ઉપરથી.).

ખરાબ કરી નાખવું; બગાડી નાખવું; નિરૂપયોગી થાય તેમ કરવું; ધૂળધાણી કરી મેલવું.

**લીલા કરવી,** મરી જવું; સ્વધામ પહોંચવું.

**લીલા ઝાડ તળે ભૂખે મરે એવું,** ( એક માણસ રાયણના ફળવંત ઝાડ તળે સૂતો હતો; ત્યાં ઝાડ તળે પાકી રહેલું એક

Gandhi Heritage Portal

રાયણું તેની છાતી ઉપર પડ્યું પણ છાતી ઉપરથી ઉપાડી પોતાના મોઢામાં મૂકવા જેટલો પણ શ્રમ ન કરવો પડે એટલા માટે એક માણસ ઊંટ ઉપર બેસીને ત્યાં થઈ જતો હતો તેને તેણે કહ્યું કે ભાઇ, તું જરા ઊંટ ઉપરથી ઉતરીને આ રાયણું મારા મોઢામાં મૂકને, ઊંટવાળો બોલ્યો તારા હાથ ભાગ્યા છે, કે પોતાની છાતી ઉપર પડેલું એટલું રાયણું સરખું પણ ઉપાડી તારાથી ખવાતું નથી ? મારે હું તો નહિ ઉતરૂં. તે બોલ્યો, અરે, તું તો દરિદ્રી દેખાયછે ! ઉંટ વાળો બોલ્યો, તારા કરતાં વધારે દરિદ્રી દુનિયામાં કોણ હશે? કે જેની છાતી ઉપર પડેલું રાયણું ખવાતું નથી ? આ વાત ઉપરથી)

ફળ મેળવવાનું સાધન હોવાછતાં લેવાની શક્તિ સામર્થ્ય-હોશ-શૌર્ય ન હોય તેવું. હાથ પગ જડ થઈ ગયા હોય એવા હરામ હાડકાંના માણસને વિષે બોલતાં વપરાય છે.

**લીલાં પાણી,** ભાંગ, સબજી; માયા

"શેઠ, તમે તો ઉનાળામાં લીલાં પાણીનું રોજ સેવન કરતા હશો તો.?"

ભટનું ભોપાળું.

**લીલા વિસ્તારી,** લીલા કરી; મરણ પામ્યા.

**લીલા સુકાનો વિચાર,** યોગ્યાયોગ્ય—સારામાઠાનો વિચાર,

વનનો દાવાનળ જેમ લીલા સુકાનો વિચાર કરતો નથી તેમ મનના અનળની હાલચાલ પણ અવિચારી હોય છે. જે સારૂં માઠું જુએ નહિ, લાભહાનિ વિચારે નહિ, લાજ મર્યાદા જુએ નહિ, ધર્મશાસ્ત્રને ગણકારે નહિ, સગપણને વિચારે નહિ એવા સાહસિક વૃત્તિના માણસને વિષે બોલતાં વપરાયછે.

'તે લીલા સુકાનો કાંઈ વિચાર કર્યા વિના ઓકાવ્યો જ જાયછે. ?'

**લીલી ઘોડી,** લીલા રંગની ભાંગ; સબજી; વિજ્યા

"મામા સાંજના ભાંગ પીવા આવનારાને પૈસાની બે લોટી લેખે માયા પાય; પોતે લીલી ઘોડીપર ચઢયા હોય તે વેળા છાંટ મારવામાં તે ચતુર હતા, ને તેથી ડાહ્યામાં ને જ્ઞાનીમાં ખપતા."

સાસુવહુની લડાઈ.

**લીલી લેખણ,** તાજો કારભાર; ધમધોકારે ચાલતો વેપાર—ધંધો. (સરાફ કે મોટા વેપારીને રોજમેળ ને ખડિયા લેખણ સિવાય ચાલતું નથી; વારંવાર જમે ઉધારની રકમ નખાવવા લોકોની પડાપડી થાય છે અને તેથી વેપારીની-લખનારની લેખણ લીલીને લીલીજ રહેછે-સૂકાતી નથી તે ઉપરથી)

**લીલી વાડી,** જુવાની; ખીલતી-તરૂણ અવસ્થા.

**લીલું કરવું,** ઉકાળવું; ફાયદો કરી આપવો; સારૂં કરવું (લીલી વસ્તુ રસકસવાળી ને ઉપયોગી થાય એવી હોયછે તે ઉપરથી.)

૨. કાંઈ સારૂં કામ ન કર્યું હોય ત્યારે પણ વાંકામાં બોલાયછે.

**લીલું ઘડપણ,** જ્યારે ઘરડો માણસ આનંદી અને સુખી હોય અને જુવાન પુરૂષોની સાથે હરિફાઈ કરી શકે એવો હોય ત્યારે તેને વિષે બોલતાં એમ વપરાયછે કે તે લીલું ઘડપણ ભોગવેછે

**લીલું પીળું થઈ જવું,** ક્રોધ કરવો; અતિશય ક્રોધાયમાન થવું.

**લીલું વાળવું,** ફાયદો કરી આપવો; સારૂં કરવું.

૨. કાંઈ સારૂં ન કર્યું હોય ત્યારે વાંકામાં બોલાય છે.

"રાજા અનેક સ્ત્રીઓ પરણે છે તે કેવળ પોષ્ય છે. એ કાંઈ ભીડની વખતે એને સહાયભૂત થતી નથી. આથી જે

Gandhi Heritage Portal

રાજસેવક સંપત્તિના સેવક બની રહી વિપત્તિમાં કાંઈ લીલું ન વાળે તે પણ શ્રીઓના જેવાજ લેખાય છે.”

ગર્ધવસેન

**લીલે તોરણે,** ( લીલું+તોરણ) જેમ આવ્યા તેમ ને તેમ; નિષ્ફળતાની સાથે; વીલે મોઢે. કન્યાને પરણવા આવેલો વર પરણ્યા વિના પાછો જાય ત્યારે તે લીલે તોરણે પાછો ગયો એમ કહેવાય તે ઉપરથી કંઈ ધારેલું કામ સિદ્ધ ન થતાં નિરાશાથી પાછું ફરવું પડે તેવે પ્રસંગે એમ કહેવામાં આવે છે કે, 'જાઓ હવે તો લીલે તોરણે'

"તે વળી અહીં કે ક્ષેત્રમાં! પણ તમે તો જાઓ લીલે તોરણે."

બ્રહ્મરાક્ષસ.

**લીલો દુકાળ,** ( જોઇએ તે કરતાં ઘણોજ વધારે વરસાદ પડવાથી ધાન્ય કોહી જાય અને તેથી લોકો દુઃખી થાય એવો જે દુકાળ તેને લીલો કાળ કહેછે તે ઉપરથી ) જે માણસને ત્યાં પુષ્કળ છત હોય તે છતાં તેનો ઘટતો વ્યય ન કરે ત્યારે એમ કહેવાય છે કે એને ત્યાં તો લીલો દુકાળ છે, એ ખાતો-ભોગવતો નથી અને ભોગવવા દેતો પણ નથી.

**લુમખો લૂટાઈ જવો,** ફાયદો-લાભ જતો રહેવો; નુકસાન થવું.

: શો લુમખો લૂંટાઈ જવાનો હતો તે વહેલો વહેલો આવ્યો ?'

**લુલી બાઇ,** ગમે તે દિશા તરફ ફરનારી-ગમે તેમ બોલનારી જીભ.

**લૂગડાં ઉતારવાં,** ( સનાન આવવું તે ઉપરથી લાક્ષણિક ) ન્હાવું નીચોવવું; સંબંધ હોવો.

કોઇ ચાલતી સારી માઠી બાબતનો સંબંધ ન હોય ત્યારે બોલનાર કહેશે કે મારે શાં એમાં લુગડાં ઉતારવાં પડે એમ છે? મતલબકે તેને માટે મને શી સારી માઠી લાગણી છે ?

૨. સંબંધ છોડી દેવો-તજી દેવો.

૩. લૂટાવું.

૪. ખરાબખસ્ત થવું; પાયમાલ થવું; દુર્દશામાં આવી પડવું.

**લૂગડાં ઉતારીને વાંચજો,** પરગામનાં સગાંને કૃષ્ણાક્ષરી ( કાળોતરી-ચિઠ્ઠી ) લખીને ખબર આપે છે તેના શિરનામા ઉપર લૂગડાં ઉતારીને વાંચજો એમ લખ્યું હોય છે, કારણ કે તેમ કરવાથી તે માણસ અભડાય નહિ.

**લૂગડાં કરવાં,** બેન દીકરીને લૂગડાં આપવાં.

**લૂગડાં ખંખેરવાં.** પોતાની પાસે કાંઇ માલમતા નથી એમ દર્શાવવું.

**લૂગડાં તપાસવાં,** ઝાડો લેવો.

**લૂગડાં લેવાં,** લૂટવું; વસ્ત્રલોચન કરવું. (બહુવચનમાં જ વપરાય છે. )

**લૂગડાં લેવાવાં,** લૂંટાવું.

૨. હારી જવું; નુકસાનના ગભરાટમાં આવી જવું.

**લૂગડાં સસ્તાં કરવાં,** ચિંથરેહાલ કરવું; આબરૂની પણ નાસ્તિ કરવી.

૨. લૂટાવું; નુકસાન વેઠવું; પાસે જે કંઈ હોય તે વિનાનું થવું.

**લૂગડામાં પાંચશેરી ઘાલી મારવું,** સખત પણ ગુપ્ત માર મારવો.

**લુણ ઉતારવું,** બલા કાઢવાને માથાપર રાઈ મીઠું ફેરવી ભોંયપર કે ચૂલામાં નાખવું.

૨. કાકડીને ડીંચકા આગળથી જરા કાપી તે ઉપર મીઠું ભભરાવી કાપેલો ભાગ ઘસી કડવાશ કાઢવી.

**લેમલ થવી,** કોઇ કામ બગડી જતું હોય તે વખતે તૈયારી, તાકીદ કે ઉતાવળની સાથે ગભરાટ થઇ આવવો.

૨. ( મરતા માણસને ભોંયે નાખવામાં. )

' અસુર સવારની મુસાફરી કરવાની

Gandhi Heritage Portal

હોય ત્યારે સ્વારોને લેમેલ થાય.”

ગર્ધવસેન.

**લે લકુંઓ,** લે ફાયદો; લે લાડવો; આ લાડવો વગેરે બોલાય છે. ગભરાવું; વ્યાકુળ થવું; બહાવરા બનવું.

**લેખે લાગવું,** મજરે પડવું; ઉપયોગમાં આવવું.

**લેલે મજનૂ** (લેલી નામની ખુબસુરત ઓરત ઉપર કોઇ કેસ નામનો મરદ, મજનુન એટલે દીવાનો થઇ ગયો હતો તે ઉપરથી) આશુકમાશુક.

૨. (લાક્ષણિક) દુર્બળ; નિર્ગત; બેહાલ.

**લેવાઈ જવું,** ઝાંખા પડી જવું; શરમાઇ જવું.

૨. દુર્બલ થવું.

‘તાવથી લેવાઇ ગયો છે.’

**લૌકિક કરવું,** કોઇને ત્યાં મરણનું રડવા જવું.

**લોકોને દેખાડવા,** અંતરજ્ઞાનથી નહિ પણ વ્યવહારથી કરીને લોકોમાં સારૂં કહેવડાવવા; દેખાડો કરવા.

**લોચા પડતી વાત,** ચોખવટ વગરની વાત.

**લોચા વાળવા,** બોલવામાં આચકા ખાવા; ભાગ્યું તૂટ્યું બોલવું; સાંભળનાર પૂરૂં ન સમજે એમ બોલવું; બોલતાં અચકવું;

‘ભાઇ લોચા શું વાળો છો, ઠીક બોલોને ?’

૨. ગરબડગોટા વાળવા. (હિસાબમાં)

૩. માંદા માણસથી અન્ન ઉપર અભાવને લીધે અથવા સાજા માણસથી પણ શાકપાન વગર લૂખું ખાતાં જ્યારે ખાધેલું ગળે ઉતરે નહિ ત્યારે પણ વપરાય છે.

**લોચો લાબશી,** ગરબડગોટો; વાંધો; લાબશીની પેઠે ચુંથોગો કરી મેલ્યો હોય તે.

**લોટ ફાકે છે,** ઝખ મારે છે, ખાંડ ખાય છે, એવા અર્થમાં બિલકુલ દરકાર નથી એમ દર્શાવે છે

૨. પાસે વિત્ત–દમ નથી.

૩. ખાવાનું નથી. (ગરીબી હાલત દર્શાવે છે.)

**લોટા ભરવા,** બ્રાહ્મણ થવી અથવા અબ્રાહ્મણ ચાલે તે હાલતે પહોંચવું.

૨. બીકથી જુલાબ થઈ જવો.

**લોટા લઈ લેવા–હરવા,** કોઇનું કાંઈ હરી લેવું; ઝુંટવી–છીનવી લેવું; છેતરી જવું.

“મૂરખને તે મળે મલપતી,
હરતી કવિજનના લોટા;
શ્રીમંતો નિજ ધર્મ લહ્યા વણ,
મનાય છે મિથ્યા મોટા.”

વિજયવાણી.

**લોટીયું કરાવવું,** લોટિયા વહોરા જેવું માથું બોડું કરાવવું; માથાના સઘળા ભાગપરથી વાળ કઢાવવા.

**લોટો ઉતરવો,** ઝાડો ઉતરવો.

**લોટો લઇને જવું,** ઝાડે ફરવા જવું.

‘લોટો લઇને ગયો છે; હમણાં આવશે, બેસો.’

**લોઢાના ચણા ચવાડવા,** જોઇતો ખોરાક ન આપી હેરાન કરવું; અતિશય દુઃખ દેવું; જુલમ ગુજારવો.

“હું કોણછું, હું, તને તથા તારી સાત પેઢીને લોઢાના ચણા ચવડાવી શકું એવો છું; આપણી સરત જો ન પાળે તો તમને અહીંથી જવા ન દેવાની તાકાદ ધરાવી શકનાર છું.”

તારાબાઇ.

**લોઢાનું માથું,** અસર ન થાય તેવું વજ્ર જેવું માથું; ટક્કર ઝીલતાં થાકે–કંટાળે નહિ તેવું. (માથું)

**લોઢું ને લવાર કુટો,** મતલબ કે તમે તમારી મેળે ગમે તેમ કરો—મારે એમાં કાંઇ લેવા દેવા નથી.

Gandhi Heritage Portal

**લોહી ઉકળવું**, ક્રોધ વ્યાપવો; ઝનુન ચઢવું; તપી જવું.

"લોકમાં હાહાકાર થયો, અને રજપૂતોનાં લોહી ઉકળી આવ્યાં."

ગુ. જુની વાર્તા.

**લોહી ઉકાળો કરવો**, ક્રોધના આવેશમાં આવી કંકાસ કરવો; ગરમ થઇ જવું; હૈયાની બળતરા ક્રોધના આવેશમાં બહાર કાઢવી.

"નિંદા નિપુણ જનોની કરીને,
ઉલટો લોહી ઉકાળો
કરાવવામાં કીર્તિ માને,
એ રાણીનો સાળો."

બુલાખીરામ.

**લોહી ઉડી જવું**, સુરખી જતી રહેવી; નિસ્તેજ થવું; ફીકું પડવું.

"સતીનો શાપ સાંભળીને સઘળાઓનાં લોહી ઉડી ગયાં."

**લોહી ખાવું**, દિલગીરીનું ખાવું.

"ખાઇ બારમું ક્ષુધાર્થી,
વિપ્ર ખુબ ખુશ થાય;
લોહી ખાય બ્રાહ્મણો,
પવિત્ર તોય તે ગણાય."

કવિ બુલાખીરામ.

**લોહી ટાઢું પડવું**, જોસ્સો શાંત પડવો; નિરાંત વળવી; સંતોષ થવો. ( ક્રોધ અથવા મનની અસ્થિરતાને પ્રસંગે લોહી ઉનું હોય છે–ઉકળે છે–અને શાંતિને પ્રસંગે લોહી ટાઢું–શાંત હોય છે, તે ઉપરથી. ) **લોહી ગરમ થવું** એટલે ગુસ્સો ચઢવો.

**લોહી ઉકળવું**, એટલે બળાપો થવો.

**લોહી પીવું**, ચૂસી ખાવું; વિત્ત વગરનું કરવું; કાળજું બાળવું; કાળજું ખાઇ જવું; હેરાન હેરાન કરવું; સતાવવું.

"બળ્યા હેતના બોલ તમારા,
બળી તમારી માયા;
લાડકડીનું લોહી પીઓછો,
લોકની લાજે લજાયા.—સંકટ."

વેનચરિત્ર.

**લોહી બળવું**, અતિશય ચિંતાથી વિત્ત ઓછું થવું.

**લોહી બાળવું**, અતિ સંતાપ ઉપજાવી–દુઃખ દઈ શરીરમાંનું લોહી–કૌવત ઘટાડવું.

"કંથ તણી તે કાચી કાયા,
રાંડો કંઇક રખડશેજી;
રંડાપો આખો ભવ રાખી,
લોહી બાળવું પડશેજી."

વેન ચરિત્ર.

"તારૂં તો ધાર્યું નથી જ થવાનું,
શિદ લોહી બાળે આઠે જામ"

જીવડા,
વિજય વાણી.

**લોહી લેવું**, લોહીઆળ થવું. ( **શરીર** )

"એનું શરીર કયાં લોહી લે છે? હું જ્યારની જોઉંછું ત્યારની તેને એવો ને એવો દેખું છું."

**લોહીનું તરસ્યું**, ખારીલું; વેરીલું; લોહી પડેલું–પડયું જોવાને આતુર. (હિંસક પ્રાણીઓપરથી માણસ જાતને પણ આ પ્રમાણે લાગુ પડે છે.)

**લોહીનું પાણી થવું**, લોહીમાં વિકાર થવો; વિત્ત ઓછું થઇ જવું ( ઘણી મહેનત કરી થાકી જવાથી. )

"લોહીનું પાણી કરીએ છીએ ત્યારે પૈસો મળે છે."

"બાપા ! લોહીને પાણી એક થાય છે ત્યારે છોકરાં ઉઠીને મોટાં થાય છે."

ભામિનીભૂષણ.

**લોહીને માંસ એક થવું**, અતિશય મહેનત કરી શરીર રગદોળી નાખવું.

'રળી રળીને લોહીને માંસ એકત્ર કર્યું અને મેળવેલું લુટાઈ ગયું.'

મણિ અને મોહન.

**લોહીનો કોળીઓ**, દિલગીરીનું ખાવું તે; મરી ગયેલા જુવાનના દહાડામાં ખાવું તે.

**લ્યા લેવી**, દેવાળું કાઢવું.

Gandhi Heritage Portal

# વ

**વખારે નાખવું,** વહેતું મૂકવું; દૂર ખસેડવું; અળગું કરવું.

જેમ–'શેઠ આવ્યા તો નાખો વખારે.'

**વગધાં વીણવાં,** ફાંફાં મારવાં.

પહેલી વાર પરણી જો ફાવ્યા,
તો ફાવ્યા બાકી તો ભરમાયા;
લેવાય શું વગધાં વીણે લ્હાવા.'–મૂકો.

પ્રાચીન કાવ્ય

**વગર પાણીએ નાવ ચલાવવું,** વગર આધારે કામ ચલાવવું–કરવું; વિના સાધને કાર્ય સિદ્ધ કરવું; અદ્‌ભુત રીતે કામ કરવું;

"એ તો બહુ ઉંડી વાત છે. એ સમજશે ત્યારે તો પછી તમે વગર પાણીએ નાવ ચલાવશો."

નવી પ્રજા.

**વગર ભાડાની કોટડી,** કેદખાનું.

"જે સાચી હકીકત હોય તે કહી દે, નહિતર ઠગાઈની ફરિયાદ થવાથી તારે વગર ભાડાની કોટડીમાં જવું પડશે, સમજી"

મણિ અને મોહન.

**વઘાર મૂકવો,** દુચકો મૂકી ઉશ્કેરવું–ચઢાવવું.

'તે વઘાર મૂકી ખસતો રહ્યો.'

**વઘારી ખાવું,** નિરર્થક–નકામું રાખી મૂકવું; બાફી ખાવું; શાક કરવું. (લાક્ષણિક અર્થે) 'દાળમાં નાખી વઘારી ખાજે ના આપું તો,' એમ કહેવાય છે.

**વજ્જરનું માથું,** કઠણ–અસર ન થાય તેવું. ઘણી માથાફોડ કરવા છતાં પણ ન દુઃખે એવું. **વજ્રની છાતી** એટલે દયાની કે ભયની જરા પણ લાગણી ન થાય એવી છાતી.

'દેખીતી વજ્ર છાતી નીચે ઘણું નરમ હૈયું તેનું હતું.'

કરણઘેલો.

**વંટોળે ચઢવું,** વંટોળ ચઢવાથી જે સીધે રસ્તે જવાનું હોય તે સીધા રસ્તાનું–ધોરણનું ભાન રહેતું નથી તે ઉપરથી.) લ્હેરમાં આવવું; ઉડેલ તબિયતનું થવું; વાયેલ થવું.

૨. (કનકવો.)

"પળ વારમાં અનેક વિચારોની દોડાદોડ થઈ રહી, તેનું મન વંટોળે ચઢ્યું–મગજ પવનની સ્થિતિમાં આવ્યું."

દિલ્હીપર હલ્લો.

**વટાણા વાવવા–વાવી જવું,** (વટાણાનું વાવેતર એક વખત શિયાળામાં થયું એટલે વાવનારને તે તરફ નજર ફેરવવાની જરૂર રહેતી નથી તે ઉપરથી.) ફરી પાછી નજર ન ફેરવવી પડે–ફરીથી આવવું ન પડે એવી રીતે નાશી જવું; પોબારા ગણવા; પલાયન કરવું.

**વટાણા માપવા** પણ બોલાય છે.

"થોડી વાર પછી રાહ જોઈ, મેં દીઠું કે તે ફરી ન આવ્યો ત્યારે તો મને જરાએ શક ન રહ્યો ને જણાયું કે પોતાની ધારણામાં નિષ્ફળ નિવડ્યાથી તે ભયનો માર્યો વટાણા વાવી ગયો હોવો જોઇએ."

અરેબિયનનાઈટ્સ.

**વટાવી ખાવું,** છેતરવું; સરસાઈ–મદમાં ચઢવું.

"હીરાલાલ મોતીલાલ કરતાં કંઈ ઉતરે તેમ નથી. એ વળી એને વટાવી ખાય એવો છે."

**વટાળે એવો,** મમત–મદ–સરસાઈમાં ચઢે એવું.

"વિલાયતી સુતરેલ કેરી કોરને વટાળે એવા સુશોભિત કસબી કોરના ઝીણા ચલોઠા મેં જાતે અમદાવાદમાં તૈયાર કરાવ્યા."

દેશી કારીગરીને ઉત્તેજન.

Gandhi Heritage Portal

**વડનાં વાંદરાં ઉતારે એવો,** મહા ઉદ્દમાતિયા–તોફાની કે અટકચાળા છોકરાને વિષે બોલતાં વપરાય છે.

**વડી નીતિ,** દીર્ઘ શંકા; ઝાડો. (શ્રાવકોમાં.)

**વડીપાપડ વંઠી જવાં,** કામ બગડી જવું; ખાટું મોળું થઈ જવું.

"હજી કાંઈ વડીપાપડ વંઠ્યાં નથી, સવારમાંજ પછી, છે કાંઈ."

મણિ અને મોહન.

**વડું કરવું,** રદ કરવું; ભશી નાખવું.

**વડો કરવો (દીવો.),** ગુલ કરવો; ઓલવી નાખવો. **દિવો રાજ કરવો** પણ બોલાય છે.

**વણી નાખવું,** નાશ કરવું; તોડી નાખવું.

"માતંગ જેવી ચાલ ચાલે કદી,
આપે કવિ ઉપમા અનેક;
રોષે ભરાય ત્યારે તે રડાવે,
વિસરાવે વહાલાંનો વિવેક,
સ્થુળ દેહે દોડતું રે,
વાટ આવ્યો નાખે વાણી."

ચાલ એ તો મનની રે.
ધીરો ભકત.

**વત્તી ઓછી જીભ કરવી,** વધારે ઓછું બોલવું.

**વર તોરણે આવવો,** વર ચોરી આગળ આવવો.

**વરઘોડાની વાડી,** વરઘોડાની વાડીના જે રંગો જોવામાં આવે છે તે જેમ માત્ર થોડા વખતના મિથ્યા–માથાકૂટ સરખા હોય છે તેમ ક્ષણિક–જૂઠા દમદમાવાળું એવું જે કંઈ તેને વિષે બોલતાં વપરાય છે.

**વરઘોડે ચઢવું,** ફજેતી થવી; ઉઘલવું (વાંકામાં.)

**વરરાજા થઈને આવવું,** ખોટી બાબતમાં આગેવાની ધરીને આવવું.

(વાંકામાં.)

**વરસ દહાડાનો દહાડો,** વરસના ૩૬૦ દહાડામાં એકજવાર આવતો એવો જે દુર્લભ દહાડો તે.

**વરસાદ વરસાવવો,** (ગાળ–તીર–પથ્થર મંત્ર વગેરેનો.) 'ઘીનો વરસાદ વરસાવ્યો' એટલે નાતમાં બહુ ઘી પી રહ્યું.

**વરસાદની પેઠે વાટ જોવી,** ઘણીજ આતુરતાથી વાટ જોવી.

"લાડકોર ઘેલાભાઈની વરસાદની પેઠે વાટ જોતી હતી.'

બે બહેનો.

**વરાળ કાઢવી,** અંતર–હૃદય–મન–હૈયાની બળતરા બહાર કાઢવી (કોઈ અંતરના માણસને કહીને;) દુઃખના ઉદ્ગાર કાઢવા.

**વરણીમાં આવવું,** (પૂજન કરી બ્રાહ્મણને કર્માંતર કરાવવાના કામમાં સામેલ કરવો તે વરણી તે ઉપરથી લાક્ષણિક અર્થે ) સપડાવું; ફસાવું; રોકાવું.

"આજ તમે વરણીમાં આવ્યા છો ખરા.'

**વલખાં મારવાં,** ફાંફાં મારવાં.

"કેમ મન મારૂં વલખાં મારે,
કુદી ચંદ્ર ઝાલવા તું ધારે."

પ્રેમરાય અને ચારૂમતિ.

**વશનો પંડયો,** 'અહીં કોણ જાણે છે વશનો પંડયો,' એટલે હું કાંઈ જાણતો નથી અથવા જાણવાની દરકાર નથી એમ બેદરકારીમાં બોલતાં વપરાય છે. **દૈવ જાણે, મારી જાણે બલારાત** એમ પણ બોલાય છે. **વશંજીરાત** કે **વશંજીનો શિવો** પણ વપરાય છે.

**વસ્ત્ર લોચન કરવાં,** કોઈનાં વસ્ત્ર વગેરે લૂટી લેવાં; કોઈનાં લૂગડાં લત્તાં લઈ નાસી જવું.

**વસંતિયું વળગવું,** (વસંત રૂતુ એ આશુકમાશુકની પ્રીતિ ઉપજાવનારી અને કામ વધારનારી રૂતુ છે તે ઉપરથી.) વસંત



Gandhi Heritage Portal

રતુની–મોહની ઘેલછા થવી.

**વસતી વાડી,** બાળબચ્ચાં; છૈયાં છોકરાં.

"ઈશ્વર તમારૂં ભલું કરે, તમારી વસતી વાડી વધે."

**વહાણ કમાવું,** (દરિયાઈ મુસાફરી કરી વહાણમાં પુષ્કળ ધન કમાઈ લાવવું, તે ઉપરથી લાક્ષણિક અર્થે) સારી પ્રાપ્તિ કરવી.

**વહી જવું,** જતું રહેવું. **વહ્યો જા** એટલે જતો રહે; ચાલ્યો જા, એમ કાઠીયાવાડમાં બોલાય છે.

૨. વંઠી જવું; બહેકી જવું; મર્યાદા રહિત થવું.

'આજ કાલનાં છોકરાં વહી ગયાં.'

**વહેંચી લેવું, ખાવું,**–(જ્યારે ભાઇઓમાં વહેંચવાનું હોય છે ત્યારે માંહોમાંહે લઢાલઢી થાય છે તે ઉપરથી લાક્ષણિક અર્થે મજાકમાં) લઢાઈ કરવી.

બંનેએ સારી પેઠે વહેંચી લીધું.'

એ બહેનો.

**વહેતી નીકે પગ દેવો,** (નીકમાં પગ મૂકી વહેતું પાણી અટકાવવું તે ઉપરથી) કોઈના ચાલતા કામમાં ખલેલ કરવું; કોઈનું સારૂં કામ ચાલતું હોય તે ભાગી પાડવા યત્ન કરવો; ચાલતા કામમાં હરકત કરવી.

**વહેતી સેર–ગંગા,** ચાલતી આમદાની.

**વહેતું મૂકવું,** દૂર ખસેડી દેવું; રખડાવ્યાં કરવું. અળગા કરેલા માણસને માટે વપરાય છે. જેમકે તેને હવે વેહતો મૂકી દો.

૨. ધ્યાનપર ન લેવું; ન ગણકારવું; દરકાર ન કરવી.

"નાત કન્યા અને નથી દેતીરે,
માટે નાતને મેલીશ વહેતીરે,
વિના પુત્ર નરક જવું જ્યારેરે,
એવી નાતને શું કરૂં ત્યારે રે-"

વેનચરિત્ર.

"તાનીએ એક લાકડીએ રાજ હાંકવા માંડયું અને પ્રથમ પ્રધાનને અનુસરીને તે ચાલતી પણ પાછળથી તો તેણે પ્રધાનને પણ વહેતો મૂકવા માંડયો."

ગર્ધવસેન.

**વહેમનું જાળું,** ઘણાજ વહેમી માણસને વિષે બોલતાં વપરાય છે. **વહેમનું ઝાડ** પણ બોલાય છે.

"આળસ ને અજ્ઞાને ઘેર્યો,
વ્હેમનું જાળું થાય રે,
ઘડી ભ્હેર જાયે બ્હાર ઘેરથી,
ધાન નિરાંતે જમાય,
સમજ મૂઢ સ્વામી તું.

નર્મકવિતા.

**વહેલા ઉઠવું,** ગચ્છંતિ કરી જવું; કોઈનું હરણ કરી લઈ અથવા કોઈનું માગતું હોય તેને આપ્યા સિવાય જઉંછું એમ કહ્યા વિના ચાલ્યા જવું.

**વહેલા ઉઠજો,** રાતની વખતે કોઇને ઘેર મળવા ગયા હોઇએ અને ઉઠવાની રજા માગીએ ત્યારે કાઠિયાવાડમાં ધરધણી કહેછે કે વહેલા ઉઠજો. પાટણવાડામાં પણ જુદા પડતી વખતે એમ કહેવામાં આવે છે.

**વહેલા થાઓ,** ઉતાવળ કરો; જલદી કરો.

**વળ ચઢાવવો,** ઉશ્કેરવું; પરમોદવું.

**વળતાં પાણી,** ઘડપણમાં નરમ પડતો જોસ્સો.

૨. શાંતિ; નરમ પડતું જોર.

**ચઢતાં પાણી** એટલે જુવાનીનો ચઢતો જોસ્સો.

**વળતી કળા,** માંદા માણસને ધીમે ધીમે સારૂં થવા માંડવું તે.

**વળતો દહાડો,** સારી સ્થિતિનો વખત; ભાગ્યોદયનો દહાડો.

**વાંકા દહાડા,** પ્રતિકૂળ દહાડા.

"હવે ગમે તેમ મન વાળવું; ખરૂં પૂ-

Gandhi Heritage Portal

છે તો મારા દહાડા વાંકા બેઠા છે."

કરણઘેલો.

"અરે રામ, આ તો વાળંદના વાંકા દહાડાની પેઠે કોથળીમાંથી સાપ નિસર્યો !"

તપત્યાખ્યાન.

**વાંકી દોરી,** પ્રતિકૂળ નશીબ.

**વાંકી પાઘડી મૂકવી,** દેવાળું કાઢવું; નાલાશી બતાવવી.

૨. છેલાઈમાં.

"માથે પાઘડી તું વાંકી મૂકતો,
તું તો પાન બીડાં ચાવી થુંકતો,
તું તો અંગમાં અત્તર ચોળતો.
બેસી ચોકમાં ચોટલી ઓળતો,"

વેનચરિત્ર.

**અવળી પાઘડી મૂકવી** પણ પહેલા અર્થમાં બોલાય છે.

**વાંકુ વરણાગીઉં,** છેલ; ફાંકડું; ઠાઠમાઠિયું.

**વાંકો વાળ,** હલોહરકત; નડતર; અડચણ.

"આ દેહમાં પ્રાણ છે ત્યાં સુધી આ અબળાઓને વાંકો વાળ થવા દેનાર નથી"

સત્યભામાખ્યાન.

"પંચાવન નહિ પણ પાંસઠમે વર્ષે તમને મોટી ઘાત છે. ત્યાં સુધી તમારો વાંકો વાળ થનાર નથી; અને પાંસઠમે વર્ષે પણ વખતે તમે ઘાતમાંથી બચી શકો એમ છે."

બે બહેનો,

"તમે કોઈ પણ વાતની ચિંતા કરશો નહિ; મણિગવરીનો કોઈનાથી વાંકો વાળ થઈ શકનાર નથી."

મણિ અને મોહન.

**વાંઝીઆબાર ઉઘડવું,** ( વાંઝીઆનું દ્વાર ઉઘડવું તે ઉપરથી) વંશ ચાલતો રાખનાર પુત્રની પ્રાપ્તિ થવી.

"સર્વ આનંદ પામ્યું,
ઉઘડયું વાંઝીઆબાર,
સુંદર કેશી પ્રેમદા,
તેણીએ પ્રસવ્યો બાળ."

ચંદ્રહાસ.

**વાંઝણી વિયાવી,** ( અત્યુક્તિ ) જ્યારે હદ ઉપરાંત વાર થાય છે અને ખોટી થઈ રહેવું પડે છે ત્યારે એ બોલાય છે. જેમ, 'ખાતાં ખાતાં તો વાંઝણી વિયાઈ.'

**વાંતરીનો કીડો,** એ કીડાની માફક એકનીએક બાબત તરફ ધ્યાન આપનાર માણસને વિષે બોલતાં વપરાય છે.

**વાંદરાનું સુતર પીવું પડેછે,** ન કરવા જેવાં હલકાં કામ કરવાં–અનુભવવાં પડે છે; દુઃખ વેઠવાં પડે છે.

**વાંદરાને સળી કરે એવું,** અટકચાળું; અળવીતરૂં.

"જો આ બે દહાડા વિજ્યાલક્ષ્મીની સોબત ન થાત તો વાંદરાને સળી કરે એવી હતી."

ભામિની ભૂષણ.

**વાંસ છે,** મતલબ કે નથી; કશુંએ નથી;

**વાંસ ફરવો (ઘરમાં),** વાંસ ફરવા જેવી ખુલ્લી જગો હોવી તે ઉપરથી એના ઘરમાં તો **આડો વાંસ ફરે છે,** અથવા તેના ઘરમાં તો **બાર હાથનો વાંસ ફરે છે,** એટલે ઘરમાં કાંઈ માલમતા છે નહિ.

**વાંસ બંધાય,** ઠાઠડી થાય, તું મરી જાય એ અર્થમાં બદદુવા દેતાં બોલાય છે.

**વાંસદિયો જુવાન,** ( વાંસદા તરફનાં જુવાન માણસોમાં ઝાઝું તાકાત હોતું નથી તે ઉપરથી તાકાત,–શૌર્ય વિનાના જુવાન માણસને વિષે બોલતાં વપરાય છે. ( માત્ર સુરત તરફ )

**વાંસો ભારે થવો,** વાંસામાં માર મારી હલકો કરવાની જરૂર પડવી; મિજાજ વધવો; પતરાજખોર થવું.

**વા આવવો,** લહેર–તુરંગમાં આવવું.

Gandhi Heritage Portal

'વા આવશે તો કરશે.'

**વા કાઢી નાખવો,** માર મારી અધમુઉં કરી નાખવું; પ્રાણવાયુ નીકળી જાય એવો સખત માર મારવો.

૨. અતિશય કામ કરાવી ઘણું જ થકવી દેવું–અધમુઉં કરવું.

૩. ખુબ ધમકાવી હલકું કરવું; ઉતારી પાડવું; માન ભંગ કરવું.

**વા ખાતું કરવું,** રખડાવવું; પત ન કરવું; ન લેખવવું.

"આજે ધર્મની ફોલ્લસુફીને તો કોઈ ગણકારતું નથી, પણ લેશ ખ્યાલ પણ કોઈને આવતો નથી. નીતિ તો જાણે પવનપર વા ખાતી જ નાખી છે."

"કોઈ ફુટેલું ફાનસ ફર ફર કરે, તો કોઈ સારૂં કોઠીઓ વચાળે વા ખાતું પડેલું હોય."

સુંદરી ગુણમંદિર.

**વા ખાતો રહેવો,** રખડતું–ભટકતું રહેવું; રોજગાર વગેરેને સારૂ કોઈના ઉપર આધાર રાખ્યો હોય તે નિષ્ફળ જવો.

**વા ખાવો,** (શરીરને પવન લાગે એવી હાલતમાં આવવું તે ઉપરથી લાક્ષણિક અર્થે) નિરૂદ્યમી રહેવું; કામ ધંધા વિનાનું રહેવું.

૨. કામનો પાર ન આવતાં વાર લાગવી–અથડાયાં કરવું.

**વા છૂટવો,** પૂંઠેથી વાનું બહાર નીકળવું. વા છુટ થવી પણ બોલાય છે. એનો બીજો લાક્ષણિક અર્થ એ કે ગભરાઈ જવું; ધાસ્તીનું માર્યું ગાભરૂં બનવું.

**વા નીકળી જવો,** મરી જવું. (વાયુ–પ્રાણવાયુ)

૨. ઘણી મહેનત પડવી; મરી જવા જેવું દુઃખ થવું.

**વા પર જવું,** ઘેલછાવાળું થવું; ભ્રાએલ–ચસકેલ થવું.

**વાને ઘેર જવું,** પણ બોલાય છે.

**વા–વાયરો વાવો,** સારી માઠી વાતનો ફેલાવો થવો.

૨. ગુણદોષ લાગવો; અસર થવી (સંગતિની.)

૩. સુખ દુઃખ જોવાં–અનુભવવાં–ખમવાં. 'હજી એને સંસારનો વાયરો નથી વાયો એટલે બાર પાદશાહી કરે છે.' 'મને તો બધી તરફના વાયરા વાયાછે.'

"પ્રખ્યાત બાણ કવિના ગ્રંથનું આપણા વિદ્વત્તર રા. છગનલાલ પંડ્યાએ અપૂર્વ ભાષાંતર કર્યું ત્યાર પછી લોકોમાં એવો જ વા વાયો છે કે બધા જ જાણે બાણ બની જઇએ."

પ્રિયંવદા.

"બાપુ, હજી તું બાળક છે; દુનિયાદારીનો વાયરો હજી તને વાયો નથી અને તેથી પુરૂષોનાં મન કેવાં હોય છે, તે તું યથાર્થ રીતે સમજી શકતી નથી."

મણિ અને મોહન.

**વા સાથે વઢે એવું,** જેની સાથે જરાતરામાં તકરાર કરે–લઢે–ઉતરી પડે એવું.

"એક મોહોલ્લામાં એક એવી વઢકારી બાઈ હતી કે તે વાની સાથે લઢી પડે. લઢ્યા વગર દહાડો ખાલી જાય તો તેને ચેન પડે નહિ."

બે બહેનો.

**વાઈ થવી,** જે માણસ કામ કરવે કંટાળો ખાતો હોય અથવા ન કરતો હોય તેવા કાયર માણસને અથવા કહીએ તે પ્રમાણે ન કરે એવા માણસને વિષે વાંકામાં બોલતાં વપરાય છે.

જેમ–ટાઢું ખાતાં શું વાઈ થાય છે?

**વાએ ઉડવું,**–ફેલાવું, એકથી બીજે કાને, બીજેથી ત્રીજે, એમ સર્વત્ર વાત ફેલાવી.

"વાયે વાતો ઉડતી રહી, અને તેની

Gandhi Heritage Portal

પાસે કાંઈ કાંઈ તડાકા ચાલ્યા આવતા હતા.”

સરસ્વતીચંદ્ર.

“વાએ વાત ઉડી અને થોડા કલાકમાં આખા શહેરમાં થઈ ગઈ.”

**વાએ ચઢવું,** (વાત) જાહેર થવી.

૨. લહેરમાં આવવું; ઉકેલ તબિયતનું થવું.

**વાએ જવું,** જમાવટ થવી. (લોકની.) આ શબ્દ વિશેષે અસભ્ય લોકોને માટે વપરાય છે. (ઢેડીયાવાજ્યું, હોલીયાવાજ્યું).

૨. અધૂરે જવું; કસુવાવડ થવી.

‘અરે બાઈ, એમને પણ એ મલુકચંદ અવતર્યા પછી એ કસુવાવડો થઈ. એક બે વાર વાએ ગયું અને ત્યાર પછી બીજો દીકરો છ મહિનાનો થયો છે.’

સ્ત્રી સંભાષણ.

**વાનું ફોફું,** વાયુથી શરીર પુષ્ટ થયેલું માલૂમ પડતું હોય પરંતુ ઝાઝું જોર ન હોય-ધારવા જેટલું બળ ન હોય ત્યારે એમ વપરાય છે.

**વામાં આવવું,** ઘેલછાયુકત તુરંગમાં આવવું; મિથ્યા મનોરાજ્યમાં મહાલવું.

“કેટલાએક કેળવાયલા પુરૂષો પણ વિવાહના વામાં આવી તે પ્રસંગે પોતાને ઘેર વેશ્યાઓને બોલાવી પોતાનું આંગણું અપવિત્ર કરવાને જરા પણ આનાકાની કરતા નથી.”

પંડિતા જમનાબાઈ.

**વાગતો ઘંટ,** બડાઈ હાંકનાર; વાતોડિયો; પતરાજખોર.

**વાઘ કરવો,** ઘેનુને શણુગારવી. (અઘરણીમાં.) અમદાવાદના વડનગરા નાગર ગ્રહસ્થો અને બ્રાહ્મણોમાં વાઘ કરવાનો રિવાજ છે.

“મોટી ધામધૂમથી ખોળો ભર્યો, નવી વહુનો વાઘ કર્યો. અંગ્રેજી વાજીંત્રો આણ્યાં ને ખાંડ સાકરની બે એક નાતો કરી.”

**વાઘ જેટલી આળસ,** ઘણીજ આળસ.

**વાઘ મારવો,** વાઘ મારવા જેવું મોટું પરાક્રમ કરવું.

“એક કહે પંડયાજીએ તો વાઘ માર્યો; બીજો કહે બચ્ચા, કહેતો ખરો; શાં પરાક્રમ કર્યાં?”

સાસુવહુની લડાઈ.

**વાઘની માશી,** (બિલાડીનો આકાર બહુધા વાઘના જેવો છે તે ઉપરથી.) બિલાડી; મીની.

**વાઘનું માથું લાવવું,** વાઘનું માથું લાવવા જેવું એકાદું મોટું પરાક્રમ કરવું.

**વાઘ ભગત,** ઠગ ભગત. જંગલમાં આખો દહાડો ભટકયા છતાં એક વાઘને બીલકુલ શીકાર મળ્યો નહિ તેથી રઘવાયો બનીને તે ધીમે ધીમે જતો હતો. એટલામાં તેની નજર એક ઝાડ તરફ ગઈ; ઝાડની ડાળીએ એક મોટો બૂઢ (વાંદરો) બેઠો હતો, તેને તેણે દાઢમાં ઘાલ્યો, પણ તે કેમ હાથમાં આવે? ઝાડ ઉપર તેનાથી ચઢી શકાય નહિ અને વાઘ હોય ત્યાં સુધી વાંદરો હેઠે ઉતરે નહિ, વાઘે તેને છેતરવાનો ઘાટ રચ્યો. તેણે પાસેના તલાવમાં જઈ મરડીઆ ઘસી તેનું ટીલું તાણ્યું. અરણીના કડકા ભાગી વેવના વેલામાં પરોવી તેની માળા કોટે નાખી અને ફુંકીને પગલાં ભરતો ભરતો તે ઝાડ તરફ ધીમે ધીમે ચાલી આવ્યો. વાંદરાને આથી નવાઈ લાગી. તેણે પૂછ્યું, કેમ વાઘભાઈ તમે વેશ બદલી ફુંકીને પગ ભરો છો? વાઘે કહ્યું જો ભાઈ, હવે હું ઘરડો થયોને આજલગણ મેં અનેક જાતની હત્યા કરી પાપનું પોટલું માથે બાંધ્યું. સદ્ગતિ થવા સારૂ હવે હું ભક્ત થયો છું. મારા ચાલવાથી કીડી સરખીએ નાશ ના પામે માટે હું ફુંકીને પગલું માંડું છું. વાંદરાને આથી કંઈક વિ-

Gandhi Heritage Portal

શ્વાસ બેઠો. ઘણીવારનો તરસ્યો હોવાથી તે પાણી પીવાને ચાહતો હતો. તેણે વાઘને કહ્યું એમ છે તો તમે મને મારવાના નહિ? વાઘે કહ્યું અરે રામ રામ, હું કીડી સરખીને બચાવવાની તજવીજ કરૂં છું તો તને કેમ મારીશ? વાંદરો બીતો બીતો નીચે ઉતર્યો. ને તલાવની તરફ ચાલ્યો. વાઘે આંખો મીંચી હાથમાં માળા લઈ ગટક ગટક મણકા મૂકવા માંડયા. વાંદરાની જાત ચંચળ હોય છે તેથી તે જતાં જતાં વારે વારે પાછું વાળીને જોતો હતો, પણ વાઘભાઈએ તો ખરૂં બગધ્યાન ધરવાનો ડોળ કર્યો હતો. તેથી વાંદરાભાઇ છેતરાયા. તળાવ આગળ ગયા પછી તેણે ડોકું નમાવી પાણી પીવા માંડયું. એટલે વાઘે એકદમ તલપ મારી તેને કેડમાંથી પકડી લીધો. વાંદરાએ જાણ્યું, હવે આપણું આવો બન્યું. વાઘના મોંમાંથી છુટવાનો નથી. પણ વાઘની પેઠે લાવની હું પણ પ્રપંચ કરી જોઉં ! વાઘે વાંદરાને લઈ જવા માંડયો. એટલે વાંદરો ખડખડીને હસવા લાગ્યો. મોતના પંઝામાં ફસાયા છતાં વાંદરો શા માટે હસતો હશે તે જાણવાને વાઘને સહેજ ઈચ્છા થઈ, તેથી તે બોલ્યો વાંદરાભાઇ શું હસ્યો ? હસ્યો શબ્દ બોલતાં મોં પહોળું થાય છે. વાઘનું મોં પહોળું થતાં જ વાંદરાએ હુક કરી કુદકો માર્યો ને તે ઝાડની ડાળીએ જઈ બેઠો. એ વાત ઉપરથી.)

**વાજ આવવું**, કાયર થવું; હારી જવું; હેરાન થવુ; થાકવું.

"બાપુ ભૂલ્યા ગર્વમાં એ સાચું નવ જાણું નામ, મુખરૂપ મુખ્ય અમે આવ્યા એ માં વાજરે–અમો."

કવિ બાપુ.

"બિચારી મારી બાઈ વ્રત અપવાસ કરી કરી વાજ આવે છે."

તપત્યાખ્યાન.

"થાય મુજ દુખિયાનું કાજ, વાર પેરે હું આવ્યોછું વાજ."

માંધાતાખ્યાન.

**વાટ ઉઠવી**, ધૂળ મળવું; વણસવું; વ્યર્થ જવું–બગડી જવું.

"વાંકી મૂછપર વાટ જ ઉઠી, નર્કની વાટે સંચર્યો."

દયારામ.

"પિંડ પાડે તારૂં વેર વાળે નહિ, પેટની વેઠમાં વાટ ઉઠી."

અંગદ વિષ્ટિ.

"અરધી ઉમર વહી ગઇ, ભગવતનું નામ ન લેવું, મનુષાદેહ'માં વાટ ઉઠાડી, કર્યું ભગાના જેવું."

કાવ્યકૌસ્તુભ.

**વાટ પડવી** ( **દીવે** ), સંધ્યાકાળ થવી.

**વાટ પાડવી**, લૂટવું.

૨. રસ્તો કરવો.

**વાટનો વાટસરૂ**, ( માત્ર રસ્તે જનાર–તે ઉપરથી.) કેવળ અજાણ્યું અથવા સંબંધ વિનાનું માણસ; બિનમાહિતગાર એવું જે કોઈ તે.

**વાટમાં વહેવું**, જોતજોતામાં ફના થવું; નકામું–વ્યર્થ–બરબાદ જવું.

૨. જતું રહેવું; ભાગી જવું.

"બુદ્ધિમાનની બુદ્ધિ બગડે,
જગાડતાં બ્રહ્મ ભૂપ;
ભ્રમ થયો કે ભૂંડું ઠરાવે,
વિસરાવે હરિનું રૂપ;
કહો શું કહેવાયે રે,
વાટે સહુ જાયે વહી૦
વાંક નથી તારોરે."

ધીરો ભકત.

"ભાઇ વૈશાખે વહ્યા જાયછે તારા દિવસ વાટમાં; રહ્યો છે રાત દિવસ તું લોભાઈ વિષયના ઘાટમાં."

ભોજોભકત.

Gandhi Heritage Portal

**વાટા મૂકવા,** [વાટો-**વૃત્** (**વર્ત્**)] ઉડાઉપણે ખરચી નાખવું; ખાઈ પી ઉડાવી દેવું.

"એકા હાથોની પેઠે જે કંઈ છાનું છપનું રહી ગએલું તેનાપર ધીમે ધીમે વાટા મૂકાતા ગયા; આથી પૈસાની બાબતમાં દયાળદાસની હાલત સાધારણ હતી.

એ બહેનો.

**વાટેથી વઢવાડ લેવી,** કારણ કે પ્રસંગ સિવાય સહેજ બાબતમાં કજીઓ ઉભો કરવો.

**વાડ બંધાવી ( પાછળ ),** ઘેરાઈ જવું; આસપાસ જમાવ થવો.

"લુચ્ચા, લફંગાને પેટ ભરા લોકોની તો એની પાછળ વાડ બંધાઈ હતી."

ગુ. જૂની વાર્તા.

**વાડામાં જવું,** ઝાડે ફરવા જવું;

**વાડી ભરવી,** નિમાળા–વાળપર ફૂલ ગુંથવાં. (લાક્ષણિક.)

"સીમંત ને થોડા દિવસ રહ્યા ત્યારે તારાને હાથે પગે મેંદી ચોપડી, વાડી ભભરી, અને શણગારવા માંડી."

સાસુવહુની લડાઈ.

"બાળકને વાડી ભરે,
માથા ઉપર જેહ;
કેવાં શોભે તૂજ (મોગરા વડે),
મ્હેક મ્હેક થઈ રહે."

નર્મકવિતા.

**વાડી લુટાઇ જવી;** ધૂળ મળી જવું; બગડવું. વિખરાઇ જવું (કામ.)

"ઉમંગથી કામો આરંભે,
રાખી આશ વિશ્વાસ રે;
અધવચ વાડી લુટાઈ જાય ને,
આખર થાય નિરાશ રે.

ભલા ભલા૦
વિજયવાણી.

**વાડીઓ ફુઝવી,** સારી પેદાશ આવવી. (લાક્ષણિક.)

તેને ઘેર તો વાડીઓ ફુઝે છે.

**વાડીના વરઘોડા,** ( અહીં કાગળનાં કૃત્રિમ ફુલની વાડીનો સંકેત છે. એવી વાડીઓ જે વરઘોડામાં હોય છે તે વાડીના વરઘોડા કહેવાય છે. તે વાડીઓ સ્વભાવેજ ઉપરના ઠાઠમાઠવાળી હોઈ થોડી જ વાર ટકે છે. તે ઉપરથી.)

દેખાવે ઠાઠમાઠવાળી પણ અંદરથી વિત્ત વગરની તુરત ખરાબ થઈ નાશ પામે એવી વસ્તુના સંબંધમાં વપરાય છે. અશાશ્વત્ એવું જે કાંઈ તે.

"આપણા લોકો પરદેશી સામાનને વાડીના વરઘોડા ગણે છે અને તેઓ કહે છે કે તે તકલાદી ને ફોગટીઓ સમજવો."

દે ફા. ઉ.

**વાણું જમાડવું,** અઘરણીરાતને રાખડી બાંધ્યા પછી સગાંવહાલાંએ જમાડવી; ઘેણ જમાડવી.

**વાણિયા થઇ જવું,** વખતજોઇને નરમ–પોચા–ઢીલા થઈ જવું; અગમચેતી રાખીને ગરીબ થઈ જવું. ( વાણીઆ લોકો ઢીલી દાળના ખાનારા અને પહોંચેલી બુદ્ધીના કહેવાય છે તે ઉપરથી. )

"ગઈ લઢાઇમાં આપણું કમકૌવત હતું તે એજ કારણથી ઘણા ગુર્જરો વાણિયા થઈ ગયા છે તેથી આપણું લશ્કર શત્રુના કરતાં નાનું છે."

વનરાજ ચાવડો.

"તમે પેંધવ્યા વિદેશિઓને, પછી ઉલટયો ઘણો યુરોપ; થઈ વાણિયા પેઠા પણ પછિ, કર્યો હિંદુપર અપાર કોપ."

પાણીપત.

**વાણિયાવિદ્યા કરવી,** વાણિયાના જાતિસ્વભાવની પેઠે કપટ કરી–આડું અવળું સમજાવી–પોતાનું કાર્ય સાધી લેવું સમયસૂચકતાથી પોતાનું કામ કાઢી લેવું; સમય પ્રમાણે વર્તવું.

"સાંતુ મત્રીએ યુદ્ધ ન કરતાં વાણિ-

Gandhi Heritage Portal

યાવિધા કરી શત્રુને તાબે થયો."

સધરાજેસંઘ.

**વાણિયાના કાળજા જેવો** ( દેવતા ), ધગધગતો અગ્નિ (વાણિયાનું કાળજું ઘણું સખત અને રીઢું હોય છે તે ઉપરથી. )

**વાત કરવાનું ઠેકાણું**, સારામાઠા મનના ઉભરા કાઢવાનું યોગ્ય સ્થાન.

"મૂકવા નાણું ઠેકાણું છાનું મળે, જ્યાં થકી કોઈ તેને ન કળશે.

વાત કરવાનું ઠેકાણું તો વિશ્વમાં, મિત્ર મુશ્કેલીથી કોઈક મળશે."

કવિ દલપતરામ.

**વાત ફાટવી**, હાડ જવું. 'એની વાત તો ફાટી છે હવે.'

૨. વાત ફેલાવી.

**વાત ભારે કરવી**, અમુક વાતને મોટી-મોંઘી કરી થાપવી.

**વાત ભારે થવી**, ગર્વ થવો; પતરાજખોર થવું; ટેક-મમત વધવો.

૨. અગાઉના કરતાં વધારો થવો. (મુશ્કેલીમાં-ગુણ-કસોટીમાં કે કિંમતમાં. )

૩. છેકજ કઠોર થઇને વેર વાળવા ઉપર આવવું.

**વાત મારી જવી**, ધાર્યું ધૂળધાણી થવું; ખેલ કથળી જવો; ખેલ નિષ્ફળ થવો.

"ચાલાક ઘેલાભાઇએ ધાર્યું કે હવે વખત ગુમાવવામાં માલ નથી. કોઇ બોલી ઉઠશે તો આપણી વાત મારી જશે."

એ બહેનો.

**વાત પામવી** એટલે ભેદ જાણવો; પાર પામવો. **વાત બનાવવી** એટવે જુઠી વાત ચલાવવી.

**'ાત વંઠવી -વધવી**, અમર્યાદ-અવિવેકી ્ઈ ગયેલા પતરાજખોર માણસને વિષે બોલતાં વપરાય છે કે 'એની વાત વંઠી છે હવે.'

**વાતનું વતેસર- વતીગણ કરી મૂકવું**, જીજ વાતને છેક મોટી કરી નાખવી; લંબાવી લંબાવીને કહેવું. (વતેસર=વાતશ્રી.)

"ધનલક્ષ્મીની વાતો તેના ધણીની વાતોને મળતી હતી-વિશેષમાં એટલું કે સ્ત્રીનો સ્વભાવ વધારે વાચાળ હોય છે તેથી તેઓ વાતનું વતીગણુ કરી મૂકે છે."

બેબહેનો.

**વાદળ ચઢી આવવું**, સંકટનું તોફાન થવા લાગવું.

**વાદળ તુટી પડવું**, સામટી આફત આવી પડવી; એકાએક એવું દુ:ખ આવી પડવું કે જેમાંથી છુટવાની બારી જડે નહિ.

"માનચતુરે આ કામ કર્યું હોત તો એના પર વાદળ તુટી પડત."

સરસ્વતીચંદ્ર.

**વાદળ ચઢવું**, (દુ:ખનું.) અતિશય દુ:ખ ઝઝુમવું.

૨. લશ્કર ચઢવું.

૩. વરસાદ ચઢવો.

**વાનાં કરવાં ( ઘણાં ઘણાં )**, બહુ બહુ રીતે વિવેક કરવો અથવા બહુ બહુ રીતે સમજાવવું.

"તેણે ઘણાં વાનાં કર્યાં, પણ હું જમવા ગયો નહિ." "લાડ પહોત્યાં કુંવરી તણાં, નળને વાનાં કીધાં ઘણાં,"

નળાખ્યાન.

**વાને ઘાલવું**, વિધિપૂર્વક પીઠી ચોળવી.

**વાયડું થવું**, દોઢ ડહાપણ ચલાવવું; હઠીલું-જીદ્દી થવું; સમજાવ્યું ન સમજતાં આડું ને આડુંજ કર્યાં કરવું.

**વાયડું પડવું**, ખોટું લાગવું; માઠું લાગવું.

"ખરું કહીએ છીએ ત્યારે વળી વાયડું પડે છે ભાઈ સાહેબને ?"

Gandhi Heritage Portal

**વાયરા વાઈ ચૂકયા,** સુખ દુઃખના અનુભવ થઈ રહ્યા–સુખ દુઃખ જે આવી પડયું તે વેઠયું.

'બધી તરફના વાયરા વાઈ ચૂકયા' એમ કહેવાય છે.

**વાયરે ચઢવું**, લ્હેરમાં આવવું; ઉડેલ તબિયતના થવું; મૂર્ખાઇ ભરેલી તબિયતમાં આવવું; ફુલાવું.

" એક દિવસ મેરૂલો ખીજવાયલો નિરાશ થયેલા ગરબડદાસ સાથે ગપ્પાં મારવા બેઠો અને વાયરે ચઢયો, તેમાં કાંઈ લવી ગયો."

સરસ્વતીચંદ્ર.

" મોંઘવારીના સમયમાં તેઓ બે **પૈસા** સારૂં કમાયા તેથી વાયરે ચઢયા "

પુસ્તકમાળા.

**વાયરો કાઢી નાખવો,** માર મારી અધમુઉં કરી નાખવું; થોડી વારમાં પ્રાણવાયુ નીકળી જાય એટલો માર મારવો.

૨. અતિશય કામ કરાવી મરણતોલ કરી નાખવું, થકવી દેવું.

૩. ખુબ ધમધમાવવું–ધમકાવવું; ઠોક દેવા; સપડાવવું.

**વાયરો નીકળી જવો,** અતિશય–હદથી જાદે મહેનત કરી છેકજ થાકી જવું; મરણતોલ થઈ જવું.

**વારના પાર થયા,** ઘણીજ વાર થઈ.

**વારિ જાઉં,** વહાલાને માટે ભોગ આપું; બલા લઉં; કુરબાન થઈ જાઉં; ઓવારણાં લઉં.

**વારી નાખવું,** માથે ઓવારી–ઉતારી ફેંકી દેવું. ( દરકાર ન રાખવાના અર્થમાં વપરાય છે. )

'સો રૂપિયા તો તેના નામપર વારી નાખું.'

**વાવટા ચઢવા,** ફતેહમંદ–વિજયી થવું.

'**આજ ભાઇના વાવટા ચઢયા છે.**'

**વાવટો ઉડવો,** જય મેળવવો.

**વાવટો ચઢવો,** આણ ફરવી. વિજય મેળવવો

**વાસ ભરાવવો,** ઉચાળા ભરાવવા; ઘર વાખરો ઉપાડી લઇ જવાની જરૂર પાડવી.

**વાહ વાહ,** ઠીકાઠીક.

" ઠીકજ છે, જેને ધણીનું માન હોય તેને ધરાણું જોઈએ; અમારે તો વાહવાહ !"

સ્ત્રી સંભાષણ.

**વાહ રે વાહ,** એમ અજાયબી ઉપન્ન થતાં બોલવામાં આવેછે.

**વાહવાહ રે ભાઈ વાહવાહ,** સામા માણસે મૂર્ખાઈનું કામ કર્યું હોય ત્યારે મશ્કરી કરવામાં વપરાયછે ( વાંકામાં. ) વાહવાહ એ શાબાશીમાં, અને વાહ એ વાંકામાં કોઈની મૂર્ખાઈ બતાવતાં વપરાય છે.

" ઓ કુતરા, અરે લુચ્ચા, તારી પીઠપર કોરડાની નિશાનીઓ છતાં શાહુકાર બનવાને તૈયાર થયો છે કેમ ? વાહ વાહજી વાહ વાહ, કેવો નિર્લજ ? એમ બોલી તેઓએ લાતમૂક્કીનો વારસાદ વરસાવ્યો."

અ. ના. ભા. ૧ લો

" ડહાપણમાં તુજ નહિ મણા, માણે મોટી મોજ; વાહવાહ ભઈ વાહવાહ તને, અબળા મારે રોજ."

રસ પ્રકરણ–કવિ નર્મદ.

**વાળુ પાણી થવાં—કરવાં,** રાતનું ખાવાનું ખાઈ લેવું.

**વાળે વાળ ઉભા થવા,** રોમાંચ ખડાં થવાં. ( ભય, ક્રોધ કે, દયાની લાગણીથી. )

**વિખ વાવવું,** ઝેર ઉપ્તન્ન કરવું; શત્રુવટનું મુળ રોપવું.

**વિછેદ જવું,** નાશ પામવું. ( શ્રાવકોમાં. )

**વિજળીને વેગે,** વિજળીના વેગ જેટલી ઝડપથી.

" તે તત્કાળ ઉઠયો, ને હિતાહિતનો



Gandhi Heritage Portal

વિચાર કર્યા વિના જ વિજળીને વેગે પાછો રાજમહેલ તરફ આવ્યો."

દિલ્હીપર હલ્લો.

**વિરાટ સ્વરૂપ,** બ્રહ્માંડ–વિશ્વને આકારે ઇશ્વરનો જે દેહ તે.

**વિવાહની વરસી,** રૂડે અવસરે કંઈ માઠો પ્રસંગ–સમાચાર આવી મળે તો તે વખતે વિવાહની વરસી થઈ એમ બોલાયછે. અવળનું ચવળ; જોઇએ તે કરતાં ઊંધુંજ. **વિવાહનું બારમું** પણ બોલાય છે.

"તેની ઈચ્છામાં હાલ દેખાતું વિઘ્ન પડશે તો તે વિવાહનું વરસી કરી બેસશે."

સરસ્વતી ચંદ્ર.

"મર્મમાં તે બોલી નવ જાણે, બોલે વધી ધુમ; વિવાહનું તો બારમું કરતી, વેળાએ બનતી સૂમ, મૂરખ નાર તણી હાંસી, એનો જુઓ શી થાય ખાસી?"

નર્મકવિતા.

**વિશ્વાસી ધર્મ,** જેમાં ખ્રિસ્તી પેગમ્બરના ઉપર વિશ્વાસ રાખવાથી પાપથી મુકત થવાય છે એવું કહેલું છે તે.

**વિષ્ણુ દૈવત,** ધી.

**વીંટીમાં જડવા જેવું** ( નંગ ), ગુણવાન–લાયક માણસને વિષે બોલતાં લાક્ષણિક રીતે વપરાય છે; પરંતુ બહુધા વાંકામાં નરસા ગુણથી બહાર પડેલાને વિષે બોલતાં વપરાય છે.

**વીર મૂકવા,** મંત્રથી વીરનો કોઈનામાં પ્રવેશ કરાવવો.

**વીશી બાવીશી,** ફેરફાર; સુખદુઃખ; ચઢતી પડતી.

**વીસ નખી,** (વીસ નખવાળી સ્ત્રી )

'કારણ તો ઘર ઘાલણ મોટું,
વીસ નખી આવી વળગીજી;
નવલ ભણે હિણભાગી ભણ્યાની,
આશ હવે રહી અળગી.

સાચું.

બાળ લગ્ન બત્રીસી.

**વીસ વસા,** સંપૂર્ણ.

૨. ઘણું ખરૂં.

'હસે હિયા વિશે વસે,
થશે સુખીજ રે વીરે."

દ્રૌપદી હરણ.

**વેંત ભોંય સુઝતી નથી,** શું કરવું તે જરા પણ સૂઝે નહિ, એવી સાંકડમાં અથવા અતિશય ગુંચવણમાં આવી પડાય છે ત્યારે વપરાય છે.

**વેં'ભાઇ,** વ્યવહારમાં ચાલતો પૈસો કે નાણું.

**વેગળું બેસવું,** ( રજસ્વળા સ્ત્રીએ અમુક દિવસ વેગળા રહેવું એ પ્રચાર હિંદુમાં તેમ પારસીમાં ચાલેછે તે ઉપરથી.)

**વેચાતી લઢાઇ લેવી,** કોઈનું ઉપરાણું લઈ પોતે લઢવું.

"તેની આંખ જુસ્સાથીજ રાતી રહેતી અને તેને વેચાતી લડાઈ લેવાની એવી તો ટેવ પડી ગઈ હતી કે માધવે તેને સારા ઉંચા હોદ્દાપર નીમેલો હતો તો પણ જેમ બને તેમ તેને બીજા લોકો સાથે થોડાજ પ્રસંગ પડવા દેતો,"

કરણઘેલો.

**વેચીને ચણા ખાવા,**–કરવા, વેચી–વટાવીને ખાઈ પી ઉડાવી દેવું. ૨. પત ન કરવું.

"આ તમારી બૈરી તમારો હુકમ ન માને એ તે વાત! તમને રોજ વેચી ખાય છે, તમને શેની ગાંઠે? પૈસાનું કામ નથી, મરદાઈ જોઇએ."

નવી પ્રજા.

**વેચીને પાયકા કરવા,** વેચી–વટાવીને ખાઈ પી ઉડાવી દેવું; પત ન કરવું.

**વેઠીયાવાડ કરવી,** બળાત્કારે કરવું; ઢંગઢેકાણા વિનાનું કરવું (કામ.)

**વેતર વંઠવું,** ( માણસને વિષે બોલતાં. ) છૈયાં છોકરાં કાબુમાં–અંકુશમાં ન રહેવાં.

**વેતરણ કરવી,** વસે કરવી; શિક્ષા કરવાની તજવીજ કરવી; ઘાટ ઘડવો. **વેતરણ વણવી** પણ કહેવાય છે.

Gandhi Heritage Portal

"એ ચિંતા ઉપકાર કરે કદિ,
સદ્‌ગુણુનો કરાવિ મેળાપ;
પણ વૃત્તિ પાછી તુર્ત પલટાયે,
કે ચિંતા કાપતી કાપ.
જાય જપ ધીરા રે,
કો વેતરણુ નવ વણે–ચિંતા૦
ધીરા ભકત.

**વેતરી આવવું**, ગમે તેમ કરી આવવું.'ગમે તેમ વેતરી આવ્યો હશે' એટલે તેનો કંઈ ભરોંસો નહિ–ગમે તેમ–કદિ ઊંધુંજ કરી આવ્યો હોય.

**'નવનું સાડી તેર વેતરવું જુઓ.'**

**વેદ ભણવા**, વેદ ભણવા જેવું કોઈ ભારે મુશ્કેલ કામ કરવું.

"શ્રીદામો–દાદા, એના તે શા ભાર છે છે? કંસ, કેશી, મલ્લ, માતંગ, માવત એવા એવા અનેકને અમારા જેવા ગોવાળીઆ પૂરા પડી શકયા, તો હવે એવા એકને જીતવો તેમાં તે શા વેદ ભણવાના હતા."
સત્યભામાખ્યાન.

**વેદનો છેડો આવવો**, હદ આવી રહેવી; આડોઆંક વળવો; અવધિ થવી; બહુ થવું.

**વેદિયો ઢોર**, પુસ્તકપંડિત; સમજ્યા વિના માત્ર પાઠે કરનાર; જે ભણે પણ ગણે નહિ તે; વ્યાવહારિક જ્ઞાન વિનાનો; પોપટિયો પંડિત.

**વેંરાઈ જવું**, જ્યારે કોઈ માણસનું હસવું માતું ન હોય ત્યારે સામો માણસ કહેશે કે જો જે, અલ્યા વેરાઈ જતું?

**વેરી મારવું**, સમાધાન કરવું–કરી છુટું પાડવું; માંડી વાળવું; ટંટો પતાવવો.

"બન્ને વચ્ચે પાછું જુદ્ધ મચ્યું; એ ઘરમાં ન હોવાથી તેમને વેરી મારનાર કોઈ ન હોતું; લઢી લઢીને થાકયાં ત્યારે જ તે છાનાં રહ્યાં."
એ બહેનો.

**વેલ કાઢવી**, કુતરાંને સારૂ એક ગામથી બીજે ગામ અન્યોઅન્ય લાડવા, રોટલા વગેરે મોકલવા.

**વેલાતોડ વરસાદ**, ઉત્તર દિશાના પવન સાથે વરસતો ઝેરી વરસાદ. તેથી વેલા વગેરે સૂકાઈ જાય છે.

**વેલો વધવો**, કુટુંબ પરિવાર વધવો–ફેલાવો.

**વેવલાં વીણવાં**, ફાંફાં મારવાં.

"જવની રાખી જગન્નાથ પંડિત, તે તો સહજ બની આવે; બાવન સીઢી ગંગા ચડાવી, તે તો વેવલાં વીણાવે,"
દયારામ.

**વેશ રાખવો**, સ્ત્રીની અવસ્થામાં આવે ત્યાં સુધી બાળરાંડે સાધારણ વપરાતાં ઘરેણાં અને ચાંલ્લો રાખવો.

**વેશધારી કાગડો**, એક કાગડો મોરનાં પીછાં ઘાલી મોરનું ડોળ ધારણ કરતો હતો; પરંતુ પાછળથી પકડાઈ ગયો. તે ઉપરથી મિથ્યાડંબર કરનારો માણસ; જે પોતાનું નથી તે પોતાનું છે એમ કહેવડાવનાર. (ઇસપનીતિની એક વાત ઉપરથી.)

**વૈદું કરવું**, જેણે કરીને રોગ જાય, અથવા રીસ, બળિયેલપણું, ધુંધવાતાપણું ટળે એવી તજવીજ કરવી.

(રોગ–વ્યાધિ ટાળવા વૈદું–દવા કરવો પડે છે તે ઉપરથી.)

"જો લેસન નહિ આવડયું તો તારાં વૈદાં કરવાં પડશે. યાદ રાખ."

**વૈમાન આવવું**, (જેણે સત્કર્મ કરી ઈશ્વરની મહેરબાની મેળવી હોય તેને મરતાં ઈશ્વરની હજુર લઈ જવા દેવતાઓને બેસવાનું વાહન કે વૈમાન આવે છે એમ કહેવાય છે તે ઉપરથી.)

પવિત્ર ભકિતમાન–પૂણ્યશાળી ઠરી મોટા દબદબાથી ઈશ્વરની હજુરમાં જવું.

"અંત સમે છાપ તિલક બનાવે,
ભૂલી ગયા જ્યારે ભાન;

Gandhi Heritage Portal

એરણની ચોરી સોયનું દાન, એમ કેમ
આવે વૈમાન.
ગુરૂ જ્ઞાન નાવ્યું રે."
ધીરો ભકત.

**વૈશાખ નંદન,** ગધેડો; મૂર્ખ. ( વૈશાખનંદન એટલે ગધેડો તે ઉપરથી લાક્ષણિક. ) (ગધેડાને માટે વૈશાખ માસ કામોદ્દિપક છે તે ઉપરથી. )

**વોહોલિયાં વાહવાં,** વલખાં મારવાં; ફાં ફાં મારવાં.

"હક નથી હાલતો હરિ ભજ્યા વિના કાળ ગળી જાશે, સોયે દસ્યુ નાસે ઉપર પછે વોહોલિયાં વાહશે- ખુટલ."
ભોજો ભકત.

# શ

**શંભુમેળો,** ભેળસેળ; જે હોય તે ભેગું; ખિચડો.

**શકરાના કરવા,** ( શુકરાના કરવા. ) એકાદું પરાક્રમ કરી મોટો જશ મેળવવો—ખાટવો.

૨. તાગડધિન્ના કરવા.

"રોજ નિયમિત કાળે ખુલ્લી હવામાં કસરત કરવી, ને નીમક ને રોટી જે મળે તે પર શુકરાના કરવા એવી ઉત્તમ ટેવ એ કાળના ઇસ્લામીઓની હતી."
સોરઠી સોમનાથ.

**શકુનિ ચતુષ્ટય,** જુઓ **ચંડાળ ચોકડી.** ( મહાભારતમાં વર્ણાયલા શકુનિ, દુર્યોધન, દુ:શાસન, અને કર્ણ એ ચાર જણની ચંડાળ ચોકડી ગણાતી હતી તે ઉપરથી. )

**શકુનિ મામો,** ( દુર્યોધનનો મામો શકુનિ; દુર્યોધનને અવળી બુદ્ધિ સુઝાડનાર તે જ હતો તે ઉપરથી. ) હીણી સલાહ આપનાર–અવળી બુદ્ધિ સુઝાડનાર એવો જે કોઈ તે.

**શંખ જેવો,** મૂર્ખ; ઢ; અક્કલ વિનાનો; જંગલી; અક્ષરશૂન્ય.

૨. ઠાલી; પાસે કંઈ ન હોય તેવું. ( શંખ અંદરથી પોલો હોય છે તે ઉપરથી. )

**શંખોવાચ** એટલે કંઈજ નહિ.

**શંખ નારાયણ,** પાસે કંઈજ ન હોય તે. એમાં છે 'શંખનારાયણ' મતલબ કે કશુંએ નથી.

**શંખ માધવાનંદ** પણ બોલાય છે.

**શંખ ફુંકવો,** દેવાળું કાઢવું.

૨. ભોપાળું બતાવી દેવું; પાસે કંઈ નથી એમ જણાવવું; ભડ વેરવી.

**શંખ વગાડવો** પણ બોલાય છે;

૩. પોતાના કામમાં પાર ન પડવું; હારી થાકી જઇ અધવચ પડતું મૂકવું.

**શંખ ભારથી,** અક્કલ વિનાનો; મૂર્ખ; ઢંગ ધડા વિનાનો.

"તેના શરીરમાં હજી જીવ છે. ઇચ્છા હોય તો હું મારા બોલ હમણાં જ સત્ય કરી દેખાડું અને તેમ ન બને તો પછી સરકારે બેલાશક મને શંખભારથી સમજવો."
અરેબિયન નાઇટ્સ.

**શંખ વાગવો,** (ઘરમાં) (સાધુ લોકોના ઘરમાં શંખ વાગેછે તે ઉપરથી લાક્ષણિક) ખૂટી જવું; થઈ રહેવું; પતી રહેવું; પાર પતવું.

**શનિનો ફેરો,** દુ:ખ કે આફતને વિષે બોલતાં વપરાય છે.

( શનિ પીડાકારી ગણાય છે તે ઉપરથી. )

**શરીર ભરાવું,** તાવ આવવો અથવા તાવનાં ચિન્હ થવાં.

**શરીર ભરાવાવાળું થવું** એટલે લોહીઆળ થવું.

Gandhi Heritage Portal

**શરીર વાળવું** એટલે કસરતથી શરીરનો બાંધો આણવો.

**શરીર ભારે થવું** અને **શરીર ભરાવું** એ એકજ અર્થમાં વપરાય છે. **શરીર ભરાઈ જવું** એટલે અક્કડ થઈ જવું.

**શરીરમાં ધાણ પેસવો,** રોગે ઘર કરવું; રોગે દાખલ થઇ તબિયત બગાડવી.

"લાડકોર બિચારી મરીમથીને દહાડા કાઢતી; તેના શરીરમાં એકવાર ધાણ પેઠો તે ગમે તેટલાં ઓસડવેસડ કર્યા તોપણ દૂર થયો નહિ"

એ બહેનો.

**શાક કરવું,** નિરર્થક રાખી મૂકવું; કોઈ વસ્તુનો માલીક–અધિકારી, માગણી થવા છતાં પણ કોઈ માગનારને આપે નહિ ત્યારે તેના તરફથી તિરસ્કારમાં આ પ્રયોગ વપરાય છે.

**વઘારીને ખાવું, અથાણું કરવું** વગેરે આ પ્રયોગને અનુસરતા પ્રયોગો છે.

"જા ના આપું તો શાક કરજે."

**શાક પાંદડે જવું,** નાતમાં શાક સુધારવા જવું.

**શાકભાજી,** રોજનું સાધારણ; લેખામાં નહિ એવું.

"મારે મન તો તે શાક ભાજી છે, પછી તું તને ગમે તેટલી મહત્વની બાબત ગણું તેમાં ના નહિ."

**શાણકું ઝલાવવું (હાથમાં),** ભીખ મગાવવી; અથવા ભીખ માગતું કરવું.

"પ્રધાન શત્રુ થાત તે પરવડત, પણ કપટપુરીનો રાજા થાત તોતો શાણકું હાથમાં ઝલાવત."

પ્રેમરાય અને ચારૂમતિ.

**શાણી શિયાળ,** શિયાળના જેવી બાહારથી શાણી દેખાતી પણ અંદરખાનેથી ધણીજ કપટી સ્ત્રીને વિષે બોલતાં આ પ્રયોગ વપરાયછે.

**શાણી સીતા,** સીતા જેવી ડાહી અને ઠાવકી.

**શાણું બગલું,** બગલાની પેઠે શાણું થઈ સ્વાર્થ તાકયાં કરનારૂં; બગલાના જેવું ધ્યાન ધરનારૂં.

**શાતામાં રહેજો,** પાટણવાડા તરફ છુટા પડતાં એમ બોલાયછે.

**શાયડીથી શારવું,** મેણાં–કઠણ વચન કહી કાળજું કોર્યાં કરવું; સંતાપવું; દુઃખ દયાં કરવું.

"મૂર્ખ છિદ્ર જો જાણે, મેણાંની શાયડી કરી શા'રે,

પ્રેમરાય અને ચારૂપતિ.

**શાલમપાક આપવો,** માર મારવો. (વાંકામાં)

**શિકલ તો જો,** ગુણ તો જો; મોં તો જો.

**શિખરે જઇ પહોંચવું,** પૂર્ણ કલ્યાણ કે સંપૂર્ણતાની પ્રાપ્તિના સંબંધમાં વપરાય છે; ઠેઠ પહોંચવું; સંપૂર્ણ સ્થિતિ એ પહોંચવું; પોતાના ધાધામાં બીજાઓ કરતાં ચઢીઆતા થવું; પોતાના ધંધામાં જેટલી ઉચ્ચતાએ જવાય તેટલીએ જવું.

**શિંગડાં ઉગવાં બાકીછે,** મતલબ કે કંઈ નિશાની નથી; હોત તો કેટલી મૂર્ખાઈ છે તે જણાઈ આવત.

**શિંગડાં માંડવાં (સામે),** જોસભેર સામે થવું; શિરજોરી કરવી; ગમે તેટલી અડચણ પડવા છતાં પણ બહાદુરીથી આગળ ધપવું.

**શિંગડું થઈ જવું,** શિંગડાને આકાર ખેંચાઈ જવું (શરીર) 'શિંગડે લેવુ' પણ બોલાય છે.

૨. ઠંડુ થઇને સખત થવું. (ટાઢથી)

**શિંગડે લેવું,** સામે થવું અથવા પુરૂષ-

Gandhi Heritage Portal

ત્વથી-મરદાઈથી-ભેટવું; બહાદુરીથી લઢવું.

**શિંઘોડીનો વેલો,** શિંઘોડીનો વેલો બહુ ફાલેછે તે ઉપરથી ઘણો વિસ્તાર-પરિવાર કે બહોળા સગપણના અર્થમાં વપરાય છે.

**શિંઘોડું તાણવું,** શિંઘોડાના આકારનું ટીલું ખેચવું-કરવું. ( મજાકમાં. )

"ઉઠીને ચોટલી ઝપટ છટકારિને તાણિ શિંઘોડું, ઝટ બેસવું ખાવા."

ભટનું ભોપાળું.

**શિંઘોડું શણગારવું,** સ્ત્રીને અથવા પુરૂષને કપાળે હીંગળોક અથવા કંકુનો શિંઘોડાના જેવો સુંદર આકાર પાડેછે તે શિંઘોડું શણગાર્યું એમ કહેવાય છે.

**શિતળાના વાહને ચઢવું,** શિતળાદેવીનું વાહન ગધેડું છે, તે ઉપરથી ગધેડે ચઢવું અને લાક્ષણિક અર્થે ફજેત થવું; રેવડી ઉડવી; બેઆબરૂ થવી; વગોવાવું; અપજશ મળવો.

**શિવારામ ગાર્દી,** બેઠા ત્યાંથી વેળાસર ઉઠવાની દરકાર ન રાખનાર; લાંબા વખતનો પડાવ-ધામા નાખનારને વિષે બોલતાં વપરાય છે. 'શિવારામ ગાર્દી જ્યાં પડયા ત્યાં એક મહિનો ને આઠ દી' એવી કહેવત છે.

**શીંકે મૂકવું ( વાત ),** ઉંચે મૂકવું, ગુપ્ત રાખવું; બહાર ન પડે એમ કરવું; લોકોના જાણ્યામાં ન આવે એમ કરવું.

**શીશી ને ફટાક,** તરત તેનો નિકાલ. (શીશી ફોડીને તુરત તેનો ફટ અવાજ કરવો તે ઉપરથી. )

"નાગરિકા-શીશી ને ફટાક, ના જડે તો ફટ કહે નૈં, એમ કંઈ આપવું કે લેવું છે ?"

સત્યભામાખ્યાન.

**શુક્રવાર થવો-વળવો,** શુક્રવાર એ મુસલમાન લોકોનો પવિત્ર દિવસ ગણાયછે, એજ દિવસે આદમ જન્મ્યો હતો એમ કહેવાયછે. જ્યોતિષ શાસ્ત્રમાં પણ શુક્ર શુભ ગણાયછે. વળી અમેરિકામાં શુક્રવાર એ એક ભાગ્યશાળી દિવસ ગણાય છે. સ્કોટલેન્ડમાં એ એક લગ્નનો બહુજ શુભકારી દિવસ મનાય છે, તે ઉપરથી લાભ થવો; દહાડો વળવો; નશીબ જાગવું; **શુક્રવાર-ભલિવાર;**-ઢંગ.

'એમાં કાંઈ શુક્રવાર વળે નહિ,'

"ઘરનું ઘર નહિ, જરનું જોર નહિ ને વરમાં શુક્રવાર તો આવો જ-સાઠ વર્ષના વરને બાપે પરણાવી હશે શા સારૂ ?"

કુંવારી કન્યા.

'"હા, હા, ચાલ્ય. ચાલ્યા, પ્રણયકોપ જોઈ બેસી રહેવાથી શો શુક્રવાર થવાનો છો ?"

તપત્યાખ્યાન.

**શૂન્ય મૂકવું,** રદ કરવું; બાતલ કરવું.

**શૂન્ય શિખરે ચઢવું,** સમાધિસ્થ થવું; જે અવસ્થામાં નિષ્પ્રપંચ પરમાત્મા રૂપ માત્ર ભાસે છે તે અવસ્થાએ પહોંચવું; ( બ્રહ્મ રંધ્ર અથવા શૂન્યની પેલી પારનો પ્રદેશ કે ગગનગુફાને શૂન્ય શિખર કહે છે. )

"શૂન્ય શિખરપર ગઢી ગયા, વાગે અનહદ વાજાં,"

ભોજોભક્ત.

'મહંત સંતો ઘણા થયા તેણે, માયાનાં વર્ણન કીધં; અનુર્વચનીય તો સહુ જનક છે, જાણી તેણે તો દુંદુભી દીધ, શૂન્ય શિખરે જઈ શોધીરે, દાસ ધીર જ્યાં ગાઈ-

ધીરો ભકત.

**શેકયો પાપડ પણ ભગાતો નથી,** મતલબકે છેક અશકિત પેદા થઈ છે.

**શેકી નાખવું,** સંતાપવું; કાળજું બાળવું; દુઃખ દયાં કરવું. (મ્હેણાં કે કઠણ બોલથી)

**શેખચલ્લીના વિચાર,** કદી પાર ન પડે તેવા લાંબા લાંબા વિચાર; રખડતા-ભટકતા ગાંડા લાંબા વિચાર; મિથ્યા તર્ક ઉપર તર્ક ઉઠાવ્યાં કરવા તે.

Gandhi Heritage Portal

"તેની જુવાની થતાં જે જે ઉમેદ તેના મનમાં આવી હતી તથા જે જે શેખચલ્લીના વિચાર તેણે કીધા હતા. તે સઘળા એક પછી એક તેના સ્મરણસ્થાન માંથી નીકળી ગયા."

કરણઘેલો.

"શેખચલ્લીના વિચાર ન કરો, ઉત્તમ પરિણામની આશા રાખો અને ઈશ્વર ઉપર વિશ્વાસ રાખો."

**શેતરંજી રંગી નાખવી,** બરડો રંગી નાખવો–બરડામાં મારી લોહી કાઢવું.

**શેન વાટવા,** સૂઈ જવું, (ગુજરાતના ભિક્ષુક બ્રાહ્મણોની પારસી.)

**શેર થવું,** શિરજોરી કરવી.

'કંઈ પણ બ્હાનું મળ્યું કે તે શેર થતી.'

એ બહેનો.

**શેર લોહી ચઢવું,** આનંદમાં મસ્ત બનવું; આનંદ થવો.

**શેર સુંઠ ખાધી હોય તો,** તાકાદ–જોર–શૌર્ય હોય તો; તીખો સ્વભાવ હોય તો.

"તમારી પાછળ તમને ખોળતા જ ફરીએ છીએ, કે મિયાં ફુસ્કિખાં, અમને કયારે પકડે? હવે માએ શેર સુંઠ ખાધી હોય તો પકડો."

પ્રતાપ નાટક.

"અંગદ સામું જે જુએ,
અધિક દ્રષ્ટિએ આડી,
શેર નથી ખાધી સુંઠ,
નથી જન્મ્યો કો માડી."

અંગદવિષ્ટિ.

**શેવું ને ચરાળ જાણતો નથી,** (શેવું–આડા ચાસ અને ચરાળ–ઉભા ચાસ તે ઉપરથી.) નજીવી બાબતની પણ માહિતી નથી એ અર્થમાં ચરોતર ભણી કણબી–પાટીદારોમાં બોલતાં વપરાય છે.

**શ્રાવણ ભાદરવો વહેવો,** શ્રાવણ તથા ભાદરવા માસના જેવો આંખમાંથી આંસુનો પુષ્કળ વરસાદ વરસવો; પુષ્કળ આંસુ વહેવાં.

"તેનાં ચક્ષુ સામે તેના પતિની પ્રતિમા ખડી થઈ અને નેત્રોમાંથી એક સરખો શ્રાવણ ભાદરવો વહેવા લાગ્યો ને ડચકિયાં ખાવા લાગી."

અરેબિયનનાઈટસ.

**શ્રીગણેશાયનમઃ કરવા,** શરૂઆત કરવી; આરંભ કરવો; ગણેશ માંડવા. (કોઇ પણ કાર્યની શરૂઆતમાં ગણેશનું સ્મરણ કરવામાં આવે છે તે ઉપરથી.)

"કરોને આજજ શ્રી ગણેશાયનમઃ,"

સરસ્વતીચંદ્ર;

**શ્રીફળ આપવું,** રજા આપવી; બરતરફ કરવું; નોકરીમાંથી દૂર કરવું. ગોવાનું ગડગડીયું આપવું. 'પાણી ચુતું–નાળિયેર આપવુ' એમ પણ બોલાય છે.

**શ્રી રામ, શ્રી રામ,** આ શબ્દો કોઈના અંત સમયે તેની સદ્દગતિ થાય એટલા માટે તેનાં સગાંવહાલાં તરફથી બોલવામાં આવે છે.

**શ્વાસ કાઢી નાખવો,** સંતાપવું; કાયર કરવું; થકવવું; અધમુઉં કરવું; મરણતોલ કરવું. (અતિશય કામ કરાવી કે માર મારી.)

**શ્વાસ ઘેરાવો,** જીવ મળવો; ઐકયતા થવી.

"આ વખતે વિદ્યાગવરીના મનમાં ઘણું કહેવાનું આવ્યું, પણ મોટી બેનને શ્વાસ ઘેરાયા વગર સલાહ આપવી કે ઠપકો દેવો તેને ઉચિત લાગ્યો નહિ."

એ બહેનો.

**શ્વાસ લઈ નાખવો,** સંતાપવું; દુઃખ દેવું. જીવ ખાવો.

Gandhi Heritage Portal

# સ

**સંસાર તરવો,** સંસાર વ્યવહારમાં કુશળ થઇ સારી રીતે ઘર ચલવાવું; અને ઈશ્વરને ઓળખવો.

**સંસાર માંડવો,** પરણુવું.

૨. દુનિયાદારીમાં પડવું–આ અર્થમાં 'સંસારમાં પડવું' પણ વપરાય છે.

**સંસાર સાગરમાં ડુબવું,** પાપી થવું; કરમ બાંધવું; સંસારની દુગ્ધાથી રિબાયાં કરવું; તેથી ઉલટું **સંસાર તરવો.**

**સંસારના વા વાવો,** સુખદુઃખનો અનુભવ થવો.

**સકાર પડવા,** ( શ્રીકાર ઉપરથી ) માન રહેવું; ટેક જળવાવો.

"ઘણાં હીણાં કર્યાં અરે
મહોથિ પાપ તેં ખરે;
સુબુદ્ધિ શુદ્ધિ તો ખરે,
પડયા નહીં સકાર રે;"

નર્મકવિતા.

**સકાર બળવા,** ચતુરાઈ–વિવેક હોવો. પહેરવે ઓઢવે, બોલવે ચાલવે સુઘડ હોવું.

'એનામાં શા સકાર બળ્યા છે ?'

**સખીના લાલ,** ઘણાજ ઉદાર સ્વભાવનો માણુસ. ગોસાઈ કે વેરાગી ભિક્ષા માગતાં એમ બોલે છે કે કોઈ સખીનો લાલ છે ?

**સંકોરીને વેગળા રહેવું,** લડાઈ કરાવી ખસી જવું; પલીતો મૂકવો; ઉસ્કેરી–સળી આપી દૂર થઈ જવું.

**સંગટા થવો,** ( સંગટો–મિશ્રણુ–ભેળસેળ.) શ્રાવકોમાં સ્ત્રી પુરૂપ વ્રત લઈ બેઠાં હોય ત્યારે એક બીજાને ( પુરૂપને સ્ત્રી અને સ્ત્રીને પુરૂપ ) અડકે તે સંગટો થયો કહેવાય છે.

**સંઘ કાઢવો,** ( જેઓની ઉપર લક્ષ્મી દેવીની કૃપા છે તેઓ પોતાની કીર્તિને કાજે મોટા મોટા સંઘ કાઢે છે અને સંઘ જમાડે છે તે ઉપરથી, પણ વાંકામાં) ભોપાળું કાઢવું; પાસે કંઈ નથી એમ જણાવવું.

**સંઘ કાશીએ જવો,** (કાશી જે પ્રખ્યાત ધામ ત્યાં પહોંચવું તે ઉપરથી.) ધારેલા અર્થની સિદ્ધિ થવી; મનની મુરાદ પાર પડવી.

"આ કરવાથી સંઘ કાશીએ જાય એમ મને તો લાગતું નથી."

**સણુકો થવો,** માઠું–દુઃખ લાગી વચમાં અચકી પડવું. ( કામ કરતાં.)

'શો શણુકો થયો વળી?'

**સત ચઢવું,** જ્યારે કોઈ મરી જાય છે ત્યારે તેની સાધવી સ્ત્રી આંખો ફેરવી દઇને ઘેલછાના ચાળા કરવા માંડે છે અને જય અંબા, જય રણુછોડ એમ કરતી બોલી ઉઠે છે, એટલે તેને સત ચઢયું એમ કહેવામાં આવે છે.

**સતી થવું,** ધણીની પાછળ બળી મરવું. જે સતી થાય છે તે તેત્રીસ કરોડ વર્ષ સુધી પોતાના ધણી સાથે સ્વર્ગનું સુખ નિરંતર ભોગવે છે અને તે મુદત પુરી થાય છે ત્યારે તે ઉત્તમ કુળમાં જન્મીને તેજ પ્રિયતમ વેરે પરણે છે.

સતી થનારી સ્ત્રી કપાળમાં હિંગળોકની અને કંકુની આડ કરી ગળામાં સુગંધમય પુષ્પના હાર પહેરી અને માથાના સુંદર કાળા વાળની છૂટી લટો મૂકી, કંકુએ હાથ રંગી તથા ચોક–ચબૂતરે અને દહેલી, એ થાપા મારતી લાકડાંની ગોઠવેલી ચિતા તરફ જે અંબે જે અંબે કરતી જાય છે. તેની પાછળ હજારો સ્ત્રી પુરૂષોનું ટોળું જે અંબે જે અંબે કરે છે, ઢોલ શરણુાઈ આદિ વાદ્યિત્રો વાગી રહે છે; એવી સ્થિતિમાં સતી ચિતામાં જઈ સવિતા નારાયણુની સ્તુતિ કરી પોતાના પતિનું શીશ

Gandhi Heritage Portal

પોતાના પતિના પવિત્ર ખોળામાં લઈ બેસે છે, અને અનુચરો આવી સળગતો કાકડો કાષ્ટચિતાને અડાડે છે. આ ચાલ લૉર્ડ વિલિયમ બેન્ટીકે સને ૧૮૨૯માં બંધ પાડયો.

**સત્તર આની,** ( રૂપિઆના આના સોળ છે તથાપિ તે કરતાં પણ વધારે તે ઉપરથી. ) પૂરેપૂરૂં; સારૂં; ધારવા કરતાં સરસ; જોઇએ તે કરતાં સારૂં; ચોખ્ખું; પાકું; મન ખુશ થાય એવું; ઇચ્છાનુસાર.

**સત્તર આના બે પાઈ** પણ બોલાય છે.

**સત્તર જગાએ,** ઘણે ઠેકાણે. ' સત્તર જગ્યાએ જીવ રાખવો પડે છે.' 'સત્તર જગ્યાએ જવું પડે છે.' માણસના સંબંધમાં સત્તર જણ બોલાય છે. જેમ કે, ' સત્તર જણની ગુલામી કરવી પડે છે ત્યારે કામ થાય છે.'

**સત્તરા ગણવા,** નાશી જવું.

**સત્તાણું પાયા,** ( વ્યવહારમાં સત્તાણું એ ત્રણની સંજ્ઞા છે તે ઉપરથી. )

ત્રણ-સાડા ત્રણ પાયા; ઢંગ ધડા વિનાનું; ઉધાન પાયા.

**સત્ય સાહેબ,** કબીર પંથી લોકો એક બીજાને મળતાં એમ કહે છે.

**સત્યાનાશની પાટી,** પાયમાલી; ખરાબખસ્તીનો પાયો; તળિયાઝાટક.

**સતોસતીઉં,** ઠામ ઠેકાણા વિનાનું; ભલિવાર વિનાનું; ગરબડિયું; કોઇને માથે નહિ એવું; બારોબારીઉં ( કામના સંબંધમાંજ આ પ્રયોગ વપરાય છે. )

**સતોસતીઉં ઓગણ પચાસ** એમ પણ બોલાય છે.

**સથરામણ વેરાઇ જવી,** ગભરામણ થવી; સાત પાંચ થવી.

**સધર આસામી,** જુઓ **ખમતી આસામી.**

" તારા સરખો મૂર્ખ બીજો કોઈ ન હોય, લાલભાઈ સરખો સધર આસામી મળેલો છે, તો ફોલાય ત્યાં સુધી તો ફોલી ખાવું? "

મણિ અને મોહન.

**સધામ પહોંચવું,** (સ્વધામ), મરી જવું; મનની શાંતિ અથવા આત્માનું જે મૂળ રહેઠાણ ત્યાં જવું.

" તેઓએ ડોશીને જગાડવા માંડી, પણ ડોશી માતો સ્વધામ પહોંચેલાં તેથી કાંઈ જવાબ દીધો નહિ ! "

કરણઘેલો.

**સંથારો કરવો,** જૈન માર્ગીમાં કોઈ માણસ મરવા અગાઉ થોડી મુદ્દતે સંસારની આશા, તૃષ્ણા, માલમિલ્કત, અન્ન પાણી વગેરે સર્વે તજી દે છે તેને સંથારો કર્યો કહે છે.

**સનાન માંડવાં,** સનાન માંડવા જેવી માઠી હાલત થવી. 'તારાં સનાન મંડાય' એમ સ્રીઓ પોતાનાં બાળકને ચીઢમાં કહે છે. ( મરનારને ત્યાં શોક કરવાને એકઠા થાય છે તે ઉપરથી. )

**સનાન સુતક આવવું,** મારે શું તેમાં સનાન સુતક આવવાનું હતું એટલે મારે તેમાં શો સંબંધ હતો? મારે શી લેવા દેવા હતી, એમાં મારે શું ? એમ બેદરકારીમાં બોલતાં વપરાય છે.

**સનાનપાણી આવવું** એટલે કોઈ મરી ગયું હોય એવા ભારે નુકસાનમાં આવવું.

**સનાનના સમાચાર,** સનાનના જેવા માઠા સમાચાર. ( શોક કરવા જેવા. )

**સપાટો કાઢી નાખવો,** ઝાપટી નાખવું; ધમકાવવું; ધમધમાવવું.

૨. માર મારવો.

૩. ચીસ ખવરાવવી; ખો ભૂલાવી દેવી.

**સફા થઈ જવું,** તદ્દન ખૂટી જવું; થઈ રહેવું.

૨. નાશ પામવું.

**સફાઈ મારવી, સાફી મારવી** જુઓ.



Gandhi Heritage Portal

**સંભાર ભરવો,** ( મશાલો ), રસ પૂરવો; અતિશયોક્તિથી રસ જમાવવો; રસિક-અસરકારક કરવું; ઉશ્કેરવું.

"ડોશીના દ્રવ્યની વ્યવસ્થાએ શેઠનું મન ઉકળ્યું હતું અને તેમાં ગુમાને પુષ્કળ સંભાર ભર્યો હતો."

સરસ્વતીચંદ્ર.

**સમ ખાવા નથી,** બિલકુલ નથી.

"ધાતુ પાત્ર નહીં કર રહાવા, સાજું વસ્ત્ર નથી સમખાવા."

સુદામાચરિત્ર.

**સમય ભરાઈ જવો,** વખત પૂરો થઈ જવો.

**સરઘસે ચઢવું,** ઘણા જણ હસી કાઢે-હસીને હલકું ગણે એવું કંઈ કામ કરવું; ફજેતી થવી; વગોવાવું; ચરચાવું; નઠારી બાબતમાં ખ્યાતી થવી; વરઘોડે ચઢવું. ( આ પ્રયોગ વાંકામાંજ વપરાય છે.)

**સરાણે ચઢાવવું,** હાર પાડી આપવું; શરૂ-આરંભ કરી આપવો.

૨. ઉશ્કેરી-ચઢાવી આપવું.

૩. સરાણે થવું; પુરૂં થવું; પાર પડવું.

"કરૂં કાલાવાલાનું કામ,
ગુણ ગાવા રામજીરે,
તેથી સરાડે ચઢશે કામ,
ગુણ ગાવા રામજીરે,"

દીવાળીબાઈ.

૪. રસ્તે પાડવું; રીતમાં આણવું.

**સલામ આલેકમ,** મુસલમાન મુસલમાનને મળતાં એમ કહે છે, ત્યારે સામો જવાબ કહે છે કે અલેકુ સલામ.

૨. છૂટા પડતાં પણ એમ બોલવાની રીતછે.

**સવળા પાસા પડવા,** આ દુનિયાની બાજી રમવામાં પાસા સુલટા પડવાથી જય થવો. ધારેલી ઈચ્છા પાર પડવી; યુકિત સફળ-થવી; ધાર્યું કામ થવું-પાર પડવું; જોઇએ તેવું-મનમાન્યું સુલટું કામ થવું. એથી ઉલટું **અવળા પાસા પડવા.**

"રક્ષણ કરવા ધાઈ વળો સહુ, હજી રહી છે આશા; સ્નેહ, શૌર્યને જુદ્ધકળાથી, પડશે સવળા પાસા."

નર્મકવિતા.

**સવળે હાથે પૂજ્યા હશે,** રીતસર વિધિ પૂર્વક આરાધના કરી હશે. તેથી ઉલટું **અવળે હાથે પૂજેલા.**

"સત્યભામા—પણ સવળે હાથે ગોર પૂજી હોય ત્યારે કેની! ધાવતાં બાળ છોડ્યાં હશે, વહેતી નદીએ પગ દીધો હશે, હજારનાં ઘર ભંગાવ્યાં હશે એવાં કામ કરનારને તે આવા સ્વામી કયાંથી મળે.!"

સત્યભામાખ્યાન.

**સવા આઠ,** જોઇએ તેવું; મન માને તેવું;સારૂં.

**સવા ગજની છરી (પેટમાં),** કપટ; પ્રપંચ; ઘાત-નુકસાન કરે એવું જે કંઈ તે.

"તે તેના પેટમાંની સવા ગજની છરી વાળું મીઠું ભાષણ ન સમજતાં, ખરૂં લાગવાથી મારા ભાઇને હર્ષ ઉપજ્યો, અને પછી તે બોલ્યો, અહો સુંદરી! હું સદા તારોજ છું"

અરેબિયનનાઈટ્સ

**સવાર થવું,** ચઢી બેસવું; શિરજોરી કરવી; માથામાં ધુમાડો રાખી સામે થવું; બહેકી-જઈ દુઃખ દેવું; છાકી જવું.

"લોકોમાં કહેવાય છે કે કરજની પીઠ પર જૂઠ સવાર થઇને ચાલેછે."

જાતમહેનત.

**સવા વીસ,** પૂરૂં પાધરૂં; જોઇએ તેવું; પૂરેપૂરૂં અને વળી સરસ ( કામના સંબંધમાં.) **સત્તર આના એ પાઈ** એમ પણ કહેવાયછે.

"ઝવેરશા, તમે બોલ્યા તો સવાવીશ, એમાં પોણી વીસ સમજે તે પાકો વેપારી ન જાણવો."

પ્રતાપનાટક.

Gandhi Heritage Portal

**સવારના પહોરનું નામ,** સવારના પહોરમાં નામ લીધું હોય તો આખો દહાડો સુખમાં જાય તેવો; કર્ણના જેવો દાતાર.

" નિપુણક–કેમ ભાઈ કોનું ઘર છે ?
શાર્ઙ્ગરવ–સવારના પહોરનું નામ જે અમારા ઉપાધ્યાય આર્ય ચાણક્ય, તેમનું છે."

મુદ્રારાક્ષસ નાટક.

**સસ્તુ ગણી કાઢવું,** ન લેખવવું; તિરસ્કાર કરવો; બેદરકારીથી ઉડાવી દેવું.

**સળી આપવી,** ઉત્તેજન આપવું; ઉશ્કેરવું; 'તે પોતે કોઈપણ કામમાં આગળ ન પડતાં બીજાને સળી આપી ઉભો રહેછે.'

**સળી કરવી,** અટકચાળું કરવું; આંગળી કરવી; શરમાવવાની કે ચીડવવાની ખાતર કોઈની છેડખાની કરવી.

૨. ઉશ્કેરવું.

" કૃષ્ણકાલિકાએ અલકકિશોરીની કલ્પનાને સળી કરી એટલામાં તો મગજમાંથી હૃદયમાં અને હૃદયમાંથી મગજમાં ચડ ઉતર કરતી કલ્પનાએ અમાત્યની પુત્રીને ગભરાવી દીધી."

સરસ્વતીચંદ્ર.

**સળીસંચો કરવો,** સાંસણી કરવી; પ્રેરણા કરવી; ઉશ્કેરીને ઊભું કરવું.

**સળેકડું કરવું,** ચીડ ચઢે કે લડવા ઉઠે એવી રીતનું અટકચાળું કરવું; છેડવું; ઉશ્કેરવું; મજાક કરવી.

" રામસિંઘજી–આપનું કહેવું સત્ય છે. આપણે કેડ બાંધીને શત્રુને સળેખડું કર્યું છે એટલે હવે આપણે ઝાઝું સમજવાનું નથી."

પ્રતાપનાટક.

**સળો પેસવો,** ઘણા દહાડા પહોંચી છેવટે ખરાબી થાય એવી અવ્યવસ્થા–ફાટફુટ કે કુસંપ થવો.

" એના ઘરમાં ઘણા દિવસથી એવો તો સળો પેઠો છે કે જ્યારે ત્યારે એ કુટુંબ ખાખાવીખી થઈ ગયા વગર રહેનાર નથી."

**સાંઇ કહેજો,** કાઠિયાવાડમાં બાયડીઓ બાયડીઓને સાંઇ કહેવડાવે છે ( છુટા પડતી વખતે. ) કહે છે કે ફલાણી બાઈને મારી સાંઈ કહેજો–( સાંઈ–શાંતિ ઉપરથી )

**સાંઠીલાકડાં લગાડવાં,** લડાઈ ઊભી થાય એમ કરવું.

**સાંકડું લાકડું,** ઘાડો સંબંધ.

" લગત લાકડું સાંકડું મળ્યું; વગત વાતથી વિશ્વમાં ભળ્યું."

દ્રૌપદી હરણ.

**સાંકળ ઘાલવી,** વચમાં અડચણ નાખવી; હરકત કરવી. (વચ્ચે બીજું દાખલ કરીને)

**સાંધા બેસવા,** વય અથવા અશક્તિને લીધે નબળું પડવું.

૨. હિંમત હારી જવી.

**સાકર પીરસવી,** મીઠું મીઠું બોલી સામાનું મન રંજન કરવું; સાકર જેવા મીઠા મીઠા બોલ બોલવા; મધુર વચન બોલી ખુશામત કરવી. (કામકાઢી લેવા સારૂ.) **સાકર વાટવી** પણ બોલાયછે. **સાકર વાળી જીભ કરવી** એટલે ખોટું લાગે એવું બોલવાને બદલે મીઠું–મધુર બોલવું. **સાકરના રવા પીરસવા** પણ બોલાય છે.

**સાકરનું સાલ કાઢવું,** ઘણુંજ જૂલમી થવું; સખત થવું.

૨. બારીક શોધ કે પરીક્ષા કરવી.

**સાચાં જૂઠાં કરવાં,** એનું આને ને આનું એને કહી ભમાવવું અથવા ભમાવી એક એકની પ્રીતિ ઘટાડવી; કાન ભંભેરવા.

૨, સાચાનું જૂઠું ને જૂઠાનું સાચું ઠોકી બેસાડવું.

" સાચાં જૂઠાં એક બીજાનાં કર્યા વિના નવ ચાલે;

Gandhi Heritage Portal

લગાડિને લડવાડો લાખો, નવરો નખોદ ઘાલે.

કાવ્યકૌસ્તુભ.

**સાટીઝાંખરાં કરવાં,** એક બીજાને આડું અવળું–ખરૂં ખોટું સમજાવી ભોળવવું; કાન ભંભેરવા.

**સાઠી વાયદા થવા,** લગભગ સાઠવર્ષની ઉમર થવી.

૨. 'સાઠી બુદ્ધિ નાઠી' એ કહેવત પ્રમાણે તે અરસામાં બુદ્ધિ ભ્રષ્ટ થવી.

**સાડા ત્રણ,** અદક પાંસળી; ઘેલછાવાળું.

"એ વૈદ્યની હોશિયારી ને વિદ્યામાં તો કંઈ કસર નથી, પણ લગાર જાતે સાડા ત્રણ દેખું."

ભટનું ભોપાળું.

૨. થોડાં; ગણ્યાંગાંઠ્યાં; જુજ.

**સાડા ત્રણઆંનો ડાહ્યો,** દોઢડાહ્યો; અકલનો આગળો (વાંકામાં.)

**સાડા ત્રણ ઘડીનું રાજ,** થોડા વખત સુધી ટકે તેવું સુખ; ક્ષણિક સુખ–અમલ.

**સાડાત્રણ પાયા,** ઉધાન પાયા; ઘેલછાવાળું; ઊંધી બુદ્ધિનું; ઉડેલ તબિયતનું; ઢંગઢાળ વિનાનું; વાદંડી; મનની અસ્થિરતાવાળું; તિતાલિયું; ઉછાંછળું.

**સાડાબાર બેવડી જવું,** નાસી જવું; સટકી જવું; ગચ્છંતિ કરી જવું.

"પણ તે વેશ્યાજ તેનું રહ્યું એટલું લઇને સાડાબાર બેવડી જાય ત્યારે?"

ચતુરચંચળ.

**સાડાસાતનો ફેરો,** (અશુભ ગ્રહ જે શનિ તે જન્મ નક્ષત્રમાં કે તેની નજીકમાં સાડા સાત વર્ષ રહે છે એટલે અઢી વર્ષ જન્મ નક્ષત્રમાં અને અઢી વર્ષ આગળની રાશીમાં તથા અઢી વર્ષ પાછળની રાશીમાં એ પ્રમાણે રહે છે તે ઉપરથી.)

મોટી આફત. ઘણા દુઃખ–સંકટને વિષે બોલાય છે.

**સાડાસાત મણની સંભળાવવી** (ગાળ), ઘણી જ ભુંડી ગાળ દેવી.

"બૈરી એવી મળી છે કે રોજ સાડાસાત મણની સંભળાવે છે."

ચતુર ચંચળ.

**સાડાસાત વાર,** ઘણી વાર.

"તમારે સાડાસાત વાર પરવડતું હોય તો આ ઘોડા અને આ મેદાન છે."

તપત્યાખ્યાન.

**સાડાસાતી આવવી,** (સાડાસાતની પનોતી) આવી બનવું; ઘણું જ દુઃખ કે આફત આવવી; પડતી દશા આવવી; તન મનની પીડા થવી.

"આથી તેના ચોથા સુખમાં પણ, હમેશને માટે સાડાસાતી આવી."

પંડિતા જમનાબાઈ.

**સાડી ગપતાળીસ,** સંખ્યાના સંબંધમાં અજાણપણું હોય છે ત્યારે એમ કોઈ અનિશ્ચિત સંખ્યા બતાવતાં વપરાય છે.

**સાડી ચુંવોતેરનો અંક,** હરકોઇ પત્રના શિરનામે ઉપર જણાવેલા ૭૪ાા નો અંક જોવામાં આવે તો માલિક સિવાય એ પત્ર બીજા કોઇએ વાંચવો નહિ એમ એ થી સૂચન થાય છે. (હિંદી ગ્રંથકાર એ આંકના સંબંધમાં જણાવે છે કે સોગન સંબંધી એ આંકડા છે. તેની ઉત્પત્તિના સંબંધમાં તેનો કર્તા ઐતિહાસિક દલીલ એવી રીતે રજુ કરે છે કે પ્રથમ નિશાની કર્યા વિનાના પત્રો લખાતા હતા. ખાસ મતલબનો પત્ર બીજાને હાથ જતાં ભારે હાનિ પહોંચવાથી એવો ચાલ નીકળ્યો છે. ચિતોડથી રાજકિય મસલતને લગતો અગસનો પત્ર દિલ્લી દરબારના એક અંગિભૂત માણસ પર મોકલવામાં આવ્યો પણ તે પત્ર બીજાને હાથ જવાથી વાત ફુટી એટલે મુસલમાનોએ એકદમ સને ૧૫૬૧–૬૨ માં ચિતોડને ઘેરો ઘાલ્યો અને કિલ્લેદાર જયમલ રાઠોડને ઠેર કર્યો. કિલ્લામાં

Gandhi Heritage Portal

રહેલી સ્ત્રીઓના જાણવામાં આ વાત આવવાથી કેસરિયાં કરી રણમાં ઉતર્યાં તેમાં મુસલમાનો હારી પાછા ગયા. બીજાને હાથ અગત્યનો પત્ર જતાં આવી હાનિ થઈ માટે એ વખતે રણમાં પડેલી લાસોનો તોલ કર્યો તો તે સાડી ચુંવોતેર મણ થયો; માટે એ વખતથી છાના પત્રો પર એ અંક લખવાનો રિવાજ દાખલ થયો છે.)

**સાડીત્રણ પાંસળીનું,** ઘેલછાવાળું; વાએલ; ચસકેલ; ઉડેલ તબિયતનું; અડધું ગાંડું.

"પૈસાદારનાં છોકરાં સાડીત્રણ પાંસળી હોય તોપણ તે ડાહ્યાં ખબરદાર ગણાય છે."

**સાડી બાર,** પરભા; દરકાર.

'મારે કોના બાપની સાડીબાર છે?'

**સાણસામાં આવવું,** મુશ્કેલી–અડચણમાં આવવું; ફાંદામાં આવવું; સાંકડમાં આવવું; એવી રીતે ફસાવું કે જરા પણ ચસકવાનું બની શકે નહિ; પેચ–આંટી–ધાસ્તીમાં આવવું.

"વિશ્વનાથ–(મનમાં) પકડાયો સાણસામાં; જો હા કહેશે તો મરી ગયો."

બ્રહ્મરાક્ષસ.

૨. ઠપકામાં આવવું.

૩. હેરાન થવું; પીડિત થવું.

**સાત,** એકી સંખ્યા ઈશ્વરને બહુ પ્રિય છે જેમ ત્રિપુટી–બ્રહ્મા, વિષ્ણુ અને શિવ, સપ્ત સ્વર; નવ ગ્રહ, અઠવાડિયાના સાત દિવસ, પાંછ ઈંદ્રિ, પાંચ આંગળી, સાત એ પવિત્ર સંખ્યા ગણાય છે તેમ એ સંખ્યા ઘણી વાર લાંબી મુદ્દત દર્શાવવામાં કે ઘણી સંખ્યા બતાવવામાં વપરાય છે.'

સંપૂર્ણ અથવા સંપૂર્ણતા બતાવનારી કોઈ સંખ્યા બતાવવાના અર્થમાં વપરાય છે. જેમ–**સાત તાડ ઊંચો, સાત લુચ્ચાનો લુચ્ચો, સાત વાર પાલવે તો,** તે તો **સાતમે માળ બેઠો છે, સાત ટેંડુજીનો ટેંડુજી** વગેરે. **સાતે ઘોડે સાથે ચડાય એટલે** એટલાં બધાં કામ સાથે થાય? **સાત નાગાનો નાગો** એટલે દાંડ; આબરૂ જેણે વેગળે મૂકી છે તે.

**સાત ગળણે ગાળવું,** ખુબ વિચાર કરવો; તુલના કરી સારૂં ગ્રહણ કરી ખોટાનો ત્યાગ કરવો.

"સાત ગળણે ગળ્યા પછી,
બોલ બોલીએ જો;
બોલ્યા પછી દુઃખ થાય,
નવ ડોલીએ જો. મા.

દયારામ.

**સાત ગાઉથી નમસ્કાર કરવા,** દૂર રહેવું; અલગ રહેવું; હારી છૂટી વેગળા રહેવું.

"મારે પરણવું એ તો નહિ જ બને, પણ આવી ભૂલ ન થાય–આવી પરાધીનતા ફરી ન થાય એનો કાંઈ ઉપાય? ઉપાય એ જ કે વિષય વિષયીનો પ્રસંગ જ ન થવા દેવો. સ્ત્રીને સાત ગાઉથી નમસ્કાર કરવા."

સરસ્વતીચંદ્ર.

**સાત ઘર ગણવાં,** લોકોને ઘેર નિરર્થક ભટકવું.

(સવારના પહોરમાં ઉઠીને વલવલિયણ બાયડી સાત ઘર ગણી ઘરના કામમાં વળગે છે. (ઘણું કરી પડોશમાં.)

**સાત તાડ ઊંચો,** (સાત તાડ જેટલો ઊંચો, અત્યુક્તિ) ઘણો જ ઊંચો.

**સાત પાંચ થવી,** સાંકડમાં આવવું; શું કરવું તેની સૂઝ પડે નહિ એવી સ્થિતિમાં આવી પડવું; મુશ્કેલીમાં આવવું.

"પણ જો આ રજપૂત હાથમાંથી ગયો તો ઉપાય નથી. એક વાર રમાબાઇના હાથમાંથી ગયેલો કબજ થતાં સાત પાંચ વીતી છે અને આમાં લપટાયો તો એને સટકવાનું નથી."

સરસ્વતીચંદ્ર.

Gandhi Heritage Portal

**સાત પાસની ચિંતા છે,** ઘણી તરફની—ઘણી જાતની ચિંતા છે.

**સાત પેઢીના ચોપડા ઉથલાવવા,** સાત પેઢીની નિંદા કરવી.

**સાત ફેરા ગરજ હશે તો,** પૂરતી રીતે પાલવતું–પરવડતું હશે તો.

**સાત સાંધતાં તેર તૂટવા,** ઉપજ ખર્ચનો મેળ ન મળવો; ઉપજ કરતાં ખર્ચ વધી જવું.

**સાત મણ ને સવાસેરનું** ( કાળજું ), ઘણી જ વજ્ર છાતીના સંબંધમાં અથવા ઘણી સાવધગીરીના સંબંધમાં બોલાય છે.

**સાતડેસાત,** સાતડાનો આકાર મીંડા જેવો છે તે ઉપરથી ધુળધાણી; મીંડું; પૂર્ણ નિષ્ફળતા; રદ; બાતલ.

"હવે આપણે દિન પરદિન વિલાયતી દારૂની નાશકારક ઈલતમાં પડી દેશમાં જે કંઈ બાકી રહ્યું છે તેનું સાતડેસાત કરવા બેઠા છીએ."

દેશી કારીગરીને ઉત્તેજન

"કારીગરોએ જાણ્યું કે આ નવી શાળથી આપણા રોજગારના તો સાતડેસાત થઈ જશે અને એથી આપણો રોટલો તૂટી જ ચૂકયો."

જાત મહેનત.

**સાતમે આસ્માને ચઢવું—જવું–પહોંચવું,** અતિશય વખાણ થયેલાં જાણી ખુબ ફૂલાવું; ખુબ ગર્વ ધરવો; અતિશય મગરૂર થવું; ઊંચે ચઢવું; સૌથી સુખી અને ચઢીઆતું થવું. હિંદુ લોકો માને છે કે આસ્માન સાત છે અને તે દરેક એકએકથી ચઢીઆતું છે અને એમ ચઢતાં ચઢતાં જે ઠેઠ સુધી પહોંચે તે સુખને શિખરે પહોંચે એમ ગણાય છે. યાહુદી લોકો સાત સ્વર્ગ એવી જ રીતે માને છે.

"નિરૂદીનના મિત્રો તો શેઠના જ પરોણા થઈ પડ્યા, અને આવા સરળ સ્વભાવનો લાભ લેવા ચૂકે જ શું કરવા? તેઓ ઘણા જ અયોગ્ય આચરણને માટે વખાણી વખાણીને શેઠને સાતમે આસ્માને પહોંચાડતા."

અરેબિયન નાઇટ્સ.

"તેવામાં એક ફિરસ્તાએ સાતમા આસ્માન પરથી ઉતરી આવી અતિ ગુસ્સામાં લાલચોળ ડોળા કાઢીને મને ધમકાવવા લાગ્યો."

વીરાધીરાની વાર્તા.

**સાતમે ચોકે,** કોઈ ન જાણે–દેખે એમ; ઘરના ઊંડા ભાગમાં–ઘણે દૂર ખુણામાં.

"એ તો સાતમે ચોકે જઇને બેઠા છે એટલે શું જાણે?"

**સાતમે પડદે,** ઘણે જ ખૂણેખોચરે; ગુપ્ત; એકાંતમાં; કોઈ ન દેખે એવી જગોએ.

**સાતમે પાતાળે,** ઘણું જ ગુપ્ત; ખુણેખોચરે; જ્યાં કોઇને હાથ લાગે નહિ કે કોઇના જાણવામાં આવે નહિ એવી સ્થિતિમાં અને એવે સ્થળે; બેદરકારીથી રાખી મૂકેલું એવી સ્થિતિમાં.

"કોરટનો કેસ પડયો કે સાતમે પાતાળે, તેનો નિકાલ કરવાની તક માજીસ્ટ્રેટને મળતી નથી."

"દૈવ જાણે એ ચોપડી કયાંય પડી હશે સાતમે પાતાળે!"

**સાતરા પાડવા,** ચગેલો કનકવો ઉતર્યા પછી તેની દોરીને અથવા બીજી દોરીને પિંડા પર વિંટાળવા સારૂ ગુંચ ન પડે તેવી રીતે ભોંય પર છૂટી છૂટી પાથરવી.

**સાતે અવતાર એવા ને એવા જજો,** એમ શાપ દેવામાં બોલાય છે. ( એમ કહેવાય છે કે જે માણસ આપઘાત કરે છે તેને સાતે અવતાર સુધી એવું ને એવું જ થાય છે–તેના સાતે અવતાર આપદામાં જ જાય છે.)

Gandhi Heritage Portal

"એમ જાણું કે આ અવતારમાં દુઃખથી છુટું તો આપહસારી થાઉં ને બીજા સાત અવતાર એવા ને એવા જાય–એવું ને એવું ખમવું પડે."

સરસ્વતીચંદ્ર.

**સાતે પાડે વસજો,** ઘણો પરિવાર વિસ્તાર વધજો; છોકરાં છૈયાં ઘણાં થજો; વાડી જામજો. આશીર્વાદ દેતાં એ પ્રમાણે બોલાય છે.

**સાથરો કરવો,** સંહાર કરવો; મૃત્યુપ્રાય કરવું. (?)

'એમ દાનવના દળનો સાથરો કર્યો.'

જાળંધરઆખ્યાન.

**સાદીમાંથી લેવું,** એક ચગતા કનકવાની સાદી દોરી હોય તેમાં પેચ નાખવા.

**સાપ છે કે ઘો છે?** (અજાણ્યા દરમાં શું છે તે જાણ્યા વિના હાથ નહિ ઘાલવો એવી મતલબ છે.)

**સાપના ઘોના ભણાવવા,** બહુ બહુ રીતે સમજાવવું; ઘણી ઘણી રીતે શીખામણ આપવી; અનેક પ્રકારે ચેતવણી આપવી.

**સાપનો ભારો,** સાપના ભારાને જાળવવા જેવું મુસ્કેલ; ભયપ્રદ સ્થાન કે પાત્ર; ભરોંસો ન પડે તેવું જે કંઈ તે (રાંડેલી કે કન્યાકાળ વીતેલો એવી તરુણ કુમારી.)

૨. ઘણુંજ ઝેરીલું; અદેખું.

"રામ કહે સાંભળરે અંગદ,
ધર્મ બુદ્ધિ તો હમણાં ધારો,
કહ્યું કરશે નહિ એ અહંકારી,
ભારે સર્પ તણોછે ભારો."

અંગદવિષ્ટિ.

**સાફ કરી દેવું.** ઉડાવી દઈ પાસે કંઈ ન રાખવું.

'તેણે પોતાના બાપની મિલકત સાફ કરી દીધી.'

૨. સપાટ કરી દેવું; નાશ કરવું.

૩. ખાલી–માલમતા વિનાનું કરી નાખવું; પાયમાલ કરી નાખવું.

**સાફી મારવી,** બડાઈ હાંકવી–કરવી; પતરાજખોર થવું.

**સાબુનો સગાળીઓ,** શરીર ગોરૂં થવા સાબુથી નહાનાર, તે ઉપરથી માત્ર સૌંદર્ય દેખાડનાર–બહારથી ઉજળું ઉજળું દેખાડનારને વિષે બોલતાં વપરાય છે.

**સામાં શિંગડાં માંડવાં,** મર્યાદા મૂકીને ધુરકવું; આજ્ઞા ઉલંઘવી; શિરજોરી કરવી; માથામાં ધુમાડો રાખી જોસમાં સામાથવું.

"કીકી જ્યાંસુધી નાની હતી ત્યાં સુધી સાવકી માનો જૂલમ મૂગે મોંઢે સાંખતી, જેમ જેમ તે મોટી થતી ગઈ તેમ તેમ તે સામાં શિંગડાં માંડવા લાગી."

બે બહેનો.

**સામી પાઘડી મૂકવી,** શત્રુની ગરજ સારવી; વિરૂદ્ધ પક્ષના થવું; શત્રુવટ ધરાવવી.

**સામે આંગળી થવી,** (ફલાણું દુષ્ટ કર્મ કરનાર ફલાણો છે એમ આંગળી કરી બતાવવાના અર્થ ઉપરથી લાક્ષણિક અર્થે) ફજેતી થવી. 'ફલાણાની સામે આંગળી થાયછે.'

**સામે બારણે,** નજીક.

**સારાં પગલાંનું,** જેનાં પગલાં પડવાથી–શુભ–કલ્યાણ થાય એવું.

"ધનલક્ષ્મી સારાં પગલાંની એમ સૌ કહેવા લાગ્યું."

બે બહેનો.

**સારૂં કરવું,** રોગ મઠાડવો; મટાડવું.

૨. ભલું કરવું.

**સાલ કાઢવું–ટાળવું,** અડચણ–નડતર દૂર કરવું; દુઃખ દેતી વસ્તુ ટાળવી; કાસળ કાઢવું.

૨. કચરી નાખવું.

"ન પાંડવી પૃથ્વી કરી દેઉં,
શત્રુ સાલ ટાળી રાજ લેઉં."

કવિ ભાઉ.

Gandhi Heritage Portal

**સાલમપાક આપવો,** માર મારવો. ( વાંકામાં. )

**સાલ્લો પહેરવો,** નામર્દ થવું; સ્ત્રીની પંક્તિમાં આવવું.

**સાવરણી ફેરવવી (ઉપર),** ધૂળધાણી કરી નાખવું; ધૂળ મેળવવું; વ્યર્થ જાય એમ કરવું; નુકસાન કરી બગાડી નાખવું; બરબાદ કરવું; દીપી ન નીકળે એમ કરવું.

**સાહેબ મહેરબાન,** પારસી લોકો એક બીજાને મળતાં એ શબ્દ વાપરે છે.

**સિતારો પાંશરો,** જ્યોતિષ્યના નિયમ પ્રમાણે માણસના જન્મની વખતે ક્ષિતિજની ઉપર જે મુખ્ય ગ્રહ–તારા હોય છે તે તેના જન્મ અને નસીબપર અસર કરે છે. જ્યારે તે તારો ચઢતો હોય છે ત્યારે તે માણુસ મજબૂત, તંદુરસ્ત અને ભાગ્યશાળી હોયછે પણ જ્યારે તે વાંકો ક્ષિતિજની નીચે જાય છે ત્યારે પ્રકાશ નાખતો નથી એટલે તે તેની છાયામાં આવી જઈ કમનશીબનો ભોગ થઇ પડે છે તે ઉપરથી,

ચઢતી–આબાદી છે; નશીબ અનુકૂળ છે; દહાડો સિકંદર છે; યોગ સારો છે; નશીબ પાંશરૂં છે.

"ચાલાકી વિના અઘરૂં કામ પાર પડતું નથી, પણ સિતારો પાધરો કે જીત કરી જીવતા આવ્યા."

પ્રતાપનાટક.

**સિકંદર પાંશરો** એમ પણ બોલાય છે.

**સિત્તાશિયો છે કે શું ?,** ( સંવત ૧૬૮૭ માં મોટો દુકાળ પડ્યો હતો તે ઉપરથી.) ધાનની લલુતાવાળાને ખાવાનું મળેથી હરખાઈ જાય એવાને વિષે બોલતાં વપરાય છે.

**સિંદુર ફેરવવું,** ધૂળ મેળવવું; નકામું જાય એમ કરવું.

"આજે ચોખંડ પૃથ્વીમાં તારૂં નામ ગજવ્યું છે. તે નામના ઉપર તારે સિંદુર ફેરવાવવું છે. ?"

નવી પ્રજા.

**સિંહ કે શિયાળ ?,** કોઇને કંઈ નવિન જાણવા જેવી ખબર લાવવા મોકલ્યો હોય અને ત્યાંથી પાછા આવતાં ધારવા પ્રમાણે ફતેહ થઈ છે કે નહિ તે જાણવા માટે સામો માણસ પૂછે કે કેમ સિંહ કે શિયાળ ? ત્યારે પેલો ખબર લાવનાર માણસ જો ફતેહ થઇ હોય તો 'સિંહ' કહે છે અને જો નાસીપાસી થઇ હોય તો 'શિયાળ' કહે છે.

'દાદરમાં પગ મૂકે છે એટલામાંજ લાડકોર બોલી ઉઠી, કેમ સિંહ કે શિયાળ ? ધારેલું કામપાર ઉતારી આવ્યા છો એમ તમારા પગ વર્તીને હું કહી શકું છું."

એ બહેનો.

**સિસોટી આપવી,** ચેતવવું; ભણાવવું; ઈસારો કરવો.

**સી કે કૃષ્ણ,**(શ્રી કે કૃષ્ણ) કાંઈ નહિ-ઉચ્ચારમાં.

"અરે તે પણ કર્યું હોત તો મારા જીવને ટાઢક વળત, પણ તમે તે માંચીમાંના માકણની પેઠે સી કે કૃષ્ણ કોઇ દહાડો મોઢેથી બોલતા સરખું એ નથી."

ભામિનીભૂષણ.

**સીઢીને છેલ્લે પગથીએથી,** શરૂઆતથી.

"છેક અગીઆર વર્ષની લઘુ વયમાંજ વેજવુડ લખે છે કે સીઢીને છેલ્લે પગથીએથી મેં ધંધો કરવા માંડયો."

જાતમહેનત.

**સીતાનાં વીતવાં,** અતિશય સંકટ આવી પડવું; દુઃખ ઉપરાઉપરી આવી નડવાં. ( સીતાને માથે ઘણાં ઘણાં દુઃખ આવી પડ્યાં હતાં ને અસહ્ય વીતકડાં વીત્યાં હતાં તે ઉપરથી. ) ઘણીવાર અને ઘણું દુઃખ પામવું. વિશેષે સ્ત્રીઓમાં આ પ્રયોગ વપરાય છે. પુરૂષ ભાગ્યેજ એમ કહેશે–બલકે નથી જ કહેતો કે મને સીતાનાં વિત્યાં.

Gandhi Heritage Portal

તેમને માટે રામ કહાણી થતો એ પ્રયોગ છે. સીતાનાં વીતાડવાં એટલે ( રાવણે સીતાને વાતાડ્યું હતું તે ઉપરથી. ) અતિશય દુઃખ દેવું.

**સીચાં પાણી ખુટવાં,** જુઓ ખરચી પાણી ખુટવાં.

**સીધું જોખવું,** માર મારવો (વાંકામાં.)

**સીધે સે રે ચઢવું,** રીતસર સીધે રસ્તે-દીઠે માર્ગે ચાલવું-વર્તવું (માણસે)

"જેના મનમાં રક્ષકનો ભય રહે છે તેજ સીધે સેરડે ચઢે છે."

સુંદરી ગુણમંદિર.

૨. વગર અડચણે કામ રીતસર ચાલ્યાં કરવું.

**સીસામાં ઉતારવું,** સ્વાધીન કરવું; જીતવું; તેજ હરી લેવું; વશ કરવું; આડું અવળું ભમાવી પોતના મતનું કરવું.

"આ પ્રમાણે તે દુષ્ટ મંત્રીએ પોતાનું લપ્પનછપ્પનીઉં ભાષણ કરી સુલતાનને ખુબ તરેહથી સીસામાં ઉતાર્યો."

અરેબિયનનાઈટ્સ.

"સ્વપ્નામાં પણ એજ વિચારો,
આમ ફલાણાને સીસે ઉતારો."

(વિજયવાણી

**સુંઠ ફુંકવી,** કંઈ પણ નઠારી બાબતને માટે સામા ધણીને ભરમાવી પોતાના તરફનું કરવું; નઠારી બાબત તરફ ઉશ્કેરવું; કાનમાં વિષ રેડવું; કાન ભંભેરવા.

**સુંઠનો સ્વાદ ચખાડવો,** તોર-તોખા સ્વભાવની પરીક્ષા કરાવવી; શક્તિ બતાવવી. (માર મારીને.)

"તું અકળા ના, ધીરો પડ, આપણે ગંભીરતાથી લડીએ. હું તને થોડી વારમાં સુંઠનો સ્વાદ ચખાડીશ ને તારા ઉકળતા લોહીના જોસ નરમ પાડીશ."

વનરાજ ચાવડો.

**સુંવાળી સુંઠનું,** નાજુક; લાડકું; નાકીવત દેખડાવતું.

"હા જાણ્યો તને હું સુંવાળી સુંઠનો છું તે?"

**સૂઇ જવું,** શાંત પડવું; બંધ પડવું. 'વાત સૂઈ ગઈ.'

૨. અતિશય ખર્ચના ખાડામાં ઉતરવાથી ખરાબેહાલ થવું.

૩. હિંમત હારી જવી; નબળું પડવું.

૪. ચગતા કનકવાનું નીચા નમી છાપરા વગેરે પર પડવું. 'પેલું ગિલંડર સૂઈ ગયું.'

**સુકા પાપડ જેવું,** સુકલકડી શરીરનું; નાજુક બાંધાવાળું; સુકા પાપડની પેઠે જેના શરીરને ભાગી જતાં-નુકસાન પહોંચતાં વાર લાગતી નથી તેવું; છેકજ અશક્ત; પાપડપાધું.

"હજી મારૂં ગળું દુઃખે છે! છે તો સુકા પાપડ જેવો, પણ એનામાં આ બળ શું!"

બ્રહ્મરાક્ષસ.

**સુકાઇને લાકડી થઇ જવું,** શરીરે બહુજ નબળું પડી જવુ; શરીરે છેકજ સૂકાઈ જવું.

**સુખદુઃખના વિભાગી,** ( સુખ દુઃખમાં શાંત અને દિલાસાનું સ્થાન તે ઉપરથી.) મિત્ર અગર સ્રીને વિષે બોલતાં વપરાય છે.

**સુખડી જમાડવી,** માર મારવો. (વાંકામાં.)

"વારી શક્યો ના તીર વીર ધાર,
સારી જમાડી સુખડી અપાર"

દ્રૌપદી હરણ.

**સુગરીનો માળો,** ( સુગરી નામના એક પક્ષીનો માળો ઘણોજ બારીક અને ગુંચાએલો હોય છે તે ઉપરથી.) જ્યારે સ્રીના માથાના વાળ એક એકમાં ગુંચાયલા હોય, માંહે જુઓ પડી હોય અને લટિયાં બરછટ હોય ત્યારે તેને વિષે બોલતાં એમ



Gandhi Heritage Portal

કહેવાય છે કે-તેના વાળ તો સુગરીનો માળો છે.

'ફુવડ સ્ત્રીનો ચોટલો તો સુગરીનો માળો જોઈ લ્યો.'

**સુતરને તાંતણે બંધાયલું**, અજબ તરેહના ગુણથી મોહ પામી તાબેદાર થઈ રહેલું; નિરંતર સ્નેહનું ભૂખ્યું; મોહમાં વશ થઈ ગયેલું શરણે ગયેલું.

"રાધા કહે છે હે કૃષ્ણ! હું તમારે સુતરને તાંતણે બંધાયલી છું."

**સુતું જાગવું**, અચાનક-અણધારી કાંઈ હરકત આવી પડવી.

'ગામ ગયું સુતું જાગે' એ કહેવત છે.

**સુતું મૂકવું**, વ્હેતું મૂકવું; દૂર ખસેડી મૂકવું; રખડાવ્યાં કરવું; ન લેખવવું; પત ન કરવી.

**સુતું વેચવું**, ખબર ન પડે એવી યુક્તિથી વેચી વટાવીને ખાઈ જવું-છેતરી જવું; વ્હેતું મૂકવું; ન લેખવવું.

"થોડા બોલી સાધુ સુખી તે,
સુતો સ્વામીને વેચે;
પૂછ્યો ઉત્તર આપે નહિ ને,
બોલે પેચે પેચે."

નળાખ્યાન.

'તે બાયડી પોતાના ધણીને સુતો વેચે એવી છે.' કાબુમાં ન રહે એવી-પોતાનું ધાર્યું કરનારી એવી સ્ત્રીને માટે આ પ્રયોગ વપરાય છે.

**સુતેલો સિંહ જગાડવો**, સિંહ જેવા કોઈ વિકાળ માણસને છેડખાની કરી ઉશ્કેરવું; કોઈ પરાક્રમી પુરૂષ શાંત હોય તેવે સમે તેને સાવધ કરવો-છંછેડવો.

"સામળિયો તો મૂરખ કે એણે સુતેલો સિંહ જગાડયો; ગોવિંદરાય કંઈ જેવો તેવો માણસ નથી."

ગુ. જૂની વાર્તા.

**સુદામા પુરી**, (એ નામની સુદામા નામની ગરીબ બ્રાહ્મણની નગરી હતી તે ઉપરથી.) જ્યાંથી કંઈ પણ પ્રાપ્ત ન થઈ શકે તેવું ગરીબ ગામ અથવા ગામડું. **સુદામાની ઝુંપડી** એ નાની અને માલમતા વિનાની ગરીબ માણસની ઝુંપડીને માટે વપરાયછે.

**સુદામાના તાંદુલ**, (એક વેળા બાળકોને બે અપવાસ થવાથી સુદામાની સ્ત્રીએ વિનંતિ કરી કે કૃષ્ણ તમારા ગુરૂભાઈ છે માટે તેના દર્શને જાઓ; તે આપણું દુઃખ ટાળશે. સુદામાએ યાચના ન કરવાનું પણ લીધું હતું માટે જવાની ના કહી પણ અંતે સ્ત્રીના કાલાવાલાથી એ કૃષ્ણને ભેટ આપવા ચાર મુઠી તાંદુલ એક ચીંથરે બાંધી લઈ દ્વારકા ગયો-અહીં કૃષ્ણે તેનો ઘણો આદર-સત્કાર કર્યો. સુદામા કૃષ્ણના ઘરનો ઠાઠ જોઈ જંખવાઈ ગયો ને આણેલા તાંદુલ સંતાડવા લાગ્યો. એ વાત કૃષ્ણ સમજી ગયા તેથી તેણે વાત કરતાં તાંદુલની પોટલી તાણી લીધી ને પછી સુદામાની ભક્તિનાં ઘણાં વખાણ કર્યાં. એ દિવસ રાખી કૃષ્ણે ઘણી મમતાથી ભેટી સુદામાને વિદાય કર્યો તે ઉપરથી.) કોઈ પણ નજીવી પણ મમતાથી સ્વીકારવા જેવી ભેટને વિષે બોલતાં વપરાય છે.

**સુપડે આવવું**, સ્ત્રીને ૠતુ આવવો. (આટકાવવાળી સ્ત્રી ઘરકાજમાં માત્ર સુપડે ઝાટકવા જેવું કામ કરી શકે છે તે ઉપરથી.)

**સુપડે ને ટોપલે ઉભરાવું**, છત પુષ્કળ હોવી; જમાવ થવો.

"હાલમાં વકીલોને દાકતરો સુપડે ને ટોપલે ઉભરાવા લાગ્યા છે."

**સુરણના સ્વાદ થવા**, સારૂં સારૂં ખાવાનું મન થવું.

'તને ઠીક રોજ રોજ સુરણના સ્વાદ થાય છે!'

(કહે છે કે અગીઆરસે સકરકંદ કે સુ-

Gandhi Heritage Portal

રણ ખાય તો સ્વર્ગે ચાલ્યો જાય તે ઉ-પરથી. )

૨. મોટા મોટા ફાયદા તકાસવા. (લાક્ષણિક)

**સુરતી સગાઇ,** ઉપર ઉપરની-બેઠા ભાઈની પ્રીત; ઉપર ઉપરથી દેખાડવાની પણ વર્ત્તનમાં નહિ એવી સગાઈ.

**સુરતી ભાઇ** છે એટલે ભાઈ કહેવાય છે પણ તે પ્રમાણે વર્ત્તન નથી.

**સુરતો લાલા,** સુરતી લોકો જેવા ઘણુ સુઘડ, ચીપી ચીપીને બોલનાર, લાલા લહેરી અને મજાકી માણસને વિષે બોલતાં વપરાય છે.

**સૂરજ ચઢતી કળાએ હોવો,** આબાદીમાં હોવું; દિવસ ચઢતો હોવો.

"આપણો દહાડો વાંકો છે, શત્રુનો સૂરજ ચઢતી કળાએ છે, આપણા સર્વ પાસા ઊંધા પડ્યા, માટે હવે લાચાર છીએ."

સધરાજેસંઘ.

**સૂરજ ચઢતો છે,** આબાદી છે; ચઢતી છે; ફતેહમંદી-જયવારો છે.

"રાઠોડનો સૂરજ ચઢતો છે એટલે ફતેહ થવામાં તો વાંધોજ નથી."

ગુ. જુની વાર્તા.

**સૂરજ તપે છે,** ચઢતી છે; દહાડો સિકંદર છે.

"ભાઈ! તેનો સૂરજ તો હાલ તપે છે."

**સૂરજ મધ્યાનના છે,** પૂર્ણ ચઢતી-આબાદી છે; સર્વોત્કૃષ્ટ કળા છે.

**ખરા બપોર** છે એમ પણ બોલાય છે.

**સૂરજ માથે આવવો,** પૂર્ણ આબાદી થવી; ખરેખરી ચઢતી દશાને પ્રાપ્ત થવું.

**સેતાનનું ખોળિયું,** તોફાની-મસ્તીખોર-લુચ્ચું-તર્કટી માણસ.

**સેલડ ઘેલી,** નહિ ગાંડીમાં ને નહિ ડાહીમાં એવી મુગ્ધાવસ્થાવાળી સ્ત્રી.

**સોંઘું મોંઘું થવું,** માન માગવું; ખુશામત માગવી; આગ્રહની અપેક્ષા કરવી.

"રૂકિમણી-(કિંચિત્ ઉતરેલે વેશે) ત્યારે આર્યપુત્ર! એમાં તમારે શું બેસરણ બેસવાનું હતું કે આટલા સોંઘા મોંઘાં થયા! કૃષ્ણદેવ-લે પ્રિયા લે! હવે વેણી તું તારે હાથે વાળી લે."

સત્યભામાખ્યાન.

**સોના સાઠ કરવા,** (સોના માલના સાઠ ઉપજાવવા તે ઉપરથી) ખોટ ખાવી; ગેરલાભ-ફલટું નુકસાન ખમવું.

(પૂરતી આવડ અને સાવચેતી ન હોવાને લીધે.)

**સોમણ રૂની તળાઇએ સુવું,** નિશ્ચિંતે-નિરાંતે સુવું; ચેનબાજી-રંગરાગમાં રહેવું; મોજશોખનો ઉપભોગ કરવો; સુખચેનથી રહેવું.

"દૂર શ્રવણ એ સિદ્ધિ જાણો,
તારી પણ તેવી ત્યાંય,
જ્યાંય લગી એવું રે,
સોમણ રૂની સેજે જુઓ."

કવિ બાપુ.

**સોએ વર્ષ પુરાં થવાં,** આયખું આવી રહેવું; આવી બનવું; હદ આવી રહેવી; અંત આવવો.

(માણસનું આયુષ્ય સો વર્ષનું ગણાય છે તે ઉપરથી.)

"એ ઘા એવો તો જબરો હતો કે તરૂણ રાજપુત્રનાં સોયે વર્ષ પુરાં કરી નાખ્યાં હોત, પણ તેણે ચતુરાઈથી એકદમ ઘોડાપર કુદકો મારી તે ઘા ચુકાવી દીધો."

અરેબિયનનાઈટ્સ.

"સીધે સીધો ચાલજે, નહિ તો એકાદ દહાડો પાધરી દોર કરી નાખીશ ને તારાં સોયે વર્ષ પુરાં કરી દઈશ."

ભામિનીભૂષણ.

Gandhi Heritage Portal

**સો લઇ છ ન આપે એવો,** બહુજ લુચ્ચો; ઠગી જાય એવો; હરી લેનારો; ( સો લેવા છતાં પણ છ આપવાની વાત ન કરે એવો આપ મતલબિયો; ) વધારે લઈ ઓછું આપવાની દાનતવાળો.

**સો વખત ગાળીને પાણી પીવું,** ઘણી જ સંભાળ-કાળજીથી વર્તવું.

**સો સગાનું સગું,** બહોળા સગપણવાળું.

**સોગટી ભરવી,** ફાયદો લેવો; જય મેળવવો.

**સોગટી મારવી,** જય પામવો; ફતેહ મેળવવી; **દાવે સોગટી મારવી** એટલે લાગ જોઇને ચોટ લગાવવી.

**સોગટી વાગવી,** (બાજીમાં વાગે છે તેમ) તાકયું તીર લાગવું; ધારેલો હેતુ યુકિતસર પાર પડવો; ધાર્યા પ્રમાણે થવું.

૨. જય થવો.

**સોગટું ઉડાવી દેવું,** સોગટાના આકારનું માથું ધડથી જૂદું કરવું; માથાનું તાલકું કાપી ઉડાવી દેવું.

**સોટે દોપટ્ટે,** છડું; કાંઈ સામાન સાથે લીધા સિવાય; છડી છાંટ ( સોટો કે દુપટ્ટો ) મુસાફરીમાં ઘણીજ હલકી તૈયારીના સંબંધમાં વપરાય છે.

**સોડ તાણીને સુવું,** લાંબે પંથે સુવું. ( મરી જવાથી. )

"સૂતો તાણી સોડ મસીદ મસાણમાં."

કવિ દલપતરામ.

૨. આળસુ પડી રહેવું. ( નિરાંત ધરીને. )

"શું સૂતો સોડ ધણી તાણી,
તારે માથે મરણનો ભય જાણી."

કવિ પ્રીતમદાસ.

"સોડ તાણી શું સૂઈ રહ્યો છે,
અચેત પામર પ્રાણી,
માથા ઉપર મરણ ભમે છે,
તેની ખબર નવ જાણી."

કવિ પ્રેમાનંદ.

"શું સૂતો સોડ તાણી,
શામળા શું સૂતો સોડ તાણી."

હા૦ માળા.

**સોના મહોર જેવું,** ખાસું મઝેનું. ( રૂપ-ગુણ-વર્તનમાં ).

'તમારે મન ગાંડું ઘેલું પણ મારે મન તો સોના મહોર જેવુ છે.'

**સોનાનાં નળિયાં કરવાં,** પુષ્કળ પૈસાની પ્રાપ્તિ કરવી; ખુબ મઝેનું દ્રવ્યોપાર્જન કરવું.

**સોનાની જાળ પાણીમાં નાખવી,** સોના-જેવો મોંઘો જે દેહ તેને અપકૃત્યથી ભ્રષ્ટ કરવો; દેહ-કીર્તિની ધૂળધાણી કરી નાખવી.

"પણ ભાઈ, મારૂં એ ન માને ત્યારે હું અમથી સોનાની જાળ પાણીમાં શું કરવા નાખવા જાઉં!"

ભામિનીભૂષણ.

**સોનાની તક-પળ,** સોના જેવી કિંમતી તક; મોંઘો અને સારો વખત; ફરીથી હાથ ન લાગે એવો પ્રસંગ.

**સોનેરી કાયદો-**ધારો એટલે ઘણો જ કિમતી અને ધ્યાનમાં રાખવા જોગ.

**સોનાની લંકા લુંટાવી,** સોના જેવી મોંઘી અને ઉત્તમ વસ્તુનું ગુમ થવું-હરણ થવું. ( મરજી ઉપરાંત )

"સોનાની લંકા લુંટાઈ ગઈ,
હો શું કરવું રે,
સુખ સિંધુ થયો ખારો ઝેર,
મારે હવે મરવું રે."

વેનચરિત્ર.

**સોનાનો કોળીઓ,** ઘણો જ મોંઘો અને સારો.

"બાપ ગમે તો સોનાનો કોળીઓ ખવરાવે અને મા ગમે તો ચોંટીઓ લે પણ છોકરાં માડીથી જ રીઝે છે."

બે બહેનો.

**સોનાનો વરસાદ વરસવો,** પુષ્કળ પૈસાની

Gandhi Heritage Portal

આવક થવી; દ્રવ્યનો જમાવ થવો; પુષ્કળ કમાણી થવી.

**સોનાનો સૂરજ ઉગવો,** સોનાના જેવો મોંઘો અને તેજસ્વી–ઘણી આબાદીનો અને સુખનો દિવસ પ્રાપ્ત થવો.

"સખિ આજ સોનાનો,
દિવસ શોભી રહ્યો."

બોધચિંતામણી.

"મહારાજ! તમારાં પગલાં અમારે ત્યાં કયાંથી! તમારા આવવાથી અમે તો સોનાના સૂરજ ઉગ્યા એમ સમજીએ છીએ. મારા ગજા પ્રમાણે હું તમારી સેવા ચાકરી કરીશ."

એ બહેનો.

"મારે તો આજ ધન્ય ઘડી,
સોનાના સૂરજ ઉગ્યાજી;
પુત્ર હરખથી પરણાવું,
પરિપૂર્ણ મનોરથ પૂગ્યાજી."

વેનચરિત્ર.

**સોનેથી દાંત ઘસવા,** પુષ્કળ પૈસાનો ઉપભોગ કરવો; પુષ્કળ પૈસા હોવા; ધનાઢ્ય હોવું.

**સોમ નાહ્યા,** સોમયાગમાં પૂર્ણાહૂતિનું સ્નાન કરવું. સોમ પીવાથી અમર થવાય છે. વૈદિક સૂત્રમાં એ એક વલ્લી છે અને તે ચંદ્રના ઉદયથી ખીલે છે એમ લખ્યું છે.

એ વેલો સ્વર્ગમાંથી ઉતર્યો છે એમ માને છે શુદ્ધ બ્રાહ્મણો જ તે પી શકે છે તે ઉપરથી સોમનાથ નાહ્યા–જાત્રા કરી રહ્યા; છુટયા; નિરાંત થઈ.

"એમ જ હશે, આપણે શું? આપણે તો બ્રહ્મરાક્ષસના પાપમાંથી છુટયા એટલે સોમ નાહ્યા."

બ્રહ્મરાક્ષસ.

**સોમો ઉપાય નથી (નવાણું છે),** મતલબ કે બધા ઉપચાર–ઉપાય ચાલે પણ મોતનો ઉપાય ન ચાલે.

**સોળ વાલ ને એક રતિ,** પૂરૂં પાધરૂં; સૌથી સારૂં; ઉત્તમ; પૂરૂં.

"માતાપિતાને ગમે તે સોળ વાલ ને એક રતિ, વિવાહ સરખા વિકટ સવાલમાં નાદાન બુદ્ધિની દીકરીઓ તે શું સમજે?"

કુંવારી કન્યા.

"મિયાં સાહેબે જે વાત કહી તે બરાબર સોળ વાલ ને એક રતિ છે."

કૌતુકમાળા.

**સોળમી ઘડી જવી,** (દિવસની ઘડી ત્રીસ અને મધ્યાન્હે એટલે પંદર ઘડીએ જવાતું તે ઉપરથી) સમય પૂરો થઈ જવાથી મુશ્કેલીમાં આવી પડવું–ગભરાઈ જવું; આફત આવી પડવી.

"મહારાજ! મારે તો સોળમી ઘડી જાય છે. માટે ઘર ભણી વળવાની વાત બને તો તો જાણે તમે જ જીવતદાન દીધું ગણાય."

તપસાખ્યાન.

**સોળશ ને મક્કરવારે,** કદી જ નહિ. વાયદા કરવામાં વપરાય છે.

**સોળે કળાએ પ્રકાશ,** પૂર્ણ ચઢતી–આબાદી (ચંદ્ર સોળ કળાથી પ્રકાશિત થાય છે તે ઉપરથી.)

**સોળે સંસ્કાર થઈ ચુકયા,** (શાસ્ત્રમાં સોળ સંસ્કાર કહેવાય છે. તે ઉપરથી લાક્ષણિક અર્થ) સારી માઠી અવસ્થા ભોગવી સુખ દુઃખ સહન કર્યાં; બધી તરફના વાયરા વાઈ ચૂકયા; સારા માઠા ફેરફાર–બનાવ બની ચૂકયા; સુખ દુઃખ જે વીતવાનું તે વીતી ચૂકયું.

**સોળે સોગટી કાચી છે,** રમવાની બાજીમાં સોગટીઓ સોળ હોય છે તેમાં રમનાર ચાર હોય છે તે પ્રત્યેકની ચાર ચાર સોગટીઓ પૈકી કોઈની પણ પાકીને ઘરમાં ગઈ નથી. મતલબ કે કાંઈ કામ થયું નથી; હજી તો સઘળું કામ બાકી છે–કંઈ જ કરવા માંડયું નથી.

Gandhi Heritage Portal

**સોળે સોપારા,** કુરાનના અધ્યાયને સીપારા કહે છે. એ સીપારા ત્રીસ છે. તેમાંથી સોળ ભણવામાં આવે છે તે પરથી )

સઘળી બાબતો-( વિદ્યા-ચતુરાઈ-કૌશલ્ય ના સંબંધમાં વપરાય છે.)

"એ તો સોળે સોપારા ભણ્યો છે, કાંઈ બાકી નથી."

**સોળે સોળ આની,** પૂરેપૂરૂં; પૂરૂં પાધરૂં, જોઇએ તેવું-(સોળ આના બરોબર એક રૂપીઓ પુરો થાય છે તે ઉપરથી. ) કંઈ કામ કે કથનના સંબંધમાં જ વપરાય છે. જેમકે 'સોળ આની કામ થયું.'

"સત્ય કહી વાત પ્રિય સોળ આના તમે,
તોય મન ઘોળથી ચોળ થાતો."

પ્રતાપ નાટક.

**સ્વર્ગ બે આંગળ બાકી છે,** મિથ્યા દમામ વાળા ગર્વિષ્ટ માણસને વિષે બોલતાં વપરાય છે.

જુઓ બે આંગળ સ્વર્ગ બાકી.

**સ્વર્ગનું સુખ,** જે સુખ, દુઃખ મિશ્રિત ન છતાં જેને અંતે દુઃખ ન હોય અને મનની ઈચ્છા થતાં વાર તેનો લાભ થાય તેવા સુખને સ્વર્ગ કહે છે.

**સ્વર્ગનો રસ્તો લેવો,** સારી કીર્તિ પાછળ મૂકી મરી જવું.

**સ્વર્ગમાં ધજા રોપવી,** મોટું પરાક્રમ કરી ચોતરફ નામના ફેલાવવી અથવા મોટો યશ મેળવી દેવવર્ગમાં નામ કરવું.

**સ્વસ્તિ વાચન,** આશીર્વાદનાં વચન પરંતુ વાંકામાં શાપ-નિંદાનાં વચનને માટે વપરાય છે.

**સ્વાદ ચખાડવો,** જુઓ **સુંઠનો સ્વાદ ચખાડવો.**

"અરે કમબખ્ત ! તમે શી વાત કીધી તે હું બોલે બોલ સમજ્યો, ને હમણાં હું તેનો સ્વાદ ચખાડું છું."

તારાબાઈ.

**સ્વાહા કરવું,** ગળી જવું; ગટ કરી જવું; ઓહિયાં કરવું; એ:દમ ખાઈ જવું.

૨. ઉચાપત કરવું; હરણ કરી જઈ વગર હકે પચાવી પડવું.

(સ્વાહા-અગ્નિની સ્ત્રી, જે હોય તેનો નાશ કરે છે-અદૃશ્ય કરે છે તે ઉપરથી લાક્ષણિક અર્થે.

# હ

**હક થવું,** મરી જવું.

**હગમર ટપર,** કાના માત્ર વિનાના બોડીઆ અક્ષરને વિષે બોલતાં ઘણી વાર વપરાય છે.

( એક જણે પોતાના ભાઇને કાગળમાં ખબર લખી કે વ્હોરે હિંગ, મરી, ટોપરાં દુકાન માટે આપ્યાં તે બહુ પડ્યાં છે. લખનારે તે બોડીએ અક્ષરે આવી રીતે લખ્યું. 'વર હગ મરટપર દકન મટ અપન બહ પડછ' વાંચનારે પોતાની અક્કલ વાપરી કાનામાત્ર ગમે તે ઠેકાણે લઈ શબ્દોને ગમે તેમ તોડી મડા સુશીબતે ને બે ચાર વાર વાંચી વાંચીને આ પ્રમાણે બંધ બેસાડ્યું. વરહગમર ટપ (.વર હગબોક થવાથી ટપ દઇને મરી ગયો !)-રાંડી કન્યા માટે આપત અક્ત બહુ પડી છે ! દીકરી રાંડી સમજી ને હૈયાં માથાં કુટવા લાગ્યો. આ ઉપરથી )

**હજમ કરવું,** વગર હકે બીજાની માલમતા પોતાના કામમાં લેવી; ઉચાપત કરવું; ખાઈ જવું (લાક્ષણિક)

**હજામનું કરવું,** માથું મુંડવાનો ધંધો કરવો. આ યોગ ભણવા ગણવા વિનાનો રળતાં આવડતું ન હોય-કામ ધંધામાં સઝ પડતી ન હોય ત્યારે તિરસ્કારમાં તેને વિષે

Gandhi Heritage Portal

બોલતાં વપરાય છે. **હજામ પટ્ટી કરવી** પણ બોલાય છે.

**હજામત કરવી,** ઠોક દઈ–ધમકાવી હલકું પાડવું; મદ ઉતારવો.

૨. બિનઆવડતનું હોવું.

**હજાર ગાડાં,** પુષ્કળ. 'હજાર ગાડાં સુખ' એમ બોલાય છે.

**હજાર હાથનો ધણી,** હજાર હાથવાળો અને બળવંતા જે સર્વ શક્તિમાન પરમેશ્વર તે-

"ચિંતા કરવાથી કાંઈ ભાવિ ફરતું નથી. હશે, જે હજાર હાથના ધણીએ ધાર્યું હશે તે થશે, થશે, થશેજ; માટે જીવ, મિથ્યા ચિંતા કરવામાં શું ફળ છે?

ગુ જૂની વાર્તા.

**હઠીલો હનુમાન,** હનુમાનના જેવા હઠીલા માણસને વિષે બોલતાં વપરાય છે.

**હડકવા હાલવો,** (હડકાયું કુતરૂં હોય તે જ્યાં હોય ત્યાં લબોતરાં લયાં કરે છે તેની પેઠે જે માણસ ગભરાટમાં ને ગભરાટમાં જ્યાં હોય ત્યાં ડાચું ભર્યાં કરતો હોય તેને વિષે બોલતાં વપરાય છે કે 'તેને તો હડકવા હાલ્યો છે, જરાએ ઝંપતો છે નહિ તે ઉપરથી!) બ્હાવરૂં બનવું; ઘેલછાવાળું થવું; ચીડીઉં અને ઉતાવળા સ્વભાવનું થવું

**હડાળાની કુતરી,** (હડાળાની કુતરીના સંબંધમાં ચાલતી વાત ઉપરથી.) ઇર્ષા ધરાવનાર–ખારીલા માણસને વિષે બોલતાં વપરાય છે.

**હડિયાપાટી કરવી,** દોડાદોડ કરી ધીંગામસ્તી કરવી.

"અલ્યા ઠગારાઓ, તમે તમારો રસ્તો પકડો, દેવ ડેરાં મૂકીને હનુમાન સાથે હડિયાપાટી ન કરો–જે તોફાન કરશો તો હમણાં તમારી વલે કરવાનાં આવશે."

તારાબાઈ.

**હતું નહોતું થઈ જવું,** મરી જવું; ગુજરી જવું; જન્મીને પાછું મરી જવું.

૨, દૃષ્ટિ બહાર જવું; નજર ન પહોંચે એટલે દૂર જવું; દેખાતું બંધ થવું; અદૃષ્ય થવું.

૩. પાયમાલ–ખરાબખસ્ત–નષ્ટ થવું.

૪. ઘણી મુદ્દતે થોડા દિવસ રહી પાછું વિદાય થવું.

"જે કટાર તેણે તેઓને મૂકવા આપી હતી તે તેના કાળજામાં ભોકી દઇને ઘડીકમાં તેને હતો નહોતો કરી નાખ્યો.'

"માને છે મારૂં કે દેઉં આજ્ઞાય, હતો નહોતો તું હવણાં થાય

રોળાશે કારમા તારી કાય, માન મારૂં નહિ તો પસ્તાય."

માંધાતાખ્યાન.

"કેટલોક વખત વીતી ગયે ગોપુર આવ્યો અને ત્યાં તે હતો નહોતો થઈ ગયો."

મણિ અને મોહન.

**હથિયાર મોટું છે,** પક્ષ મોટી છે; હાથો જબરો છે; આધાર સબળ છે. જ્યાં જાય ત્યાં પાછો ન પડે એવા સબળ આધારવાળા માણસને વિષે બોલતાં વપરાય છે કે ભાઈ, એનું હથિયાર મોટું જબરૂં છે, એને શી ફિકર છે?

**હથેળીમાં નચાવવું,** પૂર્ણ આધીન કરવું; પૂરતી રીતે પોતાની સત્તામાં લઈ કબ્જામાં રાખવું. (હદ ઉપરાંત) મરજી માફક વર્ત્તાવવું. (જાદુગર જેમ પૂતળીને નચાવે છે તેમ)

૨, લાડ કરી ખુશ રાખવું.

"તેનાં માબાપે રાધાગવરીને હથેળીપર નચાવીને અનેક લાડમાં નાનાથી મોટી કરી હતી."

સદ્દગુણી વહુ.

**હથેળીમાં રાખવું,** અતિશય માયા મમતા બતાવવ; લાડ કરી ખુશ રાખવું; વીલું ન રાખતાં–પાસે રાખી હુલાવવું ફુલાવવું.

"તે બાયડીને તેનો ધણી હથેળીમાં ને હથેળીમાં રાખે છે."

Gandhi Heritage Portal

**હથેળીમાં સ્વર્ગ બતાવવું,** વેગળેથી–ઉપર ઉપરથી સ્વર્ગ જેવું સુખ દેખાડવું. (અંતઃકરણથી નહિ) દૂરથી લાલચ બતાવવી; જે વસ્તુ મળવાની ન હોય તેને માટે મિથ્યા ફાંફાં મરાવવાં; રમાડવું; સારૂં સારૂં દેખાડવું ખરૂં પણ આપવું નહિ (લુચ્ચાઇમાં;) ઠગવું; છેતરવું.

'સ્રીની જાત બહુ લુચ્ચી હોય છે તેમાં જે રૂપવાન સ્રી હોય તે તો હમેશાં ઠગારી હોય છે. તે તેના પતિને ઠગી હથેળીમાં સ્વર્ગ બતાવે છે પણ હું તો તારા જેવીથી ઠગાઉં નહિ.'

અરેબિયન નાઇટ્સ.

**હથેળીમાં હીરા બતાવવા,** વેગળેથી મોટી મોટી આશાઓ આપવી કે જે કદી ફળીભૂત થાયજ નહિ; લાલચ બતાવી ખસી જવું; સારૂં સારૂં દેખાડવું ખરૂં પણ આપવું નહિ; દૂરથી લાભ મળવાની આશા આપવી; ઠગવું; ધુતવું.

**હથોડી ને ચીપિયા લઇને મંડવું,** આતુરતાથી અને જેમ બને તેમ યુકિતથી જોસભેર ખંત રાખી કોઈ કામ પાછળ પડવું.

**હનમાન હડિયો કાઢે છે,** ઘરમાં જ્યારે ખાવાપીવાનું કે માલમિલ્કત કાંઇજ ન હોય અને ખાલીખમ હોય ત્યારે કહેશે કે એના ઘરમાં તો હનુમાન હડીઓ કાઢે એવું સાફ–ચોખ્ખું–મોકળી જગોવાળું છે.

" ચૂલાપર આધણ મૂકયા પછી ઘરની કોઠીઓ ને હાંલ્લાંમાં હનમાન હડિયો કાઢતા હોય માટે મિયાં ભાઇને ખીચડી તથા તેમાં નાખવાનો સામાન લાવવા સારૂ બીબી અરજ કરે છે."

દેશી કારીગરીને ઉત્તેજન.

**હબશી મૂઠ,** છોડાવી છુટે નહિ એવી મજબુત મૂઠ તે ઉપરથી મમતી કે હઠીલા માણસને વિષે બોલતાં વપરાય છે.

**હમણાં કયાં પડયા છો,** હાલ કયાં નોકરી છે? ર, કોને ત્યાં મુકામ રાખ્યો છે?

**હમણાં જાણે બોલી ઉઠશે.** જે ચિત્ર કે પૂતળું–ખાવલું આબેહૂબ પડયું–બનેલું હોય અને જાણે જીવ મૂકવોજ બાકી છે એમ લાગતું હોય ત્યારે અચંબાની સાથે એમ બોલાય છે કે 'હમણાં જાણે બોલી ઉઠશે!

" ભરત ભરવામાં કુશળતા એવી કે પક્ષીનું ચિત્ર ભર્યું હોય તે હમણાં જાણે બોલી ઉઠશે એમ આપણને ભાસે."

**હરહર મહાદેવ,** હિંદુ લોકોમાં અને તેમાં વિશેષે કરીને બ્રાહ્મણો કોઈ સાહસમાં જોસભેર તૂટી પડતી વખતે એવા શબ્દો બોલે છે. મુસલમાનો તેને બદલે 'અલ્લાહ અકબર બોલે છે.

' હિંદુઓના સૈન્યમાંથી હરહર મહાદેવના પોકાર સંભળાવા લાગ્યા.'

ગુ. જુની વાર્તા.

**હરામ હાડકાં,** આળસુ—કામ કરવે ચંચવાઇ નહિ એવા તથા કામ કરવામાં કંટાળો આણે એવા માણસને વિષે બોલતાં વપરાય છે.

"એનાં તો હરામ હાડકાં છે, નીચાં વળીને કામ કરે જ શેનો ?'

'**ભાગ્યાં હાડકાં**' પણ બોલાય છે'

**હરાયા ઢોર જેવું,** તોફાન–મસ્તીમાં આવીને ગાંડું થઇ ગયું હોય તેવા માણસને વિષે બોલતાં વપરાય છે.

" નાત જાતમાં નામ જ કાઢયું, કુબુદ્ધિ જાત કઠોર; ધનને કાજે ધૂતતો ફરે છે, જેમ હરાયું ઢોર."

દયારામ.

**હરિનો લાલ,** પરમેશ્વરનો ભકત્ત; પરમેશ્વરે મૂકેલી અનુકૂળ પ્રેરણાવાળો માણસ.

' શું તેના ઉપરજ મુરત મંડાયું છે? કોઈ હરિનો લાલ ત્યાર સોરો શું નહિ મળી આવે? અરે! જુઓ તો ખરા."

Gandhi Heritage Portal

**હલકું કરવું,** ભાર ઓછો કરવો તે ઉપરથી) માર મારીને અશક્ત કરવું.

૨. નિંદા-ચર્ચા કરી અથવા ઠપકો દઈ કે ધમકાવી ઉતારી પાડવું; શરમિંદુ કરવું; ગર્વ ઉતારવો; માન ભંગ કરવું.

"કલાઈવ સાહેબે ચિન્સૂરાપર ચઢાઈ કરી અને વલંદાને હલકા કરી તોબા પોકરાવી."

ભરતખંડનો ઇતિહાસ.

"ઉપાય નહિ, આવતી કાલે સવારમાં જ મારે સુલતાનની સાથે શિકાર કરવા જવાનું છે. નહિતર તારી ભૂલ આવતી કાલે જ ભાગી તને હલકો ફોક કરી નાખ્યો હોત."

અરેબિયનનાઈટ્સ.

**હલકું પેટ,** વાત ન સમાય એવું પેટ. (ઓછું પાત્ર.)

૨. ગમ ન ખાય એવું પેટ.

૩. ઉદાર વૃત્તિ ન હોય તેવું પેટ.

"ચાલ હવે ચાલતો હોય તો, અમે શું એવા હલકા પેટના છિયે?"

તપત્યાખ્યાન.

**હલકું ફુલ,** ફુલ જેવું હલકું.

'પેટમાં ભાર થયો હોય તો કરીઆતુ અને સોનામુખી સમતોલ લઈ ઉકાળી ગોળની સાથે બચ્ચાંને પાવાથી પેટ હલકું ફુલ થઈ જાય છે."

સુંદરી ગુણમંદિર.

**હલકું લોહી,** નીચ વૃત્તિ-જાતિ-દરજ્જો.

'હલકું લોહી હવાલદારનું' એ કહેવત છે.

"ભાઈ, બૈરાંનું લોહી હલકું તે શું કરે? બૈરાંને માથે તે કંઈ જશ છે? બળ્યો આ બૈરાંનો તે કંઇ અવતાર છે!"

ભામિનીભૂષણ.

**હલેસાંએ તરવું,** 'પોતપોતાનાં હલેસાંએ તરવાનું છે' એટલે પોતાની પાસે સાધન હશે અને આત્મબળ હશે તો તે વડે કામ કરી ફતેહ મેળવવાની છે.

**હવામાં ઉડી જવું,** અદૃશ્ય થવું; ગુમ થવું; વ્યર્થ જવુ; પાર ન પડવું; નકામુ જવું.

'તેણે જે બોલ કહ્યા તે સઘળા હવામાં ઉડી ગયા.'

**હવામાં બાચકા ભરવા,** મિથ્યા પ્રયાસ-પ્રયત્ન કરવો; ફાંફાં મારવાં.

**હવામાં મારવું,** હવામાં મારવાથી પોતાની શક્તિનો નિરર્થક વ્યય થાય છે તે ઉપરથી, મિથ્યા પ્રયાસ કરવો; ફોગટ યત્ન કરવો; અફળ જાય એવી મહેનત કરવી.

**હવામાં હિંચકા ખાવા,** અધર લટક્યાં કરવું; ટીચાયાં કરવું (કાંઈ કામ ધંધા સિવાય); અંતરિયાળ રહેવું; કામધંધા વિનાના રહેવું; ઝોલાં ખાવાં.

**હવાઇ કિલ્લા બાંધવા,** શેખચલ્લીના વિચાર કરવા; કદીજ પાર પડે નહિ એવા તર્ક કરવા; પાયા વિનાની કે ભવિષ્યની મોટાઈના સ્વપ્નમાં રમવું.

જ્યારે કોઈ માણસ ઉડેલ તબિયતનો હોય અને ઘણા મોજશોખમાં લીન થઈ ગયો હોય અથવા સ્વપ્ન તુલ્ય કલ્પનામાં ઘણો આગળ વધ્યો હોય કે અયુક્તિક વિચારમાં હદ ઉપરાંત દોડ્યો હોય ત્યારે તેના સંબંધમાં આ પ્રયોગ વપરાય છે.

'મહમુદ પોતાની ધારેલી ધારણામાં પાર પડતો ગયો તેમ તેમ તેના મનમાં મોટા ક્ષોભ ભરેલા બુટ્ટાઓ ઉડવા લાગ્યા ઘણી વાર તે હવાઈ કિલ્લા બાંધવા તોડવામાં દિવસના દિવસ ગાળતો હતો.'

સોરઠી સોમનાથ.

**હવાઈ છૂટવી,** જેમ આતશબાજીની હવાઈ છૂટે છે તેમ અમુક ગપ જોસબંધ ફુટી નીકળવી.

**હસતાં હાડ ભાગવાં,** મોઢેથી મીઠું મીઠું બોલી-સારૂં લગાડી અંતઃકરણમાં નુકસાન કરવાની વૃત્તિ રાખવી; ખબર ન પડે તેવી રીતે નુકસાન કરવું.



Gandhi Heritage Portal

**હસતા લાડુ,** થોડા ઘીવાળા અને હાથ અડકતાં ફરરર ભુકા થઇ જાય એવા લાડુને વિષે બોલતાં વપરાય છે એથી ઉલટું ઘણા ઘીવી લચપચતા લાડુને રડતા લાડુ કહેછે.

**હસતું પક્ષી,** આસ્ટ્રેલિયાનું કાંગારૂ પક્ષી દિવસમાં ત્રણ વખત હસે છે, તેથી તેનું નામ હસતુ પક્ષી પાડયું છે તે આધારે વારે ઘડીએ સહેજ સહેજમાં હસ્યા કરે એવા માણસને વિષે બોલતાં વપરાય છે; હસમુખું એવું જે કોઇ તે.

**હસતો ભીલ,** રસ્તે જતાં ભીલ મળ્યો હોય તે પ્રથમ સારી સારી વાતો કરી મેળવી લઇ અને આપણી પાસે શું શું છે તે બધું જાણી લઇ પાછળથી મારીને લૂટી લે છે તે ઉપરથી, હસતાં હાડકાં ભાગે એવો; મોઢેથી મીઠું મીઠું બોલે ને મનમાં પેચ–દગો રાખે એવા માણસને વિષે બોલતાં વપરાય છે.

**હસતો માર,** હસતાં હસતાં મારવું–નુકસાન કરવું તે બહારથી દેખાતો નહિ પણ અંદરખાને લાગણી થતો માર; મોઢેથી સારૂં સારૂં બોલી લાગ આવે હાડકાં ભાગી નાંખવાં તે.

**હસવામાંથી ખસવું થવું,** મજાક કરતાં માઠું પરિણામ નીપજવું. ( દૈવયોગે. )

**હસો કાઢવું,** કોઇ બાબત ધ્યાનમાં લેવા જેવી નથી એમ ધારી લક્ષપર ન લેવી; હસીને ચાલતી વાત કે ધારણા ઉડાવી દેવી.

**હાંજા ગગડી જવા,** આશા કે હિંમત જતી રહેવી; શક્તિ–સામર્થ્ય નરમ પડી જવું.

**હાંજા મેલવા,** હિંમત મૂકવી.

"એ સવાલ સાંભળીજ ગોરદેવના હાંજા ગગડી ગયા, પોતે ચમકયા ને ગભરાવા લાગ્યા."

ઔરંગઝેબ અને રાજપૂતો.

**હાંલ્લાં કુસ્તી કરે છે,** હાંલ્લાંમાં જ્યારે ખાવાનું અનાજ વગેરે ન હોય ત્યારે ગરીબાઈ દર્શાવતાં એમ બોલાય છે કે,–

'એના ઘરમાં તો હાંલ્લાં કુસ્તી કરે છે' મતલબ કે હાંલ્લાં ખાલીખમ છે.

'ઘરમાં તો હાંલ્લાં કુસ્તા કરે છે ને બહાર જોઇએ તો જાણે લાલજી મનિયાર. બાકી નિર્ધનને ઘેર હાંલ્લાં કુસ્તી કરતાં હોય ત્યાં કન્યા આપી ભૂખની બારશમાં વધારો કરવામાં સાર શો ?"

મણિ અને મોહન.

**હાંલ્લાં ખંખેરી કઢાવીશ,** ભાડાનું ઘર ખાલી કરાવીશ.

**હાંલ્લાં ફોડવાં,** કજીઆ વહોરી લેવો–વેચાતો લેવો; અણબનાવ કરવો; ચકમક–લડાઈનું મૂળ રોપવું.

૨. ભાડાનું ઘર વખતોવખત ખાલી કરી બીજું ભાડાનું ઘર રાખવું. એક જગાએ કાયમ ન રહેતાં વારે ઘડિયે ઉઠામણી કરવી.

૩. જે માણસ જૂદા જૂદા કામમાં માથું માર્યા કરતો હોય અને એકે જગોએ પગ ઠેરવીને કામ ન કરતો હોય ત્યારે તેના સંબંધમાં એમ બોલાય છે કે એણે તો ઠેરઠેર હાંલ્લાં ફોડ્યાં છે.

**હાંલ્લુ ફોડી નાખવું,** માથું ઉડાવી દેવું. ( તિરસ્કારમાં વપરાય છે. )

૨. ખરાબ કરવું; નુકસાન કરવું; પાયમાલ કરવું; ચાલતું ગુજરાન અટકાવવું; ઉપજીવિકા ટાળવી; જે આધારે જીવન ચાલતું હોય તેને નુકસાન પહોંચાડવું.

"પણ આ કલાવતીનું હાંલ્લું તો આજ ફોડવું જ અને એને ગધેડે બેસાડવાં હાં."

સરસ્વતીચંદ્ર.

૩. મર્મ–ભેદ બહાર પાડવો; જે ભરમ જળવાઈ રહ્યો હોય તે ઉઘાડો કરવો–જાહેર કરવો.

**હાજરી લેવી,** સપડાવવું; ખબર લેવી; માર

Gandhi Heritage Portal

મારવાની કે નુકસાન કરવાની તજવીજમાં રહેવું.

**હાજી હાજી કરવું,** જે વાત પોતાને રૂચતી ન હોય તેવી વાત કદાચ કોઈ કરે તો પણ તે વાતમાં ખુશામતની ખાતર સામું ન થતાં વારૂ, હાજી, એમ કહીને જાણે તે વાતમાં આપણને કશી હરકત ન હોય ને તેથી ઉલટી ખુશી થઈ હોય એવું દેખાડવું, એટલુંજ નહિ પણ તે વાત જાણે પોતાને રૂચતીજ હોય તેવું ડોળ કરવું. ( દુનિયાંદારીની રીત. )

**હાડ જવું,** ખરૂં રૂપ પ્રકાશવું; હાથથી જવું; વંઠી જવું; બ્હેકી જવું; ચળી જવું.

'હાં હાંજી જાઓછો હાડ, રાડ થશે ક્યાંસું.–હો નળ.'

નળાખ્યાન.

"જાયે નહિ હાડ મારો,
હરિ જાયે નહિ હાડ;
આવી ઉભો રહ્યો છે કમાડ.
મારો હરિ જાયે નહિ હાડ."

હારમાળા.

**હાડ ભાગવાં,** શરીરે અશક્ત કરવું, 'તાવ હાથીનાં હાડ ભાગે છે.'

'તે બિચારાનાં વૃદ્ધાવસ્થામાં હાડ ભાગ્યાં.'

"દામ ન લાગે, હાડ ન ભાગે, જાવું પડે નહિ વન; ખાતાં પીતાં ખુબી કરતાં, તપવું ન પડે તન–નામ સાર."

દયારામ.

૨. તન દઇને મહેનત કરવી. ( આ અર્થમાં હાડ ભાગીને કામ કરવું બોલાયછે.)

'તેઓ હાડ ભાગી પ્રમાણિકપણે કામ ન કરતાં વખત ચોરે છે.'

દે. કા. ઉત્તેજન.

**હાડકાં ખોખ ાં કરવાં,** માર મારી હલકું કરવું; અધમુઉં કરવું; નરમ ઘેંશ કરી નાખવું; ટીચવું; કચરવું.

**હાડકાં પાંસળાં ગણાવાં,** શરીર દુર્બળ હોવું; હાડકાં પાંસળાં બહાર દેખાતાં હોય તેવું નબળું હોવું; લોહીમાંસ વિનાનું હોવું

'આવ્યો તે વારે તેનાં હાડકાં પાંસળાં ગણાતાં હતાં! હાલ તે મોટા પેટવાળો ચરબીથી ભરાઈ જાડો પાડો બન્યો હતો.'

સધરાજેસંઘ.

**હાડકાં ભાગવાં,** માર મારી અશક્ત કરવું.

'હરરોજ તેને ને તેની મુએલી માને મનમાં આવે એવી ગાળો ભાડે ને છાશને વારે તેનાં હાડકાં ભાગે.'

સાસુવહુની લડાઈ.

"દક્ષિણમાં મરાઠાઓ મોગલોનાં હાડકાં ભાગે છે.

ઔરંગઝેબ અને રાજપૂતો.

૨. તન દઇને મહેનત કરવી; ઢેકા નમાવવો. ( જ્યારે કોઈ માણસ કામ કરવે કંટાળો ખાતો હોય અથવા કરવાની ના પાડતો હોય ત્યારે તેને વિષે બોલતાં એમ વપરાય છે કે શું, હાડકાં ભાગી ગયાં છે તારાં ? )

**હાડકાં ભારે થવાં,** હાડકાં હલકાં ખોખરાં કરવાની જરૂર પડવી ( માર મારીને ); માર ખાવાની નિશાની થવી.

**હાડકાં રંગવાં,** લોહી નીગળતા સુધી માર મારવો.

૨. અતિશય નુકસાન કરવું.

**હાડકાં રઝળાવવાં,** મુઆ પછી હાડકાંની યોગ્ય ક્રિયા ન થાય તેવી તજવીજ કરવી. (હિંદુ શાસ્ત્રની રૂઇએ મડદાને બાળી તેનાં બળી રહેલાં હાડકાં જેને ફુલાં કહે છે તેને કોઈ નદીમાં અથવા પવિત્ર સ્થળે નાખી આવવાનો રિવાજ છે તે પ્રમાણે વ્યવસ્થા ન કરતાં રઝળવા દેવાં એ તેનો–બોલનારનો વૈરભાવ દર્શાવે છે. બોલનારની મતલબ એવી હોય છે કે 'તારા મરી ગયા પછી તારાં હાડકાંની વ્યવસ્થા કરનાર પાછળ કોઈ નહિ રહે અથવા એવી કોઈ તજવીજ કરીશ કે તારાં હાડકાંની તારા સંબંધીઓને ખબરજ નહિ પડે!'

Gandhi Heritage Portal

**હાડકાં વળવાં**, શરીરનો બાંધો સારો થવો; કસરતથી બાંધો ઘાટમાં આવવો–અંગ વળવું.

**હાડકાં શેકવાં**, સંતાપવું; દુઃખ દેવું; કાયર કરવું; બળતરા–ચિંતા કરાવવી.

"ભાણાં અંતર કરવાની શાસ્ત્રમાં મના છે તે છતાં સાવકા ઉપર જુદાઈ રાખી તેમનાં હાડકાં શેકવાં એ ખરેખર દુષ્ટ અને ક્રુરનું કામ છે.

એ બહેનો.

**હાડકાં શેનાં છે**, હરામ હાડકાંવાળા માણસને વિષે એમ બોલાય છે કે તારાં તે શેનાં હાડકાં છે?

૨. નક્કર–મજબુત શરીરવાળા–સંગીન હાડકાંવાળા માણસને વિષે અચંબામાં બોલતાં વપરાય છે.

**હાડકાં હલાવવાં**, હાડકાં કસી કામ કરવું; તન દઈ મહેનત કરવી.

**હાડકાંનો આળો**, તન દેઇને મહેનત નહિ કરવાવાળો.

૨. સખત મજુરી જેણે કરી નથી તે.

**હાડકાંનો ખરો**, જેનામાં આળસ નહિ કે મહેનત કરવે કંટાળે નહિ, એવો જે પુરુષ તે.

**હાડકાંનો ભાગ્યો**, આળસુ; કામ કરવે ચંચળાઈ નહિ એવો; જેનાથી મહેનત ન થાય અથવા જે મહેનતથી કંટાળે તેવો; તન દેઇને મહેનત ન કરે એવો; હરામ હાડકાંનો.

**હાડકાંનો માળો**, હાડપિંજર; લોહી માંસ વિનાનું માત્ર શરીરનું ખોખું; છેક સુકલકડી શરીર; લોહીમાંસ પૂરતું નહિ અને હાડકાં બહાર દેખાતાં હોય તેવું શરીર.

**હાડકું નમાવવું**, મહેનત કરવાને કેડ નીચી નમાવવી અથવા નીચા નમી મહેનત કરવી.

**હાડિયા જેવી ડોક**, અડવી–ઘરેણાં ઘાલ્યા સિવાયની ઉઘાડી ડોક.

**હાથ આપવો**, મદદ કરવી; સહાય કરવી.

"સાચો શીલ સનાથ,
અવસાને આવે જે હાથ હો ભાવે."

શીલવતીનોરાસ.

૨. (કુસ્તીમાં.)

૩. (ગંજીફાની રમતમાં.)

**હાથ ઉઠાવવો**, હક મૂકી દેવો; સત્તા છોડી દેવી.

૨. મારવાની તજવીજ કરવી (હાથ ઉગામી.)

**હાથ ઉપાડવો**, માર મારવાની તજવીજ કરવી (હાથથી અથવા હાથમાં કોઈ મારવાની વસ્તુ લેઇને.)

"અબળા ઉપર હાથ ઉપાડવાના મરદાઈ ભરેલા કામને ધિક્કારતો હતો."

સાસુવહુની લડાઈ.

**હાથ કલમ કરીશ**, કાંડા કાપી લઈશ.

**હાથ કાપી આપવા**, સહી–કબૂલત આપેથી વચમાં બંધાયલા રહેવું; હસ્તાક્ષર આપવા.

**હાથ કાળા કરવા**, કોઈ કલંકિત કામમાં સામેલ થઈ કલંક વહોરવું.

"ધણિ ધણિયાણી વચ્ચે ચાલતી લડાઈમાં વચ્ચે પડનાર માણસના હાથ કાળા જાણવા."

**હાથ ખંખેરવા**, કોઈ જોખમ ભરેલા કામમાંથી હાથ ઉઠાવી લેવો.

૨. કામમાંથી ફરાગત થઈ જવું.

૩. આશા છોડવી–મૂકવી.

૪. ઉડાવી દેવું; પાર મૂકવું.

**હાથ ખેંચી પકડવો**, ખંચાવું; આંચકો ખાવો.

૨. (ખર્ચ કરવાના સંબંધમાં) કરકસર કરવી.

"આ ઉપરથી મેં તેમની મિત્રાચારી છોડી દીધી અને એટલો હાથ ખેંચી પકડ્યો કે બસ ઉપજના પ્રમાણમાંજ ખર્ચ કરવો જારી રાખ્યો.'

અરેબિયનનાઈટ્સ.

Gandhi Heritage Portal

**હાથ ઘસવા,** પસ્તાવો કરવો; પશ્ચાતાપ દર્શાવવો.

૨. હારી થાકવું.

'કાંઈ વળતું નથી ત્યારે છેવટે હાથ ઘસવા પડે છે.'

"કળજુગ દ્વાપર મળિને આવ્યા
પુષ્કર કેરી પાસ રે; હસ્ત ઘસે ને મસ્તક ધૂણે, મુખે મુકે નિશ્વાસરે-કળજુગ.

નળાખ્યાન.

'આવ્યા તો ઘસીને પણ પાછા વળ્યા હાથ ઘસીને.!"

દ્રૌપદીદર્શન.

'ત્યારે માળીએ ઘસીઆ હાથ
મેં શીદ કરી સ્ત્રીની વાત.'

નંદબત્રીસી.

"ઘસ્યા રવિએ બંને હાથ,
કહ્યું ધિક્ક ધિક્ક પૃથ્વીનાથ;
કહ્યું અનુચિત કર્મ તેં કીધું,
પાણી પુત્રેષ્ટિયાગનું પીધું."

માંધાતાખ્યાન.

**હાથ ચલાવવો,** મારવાની તજવીજ કરવી.

૨. ઝડપથી કામ કરવું.

**હાથ ચાટવા,** ભૂખાળવા-ક્ષુધાતુર થવું; લાલસા થવી.

**હાથ ચોખ્ખો હોવો,** 'આ કામમાં તેનો હાથ ચોખ્ખો છે' એટલે તેની દાનત શુદ્ધ છે. નિરપરાધી હોવું; પ્રમાણિક અને વિશ્વાસુ હોવું

**હાથ ચોખ્ખા નથી,** એમ ૠતુવાળી સ્ત્રીને કાંઇ લેવા આપવાનું કહેવામાં આવે છે ત્યારે તેના તરફથી બોલાય છે.

**હાથ ચોળવા,** પસ્તાવો પામવો-કરવો.

**હાથ છૂટો હોવો,** ઉદાર-સખી-ખરચાળ હોવું.

૨. માર મારવાની ટેવ હોવી.

'એના હાથ બહુ છૂટા છે એટલે હાથથી માર માર કરે છે અથવા માર માર કરે એવો છે.'

**હાથ જવા,** ટેકો જવો; આધાર જવો.

૨. હિંમત હારી જવી.

"એક કામ શરૂ કર્યા અગાઉ તેના પરિણામનો વિચાર કર," એ વાંચી હકીમ ગભરાયો, તેના હાથ જવા લાગ્યા અને તેનું મોઢું ફીકું પડયું."

માસિક સાર સંગ્રહ.

૩. હાથે કામ કરવાની શક્તિ જવી.

**હાથ જોડવા,** બસ કર-બહુ થયું, હવે બંધ કર, હાર્યા થાક્યા એ અર્થમાં વપરાય છે.

'અરે રામ રામ! વિષ્ણવે નમઃ તારા સ્વભાવને તો હવે હાથ જોડયા.'

બ્રહ્મરાક્ષસ.

૨. માફી માગવી; કાલાવાલા કરવા.

**હાથ જોવો,** સામર્થ્ય જોવું; શક્તિ-શારીરિક બળની પરીક્ષા કરવી. એમ શિક્ષા કે માર મારવાના સંબંધમાં બોલાય છે.

"અર્જુન કુંવર તું સાંભળ વાત,
આણીવારના જોજે હાથ;
કુંવર તેં મૂકયાં બાણ,
હમણાં તારો લેઉં પ્રાણ.

કવિ ભાઉ.

"તું શૂરો હોય તો ફરીને લડ, મારે તારો હાથ જોવો છે. મારા હાથનો તીખો સ્વાદ ચાખ, એટલે હોંશિયારી આવશે-"

વનરાજ ચાવડો.

હાથ દીઠા નથી તેંય શું માહારા,
ચોરટા દેહનો સ્વાદ ચાખે,
સત્ય કહે રે અલ્યા કેમ બેઠો અહીં,
કો તણાં ઝુંપડાં રીઝી રાખે."

અંગદવિષ્ટિ.

**હાથ ઝાલવો-પકડવો,** મદદ કરવી; આશરો આપવો.

* * * * મુજપર રીઝો રાધાનાથ, સમૂળ અવિદ્યારે તો ટળે, હરિજી ઝાલો મુજ હાથ-

દયારામ.

Gandhi Heritage Portal

૨. પરણવું.

૩. અટકાવવું. ( કંઈ અજુકતું કામ કરતાં )

૪. ગ્રહણ કરવું.

**હાથ ટાઢા કરવા,** સુખનો લ્હાવો લેવો.

"પોતાની હયાતીમાં લગ્ન કરી હાથ ટાઢા નહિ કરો તો ઓરિયો કયારે વીતશે?"

એ બેહેનો.

**હાથ ઠરવો,** સારો અનુભવ થવો; મહાવરો થવો; ટેવાવું.

**હાથ ઠોકવો,** હાથ ઠોકીને સાટું નક્કી કરવું;

**હાથ થવા,** હાથ ઉગામી મારવાની તજવીજ થવી.

'તે તો ખરૂં, પણ છોકરૂં મોટું થયું એટલે એનાપર કાંઈ આપણાથી હાથ થવાનો છે. ?'

**હાથ દાબવો,** લાંચ આપવી.

૨. સંકેત કરવો ( હાથદાબીને )

**હાથ દેખાડવો,** એવી રીતે શિક્ષા કરવી કે એ ભૂલી જાય.

૨. ( જોશીને )

**હાથ દેવો,** મદદ કરવી. **હાથ આપવો** પણ કહેવાય છે.

"વળી દીધા છે હરિયે હાથરે,
અવસર આવ્યો છે."

બોધચિંતામણિ.

"ભટકતાં શીશ રહેશે ધડ જુજવાં,
રામ નહિ આવશે હાથ દેવા."

અંગદવિષ્ટિ.

"હું કાંઈ એટલો બધો જબરો નથી કે એ શિલા હું એકલો ઉપાડી શકું, માટે તમારે હાથ દેવો પડશે."

અરેબિયન નાઈટ્સ,

**હાથ ધોવા,** નિરાશ થવું; નિષ્ફળ થવું; આશા મૂકવી.

૨. શંખ ફુંકવો; દેવાળું કાઢવું; પાસે નથી એમ જણાવવું.

૩. છૂટા–મુકત થવું; છોડી વેગળું મૂકવું–( કામ ); કોઈ કામની જોખમદારીમાંથી હાથ ઉઠાવવો. ( નિરાશામાં અથવા નાઉમેદીમાં. )

'હુંતે પાપથી મારા હાથ ધોઈ નાખું-છું.'

'એ તો માણસ મારીને હાથ ધુએ નહિ એવો છે.'

"તારાજ લોહીનો ઘુંટડો લઉં ત્યારેજ હું ખરી. હાથ ધોઇને મારી પાછળ પડયો છે પણ તેમાં તારૂં સત્યાનાશ વળશે!"

મણિ અને મોહન.

"જોખમ કેટલું માથે રાખ્યું છે? આગળથી તો હાથ ધોવડાવી મૂકયા છે.

વીરમતી નાટક.

**હાથ નાખવો,** કુટવું ( સ્ત્રીઓમાં )

"એક કુટેછે મહા ક્રોધમાં, બીજી ઠાલા નાખે હાથ રે–સરજનહાર"

કવિ બાપુ.

"અલિ, ખરૂં પૂછે તો મને હાથ નાખતાંજ બરાબર આવડતું નથી એટલે મને તો ત્યાં આવતાં એ શરમ લાગે છે."

ભામિનીભૂષણ.

**હાથ નાખવો,** લૂટવું.

'આબરૂપર હાથ નાખવો.'

'ગળે હાથ નાખવો' એ પ્રેમમાં.

**હાથ નાપાક હોવા,** મુખ્યત્વે સ્ત્રીને અટકાવ આવેછે ત્યારે તેના હાથ નાપાક છે એમ બોલાય છે.

**હાથ નીચા–હેઠા પડવા,** નિરાશ થવું; આશાભંગ થવું; નાઉમેદ થવું; નિરાધાર થવું; હિમત હારી જવી; આધાર જતો રહેવો–નબળો પડવો.

'કોટવાળે દેવીના મંદિરમાંથી જાદુગર હાથ આવ્યો હતો તે વાત જણાવી પણ કોઇએ તેનું શું થયું તે જણાવ્યું નહિ તેથી રાજસિંહના હાથ હેઠા પડયા.'

ગુ. જુની વાર્તા.

Gandhi Heritage Portal

**હાથ પહોંચતો છે,** પૈસાની છૂટછે; ખરચી કે વાપરી શકે એવો છે.

**હાથ પીળા કરવા,** લગ્ન લઈ પીઠી ચોળવાનો લ્હાવો લેવો.

**હાથ ફેરવી જવું,** ચોરી જવું; હાથમાં જે આવે તે લઇને ચુપકીથી ચાલતા થવું.

**હાથ બાંધવા,** કંઈ કામ કરતાં અટકાવવું; અટકાવ કરવો; એવી કોઈ તજવીજ કરવી કે જેથી કામ થતું અટકે.

**હાથ બાળવા,** હાથે ખાવા કરવું. 'ભાઇ ! મારે તો બાયડી મરી ગઈ છે તે રોજ હાથ બાળવા પડે છે.'

૨. જાતે–પંડે કામ કરવું; બીજાના ઉપર આધાર ન રાખતાં પોતેજ કરવું." હૈયું બાળવા કરતાં હાથ બાળવા સારા."

૩. આગળથી હાથે સહી કરી કબૂલાત કરી આપવી.

'હાથ બાળ્યા છે પહેલેથી તે હવે શું ચાલે એવું છે ?

**હાથ બેસવો,** સારો અનુભવ થવો; ટેવાવું. "લખવા ચીતરવામાં ને ભરત ભરવામાં તેનો હાથ બેઠો છે."

**હાથ ભરાવા,** ( પૈસાથી–પછી ગમે તો હરામના કે લાંચના ) ' ખાનગી રીતે સૂચના મળી કે કારભારી અને વચલા માણસોના હાથ ભરાય તો વર્ષાસન ચાલુ રહે.'

સરસ્વતીચંદ્ર.

**હાથ ભીડમાં હોવા,** જ્યારે પૈસાની છુટ ન હોય ત્યારે એમ બોલાય છે કે ભાઈ, હાલ તો મારા હાથ ભીડમાં છે એટલે તને શી રીતે મદદ કરી શકું ?

**હાથ મારવા,** ( તરવામાં )

૨. ( કનકવામાં )

**હાથ મારવો,** ચોરવું; ચોરીથી સારી પેઠે મેળવવું.

૨. કોઇને હરાવવું.

૩. રોગાન વગેરેનું પોતું દેવું–મારવું.

**હાથ મેળવવા,** ( વરકન્યાના. )

૨. સામસામે હાથોહાથ લડાઈ ચાલવી–ચલાવવી.

**હાથ લાંબો કરવો,** મદદ કરવી; આશ્રય આપવો.

૨. વચ્ચે પડવું.

૩. ખલેલ પહોંચાડવું; ચાલતું કામ બંધ પડે એવી તજવીજ કરવી.

**હાથ લાગવું,** જડવું; મળી આવવું. **હાથ લાગવો,** હાથ પહોંચવો.

૨. યુકિત ફાવવી; ચોરતાં–લૂટતાં ફાવવું.

**હાથ વળવો,** સારો અનુભવ–મહાવરો થવો; ટેવાવું. (કોઈ લખવા ચીતરવાના કામમાં)

**હાથ વાળવો,** મહાવરો રાખી કોઈ કામ કરવામાં હાથ લાયક કરવો.

**હાથ વાળવા,** કોઈ મરી જનારને ત્યાં સ્ત્રીઓએ માથે હાથ દઈ રડવું; રાગડા કાઢી વિલાપ કરવો.

**હાથ સારો હોવો,** ( કોઇ વિષયમાં ) પ્રવીણહોવું; હોશિયાર હોવું. તેથી ઉલટું 'હાથ ખરાબ હોવો.'

'ભાગેલો પગ ચઢાવવામાં આ દાક્તરનો હાથ ખરાબ છે. તે સ્ત્રીનો હાથ ભરતમાં ઘણો સારો છે એમ તમે જલદી જાણી શકશો.'

૨. પવિત્ર વસ્તુને અડકાય એવો ચોખ્ખો હોવો. 'હાથ સારા નથી' એમ અટકાવવાળી સ્ત્રીઓ પણ બોલે છે.

**હાથ સારો–ખરાબ હોવો,** અક્ષર સારા કે ખરાબ હોવા.

૨. જશ આપે એવો પ્રમાણિક અને ચોખ્ખો હોવો–ન હોવો.

૩. ફાયદો આપે એવો–કલ્યાણ સૂચક કે અહિત થાય એવો હોવો.

Gandhi Heritage Portal

**હાથ હલકો હોવો,** જેનો હાથ અડકતાં ભારે ભારે ન લાગે–ઈજા ન થાય ત્યારે તેનો હાથ હલકો છે એમ કહેવાય છે.

**હાથ હાંલ્લાં લેવાં,** મહા કઠણ અવસ્થામાં આવી જવું; જે આવે તે હાથમાં લઈ નીકળી જવા–નાસી જવા જેવી વિષમ વેળા આવવી. (ઉઠાંતરી કરી ચાલ્યા જવાનું હોય છે ત્યારે હાંલ્લાં વગેરે લેવાં પડે છે તે ઉપરથી લાક્ષણિક )

**હાથ હેઠા પડવા,** આધાર નબળો પડી જવો; નિરાશ થઈ જવાથી હિંમત હારી જવી.

**હાથ હોવો,** સામિલગીરી હોવી.

'આ કામ કરવામાં એનો હાથ છે' એટલે થોડું ઘણું કામ પણ તેણે કરેલું છે.

**હાથ પગ,** આધાર; મદદગાર. 'તુંતો મારા હાથપગ છે.' 'હાથપગ વિનાની વાત.'

૨. બાંધી ન રખાય એવું; જેમ લઈજઇએ તેમ લઈ જવાય એવું; ઈનસાફને હાથપગ નથી.

"હરિશ્ચંદ્રાદિક સરખા કરિ દે,
પૂર્ણ મળે જો પ્રસાદ,
પણ હાથપગવિનાનો દેવછે એ તો,
ઝાઝા કરશો વાદવિવાદ,
ધીરે અનુભવિયુંરે,
કવન આજ તેનાં કવું.

ધીરોભકત.

**હાથ પગ ગળી જવા,** હોશ જતા રહેવા હિંમત હારી જવી–( કાંઈ આકસ્મિક બનાવ સાંભળવાથી અથવા ભય પામવાથી)

**હાથપગ જોડીને બેસવું,** નકામા બેસવું; કામ ધંધા વિનાનું રહેવું; સુસ્ત–આળસુ રહેવું; પ્રયત્ન ન કરવો; મહેનત ન લેવી.

**હાથ પગ ધોઇને,** ખાઈ ખપુચીને; ખરી ખંતથી; આગ્રહપૂર્વક; નિરાંતે.

'વિશેષે કરી દ્વેષબુદ્ધિ પૈસાદારની પાછળ વધારે જાય છે; લોકો તો શ્રીમંત પછાડી હાથપગ ધોઇને પડે છે.'

અરેબિયનનાઈટ્સ.

**હાથ પગ ભાગીજવા,** હાથે પગે નબળું થવું.

૨. કામ કરવે કંટાળતો હોય એવા માણસને વિષે બોલતાં વપરાય છે.

**હાથપગ હલાવવા,** કામ કરવામાં મહેનત લેવી; સુસ્ત બેસી ન રહેતાં ઉદ્યોગ કરવો.

**હાથ પર લેવું,** પોતાની તરફનું કરવું (માણસ.)

૨. શરૂ કરવું–( કામ )

( એક હાથપર–,બીજાહાથપર–એમ બોલાયછે. )

**હાથરસ ઉતારવો–લેવો,** માર મારી સંતોષ પામવો અથવા સંતોષ પમાય ત્યાં સુધી માર મારવો.

"પોલીસના સિપાઇઓ આવી પહોંચ્યા પહેલાં ખુબ હાથરસ લઈ લ્યો; એના શરીરનું એકે હાડકું સાજું રાખશો નહિ."

મિથ્યાભિમાનનાટક.

"પાંશરા ચાલોછો કે આ ચોકીઆતોને હાથરસ ઉતારવા કહું ?"

તપત્યાખ્યાન.

**હાથથી જવું,** હાડ જવું; વહી જવું; આડે રસ્તે ઉતરી પડવું; ખરાબ થવું; બગડવું; ફરી હાથમાં ન આવવું; કથળવું. વસ્તુ અને માણસ બંનેને લાગુ પડે છે.

"અરે આ તો છેકજ હાથથી ગયા ! હવે કેમ કરવું ? કામદેવ ડાહ્યાને ગાંડા કરી દેછે એવી વાત કાને સાંભળતા હતા તે આજ જાતે જોવા વારો આવ્યો."

તપત્યાખ્યાન.

**હાથનાં કોઈ બે બોર પણ ન લે,** રૂપ–રંગ ગુણ–શોધ વિનાના માણસને માટે, વ્યવહાર ન રાખવાના સંબંધમાં વપરાય છે.

૨. ભયંકર આકૃતિ, મલિનતા, દુષ્ટતાના સંબંધમાં પણ બોલાય છે

Gandhi Heritage Portal

'હકમ પારેખને મેં જોયા છે. તેમના હાથનાં કોઈ એ બોર પણ ન લે એવા તે દેખાવડા છે.'

બે બહેનો.

"એના હાથનાં કોઈ બે બોર લે નહિ એવો દૈત્ય જેવો છે, છોકરાં એને દેખીને બ્હીને નાસતાં ફરે છે; તે નળ મહારાજ હશે એમ તમે પણ જુઓ તો ના કહો."

નળદમયંતીનાટક.

**હાથની ચળ ઉતારવી,** ( વગર કારણે હાથવતી કોઇને મારીને. )

"મારવાથી તેને શો લાભ થયો હશે ? ધુળ ! પણ નવરો હજામ પાડા મુંડે એ પ્રમાણે માત્ર હાથની ચળ ઉતારી હશે."

કૌતુકમાળા.

**હાથનું પોલું,** ઉડાઉ; હાથમાં જે આવે તે વાપરી નાખનાર.

"તે અને હું બંને હાથનાં પોલાં અને તેમાં વળી મને પુત્ર પ્રાપ્ત થયો તેથી ઘરેણાં ગાંઠાં અને મારી મોટી માએ કરેલો કરિયાવર વગેરે સઘળું ખાઈ પરવાર્યાં."

મણિ અને મોહન.

**હાથનો ચોખ્ખો,** શુદ્ધ દાનતનો; પ્રમાણિક; વિશ્વાસુ.

**હાથનો છૂટો,** ઉદાર; સખી; ખરચાળ.

**હાથનો ઠંડો,** ટાઢો; ધીમો (કંઈ આપવામાં.)

**હાથનો સ્વસ્તિક કરવો,** (સ્વસ્તિક=સાથિયો ) અદબ વાળવી.

"કોઈ કોઇ વખત તેને પવનને લીધે હાથનો સ્વસ્તિક રચવો પડતો."

સરસ્વતીચંદ્ર.

**હાથમાં કાછડી ઝાલવી,** ધારતીનું માર્યું ગભરાવું; ગભરામણ થવી.

"પ્રધાનો હાથમાં કાછડી ઝાલી દોડાદોડ કરવા લાગ્યા.

સધરાજેસંઘ.

**હાથમાં રહેવું,** કબજામાં રહેવું; અંકુશમાં રહેવું. 'તે મારા હાથમાં રહેતો નથી.'

૨. જતું ન રહેવું; છટકી ન જવું.

૩. બચવું; વપરાઈ ન જવું. 'પૈસો હાથમાં રહેતો નથી.'

**હાથમાં લેવું,** કોઈ કામ કરવાનું માથે લેવું અથવા માથે લીધેલું કામ શરૂ કરવું.

૨. વશ કરવું.

**હાથ લાકડી,** આધાર–ટેકો

**હાથ વાવડો,** ચોરી જાય એવો.

**હાથ વેંતમાં,** નજીકમાં.

જ્યાં ખરેખરો કસોટીનો વખત હાથવેંતમાં આવ્યો એટલામાં મેઘગર્જનાની પેઠે એક ભયંકર અવાજ થયો."

જાત મહેનત.

**હાથી ઝુલવા,** ( પૈસાદાર માણસને ત્યાંજ માત્ર હાથીની સાહિબી હોય છે તે ઉપરથી ) પૈસાદારના સંબંધમાં એમ બોલાય છે કે 'તેને ત્યાં તો હાથી ઝુલે છે.'

'પિયરમાં હાથી ઝુલતા હોય તે કામના નહિ પણ સાસરે બકરી વગરનું બારણું એ સારૂં ખરૂં.'

ભામિની ભૂષણ.

**હાથીનો અંકુશ,** જુલમી શેઠ અથવા તડામાર સત્તા ચલાવી કામ લેનાર વડીલને માટે વપરાય છે.

**હાથીનો પગ,** જેની વિભૂતિને આધારે ઘણા માણસો દહાડા કાઢે છે અથવા નિર્વાહ ચલાવેછે એવા માણસ–ભૂમિ, નોકરી, પદ્વી કે મિલકતને માટે વપરાય છે.

**હાથે આમલીના બંધ છે,** હાથથી પૈસો ન છૂટવો; કંજુસ હોવું. પૈસો ખરચવો જોઇએ તેવે પ્રસંગે પણ ન ખરચાય એવા કંજુસ માણસને વિષે બોલતાં વપરાય છે.

**હાથે પગે પડવું–લાગવું,** આજીજી કરવી; લાંબા હાથ કરીને પગે પડવું; કાલાવાલા કરવા.

Gandhi Heritage Portal

'અરે સખિ, તું કદલીપત્ર લેવા ગઈ ત્યારે એણે મને હાથે પગે પડી કહ્યું કે સખિ, તું જઈ જોઈ આવ કે તે નૃપાળ કોઈ સમયે મારૂં સ્મરણ કરે છે કે હું જ તેના મોહપાશમાં પડી વધારે ગુંઠાતી જાઉં છું.'

તપત્યાખ્યાન.

**હાથેવાળો મેળવવો,** પરણવું; લગ્નની ગાંઠ બાંધવી; હાથમેળાવો કરવો; હાથ મેળવવો. **પાણિગ્રહણ કરવું** પણ બોલાય છે.

'આપ જેવા ને ટેકી શૂરા ક્ષત્રી સાથે મારો હાથેવાળો મળ્યેથી હું ઈંદ્રાણી કરતાં પણ અધિક સુખ માનું છું.'

પ્રતાપનાટક.

**હાથેળીમાં પૃથ્વી** આવી જવી, એવી કોઈ મોટી આફત આવી પડવી કે શું કરવું તે સુઝે નહિ; અતિશય ગભરામણ થવી; સાંકડમાં આવી જવું.

"ઘેલાભાઈ બાપડો વર્ષમાં બે ચાર વાર ટૂંકી રજા લેઈ ઘેર આવે અને ઘણુંએ ફાંફાં મારે પણ કંઈ વળે નહિ, તેને પણ હવે તો હથેળીમાં પૃથ્વી આવી ગઈ."

બે બહેનો.

**હાથો જબરો છે,** પક્ષ મોટી છે.

**હાર ઉતારવો,** ટેક ઓછો કરવો; નરમ પાડવું; આંકડો નીચો પાડવો.

'પોતાના કુળનો ગર્વ ધરનાર પ્રતાપનો હાર આજે આપણે કાં ન ઉતારવો?'

પ્રતાપ નાટક.

**હારી ખાવું,** નબળા પડવું.

**હાલતે શિંગડે,** તંદુરસ્ત સ્થિતિમાં.

"હાલતે શિંગડે મોત આવે તો સારૂં."

**હિંદોળા ખાવા,** અંતરિયાળ સ્થિતિમાં રહેવું; ઝુલવું; સિદ્ધિ ન થવી.

"એકજ પેઢીમાં કાળચક્રના વારા ફેરા બદલાયા હતા. અને શ્રીમંતપણા અને નિર્ધનતા વચ્ચે આ ગર્ભશ્રીમંતપણાની ખુમારીવાળા કુટુંબે હિંદોળા ખાધા હતા."

સરસ્વતીચંદ્ર.

**હિંદોળે ચઢાવવું,** (ગામ) જાગૃત કરવું.

૨, ઉશ્કેરવું.

૩. આશા આપી ધક્કા ખવડાવવા.

૪. હચમચાવવું; ડોલાવવું.

૫. ઝટ નિકાલ ન થાય એવી રીતે રખડાવ્યાં કરવું.

"જેણે વરસો વરસ સુધી આખું ગામ હિંદોળે ચઢાવ્યું છે તથા જેણે વળી વિદ્યાર્થીને ભણાવ્યો તે નજરો નજર જોયો છે, તે વિદ્યારામ હજી જીવતો છે અને અહીં આવે છે એ મોટું આશ્ચર્ય છે."

બ્રહ્મરાક્ષસ.

"એ સુંદરીને તું તારા હસ્તકમાં લે અને મારી નજરે ન પડે એવી રીતે છુપી જનાનામાં રાખ; પણ મને તો લાગે છે કે હું નિરખવા કરતાં પણ વધારે હવે નિરખી ચૂક્યો છું ને તેથી મારૂં મન હિંદોળે ચઢી ચૂક્યું છે."

અરેબિયન નાઈટ્સ.

**હિરજી ગોપાળ,** ઘડીની નવરાઈ નહિ ને કોડીની કમાઈ નહિ એવો માણસ; જે બહુ જ ઉદ્યોગી જણાતો હોય તેને વિષે બોલતાં વપરાય છે.

'હિરજી ગોપાળ કામમાં ને કામમાં.'

**હિસાબ આપવા જવું,** (પરમેશ્વરને ત્યાં) મરી જવું.

**હિસાબ ન હોવો,** મહત્વ ન ગણાવું.

**હિસાબ લઈ નાખવો,** સપડાવવું; ધમકાવવું; ઠપકો દેવો; ઝડતી લેવી.

**હીમ ખીમના સમાચાર કહાવજો,** એમ પાટણવાડા તરફ છૂટા પડતાં બોલાય છે.

**હીરાવેધ જેવો,** હીરો વીંધવો જે ઘણો કઠણ તેને વીંધી નાખે એવો ચતુર પુરૂષ. (વાંકામાં બોલતાં વપરાય છે.)

'તું તો મારે હિરાવેધ જેવો છું.'

Gandhi Heritage Portal

**હીરો વટાવવો,** રૂપિયા લઈ કન્યા વેચવી; કન્યાવિક્રય કરવો. ( મર્મ-ટેકડી-મજાકમાં )

**હુતો ને હુતી,** ધણી અને ધણીઆણી; (હતો ને હતી-સ્ત્રી અને પુરૂષ.

'સાહેબ લોકોને હુતો ને હુતીનું સુખ, પણ આપણા કુટુંબનું સુખ તેઓ સમજતા નથી.'

સરસ્વતીચંદ્ર.

**હેઠા બેસવું,** હારીથાકી નિરાંત ધરી બેસવું; પ્રથમથી સમજીને નહિ પણ પાછળથી કંટાળીને મૂકી દઈ ઠરી ઠામ બેસવું.

**હેડકિયો લાડુ,** મરી ગયેલા માણસને નિમિત્તે થયેલા લાડુ.

**હૈયાના લાળા,** અંતરની બળતરા; અંતરની ગુપ્ત ચિંતા.

**હૈયાની હોળી,** મનમાં બળ્યા કરવું તે; અંતરની બળતરા.

'હૈયાની હોળી કેને કહિયેરે * * * *;
આપ તો અંતરજામી છો,
હરિ મહા સમર્થ સુખદાય-માયા;

દયારામ.

**હૈયામાં હોળી** પણ બોલાય છે.

'દ્રુપદની હૈયામાં હોળી, અજ્ઞાનમાં અવરાણા; લાલચમાં લપટાણા નર એજ ઠગાણા,

બોધચિંતામણિ.

'દીવાળીના દહાડલા
સરસ ગણે સૌ કોય.
શણગારાઇને સાંચરે,
મારે હોળી હૈયામાં હોય-સૈયર
હું તે શી રીતે સાંખું;

વેનચરિત્ર.

**હૈયાનું ફુટયું,** જેને કંઈ સૂઝે નહિ-યાદ ન રહે તેવું; હૈયું-કાળજું ઠેકાણે ન હોય-બુદ્ધિ ચાલતી ન હોય તેવું.

'હૈયાના ફુટયા,
હરિ સાથે હેત ન કીધું,'

'જો હું હારૂં તો આખો ઉત્તર પ્રાંત મારે તમને આપવો અને તમે હારો તો તમારે તમારી બ્હેન મને આપવી' આ સરત હૈયાના ફુટેલા મૂળરાજે દારૂના ઘેનમાં કબુલ કરી."

ગુ. જુની વાર્તા.

**હૈયાનું મેલું,** મનનો મર્મ ન જણાય-મનની વાત કોઇને ન કહે એવું; થોડું બોલનાર; મનનો પાર ન આપનાર; મીંઢું; અંતઃકરણ ચોખ્ખું ન રાખનારને વિષે બોલતાં વપરાય છે; હૈયારખું.

"અભાગ્યો ડાહ્યો થાય,
ઘણા જન ત્યાં કે'ઘેલો;
જો નવ બોલે બોલ,
કહે હૈયાનો મેલો."

કવિ શામળ.

**હૈયાનું સુનું,** જેને કંઈ યાદ ન રહે તેવું; સ્મરણશક્તિનું કાચું.

**હૈયાનો હાર,** ( જેમ હૈયાનો હાર હૈયાપર ને હૈયાપર રહે છે તેમ જેનો પ્રેમ અંતઃકરણથી અળગો થતો નથી-લાગ્યો ને લાગ્યો રહે છે તે ) ઘણુંજ વહાલું; કાળજાની કોર.

"હાર મુજ હૈયાનો એ તો,
નથી એ ત્હારી પેઠ નમેરો.
રોવા દે, રોવા દે મુને રોઈ લેવા દે,
જઇને એની બાથમાં રે-દયા-"

સરસ્વતીચંદ્ર.

"પ્રાણથી પ્યારા, નેણાના તારા,
હૈડાના રે હાર,
મન હરનારા જીવો મારા પ્રાણ જીવણ.
હુંતો વારીરે તમ પર વાલીડા.

બોધ ચિંતામણિ.

"હાર હૈયા તણા રે,
મારા કાળજાની કોર;
મસ્તકના મણિરે,
મારા ચિતડા કેરા ચોર."

કવિ દયારામ.

Gandhi Heritage Portal

**હૈયામાં અંગારા ઉઠવા,** હૈયામાં બળતરા ઉઠવી; કાળજું બળવું.

‘લંકા બળો ને બળો તેની વાડી,
હૈડે ઉઠે છે અંગારા.
કહાં છોજી ચંદન ગારા,
વળો સ્યામ આજ સવારા.’

નર્મ કવિતા.

**હૈયામાં ગજની કાતી છે,** પુષ્કળ વેર છે (પેટમાં)

**હૈયામાં ગોખલો હોવો,** પેટમાં વાત ટકી શકવી; ગુપ્ત વાત બહાર ન પાડવાની પ્રકૃતિ હોવી; વાત બહાર જણાવા ન દેવી.

**હૈયામાં લખી રાખવું,** ન વિસરાય એમ કરવું: યાદ રાખવું. **હૈયામાં રાખવું** પણ વપરાય છે.

**હૈયામાં હાથ મૂકયો હોય તો કોરો કટ નીકળે,** જાણે પેટમાં કાંઈ કપટજ નહિ; હૈયામાં લેપ દેપ કશોએ નહિ; કશાની કંઈ માહીતિજ નહિ એમ વાંકામાં વપરાય છે

“સત્યભામા—(હાથના ચાળા કરી) અરે રે, એતે કંઈ જાણે છે? મારે મોઢે કઢાવવું હશે કેમ.? હૈયામાં હાથ મૂક્યો હોય તો કોરો કટ નીકળે! હજુ જરા વધારે અજાણ્યા થાઓ એટલે ઠીક પડશે.’

સત્યભામાખ્યાન.

**હૈયા સગડી,** હૈયાની બળતરા. **હૈયા સઘડી કોટે બાંધી** છે એટલે કાળજું નિરંતર બળ્યાંજ કરે છે.

**હૈયું કબુલ કરતું નથી,** હિંમત ચાલતી નથી (કોઈ જોખમ ભરેલું કામ કરતાં.)

**હૈયું ખાલી કરવું,** મનના ઉભરા—મનની બળતરા બહાર કાઢી શાંત પડવું.

“ગામનો ગાંદરો દેખાતો બંધ થયો ત્યારે તેણે બ્રહ્માંડનો નિસાસો નાખ્યો, રોઈ રોઈને આંખો રાતી કરીને હૈયું ખાલી કર્યું. જ્યારે થાકી ત્યારે જ તેનું રૂદન બંધ થયું.”

બે બહેનો.

તેથી ઉલટું **હૈયું ભરાઈ આવવું** એટલે રડું રડું થઈ જવું.

**હૈયું ટાઢું હીમ છે,** નિરાંત છે.

‘પાનબાઇનો પાધરો પ્રેમ,
જોઈ હૈડાં થયાં ટાઢાં હેમ.’

હારમાળા.

**હૈયું ઠાલવવું,** મનની જે વાત વારંવાર ખટક્યાં કરતી હોય તે કોઈ હિતેચ્છુને કહી મન હલકું કરવું; અંતરની ચિંતા—બળતરા બહાર કાઢવી.

**હૈયું પડવું,** ટેવાવું; ટેવ પડવી; મહાવરો થવો.

**હૈયું ફુટી જવું,** અક્કલ બ્હેર મારી જવી; ભાન ખસી જવું; ભાન કે લાંબી પ્હોંચ ન હોવી.

**હૈયે ધરવું,** મનમાં ઉતારવું; લક્ષપર લેવું; કાળજી રાખવી

**હૈયે હાથ રા[illegible]** ધીરજ રાખવી; નિશ્ચિંત રહેવું; ચોંકી ન ઉઠતાં શાંતિ ધરવી.

**હૈયે હાથ રહેવો** એટલે ધીરજ—હિમંત—રહેવી.

સરદારખાને ન દેખતાં તેને હૈયે હાથ પણ રહ્યો નહિ.’

ગુ. જુની વાર્તા.

‘થોડી વારમાં ભણેલ તેથી,
ખુબ પસ્તાવો કરશે;
પછી હૈડાપર રાખિ હાથને.
ઈશ્વરથી નહિ ડરશે—જીવ.”

નર્મકવિતા.

**હોઇયાં કરવું,** પચાવી પડવું; વગર હકનું લઈ લેવું.

**હોશિયાર રહેજો,** સાવચેત રહેજો. અગાઉ ચોરનો ભય બહુ હશે તેથી પાટણવાડામાં આવેલા માણસને વળોટાવતાં હુંશે—હુંશિયાર રહેજો એમ કહેવાનો ચાલ પડયો જણાય છે.

**હોળી વાળવી,** ખરાબી કરવી; ધૂળધાણી કરી નાખવી.

**હોળીનું નાળિયેર,** અઘરા કામમાં—આફતમાં પહેલો ઘસારો કરનાર માણસ.

૨. જેને માથે બીજાની કસુર પડે તે.

“કેટલા એક ધનવાન થવાની ધાડમાં આ પાર કે પેલે પાર એમ હોળીનું નાળિયેર થઇને ઝંપલાવે છે તેમાં તેઓ ભોગ જોગે ખરાબખસ્ત થઈ જાય છે.”

જાત મહેનત.

**હૃદય ભેદી નાખવું,** જોરમાં અસર કરવી; પિગળાવી નાખવું.

ગુજરાત કેળવણી … પુસ્તકાલય … અમદાવાદ.

Gandhi Heritage Portal